સદ્‌ગુરુ શ્રીપ્રસાદાનંદસ્વામી રચિત

શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત

પૂર્વાર્ધ



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX

સદ્‌ગુરુ શ્રીપ્રસાદાનંદસ્વામી રચિત

શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત

પૂર્વાર્ધ

INDEX

સદ્‌ગુરુ શ્રીપ્રસાદાનંદસ્વામી રચિત

શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત

પૂર્વાર્ધ

લેખક : પ.પૂ.સદ્.શ્રીપ્રસાદાનંદસ્વામી

પ્રેરક-સંશોધક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રથમ પ્રકાશન : સં.૨૦૬૯, આસો વદ-૩૦; દિવાળી; તા.૩/૧૧/૨૦૧૩

બીજી આવૃત્તિ : સં.૨૦૭૧, મહા સુદ-૫; વસંતપંચમી; તા.૨૪/૧/૨૦૧૫


પ્રત : ૩૦૦૦

કુલ પ્રત : ૫૫૦૦

ISBN : 978-93-83456-54-3

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ :** શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
ફોન : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા :** શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ
ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮, મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
Website : www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com
- **વડતાલ :** શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, ‘કાનજીભુવન’ દુકાન નં.૧૮,
શ્રીસ્વા. મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ :** શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
ભાટલાદેવી મંદિરની સામે.
- **સુરત :** શ્રીસ્વામિનારાયણ મંદિર ‘મૂર્તિબાગ’,
સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, આંબા તલાવડી.
રમેશભાઈ જેતાણી : મો.૯૬૦૧૨ ૯૧૨૫૨



શ્રીસ્વામિનારાયણ ભગવાન



શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદના સભામંડપમાં સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામી
આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ તથા આચાર્યશ્રી ભગવદ્પ્રસાદજી મહારાજને ભગવત્કથા કરે છે.

સપ્રેમ ભેટ

શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૩
વડતાલધામ

સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ .... **તા.**.............................. **જિ.** ....

પરાત્પર શ્રીપુરુષોત્તમનારાયણનો પૂર્ણ કૃપાપ્રસાદ પામી સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામીએ આ **'શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત'** નામના ગ્રંથની રચના કરી છે. શ્રીહરિનાં નાનાં-મોટાં લીલાચરિત્રોથી સભર આ સદ્ગ્રંથનું વાંચન અજ્ઞાન હટાવે, દોષો મીટાવે અને પ્રભુમાં પ્રેમ પ્રગટાવે એવું છે. આપણા અંતરને ભાવભીનું અને ભક્તિસભર બનાવતો આ સદ્ગ્રંથ આપ તથા આપના પરિવારજનોને શ્રીહરિ તથા સંતો ભક્તોની પ્રીતિ, પ્રતીતિ અને પ્રસન્નતાનું પાત્ર બનાવે એવી શુભેચ્છા સહ...

સદ્ગુરુ શ્રીધ્યાનીસ્વામી(હરિસ્વરૂપદાસજી)-વડતાલ તરફથી શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૩ પ્રસંગે સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....



સમર્પણ

જેમને સરળતા, સહજતા, સમર્પણ, સેવાભાવના અને અન્ય પ્રત્યે સહાનુભૂતિ દાખવવી એવા સદ્‌ગુણો માતપિતાના વારસામાં મળ્યા હતા. માતા કાનુબાઈના ઈશારે સર્વાવતારી શ્રીહરિને સમર્પણ થયા. આજીવન તનતોડ અને મનમોડ સત્સંગની સેવા કરી. પ્રગટ પુરુષોત્તમનારાયણ અને તેમના પ્રાણપ્યારા પરમહંસોની પ્રસન્નતાનું પાત્ર બન્યા. કવિત્વ, લેખન, વકૃત્વ, વિદ્વત્તા આદિક અનેક સદ્‌ગુણો હોવા છતાં તેના ગર્વથી મુક્ત રહ્યા. અને પોતે અક્ષરધામમાં ગયા છતાં **'શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત'** નામના ગ્રંથરૂપે સદા આપણી સાથે પ્રગટ રહ્યા છે. એવા મહામુક્તરાજ સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામીએ જ બનાવેલ આ સદ્‌ગ્રંથ તેમનાં જ કરકમળોમાં સમર્પણ કરતા કૃતાર્થતા અનુભવુ છું.



- સ્વામી જ્ઞાનજીવનદાસ

પ્રસ્તાવના

કરોડો જીવોનાં કલ્યાણ માટે કરુણા કરી કોટી ભુવનના નાથ પૃથ્વી ઉપર પધાર્યા. સાથે ધામોધામના અનંત મુક્તોને લાવ્યા. આ મુક્તો દ્વારા મહારાજે અનંત આત્માઓનો ઉદ્ધાર કર્યો અને બ્રહ્માંડ રહે ત્યાં સુધી અનંત જીવોનો ઉદ્ધાર થતો રહે એવી વિશાળ ભાવના સાથે અનેક સદ્‌ગ્રંથોનું નિર્માણ કરાવ્યું. આ સદ્‌ગ્રંથોમાં લખાયેલા સર્વાવતારી શ્રીહરિનાં ચરિત્રો ગાવાં, સાંભળવાં, વિચારવાં અને મનન કરવાં એ જ મોક્ષનું સર્વોત્તમ સાધન છે. શ્રીહરિનાં ચરિત્રો તો અવની ઉપરનું અમૃત છે. નિષ્કુળાનંદસ્વામી ભ.ચિં.પ્ર.૧૬૩ માં કહે છે,

રામઉપાસીને રામચરિત્ર રે, સુણી માને સહુથી પવિત્ર રે;
કૃષ્ણઉપાસીને કૃષ્ણલીલા રે, માને મુદ સુણે થઈ ભેળા રે.
તેમ સહજાનંદી જન જેહ રે, સુણી આનંદ પામશે એહ રે;
એવી કથા આ અનુપમ સારી રે, સત્સંગીને છે સુખકારી રે.

પ્રગટ પરમાત્મા શ્રીહરિએ પોતાના પ્યારા પરમહંસોને જનઉદ્ધાર માટે સદ્‌ગ્રંથો લખવાની આજ્ઞા આપી હતી. તે અનુસારે સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષામાં સંતોએ ઘણા સદ્‌ગ્રંથો લખ્યા છે. આજે તે બધા જ ગ્રંથો આપણને દુર્લભમાં દુર્લભ મોક્ષમાર્ગના રાહબર બનીને સાથે રહ્યા છે.

તેમ જ મહામુક્ત **પ્રસાદાનંદસ્વામી** કૃત આ **'શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત'** ગ્રંથ પણ સહુ સત્સંગી માટે અતિ સુખકારી અને અનુપમ છે. આ ગ્રંથના વાંચન-શ્રવણ દરમ્યાન આપણે જાણે શ્રીહરિ સાથે જ ખોવાઈ જતા હોઈએ એવી અનુભૂતિ થાય છે.

સ્વયં પ્રસાદાનંદસ્વામી આ ગ્રંથ લખવાનો હેતુ જણાવતાં વિશ્રામ-૧૧૮ માં કહે છે, અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણ

શ્રીસહજાનંદસ્વામી મારા હૃદયને વિષે સદા નિવાસ કરીને રહે અને ભગવાનની મૂર્તિ તથા તેમનાં ચરિત્રો અને લીલાઓ મને નિરંતર સાંભરે અને શ્રીહરિના એકાંતિક સંતો-ભક્તોનો નિરંતર સમાગમ રહે, તેમાં પ્રેમ રહે અને સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યો, સર્વે સંતો, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો વગેરે આ શ્રીસહજાનંદસ્વામીનાં ચરિત્રો સાંભળી મારા ઉપર પ્રસન્ન થાય એવા હેતુથી મેં આ ગ્રંથ લખ્યો છે.

હવે આ ગ્રંથનો મહિમા વર્ણવતાં ખુદ સ્વામી કહે છે,

લીલામૃત સિંધુ ભર્યો, જે પિયે કરીને પ્યાર;
જન્મ મરણ દુ:ખ વામશે, પામશે સુખ અપાર.

આસુરીને એ અર્થ નહીં આવે, દૈવીને સુખરૂપ;
લલિત લીલા મહારાજની, પદે પદે છે અનુપ.

સોરઠા : જે સુણશે આ ગ્રંથ, ભણે ભણાવે પ્રીતથી;
પામે અક્ષર પંથ, લખે લખાવે તેહ પણ.

જે જન રાખી નેમ, સુણે ગ્રંથને ભાવશું;
પ્રભુપદ વાધે પ્રેમ, કોટી જજ્ઞ ફળ નિત્ય લહે.

દાળીદર દુ:ખ જાય, શ્રીનારાયણ ઉર વસે;
પ્રસાદાનંદ ગુણ ગાય, તેને તે રીઝે શ્રીહરિ.

દોહા : સ્વામિનારાયણ વિચરણ, લીલામૃત જેહ ગ્રંથ;
મનવાંછિત ફળ પાવહી, લહહી મોક્ષકો પંથ.

ગ્રંથકાર પ્રસાદાનંદસ્વામી કહે છે, 'આ ગ્રંથને જે હેતે કરીને સાંભળશે, વિચારશે, ચિંતવન કરશે, લખાવીને પાસે રાખશે અને નિત્ય પ્રત્યે એક વિશ્રામ, અરધો વિશ્રામનો પાઠ કરશે, તેના હૃદયને વિષે રહેલી અનંત કાળની અશુભ વાસના અને કામ, ક્રોધ અને લોભાદિક સર્વે શત્રુ નાશ પામશે. અને શ્રીપ્રત્યક્ષ પુરુષોત્તમ અક્ષરધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન તેના હૃદયને વિષે નિરંતર નિવાસ કરશે.

અને પાપી જીવ હશે ને સાંભળશે તેના જીવનું અંતકાળે રૂડું થાશે. તે માટે મારે મુખે કરીને ગ્રંથનો શું મહિમા કહું ? શેષ હજાર મુખે કરીને વર્ણન કરે તોય ન કરી શકાય. કાં જે, આ ગ્રંથમાં અક્ષરે અક્ષરે પ્રત્યક્ષ શ્રીસહજાનંદસ્વામીનો મહિમા ને તેમનાં ચરિત્રનું વર્ણન કર્યું છે. તે માટે ગ્રંથનો એક વિશ્રામ વાંચવો, નહિ તો સાંભળવાનો નિયમ રાખવો. તેને સહેજે ભગવાનની મૂર્તિ સાંભરી આવશે. અને તેના કોટાનકોટિ પરિયા તરશે. અને યજ્ઞમાત્રના, તીર્થમાત્રના તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરે શાસ્ત્રમાં કલ્યાણને અર્થે જે જે સાધન કહ્યાં છે, તેના ફળરૂપ આ ગ્રંથ છે.'

વળી, સુજ્ઞ વાંચકો માટે એક વાતની સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રી કહે છે, 'શતાનંદમુનિએ સત્સંગિજીવન નામે ગ્રંથ કર્યો છે. તેમાં પ્રતાપસિંહ નામે રાજા પૂછતા ગયા ને સુવ્રતઋષિને જેવી રીતે મહારાજનાં ચરિત્ર જણાયાં તેવી રીતે કહેતા ગયા છે; ને નિષ્કુળાનંદસ્વામીને જેવી રીતે મહારાજનાં ચરિત્ર જણાયાં તેવી રીતે ભક્તચિંતામણિ આદિ ગ્રંથને વિષે લખ્યાં છે; તેમ મને જેવી રીતે મહારાજનાં ચરિત્ર જણાણાં તેવી રીતે મેં સંક્ષેપે કરીને કહ્યાં છે, પણ અનુક્રમનો કાંઈ મેળ નથી. પ્રથમની વાત છેલ્લી કહી હશે ને છેલ્લી તે મધ્યે અથવા પ્રથમ કહી હશે.'

આ રીતે પ્રસાદાનંદસ્વામીએ પોતે સ્પષ્ટતા કરેલી છે. માટે કોઈ સ્થળે આગળ પાછળ ચરિત્ર જણાતાં હોય તો વાંચકોએ સરખું સમજી લેવું. આ ગ્રંથની સર્વે વાતો સહુનો મહિમા વધે એમ લેવી. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત ભક્તિનું પોષણ થાય તેમ જ મૂલવવી, બીજી રીતે નહીં, તેવી મારી ભલામણ છે. અને આ ચરિત્રોનો મહાઆનંદ માણવો.

આ ગ્રંથ સ્વામીએ અમદાવાદ કાળુપુર સ્વામિનારાયણ મંદિરમાં પોતાના આસને બેસીને લખ્યો છે. તે સ્થળ હાલ પ્રસાદાનંદસ્વામીના મેડા તરીકે ઓળખાય છે. સ્વામીએ જે થાંભલીને ટેકે બેસીને આ ગ્રંથ લખ્યો છે, તે થાંભલી પણ હાલ તેમના આસને મોજુદ છે. આ ગ્રંથ

સં.૧૯૩૬ ચૈત્ર વદ અમાસ તા.૯/૫/૧૮૮૦ રવિવારના રોજ પૂર્ણ કરેલ છે. આ ગ્રંથના મુખ્ય શ્રોતા તરીકે આચાર્ય કેશવપ્રસાદજી મહારાજ અને ભગવત્પ્રસાદજી મહારાજ, આમ બંને દેશના આચાર્યો છે. આ બન્ને આચાર્ય વિ.સં.૧૯૩૨ માં શ્રાવણ વદ-૩ થી ભાદરવા સુદ-૫ સુધી અમદાવાદ મંદિરમાં ભેળા રહ્યા હતા.

આ સમયે પ્રસાદાનંદસ્વામીએ તેમને આ ગ્રંથની વાતો કહી હશે, અને ત્યારબાદ તે બન્ને આચાર્યો તથા સંતો-ભક્તોને ઉદ્દેશીને સં.૧૯૩૨-૩૩ માં આ ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો હોય તેવું અભ્યાસ કરતાં જણાય છે. આ ગ્રંથનું નામ **'શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત'** રાખ્યું છે, તે ખરેખર સાર્થક છે. કેમ જે, પૂ.સ્વામીશ્રી જ્યારથી સત્સંગમાં આવ્યા ત્યારથી શ્રીહરિની મોટા ભાગના દિવસોની, નાની-મોટી તમામ લીલાઓનું વર્ણન કર્યું છે. પોતાને હરિસ્મૃતિ સતત રહે એવા હેતુથી લખાયેલા આ ગ્રંથમાં અતિ પ્રેમી પ્રસાદાનંદસ્વામીએ શ્રીહરિનું સ્નાન, ભોજન અને સભાનું ઝીણું-ઝીણું વર્ણન અનેક વાર કર્યું છે. સ્વામીશ્રી અમદાવાદ અને વડતાલ બન્ને દેશમાં રહેલા છે. તેથી શ્રીહરિનું વિચરણ અને શ્રીહરિની લીલા પણ ખૂબ જ તટસ્થ રીતે પોતે જે જોયેલ છે, અનુભવેલ છે, અને તે રીતે જ બિલકુલ ખોટી ખેંચાતાણ વિના તે લખેલ છે. તેથી આ ગ્રંથ આખા સંપ્રદાય માટે ખૂબ જ ઉપયોગી છે. સંશોધનકારો માટે અનુભવી ભોમિયા જેવો છે. અને સંપ્રદાયની ગરિમા વધારે એવો છે.

વ્યક્તિને પરમેશ્વર કરુણા કરી સમય, શક્તિ અને સંપત્તિ આપે, પરંતુ જો સમજણ ન હોય તો તેનો સદ્‌ઉપયોગ કરવાને બદલે દુરુપયોગ કરે. પછી તે આનંદ આપવાને બદલે ઉદ્‌વેગ આપે. આ ગ્રંથનું વાંચન આપણી શક્તિ, સંપત્તિ અને સમયનો સદ્‌ઉપયોગ કરવાની કળા શિખવાડે છે અને આત્માને આનંદથી ભરી દે છે. માટે આવો મહિમાવંતો ગ્રંથ સંપ્રદાયનો અણમોલ ખજાનો છે. સહુના માટે કોહીનુર હીરા જેવો છે.

આ ગ્રંથની હસ્તપ્રત અમોને વડતાલ સાધુસમાજની લાઈબ્રેરીમાંથી પ્રકાશન કરવા માટે મળી હતી. તથા અન્ય જગ્યાએથી પણ બીજી પ્રત પ્રાપ્ત થઈ હતી. તેના આધારે અમોએ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. આ ગ્રંથમાં વાંચકોની સુખાકારી માટે જે તે પ્રસંગને અનુરૂપ અમે અનુક્રમણિકા બનાવી છે. અને જ્યાં જરૂરી જણાયું ત્યાં કૌંસમાં અઘરા શબ્દોની ટીપણી તથા ખૂટતા શબ્દો મૂકેલાં છે. તેમ જ કોઈ જગ્યાએ સમજવામાં સરળ પડે એવા હેતુથી વાક્યરચના સરખી કરી લેખકનો ભાવ સ્ફૂટ કર્યો છે. પ્રુફરીડિંગ વગેરે બાબતમાં અમારા સંતોએ ઘણું ધ્યાન આપ્યું છે. તેમ છતાં કાંઈક ભૂલ રહી ગઈ હોય તો વાંચકવર્ગ અમને ક્ષમા કરશો.

સદ્.શ્રીપ્રસાદાનંદસ્વામીએ આ અનુપમ ગ્રંથમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ લખેલ છે. જેથી **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા મૂળ સ્વરૂપે પ્રથમ વાર પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં આ ગ્રંથ પ્રકાશિત કરીએ છીએ. તેમાં આ ભાગમાં પૂર્વાર્ધનો સમાવેશ કરેલો છે. આ સાહિત્યસેવાથી સર્વાવતારી શ્રીહરિ, મુક્તરાજ ગ્રંથના લેખક સદ્.શ્રીપ્રસાદાનંદસ્વામી, સર્વે પરમહંસો તથા આચાર્યશ્રીઓ, સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતોભક્તો, મુક્તો અમારા ઉપર પ્રસન્ન થાઓ, એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

ગ્રંથલેખક

સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામીનું જીવન

ખીલેલાં ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે, પાકેલાં ફળોમાં જે સ્થાન મીઠાશનું છે, રાંધેલા ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે; એટલું જ મહત્ત્વનું સ્થાન જીવનમાં સદાચાર, સંસ્કાર અને સાચી સમજણનું છે. તેમાં સદાચાર અને સંસ્કારના પાઠ દરેક વ્યક્તિ સૌપ્રથમ પોતાની માતાની ગોદમાંથી શીખે છે. માતાના સંસ્કારને પામી પ્રેમથી પુરુષોત્તમનારાયણને સમર્પાયેલા બે બંધુઓ એટલે સદ્.શ્રીપ્રસાદાનંદસ્વામી અને સદ્.શ્રીદહરાનંદસ્વામી...!!

✹ પ્રેમજીનો જન્મ તથા કુટુંબ પરિચય :

આ બંને મુક્તાત્માઓનો જન્મ કયા ગામમાં થયો ? તેમનાં માતાપિતા કોણ હતાં ? કેવી રીતે તેમણે સંસારનો ત્યાગ કર્યો ? સંત થયા પછી તેમણે શું શું કર્યું ? તે બધી વાત આપણા સહુ માટે અનુપમ પ્રેરણાનું પાથેય પૂરું પાડે એવી છે.

પંચાળાથી પશ્ચિમ દિશામાં માત્ર સવા કી.મી. દૂર આવેલા માંગરોળ તાલુકાના **સુત્રેજ** ગામમાં કુંભાર પીતાંબરભાઈ જેઠવા રહેતા હતા. તેમની ધર્મપત્નીનું નામ કાનુબાઈ હતું. આ દંપતી શ્રીહરિના ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય હતા. તે સમયથી સત્સંગ દૃઢપણે રાખતા. ભેખમાં ભગવાન હોય છે, ગુરુકૃપાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે; આવી શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસ તેમની નસે-નસમાં વણાયેલાં હતાં. આધારાનંદસ્વામી હ.ચ.સા. ૩/૪ માં મુક્તાનંદસ્વામી વર્ણીરાજ શ્રીહરિને ગુરુનો મહિમા સમજાવતાં કહે છે,

गुरु की मूर्ति कहे ध्यान को मूला, पूजा गुरुपद कहे अमूला।
मंत्र को मूल कहे गुरु की बानी, मोक्ष को मूल गुरुकृपा कहे ग्यानी॥

આ વાત ભગવદ્કૃપાથી આ દંપતીના જીવનમાં આત્મસાત્ થઈ હતી. તેથી તેઓ ઉચ્ચ જ્ઞાતિ, ઉચ્ચ કુળ કે શારીરિક સૌંદર્ય મોક્ષનું કારણ નથી, પરંતુ મોક્ષનું મુખ્ય કારણ તો સત્પુરુષની સેવા અને સમાગમ છે, એમ સમજતા. તેમને ત્યાં ચાર પુત્રોનો જન્મ થયો હતો. મોટા પુત્રનો જન્મ આશરે સંવત્ ૧૮૪૯ માં થયો હતો. તેનું નામ ખોડો રાખ્યું હતું. બીજા પુત્રનું નામ હમીર અને ત્રીજા પુત્રનું નામ દાહો રાખ્યું હતું. ચોથા પુત્રનો જન્મ સંવત્ ૧૮૫૫ માં થયો હતો, તે મુક્તાત્માનું નામ પ્રેમજી રાખ્યું હતું. તે જ મોટા થતા સદ્.શ્રીપ્રસાદાનંસ્વામી થયા હતા.

દોહા : ધન્ય સુતરેજ ગામને, ધન્ય કુંભારની જાત;
ધન્ય માતા કાનુબાઈને, ધન્ય પિતાંબર તાત...૦૧
ધન્ય ખોડા હમીરને, દાહા પ્રેમજી સુત;
માત તાતના વચને રહી, કર્યું નિજકુળ પૂત...૦૨
પારણે પોઢતા બાળને, આપ્યા રૂડા સંસ્કાર;
ધન્ય કાનુબા માતને, બે કુળને તારનાર...૦૩
નાનપણાથી સેવિયા, સંત હરિ સાક્ષાત;
ઈતિહાસમાં અમર બન્યા, તેની કહું છું વાત...૦૪

ઘાટઘડા કુંભાર જેવી સામાન્ય જ્ઞાતિમાં જન્મેલા આ મુમુક્ષુ કાનુબાઈએ સતી મદાલશા જેમ નિજપુત્રોને પારણામાંથી જ સંસ્કાર આપ્યા. અને પુરુષોત્તમનારાયણના પ્રાણપ્યારા બનાવ્યા. તે પ્રસંગ સહુને માટે આદર્શ છે.

આ દંપતીના મનમોરલિયા અમને પ્રગટ પ્રભુનાં દર્શન ક્યારે થશે? એવા જ ટહુકારા કરતા હતા. પોતાના ચારેય પુત્રોને પણ પ્રગટ પ્રભુને સેવવા, તેમને સોંપાઈ જાવું અને જન્મારો સાર્થક કરી લેવો; એવા સંસ્કાર

આપ્યા કરતા. આખો પરિવાર કાળ-વર્ષે ખેડુ જેમ વરસાદની રાહ જુએ તેમ પ્રગટ પ્રભુની રાહ જોતો હતો.

જૂના જમાનામાં એવો રીવાજ હતો કે, ભિક્ષાવૃત્તિ કરનારા સાધુસંતો કે બ્રાહ્મણો જે ગામમાં જાય તે ગામમાં તેનો ઉતારો રામજી મંદિરના ચોરામાં અથવા કુંભાર ભગતને ઘેર થતો. પોતાના ગામમાં આવેલા કોઈ પણ બ્રાહ્મણ કે સાધુને ભોજન માટે તાત્કાલિક જોઈતી વસ્તુઓ જેવી કે પાણીની માટલી, તાવડી, ચૂલો, બળતણ વગેરે વસ્તુઓ કુંભાર જ્ઞાતિના લોકો આદરભાવથી આપતા અને સાધુ-સંતોની સેવા-સમાગમ કરીને તેમની કૃપા મેળવતા. એ જ રીતે આ પરિવાર પણ ભાવથી સંતોની સેવા કરતો અને માટીનાં વાસણો પકવી તેને વેચી જીવનનિર્વાહ ચલાવતો. તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી, પરંતુ અંતરમાં ભગવાન અને સંતો પ્રત્યેની શ્રદ્ધા, સ્નેહ અને ભક્તિભાવ સાગરના સમાન અગાધ હતાં. દેશ, કાળ, સમાજ, જ્ઞાતિ અને કુળને અનુસારે જીવન જીવનાર આ જેઠવા પરિવારનું જીવન સદાચારી અને ભક્તિપરાયણ હતું અને સતત પ્રગટ પ્રભુને ઝંખતું.

❊ પ્રથમ દર્શને હૈયું ખેંચાયું :

આવા કાળે અનંતકોટી બ્રહ્માંડોના નિયામક અક્ષરધામાધિપતિ પુરુષોત્તમનારાયણ ઉત્તર હિંદુસ્તાનમાં છપૈયા ગામે સં. ૧૮૩૭ ચૈત્ર સુદ ૯ ની રાત્રે ૧૦ ઘડી જતા પ્રગટ થયા. માતા ભક્તિમાતા અને ધર્મપિતાએ ઘનશ્યામ નામથી બોલાવી લાડ લડાવ્યા. માર્કંડેય મુનિએ 'હરિ', 'કૃષ્ણ', 'હરિકૃષ્ણ', 'નીલકંઠ' આદિ નામો પાડ્યાં. અગ્યાર વર્ષની ઉંમર થતા માતા-પિતાને દિવ્યગતિ આપી, ને વનની વિકટ વાટે તપશ્ચર્યા ને યાત્રા કરવા નીકળ્યા. સાત વર્ષ યાત્રા સહ તપશ્ચર્યા કરી. અનેક ઋષિમુનિઓનો ઉદ્ધાર કરી તીર્થોને પુનર્જીવિત કરી લોજ પધાર્યા.

વિ.સં. ૧૮૫૭ કાર્તિકી પ્રબોધિની એકાદશીને દિવસે પીપલાણા મુકામે સદ્.રામાનંદસ્વામી પાસેથી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. ગુરુએ ધારણ કરાવેલા નારાયણમુનિ તથા સહજાનંદસ્વામીના નામે પ્રસિદ્ધ થયા.

ત્યારબાદ સં.૧૮૫૮ માં કાર્તિકી પ્રબોધિની એકાદશીએ જેતપુરમાં ઉનડ ખુમાણના દરબારમાં સદ્.શ્રીરામાનંદસ્વામીએ શ્રીસહજાનંદસ્વામીને પોતાની ધર્મધુરા સોંપી. ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય બનાવ્યા. પછી ગુરુશ્રી ફરેણી ગામેથી સ્વતંત્રપણે પરમાત્માના ધામમાં ગયા.

ત્યારબાદ પોતાના અમોઘ ઐશ્વર્ય-પ્રતાપ દ્વારા હજારો જીવોને આત્યંતિક કલ્યાણનો પુનિત પંથ બતાવ્યો. તેમના પ્રતાપથી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની ખુમારીથી ઓપતા આ સંપ્રદાયમાં અનેક સંતોભક્તો થયા. જેમણે જગતનાં સુખોને તિલાંજલી આપી જિંદગીભર બ્રહ્મચર્ય પાળી શ્રીહરિનો રાજીપો મેળવ્યો. એ જ રીતે અનેક એવા સ્ત્રી ભક્તો થયા કે, જેમણે નાની ઉંમરમાં સાંખ્યયોગ સ્વીકારી ભગવાન ભજ્યા; તો અનેક એવાં સ્ત્રીરત્નો થયાં કે જેમની ઇચ્છા ન હોવા છતાં શ્રીજીમહારાજની આજ્ઞાથી પરણ્યા અને કરિયાવરમાં સત્સંગને લેતાં ગયાં. ગામના ગામ તેઓએ સત્સંગના રંગથી રંગી દીધા. ઇતિહાસને પાને પ્રહ્‌લાદજી, મીરાંબાઈ વગેરે અમુક ભક્તો લખાયા છે. ત્યારે સહજાનંદસ્વામીએ અનેકને પ્રહ્‌લાદ તથા મીરાંબાઈ જેવા મહાન બનાવ્યા છે.

આ સુત્રેજનો જેઠવા પરિવાર એવો હતો કે, જેના અંતરમાં પ્રગટ ભગવાનને મળવાનો આનંદ હિલોળા લેતો હતો. જો પ્રગટ ભગવાન મળે તો સર્વસ્વ ભગવાનને સોંપી દેવાની તૈયારીવાળો હતો. અને રાત-દિવસ પ્રગટ શ્રીહરિના જ સોણાં સેવતો. આ બાજુ ગુરુદેવ રામાનંદસ્વામી અંતર્ધાન થયા, ત્યારબાદ તેમણે એવું સાંભળ્યું કે, અત્યારે ગુરુની ગાદી ઉપર સહજાનંદસ્વામી આવ્યા છે. લોકો તેમને સ્વામિનારાયણ ભગવાનના નામે કહે છે.

એકવાર પંચાળા દરબાર ઝીણાભાઈની વિનંતીથી શ્રીહરિ કાઠી દરબારો સાથે સોરઠમાં પધાર્યા. તેઓ ભાદર નદી પાસેથી પસાર થઈ રહ્યા છે. ભાદર નદીના નિર્મળ નીર વહી રહ્યાં છે. તેના બંને કાંઠે લીલાછમ ઝાડવાં ઝૂમી રહ્યાં છે. નદીના કાંપમાં કોળી અને વાઘરીઓએ તરબૂચ તથા ચીભડાના

વાડા કર્યા છે. એના વેલા ઉપરથી વાતો ઠંડો પવન કાઠી સવારોની નજર તે તરફ ખેંચે છે. થોડીવારે સુરા ખાચરે વિનંતી કરતાં કહ્યું, 'ભણું મહારાજ ! ઘોડા તરસ્યા થયા છે અને ચીભડાની મીઠી સોડમ આવે છે. થોડી વાર વિરામ લઈએ તો સારું.'

સહુને સુખ આપનાર શ્રીહરિએ ભાદરને કાંઠે એક આંબલાના ઝાડ નીચે વિરામ કર્યો. બાજુમાં જ સુત્રેજ ગામના પીતાંબરભાઈ જેઠવા પરિવાર સાથે આજુબાજુના ગામમાં માટલા-માટલી વેચવા નીકળેલા, તેઓ ઊતર્યા હતા. સાતેક વર્ષના પ્રેમજીની માતા કાનુબાઈએ આજે પ્રથમ વાર પ્રગટ પ્રભુને નજરે નીહાળ્યા, વગર ઓળખાણે વાલમજીમાં તેમનું હૈયુ ખેંચાઈ ગયું. પોતાના ચારેય પુત્રો ખોડો, હમીર, દાહો અને પ્રેમજી પણ ખેંચાઈ આવ્યા. સહુ એકી નજરે શ્રીહરિને જોઈ રહ્યા.

થોડી વાર પછી શ્રીહરિએ પીતાંબરભાઈને નામ-ઠામ પૂછ્યાં. એમણે વિગતથી પરિચય આપ્યો. પછી કહ્યું, 'પ્રભુ ! ઉપરવાળાની મહેરથી અમારું માટીનાં વાસણો દ્વારા ગુજરાન ચાલે છે. થાય તેટલી સાધુ-સંતોની સેવા કરીએ છીએ.' અચાનક વચમાં કાનુબાઈ કહે, 'અમે તો અમારું ઠામઠેકાણું કહ્યું પણ તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? એ તો કહો ? કેમ જે, ક્યારેય નહિ પણ આજ આપના દર્શનથી મારું હૈયું તૃપ્ત થતું નથી.' આ સાંભળી મંદમંદ હસતા મહારાજ કહે, 'બહેન ! અમે તો ખૂબ દૂર દેશના છીએ, ઠેઠ અક્ષરધામથી પધાર્યા છીએ. તમે તો તેનું નામેય સાંભળ્યું નહિ હોય.' તેથી બહેનની જિજ્ઞાસા વધી ગઈ. પછી સુરા ખાચરે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'આ સ્વામિનારાયણ છે, લોજના રામાનંદસ્વામીની ગાદીએ હવે તેઓ બેઠા છે. લોકો તેમને પ્રગટ ભગવાન કહે છે.'

શ્રીહરિનું નામ સાંભળતાં જ કાનુબાઈના અંતરમાં આનંદનો ધોધ છૂટ્યો. સહજ બોલી ગયા 'આ...હા...હા...તમે પોતે જ સ્વામિનારાયણ ! કેદુની આપના દર્શનની મારા અંતરમાં ઇચ્છા હતી. દિલમાં થતું કે, હું અને મારા પુત્ર-પરિવાર આપનાં દર્શન કરી મનખો સફળ કરીએ. રોજ

તમોને યાદ કરતા. અમે ગરીબ માણસ તમારા દર્શને આવી શકતા નહીં. પરંતુ તમે અંતર્યામી ખરા. આજ અમારો મનોરથ પૂરો કર્યો.' એમ કહી પાલવ પાથરી પ્રેમથી પ્રગટ પ્રભુને પગે લાગ્યાં. પોતાના ચારેય પુત્રોને પગે લગાડ્યા. મહારાજે એ ચારેય બાળકોને માથે હાથ મૂક્યો, રૂડાં આશીર્વાદ આપ્યાં. ત્યાં તો બાજુમાં જ વાડાવાળા પદમા વાઘરી પાસે ચીભડાં ખરીદી તેનો સૂંડલો ઊંચકાવી દરબારો શ્રીહરિ પાસે આવ્યા.

પછી સુરા ખાચર કહે, 'મહારાજ ! આ પદમો વાઘરી છે. ભાદરના કાંપમાં ચીભડાનો વાડો કરી જીવનનિર્વાહ કરે છે. આપનું નામ સાંભળી જાતે ચીભડાં જમાડવા અહીં આવ્યો છે.' મહારાજે તેની સામું જોયું. પદમા વાઘરીએ શ્રીહરિને પગે લાગી ચીભડાનો ટોપલો ચરણમાં ધર્યો. દરબારોએ ચીભડાની ચીરો હરિવરના હાથમાં આપી. શ્રીજીમહારાજ કાંપમાં થયેલાં મીઠાં ચીભડાં જમતાં જમતાં બોલ્યા કે, 'આવાં મીઠાં ચીભડાં અમે ક્યાંય જમ્યા નથી. આવો બાળકો લ્યો પ્રસાદી.' એમ કહેતાં શ્રીહરિએ ખોડો, હમીર વગેરે ચારેય બાળકોને પ્રસાદી આપી. પછી સહુને વહેંચતા જાય અને શ્રીહરિ જમતા જાય. જમતાં જમતાં હૈયાના હેતથી વાઘરી સામું જોઈ કહે, "પદમા ! આ ચીભડાના વેલાને શું સાકરના પાણી પાયા છે ? ચીભડાં બહુ મીઠાં છે."

પદમો કહે, "પ્રભુ ! બધી આપની કૃપા છે. ભાદરનાં મધ જેવાં મીઠાં પાણી પીને આવાં મધુરાં ચીભડાં થાય છે." એમ વાતો કરતા જમી રહ્યા. પછી મહારાજે તેને પૈસાનું પૂછ્યું. તે કહે, "હે નાથ ! આપની પ્રસન્નતા એ જ મારે મોટું ધન છે." શ્રીહરિએ તેની મુમુક્ષુતા જાણી પૂજા-પાઠ અને વર્તમાન-નિયમ આપ્યાં. અને કહ્યું, "અંતે તને અક્ષરધામ આપીશ." ત્યારે તે કહે, "હે નાથ ! મારું ગામ **'આંકવું'** છે. તે અહીં બાજુમાં જ છે. તેને યાદ રાખજો. કો'ક વાર મારી ઝૂપડી પાવન કરવા પધારજો." એમ કહી તે ગયો.

પછી પીતાંબરભાઈ જેઠવા કહે, "મહારાજ ! અમે તો રામાનંદસ્વામીના સત્સંગી છીએ. એકલું આંકવું જ નહીં સાથોસાથ મારું **સૂત્રેજ** ગામ પણ સંભારજો. અમારા ગામ તથા ઘરને પાવન કરવા પધારજો. હું સહિત અમારો આખો પરિવાર આપના જ છીએ." ત્યાં તો કાનુબાઈ બોલ્યાં, "હે વાલમ ! જ્યારથી આપને દીઠા ત્યારથી હૈયું ટાઢું થઈ ગયું છે. આપની આ મનોહર મૂર્તિ મારા અંતરમાં ચોંટી ગઈ છે. હવે મૂકવાનું મન થતું નથી."

તેમની ઉત્તમ મુમુક્ષુતા અને સાચો સ્નેહ જોઈ શ્રીહરિએ આખા પરિવારને પંચવર્તમાન પાળવાનું કહ્યું અને કોલ આપ્યો કે, "હવે જ્યારે પંચાળા, માંગરોળ બાજુ આવશું ત્યારે જરૂર સુતરેજ ગામ પધારશું." આ રીતે થોડી વાર આંબાના વૃક્ષ નીચે વિરામ માટે રોકાયા અને બે કુટુંબ પર અનરાધાર વરસી ગયા. તેને પાવન કર્યા.

❊ શ્રીહરિ પીતાંબરભાઈને દર્શન દેવા પધાર્યા :

જેઠવા પરિવાર મહારાજને મળ્યા પછી શ્રીહરિ જ્યાં જ્યાં સમૈયો કરતા, ત્યાં ત્યાં પીતાંબરભાઈ સહકુટુંબ જરૂર પહોંચી જતા. સેવા ને સમાગમનો લાભ લેતા. પ્રગટ પ્રભુ અને પ્રગટ સંતોભક્તોનાં દર્શન કરી જીવનમાં ધન્યતા અનુભવતા.

ત્યારપછી સંવત્ ૧૮૬૭માં એકવાર શ્રીહરિ **પંચાળા** પધાર્યા. ત્યારે પીતાંબરભાઈ સહપરિવાર શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યા. થોડું રોકાયા, પછી ઘેર જતી વખતે કહ્યું, "હે નાથ ! અંતકાળે યાદ આવે એવું રૂપ ધરી આપ મને પાવન કરવા એકવાર સુતરેજ પધારજો." શ્રીહરિએ કહ્યું, "કોઈક વખત એવું દર્શન આપશું અને જરૂર પધારશું."

તે સમયે શ્રીજીમહારાજ પંચાળે હતા. ત્યાં નરવરકોટમાં છ છ મહિનાનાં બાળકો ઘોડિયામાં સૂતાં સૂતાં બોલ્યાં જે, 'તમારા જીવનું કલ્યાણ કરવું હોય તો પશ્ચિમ દેશમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે, ત્યાં સૌ જાઓ.' બાળકોના આવા શબ્દો સાંભળી પચાસ માણસો પોતાના

દેશનો પોશાગ તથા મળિયાગર ચંદન વિગેરે લઈને ગઢડા આવ્યા. ત્યાં તેમને સમાચાર મળ્યા કે, સ્વામિનારાયણ ભગવાન **પંચાળા** છે. તેથી તેઓ ત્યાં ગયા અને મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે સહુને સમાધિ થઈ ગઈ. પછી સમાધિમાંથી સહુ જાગ્યા. અતિ આનંદ થયો. પછી ગામમાં ચોરામાં જઈને મહારાજ માટે થાળ કર્યા. તે પચાસે જણાના થાળ મહારાજ એક સાથે જમ્યા.

પછી સર્વેએ તેમના દેશનો આણેલો પોશાગ શ્રીજીમહારાજને પહેરાવ્યો અને કેસરચંદનની અરચા કરી. પછી શ્રીજીમહારાજ ગામ સુત્રેજના હરિભક્ત પીતાંબરભાઈને દર્શન દેવા માટે ઘોડી ઉપર બેસીને ચાલ્યા. તે સંઘના ભક્તો પાછા પગે ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાતા જતા, તે એમ ને એમ શ્રીહરિ સંઘ સાથે **સુત્રેજ** સુધી પધાર્યા.

ત્યારે પીતાંબરભાઈએ અતિ રાજી થઈ પોતાને ઘેર પધરાવી છપર પલંગ બિછાવીને શ્રીજીમહારાજને બેસાર્યા. ત્યારે શ્રીહરિએ પીતાંબરભાઈને કહ્યું કે, 'ધ્યાન કરવા માટે આ મારી મૂર્તિનું અંગોઅંગનું દર્શન કરો.' એમ કહી શ્રીહરિએ ઊભા થઈ દર્શન દીધું. અને કહ્યું, **'તમે કહેતા હતા ને કે મને ધ્યાન થાય અને અંતકાળે યાદ આવે એવાં દર્શન આપજો.** તે આજે તમને એવાં દર્શન આપવા આવ્યા છીએ. માટે દર્શન કરી લ્યો.'

પછી તે ગામના રાજા સત્સંગી હતા, તેમને બોલાવ્યા ને પોતાની મૂર્તિ નીરખવાની કહીને 'આ મૂર્તિનું નિરંતર ચિંતવન કરજો' એમ કહી પાછા શ્રીજીમહારાજ **પંચાળા** પધાર્યા. પરંતુ શ્રીહરિનું તે સમયે તેમનાથી કાંઈ સન્માન થયું નહીં, તેમ વિચારીને પીતાંબરભાઈ તથા પોતાની સ્ત્રી પોતાના બે દીકરાને સાથે લઈને પંચાળે આવ્યા. અને પોતાના બે દીકરા શ્રીજીમહારાજને અર્પણ કર્યા. અને ફરી પોતાને ગામ પધારવાની મહારાજને પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'પીતાંબરભાઈ ! અત્યારે પુત્રની ઉંમર નાની છે. માટે ઘેર લઈ જાઓ. સમય આવશે ત્યારે અમે ફરી આવશું. અને તમારો મનોરથ પૂરો કરશું.'

❊ મહારાજને ઓશિયાળા ન કરતા :

ત્યારબાદ સમય જતાં પીતાંબરભાઈને જીવલેણ રોગ થયો. પરંતુ પ્રગટ પ્રભુની ભક્તિમાં તેઓ મેરુની સમાન મક્કમ રહ્યા. અને 'ક્યારે મારો નાથ મને તેડવા પધારે !' તેવી પ્રાર્થના કરે છે. અખંડ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' જાપ જપે છે. દેહ દુર્બળ થયો, પરંતુ અંતરમાં પ્રાપ્તિનો અનોખો આનંદ ઉભરાય છે.

પછી એકવાર પોતાના ખોડા, હમીર, દાહો અને પ્રેમજી આ ચારેય પુત્રોને પાસે બોલાવ્યા. કાનુબાઈ ચારેય પુત્રોને લઈ પતિ સમીપ આવ્યાં. ત્યારે પીતાંબરભાઈ કહે, "સાંભળો, આજ સુધી મેં આપણા નાથ પ્રગટ શ્રીજીમહારાજને ક્યારેય ઓશિયાળા કર્યા નથી. એમનો પડ્યો બોલ ઝીલ્યો છે. **તમે પણ મહારાજ કે સંતોને ક્યારેય ઓશિયાળા કરશો નહીં.** એ વચન મને આપો તો મારા અંતરમાં શાંતિ થાય."

ચારેય પુત્રોએ ચરણ સ્પર્શ કરી પિતાના વચનને મસ્તકે ચડાવ્યું અને કહ્યું, "શિર સાટે સત્સંગ રાખશું. આપ નિશ્ચિંત રહો." પછી કાનુબાઈ પોતાના પતિને કહે, "હે પતિદેવ ! તમે પુત્ર વગેરેની કોઈ ચિંતા કરશો નહીં. ભાદરને કાંઠે આંબાની હેઠે ચપળતાથી ચીભડું જમતા શ્રીહરિની મૂર્તિમાં કેવું અનોખું તેજ હતું ! પ્રથમ દર્શને જ શાંતિ થઈ હતી. વળી, આપણે ઘેર સુંદર સ્વાંગ ધરી શ્રીહરિ પધાર્યા હતા. એ મૂર્તિને સંભારો." આમ જ્યાં કહ્યું, ત્યાં તો પીતાંબરભાઈનું અંતર મહારાજની મૂર્તિમાં ખોવાઈ ગયું. પ્રગટ પ્રભુનાં ચરિત્રો ધારાની જેમ સ્ફૂરવા લાગ્યાં. રોગનું દુઃખ ભુલાઈ ગયું. થોડી વારમાં બોલ્યા, "આ મહારાજ મને મોટું વિમાન લઈ તેડવા આવ્યા છે, હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું. સહુને જય સ્વામિનારાયણ." આમ કહી પીતાંબરભાઈ અખંડ શ્રીહરિની સેવામાં અક્ષરધામે પહોંચી ગયા.

સત્સંગ જેમણે જીવમાં પચાવ્યો છે, એવાં કાનુબાઈ તથા તેમના ચારેય પુત્રો વગેરેએ રોકકળ ન કરી. પ્રગટ પ્રભુનું બળ રાખી ભજન-સ્મરણ કરતાં કરતાં આ પ્રસંગને ઊકેલ્યો.

❊ શ્રીહરિ સુત્રેજમાં બીજી વાર પધાર્યા :

ઓગણોતેરો કાળ ઊતર્યો ત્યારબાદ સં.૧૮૭૧ માં સોરઠી ભક્તોને સુખી કરવા શ્રીહરિ જૂનાગઢ, માંગરોળ, માણાવદર, અગત્રાઈ વગેરે ગામોના ભક્તોને સુખ આપી પંચાળા પધાર્યા. પંચાળાનરેશ ઝીણાભાઈના દરબારમાં ઉતારો કર્યો. કાઠિયાવાડના કાઠી દરબારો અને જીવુબા, લાડુબા વગેરે ભક્તો પણ સાથે છે. સમાચાર મળતાં સમીપમાં જ રહેલા સુત્રેજ ગામથી કાનુબાઈ પોતાના ચારેય પુત્રો સાથે શ્રીહરિના દર્શને આવ્યાં. થોડા દિવસ રોકાયાં. પુત્રો દ્વારા પ્રભુને પ્રાર્થના કરતાં કહેવરાવ્યું, 'હે નાથ ! ભાદરને કાંઠે તથા અહીં પંચાળામાં અમારા પતિદેવને આપે કોલ આપ્યો છે, તે આપને યાદ છે ?' મહારાજે કહ્યું, 'હા.. તમારો પ્રેમ કેમ ભુલાય..!' 'તો અમારા ગરીબની ઝૂપડી પાવન કરવા ક્યારે પધારશો ?' મહારાજે કહ્યું, 'કાલે સવારે અહીંથી સીધા જ તમારે ગામ સુત્રેજ આવશું, તમો તૈયારી કરજો.'

શ્રીહરિનાં આ વચનો સાંભળી કાનુબાઈ તથા તેમના ચારેય પુત્રોના અંતરમાં આનંદનો સાગર રેલાયો. તેઓ પોતાને ગામ ગયાં. સત્સંગી બહેનોને ભેગા કર્યા. આંબા-આસોપાલવના પાનનાં તોરણ બનાવી શેરીએ શેરીએ બંધાવ્યાં, ગામને શણગાર્યું. ઘરઆંગણું લીપી તૈયાર કર્યું. બજારોમાં પાણી છંટાવી દીધું. કેળના સ્થંભ રોપાવી દીધા. ઘરની આગળ રંગોળીઓ પુરાવી દીધી. દીકરાઓએ માણ અને કુંજાઓ શણગાર્યાં.

બીજે દિવસે લાડીલો લાલ સખા સાથે **સુત્રેજ** ગામ પધાર્યા. કાનુબાઈ, તેમના ચારેય પુત્રો તથા દાદુ ઠક્કર, જેરામભાઈ વગેરે ગામના ભાવિક ભક્તોએ વાજતે ગાજતે શ્રીહરિનું સ્વાગત કર્યું. ભક્તોએ મહારાજને વિનંતી કરી, "હે નાથ ! જેમ અમારા ગામમાં પધાર્યા એમ જ અમારાં ઘરે પણ પધરામણી કરો જેથી અમારાં ઘર પાવન થાય." ભોળા ભક્તોની ભાવભરી વિનંતી ભગવાને સ્વીકારી લીધી અને અંતરના ઉછરંગ સાથે ઘરે ઘરે પ્રભુની પધરામણી થઈ.

ફરતાં ફરતાં શ્રીહરિ કોલ સંભારી પીતાંબરભાઈના ઘેર પધાર્યા. ઘર સાધારણ છે. ઘરમાં આધેડ ઉંમરના વિધવા કાનુબાઈ મહારાજની પધરામણીની ખૂબ તૈયારી કરે છે. અને મહારાજની રાહ જુએ છે. તેમને સત્સંગનો કેફ અનોખો હતો. કેટલાય જીવોને મહારાજના મહિમાની વાતો કરી સત્સંગ કરાવેલો. તેઓ ગામના બૈરાઓને ભેગા કરી કીર્તનો ગાય અને ગવડાવે છે. પછી પ્રગટ પુરુષોત્તમનારાયણના મહિમાની વાતો કરી જીવમાં મહારાજનો સહુને કેફ ચઢાવે છે. આ કાનુબાઈના મનમાં ઘણા સમયથી 'મહારાજ મારે ઘેર ક્યારે પધારશે !' એવી ઝંખના રહેતી હતી. તેઓ બાજોઠ ઉપર ચાકળા પાથરી પૂજન માટે કંકુ, ચોખા અને ફૂલડાનો થાળ ભરી મહારાજની રાહ જોતા અને ગાતા હતા,

હાંરે મારે આજ પ્રીતમ ઘેરે આવશે,
હાંરે મને હેતે કરીને બોલાવશે જીરે...મારે આજ૦

પ્રેમનું બીજુ નામ એટલે સર્વસ્વનું સમર્પણ. તેથી માજીના મનમાં થતું 'ક્યારે મહારાજ પધારે ! ક્યારે વહાલાને વધાવું ! પૂજનનો લહાવો લઉં !' વળી, વિચારે છે, 'પૂજન તો કરીશ પણ મહારાજ પાસે ભેટ શું મૂકીશ ? એ લાડકવાયા લેરખડાને મારે શું આપવું ? એને લાયક આપવા જેવું કાંઈ દેખાતું નથી.' પછી વિચાર્યું, 'મહારાજ જે માગે, તે હું આપીશ.' આમ જ્યાં વિચારે છે, ત્યાં પ્રભુજી સખાઓ સાથે પોતાને આંગણે પધાર્યા. ડોશીમા એકદમ ઊભા થઈ ગયાં. પૂજાનો થાળ લઈ આંગણે આવેલા શ્રીહરિને પ્રેમથી વધાવ્યા. મહારાજને ઓરડામાં બાજોઠ ઊપર પધરાવી ડોશીમાએ આરતી ઉતારી. મહારાજ તેમનો ભાવ જોઈને ગદ્ગદ થઈ ગયા. પૂજન પૂરું થયું.

❊ કાનુબાઈએ દીકરાનાં દાન દીધાં :

પછી શ્રીહરિજીને ડોશીમાએ હાથ જોડી કહ્યું, 'હે મારા વિહામા ! મારે આપને ભેટ દેવી છે.' મહારાજ કહે, 'મા ! બોલો શું આપશો ?'

કેફમાં આવી ગયેલ ડોશીમા કહે, 'મહારાજ ! આપે આજ મને કૃતાર્થ કરી, માટે જે માગો તે આપું.' ત્યારે મહારાજ કહે, 'મા, તમને જે વહાલામાં વહાલું હોય તે આપો.'

કાનુબાઈએ તો પ્રગટ પ્રભુને ઓળખી લીધા હતા. પતિદેવના અંતિમ શબ્દો તેમના કાનમાં ગુંજતા હતા કે, **'મહારાજને ઓશિયાળા કરશો નહીં.'** થોડી વાર તો વહાલામાં વહાલું શું..? તેનો નિર્ણય કરવાની મથામણમાં મૂંઝવણ થઈ. પછી તરત જ કાનુબાઈને પોતાના ચારેય પુત્રો સામી નજર ગઈ અને કહ્યું, "હે પ્રભુ ! મારો અબળાનો દેહ છે. એટલે દીકરા જેવું મને કોઈ વહાલું ન હોય, એ સ્વાભાવિક છે. માટે આ ચારેય પુત્રો આપનાં ચરણોમાં સમર્પણ કરું છું. મોટો ખોડો બાવીસ વર્ષનો, હમીર વીસ વર્ષનો, દાહો અઢાર વર્ષનો અને નાનો પ્રેમો સોળ વર્ષનો છે. આ ચારેયને આપની સેવામાં સ્વીકારી લો. તેઓ આપની આજ્ઞામાં રહેશે. તેમનું કલ્યાણ થાશે. અને છોકરાના બાપા બે છોકરાને સોંપવા આપની પાસે પંચાળા આવ્યા હતા, ત્યારે આપે કહ્યું હતું, 'અત્યારે નાના છે. મોટા થાય પછી આપજો.' અને તેઓ અંતકાળે અમને પણ ભલામણ કરતા ગયા છે."

આટલું મહારાજને કહી કાનુબાઈ નિજપુત્રો સામે નજર કરી બોલ્યાં, 'દીકરાઓ ! આપણું તન, મન, ધન, ઘરબાર સર્વસ્વ મહારાજ માટે જ છે. અને મહારાજે મારી પાસે વહાલામાં વહાલી વસ્તુ માગી છે.' દાહો કહે, 'મા ! તો એમાં શું ? તમને વહાલામાં વહાલું જે હોય તે મહારાજને જલ્દી આપી દોને, મોડું કેમ કરો છો ?' પ્રેમજી કહે, 'મા, એમાં અમને શું પૂછવાનું હોય.' કાનુબાઈ કહે, 'દીકરાઓ ! મારે માટે વહાલામાં વહાલા તો તમે જ છો.' તે સાંભળી ચારેય ભાઈઓએ પળભરમાં નિર્ણય કરી આંખને ઈશારે વાત કરી લીધી અને માને કહ્યું, 'મા ! તો પછી વાર શેની ? સોંપી દો અમને મહારાજના ચરણમાં. અમારાં એવાં ભાગ્ય ક્યાંથી !'

કાનુબા કહે, 'શાબાશ ! મારા દીકરાઓ ! તમારી પાસેથી મેં આવા જ જવાબની આશા રાખી હતી.' પછી કાનુબાઈએ હરખભેર ચારેય પુત્રો શ્રીહરિને સમર્પણ કર્યા. અને કહ્યું, 'મહારાજ ! લ્યો આ મારી વહાલામાં વહાલી વસ્તુ હું તમારા હાથમાં સોંપું છું.' એમ કહી દીકરાઓના કપાળમાં કંકુનો ચાંદલો કરી માએ શ્રીહરિના ચરણમાં સોંપી દીધા. પછી મહારાજ બોલ્યા, 'માજી ! તમે અમને મન ગમતી વસ્તુ આપી ખરી, પરંતુ તમે તમારું કાંઈ વિચાર્યું નહીં..? રળી આપે એવા આ જુવાનજોધ દીકરાઓ અમને અર્પણ કરી દીધા..!! ત્યારે કાનુબાઈ કહે, **'હે નાથ ! આપના છે ને આપને અર્પું છું. હું તો જીવુબા-લાડુબા ભેગી રહી આપનું ભજન કરીશ. દેહ મૂકીને જેને પામવા હતા, તેને તો હું છતાં દેહે પામી છું. આપે તો મને કૃતાર્થ કરી છે.'**

આવાં તેમનાં વચન સાંભળી, શ્રીહરિ દરબારો સામું જોઈને કહે, 'ભક્તો ! આ માજીની સમજણ તો જુઓ. મોટા પંડિતોને પણ વિચારતા કરી મૂકે એવી છે. જે સમર્પણ શાસ્ત્રોના જ્ઞાતાઓથી ન થાય તેવું સમર્પણ આ માજીમાં છે.' એમ કહી એક પંક્તિમાં ઊભેલા ચાર ભાઈઓમાંથી હરિવરે નાના બે ભાઈ દાહા અને પ્રેમાનાં કાંડાં ઝાલ્યાં અને કહ્યું, 'માજી! આ નાના બંને પુત્ર તમને ખૂબ વહાલા છે. તે બંને અમારી સેવામાં રહેશે અને આ મોટા બેને હું તમારી સેવામાં પાછા આપું છું.'

ત્યારે કાનુબા કહે, 'હે મારા નાથ ! આપ મારી ચિંતા ના કરશો.' ત્યારે શ્રીહરિ કહે, 'માજી ! હું તમારા ઉપર અતિશય રાજી છું. માટે અમારી આજ્ઞાથી આ તમારા બંને મોટા પુત્રો સંસાર-વ્યવહાર કરશે, ઘેર બેઠા અમારું ભજન કરશે.' આમ શ્રીહરિએ ખૂબ સમજાવ્યા, ત્યારે તેઓ માન્યા. પછી કાનુબાઈએ દાહા અને પ્રેમાનાં દુઃખણાં લીધાં. હાથમાં શ્રીફળ અને ગોળનો પડો આપ્યો, મોઢામાં ગોળની ગાંગડી મૂકી, કપાળે ચાંદલો કરી ચોખા ચોડતાં ચોડતાં છેલ્લી ભલામણ કરી, "ભગવાનના થઈને રહેજો. સેવામાં ખબરદાર રહેજો. શ્રીહરિ-સંતની આજ્ઞા પાળજો. તમારા

બાપાના છેલ્લા શબ્દો આજીવન ભૂલતા નહીં. તેમણે ધામમાં જાતે જાતે કહ્યું હતું કે, 'મહારાજને ક્યારેય ઓશિયાળા કરશો નહીં.' આ વાક્ય હૃદયની દીવાલ ઉપર ઊંડું કોતરી રાખજો. મારા હૈયાના હેતથી આશીર્વાદ આપું છું કે, **તમારો શ્વાસેશ્વાસ શ્રીહરિના સ્મરણમાં વીતે અને લોહીનો કણેકણ સત્સંગની સેવામાં વપરાય. ભગવાન તમારો ત્યાગ નિર્વિઘ્ન પાર પાડે. ગુરુ રામાનંદજીનો સંપ્રદાય દુનિયામાં સર્વત્ર ફેલાય એમાં તમારું આગવું યોગદાન રહે.**" એટલું કહેતાં માએ બેયના માથે હાથ મૂકી રૂડાં આશીર્વાદ આપ્યાં અને વહાલસોયા બે દીકરાનાં કાંડાં ઝાલી એકનું કાંડું હૃદયેશ્વર શ્રીહરિના જમણા હાથમાં સોંપ્યું ને બીજાનું કાંડુ શ્રીહરિના ડાબા હાથમાં સોંપ્યું. પછી તે બન્ને ભાઈઓ પોતાની માતાને તથા વડીલ બંધુવર્ગને વંદન કરીને શ્રીહરિની સાથે ચાલી નીકળ્યા.

શ્રીહરિ કહે, "મા ! આ તમારા દીકરાનાં દાન તો ઈતિહાસમાં અમર થઈ જશે. અને આ તમારા દીકરાઓ તો અનંત જીવોને કલ્યાણને માર્ગે વાળશે." આ રીતે તેમને આશીર્વાદ આપી શ્રીહરિ સુત્રેજથી પંચાળા પાછા પધાર્યા. થોડા જ દિવસોમાં શ્રીહરિએ તે બન્ને ભાઈઓને પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં ઓતરાદા બારના ઓરડામાં ભાગવતી મહાદીક્ષા આપી અને સાધુ કર્યા. તેમાં દાહાનું નામ 'દહરાનંદ' રાખ્યું અને પ્રેમજીનું નામ 'પ્રસાદાનંદ' રાખ્યું. પછી શ્રીહરિ પંચાળાથી વિચરણ કરતાં કરતાં ગઢપુર પધાર્યા. ત્યાં આવી શ્રીહરિએ તે બેય સંતોને નિત્યાનંદસ્વામી પાસે ભણવા મૂક્યા અને ભલામણ કરી કે, તમે આ બેયને સંસ્કૃત વિદ્યાનો સારો અભ્યાસ કરાવજો. આમ સ્વામી નિત્યાનંદસ્વામીના શિષ્ય થયા.

પછી નિત્યાનંદસ્વામીએ બંનેને સંસ્કૃત વિદ્યાનો સારો અભ્યાસ કરાવ્યો અને શ્રેષ્ઠ વિદ્વાન બનાવ્યા હતા. તેથી તેઓ ગમે તેવું અશુદ્ધ પુસ્તક હોય તોપણ તેને શોધીને શુદ્ધ કરી દેતા હતા. સ્વામી પાસે અભ્યાસ કરીને દહરાનંદસ્વામી શાસ્ત્રી થયા હતા અને પ્રસાદાનંદસ્વામી પુરાણી બન્યા હતા. તેમાં પણ પ્રસાદાનંદસ્વામીએ કથા વાંચી શ્રીહરિને તથા સંત હરિભક્તોને

અનેક વાર પ્રસન્ન કર્યા હતા. તેઓ સારા વક્તા, શ્રેષ્ઠ લહિયા, કવિ, લેખક હતા તથા સુંદર રસોઈ બનાવી જાણતા. અને આ કળાઓ શ્રીહરિ તથા સંતોને અર્થે વાપરી ઘણા સંતો-ભક્તોના પ્રીતિ અને પ્રસન્નતાના પાત્ર બન્યા હતા. આ રીતે આ બંને સંતોએ સત્સંગમાં અપાર સેવા કરી છે.

❊ એક ઐતિહાસિક ખુલાસો :

હમીરભાઈ તથા ખોડાભાઈ શ્રીહરિની આજ્ઞાથી ઘેર રહ્યા. તેમણે જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદસ્વામી ધર્મશાળા બનાવતા ત્યારે નળિયાં પાડવા વગેરેની ખૂબ સેવા કરેલી ને ખૂબ રાજીપો કમાયેલો. આ બંને ભાઈમાંથી હમીરભાઈનો પરિવાર તો પ્રાયઃ સુત્રેજમાં જ રહ્યો છે. ખોડાભાઈના દીકરા ધનાભાઈ થયા. તેમને કરશનભાઈ, હામાભાઈ તથા કેશવભાઈ ત્રણ પુત્ર થયા. તેમાં કરશનભાઈને બે પુત્ર હતા - વેલાભાઈ તથા મૂળજીભાઈ. તેમાં વેલાભાઈના ભગવાનજીભાઈ અને તેમના નાથાલાલ વગેરે ચાર ભાઈઓ હાલ **સુત્રેજ**માં જ રહે છે.

પરંતુ ધનાભાઈના બીજા પુત્ર હામાભાઈ પરિવાર સાથે **બાલાગામ** રહેવા ગયેલા. તેમના પુત્ર પમાભાઈ અને તેમના પુત્ર માલદેભાઈ. તેમને ડાહ્યાભાઈ, હમીરભાઈ, જીવરાજભાઈ અને બચુભાઈ આ ચાર પુત્રો થયા. અને કરશનભાઈના બીજા પુત્ર મૂળજીભાઈ પણ બાલાગામ રહેવા ગયા. મૂળજીભાઈના ગોકુળભાઈ અને તેમના હંસરાજભાઈ વગેરે ચાર પુત્રો છે. આ બધા જ હાલમાં પંચાળાથી ઉત્તર દિશામાં ૫-૬ કી.મી.ના અંતરે આવેલા **બાલાગામ**માં વસે છે. બીજું પીતાંબરભાઈ જેઠવાના નજીકના જ સંબંધી કચરાભાઈ તથા મૂળીબેન સારા ભક્ત હતાં તેમનો ભાવ પૂરો કરવા શ્રીહરિ બાલાગામ પણ પધાર્યા હતા. અને કચરાભાઈ જેઠવાનો સંપૂર્ણ પરિવાર બાલાગામમાં જ રહે છે. તેથી અમુક સંતોએ, પીતાંબરભાઈ પણ પ્રથમથી જ આ બાલાગામમાં વસતા હોય એવું જાણી પ્રસાદાનંદસ્વામી તથા દહરાનંદસ્વામી બાલાગામના હતા એવો ઉલ્લેખ કરેલો છે.

બીજું, સુત્રેજ ગામમાં કરશનભાઈ વગેરેના સાથથી સદ્.કૃષ્ણચરણ-દાસજીસ્વામીએ મંદિર બંધાવ્યું હતું.

આ કૃષ્ણચરણસ્વામીના શિષ્ય સાધુ અક્ષરપુરુષદાસજીસ્વામી હતા. તેઓનું પૂર્વાશ્રમનું નામ મનજીભાઈ હતું. તેઓ પૂર્વાશ્રમમાં પીઠવાજાળના મહાન ભક્તરાજ ખીમા ડોબરિયાના ભાઈ ભાદાભાઈના પુત્ર હતા. તેઓ સંશોધનવૃત્તિવાળા હતા. તેથી તેમણે જૂના ખરડાઓમાં ઉપરોક્ત હકીકત લખી હતી. તેના આધારે તથા તેમના વંશજોને પંચાળાના કો.ઘનશ્યામસ્વામી મળ્યા, તેમના દ્વારા જે સાચું જાણવા મળ્યું તે લખ્યું છે.

વળી, સં.૧૮૭૭ કે ૧૮૭૯ માં શ્રીહરિએ પંચાળામાં રંગોત્સવ કર્યો ત્યારે પ્રસાદાનંદસ્વામીએ ગૃહત્યાગ કર્યો એવો અમુક સંતો ઉલ્લેખ કરે છે. પરંતુ ખુદ પ્રસાદાનંદસ્વામીએ જ પોતાના આ ગ્રંથમાં સં.૧૮૭૨ માં શ્રીહરિ ધર્મપુર ગયા ત્યારથી આરંભી શ્રીહરિ સાથે રહ્યા હોય અને મહારાજે તેમને સુખ આપ્યા હોય એવા અનેક પ્રસંગો લખ્યા છે. તે જોતાં સ્પષ્ટ જણાય છે કે, મહારાજ સં.૧૮૭૧ માં સોરઠમાં વિચરણ કરવા પધાર્યા, ત્યારે માંગરોળ, પંચાળા વગેરે ગામોમાં થઈ સુત્રેજ પધાર્યા હતા. ત્યારે જ તેમનાં માતુશ્રી કાનુબાઈએ તેમને શ્રીહરિને સમર્પણ કર્યા હતા. આટલી સ્પષ્ટતા બાદ આ ગ્રંથના આધારે જ પ્રસાદાનંદસ્વામીના અનુભવસભર થોડા પ્રસંગો વાંચીએ.

❊ શ્રીહરિએ સંતોને સ્નેહથી જમાડ્યા :

સ્વામીશ્રી આ ગ્રંથના વિ.૨૩ તથા ૨૯માં લખે છે - સંવત્ ૧૮૭૨માં શ્રીહરિ વડતાલ પધાર્યા. વાસણ સુતારને ઘેર ઉતારો કર્યો. પછી થોડી વાર કેડે સાધુની રસોઈ તૈયાર થઈ. તેથી મહારાજ ઘોડીએ અસવાર થઈને જ્યાં સંતોના ઉતારા હતા ત્યાં પધાર્યા. અને હમણાં જે ઠેકાણે લક્ષ્મીનારાયણ દેવનું મંદિર છે, તે ઠેકાણે સાધુને જમવાની પંક્તિ બેઠી. પછી મહારાજ હાથ ધોઈ ભેટ વાળીને ચાખડીએ ચડી પીરસવા પધાર્યા.

પ્રસાદાનંદસ્વામી કહે, “તે દિવસ અમારે પતરમાં જમવાની આજ્ઞા નહીં. ને મહારાજ પીરસે ત્યારે પતરાવળામાં જમીએ. અને તે વિના તો હાથમાં ગોળા લઈને જમવાની આજ્ઞા હતી. પછી સંતો તૃપ્ત થયા ત્યારે મહારાજના હાથ ધોવરાવ્યા. પછી શ્રીહરિ ઉતારે પધાર્યા અને હરિભક્તોએ ભારે પોષાક મહારાજને પહેરાવ્યો. અને નિષ્કુળાનંદસ્વામીએ બાર બારણાંનો હિંડોળો બનાવ્યો હતો. તેમાં બાર સ્વરૂપ ધારણ કરી એકી સાથે મહારાજ ઝૂલ્યા હતા અને સહુ સંતો-ભક્તોને ખૂબ સુખ આપ્યું હતું. તે સમયે મેં પણ પૂજનનો લાભ લીધો હતો.” આ જ રીતે સં.૧૮૭૩માં વડતાલમાં ભવ્ય રંગોત્સવ થયો. તે ઉત્સવમાં પણ સ્વામીએ સેવાનો અને શ્રીહરિ તથા સંતો-ભક્તોના દિવ્યદર્શનનો આનંદ માણ્યો હતો. આ રીતે સ્વામીએ પોતે નજરે નિહાળેલી અનેક લીલા આ ગ્રંથમાં વર્ણવી છે.

વળી, આ ગ્રંથના વિ. ૩૪માં પ્રસાદાનંદસ્વામી લખે છે, ‘એકવાર મહારાજ ગઢપુરમાં હતા. તે સમયે સાધુની જગ્યામાં એક પ્રકારનાં પંચરંગી ગલબા-ફૂલછોડ હતા. તેના હાર કરીને અમે મહારાજ પાસે કોઈક વાર મોકલતા અને કોઈક વાર તો અમે જ મહારાજ પાસે જઈને પહેરાવતા.’ વળી સ્વામી કહે, ‘આ રીતે મેં અનેક વાર શ્રીજીમહારાજને પુષ્પોના હાર ગૂંથીને પહેરાવ્યા છે અને શ્રીહરિ મારી ઉપર ખૂબ રાજી થયા છે.’

❋ શ્રીહરિએ સ્વામીને લહિયાની સેવામાં રાખ્યા :

આ ગ્રંથના વિ.૪૨-૪૩ માં લખે છે - સં.૧૮૭૨ માં મહારાજ ગઢપુરમાં દરબારગઢ કરાવતા હતા. તે સમયે રામનવમીનો સમૈયો આવ્યો. તે આનંદભેર ઊજવ્યો. પછી બીજે દિવસે બુદ્ધિશાળી નાના સંતો હતા, તેમને શ્રીહરિએ નિત્યાનંદસ્વામી પાસે વ્યાકરણ ભણવાની પ્રેમથી આજ્ઞા કરી. તેમાં પ્રજ્ઞાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, દહરાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી વગેરે દસ-બાર સંતો હતા. તે ભણનારા સંતોએ પ્રથમ કેશરયુક્ત ચંદન લઈ શ્રીહરિની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. પછી પ્રસાદાનંદસ્વામી વગેરે સંતોએ ઘણા હેતથી

શ્રીહરિને બંને હાથે ફૂલના બાજુ અને પોંચી બાંધી. પાઘમાં ફૂલના તોરા ધરાવ્યા. કાન ઉપર ફૂલના બે ગુચ્છ ધરાવ્યા. પછી ઘણા હેતથી નિત્યાનંદ સ્વામીની પૂજા કરી. અને ભણવાનું શરૂ કર્યું. ત્યારે શ્રીહરિએ તે સંતોની પૂજા કરી અને પોતે જમ્યા પછી પ્રસાદીનો થાળ ભણનારા સંતોને આપ્યો.

વળી પ્રસાદાનંદસ્વામી કહે, “એકવાર મેં ચાર કીર્તન લખીને પાળા સાથે મહારાજને આપ્યાં ને કહ્યું જે, આ કીર્તન મહારાજને આપજો. પછી મારાં તે કીર્તનો મહારાજે વાંચ્યાં અને મને તરત લખવા તેડાવ્યો. પછી તો દયા કરીને મહારાજે મને કાયમ લખવા સાથે રાખ્યો.”

સારા અક્ષરથી પત્રની કે પુસ્તકની નકલ કરવી એ એક કળા છે. સ્વામીશ્રી આ પ્રકારની કળામાં કુશળ હતા અને શ્રદ્ધાવાન પણ હતા. તેથી તેઓ પુસ્તકો કે પત્રોની નકલ કરી આપનાર કુશળ લહિયા તરીકે તે સમયે સત્સંગમાં પ્રસિદ્ધ હતા. સ્વામીશ્રી લખે છે કે, “અમે લહિયા સંતો પુસ્તક લખીને પૂર્ણ કરીને મહારાજ પાસે લઈ જઈએ. ત્યારે મહારાજ પુસ્તક જોઈ તપાસીને અમારી ઉપર અતિ પ્રસન્ન થાય. પછી અમે શ્રીહરિનું પૂજન કરીએ. શ્રીહરિ અમને પ્રસાદીનો થાળ આપીને જમાડે તથા વસ્ત્ર વગેરે આપીને અમારું સન્માન કરે. અમે કહીએ કે બીજું પુસ્તક લખવાનું હોય તો આપો. ત્યારે શ્રીહરિ શુકાનંદસ્વામીને કહીને જરૂરી એવું બીજું પુસ્તક લખવા આપતા.”

અને હાલ પણ વડતાલ વગેરે ધામોમાં સંપ્રદાયની જૂની લાઈબ્રેરીઓમાં પ્રસાદાનંદસ્વામીની લખેલી વચનામૃત, ભક્તચિંતામણિ વગેરે ગ્રંથોની હસ્તપ્રતો છે. શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની સાથે આધારાનંદસ્વામી, શાંતાનંદસ્વામી અને દહરાનંદસ્વામીને રાખ્યા હતા. તે લહિયા સંતો જેમ મુક્તાનંદસ્વામી કહે તેમ વાતો લખતા. એ જ રીતે શુકાનંદસ્વામીની મદદમાં શ્રીહરિએ પ્રસાદાનંદસ્વામીને મૂક્યા હતા. અને શુકમુનિ જેમ કહે તેમ તેઓ શ્રદ્ધા રાખીને લખતા.

❊ શ્રીહરિનો ગ્રંથકાર સાથે પ્રશ્નોત્તર :

એકવાર મહારાજ ઉત્તર ગુજરાતમાં પરમહંસો સાથે વિચરણ કરવા ગયા હતા. પછી રસ્તામાં ચાલતા બોલ્યા જે, "હે સંતો ! કાં તો તમો આગળ ચાલો ને કાં તો વાંસે રહો." પછી શ્રીહરિ તથા સંતો ચાલ્યા, તે તળાવથી ને રસ્તાથી આથમણી કોરે ગામ **જમિયતપરા**ના ખેતરના સેઢે પહોંચ્યા અને ત્યાં સભા કરીને બેઠા.

ત્યારે પ્રસાદાનંદસ્વામી કહે, "હું ને માધવદાસજી બેય જણ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સંઘ કેટલેક આવે છે ?' ત્યારે અમે કહ્યું જે, 'આ આવે જ છે.' ત્યારે કાઠી બોલ્યા જે, 'આ સાધુને પ્રશ્ન-ઉત્તર કરતાં સારા આવડે છે.' પછી મહારાજે મને કહ્યું જે, 'તું અમને પ્રશ્ન પૂછ.' ત્યારે મેં કહ્યું જે, 'મહારાજ ! મને પૂછતા ન આવડે.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'લ્યો, અમે તને પ્રશ્ન પૂછીએ. **જે અંતરમાં ના પાડે છે તે કોણ છે ? અને હા પાડે છે તે કોણ છે ?'** ત્યારે હું બોલ્યો જે, 'હે મહારાજ ! ભગવાન ભજવાની **ના પાડે છે તે મન છે ને હા પાડે છે તે જીવ છે.'** ત્યારે મહારાજ બોલ્યા જે, 'સારી દિશા પર સમજે છે.' એમ કહી મારી પર રાજી થયા." *(સંદર્ભ : સ્વા.વિચરણ લીલામૃત વિ.૩૬)*

❊ શ્રીહરિ સ્વામીને ખસ હોવા છતાં ભેટ્યા અને રોગ મટાડ્યો :

આ ગ્રંથના વિ.૪૧માં સ્વામી લખે છે - સંવત્ ૧૮૭૫માં શ્રીહરિ **મછિયાવ**માં ફૂલદોલનો ઉત્સવ કરવા ચાલ્યા. ગઢપુરથી બોટાદ, કારિયાણી વગેરે ગામોમાં થઈ **દદુકા** પધાર્યા. ત્યાં દેવળિયાથી જાલમસંગ આવ્યા. તે સમયે શ્રીહરિએ સંતોને ગામડે જવાની આજ્ઞા કરી. પછી સંતોએ જાલમસંગને કહ્યું જે, "મહારાજ અમને સમૈયે સમૈયે મળે છે અને આ ફેરે મળ્યા નથી. તે જો તમે મહારાજને કહો તો મળે." ત્યારે જાલમસંગે મહારાજને કહ્યું જે, "તમે આ ફેરે સંતને મળ્યા નથી, તે કૃપા કરીને સર્વે સંતને મળો." ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતો, આવો મળીએ." પછી મહારાજ ઊભા થયા અને એક સંત મહારાજની જમણી કોરે અને બીજા

સંત મહારાજની ડાબી કોરે ઊભા રહ્યા. તે જે સંત મળવા આવે તે ભેટીને પાછા વળે ત્યારે બીજા સંતને મહારાજ પાસે આવવા દે, એમ ધીરે ધીરે સર્વે સંત મળી રહેવા આવ્યા.

તે સમે પ્રસાદાનંદસ્વામી કહે, "મારે શરીરે ખસ થયેલી, તેથી હું ભેટવા ન ગયો. પછી મારી પાસે શ્રીગુરુચરણરતાનંદસ્વામી આવ્યા અને કહ્યું જે, 'તું મહારાજને મળી આવ્યો ?' ત્યારે મેં કહ્યું જે, 'ના, મારે શરીરે ખસ છે તેથી મહારાજને ભેટવું તે સારું નહીં.' પછી તે સ્વામી મારો હાથ ઝાલીને મહારાજ પાસે લઈ ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'એને આવવા દો.' પછી હું મહારાજને ભાવથી મળ્યો. અને જ્યારે પાછો વળ્યો ત્યારે શ્રીગુરુસ્વામીએ મહારાજને દૂંટીમાં બકી ભરી, ત્યારે મહારાજ જરાક મરક્યા. પરંતુ આ રીતે મહારાજ મને હેતથી બોલાવીને ભેટ્યા ત્યારથી મારા શરીરમાંથી ખસનો રોગ મટી ગયો."

વહાલા ભક્તો ! સ્વામીના જેવો નિષ્કામભાવ હોય, શ્રીહરિને સુખ આપવાની ભાવના હોય તો શરીરનો રોગ તો શું..! પણ કામ, ક્રોધ, લોભાદિક અંતઃશત્રુનો રોગ અને ભવરોગ પણ મટી જાય. કેમ જે, ભગવાનનો યોગ જ આપણને સર્વ પ્રકારે નિરોગી કરે છે.

એક વખત પ્રસાદાનંદસ્વામીને તાવની બિમારી આવી. તે અનેક ઔષધો કરવા છતાં તાવ ઊતરે નહીં. તેથી નિત્યાનંદસ્વામીએ શ્રીહરિને વાત કરી કે, "પ્રસાદાનંદસ્વામીને ખૂબ તાવ આવે છે અને દવા કરવા છતાં તાવ ઊતરતો નથી." ત્યારે શ્રીહરિ કહે, "ચાલો આપણે સ્વામી પાસે જઈએ." એમ કહીને મહારાજ મારી પાસે આવ્યા. અને કહ્યું કે, "કેમ છે સ્વામી..?" ત્યારે મેં કહ્યું કે, હે મહારાજ ! બીજું તો સારું છે, પણ તાવ ઊતરતો નથી. પછી મહારાજે મારી નાડી જોઈ અને નિત્યાનંદ સ્વામીને કહ્યું કે, "આ સ્વામીને ગોળનું પાણી પિવડાવો. તે પાણી હું કહું તે મુજબ તૈયાર કરવું. જૂનો ગોળ મંગાવી, તે ગોળનું પાણી કરીને તે પાણી સો વખત ગરણાથી ગાળવું. પછી તે ગોળનું પાણી સવાર-સાંજ

પિવડાવજો, તેથી સારું થઈ જશે." આમ ઉપચાર કરવાની આજ્ઞા કરી મહારાજ ઉતારે પધાર્યા. શ્રીહરિની આજ્ઞા મુજબ નિત્યાનંદસ્વામીએ ઉપચાર કર્યો તેથી હું થોડા જ દિવસમાં નિરોગી થઈ ગયો.

મહારાજ અતિ દયાળુ અને સંતવત્સલ છે. સમયે સમયે નાના-મોટા સહુ સંતોની સંભાળ રાખતા, અતિ સુખ આપતા અને કોઈનું નાનું કાર્ય હોય તોપણ શુદ્ધભાવે કર્યું હોય તો તેની કદર કરતા. આવા દયાળુ મહારાજ છે. આપણે પણ શુદ્ધભાવે સેવા કરીએ તો જરૂર શ્રીહરિ આપણી સંભાળ રાખે.

❊ ભણનારા સંતો ઉપર શ્રીહરિનો રાજીપો :

પ્રસાદાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામી તથા નાના આત્માનંદસ્વામી વગેરે સંતો પાસે રહીને સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ કરેલો. મધ્ય સિદ્ધાંત કૌમુદી તથા ભાગવત વગેરે ગ્રંથોનો અભ્યાસ પણ તેમણે કરેલો. તેઓશ્રી લખે છે કે, "વિદ્યાર્થી સંતોને માટે શ્રીહરિ ખૂબ જ આદર રાખતા અને તેઓને જોઈએ તે બધી જ સગવડતા કરાવી આપતા. ચોમાસાના દિવસોમાં વિદ્યાર્થીઓને રહેવાની અને અભ્યાસની મુશ્કેલી રહે નહિ, તેના પુસ્તકો પલળે નહિ તે માટે શ્રીહરિએ અમારા માટે મકાનની ખાસ વ્યવસ્થા કરી આપી હતી." વિશેષમાં પોતે જ આ ગ્રંથમાં લખે છે કે, "અમારે ભણવાનો ક્રમ એવો હતો કે વિદ્યાગુરુની આજ્ઞા મુજબ અભ્યાસ કરીએ. એક પ્રકરણનો અભ્યાસ પૂર્ણ થાય એટલે અમે શ્રીહરિ પાસે જઈને અભ્યાસની માહિતી આપીએ અને શ્રીહરિની પૂજા કરીએ. શ્રીહરિ અમારી ઉપર પ્રસન્ન થાય અને ફૂલહાર, ચરણારવિંદ વગેરે આપીને અમોને સન્માને અને તેની આજ્ઞાથી અમો આગળનો અભ્યાસ શરૂ કરીએ.

તે જ રીતે એક વખત અમો અમુક પ્રકરણનો અભ્યાસ પૂર્ણ કરીને શ્રીહરિની પૂજા કરવા માટે સભામાં ગયા. શ્રીહરિને અમારા અભ્યાસની વિગત આપી. તે સાંભળીને શ્રીહરિ રાજી થઈને અમોને હાર, ચરણારવિંદ વગેરે આપ્યાં. અને આગળ અભ્યાસ કરવાની આજ્ઞા કરી. પછી અમે

મુક્તાનંદસ્વામીની પાસે ગયા અને સ્વામીની પૂજા કરી અને અભ્યાસની માહિતી આપી; તો સ્વામી પણ અમારી ઉપર ખૂબ પ્રસન્ન થયા."

(સંદર્ભ : સ્વા.ના.વિચરણ લીલામૃત વિ.૭૪)

એક વખત પ્રસાદાનંદસ્વામી અને શિવાનંદસ્વામીએ ભાગવત પુરાણના પંચમસ્કંધનો અભ્યાસ પૂર્ણ કર્યો. તે નિમિત્તે તે બન્ને શ્રીહરિની પૂજા કરવા ગયા, એટલે શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે કોની પાસે અભ્યાસ કરો છો ?" ત્યારે તેમણે કહ્યું કે, "નિત્યાનંદસ્વામી અને નાના આત્માનંદ સ્વામી પાસે." શ્રીહરિ કહે, "તમારા વિદ્યાગુરુઓને સાથે લઈને આવો." શ્રીહરિના આદેશથી તે બન્ને પોતાના વિદ્યાગુરુઓને બોલાવી લાવ્યા અને શ્રીહરિની મરજી મુજબ અમોએ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ અમારી ઉપર પ્રસન્ન થયા અને અમારા વિદ્યાગુરુઓને વસ્ત્ર, હાર વગેરે આપ્યાં અને અમોને પંચમસ્કંધનું એક એક પુસ્તક અપાવ્યું. ગઢપુરમાં શ્રીહરિએ સંતો પાસે શ્રીમદ્ભાગવતના પંચમસ્કંધના અઢાર પાઠ કરાવેલા. તેની સમાપ્તિમાં શ્રીહરિએ સંતોનું પૂજન કર્યું અને સન્માન કર્યું. તે પૂજનમાં પ્રસાદાનંદસ્વામીને શ્રીહરિએ દશમસ્કંધનું અને ગીતાભાષ્યનું પુસ્તક અપાવ્યું અને તે ભણવાની આજ્ઞા કરી. તે ગીતાભાષ્ય જ્યારે પૂરું થયું ત્યારે પણ મેં શ્રીહરિની પૂજા કરી હતી.

❋ પ્રસાદાનંદસ્વામી પર શ્રીહરિનો રાજીપો :

પ્રસાદાનંદસ્વામી કહે, "એક દિવસ મારે કૌમુદી પૂરી થઈ, ત્યારે મેં મહારાજને પૂજા કરવાનું પૂછ્યું. ત્યારે મહારાજ કહે, 'મધ્યાહ્ન કેડે આવો.' પછી મહારાજ થાળ જમીને ચળું કરીને મુખવાસ લઈને પોઢ્યા. ને જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને શતાનંદમુનિ પાસે જઈને ચાકળા પર બિરાજ્યા. તે પછી શ્રીહરિ બોલ્યા જે, 'પ્રસાદાનંદસ્વામીને બોલાવો.' ત્યારે નિત્યાનંદસ્વામી કહે, 'હમણે આવશે.' પછી પૂજાનો સામાન લઈને હું આવ્યો. ને મહારાજ બાજોઠ ઉપર ઉત્તર મુખારવિંદે બિરાજ્યા ને પૂજા કરવા માંડી અને ચંદનની અર્ચા કરી.

ત્યારે મહારાજ કહે, ‘આખા શરીરે કર.’ ત્યારે નિત્યાનંદસ્વામી પણ પૂજા કરવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, ‘તમે કેમ કરો છો ?’ ત્યારે નિત્યાનંદસ્વામી કહે, ‘મેં તેમને ભણાવ્યા છે.’ ત્યારે મહારાજ કહે, ‘તો, ઠીક.’

પછી નખશિખા પર્યંત પૂજા કરી. અને મહારાજ કેડે હાથ દઈને ઊભા ને બોલ્યા જે, ‘લાવ રૂમાલ, ચંદન લૂઈ આપું.’ પછી મેં રૂમાલ આપ્યો, તે ચંદન લૂઈને મને આપ્યો. પછી શરીર ચોળીને નવરાવ્યા.” આ સેવાથી મહારાજ સ્વામી ઉપર ખૂબ રાજી થયા.

એકવાર મહારાજ વડતાલ હતા. ત્યારે શ્રીહરિએ જાગીને જળના કોગળા કર્યા. પછી જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા, તે મંચ ઉપર બિરાજ્યા. ત્યાં બે પાળા આવ્યા ને પગે લાગીને મુક્તાનંદસ્વામીના નારાયણ કહ્યા, ને કહ્યું જે, “શતાનંદમુનિએ પુસ્તક મંગાવ્યું છે, તે હેમંતરામના ઘરમાં છે.” ત્યારે મહારાજ કહે, “પ્રસાદાનંદસ્વામી અને વર્જ્યાનંદસ્વામીને બોલાવો.” પછી અમે બેય જણ પગે લાગીને ઊભા. ત્યારે મહારાજ કહે, “તમારે પુસ્તક લઈને ગઢડે જાવું પડશે.” ત્યારે અમે કહ્યું જે, સારું મહારાજ. પછી અમને ફૂલના હાર આપ્યા ને કહ્યું જે, “અમારી સાથે આવો.”

પછી મહારાજ મંદિરમાં પધાર્યા ને ઢોલિયે પોઢ્યા. ને અમે બેય જણ મહારાજના ચરણ દાબવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, “દેશકાળની ખબર લેતા આવજો.” પછી ગંગામા કહે, “જમવા પધારો.” પછી અમે બેય જણે ચરણ ધોયા ને નવરાવ્યા. પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા. ને જમતા જાય અને બીજાં વાસણ મંગાવી તેમાં પ્રસાદી અમને આપતા જાય. તેમાંથી પૂરીઓ તો અમે મુક્તાનંદસ્વામી સારુ રાખી ને બીજું અમે જમ્યા. પછી મહારાજે દૂધ, ભાત ને સાકર જમીને વાસણ અમારા સામું ઠેલી મેલ્યું. પછી અમે પુસ્તક લઈ ગઢપુર ગયા. અને મુક્તાનંદસ્વામીને આપ્યું. તેથી શ્રીહરિ અને સ્વામી વગેરે સંતો મારા ઉપર ખૂબ રાજી થયા. આ રીતે મહારાજે અમને ખૂબ ધ્યાન રાખીને ભણાવ્યા હતા.

ભણનારા પ્રસાદાનંદસ્વામી વગેરે સંતો પર શ્રીહરિ શા માટે વારે વારે રાજી થતા ? તેનો જવાબ આપતાં આધારાનંદસ્વામી હ.ચ.સા. ૧૭/૩૩ માં કહે છે કે, ભણનારા સર્વે સંતોને સદા એક શ્રીહરિને રાજી કરવાનું તાન રહેતું હતું. આ ભણનારા સંતો 'ભગવાન, સંત અને હરિભક્તોનો ક્યારેય અભાવ ન આવે તે જ બધી વિદ્યાઓમાં સર્વોત્તમ વિદ્યા છે' તેમ માનતા હતા. ભગવાન, સંતો અને હરિભક્તોમાં કાયમ આત્મબુદ્ધિ રહે તથા ક્યારેય મન, કર્મ, વચનથી ભૂલમાં પણ તેમનો દ્રોહ થાય નહિ અને સત્સંગમાં દૃઢ રુચિ રહે તથા સર્વે વિદ્યાના સારરૂપ ફળ પ્રગટ ભગવાનનો યોગ રહે તે જ છે; એમ સમજતા. તેથી શ્રીહરિ તેમના પર ખૂબ પ્રસન્ન રહેતા.

❊ મુક્તાનંદસ્વામીની સેવા કરી રાજીપો લીધો :

એક વખત વડતાલમાં ઉત્સવ કરવા શ્રીહરિ ગઢપુરથી વડતાલ જવાના હતા. તે વખતે મુક્તાનંદસ્વામી બિમાર હતા. સંતો અને હરિભક્તોનો આગ્રહ હતો કે મુક્તાનંદસ્વામીને સાથે લાવવા. એ સમયમાં મુક્તાનંદસ્વામી બિમાર અને અશક્ત હતા, તેથી તેમને તકલીફ પડે નહીં એ રીતે લઈ જવા માટે નિષ્કુળાનંદસ્વામીએ ડોલી તૈયાર કરી. એ ડોલીમાં મુક્તાનંદસ્વામીને બેસાડ્યા. અને પ્રસાદાનંદસ્વામી ને પવિત્રાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીની ડોલી ઉપાડવાની સેવા ગઢપુરથી કારિયાણી સુધી કરી હતી. અને શ્રીહરિનો રાજીપો લીધો હતો.

❊ સ્વામીએ કરેલી વિવિધ સેવાઓ :

એ જ રીતે શ્રીહરિ જ્યાં સુધી અવની ઉપર રહ્યા ત્યાં સુધી અવારનવાર અનેક ઉત્સવો કર્યા, આ ઉત્સવોમાં પ્રસાદાનંદસ્વામીએ પાયાના પથ્થર બની અનેક પ્રકારની સેવા કરી છે. નિત્યાનંદસ્વામીની આજ્ઞા મુજબ ગઢપુર, વડતાલ વગેરે ધામોના નિર્માણ થયા તેમાં પણ અપાર સેવા કરી છે. મંદિરના ચણતર કામમાં મદદરૂપ થવું, રસોઈ કરવી, સહુને પ્રેમથી જમાડવા, કોઈ સંતોને પુસ્તક જોઈતું હોય તો લખી આપવું

વગેરે તમામ પ્રકારની સેવા મોટા સંતોની મરજી પ્રમાણે રહી તેમણે આજીવન કરી છે.

વચનામૃત ગ.પ્ર.૭૮ માં પ્રસાદાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે જે, "જીવને મોક્ષનો શો હેતુ છે ?" તેનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જેમ સંત કહે તેમ જ સંશયરહિત થકો કરે, એ જ જીવને મોક્ષનો હેતુ છે."** સ્વામીનો વચનામૃતમાં આ એક જ પ્રશ્ન છે અને શ્રીહરિએ બહુ જ ટૂંકમાં તેનો જવાબ આપ્યો છે. પરંતુ પ્રસાદાનંદસ્વામી ઉત્તમ મુમુક્ષુ હતા. એટલે આ ઉત્તરને તેમણે આજીવન સારધાર રીતે જીવનમાં પાળ્યો છે. જ્યાં સુધી શ્રીહરિ પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી મહારાજની આજ્ઞા મુજબ તેઓ નિત્યાનંદસ્વામીને ગુરુ માની તેમની સાથે રહ્યા હતા. આદર્શ લહિયા હોવાથી તેમણે સાહિત્યસર્જનમાં મદદરૂપ થવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. વળી, તેઓ જ્યારથી સત્સંગમાં આવ્યા ત્યારથી સ્વયં શ્રીજીમહારાજે જ લહિયા તરીકે તેમને પસંદ કર્યા. તેથી સ્વામિનારાયણ ભગવાન સાથે રહેવાનું અને ફરવાનું સદ્‌ભાગ્ય તેમને ખૂબ જ મળેલું. પોતે સ્પષ્ટ વક્તા હતા, અતિશે નિષ્ઠાવાન હતા, શ્રીહરિ અને સંતોમાં સદૈવ નિર્દોષબુદ્ધિ અને પૂર્ણ પ્રીતિ હતી. મહારાજ જે જે લીલા કરતા તેનું ચિંતવન-મનન એ જ તેમને માટે ધ્યાન, ભજન, જ્ઞાનયોગ કે પરાભક્તિ હતી.

❊ ગુરુવચને પ્રસાદાનંદસ્વામી અમદાવાદ ગયા :

સદ્‌ગુરુ પ્રસાદાનંદસ્વામીને કથાવાર્તા કરવાનું સારું અંગ હતું. તેથી ઉત્સવ-સમૈયામાં હજારો હરિભક્તો આવ્યા હોય તેમની કથાવાર્તારૂપ સેવા કરી ખૂબ પોષણ કરતા. સમય જતાં ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી જેવા મહાન સંતોનો સમાગમ કરી મહાસુખ માણવા અમદાવાદ દેશમાંથી ત્યાંના મહંત સદ્‌ગુરુ સર્વજ્ઞાનંદસ્વામી, સર્વનિવાસાનંદસ્વામી, સોમપ્રકાશાનંદ સ્વામી, જ્ઞાનાનંદસ્વામી જેવા અમુક સંતો વડતાલ આવ્યા હતા.

આથી અમદાવાદ દેશમાં સત્સંગનું પોષણ કરી શકે એવા સુજ્ઞ અને સારા વિદ્વાન સંતોની જરૂર પડી. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે

ગોપાળાનંદસ્વામીને વિનંતિ કરી કે, 'આપ બંને દેશના મધ્યસ્થી છો માટે અમદાવાદ દેશના સત્સંગનું પોષણ કરે એવા સંતનું એક મંડળ ત્યાં મૂકો તો સારું.' પછી સાગર જેવા વિશાળ દિલના સદ્ગુરુ ગોપાળાનંદસ્વામીએ પોતાના જ મંડળના વિદ્વાન અને તેજસ્વી એવા નિર્ગુણદાસજીસ્વામીને મંડળ સાથે અમદાવાદ મોકલ્યા હતા. તથા નિત્યાનંદસ્વામીએ પ્રસાદાનંદસ્વામીને દશ-બાર સંતો સાથે અમદાવાદ દેશના સત્સંગની વૃદ્ધિ માટે મોકલ્યા હતા. આ બંને મહાપુરુષોને લાખ લાખ ધન્યવાદ છે ! અને ગુરુવચને અમદાવાદ જઈ સદા રહેનારા એવા નિર્ગુણદાસજીસ્વામી અને પ્રસાદાનંદસ્વામીને પણ લાખ લાખ ધન્યવાદ છે ! આ બંને સંતોની પરંપરા હાલ પણ અમદાવાદ દેશમાં હયાત છે. તે નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીની ઉદારતા અને વિશાળ ભાવનાના પ્રત્યક્ષ પુરાવા છે.

આપણા વડીલ અને આદર્શ મોટા સંતોએ શ્રીજીમહારાજની વિચારધારાને વળગી રહીને બધા કાર્યો કર્યાં હતાં. તેમણે આખા સત્સંગને શ્રીજીમહારાજની દૃષ્ટિએ જોયો છે. જો આપણે એક ભાગમાં રહી, આટલું જ અમારું છે, એવા અહં-મમત્વમાં બંધાઈને જોઈશું તો સાચું ક્યારેય દેખાશે નહીં. અને જ્યાં આપણે બંધાયા હઈશું એટલું જ આપણું પોતાનું લાગશે. એટલે રાગ-દ્વેષને કારણે આપણે બીજાના અભાવ-અવગુણ કહીને તથા ટીકા-નિંદા કરીને પોતાનું તથા બીજા અનેકનું બગાડશું. જો શ્રીજીમહારાજની દૃષ્ટિથી આપણે જોઈશું તો જ આપણને આખો સંપ્રદાય પોતીકો લાગશે, ખોટી ખેંચાતાણ નહિ થાય, સહુ સુખિયા થાશું. શ્રીજીમહારાજ અને નંદસંતો કૃપા કરી આવી વિશાળ ભાવના, ઉદારતા અને સાચી સમજણ આપણને આપે એવી તેમનાં પાવન ચરણોમાં પ્રાર્થના...

પ્રસાદાનંદસ્વામીને કથાવાર્તાનું અંગ હતું. સ્વામીએ અમદાવાદ દેશમાં ઉત્તર ગુજરાતનાં ગામોમાં તથા કચ્છ દેશમાં પણ અનેક ભક્તોને સત્સંગ કરાવ્યો હતો. અને તેમના સત્સંગનું ખૂબ પોષણ કર્યું હતું. અને

ખાસ કરીને ઝાલાવાડ પ્રાંતમાં તો ખૂબ જ સત્સંગનું પોષણ કર્યું હતું. સ્વામીશ્રીની વાતો એવી અનુભવાત્મક અને વાસ્તવિક હતી, કે તેથી હરિભક્તો અને સંતોને જ નહિ, પરંતુ તત્કાલિન આચાર્યશ્રીઓને પણ તેમના મુખેથી વાતો સાંભળવી, એ જીવનનો મોટો લહાવો મનાતો. હરિલીલાસિંધુ ૧૪/૪૫ માં વૈષ્ણવાનંદસ્વામી લખે છે,

सोरठा : कहो मोय सुखकंद, अवध प्रसादानंद भर।
फेल हरन भवफंद, चरित्र चारु वृषनंदके॥

આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદથી વિનમ્રભાવે કહે છે, 'હે પ્રસાદાનંદસ્વામી ! ફેલને હરનારાં, ભવફંદને ટાળનારાં અને અંતરમાં અતિ સુખ કરનારાં સુખકંદ ધર્મનંદન શ્રીહરિનાં સુંદર ચરિત્રો આપ કૃપા કરીને મને કહો.' આચાર્ય પણ જેમના મુખેથી હરિચરિત્ર સાંભળવાની આવી તમન્ના રાખતા હોય તો સામાન્ય સંતો-ભક્તો સ્વામીના મુખેથી વાતો સાંભળવા સદા લાલાયિત રહે, તે સહજ છે.

❊ ત્રિકમદાસને ત્રણ દિવસ સમાધિ :

એકવાર મોટા આંકડિયાના રામાનંદી ભક્ત ત્રિકમદાસ અમદાવાદ કાળુપુર સ્વામિનારાયણ મંદિરે દર્શને આવ્યા. તેમણે સાંભળ્યું કે, મંદિરમાં પ્રસાદાનંદસ્વામી મહાસમર્થ સંત છે. પ્રગટ ભગવાનને મળેલા છે, તેમના દર્શનથી અને વાતો સાંભળવાથી સહુનાં હૈયાં ટાઢાં થાય છે. આવી સ્વામીશ્રીની પ્રશંસા સાંભળી તેમના આસને ગયા. આ મહાપુરુષના દર્શનથી અંતરમાં શાંતિ થઈ. પ્રણામ કરી પૂછ્યું, 'હે સ્વામી ! તમોએ પ્રગટ ભગવાનને જોયા છે ?' સ્વામીએ મંદમંદ હસતા કહ્યું, 'હા, સોળ વર્ષ સુધી પ્રગટ ભગવાન સ્વામિનારાયણની સાથે રહ્યો છું. તેમની અનેક લીલાનો સાક્ષી છું. સર્વાવતારી શ્રીહરિના પ્રતાપે અનેક લોકો ઘોર કળિયુગમાં મહાનિષ્કામી થયા હતા. તેઓ ચપટી વગાડતામાં સામાન્ય જીવને પણ સમાધિ કરાવતા, અક્ષરધામનો અનુભવ કરાવતા.'

આ વાત સાંભળીને ત્રિકમદાસ કહે, 'તો સ્વામી તમો મને સમાધિ કરાવી અક્ષરધામનો અનુભવ કરાવી શકો ?' સ્વામી કહે, 'કેમ નહીં..!' એમ કહી તેની સામું અમીદૃષ્ટિ કરી, ત્યાં તેને સમાધિ થઈ. અક્ષરધામમાં અનંત મુક્તોએ સહિત મહારાજનાં દર્શન થયાં. આનંદના મહાસાગરમાં તે ખોવાઈ ગયા. પછી તેમને સદ્.પ્રસાદાનંદસ્વામીએ અમદાવાદના મંદિરમાં રંગમહોલમાં શ્રીઘનશ્યામ મહારાજ હાલ બિરાજે છે, તેના મેડા ઉપર હરિભક્તો દ્વારા મુકાવ્યા. ત્રિકમદાસને ત્રણ દિવસ સુધી સ્વામીએ સમાધિમાં રાખ્યા. તેમાં તેમને ચોવીસ અવતારોનાં પૃથક પૃથક દર્શન કરાવ્યાં. પછી તે તમામ અવતારો શ્રીહરિની સ્તુતિ કરતા હોય અને સ્વામિનારાયણ ભગવાનમાંથી પ્રગટ થઈ પાછા તેમાં સમાતા હોય એવાં દર્શન શ્રીહરિએ આપ્યાં. તેથી તેમને સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી નિશ્ચય થયો.

પછી તેઓ સમાધિમાંથી જાગ્યા ત્યારબાદ પરમ એકાંતિક હરિભક્ત થયા હતા. અને સદ્ગુરુ પ્રસાદાનંદસ્વામીના વચને તેઓ હંમેશાં ૫૦૦ થી ૭૦૦ માળા ફેરવતા. આ નિયમ તેમણે આજીવન રાખ્યું હતું. આંકડિયા ગામમાં મંદિર બાંધવું હતું. ત્યારે બાલમુકુંદદાસજીસ્વામીના વચનથી આ ત્રિકમદાસે એક મકાનની જમીન તથા પોતા પાસે મરણમૂડી હતી, તે સ્વામીને કૃષ્ણાર્પણ કરેલી હતી. તેથી સ્વામીએ રાજી થઈ તેમને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો કે, "તમારે ત્યાં પાંચ પુત્રો થશે." પછી બાલમુકુંદસ્વામીના વચન પ્રમાણે તેમને પાંચ પુત્રો થયા હતા. આ પરિવારમાં હજી પણ સારો સત્સંગ છે. પરોક્ષ ભગવાનને માનનારા ભક્તોને પણ પ્રસાદાનંદસ્વામી દ્વારા આવો સત્સંગ થતો, તો શ્રીજીમહારાજને માનતા જ હોય એવા ભક્તો એમનો સમાગમ કરી એકાંતિક કે પરમ એકાંતિક ભક્ત બને અને ડંકો વગાડીને અક્ષરધામમાં જાય તેમાં તો શું કહેવું ?!

✻ સાહિત્યસેવા તથા અક્ષરવાસ :

આ સદ્‌ગુરુ પ્રસાદાનંદસ્વામી તત્કાલિન મોટા સંતો તથા આચાર્યોના કહેવાથી અમદાવાદ કાળુપુર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહીને તેમણે પોતાની આશરે ૮૦ વર્ષની ઉંમરે ‘શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત’ નામનો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ સંવત્ ૧૯૩૬ ચૈત્ર વદ અમાસ તા.૯/૫/૧૮૮૦ રવિવારના રોજ પૂર્ણ કરેલ છે. આ ગ્રંથના મુખ્ય શ્રોતા તરીકે આચાર્ય કેશવપ્રસાદજી મહારાજ અને ભગવત્‌પ્રસાદજી મહારાજ, આમ બંને દેશના આચાર્યો છે. અને સ્વામીએ આ ગ્રંથમાં શ્રીહરિનું વિચરણ અને શ્રીહરિની લીલા પણ ખૂબ જ તટસ્થ રીતે લખી છે.

સાહિત્યમંદિરની સાથોસાથ સ્વામીએ ઘણાં હરિમંદિરો પણ બનાવ્યાં હતાં. તે પૈકીનું એક મંદિર સ્વામીશ્રીએ ઝાલાવાડ દેશના ચરાડવા ગામે બનાવ્યું હતું. અને પછી પ્રસાદાનંદસ્વામી વિશેષ ચરાડવા ગામમાં જ રહ્યા હતા. અખંડ શ્રીહરિ સાથે એકતાન અનુભવતા અને હરિચરિત્રરૂપી મહાસાગરમાં ગરકાવ રહેનારા આ સમર્થ સંતને અગાઉથી શ્રીહરિએ જણાવી દીધું કે, અમો તમોને આવતી કાલે તેડવા આવશું.

પછી સંવત્ ૧૯૪૪ જેઠ વદ-૧ અને રવિવારને દિવસે પ્રસાદાનંદસ્વામીએ સર્વે સંતો-હરિભક્તોને બોલાવ્યા. મંદિરમાં રૂડી સભા ભરી, સહુને શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા તેમ જ પરસ્પર સંપ, સુહૃદભાવ રાખવાની વાત કરી. પછી કહે, ‘આવતી કાલે મહારાજ મને અનંત મુક્તો સાથે તેડવા આવશે.’ એમ કહી સભામાં બેઠેલા એક સુથારભક્તને પોતાની પાસે બોલાવ્યો અને પોતાના માપનું વિમાન તૈયાર કરાવ્યું.

બીજે દિવસે તે વિમાન તૈયાર થયું. પછી સ્વામી તે વિમાનમાં બેઠા અને કહ્યું કે, “આ શ્રીજીમહારાજ અનેક મુક્તોને લઈને મને તેડવા આવ્યા છે. હું મહારાજ સાથે અક્ષરધામમાં જાઉં છું.” એમ કહીને સ્વતંત્રપણે સંવત્ ૧૯૪૪ જેઠ વદ-૨ તા.૨૫/૬/૧૮૮૮ સોમવારના રોજ અક્ષરવાસી

થયા હતા. સંતોના મુખથી સાંભળવા મુજબ શ્રીહરિના દીક્ષિત નંદસંતોની પંક્તિના સહુથી છેલ્લે ધામમાં જનારા નંદસંત પૂ.સ્વામીશ્રી હતા. ચરાડવા ગામમાં અક્ષરવાસી થયા હતા. અનેક અગ્રગણ્ય સંતો-ભક્તોએ સાથે મળી તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો. જ્યાં મહામુક્ત પ્રસાદાનંદસ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો છે, તે સ્થાને તેમની સ્મૃતિ કરાવતો ઓટો હાલ મોજૂદ છે.

❊ સ્વામીની ત્યાગીશિષ્ય પરંપરા :

સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના કૃપાપાત્ર શિષ્ય પ્રસાદાનંદસ્વામીને બાર ત્યાગી શિષ્યો હતા. તેમાં મુકુંદજીવનદાસજીસ્વામી મુખ્ય હતા. તેઓ શ્રેષ્ઠ પુરાણી, ઉત્તમ વક્તા, સેવામાં શ્રદ્ધાવાળા, આજ્ઞા-ઉપાસનાની દઢતાવાળા અને સત્સંગના મમત્વવાળા સંત હતા. આ મુકુંદજીવનદાસજી સ્વામી પિસ્તાલીશ સંતોના ગુરુ હતા. તેમણે અમદાવાદ, મૂળી, ભૂજ વગેરે દેશોમાં સત્સંગની ખૂબ જ સેવા કરી હતી. અનેક મંદિરો બંધાવ્યાં હતાં અને અનેક ચૈતન્યમંદિરો સમા સંતો-ભક્તો તૈયાર કર્યા હતા. તેમના પિસ્તાલીશ સંતોમાં સૌથી મોટેરા અને ગુણીયલ સંત સદ્. જ્ઞાનવલ્લભદાસજીસ્વામી હતા. તેઓએ અમદાવાદ મંદિરના ભંડારની ખૂબ જ સેવા કરી હતી. સમૈયા ઉત્સવમાં હજારો સંતો-ભક્તોને ભાવથી ભોજન બનાવી પ્રેમથી સહુને જમાડી તૃપ્ત કર્યા હતા. અને શ્રીહરિ તથા સંતો-ભક્તોનો રાજીપો લીધો હતો.

જ્ઞાનવલ્લભદાસજીસ્વામીના શિષ્ય ચૈતન્યજીવનદાસજીસ્વામી હતા. તેમના શિષ્ય ભક્તિપ્રિયદાસજીસ્વામી હતા. તેમના શિષ્ય પ. પૂ.સદ્.ભંડારી જાનકીવલ્લભદાસજી અમદાવાદ કાળુપુર મંદિરમાં વિદ્યમાન છે. તેઓ ખૂબ જ સેવાભાવી, નિર્મળ, નિખાલસ અને સત્સંગપ્રેમી સંત છે. તેમના શિષ્યો ધર્મસ્વરૂપદાસજીસ્વામી છે. આ રીતે આ ગ્રંથના લેખક સદ્.પ્રસાદાનંદસ્વામીની શિષ્ય પરંપરાના સંતોએ હજી પણ તેમનો વારસો જાળવી રાખ્યો છે. અને સહુ નિર્માનીપણે સત્સંગની

ખૂબ જ સેવા અને ભજન કરે છે, કરાવે છે. અમદાવાદ મંદિરમાં જ્યાં બેસીને સ્વામીએ આ ગ્રંથ લખ્યો હતો, તે સ્થળ હાલ પણ પ્રસાદાનંદ સ્વામીના મેડા તરીકે પ્રસિદ્ધ છે. અને સ્વામીએ વૃદ્ધાવસ્થામાં જે રૂમમાં થાંભલાને ટેકે બેસીને ગ્રંથ લખ્યો હતો, તે રૂમ અને તે થાંભલો હજી પણ છે. ઘણા ભાવિક સંતો-ભક્તો અમદાવાદ મંદિરે દર્શને જાય ત્યારે ત્યાં દર્શને જાય છે. અને મોટા સંતની હૃદયમાં સ્મૃતિ કરી જીવનમાં ધન્યતા અનુભવે છે.

પુરાણી સદ્.પ્રસાદાનંદસ્વામી અક્ષરવાસી થયા તેને આજે ૧૨૫ વર્ષ થવા આવ્યા. પરંતુ તેઓએ **'શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત'** નામે ગ્રંથ લખી સત્સંગની અણમોલ સેવા કરી છે. આ ગ્રંથરૂપે સ્વામી સત્સંગમાં સદા અમર રહેશે. આ ગ્રંથને પ્રથમ વાર જ છપાવીને પ્રસિદ્ધ કરવાનો અવસર શ્રીહરિ તથા પ્રસાદાનંદસ્વામીની કૃપાથી જ અમોને પ્રાપ્ત થયો છે. હવે આ ગ્રંથ ક્યારેય નાશ પામશે નહીં. તે સેવાથી અમે અમારાં મોટાં ભાગ્ય માનીએ છીએ. અને આ ગ્રંથરૂપે સ્વામી પ્રસાદાનંદજી સહુને સત્સંગની તથા નિષ્કામ ભક્તિની પ્રેરણા પૂરી પાડતા રહેશે. એવા સાધુતામૂર્તિ, દાસત્વમૂર્તિ, દયામૂર્તિ અક્ષરમુક્ત સદ્.પ્રસાદાનંદસ્વામીના પાવન ચરણોમાં કોટી કોટી વંદન...

લિ. સાધુ બ્રહ્મપ્રકાશદાસના

અતિ ભાવથી જય સ્વામિનારાયણ

શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત પૂર્વાર્ધ

અનુક્રમણિકા

સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામીનો મેડો



અમદાવાદ કાલુપુર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં
સદ્. શ્રીપ્રસાદાનંદસ્વામીએ થાંભલીને ટેકે બેસીને આ ગ્રંથ લખ્યો હતો.

શ્રીપ્રત્યક્ષપુરુષોત્તમાય નમઃ

શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ

સદ્‌ગુરુ શ્રીપ્રસાદાનંદસ્વામીકૃત

શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત

પૂર્વાર્ધ

॥ अथ श्रीस्वामिनारायणविचरणलीलामृते पूर्वार्द्धं लिख्यते॥

અથ શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત પૂર્વાર્ધ લિખ્યતે

વિશ્રામ - ૧

મંગલાચરણ

અનંતકોટિ બ્રહ્માંડના ઉત્પત્તિ, સ્થિતિ ને સંહારના કરતલ એવા, ને અક્ષરધામના મુક્ત ને શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમ ને ગોલોકધામના જે મુક્ત જેમનું નિરંતર ધ્યાન કરે છે એવા, ને એકાંતિકધર્મનું સ્થાપન કરવાને અર્થે, અધર્મનું ઉચ્છેદન કરવાને અર્થે જુગ-જુગ પ્રત્યે અવતારને લેતા એવા જે ધર્મભક્તિના પુત્ર શ્રીસહજાનંદસ્વામી હરિકૃષ્ણમહારાજ તેનું ધ્યાન કરીને, ભગવાનના એકાંતિક એવા જે મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ તેમને નમસ્કાર કરીને **‘શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત’** નામે ગ્રંથ તેને મારી બુદ્ધિને અનુસારે કરું છું.

જેમ પાંગળો ડુંગર ચડવા ઇચ્છે, જેમ તરતાં ન આવડે તે સમુદ્ર તરવા ઇચ્છે ને જેમ મૂંગો બોલવાને ઇચ્છે, તેમ હું પણ છપૈયાપુરમાં ભક્તિધર્મને ઘેર જન્મ લઈને જે જે ચરિત્ર કર્યાં એવા જે શ્રીસહજાનંદસ્વામી તેની મૂર્તિનું ધ્યાન કરીને તે ચરિત્રરૂપ લીલાનું કિંચિત્માત્ર વર્ણન કરું છું. ભગવાનની મૂર્તિનો મહિમા તો અનંત-અપાર છે, જેને શેષજી સહસ્ર મુખે કરીને વર્ણન કરવાને સમર્થ થતા નથી. વેદ પણ જેને 'નેતિ નેતિ' કહે છે. અને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા શામળિયા ચૈતન્યાનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી એ આદિક મોટામોટા હજારો સંત જેના ગુણોનો પાર પામતા નથી, તો હું ક્યાંથી પામું ! પણ તેમના ચરણારવિંદને આશરે શ્રીજીમહારાજના ગુણોનું કિંચિત્માત્ર વર્ણન કરું છું.

❊ ગ્રંથોત્પત્તિ :

એક સમયમાં અનિર્દેશને વિષે ભારે સિંહાસન ઉપર આચાર્યશ્રી કેશવપ્રસાદજી અને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર, ઘરેણાં તથા ફૂલના હાર, બાજુબંધ, તોરા અને ગુચ્છ ધારણ કરીને બિરાજમાન થયા છે. તે સમે અયોધ્યાવાસી તથા મુનિમંડળ તથા સંન્યાસી, બ્રહ્મચારી તથા પાળા ને લક્ષાવધિ હરિભક્ત તે સર્વે આવીને પગે લાગીને બેઠા.

તે સમયને વિષે આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ અને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ તે બેય જણ બોલ્યા જે, "હે પ્રસાદાનંદસ્વામી ! તમને શ્રીજીમહારાજે પ્રથમ દયા કરીને લખવા રાખ્યા ને પછી ભણવા રાખ્યા, એવા જે પૂર્ણપુરુષોત્તમ અક્ષરધામના પતિ શ્રીસહજાનંદસ્વામી તેમણે જેમ અમારા કુળને વિષે પૂર્વ હિન્દુસ્તાનમાં અયોધ્યાથી ઉત્તર દિશામાં છપૈયાપુરમાં પિતા શ્રીધર્મ અને માતા

શ્રીભક્તિમાતા તેમને ઘેર જન્મ લઈને કેવી રીતનાં ચરિત્ર કર્યાં ? અને ત્યાંથી અયોધ્યામાં કેવી રીતે આવ્યા ? અને ત્યાં કેવી રીતનાં ચરિત્ર કર્યાં ? અને ઉપવીત કયા ગામમાં આપ્યું ? તથા પિતા ધર્મદેવ થકી વેદ, પુરાણ તથા સત્શાસ્ત્ર શી રીતે ભણ્યા ? અને પિતા ધર્મદેવ તથા ભક્તિમાતા તેમને દુર્વાસાના શ્રાપ થકી શી રીતે મુકાવ્યા હતા ? અને તે ધર્મ-ભક્તિ સ્વધામમાં ગયાં પછી ઘરના માણસની રજા લઈને કે લીધા વિના વનમાં ચાલ્યા ? તે સર્વે વિસ્તારીને કહો. અને વળી જેવી રીતે વનમાં તપ કર્યું અને તીરથમાં ફરીને તે તે તીર્થોને વિષે રહ્યો એવો જે કુટુંબે સહિત અધર્મ તેનો પોતાને પ્રતાપે કરીને છેદન કરીને જ્ઞાન-વૈરાગ્યાદિકે સહિત જે રીતે સ્વધર્મનું સ્થાપન કરતા થકા સોરઠ દેશમાં ઉદ્ધવનો અવતાર એવા જે શ્રીરામાનંદસ્વામી તેમને જે રીતે મળ્યા, તે સર્વે વિસ્તારીને કહો.

અને વળી જે રીતે શ્રીરામાનંદસ્વામી થકી ભાગવતી દીક્ષા પામ્યા. ને રામાનંદસ્વામીએ તેમના શ્રીસહજાનંદસ્વામી તથા શ્રીનારાયણમુનિ એવી રીતનાં નામ પાડ્યાં. ને તેમને પોતાની ધર્મની ગાદી ઉપર સ્થાપન કરીને પોતે સ્વધામ ગયા. અને ત્યાર પછી સર્વ સત્સંગના ગુરુ એવા જે શ્રીસહજાનંદસ્વામી મહારાજ તેમણે જે જે ગામમાં સદાવ્રત બંધાવ્યાં તથા પાત્ર અથવા કુપાત્ર એવાં જે લક્ષાવધિ મનુષ્ય તેમને જેવી રીતે સમાધિ કરાવતા. અને દુર્વાસાના શાપે કરીને અવતર્યા એવા જે ઋષિ તેમને પરમહંસ કરીને કેવી રીતે વર્તમાન પળાવ્યાં ? ને કેવી રીતે તેમને સુખ આપ્યાં ? અને કયા ગામમાં જગન કર્યા ? અને કયા ગામમાં ભારે-ભારે મંદિર કરાવીને પોતાની મૂર્તિયું પધરાવી ?

અને અમારા પિતામહ જે મોટાભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજ તથા નાનાભાઈ જે ઇચ્છારામજી મહારાજ તેમને તેડાવીને કેવી રીતે સુખ આપ્યું ? ને તેમણે સહિત દેશોદેશ ને ગામોગામમાં ફરીને સત્સંગી

જે બાઈભાઈ તેમનાં ગામ ને ઘર તે તીર્થરૂપ કરતા થકા આબાલવૃદ્ધને જે સુખ આપ્યું. અને અમારા પિતા જે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તેમને પોતાની ગાદીએ બેસારીને જે રીતે દેશ વિભાગ કરી આપ્યા - એ આદિક જે જે અમે પૂછ્યું, ને તે વિના પણ તમે જે જે ચરિત્ર નજરે દીઠાં હોય તથા બીજા જે મુક્તાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી તથા રામપ્રતાપભાઈ તેમના મુખ થકી સાંભળ્યાં હોય તે સર્વે શ્રીજીમહારાજનાં ચરિત્ર તે અમને વિસ્તારીને કહો."

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'મંગળાચરણ તથા ગ્રંથોત્પત્તિ' એ નામે પહેલો વિશ્રામ ॥૧॥

વિશ્રામ - ૨

દુર્વાસાના શાપને નિમિત્ત કરી સર્વોપરી શ્રીહરિનું પ્રાગટ્ય

હવે એવી રીતના જે શ્રીઆચાર્ય મહારાજના પ્રશ્ન તેમને સાંભળીને બે હાથ જોડીને નમસ્કાર કરીને પ્રસાદાનંદમુનિ બોલ્યા જે, "હે મહારાજ ! આ પ્રશ્નો તો બહુ ભારે છે અને મારી બુદ્ધિ તો અલ્પ છે; માટે જેમ સમજાશે તેમ કહીશ. જેમ પક્ષી આકાશમાં ઊડે છે, તે જેની પાંખમાં જેટલું બળ હોય તે તેટલું ઊંચું ઊડે છે, પણ આકાશનો પાર કોઈ પામતું નથી; તેમ જ ભગવાનનાં ચરિત્ર પણ અપાર છે અને શેષજી સહસ્ર મુખે વર્ણન કરે છે, તે પણ પાર પામતા નથી. અને વેદ જેને નેતિ-નેતિ કહે છે, એવા જે આપણા ઈષ્ટદેવ ને અક્ષરધામના પતિ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદસ્વામી, તેમણે જે જે ચરિત્ર કર્યાં, તે સર્વે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે મહાકવિ એવા જે શતાનંદમુનિ તેમનો કરેલો જે **સત્સંગિજીવન** નામે ગ્રંથ તેમાં લખેલાં છે. વળી **ભક્તચિંતામણિ** ને **ધર્માખ્યાન** વિગેરે પણ તમે સાંભળ્યાં

છે. એમાં શ્રીજીમહારાજનાં ચરિત્ર છે, તથાપિ મારી બુદ્ધિ પ્રમાણે હું પણ તમને કિંચિત્માત્ર કહું છું.

※ ધર્મ-મૂર્તિ ને ઋષિઓને દુર્વાસા ઋષિનો શાપ :

અક્ષરધામના અધિપતિ ને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, પાલન ને લયના કર્તા ને અનંતકોટિ અક્ષરમુક્ત નિરંતર જેનું અખંડ ધ્યાન કરે છે, એવા પુરુષોત્તમનારાયણ શ્રીસહજાનંદસ્વામી એક સમયને વિષે શ્રીનરનારાયણરૂપે બદરિકાશ્રમમાં અનંતકોટિ મુક્તની સભામાં બેઠા હતા. તે સમે ભગવાનની ઇચ્છાએ કરીને મરિચ્યાદિક સર્વે ઋષિ ભગવાનનાં દર્શન કરવા આવ્યા. તે ઋષિ સર્વે સાષ્ટાંગ દંડવત કરીને પગે લાગ્યા ને સર્વેને મળ્યા. પછી પાસે બેઠા. અને ધર્મ ને મૂર્તિ તે પણ તે સભામાં બેઠાં હતાં.

પછી તે સર્વે ઋષિ પ્રત્યે શ્રીનારાયણ બોલ્યા જે, "હમણાં ભરતખંડની પ્રજા કેવી રીતે વર્તે છે ?" ત્યારે સર્વે ઋષિ હાથ જોડીને બોલ્યા જે, "તમે કૃષ્ણાવતાર ધર્યો હતો, ત્યારે તમે જે જે દૈત્ય માર્યા હતા તથા અર્જુન પાસે જે જે દૈત્ય મરાવ્યા હતા, તે તે સર્વે અસુર અવતરીને વેદ બહાર વર્તે છે, ને બીજા સર્વે મનુષ્યને તેમ જ વર્તાવે છે. અને વેદ બહારનો એવો પાખંડ માર્ગ તેને આશર્યા છે."

એવી રીતે જ્યાં ભગવાન આગળ વાત કરે છે, તે સમે દુર્વાસા ઋષિ કૈલાસથી આવીને ઊભા હતા. તેમને કોઈએ દેખ્યા નહિ, ને તેમનું કોઈથી સન્માન થયું નહીં. તેથી દુર્વાસા ઋષિ કોપાયમાન થયા ને ધર્મ-મૂર્તિ અને સર્વે જે ઋષિ તેમને શ્રાપ દીધો જે, "તમે ધર્મ, ભક્તિ ને ઋષિમંડળ તે સર્વે ભરતખંડને વિષે મનુષ્યદેહ પામો અને ત્યાં અસુર ને અધર્મી થકી અપમાનને પામો." એવી રીતે શ્રાપ દઈને દુર્વાસા ઋષિ તત્કાળ ચાલી નીકળ્યા.

તે સાંભળીને ધર્મ-મૂર્તિ ને સર્વે ઋષિ ઉદાસ થઈ ગયાં. ત્યારે નારાયણ બોલ્યા જે, “મારે વિષે તમારી સર્વેની વૃત્તિ ચોંટી ગઈ હતી. માટે હું પણ તમ ભેળો ભરતખંડમાં ભક્તિ-ધર્મને ઘેર અવતાર લઈને તમારી ને ધર્મ-ભક્તિની રક્ષા કરીશ, અધર્મમાત્રનો નાશ કરીશ, એકાંતિક ધર્મનું સ્થાપન કરીશ ને તમને સર્વેને ધર્મમાં રખાવીશ. અને મારી ઇચ્છા થકી તમે સર્વે ઋષિ પરમહંસરૂપે તથા બાઈ-ભાઈરૂપે કરીને મારી સેવામાં આવો તથા પશુ-વૃક્ષરૂપે કરીને મારી સેવામાં ઉપયોગમાં આવો, તે તે પ્રકારે ભરતખંડમાં અવતાર લો.

અને એ વિષે શ્રીમદ્ભાગવતમાં પણ મારું વચન છે જે, ‘अन्योऽपि धर्मरक्षायै (देहः संभ्रियते मया।)’[1] એ કારણપણા માટે તમે ચિંતા કરશો નહીં. એ તો મારી જ ઇચ્છા થકી તમને શ્રાપ થયો છે, તે મેં અંગીકાર કર્યો છે.”

એમ વાત કરીને મૌન રહ્યા એવા જે શ્રીનારાયણમુનિને જોઈને ધર્મ, મૂર્તિ ને સર્વે ઋષિ તે અતિશે રાજી થયાં. અને ત્યાર પછી ધર્મ, મૂર્તિ ને સર્વે ઋષિ તેમણે આ ભરતખંડને વિષે જન્મ લીધો. હવે ધર્મ, મૂર્તિ ને સર્વે ઋષિ તેમણે જે રીતે ભરતખંડમાં જન્મ લીધો, તેને સંક્ષેપે કરીને કહીએ છીએ.

❊ ધર્મ-ભક્તિનો જન્મ તથા વિવાહ :

કૌશલદેશને વિષે **રૈકહટ** નામે પુર છે. તેમાં સરવરિયા બ્રાહ્મણ સામવેદી પાંડે બાલશર્મા નામે હતા. તેમની પત્ની ભાગ્યવતી નામે હતા. તેને વિષે **ધર્મદેવ તે સંવત્ ૧૭૯૬ સત્તરસો છન્નુંના કારતિક સુદિ ૧૧ એકાદશીને દિવસ મધ્યાહ્ન સમે પ્રગટ થયા.** અને પિતાએ વિધિએ સહિત જાતકર્માદિક સંસ્કાર કરાવ્યા. ને બારમે દિવસે દેવશર્મા એવું નામ ધરાવ્યું. અને કૌશલદેશમાં છપૈયાપુરમાં તરવાડી કૃષ્ણશર્મા નામે જે બ્રાહ્મણ તેમની પત્ની ભવાની નામે તેને વિષે **મૂર્તિ તે સંવત્**

૧. હવે પછી સંતો-ભક્તોની ને એકાંતિકધર્મની વિશેષ રક્ષા કરવા માટે હું બીજો પણ અવતાર ધારણ કરીશ. (ભાગ.૧૦/૫૦/૧૦)

૧૭૯૮ સત્તરસો ને અઠ્ઠાણુંના કારતિક સુદિ પૂનમને દિવસે સાયંકાળે પ્રગટ થયાં. અને તેમના પિતાએ પ્રેમવતી એવું નામ પાડ્યું. અને તે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અતિશય ભક્તિ કરતાં. તેણે કરીને તેને સર્વે લોક ભક્તિ એવે નામે કરીને બોલાવવા લાગ્યા.

અને તે વાર પછી ભક્તિના પિતા કૃષ્ણશર્માએ પોતાની પુત્રી જે ભક્તિ તેનો ધર્મના અવતાર એવા જે દેવશર્મા તેમની સાથે યથાવિધિ વિવાહ કરાવ્યો. અને પોતાના જમાઈને પોતાના ગામમાં પોતાને ઘેર રાખ્યા. પછી દેવશર્મા તે પોતાની પત્ની ભક્તિએ સહિત ગૃહસ્થાશ્રમના જે ધર્મ તેને આશરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. અને દેવશર્મા ધર્મને વિષે અતિ દૃઢપણે વર્ત્યા. તેને જોઈને સર્વે લોક તેને ધર્મ એવે નામે કરીને બોલાવવા લાગ્યા. અને તે છપૈયા ગામને વિષે ભક્તિ ને ધર્મદેવ તેમને અસુર બહુ ઉપદ્રવ કરવા લાગ્યા.

❋ ઘનશ્યામ જન્મોત્સવ :

પછી ભક્તિ ને ધર્મદેવે વૃંદાવનને વિષે જઈને મરિચ્યાદિક ઋષિએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરી. **ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન જે શ્રીકૃષ્ણનારાયણમુનિ તે ધર્મ, ભક્તિ તથા સર્વે ઋષિઓને દર્શન દઈને બોલ્યા જે, "હે ધર્મદેવ ને ભક્તિ ! હવે હું તમ ઉપર પ્રસન્ન થયો છું. માટે તમારાં સર્વે દુઃખ હું નિવારણ કરીશ ને અસુર થકી તમારી રક્ષા કરીશ. તમે પાછા છપૈયામાં જાઓ."** એવી રીતનાં વચન કહીને અંતર્ધાન થઈ ગયા. અને તે ભગવાનનાં વચનને સાંભળીને ધર્મ-ભક્તિ રાજી થકા પોતાને ઘેર આવ્યાં. અને એવી રીતે એ ધર્મદેવને ભગવાન પ્રસન્ન થયા. તેથી સર્વે લોક તેમને હરિપ્રસાદ એવે નામે કરીને બોલાવવા લાગ્યા.

અને તે વાર પછી તે હરિપ્રસાદજીના હૃદયને વિષે શ્રીનારાયણમુનિએ નિવાસ કર્યો. અને તે વાર પછી ધર્મદેવ તે ભક્તિને વિષે ગર્ભને ધરતા

હવા. અને તે ભક્તિના ઉદરમાં ભગવાન આવ્યા, ત્યારે તેમને જોઈને સર્વે લોક એમ કહેતાં જે આવાં તો એક શ્રીકૃષ્ણની માતા દેવકીજી હતાં. તેમનાં જેવાં ભક્તિ માતા તેજસ્વી જણાય છે. માટે એના ઉદરમાં પણ કોઈ કારણરૂપ છે. અને તે સમયને વિષે મંદ, સુગંધ ને શીતળ એવા વાયુ વાવા લાગ્યા; આકાશ અતિશે નિર્મળ થયો અને મુનિનાં મન શાંત થઈ ગયાં અને અસુરને ઉપદ્રવ થયો. અને ચંદ્ર ને તારાના ગણ તે અતિશે નિર્મળ થયા. તે સમયને વિષે ભગવાને જન્મ લીધો.

પછી સંવત્ ૧૮૩૭ અઢારસો ને સાડત્રીસના વર્ષે વસંતઋતુ ને ચૈત્ર માસ શુક્લપક્ષ ને રામનવમીની દસ ઘડી રાત્રી જાતાં ધર્મદેવ ને ભક્તિમાતાને ઘેર ભગવાન પ્રગટ થયા. અને તે સમયને વિષે અક્ષરધામના મુક્ત ને શ્વેતદ્વીપના મુક્ત ને બદરિકાશ્રમના મુક્ત તે સર્વે આવીને જયજયકાર કરતા થકા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અને દેવાંગનાઓ નૃત્ય કરવા લાગી. અને ઈન્દ્રાદિક દેવ દુંદુભી વગાડવા લાગ્યા. અને મુનિ આશીર્વાદ દેવા લાગ્યા. અને નાના પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. અને તે ગામમાં રહેનાર જે સ્ત્રીઓ તે મંગળ ગીત ગાવા લાગી. અને નાના પ્રકારની ભેટ લાવી. અને અક્ષત, શ્રીફળ, કુંકુમ આદિ ઉપચાર લઈને બાલરૂપ એવા જે ભગવાન તેમને વધાવવા લાગી. અને જ્યોતિષી બ્રાહ્મણ અને બંદીજન(યશ-કીર્તિ ગાનાર) તેમને ધર્મદેવે નાના પ્રકારનાં દાન તથા દક્ષિણા આપ્યાં. અને વેદશાસ્ત્રના ભણેલા જે બ્રાહ્મણ તેમની પાસે પોતાના પુત્રનું જાતકર્મ કરાવ્યું.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'દુર્વાસાના શાપને નિમિત્ત કરી સર્વોપરી શ્રીહરિનું પ્રાગટ્ય' એ નામે બીજો વિશ્રામ ॥૨॥

વિશ્રામ - ૩

બાલગ્રહ-કૃત્યાઓનો પરાજય, નામકરણ સંસ્કાર તથા બાળલીલા

પછી ત્રીજે દિવસ બાલરૂપ ભગવાનને મારવાને સારુ બાલગ્રહ આવ્યા. તેમને પોતાની દૃષ્ટિમાત્રે કરીને ભગાવ્યા, તેથી નાસી ગયા. વળી તે જ દિવસે માયાવી એવા કાલીદત્ત નામે અસુરે કૃત્યાઓ મોકલી. તે માતાના ખોળામાંથી બાલરૂપ ભગવાનને લઈ ગઈ. અને તે દિવસ એકાદશી હતી, તેથી હરિપ્રસાદજી જાગરણ કરવા સારુ ગયા હતા. તે સમે માતા પ્રેમવતી રુદન કરવાં લાગ્યાં. તેને સાંભળીને હરિપ્રસાદજી ઘેર આવ્યા. અને જોયું કે પુત્રને કૃત્યાઓ લઈ ગઈ છે.

પછી તે ધર્મદેવે હનુમાનનું સ્મરણ કર્યું, તેથી હનુમાનજી તત્કાળ આવ્યા. અને ધર્મ-ભક્તિને કહ્યું, “તમે કેમ રુદન કરો છો ?” ત્યારે પ્રેમવતી માતા કહે, “મારા પુત્રને કૃત્યાઓ લઈ ગઈ છે, તે તમે લાવી આપો.”

તે સાંભળીને હનુમાનજી ચાલ્યા, તે જ્યાં કૃત્યાઓ છે, ત્યાં આવ્યા. અને જ્યારે કૃત્યાઓએ ભગવાનને ગ્રહણ કર્યા, ત્યારે તેમનાં શરીર બળવા લાગ્યાં. તેથી પૃથ્વી ઉપર બેસાડીને ચારેકોરથી ‘મારો મારો’ એમ બોલતી હતી, પણ કોઈ પાસે આવતી નથી. તે સમે હનુમાનજી બાલપ્રભુ પાસે ગયા. તેમણે ભગવાનને તેડીને પોતાને ખભે બેસાડ્યા. અને કૃત્યાઓને પોતાને પૂંછડે બાંધીને ખૂબ મારી. અને પછી તે કૃત્યાઓ બોલી જે, “અમને મેલી દિયો, હવેથી અમે કોઈ દિવસ છપૈયા સન્મુખ નહીં જોઈએ.” પછી તેમને મેલી દીધી ત્યારે, તે પ્રાણ લઈને નાઠી. અને હનુમાનજીએ મહારાજને લઈને માતાને આપ્યા ને પોતે નમસ્કાર કરીને અદૃશ્ય થઈ ગયા. અને ભગવાનનાં જે માતા-પિતા તથા સંબંધી તે અતિશે આનંદને પામ્યાં. અને બાલરૂપ ભગવાનને લાડ લડાવવા લાગ્યાં.

❊ નામકરણ સંસ્કાર :

એક સમયને વિષે માર્કંડેયઋષિ બ્રહ્મચારીને વેશે હજારો શિષ્યોને સાથે લઈને હરિપ્રસાદજીના ઘર પ્રત્યે આવ્યા. અને હરિપ્રસાદજીએ તેમનું રૂડી રીતે સન્માન કર્યું. પછી તેમને જ્યોતિષી જાણીને હાથ જોડીને બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તમે અમારા પુત્રનું નામકરણ કરવાને યોગ્ય છો. માટે કૃપા કરીને થોડા દિવસ રહીને નામકરણ કરો."

એવી રીતનાં હરિપ્રસાદજીનાં વચન સાંભળીને પ્રસન્ન થયા એવા જે બ્રહ્મચારી, તે વેદશાસ્ત્ર પ્રમાણે નામકરણ કરતા થકા બોલ્યા જે, "હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્રનો જન્મ કર્ક રાશીમાં છે, અને વળી પોતાના આશ્રિત જનના મનને પોતાની મૂર્તિને વિષે હરી લેશે, તેથી **હરિ** એવું નામ થાશે. અને વળી તેમના શરીરનો કૃષ્ણ વર્ણ છે, તેથી **કૃષ્ણ** નામ થાશે. અને વળી એ બે ભેળાં મળીને **હરિકૃષ્ણ** એવું ત્રીજું નામ થાશે. અને મેઘ જેવા સર્વેના મિત્ર થાશે, માટે ઘનશ્યામ એવું નામ થાશે. અને વળી ત્યાગ, વૈરાગ્ય, તપ, યોગ ને જ્ઞાન એ પાંચ ગુણે કરીને શિવજી જેવા થાશે, માટે **નીલકંઠ** એવા નામે કહેવાશે.

અને વળી તમારા પુત્રના હાથમાં કમળનું ચિહ્ન છે. માટે એ તો લક્ષાવધિ મનુષ્યના નિયંતા થાશે. અને વળી પગને વિષે વજ્ર, ઊર્ધ્વરેખા, અંકુશ, જવ, જાંબુ, ગોપદ, ધ્વજ, કળશ, વ્યોમ, અર્ધચંદ્ર વિગેરે સોળ ચિહ્ન છે. માટે આ તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનારાયણ છે. અને શ્રીકૃષ્ણ પરમાત્મા વિના બીજાના શરીરમાં એવાં ચિહ્ન હોતાં નથી. માટે હે ધર્મદેવ ! પુત્રભાવનો ત્યાગ કરીને સાક્ષાત્ નારાયણમુનિરૂપે જાણીને સેવા કરજો." એવી રીતે કહીને મૌન રહ્યા એવા જે બ્રહ્મચારી તેમને ભારે ઘરેણાં તથા અમૂલ્ય એવાં જે નવાં વસ્ત્ર તે આપ્યાં. અને પછી હરિપ્રસાદજીની રજા માગીને તે ઋષિ પ્રયાગતીર્થની જાત્રા કરવા સારુ ચાલી નીસર્યા.

❊ ઘનશ્યામ મહારાજની બાળલીલા :

પછી હરિપ્રસાદજી ને ભક્તિમાતા તે પોતાના પુત્રને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ જાણીને લાડ લડાવવાં લાગ્યાં. અને ધર્મદેવ ભારે ભારે અમૂલ્ય ટોપી, ડગલી, રૂમાલ તથા રત્ન જડેલાં અમૂલ્ય ઘરેણાં પહેરાવતા. અને બાલરૂપ ભગવાનને માતા ઘડી એક પણ દૂર મેલતાં નથી. ઘડીક પોતાના ખોળામાં ને ઘડીક પારણામાં પોઢાડે છે. ને વળી સ્તનપાન કરાવે છે. ને વારે વારે મુખ નીરખે છે. ને વારે વારે બલૈયાં(દુઃખણાં) લે છે. અને વળી તે ગામમાં રહેનારી સ્ત્રીઓ તથા બીજી દેવનારીઓ તે વિવિધ પ્રકારનાં રમકડાં લઈને વાર વારે બાલરૂપ ભગવાનને નીરખવા અને ઝુલાવવા આવતી હતી.

અને તે વાર પછી ભગવાન ભાખોડિયાભર ચાલતા શીખવા લાગ્યા. અને તે ગામના જે બીજા બાળક તેમની ભેળા ધર્મદેવના ફળિયામાં રમતા. અને વળી ક્યારેક તો કોઈક પક્ષીને જોઈને બી જતા ને રુદન કરતા. તેને જોઈને માતા ઉતાવળાં આવીને બાલરૂપ ભગવાનને તેડીને છાતી સાથે દાબતાં ને ગાયનું પૂંછ માથે ફેરવતાં. ને ચૌટાની (ચાર રસ્તાના ચોકની) ધૂળ માથેથી ઉતારતાં તથા લૂણ ઉતારીને (મીઠું વાટકીમાં ભરી માથે ફેરવીને) ચૂલામાં નાખતાં. ને નારાયણકવચનો પાઠ કરાવતા. એવી રીતે પ્રેમવતી માતા તથા બીજી સ્ત્રીઓ મહારાજની રક્ષા કરતી હતી.

પછી શ્રીઘનશ્યામ મહારાજ પગે ચાલવા લાગ્યા. અને મોટાભાઈ રામપ્રતાપજી મહારાજની આંગળી ઝાલીને ગામમાં તથા ગામ બાહેર ફરતા. અને તે ગામને સમીપે જે નારાયણ સરોવર છે, તેમાં પોતાના બરોબરનાં જે બાળક તેમની સાથે ક્રીડા કરતા. અને તે સરોવરથી પૂરવ બાજુ જે ઘનશ્યામબાગ નામે બગિચા છે, તેમાં નાના પ્રકારનાં પુષ્પ ઝૂકી રહ્યાં છે ને ઘણીક પ્રકારનાં ફળ નમી રહ્યાં છે. તેમાં પોતે જઈને ક્રીડા કરતા. અને નાના પ્રકારનાં ફળ જે દાડમ, દ્રાક્ષ, અંજીર,

જાંબુ, અખરોટ, બદામ, પાકેલી કેરી, કેળાં વિગેરે ફળ જમતા ને બીજા બાળકને આપતા. અને જાય, જૂઈ, મોગરો, ચંપો, કેતકી, ગુલાબ, બોરસડી તેમનાં પુષ્પ લાવીને પોતાના પિતા જે ધર્મદેવ તે દેવસેવા કરે છે, તેમને આપતા. અને બીજા બાળકો તે લાલજીને ચઢેલાં જે પુષ્પ તથા બીજા પુષ્પ તેમના હાર તથા ગજરા, તોરા, ગુચ્છ, ટોપી વિગેરે પુષ્પનાં ઘરેણાં કરીને ઘનશ્યામ મહારાજને પહેરાવતા. અને તે છોકરાં ઘનશ્યામને જોઈને બહુ ખુશી થતા ને રમત મેલીને ખાવાને ઘેર પણ જાતાં નહીં.

અને હરિપ્રસાદજી ઘનશ્યામની વાટ જોવે છે જે, ઘનશ્યામ આવે તો જમવા બેસીએ. અને નથી આવતા ત્યારે મોટાભાઈને બોલાવવા મોકલે છે. અને તે આવીને કહે છે જે, "હે ઘનશ્યામ ! ચલો અપને પિતા જીમનેકું બોલાવત હે, આજ બહુત અબેર(દેર) હો ગઈ." પછી રામપ્રતાપજીની આંગળી ઝાલીને ઘેર આવતા. અને પ્રેમવતી માતા ઘનશ્યામને પગ ધોવરાવીને જમવા બેસાડતાં. અને નાના પ્રકારનાં જે ભોજન તેને જમીને ચળુ કરીને, કોગળા કરીને ને મુખવાસ લઈને પોતાના પિતા પાસે ભણવા બેસતા.

અને કોઈ સમે તે ગામથી જરા દૂર જે ગૌઘાટ તેમાં મોટાભાઈ સાથે ના'વા જાય છે. ને કોઈ સમે તો માતા કપડાં ધોવા જાય તે ભેગા પોતે ના'વા જાય છે. ને માતા કહે, "જે બેટા ! ઊંડા જળમાં મત જાઓ." ત્યારે નથી જાતા. ને માતા જ્યારે શરીરને ચોળીને નવરાવે છે, ત્યારે ખોટું ખોટું રુવે છે. અને પક્ષીને દેખીને બિયે છે, ત્યારે માતા કહે છે, "બેટા ! ઓ તો ઊડ ગયા." ત્યારે છાના રહે છે. અને માતા કેડે તેડીને ઘેર લાવે છે, ને દહીં ને પૂરી જમાડે છે. ને બનાતની ટોપી ને ડગલી પહેરાવે છે. પગમાં ઝાંઝર ને વેઢ, ને કેડે કંદોરો, ને હાથમાં

વીંટી ને કડાં પહેરાવે છે. અને માતા કહે છે, "બેટા ! અપને ફળીમેં રમો, દૂર મત જાઓ." ત્યારે પોતે ત્યાં રમે છે. એવી રીતે છપૈયામાં અનંત લીલા કરી છે.

એક સમે ગામમાં લશ્કર આવ્યું, એનાં ગાડાં જાતાં હતાં. તેના ઉપર રામપ્રતાપજી બેઠા. ત્યારે ઘનશ્યામ કહે, "હમ ભી ભેળે આવત હે." ત્યારે ભાઈ કહે, "આવો." ત્યારે ગાડા પર બેસીને ચાલ્યા. તે રસ્તામાં એક ગામ આવ્યું, તેમાંથી ભાઈ દહીંનું ભરેલું વાસણ લાવ્યા ને ઘનશ્યામને કહે, "જમો." ત્યારે ઘનશ્યામ કહે, "કિસકે ઘરકા હૈ ?" ત્યારે ભાઈ કહે, "બ્રાહ્મણકે ઘરકા હૈ." ત્યારે ઘનશ્યામ કહે, "તમો પ્રથમ જમો તો હું જમું." ત્યારે મોટાભાઈ પ્રથમ જમ્યા ત્યારે ઘનશ્યામ જમ્યા. એવી રીતની અનંત લીલા છે, પણ આ તો સંક્ષેપે કરીને કહી છે.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'બાળગ્રહ-કૃત્યાઓનો પરાજય, નામકરણ સંસ્કાર તથા બાળલીલા' એ નામે ત્રીજો વિશ્રામ ॥૩॥

વિશ્રામ - ૪

છપૈયામાં બાળલીલા તથા અયોધ્યાપુરીમાં નિવાસ

❊ ચૌલ સંસ્કાર, કાલીદત્તવધ તથા બારમાતાઓનો ભાવ પૂર્યો :

જ્યારે ઘનશ્યામ મહારાજને ત્રીજું વર્ષ બેઠું, ત્યારે ચૌલ સંસ્કાર જે ગર્ભના કેશ ઉતરાવવા તે કરાવ્યો. અને તે દિવસે ધર્મદેવે હજારો બ્રાહ્મણને મિષ્ટાને કરીને જમાડ્યા અને ઘણીક પ્રકારની દક્ષિણા ને ભારે ભારે વસ્ત્ર તેમને આપ્યાં. અને તે દિવસ (ભક્તિમાતા તથા ધર્મદેવ મહેમાનોની સરભરામાં રોકાયાં હતાં. ને ઘનશ્યામ બાળકો સાથે રમવા ગયા હતા.) ત્યારે મહાઅસુર જે કાલીદત્ત નામે દૈત્ય તે ભગવાનને મારવા આવ્યો. અને તે દૈત્યે ઘણુંક જે વૈતાલ, ભૂત, બ્રહ્મરાક્ષસ, પ્રેત, પિશાચ, કુષ્માંડ, યક્ષ તેમનું સૈન્ય લઈને છપૈયાપુરને ઘેરી લીધું. અને આકાશને વિષે મહાવાયુ ને ગર્જના તથા પથ્થરની વૃષ્ટિ કરવા લાગ્યો. તે મહાવાયુને જોઈને સર્વે બાળક નાશી ગયાં. તે સમે કાલીદત્ત આવીને ઘનશ્યામને લઈને આકાશમાર્ગે જતો હતો. પરંતુ ઘનશ્યામે તેમના સામું જોયું, તેથી બળવા લાગ્યો. પછી ગામથી ઉત્તર દિશાએ જે મોટું એક આંબાનું વૃક્ષ તેની હેઠે બેસાડી દીધા. અને તે ઘનશ્યામને મારવા સારુ આંબા ઉપર ચડ્યો ને વૃક્ષ પડ્યું, તેથી વૃક્ષ હેઠે દબાઈને મરી ગયો. અને તે બાલરૂપ ભગવાનની દૃષ્ટિનો તાપ લાગ્યો, તેથી પ્રેત-પિશાચ સર્વે પોતાના પ્રાણ લઈને નાસી ગયા.

અને તે સમયે ધર્મદેવની બાર સ્ત્રીઓ જે શ્રદ્ધા, મૈત્રી આદિક તે સર્વે આવીને દિવ્ય એવાં જે વસ્ત્ર ને પુષ્પહાર તે બાળપ્રભુને પહેરાવ્યાં, ને પોતાનું સ્તનપાન કરાવતી હતી. અને ભગવાને તે માતાઓને સુખ આપ્યું. અને તે વાર પછી દૈત્ય મરી ગયો, ત્યારે તેની માયા પણ ટળી ગઈ. ત્યારે માતા પ્રેમવતી પોતાના પુત્રને ખોળવા લાગ્યાં, ને ક્યાંય ન દેખ્યા ત્યારે રુદન કરવા લાગ્યાં. તેને સાંભળીને હરિપ્રસાદજી તથા

બીજા સર્વે કુટુંબી ભેગા થયા ને કહેવા લાગ્યાં જે, "આ ઠેકાણે સર્વે બાળક ભેગા ઘનશ્યામ રમતા હતા." ત્યારે તે સર્વે બાળકને બોલાવીને પૂછ્યું. ત્યારે સર્વે બાળકને વિશે મંછારામ નામે મામાના પુત્રે કહ્યું જે, "હું જાણું છું. જ્યારે આંધી ચઢી ત્યારે એક મોટો તાડ જેવો પુરુષ આવીને ઘનશ્યામને ઉપાડીને આકાશ માર્ગે ઉત્તર દિશામાં ગયો હતો. અને અમોને બિવરાવ્યા, તેથી સર્વે નાસી ગયા."

એવી રીતનાં તેમનાં વચન સાંભળીને સંબંધી મશાલો કરીને ઉત્તર દિશામાં ખોળવા ગયાં. ત્યારે ત્યાં એક મોટું આંબાનું વૃક્ષ ભાંગી પડેલું. તેની હેઠે એક મોટો દૈત્ય દબાઈને મરી ગયેલો, તેને સર્વે લોકોએ દીઠો. અને બીજા પણ હજારો ઝાડ પડેલાં દીઠાં. તે જોઈને કહેવા લાગ્યા જે, "આટલાં વૃક્ષ પડી ગયાં છે, ને આવો મોટો દૈત્ય પણ દબાઈને મરી ગયો, ત્યારે બાળકની શી આશા ?" એ રીતે કહીને રુદન કરવા લાગ્યાં.

ત્યારે ધર્મદેવને માર્કંડેયઋષિએ જે વાત કહી હતી કે આ તમારા પુત્ર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે, તે યાદ આવી ને સર્વેને છાના રાખ્યા. અને બોલ્યા જે, "ઘનશ્યામ ક્યાંય જવાના નથી, જ્યાં હશે ત્યાંથી હમણાં આપણી પાસે આવશે." એમ કહીને સર્વે મશાલો લઈને જોવા માંડ્યા. તે સમે ઘનશ્યામ શ્રદ્ધાદિક જે ધર્મદેવની બાર પત્નીઓ તેમના ખોળામાં હતા. તે પોતાની માતા પ્રેમવતીનો વિલાપ સાંભળીને અપરમાતા પ્રત્યે બોલ્યા જે, "હે માતાઓ ! તમે હવે તમારે સ્થાનકે જાઓ ને જ્યારે હું સંભારું ત્યારે આવજો. હમણાં મારી માતા ઘણું દુઃખ પામે છે, માટે હું એમની પાસે જાઈશ." એવી રીતનાં વચનને સાંભળીને તે માતાઓ દિવ્ય એવાં જે વસ્ત્ર ને ફૂલના હાર ને અમૂલ્ય રત્નનાં ઘરેણાં તે પહેરાવીને છેટે ઊભી રહી. ત્યારે મહારાજની મામીએ તે શબ્દ સાંભળ્યો ને બોલ્યાં જે, "આ ભાંગી પડેલા આંબા નીચે કોઈક બોલે છે, ને તે શબ્દ ઘનશ્યામના જેવો મેં સાંભળ્યો. માટે ચાલો દીવી લઈને જોઈએ. અને જુઓ, આ ભૂમાં ખૂંતેલી ડાળોમાંથી ભારે અત્તર ને

મોગરો, ચંપો, ચમેલી, ગુલાબના જેવી સુગંધી આવે છે. અને એ ડાળની હેઠેથી હમણાં બે-ચાર દેવાંગના જેવી સ્ત્રીઓને નીસરીને આકાશમાર્ગે જાતાં મેં દીઠી. માટે ઘનશ્યામજી ત્યાં નિશ્ચય છે."

એમ કહીને જુએ છે ત્યાં મામીએ દીઠા, તેથી તુરત તેડી લીધા અને માતાને આપ્યા. અને દિવ્ય એવાં જે વસ્ત્ર ને પુષ્પ ને રત્નના હારને જોઈને અતિશે આશ્ચર્ય પામ્યાં. પછી મંગળ ગાવતા થકા પોતાના ઘર પ્રત્યે પાછાં આવ્યાં. ને મામીને પોતાનો રત્નનો હાર પ્રેમવતી માતાએ આપ્યો. એવી રીતની અનંત લીલાને છપૈયામાં કરતા. એવી રીતે હજારો દૈત્યને માર્યા તેમાંથી આ તો કિંચિત્માત્ર કહ્યા છે.

❊ ચીભડીના વેલાની લીલા :

એક સમયે રામપ્રતાપભાઈએ છપૈયામાં ચીભડી વાવી હતી, તેથી નીંદવા જાતા હતા. ત્યારે ઘનશ્યામ કહે, "ભૈયા ! હમ ભી આવેંગે." ત્યારે ભાઈ કહે, "આવો." ત્યારે ઘનશ્યામ મોટાભાઈ સાથે ગયા ને ભાઈની સાથે નીંદવા બેઠા. તે બધી ચીભડી ઉપાડીને ફેંકી દેવા માંડી. ત્યારે ભાઈ ખીજ્યા. ત્યારે ઘનશ્યામ ઊઠીને એક ભૂતિયો કૂવો છે, તેમાં ઊતરીને તેના કોતરમાં બેઠા. પછી ભાઈ ઘનશ્યામને ગોતવા લાગ્યા, પણ ક્યાંય જડ્યા નહીં. ત્યારે ઊંચે સાદે બૂમ પાડી જે, "ઓ ઘનશ્યામ ! તુમ કહાં હો ?" ત્યારે કૂવામાંથી બોલ્યા કે, "હું અહીં છું." ત્યારે રામપ્રતાપભાઈએ જઈને હાથ ઝાલીને બહાર કાઢ્યા ને ઘેર લાવ્યા. અને રામપ્રતાપે કહ્યું જે, "હવે હું તમને કોઈ દિવસ ખીજીશ નહીં. માટે તમારે ક્યાંય જાવું નહીં." એમ છપૈયાપુરને વિશે રહીને ઘનશ્યામ મહારાજ અનંત પ્રકારની લીલા કરતા.

ક્યારેક તો પોતાના બરોબરિયા બાળકને લઈને ગૌઘાટ લગી રમવા જાતા. ને ક્યારેક તો નારાયણ સરોવરને વિશે નહાતા. એવી રીતે છપૈયામાં અનંત લીલા કરી છે. અને ધર્મદેવનું ઘર હતું, તે જગ્યાએ આજ મોટું ત્રણ શિખરનું મંદિર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીએ કરાવ્યું છે. અને

તેમાં ધર્મ-ભક્તિ ને હરિકૃષ્ણ મહારાજ તથા રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામ મહારાજ તેમની મૂર્તિઓ પધરાવી છે. અને તે મંદિરની સન્મુખ બંધાવેલું નારાયણ સરોવર સદાય પાણી રહે તેવું છે. અને તે સરોવરને કાંઠે નાના પ્રકારનાં ફૂલ-ઝાડ તથા ફળવાળાં ઝાડ પણ ઘણાંક છે.

✲ અયોધ્યાપુરીમાં નિવાસ :

પછી છપૈયાને વિષે મોટા-મોટા ઘણાક ઉપદ્રવ થયા. તેને જોઈને ધર્મદેવ તથા ભક્તિમાતા એમ વિચારવા લાગ્યાં જે, 'આંહીં રહેવાથી આપણું કુશળ નથી જણાતું. માટે મોટું શહેર જે અયોધ્યાનગર તે પ્રત્યે જાઈએ તો સારું.' પછી સારું મુહૂર્ત જોઈને રથ તથા વેલ્યું ને ગાડાં તે તૈયાર કર્યાં. અને ઘરની સર્વે સામગ્રી ગાડામાં ભરી. પછી એક રથમાં હરિપ્રસાદજી ને મોટાભાઈ ને ઘનશ્યામ મહારાજ બેઠા. અને એક રથ ઉપર પ્રેમવતી માતા ને ઈચ્છારામભાઈ તે બેઠા. અને તેવી રીતે રથ ઉપર બેસીને ચાલ્યા, તે મખોડા ઘાટ ઊતરીને સરજુને કાંઠે આવ્યા.

અને પછી રથમાંથી ઊતરીને નાવમાં બેઠા. અને તે સરજુને કાંઠે જે ઘણાંક દેવળ છે, તેમાં ઘંટ વાજી રહ્યા છે, ને શંખનાદ થઈ રહ્યા છે, ને બ્રાહ્મણ વેદની ધૂની(ગાન) કરી રહ્યા છે, અને મંદિર મંદિર પ્રત્યે ઝાંઝ-મૃદંગ વાગી રહ્યાં છે; એવી રીતની શોભાને જોતા થકા સરજુ ઊતરીને અયોધ્યાપુરમાં આવ્યા. અને અયોધ્યાની શોભાને જોતા થકા બરહટા શાખાનગરમાં રામઘાટની પાસે જે બ્રહ્મપુરી તેમાં નિવાસ કર્યો.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'કાલિદત્ત વધ, બાળલીલા તથા અયોધ્યાપુરીમાં નિવાસ' એ નામે ચોથો વિશ્રામ ॥૪॥

વિશ્રામ - ૫

બાળલીલા, ઐશ્વર્યદર્શન તથા ધર્મ-ભક્તિનો દેહત્યાગ

❊ ઘનશ્યામની દૈનિક ક્રિયાસંબંધી લીલા :

અયોધ્યામાં શ્રીઘનશ્યામ મહારાજ પોતાના પિતા જે શ્રીહરિપ્રસાદજી તેમના ભેળા નિત્યે સરજુગંગાને વિષે સ્નાન કરવા જતા. પછી સ્નાન કરીને અયોધ્યાને વિષે જે મોટાં મોટાં ઠાકોર-મંદિર તેમાં દર્શન કરવા જાતા. અને તે હનુમાનગઢી, સુગ્રિવટીલું, જન્મસ્થાન, રંગમહલ તથા સભાસ્થાન જે રામગલોલાની જગ્યા તથા સીતાતલાઈ એ આદિક જે મંદિર તેને વિષે નિત્યે દર્શન કરવાને જાતા હતા.

અને તે ઘનશ્યામ મહારાજ પોતાના પિતા જેવી રીતે લાલજીની પૂજા કરે છે, તેને જોઈને પોતે પણ ચંદન, પુષ્પ, તુલસી, ધૂપ, દીપ આદિક સર્વે ઉપચાર લઈને બાલમુકુંદને પૂજતા હતા અને નિવેદ ધરતા હતા ને આરતી ઉતારતા હતા. અને ઊર્ધ્વપુંડ્ર તિલક તથા તુલસીની બેવડી કંઠી ધારણ કરતા. અને તે ઠાકોરનો પ્રસાદ અતિશે પ્રેમે કરીને જમતા હતા. અને તે શહેરને વિષે ભવાનીસંગ ને દીનાસંગ તે બે ઘનશ્યામ મહારાજના દોસ્તાર હતા. તેમની સાથે કુસ્તી રમવાને જાતા. અને કોઈ દિવસ જો મહારાજને વાર લાગે તો તે વાટ જોયા કરતા. ને તેઓ મહારાજને બરફી ને પેંડા જમાડતા.

❊ અંગૂઠી ચોરવાની લીલા

કોઈ દિવસે ઘનશ્યામ મહારાજ એમ બોલ્યા જે, “ભાભી, મેરેકું ભૂખ લગી હે.” ત્યારે ભાભી વાસણ માંજતી હતી તે કહે, “બેસો, વાસણ માંજીને તમને જમવા આપું.” પછી ઘનશ્યામજી ઘરમાં પેઠા ને ચૂલાની બેડે(ચૂલાની પાળી ઉપર) ભાભીની અંગૂઠી હતી, તે લઈને પાછા વળ્યા. અને કહ્યું જે, “તમે તમારે વાસણ માંજ્યા કરો.” પછી ઘનશ્યામે તે અંગૂઠી હલવાઈને આપી ને દશ શેર મીઠાઈ લીધી. તે સરવે

છોકરાઓને ભેળા કરીને વહેંચી આપી અને પોતે ખાધી. પછી ભાભી ઘરમાં જઈને જુવે છે, ત્યાં અંગૂઠી ન હતી. તે વાત માતા પ્રેમવતીને કહી. તે ઉપર બ્રહ્માનંદસ્વામીનાં પદ જે,

"સુન માતા પ્રેમવતી ગોરી, તેરે લાલ અંગૂઠિયાં ચોરી...સુન."

✲ ઉપવીત સંસ્કાર તથા વેદાધ્યયન :

એક દિવસ શ્રીહરિપ્રસાદજી, ભક્તિમાતા, મોટાભાઈ, ઘનશ્યામ મહારાજ અને ઈચ્છારામભાઈ તે સર્વે **તરગામ** ગયાં. અને ત્યાં ઘનશ્યામ મહારાજને જનોઈ આપીને મોટો ઉત્સવ કર્યો. તે સમયને વિષે ચાર વેદ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા. તેમની પાસે ઘનશ્યામજીને જનોઈ અપાવી. અને બીજા બ્રાહ્મણોને ઘણાક પ્રકારની દક્ષિણા ને ભારે-ભારે દાન આપ્યાં. અને તે ઉત્સવને વિશે આવ્યા જે જન તેમને બહુ પ્રકારનાં જે પકવાન તેણે કરીને જમાડ્યા. અને ઉપવીતને પામ્યા એવા જે ઘનશ્યામજી તેમને પિતાએ ગાયત્રીમંત્ર આપ્યો. અને તેવાર પછી ઘણાક દિવસ ત્યાં રહીને પછી પાછા અવધ્યપુરીમાં આવ્યા. અને તે તરગામમાં જે ઠેકાણે ઘનશ્યામ મહારાજને જનોઈ આપી છે, તે ઠેકાણે ઓટો કર્યો છે.

પછી **અયોધ્યા**માં આવીને ઘનશ્યામ મહારાજ પિતા જે હરિપ્રસાદજી તેની પાસે વેદાધ્યયન કરવા લાગ્યા. ને પિતા એક જ વાર કહે તે શબ્દ પોતે કંઠે કરીને પિતાને સંભળાવતા. એમ થોડાક દિવસમાં અંગે સહિત ચાર વેદ તથા ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણ તેને ભણી ગયા. અને વળી તે ઘનશ્યામે માતા થકી સ્ત્રીઓના ધર્મ સાંભળી લીધા. અને તે સર્વે શાસ્ત્ર ભણીને તેમાંથી પોતે સાર કાઢ્યો. તેમાં શ્રીમદ્ભાગવત થકી તો દશમસ્કંધ તથા પંચમસ્કંધ તે સાર કાઢ્યો અને ધર્મશાસ્ત્રમાંથી તો યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ તે સાર કાઢ્યો. અને સ્કંદપુરાણમાંથી તો વાસુદેવમાહાત્મ્ય તે સાર કાઢ્યો. અને સમગ્ર ભારતમાંથી ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ ને વિદુરનીતિ તે સાર કાઢ્યો. અને તે સાર સારનો


ગુટકો પોતાને હાથે લખીને પિતા હરિપ્રસાદજીને દેખાડ્યો. અને તે ગુટકો જોઈને પિતા બહુ રાજી થયા અને પોતાની આંખોમાં જળ ભરાઈ આવ્યાં.

પછી મોટાભાઈ રામપ્રતાપજી તથા નાનાભાઈ ઇચ્છારામજી તેમને બોલાવ્યા. અને હરિપ્રસાદજી બોલ્યા જે, "હે રામપ્રતાપજી ! આ જે તમારા ભાઈ ઘનશ્યામ તે ઘરમાં રહેવાના નથી અને તમારી મિલ્કતમાં ભાગ માગનારા નથી. એ તો સાક્ષાત્ નારાયણમુનિ છે. માટે એમની પાસે તમે કોઈ કામ કરાવશો મા. એની મેળે એમને ભણવા દિયો." ત્યારે રામપ્રતાપજી કહે, "સારું." પછી એવી રીતનો ઘનશ્યામ મહારાજનો પ્રતાપ જોઈને ઘણાક વિદ્યાર્થી ભણવા આવતા. તેને પોતે(ઘનશ્યામ મહારાજ) સારી રીતે ભણાવતા હતા. અને વળી હરિપ્રસાદજીના ગુરુ જે રામાનંદસ્વામી તેમણે આપ્યો જે ઉપદેશ તથા મહામંત્ર તેને પોતાના પિતા થકી પામીને પોતે સર્વે જે વિદ્યાર્થી તથા મુમુક્ષુ તેમને ઉપદેશ કરતા હતા. અને તે જે ઘનશ્યામ મહારાજના શિષ્ય તેને પોતે એક એક તુલસીની બેવડી કંઠી આપતા હતા. અને ઊર્ધ્વપુંડ્ર તિલકને મધ્યે કુંકુમનો ચાંદલો પોતે પણ ધારણ કરતા ને બીજા સર્વેને ધારણ કરાવતા હતા.

અને ઘનશ્યામ પિતા પાસે ભણતા હતા. ને પોતાની પાસે બીજા ઘણાક વિદ્યાર્થી ચાર વેદ વગેરે ભણતા હતા. તે એક સમયે માતાએ કહ્યું જે, "હે ઘનશ્યામજી ! રસોઈ તૈયાર થઈ છે, માટે તમે ને તમારા પિતા ને મોટાભાઈ સર્વે નહાવો." ત્યારે વિદ્યાર્થી જે ભણતા હતા તેમણે રજા માંગી. ત્યારે ઘનશ્યામ કહે, "તમે પણ નહાવો, ને આજ અમારા ભેળા જમો." પછી તેમણે ના પાડી. ત્યારે હરિપ્રસાદજી બોલ્યા જે, "ઘનશ્યામનું વચન ખાલી ન જાય, માટે તમે સર્વે જમો." પછી પોતે નાહ્યા ને સર્વેને નવરાવ્યા. પછી દેવસેવા કરીને નૈવેદ્ય કરીને પોતે ઘનશ્યામ સર્વેને પીરસવા લાગ્યા અને સર્વેને જમાડીને પોતે જમ્યા.

❊ પોતાને વિષે ચોવીશ અવતાર દેખાડ્યા :

અને કોઈ સમે ઘનશ્યામ, ઈચ્છારામભાઈ ને બીજા પોતાના વિદ્યાર્થી તેમણે સહિત સરજુગંગાને કાંઠે રમતા. તે જે ઠેકાણે લક્ષ્મણઘાટ છે તથા સ્વર્ગદ્વારી છે ને ઘણાંક શિવમંદિર છે ને ઘાટ બાંધેલા છે, તે ઠેકાણે સભા કરીને બેસતા ને પરસ્પર પ્રશ્નોત્તર કરતા. અને તે વિદ્યાર્થીઓને પ્રશ્નના ઉત્તર શીખવતા.


अने ते ब्रह्मसभा तेने जोवाने हजारो मनुष्य आवतां हवां॥ अने ते सर्वे जुदि जुदि रीते देखता हवा॥ अने ते मां कोइक तो राम लक्ष्मण रूपे देखता हवा ने कोइक तो श्री कृष्ण रूपे देखता हता ने कोइक तो दत्तात्रय रूपे ने कोइ कपिल रूपे ने कोइ नरसिंह ने वांमन रूपे देखे छे ने कोइ शिव रूप ने कोइ देवि रूपे देखे छे ते उपर पद छे जे॥ कोइ देखे छे रांम ने रूप॥ कोइक देखे कृष्ण स्वरूप॥ कोइ वामन कोइ परशुरांम॥ देखे वाराह ने न्रसिंह शांम हंस ने हयग्रिव कुर्म कोइ॥ देखि ने जन विस्मय होइ॥ चंद्र स्वरूप ने त्रिपुरारि॥ गणपती भासे धर्मकुमार॥ कोइक हेन रघुवर छे राजा॥ जोने केवुं कुलके छे तेज॥ एम शिरसे श्री घनश्यांम महाराज पोताने विषे चोविशे अवतार ने देखाडता हवा॥

અને તે બ્રહ્મસભા તેને જોવાને હજારો મનુષ્ય આવતાં હવાં. અને તે સર્વે જુદી જુદી રીતે દેખતા હવા. અને તેમાં કોઈક તો રામ-લક્ષ્મણરૂપે દેખતા હવા, ને કોઈક તો શ્રીકૃષ્ણરૂપે દેખતા હતા, ને કોઈક તો દત્તાત્રેયરૂપે ને કોઈ કપીલરૂપે ને કોઈ નરસિંહ ને વામનરૂપે દેખે છે. કોઈ શિવરૂપે ને કોઈ દેવીરૂપે દેખે છે. તે ઉપર પદ છે જે,

કોઈ દેખે છે રામને રૂપ, કોઈક દેખે કૃષ્ણ સ્વરૂપ;
કોઈ વામન કોઈ પરશુરામ, દેખે વારાહ ને નૃસિંહ શામ.
હંસ ને હયગ્રિવ કુર્મ કોઈ, દેખીને જન વિસ્મય હોઈ;
ચંદ્ર સૂર્ય ને ત્રિપુરાર, એવા ભાસે ધર્મકુમાર;
કોઈ કહે નરવીર છે એ જ, જોને કેવું ઝળકે છે તેજ.

એવી રીતે શ્રીઘનશ્યામ મહારાજ પોતાને વિશે ચોવીસે અવતારને દેખાડતા હવા. અને તે સરજુને કાંઠે આવેલા જે મનુષ્ય તે ઘનશ્યામ મહારાજને જોઈને ચકિત થઈ જાતાં. અને તેમાં કેટલીક જે સ્ત્રીઓ તે માથે જળના ઘડા ભર્યા હોય ને સ્થિર થઈ જાતી. ને કોઈ જળ ભરવા જાતી હોય ને હાથમાં ઘડા લઈને સ્થિર થઈ જાતી. એવી રીતે નિત્ય પ્રત્યે રોજ સભા કરીને બેસતા ને હજારો મનુષ્યોને જુદે જુદે રૂપે દર્શન દેતા.

અને કોઈ સમે તો ઈચ્છારામભાઈનો હાથ ઝાલીને ઠાકોર-મંદિરમાં જાય છે. અને તે ઠાકોરનાં દર્શન કરીને જ્યારે પાછા વળે છે, ત્યારે તે ઠાકોરની મૂર્તિઓ જાણે ઘનશ્યામ મહારાજને વાંસે ચાલી નીસરે છે, એવું કોઈકને દેખાય છે. અને કોઈ માનસીપૂજા કરતા હોય તેમાં ઈચ્છારામભાઈ અને ઘનશ્યામ મહારાજને દેખે છે. ને વળી રામ-લક્ષ્મણરૂપે દેખાય છે અને તે સ્વરૂપ ઘનશ્યામને વિશે લીન થાય છે. અને કોઈક ભગવાનને થાળ ધરે છે, તે પ્રગટ જમે છે. એવી રીતે ઘણાંક જનને પોતાનું દર્શન દેતા. અને એવા ચમત્કાર જોઈને જે જ્ઞાની પુરુષ હતા, તે ઘનશ્યામ મહારાજને મનુષ્ય ન જાણતા, પણ સાક્ષાત્ નારાયણમુનિરૂપે જાણતા ને તેમની ભક્તિ કરતા હતા. એવાં અનંત ચરિત્રો કર્યાં છે. તે ઉપર ધર્માખ્યાનનું પદ છે જે,

એમ અવધ્યમાં બાલ-વૃદ્ધને ભક્તિ ઘરોઘર વ્યાપી;
મુક્તાનંદનો નાથ પ્રગટ થઈ અશુભ વાસના કાપી.

❋ ભક્તિમાતાનો દેહત્યાગ :

એક સમયને વિશે માતાને શરીરે ઘણો તાવ આવ્યો, ત્યારે ઘનશ્યામને બોલાવ્યા અને કહ્યું જે, "મને ઘણી પીડા થાય છે." ત્યારે ઘનશ્યામ કહે, "હવે તમારો દેહ નહીં રહે, માટે ચાલો છપૈયા જઈએ." ત્યારે માતા કહે, "સારું." પછી હરિપ્રસાદજી, મોટાભાઈ, ઘનશ્યામજી અને ઇચ્છારામજી એ સર્વે છપૈયા આવ્યા. અને પછી ઘનશ્યામે માતાને કહ્યું જે, "અમારાં બાળચરિત્રોનું તમે ચિંતવન કરો, એટલે પીડા મટશે."

પછી માતા ચરિત્ર વર્ણન કરવા લાગ્યાં ને કહ્યું જે, "ઘનશ્યામ ! તમારા મુખની વાણી સાંભળવા મારું મન વળગી રહ્યું છે." ત્યારે પોતે માતાને **હરિગીતા** સંભળાવી અને પોતાના સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન આપીને દિવ્યગતિને પમાડ્યાં. ને દુર્વાસાના શ્રાપ થકી મુકાવ્યા.

❋ ધર્મદેવનો દેહત્યાગ :

તે વાર પછી કેટલાક દિવસ કેડે ધર્મદેવને શરીરે તાવ આવવા માંડ્યો. ત્યારે પોતે જાણ્યું જે, 'હવે મારું શરીર નહીં રહે.' ત્યારે પોતે પોતાના ત્રણેય પુત્રોને તેડાવ્યા અને બોલ્યા જે, "હે રામપ્રતાપ ! હવે મારું શરીર નહિ રહે, માટે હું એક વચન માગું તે આપો." ત્યારે રામપ્રતાપજી બોલ્યા જે, "હે પિતાજી ! જે કહો તે મારે કરવું." ત્યારે પિતા કહે, "આ જે તમારા ભાઈ ઘનશ્યામ, તે સાક્ષાત્ નારાયણમુનિ છે. માટે એને તમે કોઈ દિવસ દુઃખવશો નહીં ને એમને જમાડીને જમજો. એ તમારી પાસે જમવાનું પણ નહિ માગે, માટે બોલાવીને જમાડજો." ત્યારે તે પિતાનાં વચનને રામપ્રતાપજી તથા તેમનાં પત્ની સુવાસિનીબાઈ તેમણે માથે ચઢાવ્યાં. અને તે જ પ્રમાણે નિત્યે ઘનશ્યામને જમાડતાં હતાં.

પછી ધર્મદેવ ઘનશ્યામ પ્રત્યે બોલ્યા જે, "હે ઘનશ્યામ ! તમે મને વચન આપો જે તમારે ધર્મકુળનો ત્યાગ ન કરવો. જ્યાં જ્યાં જાવું

ત્યાં ત્યાં ધર્મકુળને સાથે રાખજો. અને વનમાં જાવું તો રામાનંદસ્વામી પાસે જાજો. અને મારું મન તમારા મુખનાં વચન સાંભળતાં તૃપ્ત થાતું નથી. માટે મને તમે બાર સ્કંધ ભાગવત સંભળાવો."

ત્યારે ઘનશ્યામ બોલ્યા, "સારું પિતાજી, સદાય ધર્મકુળને હું સાથે રાખીશ ને રામાનંદસ્વામી પાસે પણ જઈશ. એ બે વચન મારે પાળવાં. અને હમણાં સભા કરીને ભાગવતી સપ્તાહને સંભળાવીશ."

પછી મોટાભાઈએ ગામોગામ કંકોતરી મોકલાવી અને નારાયણ સરોવરને કાંઠે ભારે મંડપની રચના કરી. અને તે મંડપને મધ્યે સિંહાસન ઉપર બેઠા એવા જે ઘનશ્યામ મહારાજ તેમની મોટાભાઈ તથા નાનાભાઈ તેમણે ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. અને તે સમયે સર્વે દેશના ઘણાક વિદ્વાન તે સભામાં આવ્યા. તે સર્વનું યથાવિધિ સન્માન કર્યું. પછી શ્રીઘનશ્યામ મહારાજે સુદ પાંચમથી કથા શરૂ કરી તે સુદ એકાદશીને દિવસે સંપૂર્ણ કરી. અને તે કથામાં જે જે અવતાર-ચરિત્રનું વર્ણન આવ્યું, તે તે સ્વરૂપને ધર્મદેવ પ્રગટ દેખતા હતા. અને તે તે સ્વરૂપ તે પ્રગટ પુરુષોત્તમ એવા પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજને વિશે લીન થતા હતા. એવા અલૌકિક ઐશ્વર્યને જોઈને ધર્મદેવ પોતાને કૃતાર્થ માનતા હતા.

પછી કથાની સમાપ્તિ કરાવી. પછી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને ધર્મદેવને દિવ્યગતિએ કરીને પોતાના ધામ પ્રત્યે મોકલ્યા. અને દુર્વાસાના શ્રાપ થકી મુકાવ્યા. અને પિતા ધર્મદેવ ને ભક્તિમાતા તેમનું જે ઉત્તરકર્મ તેને મોટાભાઈ રામપ્રતાપજીએ કર્યું. અને ઘણાક બ્રાહ્મણોને મિષ્ટાન્ને કરીને રીતે તૃપ્ત કર્યા. અને તેમને ઘણાંક પ્રકારનાં દાન તથા દક્ષિણા આપ્યાં. પછી તે સર્વે બ્રાહ્મણો રાજી થયા થકા પોતાને ઘેર ગયા. અને જે ઠેકાણે છપૈયામાં ધર્મદેવ ને ભક્તિમાતાને દેન દીધું છે, તે ઠેકાણે ઊંચા બે તુલસી-ક્યારા છે. તે નારાયણ સરોવરની ઉગમણી

પાળે છે. અને તે વાર કેડે ભક્તિ-ધર્મ દિવ્ય શરીર ધરીને સદાય ઘનશ્યામ મહારાજની પાસે રહેતા હતા. તે ઉપર ધર્માખ્યાનનું પદ જે,

દિવ્ય શરીર ધરી રહ્યાં, બેઉ દિવ્ય શરીર ધરી,
ભક્તિ-ધર્મને પ્રાણથી પ્યારા કૃષ્ણસ્વરૂપ હરિ.
રહ્યાં બેઉ દિવ્ય શરીર ધરી૦

એવી રીતે પોતાનાં માતા-પિતાનો (મૃત્યુ પછીની કરવામાં આવતી વિધિનો) ઉત્સવ કરીને સર્વે સંબંધીજનોનો શોક નિવારણ કરીને પોતાના મોટા ભાઈ રામપ્રતાપજી અને નાના ભાઈ ઇચ્છારામજી અને તેમની પત્નીઓ તેમણે સહિત એવા જે શ્રીઘનશ્યામ મહારાજ તે પાછા અયોધ્યાપુરીમાં આવ્યા. અને બરહટા શાખાનગરમાં નિવાસ કરીને રહ્યાં.

ઇતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'બાળલીલા, ઐશ્વર્યદર્શન તથા ધર્મ-ભક્તિનો દેહત્યાગ' એ નામે પાંચમો વિશ્રામ ॥૫॥

વિશ્રામ - ૬

શ્રીહરિ ગૃહત્યાગ કરી વનવિચરણ કરતા પુલહાશ્રમ પધાર્યા.

※ અયોધ્યામાં અસુરોનો પરાજય :

અને તે વાર પછી શ્રીઘનશ્યામ મહારાજ અયોધ્યાને વિષે આવ્યા. તે જાણીને મહારાજના શિષ્ય તથા વિદ્યાર્થી તેમણે ભારે ભારે વસ્ત્રઅલંકાર ને પુષ્પના હાર તેણે કરીને પૂજા કરી અને ઘણીક ભેટો મૂકી. અને એવી રીતનું ઘનશ્યામનું સન્માન જોઈને અસુર હતા, તે સર્વે મનમાં બળવા લાગ્યા. અને તે મહારાજને મારવાનો ઉપાય શોધતા હતા.

અને પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાના મિત્ર દીનાસંગ અને ભવાનીસંગ તેમની સાથે (રહીને) બીજા મલ્લોને કુસ્તીમાં ઘણી વાર જીત્યા હતા. અને તે ત્રણેય મિત્ર સદા સાથે રહેતા હતા. પછી બીજા જે અસુર તેમણે એવો મનસૂબો કર્યો જે, 'એ ઘનશ્યામ જ્યારે એકલો મળે ત્યારે એને મારીએ' ને એમ જ ઠરાવ કર્યો.

પછી એક દિવસ સ્નાન-પૂજા કરીને ઘનશ્યામ મહારાજ ને ઈચ્છારામભાઈ તે બેય જન્મસ્થાનમાંથી દર્શન કરીને પાછા વળ્યા, ત્યારે અસુરે ઘનશ્યામને ઘેર્યા અને કહ્યું જે, "ઘનશ્યામ ! હમારે સાથ કુસ્તી કરો." ત્યારે ઘનશ્યામ કહે, "હમારા બડા ભૈયા ના કહત હે, સો અબ નહીં ખેલેંગે." ત્યારે ચારેય અસુરે આવીને મહારાજના હાથ ઝાલ્યા, ને બોલ્યા જે, "બહોત વખત તુમને હમારે હાથ-પગ તોડે હે, સો તુમ અભી હમારે હાથ આયે હો." એમ કહીને હાથ ઝાલીને તાણવા લાગ્યા. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, "તુમ ચાર હો ને હમ એકીલે હે, ઔર ખેલેંગે ઈસમેં કોઈકા હાથ-પગ તૂટે તો હમ જાને નહીં." એમ કહીને હાથ તરછોડ્યો તેથી બેય જણા છેટે જઈને પડ્યા. તેમાં એકનો હાથ ઊતરી ગયો અને તે જોઈને બીજા બે જણ પણ છેટે રહ્યા.

અને તે સમે મોટાભાઈને ખબર થઈ તેથી તે હાથમાં લોઢાનો ગેડિયો(નાની લાકડી) લઈને દોડ્યા અને એકદમ નીલકંઠ પાસે આવ્યા. અને તે ચારે અસુરને એક-એક લાત મારીને કહ્યું જે, "સસુર ! સબકે મેં પ્રાણ લેનેવાલા હું." અને તે ચાર અસુર ધ્રૂજતા થકા પ્રાણ લઈને નાઠા. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, "ભૈયા, ઉસકું જાને દો. અપના બ્રાહ્મણકા કોઈકું મારનેકા ધર્મ નહીં હે." અને તે સમયે ભવાનીસંગ ને દીનાસંગ તે બેયને ખબર થઈ, તેથી તે હથિયાર બાંધીને ઘનશ્યામ મહારાજની પાસે આવ્યા અને ઘનશ્યામે ચાર મલ્લને હરાવ્યા, તે જોઈને આશ્ચર્ય પામ્યા. અને કહેવા લાગ્યા જે, "આ બ્રહ્માની સૃષ્ટિમાં તો કોઈ ઘનશ્યામને જીતે એવા નથી. એ વાત અમે નક્કી જાણીએ છીએ." એવી રીતે કહીને નમસ્કાર કરીને પોતાને ઘેર ગયા. અને અસુરને ઘણો પરિતાપ થયો. તેથી તે ભેળા થઈને એમ મનસૂબો કરવા લાગ્યા જે, 'એ તો કોઈથી જિતાય એવા નથી. માટે કોઈ દિવસ લાગ જોઈને દગાથી મારશું.' એમ પરસ્પર કહેતા.

❊ શ્રીનીલકંઠ બ્રહ્મચારીનું વનગમન :

પછી ઘનશ્યામ મહારાજે ઘરનો ત્યાગ કરવાની ઈચ્છા કરી. પછી ઘરના મનુષ્યને પૂછ્યા વિના નિત્ય સ્નાનને મિશે કરીને પોતાના શાલિગ્રામ તથા બાલમુકુંદનો બટવો તથા સાર-સારનો ગુટકો તથા મૃગછાલા, જળગરણું, જપમાળા, કઠારી અને ભોજન કરવાનું પાત્ર સાથે લીધાં છે, અને તુલસીની બેવડી કંઠી ને ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું છે, અને બહિર્વાસે સહિત કોપીન ધારણ કરી છે, અને પલાશનો દંડ લીધો છે, એવી રીતે વેશ ધારણ કર્યો છે જેણે, એવા પૂર્ણ પુરુષોત્તમ અક્ષરધામના પતિ એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે સરજુને કાંઠે આવ્યા. અને તે સરજુ ઊતરવાને માટે વહાણની વાટ જોવા લાગ્યા. તે સમે એક અસુર જેને પ્રથમ પરાભવ પમાડ્યો હતો, તેણે લાગ જોઈને ઓચિંતાનો વાંસેથી ધક્કો દીધો. તેથી ઘનશ્યામ સરજુમાં પડ્યા ને અદૃશ્ય થઈ ગયા.

અને તે અસુરને ન દેખાયા, તેથી તે અસુર હરખ પામ્યો. અને ઘેર જઈને પોતાના બીજા અસુર લોકને કહેવા લાગ્યો જે, "આજ મેં તે શત્રુને માર્યો છે."

✲ હનુમાનજી દ્વારા ભૈરવનો પરાભવ :

અને હવે મહારાજ જળમાં પડ્યા છે, તે ડૂબકી મારીને થોડેક છેટે નીસર્યા. અને તે જળમાં શરીરને તણાતું મેલ્યું, તે ત્રણ પહોર નદીમાં રહ્યા, ને ચોથે પહોરે બાર ગાઉ દૂર જળમાંથી નીસર્યા. અને તે સરજુને કાંઠે આવીને ઉત્તર દિશામાં ચાલ્યા. ચાલતાં ચાલતાં મહા મોટું વન આવ્યું, ને તે સમે દિવસ અસ્ત પામ્યો અને ત્યાં એક મોટો વડનો વૃક્ષ આવ્યો. અને ત્યાં નદીનો કાંઠો છે, ત્યાં સાયંસંધ્યા કરી. અને મૃગછાલા બિછાવીને તે વડ હેઠે બેઠા. અને તે સમે હનુમાનને સંભાર્યા, તેથી હનુમાન આવીને તે વૃક્ષની ડાળે વીરાસને બેઠા. અને વરસાદ વરસે છે ને મહા અંધારી રાત મળી છે, ને વીજળીના ઝબકારા થઈ રહ્યા છે અને મેઘની ગર્જના થઈ રહી છે. તે સમે ઘનશ્યામ મહારાજ એકલા જ મહાવનને વિષે બેઠા છે.

પછી રાત અડધી થઈ તે સમે લાખ ભૂતનો સરદાર એવો જે એ વડમાં રહેનારો ભૈરવ, તે ઘણાંક ભૂત-પ્રેત ને જક્ષણીઓ ને ભૈરવીઓ ને પિશાચ, વૈતાલ ને બ્રહ્મરાક્ષસ તેમણે સહિત આવ્યો. અને મહા ભયાનક શબ્દ કર્યો. તેને સાંભળીને હનુમાનજી સામા થયા અને પોતાની જાતિનો કિલકાર(કિકિયારીભર્યો) શબ્દ કર્યો. અને તે હનુમાનનો શબ્દ સાંભળીને પ્રેત, પિશાચ, ભૂત અને વૈતાલ તે નાસી ગયાં. અને પોતાની સેના ભાગી, તે જોઈને સામો થયો. અને ત્રિશૂલ લઈને હનુમાન ઉપર નાંખ્યું, તે ત્રિશૂલ હનુમાને ભાંગી નાંખ્યું, ને માથામાં એક મુષ્ઠી મારીને ગર્જના કરી. અને તે હનુમાનની મુષ્ઠીએ કરીને મૂર્છા ખાઈને પડ્યો. પછી ઊઠીને હનુમાનને હાથ જોડીને કહ્યું જે, "હવે તમારું નામ સાંભળું

ત્યાં ઊભો નહીં રહું. માટે મને જીવતો જાવા દિયો." પછી મહારાજની મરજી જોઈને તે ભૈરવને જાવા દીધો.

પછી પ્રભાત થયું ત્યારે નીલકંઠ બ્રહ્મચારી સ્નાન સંધ્યા કરીને દેવસેવા કરતા હતા. તે સમે હનુમાનજી સુંદર કેળાં લાવ્યા. તેને સુધારીને વિષ્ણુને નૈવેદ્ય ધર્યું અને પોતે જમીને હનુમાનજીને પ્રસાદી આપી. અને હનુમાનજીને કહ્યું જે, "હવે તમે તમારે સ્થાનકે જાઓ. અને જ્યારે સંભારીએ ત્યારે આવજો." પછી હનુમાનજી નમસ્કાર કરીને ચાલી નીસર્યા. અને ત્યાંથી નીલકંઠ બ્રહ્મચારી મહાભયંકર એવું જે અઘોર વન તેમાં પોતે એકલા જ ઉત્તર દિશાને વિશે ચાલતા થયા.

❊ અયોધ્યાવાસીઓનો વિલાપ :

હવે અયોધ્યામાં મહારાજના મોટાભાઈ અને તેમની પત્ની તથા નાનાભાઈ તે વાટ જોતા હતા. અને નિત્યભોજન સમો પણ થઈ ગયો હતો, પણ ઘનશ્યામ ન આવ્યા, તેથી સર્વે કુટુંબી ચિંતા કરે છે. અને બપોર મટીને ત્રીજો પહોર થયો. તે સમયે ઘનશ્યામ મહારાજના મિત્ર એવા નાના બાળક તે સર્વે જગ્યાએ ઘનશ્યામને ખોળવા લાગ્યાં, પણ ઘનશ્યામ એમને ન મળ્યા, તેથી ઉદાસ થકા રામપ્રતાપજી પાસે આવ્યાં અને કહ્યું જે, "હે રામપ્રતાપજી ! તમારા ભાઈ ઘનશ્યામ અમને ન મળ્યા. અને આજ સવારના અમે એને ખોળીએ છીએ. માટે તમે જાણતા હો તો અમને બતાવો." ત્યારે રામપ્રતાપજી ઊઠ્યા અને પોતાના સર્વે સંબંધીને પૂછ્યું અને સર્વે પાડોશીને પૂછ્યું. અને સર્વે ઘરને જોયાં તોપણ ઘનશ્યામ ક્યાંય ન મળ્યા.

અને કોઈએ પણ ખબર ન બતાવી, ત્યારે ઘનશ્યામના મિત્ર ઊંચે સ્વરે કરીને રુદન કરવા લાગ્યા. તેને સાંભળીને મોટાભાઈ તથા નાનાભાઈ તથા તેમની પત્નીઓ તે પણ રુદન કરવા લાગ્યાં. અને તે પછી પિતાનું વચન સંભારીને રામપ્રતાપે સર્વેને ધીરજ આપી. અને તે દિવસે રાંધેલી રસોઈ કોઈ જમ્યા નહીં. અને એમ ખોળ કરતાં રાત પડી,

ત્યારે સર્વે સંબંધી મશાલો કરીને સર્વે શહેરમાં ખોળવા લાગ્યા. અને મોટાં જે મંદિર તથા ધર્મશાળાઓ તથા બાગબગીચા તથા નદીના ઘાટ તથા તળાવ, કૂવા, વાવ એ આદિક ઠેકાણે સર્વે સંબંધીએ ખોળ્યા, તોપણ ઘનશ્યામ મહારાજની ખબર ન મળી. અને બીજે દિવસ મધ્યાહ્ન થયો, ત્યારે સર્વે સંબંધી થાકીને ઘેર આવ્યાં. અને ઘનશ્યામનાં ચરિત્રને સંભારી વિલાપ કરીને રુદન કરવા લાગ્યાં. તેના ઉપર ભક્તચિંતામણિનું પદ-

પછી પડી રાત ભ્રાત જોઈને રે, હૈયું ન રહ્યું હાથ દીધું રોઈને રે.

પછી રામપ્રતાપજીને પિતાની વાત યાદ આવી જે, 'એ તો સાક્ષાત્ નારાયણમુનિ છે, તે તમારા ઘરમાં નહીં રહે.' ત્યારે વિચાર્યું જે, નિશ્ચે વનમાં ગયા હશે ! માટે તેની ખાતરી કરવા સારુ મહારાજનાં વસ્ત્ર તથા પુસ્તક તથા બીજી વસ્તુ તેને પોતાના ઘરમાં ખોળ્યા. ત્યારે જાણ્યું જે કસુંબલ પાઘ તથા પીળી ઝૂલડી(કેડિયું) ને પગની મોજડી ને ચાખડી તથા ઓઢવાના શાલદુશાલ વગેરે વસ્ત્ર તથા કડાં, વેઢ, વીંટી, પોંચી, કંદોરો એ આદિક દાગીના તથા ભણવાની પોથી-પુસ્તક વગેરે સર્વે ઘરમાં જ છે. અને ફક્ત ઠાકોરનો બટવો અને ચાર સારનો ગુટકો ને મૃગછાલા, જપમાળા, કઠારી ને પલાશનો દંડ એટલાં વાનાં લઈને ગયા છે. માટે નિશ્ચે વનમાં ગયા છે. અને એ નારાયણમુનિ તો કાળના પણ મહાકાળ છે. માટે કોઈથી પરાભવ પામે એવા નથી. અને વનમાં જ્યાં હશે ત્યાં પણ આરોગ્ય છે(ક્ષેમકુશળ હશે). તેમ જાણીને ખોળવાથી વિરામ પામ્યા. અને ઘનશ્યામનાં ચરિત્રને સંભારતા થકા ત્રીજે દિવસે અન્ન જમ્યા.

અને વળી કોઈ તીર્થવાસીને દેખીને ઘનશ્યામની ખબર પૂછતા. અને તે ઘનશ્યામ મહારાજનું જે સ્વરૂપ તેનું વર્ણન કરતા અને કહેતા જે, "અમારા ભાઈ ઘનશ્યામ એવા છે. તે તમને ક્યાંય મળ્યા ? જો હવે મળે તો કહેજો જે તમારાં સંબંધી તમારા વિયોગે કરીને ઘણું ઝૂરે છે ને અન્ન પણ ખાતાં નથી. માટે ઘેર જાઓ." એવી રીતે જે જે તીર્થવાસી આવે છે, તેને રામપ્રતાપભાઈ પૂછતા હતા. તે ઉપર પ્રેમાનંદસ્વામીનાં પદ જે,

સંદેશવા કહિયો કનૈયાસું...સંદે૦

વે દિન તમકું બિસર ગયે કેશવ, ફિરત બિદેશ ઉઠાય કંધૈયાસું...સંદે૦

એવી રીતે મોટાભાઈ ને નાનાભાઈ ને તેમની પત્નીઓ તે ઘનશ્યામ મહારાજને વિયોગે કરીને દુઃખ પામતાં હતાં. અને જેમ જીવ વિનાની કાયા હોય તેમ ઘનશ્યામ મહારાજ વનમાં ગયા, તેથી અયોધ્યા એવી ઉજ્જડ તથા ભયંકર લાગતી હતી. અને સર્વના આત્મા ને પ્રેરક ને સર્વના નિયંતા ને સાક્ષી ને અક્ષરધામના પતિ એવા જે પૂર્ણપુરુષોત્તમ ઘનશ્યામ મહારાજ તેમના વિજોગે કરીને સર્વે જન દુઃખી થતાં હતાં. અને મોટા મોટા ઉત્પાત અયોધ્યાને વિશે થતા હતા.

અને હવે શ્રીનીલકંઠ બ્રહ્મચારી વનમાં ઉત્તરમુખે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં મહાભયંકર વન આવ્યું. તેમાં હજારો હાથી, સિંહ, વાઘ, રીંછ, વાનર, અરણા(ભેંસો), પાડા, શૂરા(સૂવરો),ગાયો, રોઝ અને શિયાળ આદિ ઘણાંક જાનવર રહેતા. તેમાં પોતે સદા નિર્ભયપણે એકલા ચાલ્યા જાય છે. અને તે ચાલતાં મહાત્રિવેણી આવી. તે ઠેકાણે ઐરાવતી, રાલકી ને નારાયણી એ ત્રણે નદીઓ ભેળી થાય છે. અને ભરતજીએ પ્રથમ જ્યાં તપસ્યા કરી અને ભરતજીએ જે ઠેકાણે ભરતેશ્વર મહાદેવ પધરાવ્યા છે, તે જગ્યાએ શ્રીનીલકંઠ બ્રહ્મચારી આવ્યા. અને મહા ભયંકર વનને જોઈને આનંદને પામ્યા. પછી ત્યાં સંધ્યા-તર્પણ કર્યું.

❊ નીલકંઠવર્ણી બુટોલનગર પધાર્યા :

અને ત્યાંથી ઉત્તરમુખે ચાલ્યા, તે કેટલાક દિવસે રાજાનું પહાડી શહેર જે બુટવેલ(બુટોલ) નામે નગર તેને પામ્યા. અને તે બુટોલના રાજાએ પ્રાર્થના કરી તેથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી બે માસ સુધી ત્યાં રહ્યા. અને તે રાજાની રાણી મહા ચતુર ને શાસ્ત્ર ભણેલી હતી. તેણે શ્રીનીલકંઠ બ્રહ્મચારીના ચરણમાં ઊર્ધ્વરેખા, જવ તથા વજ્ર આદિ સોળ ચિહ્ન દેખ્યાં.

અને તે જોઈને જાણ્યું જે આવાં ચિહ્નો તો ભગવાનના ચરણમાં જ હોય. આવી ઊર્ધ્વરેખા તો ચક્રવર્તી રાજાના પગમાં હોય છે. એવું જાણીને ત્યાં રાખવાને ઘણું જતન કર્યું, તોપણ બ્રહ્મચારી ન રહ્યા. ત્યારે તે રાણી બોલી જે, "હે મહારાજ ! હમણાં સિદ્ધાઈ કરો છો, પણ આગળ જોબન અવસ્થા આવે છે, તે ઘણી કઠણ છે. તેમાં કોઈની સિદ્ધાઈ રહેતી નથી." એવાં વચન સાંભળીને શ્રીનીલકંઠ (બ્રહ્મચારી બોલ્યા જે, "અમારે જોબન અવસ્થા શરીરમાં આવવા દેવી નથી.) તે ઉપર બ્રહ્માનંદસ્વામીનાં પદ જે

"સુણ્યા મયા રાણીનાં વચન મર્મનાં રે;
સાધી જોગકલા તે જગદીશ બલિહારી નવલ ઘનશ્યામની રે૦"

અને તે વાર પછી રાજા ને રાણી તેમણે પૂજ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી, તે બુટોલનગરથી ઉત્તર દિશામાં મહામોટા પહાડ ઉપર ચડ્યા. અને એવી રીતના ઘણા પહાડ ઉલ્લંઘીને **તાનસેન** નામે શહેરને પામ્યા. તે શહેરમાં ત્રાંબાની તથા લોઢાની ખાણો છે અને મોટા પહાડ ઉપર નગર છે. તેની હેઠે ગંડકી નદી વહે છે. અને ભોજપત્ર તથા દેવદારનાં મોટાં મોટાં વૃક્ષ છે. તેની ઊંચી ડાળીઓ જાણે આકાશને અડી હોય તેવી શોભે છે. એવા શહેરને જોતા થકા શ્રીનીલકંઠ બ્રહ્મચારી ઉત્તરમુખે ચાલ્યા, તે કાળા પર્વતની તળેટીને પામ્યા.

❋ શ્રીહરિને શોધવા નીકળેલા મુમુક્ષુ બ્રાહ્મણની વાત :

તે તળેટીમાં એક ડોસી બ્રાહ્મણી તથા તેનો પુત્ર તેમની ભક્તિને આધીન થઈને બે માસ સુધી ત્યાં રહ્યા. અને પછી તે પોતાનો મિત્ર જે બ્રાહ્મણ તેને ભૂલવીને પોતે વનમાં ગયા. પછી તે બ્રાહ્મણે ખોળ્યા પણ તેને જડ્યા નહીં, ત્યારે ઉદાસ થકો ઘેર આવ્યો. ત્યારે તેની માતાએ પૂછ્યું જે, "બ્રહ્મચારી ક્યાં છે ?" ત્યારે કહે, "એ તો વનમાં ક્યાંય જતા રહ્યા ને મને જડ્યા નહીં." ત્યારે તેની માતાએ કહ્યું જે, "જો

બ્રહ્મચારીને ગોતી લાવે તો ખાવા આપું. ને ન તેડી લાવ તો હું પણ નહીં ખાઉં અને તને પણ ખાવા નહીં આપું." પછી એવી રીતનાં માતાનાં વચન સાંભળીને તે બ્રાહ્મણે પણ પ્રતિજ્ઞા કરી જે, 'જો બ્રહ્મચારી મળે તો અન્નજળ લેવું અને ન મળે તો ન લેવું.' એવી રીતની પ્રતિજ્ઞા કરીને ચાલ્યો. તે ખોળતાં ખોળતાં ત્રીજે દિવસ પોતાના ઘરે રહ્યા હતા, તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને દેખ્યા. અને દોડીને ગળે વળગીને રુદન કરવા લાગ્યો. ત્યારે તેમને નીલકંઠ બ્રહ્મચારીએ છાનો રાખ્યો, ને પોતે તેને જળ પાયું, ને પોતાની સાથે ભોજન કરાવ્યું.

પછી તે બ્રાહ્મણ બોલ્યો, "હે મહારાજ ! મારે ઘેર પધારો મારી માતા અન્ન ખાતી નથી, તે મરી જાશે." ત્યારે બ્રહ્મચારી કહે, "મરી જાશે તો ભગવાનના ધામમાં જાશે, પણ અમે તો પાછા વળવાના નથી." ત્યારે બ્રાહ્મણ કહે, "હું પણ તમારી સાથે આવીશ." ત્યારે બ્રહ્મચારીએ ઘણી ના પાડી પણ તે તો પાછો ન વળ્યો. ત્યારે નીલકંઠ બ્રહ્મચારી એક મહાવનમાં ઊંચા પથ્થર ઉપર ચડીને ધ્યાન ધરવા બેઠા. ત્યારે બ્રાહ્મણ પણ તે જ પથ્થર પર ચડીને બેઠો. અને તે પથ્થર ઉપર એક મનુષ્ય બેસે એટલો જ માગ હતો, પણ બ્રાહ્મણ જાણે જે, હું જો છેટે બેસું તો બ્રહ્મચારી જતા રહે. તે સારુ ત્યાં જ બેઠો.

તે એવી રીતે ત્રણ દિવસ ને ત્રણ રાત સુધી બેસી રહ્યો અને ચોથે દિવસે બ્રાહ્મણ બોલ્યો જે, "હે બ્રહ્મચારી ! મને બહુ તરસ લાગી છે ને ભૂખ પણ લાગી છે, માટે તમે આવો તો થોડેક છેટે બ્રાહ્મણનાં ઘર દેખાય છે, ત્યાં ભોજન કરીને પાછા આવીએ." ત્યારે બ્રહ્મચારી કહે, "જો તમારે જાવું હોય તો જાવ, પણ અમારે તો આવવું નથી." ત્યારે બ્રાહ્મણ કહે, "હું મરી જઈશ પણ તમારાથી જુદો પડવાનો નથી." એમ કહીને બેસી રહ્યો. પછી તે બ્રાહ્મણને ત્રણ દિવસના ઉપવાસ ને ઉજાગરા હતો, તેથી તેને નિદ્રા આવી ગઈ.

❊ હિમાલયે નીલકંઠવર્ણીને રસ્તો બતાવ્યો :

ત્યારે નીલકંઠ બ્રહ્મચારી તે બ્રાહ્મણ ન જાણે એવી રીતે તે પથ્થર ઉપરથી ઊતરીને ઉભાંગડ(રસ્તા વિના) ચાલ્યા, તે કાળા પર્વતની એક મોટી ખાઈ તેમાં ઊતરવા લાગ્યા. અને એક નદી આવી, તેને સામે પૂરે ઉત્તર દિશામાં ચાલ્યા, તે આગળ કાળો પર્વત આવ્યો. તે ઉત્તર, પૂર્વ ને પશ્ચિમ એ ત્રણે દિશાએ તો રસ્તો નહીં ને પહાડ આકાશને અડ્યો છે ! અને દક્ષિણ દિશામાં માર્ગ છે, પણ પોતાને પાછું ન વળવાનું નીમ છે.

પછી પોતે ચારે પડખે જોયું ત્યારે એક મોટો તાપ બળતો દેખ્યો. પછી પોતે તે તાપ બળે છે તેની પાસે ગયા. ત્યારે ત્યાં એક મોટો તાડ જેવડો પુરુષ સૂતો હતો, તેને પોતે જોયો. અને તે પુરુષને પોતે જગાડવા માંડ્યો પણ જાગ્યો નહીં. ત્યારે જે અગ્નિ બળતો હતો, તેમાંથી એક લાકડું લઈને તેના શરીરમાં ચાંપ્યું. ત્યારે તે પુરુષ આળસ મરડીને બેઠો થયો. અને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોઈને નમસ્કાર કરવા લાગ્યો. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "અમારે ઉત્તર દિશામાં જાવું છે, માટે રસ્તો બતાવો. અને આ અઘોર વનમાં રાત્રીના સમે તમે કોણ છો ? અને અહીં કેમ સૂતા છો ?"

ત્યારે તે પુરુષ બોલ્યો જે, "હે મહારાજ ! હું તો હિમાચલ પર્વત છું ને તમારાં દર્શન કરવા સારુ અહીં સૂતો હતો. અને ઉત્તરનો રસ્તો તો બીજા કોઈને જડે એવો નથી, પણ તમને તો જડશે. આ પહાડમાંથી પાણીની ધારા આવે છે તે મોટી ગુફા છે, તેમાં રસ્તો છે." એમ કહીને અદૃશ્ય થઈ ગયો. પછી ત્યાંથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી ગુફાને વિશે સામે પ્રવાહે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં બે પહોર થયા, ત્યારે ગુફા બહાર નીસર્યા, ત્યારે પ્રભાત થયું. અને તે ગુફાની આગળ મોટો ધરો છે. તેમાંથી તે ગુફામાં પાણી જાય છે તે જોયું. અને તે ધરામાં સ્નાન કરીને સંધ્યાપૂજા કરીને ઉત્તરમુખે ચાલતા થયા.

❊ મુમુક્ષુ બ્રાહ્મણને જિજ્ઞાસાનંદસ્વામી બનાવ્યા :

હવે પેલો બ્રાહ્મણ પ્રભાત થયું ત્યારે જાગીને જુએ છે તો બ્રહ્મચારીને ન દેખ્યા. ત્યારે ઘણો વ્યાકુળ થયો અને ઘણો વિલાપ કરવા લાગ્યો. અને એવું જાણ્યું જે, 'એ બ્રહ્મચારી મને હવે નહીં મળે. માટે મારે પણ દેહ ન રાખવો.' એવી રીતનો ઠરાવ કરીને પૂર્ણપુરુષોત્તમ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તેના સ્વરૂપનું ધ્યાન કરતો થકો કાળા પર્વતને સમીપે રહેલી કાળી ગંગા તેમાં પડીને પ્રાણ ત્યાગ કરવા ગયો. તે સમે આકાશવાણી થઈ જે, 'હે બ્રાહ્મણ ! તું દેહનો ત્યાગ ન કરીશ. તને એ બ્રહ્મચારી પશ્ચિમ દેશમાં મળશે.'

એવી રીતની વાણીને સાંભળીને પશ્ચિમ દિશામાં ચાલ્યો. તે ફરતાં ફરતાં બ્રહ્માવર્તમાં આવ્યો. અને જે જે તીર્થવાસી મળે તેને શ્રીનીલકંઠ બ્રહ્મચારીની ખબર પૂછતો. તે સમયમાં તેને શ્રીજીમહારાજના એકાંતિક સંત ને મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆનંદાનંદસ્વામી તે ઘણાક શિષ્યોએ વીંટાણા થકા મળ્યા. અને તે બ્રાહ્મણને શ્રીનીલકંઠ બ્રહ્મચારીની વાત કહીને શાંતિને પમાડ્યા. પછી તે આનંદસ્વામી ભેળો પશ્ચિમ દેશમાં દુર્ગપુરમાં આવ્યો. ને મહારાજને ઓળખ્યા ને મહારાજ પાસે રહ્યો. ને મહારાજે તેમને પરમહંસ કર્યા ને **જિજ્ઞાસાનંદસ્વામી** નામ પાડ્યું. એવા મહારાજના મિત્ર એકાંતિક મુક્ત તેનું આખ્યાન કહ્યું.

અને જિજ્ઞાસાનંદસ્વામીનાં માતા હતાં, તેણે મહારાજ પોતાના ઘેરથી ચાલ્યા તે દિવસથી અન્નજળનો ત્યાગ કર્યો હતો. એ ડોસીને મહારાજ પોતાના અક્ષરધામમાં તેડી ગયા. એવી રીતે અનેક જીવનો ઉદ્ધાર કરતા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે ઉત્તર દિશાને વિશે ચાલતા થકા **નેપાળ** દેશને ઉલ્લંઘન કરીને **ભૂતાન** દેશને પામ્યા. અને ભૂતાન દેશમાં ગલકી(ગંડકી) નદી છે, જેમાં શાલગ્રામ થાય છે. તેને કાંઠે ચાલતા થકા **તાતાપાણી** નામે જે તીર્થ તેને પામ્યા.

❊ નીલકંઠવર્ણીની પુલહાશ્રમમાં તપશ્ચર્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે બરફના પહાડ જે હિમાચલ તેને પામ્યા. અને તે હિમાચલમાં મુક્તિક્ષેત્ર કહેવાય છે, ને જ્યાં ભરતજીએ તપસ્યા કરી છે અને જેને **પુલહાશ્રમ** કહે છે, તે જગ્યાને પામ્યા. અને ત્યાં પશ્ચિમમુખે મુક્તનાથ મહાદેવનું દેવળ છે. તેની ચારે પાસે જળની સાત ધારાઓ પડે છે ને તે જળ ત્યાં જ ગુપ્ત થઈ જાય છે. અને ત્યાંથી થોડે છેટે ઉત્તર દિશામાં નરસિંહજીનું મોટું મંદિર છે. તેમાં ચતુર્ભુજ ને ઊર્ધ્વબાહુ એવા નરસિંહજીની મોટી મૂર્તિ છે ને તે દક્ષિણમુખે છે. અને તે પછવાડે એક પરથાર છે. તેના ઉપર ભરતજીની તથા પુલહ આદિ નવ પ્રજાપતિ તથા નારદ, વ્યાસ આદિ ઋષિની મૂર્તિઓ છે. અને તેથી આથમણી દિશાએ એક મોટી ધર્મશાળા છે, તેમાં પોતે નિવાસ કર્યો.

અને તે જગ્યાએ નિત્ય વરસાદ થાય છે ને ઘણી ટાઢ પડે છે. માટે કોઈ તીર્થવાસી મોટા સિદ્ધ હોય તેથી પણ એક દિવસ ઉપરાંત રહેવાતું નથી. ત્યાં બીજી જગ્યાએ શ્રીનીલકંઠ બ્રહ્મચારી વસ્ત્ર રહિત એવા એક પગે બાહુ ઊર્ધ્વ કરીને તપસ્યા કરવા લાગ્યા. નીલકંઠ બ્રહ્મચારીને એવી રીતે તપસ્યા કરતા જોઈને ત્યાંના રહેનાર મનુષ્ય કહેવા લાગ્યા જે, "આ મનુષ્ય નથી, કોઈ મોટા દેવ છે, કાં તો શિવ કે સનકાદિક છે, ને કાં તો સ્વામી કાર્તિક છે, ને કાં તો સાક્ષાત્ પોતે નારાયણમુનિ છે. તે વિના આવો પ્રતાપ ન હોય. અને જુઓ, બીજા તપસ્વી શાલીગ્રામને પાત્રમાં મેલીને કહે છે, 'મહારાજ ! આ તમારી જન્મભૂમિ છે. તે તમે જ સ્નાન કરો. અમારાથી તો આ જગ્યાએ સ્નાન નહીં થાય.' એ રીતે કહીને વહેલા ઊઠીને નાસી જાય છે, પણ કોઈને બે દિવસ રહેવાતું નથી. એવી વિકટ જગામાં કેવા ઉઘાડે શરીરે એક પગે ઊભા છે ! માટે આ તો નિશ્ચય જ નારાયણમુનિ જ છે." એવી રીતે સર્વે લોક કહેતા હતા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીહરિ ગૃહત્યાગ કરી વનવિચરણ કરતા પુલહાશ્રમ પધાર્યા,' એ નામે છઠ્ઠો વિશ્રામ ॥૬॥

વિશ્રામ - ૭

શ્રીહરિ પુલહાશ્રમથી વિચરણ કરતા જગન્નાથપુરી પધાર્યા.

❊ સૂર્યનારાયણ થકી વર પામ્યા :

હવે એ રીતે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તપસ્યા કરતા હતા. એક માસ થયો ત્યારે ગાયત્રીજપ થકી શ્રીસૂર્યનારાયણ પ્રસન્ન થયા. અને મૂર્તિમાન આવીને સન્મુખ ઊભા રહ્યા. અને બોલ્યા, "હે મહારાજ ! મને કેમ બોલાવ્યો ? જે કામ હોય તે મને કહો." ત્યારે નીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, "કામદેવ થકી મારી રક્ષા કરજો. અને જ્યારે સંભારું ત્યારે મારી પાસે આવજો." **ત્યારે સૂર્ય બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્ અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છો.** માટે તમારી હું શી રક્ષા કરું ? પણ તમે મનુષ્યદેહ ધારણ કર્યો છે, માટે બીજા મનુષ્યના ઉપદેશને સારુ આવી ક્રિયાનું આચરણ કરો છો. અને સૂર્ય, ચંદ્ર, નવગ્રહ, ઈન્દ્ર, કુબેર, વરુણ, યમ અને શિવબ્રહ્માદિક સર્વે જે લોકપાલ તે તમારી આજ્ઞામાં વર્તે છે.

માટે હે મહારાજ ! જે તમારું ભજન કરશે ને તમારા આશ્રિત થશે તેને કામક્રોધાદિક શત્રુ તથા માયા પરાભવ નહીં કરે. અને જ્યાં તમે સંભારશો ત્યાં હાજર રહીશ." એવી રીતે વર આપીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને નમસ્કાર કરીને સૂર્યનારાયણ અંતર્ધાન થઈ ગયા. એવી રીતે સૂર્યનારાયણ થકી વર પામીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાના વ્રતની

સમાપ્તિ કરી અને પારણા કર્યા. પછી તે આશ્રમને નમસ્કાર કરીને તે પહાડથી હેઠા ઊતર્યા ને ગંડકી નદીને કિનારે ચાલતા થયા.

❊ ગોપાળયોગીને પોતાનો નિશ્ચય કરાવી સ્વધામ આપ્યું :

પછી કેટલેક દિવસે મોદી-વેણીને પામ્યા. તે બે નદીની તળેટીમાં એક ઘણીક વડવાઈથી શોભાયમાન મોટો વડ હતો. તેની હેઠે એક જોગી બેઠા હતા. તેને શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ દેખ્યા. અને તે જોગીએ પણ જ્યારે બ્રહ્મચારીને દેખ્યા ત્યારે તત્કાલ પોતાના આસન ઉપરથી ઊઠીને સન્મુખ આવીને મળ્યા. પછી બ્રહ્મચારીનો હાથ ઝાલીને પોતાના આસન ઉપર બેસાડ્યા ને કુશળક્ષેમના પ્રશ્ન પૂછ્યા. અને ગોપાળજોગીએ અન્નજળથી બ્રહ્મચારીની સેવા કરી. અને તે વડને હેઠે પર્ણકુટી કરીને તેમાં પોતાના ઠાકોર રાધાકૃષ્ણને પધરાવ્યા છે. તે ભેળા નીલકંઠ બ્રહ્મચારીના ઠાકોર જે બાલમુકુંદ જે શાલગ્રામ તેને પધરાવ્યા.

પછી પોતે મૃગછાલા બિછાવીને બેઠા. અને પોતે જેવી રીતે તપસ્યા કરીને સૂર્યદેવને પ્રસન્ન કર્યા, તે સર્વે વિસ્તારીને ગોપાલજોગીને કહ્યું. અને તે જોગી પાસે અષ્ટાંગયોગ શીખવા લાગ્યા. અને તે જોગી જે જે આસન એક ફેરો કરી બતાવે, તેને પોતે શીખી લેતા હતા. અને ઊલટી, બસ્તિ, શંખપ્રક્ષાલન, ધોતી, નલક્રિયાદિક જે જે જોગક્રિયા કરે છે, તેને તત્કાલ શીખીને કરી બતાવતા હતા.

અને તે મોદીગંગાને કાંઠે નાના પ્રકારનાં ફૂલઝાડ હતાં, તથા જે કેળો, આંબા, દ્રાક્ષ, અંજીર, દાડમ, સીતાફળ, ફણસ આદિ ફળ હતાં, તે લાવીને ઠાકોરને નૈવેદ્ય કરીને પોતે જમતા હતા. અને તે ગંગાને કાંઠે બ્રાહ્મણોના ગાયોના નેહડા હતા. તે બ્રહ્મચારીને સારુ ને ગોપાલજોગીને સારુ દહીં, દૂધ, માખણ, મધ, પૂવા આદિ લાવતા હતા. તેને ઠાકોરને ધરીને પોતે જમતા હતા. અને તે જોગીને વિશે ગુરુભાવ રાખીને તેમની

સેવા કરતા હતા. અને તે જોગી બ્રહ્મચારીને પોતાના ઈષ્ટદેવ જે કૃષ્ણ પરમાત્મા તે રૂપે જાણીને તેમની સેવા કરતા હતા.

એક સમયને વિશે તે ગંગાને કિનારે ગાયોના નેહડામાં વાઘ આવ્યો ને ઘણાંક પશુનો નાશ કર્યો. ત્યારે નેહડાવાળા તે બ્રહ્મચારી તથા જોગીની પાસે આવ્યા ને કહ્યું જે, “હે મહારાજ ! વાઘ અમને ઘણું દુઃખ દે છે. માટે હવેથી અમારે અહીં નહીં રહેવાય. માટે તમે અમારી રક્ષા કરો.” એવી રીતે ઘણીક પ્રાર્થના કરી. ત્યારે તે ગોપાલજોગીએ મોટો શંખ લઈને ટેકરી ઉપર ચડીને શંખનાદ કર્યો. તેથી સર્વે હિંસક જાનવર નાસી ગયાં. અને તે તટના રહેનારા સર્વે મનુષ્ય ઘણા ખુશી થયા. અને ગોપાલજોગી તથા નીલકંઠ બ્રહ્મચારીની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી.

એક સમયને વિશે તે જોગી માનસી પૂજા કરતા હતા. તે સમયે રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં. અને પોતે જ્યારે નેત્ર ઉઘાડીને જુએ છે, તોપણ તે જ સ્વરૂપને દેખ્યું. પછી થોડીવાર થઈ ત્યારે શ્રીકૃષ્ણનું સ્વરૂપ શ્રીનીલકંઠ બ્રહ્મચારીના સ્વરૂપમાં લીન થઈ ગયું. તે જોઈને જોગી આશ્ચર્ય પામ્યા. પછી પોતે પોતાના શરીરનો થોડા કાળમાં નાશ થવાનો જાણીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને પૂછ્યું જે, “હે બ્રહ્મચારી ! તમે તો સર્વજ્ઞ છો. માટે મને યથાર્થ કહો જે, જ્યારથી તમે મારી પાસે આવ્યા છો, ત્યારથી જ હું તમને શ્રીકૃષ્ણ જેવા જાણું છું અને તેવા જ દેખું છું. અને વળી આજ પ્રભાતે માનસી પૂજા કરતાં મને રાધાકૃષ્ણનાં દર્શન થયાં અને તે સ્વરૂપ તમારી મૂર્તિમાં લીન થઈ ગયું તેનું શું કારણ છે ? તે મને યથાર્થ કહો.”

એવી રીતનાં જોગીનાં વચન સાંભળીને મંદમંદ હસતા શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાના સ્વરૂપનો સાક્ષાત્ નિશ્ચય કરાવ્યો. અને તે પછી ગોપાલજોગી અક્ષરધામના પતિ એવા જે પુરુષોત્તમ શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે પોતાને સમીપે રહ્યા, તે મૂર્તિનું ધ્યાન કરી નિઃસંશય થકા દેહનો ત્યાગ

કરીને અક્ષરધામમાં ગયા. અને અખંડ મહારાજની સેવામાં રહ્યા. પછી જોગીની ઉત્તરક્રિયા તે નીલકંઠ બ્રહ્મચારીએ ઘણાક બ્રાહ્મણોને બોલાવીને કરાવી. અને સત્શાસ્ત્રનો ઉપદેશ કરીને સર્વે જનનો શોક નિવારણ કર્યો. ત્યારપછી થોડા દિવસ ત્યાં રહીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી મોદીગંગાનો ઝૂલો(પુલ) ઊતરીને પૂર્વ દિશાને વિશે ચાલ્યા. તે ચાલતે ચાલતે કેટલેક દિવસે **ઉત્તરકાશી જે પોખરા** નામે શહેર તેને પામ્યા.

☼ સિરપુરમાં રાજા તથા સિદ્ધો શ્રીહરિના આશ્રિત થયા :

તે શહેરમાં ઘણીક વેદવિદ્યાની શાળાઓ જોઈ. અને ઘણાંક રુદ્રાક્ષનાં વૃક્ષ જોતા થકા તે શહેરને સમીપે રહી જે સતીગંગા તેને ઊતરીને પૂર્વદિશાને વિશે ચાલ્યા. અને તે ચાલતાં ચાલતાં કેટલેક દિવસે નારાયણીગંગા તથા બુટીગંગા તથા ત્રિશૂલીગંગા તેને ઊતરીને કેટલાક પહાડને ઉલ્લંઘન કરીને **સિરપુર** નામે શહેરને પામ્યા. અને તે શહેરનો સિદ્ધવલ્લભ નામે જે રાજા તેણે પ્રાર્થનાને કર્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે ચોમાસાના ચાર મહિના ત્યાં નિવાસ કરીને રહ્યા.

અને તે શહેરને વિશે તૈલંગ દેશનો એક બ્રાહ્મણ વેદશાસ્ત્રનો ભણેલો હતો. તેણે રાજા પાસેથી હસ્તી આદિકનું મહાદાન લીધું. તેણે કરીને તરત શ્યામવર્ણ થઈ ગયો. અને તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિને સારુ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો. ત્યારે પોતાને સામર્થ્યે કરીને તે બ્રાહ્મણનો દોષ નિવારણ કર્યો. ત્યારે તે બ્રાહ્મણ કાળો મટીને પ્રથમના જેવો ગૌર વર્ણ થયો.

એવી રીતનો ઘણોક વર્ણીનો પ્રતાપ જોઈને તે રાજા મહારાજનો શિષ્ય થયો. અને વર્ણીને શરીરનું ભાન નથી, અને અનિમેષ દૃષ્ટિ છે, તેથી રાજાએ એક ગોપાલદાસ નામના સાધુને વર્ણીની સેવામાં રાખ્યો. અને બીજા પણ ઘણાક મહારાજના શિષ્ય થયા. તે જોઈને બીજા ઘણાક અસુરાંશ તે શહેરમાં હતા, તે દાઝે બળવા લાગ્યા. અને તેમાં કેટલાક

તો વામી ને કૌલ મતવાળા હતા. તે મંત્રજંત્ર ને કૃત્યાઓ સાધીને સિદ્ધ કહેવાતા હતા ને લોકને ડરાવતા હતા. એવા કેટલાક મહામાની ને કપટી સિદ્ધ થઈને બેઠા હતા. તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને મારવાનો ઉપાય કરતા હતા.

તેવા સમયમાં ભારે વરસાદ થયો તેથી ઘણાંક ઘર પડી ગયાં અને ધર્મશાળા પણ પડી ગઈ, તેથી સર્વે સિદ્ધ નાશી ગયા. અને એક બ્રહ્મચારી બેસી રહ્યા. અને તે વરસાદ ત્રણ દિવસ સુધી વરસ્યો હતો. ચોથે દિવસે રાજાએ ખબર કાઢી ત્યારે સર્વે સિદ્ધ નાસી ગયા છે, ને એક બ્રહ્મચારી બેઠા છે અને શરીર ઉપર ચાર આંગળ રેતી ચડી છે, તોપણ ધ્યાનમાંથી ઊઠ્યા નહીં. તેને જોઈને રાજા તથા બીજા મનુષ્ય કહેવા લાગ્યા જે, "સિદ્ધ તો આ બ્રહ્મચારી ખરા ! તે બેસી રહ્યા છે અને બીજા પાખંડી હતા, તે સર્વે નાસી ગયા છે."

અને તે વાર પછી તે મહારાજના સેવક જે ગોપાળદાસ સાધુ તેણે આવીને રેતીમાંથી કાઢ્યા ને સારી જગ્યાને વિશે આસન કરાવ્યું. અને પોતે પાસે રહીને સેવા કરતો હતો. પછી માનભંગ થયા એવા જે બીજા સિદ્ધ તે બ્રહ્મચારીના ઉપર પોતાના જંત્રમંત્ર આદિક અભિચાર કરવા લાગ્યા, પણ તેણે કરીને કાંઈ પરાભવને ન પામ્યા. ત્યારે તે બ્રહ્મચારીનો સેવક ગોપાલદાસ સાધુ તેના ઉપર કાળભૈરવની મૂઠ નાંખી. તેણે કરીને તે સાધુ મૂર્છાગત થઈ ગયો.

ત્યારે રાજાએ સિદ્ધોને કહ્યું જે, "સાધુને કૃપા કરીને સાજો કરો." ત્યારે સિદ્ધ બોલ્યા જે, "બ્રહ્મચારીને કહો, તે સાજો કરે." ત્યારે રાજાએ બ્રહ્મચારીની પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! આ સાધુને સાજો કરો." ત્યારે બ્રહ્મચારીએ કૃપાદષ્ટિએ સામું જોયું, તેથી તે સાધુ તત્કાળ બેઠો થયો. અને મૂઠ નાખનાર સિદ્ધ પડી ગયો. અને મુખમાંથી રુધિરની ધારા ચાલી. પછી બીજા સિદ્ધ હતા, તે સર્વે મળીને પોતપોતાના

મંત્રજંત્ર કરવા લાગ્યા, તોપણ તેણે કરીને કાંઈ સિદ્ધિ ન થઈ. ત્યારે પોતાનું માન મેલીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યા. અને કહેવા લાગ્યા જે, “હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. અમે તો મહાપાપી જીવ છીએ. તે અમારા ગુના સામું જોશો મા. અને આ જે સિદ્ધ તેણે પાપ કર્યું, તે પાપે કરીને મૃત્યુતુલ્ય પડ્યો છે. તેને તમે કૃપા કરીને ઉઠાડો.”

ત્યારે મહાદયાળુ છે સ્વભાવ જેમનો એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ સિદ્ધોનાં વચન સાંભળીને પોતાની દૃષ્ટિમાત્રે કરીને તે સિદ્ધને ઉઠાડ્યો. પછી મૃત્યુમાંથી ઊઠેલો સિદ્ધ મહારાજના ચરણમાં આવીને પડ્યો. અને પછી બીજા સિદ્ધ પણ મહારાજની સેવા કરવા લાગ્યા. એવી રીતે પોતાને પ્રતાપે કરીને સર્વે સિદ્ધનો ગર્વ ઉતારીને પોતાના શિષ્ય કર્યા. પછી જ્યારે ચતુર્માસ વીત્યો ત્યારે સર્વે સિદ્ધ રાજા થકી વિદાયગીરી માગીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીની સાથે ચાલતા થયા. અને તે શહેર ત્રણ દેશની મધ્યે છે. તેમાં ઉત્તર ને પશ્ચિમ દિશામાં તો નેપાળ દેશ છે અને દક્ષિણ દિશામાં તીરોત દેશ જે જનકપુર જિલ્લો છે અને પૂર્વ દિશામાં બંગાળનો એક ભાગ જે કામરુ દેશ તે છે.

એવા શહેરથી ઘણાક સિદ્ધોએ વીંટાણા એવા વર્ણી તે પૂર્વ દિશા તરફ ચાલતા થયા. તે રસ્તામાં ઘણાક એવા જે **નાગાબુટિયા** તે જે તીર્થવાસી જાય તેને ખાઈ જાય છે, ને રસ્તો એક મનુષ્ય ચાલે તેટલો છે અને વળી રસ્તામાં ઘણાક વાઘ આદિ જાનવર છે. તેથી એ રસ્તે રાજા કોઈ તીર્થવાસીને એકલા જવા દેતા નથી. તે સારુ તે રાજાએ કેટલાક બરકમદાર સિપાઈને પણ વર્ણી સાથે મોકલ્યા. પછી તેણે સહિત શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **પરશુરામ કુંડ** નામે તીર્થને પામ્યા. ને ત્યાંથી પૂર્વ દિશાને વિશે ચાલ્યા, તે ઝાડી ઊતરીને રાજાના સિપાઈઓને રજા આપીને બીજા સિદ્ધે સહિત પોતે **આદિવારાહ** નામે તીર્થને પામ્યા.

❊ પીબેકનો પરાભવ :

પછી ત્યાંથી ચાલ્યા તે **કામાક્ષીદેવી**ને સમીપે એક શહેર હતું, તેની પાસે જે એક બગીચો હતો, તેમાં સિદ્ધે સહિત નીલકંઠ બ્રહ્મચારીએ ઉતારો કર્યો. તે શહેરમાં કાલી ને ભૈરવનો ઉપાસક **પીબેક** નામે બ્રાહ્મણ રહેતો હતો. તે આવીને કહેવા લાગ્યો જે, "તમે સર્વે તમારા મતપંથનો ત્યાગ કરો ને મારા શિષ્ય થાઓ, નહીં તો હું સર્વેને મારી નાખીશ." એવાં તેનાં વચન સાંભળીને બીજા સર્વે સિદ્ધ ડરી ગયા ને કહેવા લાગ્યા જે, "એણે કેટલાક ભેખધારીને જીતીને પોતાના શિષ્ય કર્યા છે. માટે આપણને પણ નહીં જાવા દે. તે સારુ આપણે પણ તેના શિષ્ય થઈએ તો જીવતા રહીએ."

ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "સિદ્ધો ! તમે સર્વે મારી વાંસે બેસો. એના જંત્રમંત્રથી અમે નથી બીતા." એમ કહીને પોતે વીરઆસને બેઠા. અને સર્વે સિદ્ધ કહે જે, "હે બ્રાહ્મણ ! બ્રહ્મચારી અમારા મહંત છે. માટે જે પૂછવું હોય તે તેમને પૂછ." પછી તે બ્રાહ્મણે ઘણુંક પોતાનું જે જંત્રમંત્ર તે કર્યું, પણ બ્રહ્મચારીનો પરાભવ ન થયો. ત્યારે ફરીથી મહાકાલીને મોકલી. ત્યારે તે મહાકાલીએ આવીને નમસ્કાર કર્યા અને પાછી જતી રહી. અને તે કેડે તેણે પાછો બટુક-ભૈરવને મોકલ્યો. ત્યારે ભૈરવ બ્રહ્મચારીના તેજથી બળવા લાગ્યો. ને પાસે ન અવાયું, તેથી પાછા ફરીને તે મોકલનાર બ્રાહ્મણને પકડ્યો અને ઊંધે માથે પછાડ્યો. અને તેનું માથું ધૂળમાં પેસી ગયું ને મોઢામાંથી રુધિરની ધારા ચાલી નીસરી ને મૃત જેવો થઈને પડ્યો.

ત્યારે સર્વે સિદ્ધ કહેવા લાગ્યા જે, "આજ આપણને બ્રહ્મચારીએ જીવતા રાખ્યા, નહીં તો આ પાપી સર્વેના પ્રાણ લેત." એવી રીતે વાત કરે છે. તે સમયમાં તે બ્રાહ્મણની સ્ત્રી તથા બીજા તેમના સંબંધી તે સર્વે વિલાપ કરતા થકા નીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યા. અને

પ્રાર્થના કરીને બોલ્યા જે, “હે મહારાજ ! એ પાપી તો એના પાપનું ફળ પામ્યો, પણ તમે તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. માટે અમારી ઉપર કૃપા કરીને એને ઉઠાડો અને હવેથી એ કોઈ દિવસ એવું કરશે નહીં.”

એવી રીતનાં તેના સંબંધીનાં વચન સાંભળીને દયાના સાગર એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ દષ્ટિમાત્રે કરીને પીબેકને ઉઠાડ્યો. ત્યારે તે ઊઠીને બ્રહ્મચારીને પગે લાગ્યો ને પ્રાર્થના કરી જે, “મેં તો તમારો ઘણો અપરાધ કર્યો છે, પણ તમે તો કોઈના ગુના સામું જોતા નથી, માટે મારા અપરાધ માફ કરજો. અને આજ સર્વે સિદ્ધને સારુ હું સીધું લાવું, તે દયા કરી જમો અને મહાપાપી ને મહાદુષ્ટ એવો જે હું તે મને પવિત્ર કરો.”

પછી તે સીધું લાવ્યો તેની રસોઈ કરીને સર્વે સિદ્ધો જમ્યા. પછી તે પીબેક પાછો રાત્રે ઘેર ગયો, ત્યારે તેની મતિ ફરી એટલે મદ્યમાંસ નૈવેદ્ય આપીને કાળભૈરવને પૂજવા લાગ્યો. ત્યારે તે ભૈરવ આવ્યો, તેને બ્રહ્મચારી ઉપર મોકલ્યો. ત્યારે તે આંબાના વૃક્ષ હેઠે વીરઆસને બેઠા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તેની પાસે આવ્યો. અને તે બ્રહ્મચારીના પ્રતાપ અને તેજથી બળવા લાગ્યો. તેથી આખી રાત છેટે બેસી રહ્યો.

પછી જ્યારે પ્રભાત થયું ત્યારે તેના સામે દષ્ટિ કરી એટલે તે ભૈરવ ધ્રૂજવા લાગ્યો. પછી મહારાજે સિદ્ધોને કહ્યું જે, “જુઓ, આ પીબેકનો મોકલેલો ભૈરવ તમારી સેવા કરવા આવ્યો છે.” પછી તેને બધા સિદ્ધોએ દેખ્યો. તે મોટા તાડ જેવડો ઊંચો ને નગ્ન હતો અને માથે લાંબી જટા હતી. ને ત્રિશૂળ, ડમરુ, ખપર ને મનુષ્યનું મસ્તક એ ચાર હાથમાં ચાર ધારણ કર્યાં હતાં ને છેટે ઊભો હતો. પછી તે ભૈરવ બોલ્યો કે, “હવે હું તે બ્રાહ્મણને મારીશ.” ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “એ બ્રાહ્મણને ન મારીશ. કેમ જે, આ સિદ્ધોએ એમનું અન્ન ખાધું છે, માટે તારે એની રક્ષા કરવી.”

પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારીનાં વચન સાંભળીને નમસ્કાર કરીને ગયો. અને તે બ્રાહ્મણને કહ્યું જે, "આજ તારું તો મોત આવ્યું હતું, પણ બ્રહ્મચારીએ ના પાડી છે, એટલે તને જવા દઉં છું." એમ કહીને ભૈરવ ગયો. ત્યારે પીબેકને ઘણો પરિતાપ થયો અને પોતાનો અપરાધ ક્ષમા કરાવવા સારુ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો. ને પોતાની અણસમજણનો ત્યાગ કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીનો શિષ્ય થયો. અને ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા ગ્રહણ કરી અને તુલસીની બેવડી કંઠી ને ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું. અને ગીતા, ભાગવત આદિક સત્શાસ્ત્રને વાંચવા લાગ્યો. અને તેના વામમાર્ગના ગ્રંથ ને કૌલાર્ણવ, કાલીતંત્ર, ભૈરવતંત્ર, કુમારીતંત્ર, નવકન્યાતંત્ર એ આદિક ઘણા બીજા જે વામધર્મના ગ્રંથ હતા, તે સર્વે બાળી નાખ્યા અને શુદ્ધ વિષ્ણુભક્ત થઈ ગયો. એવી રીતે પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાંથી એકલા જ ઉત્તર દિશાને વિશે ચાલ્યા.

❊ નવલાખ સિદ્ધોનો મોક્ષ કર્યો :

પછી ચાલતે થકે કેટલેક દિવસે **નવલખા પર્વત**ને પામ્યા. અને તે નવલખા પર્વતને વિશે નવલાખ સિદ્ધ રહ્યા છે, તેનું દર્શન કોઈ મનુષ્યને નથી થાતું. એવા સિદ્ધ તે સર્વેને એકકાળે નીલકંઠ બ્રહ્મચારી મળ્યા અને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને દિવ્યગતિને પમાડ્યા. અને તે નવલખાને વિશે નવલાખ ટાઢા-ઊના પાણીના કુંડ છે અને નવલાખ અગ્નિની ધૂણીઓ બળે છે. એવા નવલખાને પોતે જોયો.

અને તેથી ઉત્તરમાં ચંદ્રમાની પેઠે **રામકોટ** ઝળકી રહ્યો છે. ત્યાં જવાનું મન કર્યું પણ ન ગયા. પછી નવલખા ઉપરથી હેઠા ઊતર્યા. અને તે ઝાડીમાં રસ્તો નથી, માટે હાથી પાણી પીવા જાય છે તે રસ્તે ચાલ્યા. અને તેની નીચે **કામરુ** દેશનો ત્યાગ કરીને **કમછા** દેશ મેલીને **કલિંગ દેશને** પામ્યા. અને તે દેશમાં રહેલા **બાલવાકુંડ** નામે તીર્થને પામ્યા.

અને ત્યાંથી **વંગ** દેશનો ત્યાગ કરીને **ગૌડ** દેશને પામ્યા. અને તે **ગૌડ** દેશને વિશે નદિયા **શાંતિપુર** નામે શહેરને જોયું.

અને ત્યાંથી ચાલ્યા, તે **બંગ દેશને** વિષે આવ્યા. ને ત્યાંથી **ગંગાસાગરને** પામ્યા. અને ત્યાંથી નાવમાં બેસીને ગંગાને ઊતરીને **સુંદરવનને** પામ્યા. અને ત્યાં શ્રીકપિલદેવ ભગવાનની મૂર્તિનાં દર્શન કરતા થકા બે માસ સુધી રહ્યા. અને ત્યાંથી નાવમાં બેસીને સમુદ્રની ખાડી ઊતરીને **સાધી** નામે શહેરને પામ્યા. અને ત્યાંથી **નીલગીરી** પ્રાંત ઉલ્લંઘન કરીને **મહાનદ**ને પામ્યા. અને નાવમાં બેસીને તે મહાનદ ઊતરીને **ઓરિસા** દેશને પામ્યા. અને ત્યાંથી ચાલતે થકે **સાક્ષીગોપાલ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને **શ્રીજગન્નાથ** પ્રત્યે પધાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીહરિ પુલહાશ્રમથી વિચરણ કરતા જગન્નાથપુરી પધાર્યા,' એ નામે સાતમો વિશ્રામ ॥૭॥

વિશ્રામ - ૮

જગન્નાથપુરીથી તીર્થાટન કરતા કરતા લોજ પધાર્યા.

❊ જગન્નાથપુરીમાં પૃથ્વીનો ભાર ઉતાર્યો :

જગન્નાથપુરીની પાસે **ઈન્દ્રદ્યુમ્ન** નામે સરોવર છે. તે સરોવરને કિનારે નાના પ્રકારનાં વૃક્ષ શોભી રહ્યાં છે, અને તીર્થવાસીને સારુ ઘણીક ધર્મશાળાઓ બનાવેલી છે, અને નાના પ્રકારના બાગ, બગીચા છે, અને તેમાં નાના પ્રકારનાં પક્ષી શબ્દ કરી રહ્યાં છે; એવા ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કાંઠે શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ નિવાસ કર્યો. અને નિત્યે શ્રીજગન્નાથજીનાં દર્શન કરતા અને તે મૂર્તિને વિષે રહીને તે પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ જોતા હતા.

અને તે સરોવરને કિનારે કેટલાક અસુરાંશ ગુરુ જે વૈરાગી તેની ઘણીક જમાતો ઊતરી હતી. તેમાંથી એક વૈરાગીએ કહ્યું જે, "બ્રહ્મચારી, તમે તાંદળજાની ભાજી વીણી લાવો." ત્યારે બ્રહ્મચારી કહે, "એ તો અમે નહિ લાવીએ." ત્યારે તે વૈરાગીએ તલવાર કાઢીને ડારો દીધો. તેને જોઈને બીજો વૈરાગી તેને વારવા લાગ્યો. ત્યારે તે બેઉને માંહેમાંહી લડાઈ થઈ. અને પછી પક્ષાપક્ષી કારણે ઘણી મોટી લડાઈ થઈ. તેમાં કેટલાક કપાઈને મરી ગયા. તે ઉપર ધર્માખ્યાનનું પદ જે,

"એમ આપ ઈચ્છાયે કરી શ્રીહરિ, ભૂ તણો ભાર ઉતારી નાખ્યો;
કહે છે મુક્તાનંદ અસુર અધર્મ હણી, ધર્મપરિવારનો રંગ રાખ્યો.
પુરુષોત્તમપુરીને વિષે શ્રીહરિ વર્ણિવેશ દૃઢ વ્રતધારી."

એવી રીતે પૃથ્વીનો ભાર ઉતારીને પશ્ચિમ દિશાને વિષે ચાલ્યા. ત્યાંથી વીસ કોસ ઉપર એક મહાનદ આવ્યો. તેમાં પોતાનું શરીર તણાતું મેલ્યું. તે ચાર ગાઉ સુધી ખારું પાણી તરીને સામે પાર ગયા. અને ત્યાંથી દક્ષિણમાં તિલંગ દેશને પામ્યા. અને ત્યાંથી શ્રીનીલકંઠ

બ્રહ્મચારી ચાલ્યા તે **આદિકુર્મ** નામે વિષ્ણુને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ગોદાવરી** નદીને તથા **કૃષ્ણવેણી** નામે નદીને ઊતરીને **પાનાનરસિંહ** નામે તીર્થને પામ્યા.

પછી ત્યાંથી **માનસપુર**ને પામ્યા. તે શહેરનો સતધર્મા નામે રાજા તે મહારાજનો શિષ્ય થયો. તે રાજા શિષ્ય થયો એ જાણીને બીજા ઘણા અસુરાંશ હતા તે બળવા લાગ્યા. અને તે ગામથી ઉત્તર દિશામાં તળાવની પાળે આંબલીઓ હતી, ત્યાં બ્રહ્મચારીનું આસન હતું, તે ઉપર અસુરો રાતે પથરા ફેંકવા લાગ્યા. અને તે બ્રહ્મચારીના આસનની ચારે કોરે એક હાથ ઊંચો પથ્થરનો ગંજ થઈ ગયો. પછી પ્રભાતે જાણ થતાં રાજાએ આવીને પથ્થરનો ગંજ જોયો. અને સિપાઈઓને પથ્થર ફેંકનાર અસુરોને મારી નાખવાનો હુકમ આપ્યો. ત્યારે તે વાત જાણીને સર્વે અસુર નાસી ગયા.

પછી તે રાજાના અસવારો તેની વાંસે ચડ્યા અને કહ્યું જે, "બાવાજી ! ઘી ને સાકર ઊડુ ઊડુ." એટલે તૈલંગી ભાષામાં એમ કહ્યું જે, "તમને રાજા ઘણું ઘણું ઘી-સાકર જમાડીને વિદાયગીરી આપવા સારુ બોલાવે છે." એમ કહીને પાછા વાળીને ઘોડાની ઘુમરમાં ઘાલીને મારવા લાગ્યા. એ ઉપર ભક્તચિંતામણિની ચોપાઈ જે,

કહ્યું લ્યો ઊભા રો' ઉડું ઉડું[1], એમ કહીને કાપિયું મૂંડું

એવી રીતે રાજા દ્વારા પૃથ્વીનો ભાર ઉતરાવીને રાજાએ પૂજેલા શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાંથી ચાલ્યા, તે કેટલેક દિવસે **તિલંગ** દેશને ઉલ્લંઘીને **અરવા** દેશમાં **ત્રિપદી** નામે શહેરને પામ્યા. અને તે **ત્રિપદી**ને વિષે હળ ને મુશળ ધારણ કરતા અને સૂતેલા એવા જે **બાલાજી** નામે ઠાકુર તેનાં દર્શન કર્યાં. અને તેથી ઉત્તર દિશાને વિષે **વૈકુંઠ અદ્રિ** તથા

૧.વર્ણસંકર માટે તિરસ્કારભર્યો શબ્દ છે.

બાલાજીનો પહાડ તેના ઉપર જે શંખ, ચક્ર, હળ ને મુશળ તેને ધારણ કરનારા એવા જે **બાલાજી** તેનાં દર્શન કરીને ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલ્યા. તે કેટલેક દિવસે કરીને **સ્વામી કાર્તિક** તીર્થને પામ્યા.

અને ત્યાંથી **શિવકાંચી** ને **વિષ્ણુકાંચી** તેને પામ્યા. અને ત્યાંથી **ભૂતપુરી** જે **રામાનુજાચાર્ય**ની જન્મભૂમિનું ગામ તેને પામ્યા. ત્યાંથી **ચિંનાપટણ**(ચનહટ) નામે શહેરને પામ્યા. ત્યાંથી **ફૂલઝરી** નામે શહેરને સમીપે રહી એવી જે ઉત્તર **કાવેરી** નામે નદી તેને ઊતરીને **ચોલ** દેશને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે દક્ષિણ પ્રયાગ તથા દક્ષિણ કાશીને પામ્યા. અને ત્યાંથી **શ્રીરંગક્ષેત્ર** નામે તીર્થને પામ્યા. અને ત્યાંથી દક્ષિણ **અયોધ્યા** તથા દક્ષિણ **દ્વારિકા**ને પામ્યા. એવી રીતે **ચોલ** દેશને ઉલંઘીને **દ્રાવિડ** દેશને વિષે જે **દેવીપટણા** તેને પામ્યા. ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **હરબોલા** નામે સમુદ્રની ખાડી તેને વહાણમાં બેસીને ઊતર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **સેતુબંધ રામેશ્વર** મહાદેવ તેનાં દર્શન કર્યાં. ત્યાંથી ચાલ્યા તે સાત કોશ ઉપર જે **ધનુષતીર્થ** ત્યાં જઈને સ્નાન કર્યું અને સેતુનાં દર્શન કર્યાં. અને ત્યાંથી ચાલ્યા તે સમુદ્રની ખાડીને ઊતરીને **દર્ભશયન** તથા **ટિકરનાથ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કર્યાં. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **મધરા**(મદુરા) નામે જે શહેર તેથી ઉત્તરમાં જે ઋષભદેવ જેને અલગરસ્વામી કહે છે, તેને પામ્યા. અને ત્યાંથી **તોતાદ્રિ**ને રસ્તે ચાલ્યા, તે માર્ગને મેલીને ઉભાંગડે(રસ્તા વિના) ચાલતા થકા મહાઘોર વનને પામ્યા.

✲ શિવ-પાર્વતીએ સાથવો જમાડ્યો :

તે વનને વિષે ત્રણ દિવસ ચાલ્યા તોપણ ક્યાંય અન્નજળ ન પામ્યા. પછી ચોથે દિવસે મધ્યાહ્ન સમે એક કૂપ આવ્યો. તેમાંથી કઠારીથી જળને કાઢીને પોતે સ્નાન કર્યું. ને નિત્યવિધિ કરતા થકા શાલીગ્રામને પાત્રમાં મેલીને કમંડળુની ધારા કરી. તે સર્વે જળ શાલીગ્રામજી પી ગયા. પછી

જાણ્યું જે, ઠાકોર તરસ્યા છે, તેથી સાત-આઠ કઠારી કાઢીને રેડી, તે સર્વે પી ગયા. પછી જળ પીને તૃપ્ત થયા એવા જે શાલીગ્રામ તેમની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. અને એમ વિચાર કર્યો જે, 'શાલીગ્રામને આટલી તરસ હતી, ત્યારે ભૂખ પણ હશે ખરી. અને આપણી પાસે કાંઈ નથી, માટે શેનું નૈવેદ્ય ધરીએ ?'

એમ વિચાર કરે છે. તેવા સમયમાં **શિવ** ને **પાર્વતી** કાપડીને વેષે પોઠિયા ઉપર બેસીને પ્રથમથી આવ્યાં હતાં, તેમણે નીલકંઠ બ્રહ્મચારીને શાલીગ્રામની પૂજા કરતા જોઈને તેમને સાથવો ને મીઠું આપ્યાં. અને એ સાથવો જળમાં ચોળીને વિષ્ણુને નૈવેદ્ય ધરીને પોતે જમ્યા. પછી શિવ ને પાર્વતી શ્રીનીલકંઠ બ્રહ્મચારીને નમસ્કાર કરીને કૈલાસમાં જતાં રહ્યાં.

પછી ત્યાંથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી ચાલ્યા તે શ્રી**વૈકુંઠ** નામે તીર્થને પામ્યા. અને તેને સમીપે રહેલી **તામ્રવર્ણી** નામે નદી તેને ઊતરીને **રામાનુજાચાર્ય**ની ગાદી જે **તોતાદ્રિ** તેને પામ્યા. અને ત્યાંથી નાની ગાદી જે લંબેનારાયણ તેને પામ્યા. અને ત્યાંથી **દ્રાવિડ** દેશ ઉલ્લંઘીને **મલબાર** દેશમાં **કન્યાકુમારી** નામે તીર્થને પામ્યા. અને ત્યાંથી **સુંદર મહાદેવ** નામે જે શિવજી તેને પામ્યા. અને ત્યાંથી **આદિકેશવ** નામે તીર્થને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **કૃતમાલા** નામે નદી ઊતરીને **મલબાર** દેશની રાજધાની જે રામરાજાનું શહેર **પદ્મનાભ** તેને પામ્યા. અને ત્યાંથી **પયસ્વિની** નદી ઊતરીને **જનાર્દન** તીર્થને પામ્યા. અને ત્યાંથી **દેવનારાયણ** નામે તીર્થને પામ્યા.

એવી રીતે મલબાર દેશ ઉલંઘન કરીને **ત્રિપુરા** નામે જે મોટી નદી તે ઊતરીને **બારમલાર** દેશને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **સુંદરરાજ** નામે વિષ્ણુને પામ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **કુટક** દેશમાં **કુટકાચલ** પર્વત છે, જેમાં પૂર્વે ઋષભદેવ ભગવાન અજગરવ્રત લઈને સૂતા હતા અને જેમાં ચંદન ને ગુલાબની ઝાડી છે,

તેને જોતા થકા **કર્ણાટક** દેશને પામ્યા. તે કર્ણાટકને વિષે **શ્રીરંગપટણ** નામે તીર્થને પામ્યા. ને ત્યાં **નરસિંહજી**નાં દર્શન કરીને **કાવેરી**માં સ્નાન કર્યું. પછી ત્યાંથી ચાલ્યા તે **મેલકોટા** નામે તીર્થને પામ્યા. અને ત્યાં **ચંપલરાય** નામે ઠાકુરનાં દર્શન કરીને **કલ્યાણીગંગા**માં સ્નાન કરીને ચાલ્યા તે **કાનડી** દેશને પામ્યા.

અને ત્યાંથી ચાલતા થકા કેટલેક દિવસે પહાડ ઉપર રહેલા **સ્વામી કાર્તિક** તીર્થને પામ્યા. અને ત્યાંથી **પંપાપુર**ને વિષે રહ્યા જે **પંપાપતિ મહાદેવ** તથા મા**તંગટેકરી** તથા **ચક્રતીર્થ** તથા **ફટીકશિલા** તેનાં દર્શન કરીને **તુંગભદ્રા** નદીમાં સ્નાન કરીને **કિષ્કિંધા**ને પામ્યા. અને ત્યાં પહાડની ગુફાને વિષે રહેલા શ્રીલક્ષ્મીનારાયણ તથા રામચંદ્રજી તેનાં દર્શન કરીને ચાલ્યા તે **શિવરી વન**ને પામ્યા. ત્યાંથી **મલિયાચલ** નામે જે **કુલગિરિ** તેને પામ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **કૃષ્ણાવેણી** નદીને ઊતરીને **મહારાષ્ટ્ર** દેશને પામ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **પંઢરપુર** શહેરમાં રહ્યા એવા જે **વિઠુબા** નામે વિષ્ણુ તેને ભેટીને, **ચંદ્રભાગા** નદીને વિશે સ્નાન કરીને ત્યાંથી ચાલ્યા તે **ત્રંબકેશ્વર મહાદેવ**નાં દર્શન કરીને **પંચવટી**ને પામ્યા. અને ત્યાં **ગોદાવરી**માં સ્નાન કરીને **નાસિક** પ્રત્યે આવ્યા.

❊ તીર્થોમાં વિચરણ કરતા શ્રીહરિ પીપલાણા પધાર્યા :

ત્યાંથી ચાલ્યા તે **તાપી** નદી ઊતરીને **નર્મદા, મહી** તથા **સાબરમતી** નદી ઊતરીને **ભાલ દેશને** ઉલ્લંઘન કરીને **ભીમનાથ મહાદેવ**નાં દર્શન કર્યાં. અને ત્યાંથી **ગોપનાથ** નામે શિવજીનાં દર્શન કરીને પંચતીર્થ કરતાં કરતાં ગામ **ઉના** પાસે કુંડ છે, ત્યાં થઈને ગામ **લોઢવે** પધાર્યા. અને ત્યાંથી ગામ **પીપલાણે** ગયા અને ત્યાં **નરસિંહ મહેતા** નામે ઉનેવાળ બ્રાહ્મણની પાસે જમ્યાનું માગ્યું. ત્યારે તેણે રૂડી રીતે જમાડ્યા. અને વળી એમ બોલ્યા જે, “આમ તપ કર્યે કલ્યાણ નહીં થાય.”

ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, "કેમ કરીએ ત્યારે કલ્યાણ થાય ?" ત્યારે નરસિંહ મહેતા બોલ્યા જે, "ઉદ્ધવજીનો અવતાર એવા જે શ્રીરામાનંદસ્વામી અને તેમના મળેલા જે સંત તે ગામ લોજમાં રહે છે. તેને જો મળો તો કલ્યાણ થાય." ત્યારે બ્રહ્મચારી કહે, "ઠીક, એમ જ અમે કરશું." એમ કહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **માંગરોળ** થઈને **સંવત્ ૧૮૫૬ના શ્રાવણ વદ-૬ ને દિવસ ગામ લોજમાં પધાર્યા.**

એવી રીતે ઊર્ધ્વપુંડ્ર તિલક, બેવડી તુલસીની કંઠી, જપમાળા, યજ્ઞોપવીત, જલગરણું, જલપાત્ર, શાલીગ્રામ ને બાલમુકુંદનો બટવો અને સાર-સારનો ગુટકો એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશને ધારણ કર્યો છે જેમણે એવા થકા કોઈ તીર્થમાં બે માસ ને કોઈ તીર્થમાં એક માસ ને ક્યાંય પંદર દિવસ ને ક્યાંય દશ દિવસ ને ક્યાંય પાંચ રાત્રિ ને ક્યાંય બે રાત્રિ એવી રીતે તીર્થને વિષે ફરતા થકા તે તે તીર્થને વિષે કુટુંબે સહિત નિવાસ કરી રહ્યો જે અધર્મ તેનો પોતાને પ્રતાપે નાશ કરાવ્યો. અને વળી પાખંડી ગુરુ જે અસુરાંશ કાળનેમી ને રાવણ જેવા હતા, તે ઉપર પદ જે -

ભેખ તો ભાવરથી ભૂંડા, મેલા અંતરમાં ઊંડા;
જેને વાંસે થાય તેનો કેડ ન મેલે, જેમ લશ્કરના લુંડા રે...ભે૦
ટકો પૈસો ને ટેલ ગામ ગામ માંગે, વળી ખેતર ખેતર ડુંડાં;
ધન ધૂતવા સારુ દેશમાં ફરે છે, જેમ મલકમાં મુંડાં રે...ભે૦

તથા સાખી

દ્વાપર સતજુગ ઠામે ત્રેતા, એ ત્રણેય યુગના દૈત;
તે કલજુગમાં સંત થયા છે, કુટુંબ કબીલા સહિત;
કુટુંબ કબીલા સહિત તે પાપી, ને વળી મત્યને રહ્યા છે આપી;
કહે ગોવિંદરામ ભેખ ધરીને રેતા, સતજુગ દ્વાપર ને ઠામે ત્રેતા,
એ ત્રણેય યુગના૦

એવા ભેખ તીરથમાં રહ્યા હતા. તેમને પરસ્પર લડાઈ કરાવીને મરાવ્યા. ને પૃથ્વીનો ભાર ઉતાર્યો. અને જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત એવો જે એકાંતિક ધર્મ તેનું સ્થાપન કરતા થકા ગામ લોજથી ઉત્તરાદી દિશાએ જે વાવ અને વડ, ત્યાં આવ્યા. તે સમે રામાનંદસ્વામીના શિષ્ય સુખાનંદસ્વામી નામે સાધુ નાવા સારુ તે વાવે આવ્યા. તેમણે વાવના પગથિયા ઉપર બેઠેલા ને મહાઅલૌકિક મૂર્તિ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તેને જોયા. અને અક્ષરધામનું અવિનાશી તેજ એ મૂર્તિને વિશે જણાણું. તેને જોઈને સુખાનંદસ્વામીએ પૂછ્યું જે, “હે મહારાજ ! અમારી જગ્યામાં પધારશો ?” ત્યારે મહારાજ કહે, “ચલો આવે.”

પછી તે જગ્યામાં પધાર્યા, ત્યારે મુક્તાનંદસ્વામી સન્મુખ બેઠા હતા. તેમની પાસે આવ્યા. ત્યારે સ્વામીએ સાદડી નાખી દેવા માંડી. ત્યારે મહારાજ બોલ્યા જે, “सत्यां क्षितौ किं कशिपोः प्रयासैः।”[1] ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “તુમારા ગુરુદ્વારા(સંપ્રદાય તથા સ્થાન) કુન હે ?” ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “गुरुर्न स स्यात् स्वजनो न स स्यात् पिता न स स्याज्जननी न सा स्यात् । दैवं न तत्स्यान्न पतिश्च सस्यान्न मोचयेद्यः समुपेतमृत्युम् ।।”[2] એવી રીતે કહીને બેઠા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘જગન્નાથપુરીથી તીર્થાટન કરતાં કરતાં લોજ પધાર્યા’ એ નામે આઠમો વિશ્રામ ॥૮॥

૧. બેસવા માટે પૃથ્વી છે જ, તો સાદડી પાથરવાની તસદી લેવાની શી જરૂર ? (ભાગ.૨/૨/૪)
૨. જે મને મૃત્યુ થકી ન બચાવે, તે મારા ગુરુ કે સગાં-સ્નેહીઓ નથી. (ભાગ.૫/૫/૧૮)

વિશ્રામ - ૯

લોજની લીલા, રામાનંદસ્વામીને મળ્યા, મહાદીક્ષા તથા પટ્ટાભિષેક

❊ વર્ણીએ મુક્તમુનિને પૂછેલા પ્રશ્નો :

એવી રીતે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે સાધુ ભેળા રહેવા લાગ્યા અને નાના પ્રકારના પ્રશ્નઉત્તર કરતા હતા. તે વિશે પદ છે જે...

ઉદાસી જોગી કુંન દિશાસે આયે, બડી જ્યું કીપા કિની હમ પર;
અદ્‌ભુત રૂપ દિખાયે રે...ઉદાસી૦

એવા જે મુક્તાનંદસ્વામી તેમને મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જીવનું રૂપ તથા માયાનું રૂપ તથા ઈશ્વરનું રૂપ તથા બ્રહ્મ જે અક્ષર તેનું રૂપ કરો અને અક્ષરધામના નિયંતા ને અનંતકોટિ બ્રહ્માંડના ઉત્પત્તિ, પાલક ને સંહારના કરનારા એવા જે શ્રીપુરુષોત્તમ ભગવાન તેમના સ્વરૂપને કહો." એવી રીતનાં શ્રીનીલકંઠ બ્રહ્મચારીનાં વચન સાંભળીને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારી મતિ તો અલ્પ છે અને આ પ્રશ્ન તો બહુ ભારે છે. તેનો ઉત્તર કરવામાં તો મોટા મોટા જોગી પણ મૂંઝાય છે. માટે મારા ગુરુ જે શ્રીરામાનંદસ્વામી તે થકી મેં કિંચિત્‌માત્ર જે સાંભળ્યું છે, તે કહું છું.

જીવનું રૂપ તો હૃદયને વિશે રહ્યો છે ને અણુમાત્ર છે ને જાણપણે જુક્ત છે અને શરીરને વિશે નખથી શિખા પર્યંત વ્યાપીને રહ્યો છે. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર એ આદિક અનંત વિશેષણે જુક્ત એવો જીવ છે.

હવે **માયાનું રૂપ** કહું છું જે, સત્ત્વગુણ-રજોગુણ-તમોગુણમય ને તમરૂપ(અંધકારમય) ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ અને દેહ ને દેહના સંબંધીને વિશે અહંમમત્વની કરાવનારી એવી માયાને જાણવી.

હવે **ઈશ્વરનું સ્વરૂપ** કહીએ છીએ જે, ઈશ્વર એવા છે કે જે વિરાટ, સુત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ દેહમાં વ્યાપક છે, ને જે આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે.

હવે **અક્ષરબ્રહ્મના સ્વરૂપ**ને કહીએ છીએ જે, જેને સૂર્ય-ચંદ્ર પ્રકાશ કરતા નથી અને જે ધામને પામીને કોઈ પાછો પડતો નથી અને અચળ, અવિનાશી ને અનાદિ ને સનાતન ને અનંત કોટી બ્રહ્માંડના આશ્રયરૂપ ને પુરુષોત્તમ ભગવાનનું ધામ એવું ને સૂર્ય, ચંદ્ર ને અગ્નિ તેમને પ્રકાશનું આપનાર એવું અક્ષરબ્રહ્મનું સ્વરૂપ જાણવું.

હવે **પરબ્રહ્મના સ્વરૂપ**ને કહું સાંભળો. અનંતકોટિ બ્રહ્માંડના પ્રેરક ને નિયંતા ને જેને વાસુદેવ, વિષ્ણુ, નારાયણ નામે કહે છે. ને તે જ ભગવાન જુગજુગને વિશે અવતાર લઈને સનાતન એવો જે એકાંતિક ધર્મ તેનું સ્થાપન કરે છે. ને અધર્મનો ઉચ્છેદ કરે છે, તેને પરબ્રહ્મ જાણો.

હવે એમાં કાંઈ શંકા હોય તો કહો. ને મારી બુદ્ધિ પ્રમાણે ઉત્તર કર્યા ને યથાર્થ તો અમારા ગુરુ જાણે છે.”

❊ વર્ણી તથા મુક્તમુનિએ રામાનંદસ્વામીને લખેલ પત્ર :

પછી સ્વામીનાં વચન સાંભળીને બ્રહ્મચારી બોલ્યા જે, “હે સંતો ! તમે બરોબર ઉત્તર કર્યો ને તેમાં કાંઈ શંકા નથી. અને તમારા જેવા નિર્માની ને જ્ઞાનવૈરાગ્યે સંપન્ન એવા સંત પૃથ્વી ઉપર થોડા હોય છે. અને તમ જેવા સંતને જોઈને અમારું મન ઘણું રાજી થાય છે. માટે તમારો જે ગુરુદ્વારો તે અમને કહો.”

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “અમારો ઉદ્ધવ સંપ્રદાય છે અને અમારા ગુરુ જે શ્રીરામાનંદસ્વામી તે ઉદ્ધવજીનો અવતાર છે. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે જે, ‘नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्‌गुणैर्नार्दितः प्रभुः।’[1] તે રામાનંદસ્વામીના અમે શિષ્ય છીએ.”

૧. શ્રીકૃષ્ણ ભગવાને અંતર્ધાનલીલા કરતી વખતે ઉદ્ધવજીને આ લોકમાં રાખવાનો સંકલ્પ કર્યો ત્યારે ઉદ્ધવજી વિશે વિચાર્યું જે, ‘ઉદ્ધવ મારા થકી અણુમાત્ર પણ ન્યૂન નથી. કેમજે, તે પણ મારા પ્રતાપે માયાના ગુણોથી પરાભવ પામતા નથી અને પોતાના મન-ઇન્દ્રિયોને વશ રાખવા વગેરે તમામ કલ્યાણકારી સાધનોને ધારી રાખવામાં સમર્થ છે. (ભાગ.૩/૪/૩૧)

ત્યારે મહારાજ કહે, "તે રામાનંદસ્વામી ક્યાં છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "કચ્છ દેશમાં ભુજનગર છે, ત્યાં બિરાજે છે." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "તમે આજ્ઞા આપો તો અમે દર્શન કરવા જઈએ." ત્યારે સ્વામી બોલ્યા જે, "માર્ગમાં અસુર લોકની ઘણી બીક લાગે છે અને વચ્ચે ખારા સમુદ્રની ખાડી છે. માટે તમે હમણાં અહીં રહો, હું સ્વામીને કાગળ લખીને ખબર મંગાવું. પછી સ્વામી જેમ આજ્ઞા કરે તેમ આપણે કરવું." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "સારું, તમે સ્વામીને કાગળ લખો."

પછી મુક્તાનંદસ્વામીએ કાગળ લખ્યો જે, "પૂર્વ દેશથી એક બ્રહ્મચારી આવ્યા છે. તે તપની મૂર્તિ છે અને નાસાગ્ર દૃષ્ટિ નિરંતર રહે છે. અને અષ્ટાંગયોગ બહુ પ્રકારે જાણે છે. અને કિશોર અવસ્થાને પામ્યા છે. અને તે કાંઈ અલ્પ પ્રશ્ન પૂછે, તેમાં મોટા પંડિત પણ મૂંઝાય છે. અને તેમને કોઈ પ્રશ્ન પૂછે તો તેનું શ્રુતિ-સ્મૃતિની સાખ્યે સહિત ઉત્તર કરે છે. અને ધ્યાન કરવા બેસીએ ત્યારે જ્યાં જ્યાં મન જાય છે, તેને સાક્ષીની પેઠે દેખે છે. તેથી એવું જણાય છે કે, જાણે સાક્ષાત્ નારાયણમુનિ જ હશે ! કાં તો તમે જ અમારી પરીક્ષા કરવાને સારુ સ્વરૂપ બદલાવીને આવ્યા છો, એવું જણાય છે. અને તપે કરીને શરીરની સર્વે નાડીઓ ઉઘાડી દેખાય છે. અને તમારાં દર્શન સારુ ઘણા આતુર છે. અને અમે તેમને અહીં રોકીને રાખ્યા છે. માટે તમે કહો તો ત્યાં આવે." એવી રીતે કાગળ લખ્યો.

પછી બ્રહ્મચારીને કહ્યું જે, "તમે પણ એક કાગળ લખો." પછી બ્રહ્મચારી લખવા લગ્યા - "કૌશલ દેશમાં કુટુંબીનો ત્યાગ કરીને તીર્થ કરતાં કરતાં તમારા શિષ્ય એવા જે મુક્તાનંદસ્વામી તેની પાસે આવીને રહ્યા છીએ. ત્યારે તમે કહેશો જે, 'માતાનો ને કુટુંબનો કેમ ત્યાગ કર્યો ?' તો જેમ ભરતજીએ માતાનો ત્યાગ કર્યો, જેમ વિદુરજીએ કુટુંબનો

ત્યાગ કર્યો, તેમ મેં પણ શ્રીકૃષ્ણનાં દર્શન સારુ સર્વેનો ત્યાગ કર્યો છે. ને તમારા સંતમાં રહ્યો છું. માટે જેમ વહેલાં દર્શન થાય તેમ કરજો."

એવી રીતે બેય પત્ર લઈને મયારામ ભટ્ટને આપ્યા ને કહ્યું જે, "આ પત્ર ઉતાવળા ભુજ જઈ ત્યાં રામાનંદસ્વામીને આપો."

પછી મયારામ ભટ્ટ ત્યાંથી ચાલ્યા તે કચ્છ દેશમાં ભુજનગરમાં સુતાર હીરજી તથા સુંદરજીને ઘેર બિરાજમાન એવા જે શ્રીરામાનંદસ્વામી તેમને દંડવત કરીને બેય પત્ર આપ્યા. ત્યારે સ્વામીએ લઈને છાતીમાં ભીડીને મસ્તક ઉપર ચડાવ્યા. પછી વાંચીને બહુ રાજી થયા અને એમ બોલ્યા જે, "અમારે હવે સત્સંગની ચિંતા ઊતરી."

✻ વર્ણીને તથા મુક્તમુનિને રામાનંદસ્વામીનો પત્ર :

એમ કહીને પત્ર લખ્યો જે, "મુક્તાનંદસ્વામી આદિ સંત લોજની જગ્યાને વિષે રહ્યા છો, તે અમારા ઘણા આશીર્વાદ વાંચજો. અને અમારી એ આજ્ઞા છે જે, તમારી પાસે બ્રહ્મચારી આવ્યા છે, તેમની સેવા કરજો અને એમને વિશે મનુષ્યભાવ ન ધારશો. એ તો નિશ્ચે જ કોઈ મોટા દેવ છે. અને સર્વે સંત એમની પાસેથી અષ્ટાંગયોગ શીખજો અને તમે વયે કરીને મોટા છો ને એ નાના છે, એવો ભાવ ન રાખજો. અને અમને તો એમ જણાય છે જે, તમારી પ્રેમભક્તિ જોઈને સાક્ષાત્ નારાયણમુનિ જ દર્શન દેવા સારુ આવ્યા છે. માટે જતન કરીને સત્સંગમાં રાખજો અને સર્વે સાધુ એમની આજ્ઞામાં રહેજો." એમ મુક્તાનંદસ્વામીના કાગળનો ઉત્તર લખ્યો.

પછી બ્રહ્મચારીના પત્રનો ઉત્તર લખે છે જે, "હે બ્રહ્મચારી ! તમે આવ્યા તે બહુ સારું થયું. હવે તમે બહુ તપ ન કરશો. કેમ જે, એ દેહે કરીને બહુ જીવનો ઉદ્ધાર કરવો છે. માટે સત્સંગને વાસ્તે એ શરીરનું જતન કરીને થોડું થોડું અન્ન જમજો. અને સર્વે સંતને અષ્ટાંગયોગ શીખવજો. અને અમારા ઉપર ઘણુંક હેત છે, તોપણ અહીં

આવવું નહીં. અમે થોડા દિવસોમાં ત્યાં આવશું ત્યારે મળશું. હમણાં મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહેજો. અને જો સત્સંગનો ખપ હોય તો થાંભલાને બથ લઈને રહેવું પડશે.”

❊ લોજની લીલા :

પછી તે કાગળ લઈને મયારામ ભટ્ટને આપ્યા. અને ભટ્ટ ત્યાંથી ચાલ્યા, તે લોજમાં આવીને મુક્તાનંદસ્વામીને તે કાગળ આપ્યા. તે કાગળ વાંચીને મહારાજે થાંભલાને બાથ લીધી. ત્યારે ભટ્ટે કહ્યું જે, “મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.” ત્યારે મહારાજ કહે, ‘ઠીક.’ એમ કહીને જ્યાં સુધી સ્વામીનાં દર્શન ન થયાં ત્યાં સુધી નવ મહિના મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહ્યા. અને મુક્તાનંદસ્વામીની પોતે સેવા કરતા અને જ્યારે બોલાવે ત્યારે સ્વામી કહીને બોલાવે. અને જ્યારે મુક્તાનંદસ્વામી ના’વા જાય ત્યારે સ્વામીની તુંબડી તથા પહેરવાનું લૂગડું, તે સર્વે લઈને આગળ ચાલતા તથા નાહીને આવે ત્યારે આસન નાખી દેતા. અને મુક્તાનંદસ્વામી પણ તેમને ઈશ્વરમૂર્તિ જાણીને પોતે તેમને વિષે ગુરુભાવ રાખીને આજ્ઞામાં રહેતા. અને બન્ને પ્રશ્ન-ઉત્તર કરતા.

એક સમયમાં સ્વામી નાહીને આવ્યા ને તુંબડી હેઠી મેલી ને માનસીપૂજા કરવા બેઠા. ત્યારે એવો ઘાટ થયો જે, ‘રખે શ્વાન તુંબડી બગાડે નહીં !’ પછી ધ્યાનમાંથી ઊઠીને તુંબડી મેલી. ત્યારે મહારાજ બોલ્યા જે, “સ્વામી, ભગવાનના ધ્યાનમાં વધુ માલ છે કે તુંબડીમાં વધુ માલ છે ? અને શાસ્ત્રમાં તો એમ કહ્યું છે જે,

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ(स्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात्।)
न चलति भगवत्पदा(रविन्दाल्लवनिमिषार्द्धमपि स वैष्णवाग्र्यः।।)”[1]

---

૧. પોતાના મનને નહિ જીતી શકનારા એવા દેવો અને ઈશ્વરો પણ જેને સદૈવ શોધ્યા કરે છે, એવા ભગવાન શ્રીહરિનાં ચરણારવિંદ થકી જે ભક્તની વૃત્તિ ત્રિલોકીની સમૃદ્ધિ માટે પણ ક્ષણવારેય તૂટતી નથી, તે સહુથી શ્રેષ્ઠ ભક્તરાજ છે. (ભાગ.૧૧/૨/૫૪)

પછી તે તુંબડી મુક્તાનંદસ્વામીએ બીજા સાધુને આપી. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "અમને રામાનંદસ્વામીનાં દર્શન કરાવો. પછી આપણે બેય આબુમાં જઈને તપ કરશું અને વસ્તીમાં તો કોઈ દિવસ આવશું જ નહીં." એમ ઠેરાવ કર્યો. અને તે લોજમાં ભારે સદાવ્રત ચાલે તેથી તીર્થવાસી બહુ આવે. તેને રસોઈ કરીને જમાડવા સારુ બળતણ જોઈએ. તેથી સ્વામી આજ્ઞા કરે ત્યારે સંત પાસે બળતણ ભેળું કરાવતા ને રસોઈ કરવી હોય ત્યારે આગળથી પંડે મંડે. ત્યારે સ્વામી કહે જે, "બીજા સાધુ જાઓ."

એક દિવસે મહારાજે કહ્યું જે, "સ્વામી ! તમે રામાનંદસ્વામીની મૂર્તિનું ધ્યાન કરો તો તમારી વૃત્તિમાં મારી વૃત્તિ મેલીને સ્વામીનાં દર્શન કરું." પછી મુક્તાનંદસ્વામીએ રામાનંદસ્વામીની મૂર્તિનું ધ્યાન કર્યું. ત્યારે મહારાજે રામાનંદસ્વામીની મૂર્તિનાં દર્શન કર્યાં. અને તે રામાનંદસ્વામીની મૂર્તિનાં જે સર્વે ચિહ્ન તે કહી દેખાડ્યાં. તે વાત સાંભળીને મુક્તાનંદસ્વામીને બહુ ભાર પડ્યો.

અને ધર્મશાળાની પાસે ગૃહસ્થનું ઘર હતું. તેમાં સોંસરો ગોખલો હતો, તે મહારાજે પુરાવ્યો. અને તે જગ્યા વચ્ચે રસ્તો હતો, ત્યાં થઈને બાઈઓ વાવમાં પાણી ભરવા જાય. ત્યારે મહારાજે કહ્યું જે, "હે સ્વામી ! કાં તો રસ્તો બંધ કરો ને કાં તો બાઈઓને કહો જે ફરીને પાણી ભરવા જાય. નહીં તો જે બાઈ અહીંથી નીસરશે તેનું બેડું અમે ફોડશું." પછી મુક્તાનંદસ્વામીએ તે રસ્તો બંધ કરાવ્યો. એવી રીતે રામાનંદસ્વામીનાં દર્શન થયા મોર ઘણા ઘણા ચમત્કાર જણાવા માંડ્યા.

❋ રામાનંદસ્વામી એક બ્રાહ્મણને ઘરે જમ્યા :

પછી ભુજનગરથી રામાનંદસ્વામી પણ સર્વે સત્સંગીની રજા માંગીને ચાલ્યા, તે એક ગામમાં એક હરિભક્ત બ્રાહ્મણની વાડીએ ગયા. અને ત્યાં એક છોકરો હતો, તેને પૂછ્યું જે, "તારી મા અમને ખાવા

આપશે ?" ત્યારે તે છોકરો બોલ્યો જે, "મારી મા તો તમને ખાવા આપે એવી નથી." ત્યારે મહારાજ(રામાનંદ સ્વામી) કહે, "જા, જઈને કહે જે, 'મારા મામા આવ્યા છે, તે રસોઈ કર." (પછી તેણે તેની માને તે પ્રમાણે કહ્યું,) ત્યારે તેની માએ કહ્યું જે, "મામાને ભેળા કેટલા માણસ છે ?" ત્યારે છોકરો કહે, "સાત છે અને આપણી વાડીએ બેઠા છે." ત્યારે તેની મા કહે, "હું રસોઈ કરું છું, તું બોલાવી લાવ." ત્યારે તે છોકરે આવીને મહારાજને કહ્યું જે, "મેં રસોઈ તો કરાવી, પણ જમવું તમારા હાથમાં છે." ત્યારે સ્વામી કહે, "સારુ."

પછી પહોર વાર થઈ ત્યારે સ્વામી કહે, "હવે ચાલો." પછી તે છોકરાને પૂછ્યું જે, "આથણાં ક્યાં મૂકે છે ?" ત્યારે તેણે કહ્યું જે, "બીજા ઘરમાં છે." ત્યારે મહારાજે કહ્યું જે, "જા, તારી માને કહેજે જે બીજા ઘરમાંથી આથણાં લાવે." ત્યારે તે છોકરે કહ્યું. ત્યારે તે આથણું લેવા સારુ બીજા ઘરમાં ગઈ. ત્યારે મહારાજ ઘરમાં પેઠા ને માંહી જઈને કમાડ દીધું ને સાંકળ અટકાવી દીધી. તેવામાં તે આથણું લઈને આવી ને મહારાજને ઘરમાં પેસતા દીઠા. ત્યારે તરફડવા માંડી.

પછી મહારાજે સર્વેને જમવા બેસાડ્યા ને પોતે પીરસવા લાગ્યા ને છોકરાને કહે, "તું પણ જમવા બેસ નીકર તારી મા તને ખાવા દેશે નહીં." એવી રીતે સર્વેને જમાડીને પોતે જમ્યા. અને પછી પોતે સાંકળ ઉઘાડીને કહ્યું જે, "હવે સર્વે બહાર નીકળો." પછી જ્યારે બહાર આવ્યા ત્યારે છોકરાની મા બોલી જે, "મહારાજ ! મને છેતરીને ત્રણ રૂપિયાનું ખરચ કરાવ્યું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તું અમથી ક્યાં જમવા આપે એવી છો ?" એવી લીલા કરીને ત્યાંથી ચાલ્યા.

❊ વર્ણી તથા રામાનંદસ્વામીનું મીલન :

એવી અનંત લીલા કરતા એવા શ્રીરામાનંદસ્વામી તે ફરતાં ફરતાં સોરઠ દેશમાં **પીપલાણા** ગામ આવ્યા. ત્યાં **નરસી મે'તા** નામે બ્રાહ્મણને

ઘેર આવીને ઊતર્યા. અને **રામાનંદસ્વામી** બહુ મરમાળા હતા. ગૌર ને પુષ્ટ મૂર્તિ છે, ને શ્વેત ધોતી પહેરી છે, ને શ્વેત ચાદર ઓઢી છે, ને પીળું પીતાંબર માથે બાંધ્યું છે, ને કમળની માળા ને યજ્ઞોપવીત ધારણ કર્યું છે, એવા રામાનંદસ્વામીનાં દર્શન સર્વે હરિભક્તોએ કર્યાં.

પછી ત્યાંથી તરત લોજ ગામમાં સાધુ હતા, તેમને ખબર મોકલી. ત્યારે નીલકંઠ બ્રહ્મચારી તથા મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંત ત્યાંથી ચાલ્યા. તે નદી ઓઝતને કાંઠે આવ્યા. ત્યારે નદીમાં બે કાંઠે પૂર આવ્યું હતું. તેમાં મહારાજ તો તીર બરોબર(તીરના વેગે) સામે કાંઠે ઊતર્યા અને બીજા સંતો ત્રાપે ઊતર્યા. એવી રીતે નદી ઊતરીને ગામ **પીપલાણે** આવ્યા. ત્યાં નરસી મેતાના ઘરમાં બિરાજમાન એવા શ્રીરામાનંદસ્વામી તેમનાં દર્શન સંવત્ ૧૮૫૬ના જેઠ સુદિ દ્વાદશીને દિવસે કર્યાં.

અને રામાનંદસ્વામી પણ નીલકંઠ બ્રહ્મચારીને જોઈને સામા આવીને મળ્યા. અને હાથ ઝાલીને આસન ઉપર બેસાર્યા. અને ક્ષેમકુશળની ખબર પૂછી. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "અમારે તો તમારા દર્શનની ઘણી ઈચ્છા હતી, તે દર્શન થયાં." ત્યારે રામાનંદસ્વામી કહે, "અમારે પણ તમારા દર્શનની ઈચ્છા બહુ હતી."

પછી સર્વે સંત તથા હરિભક્ત પ્રત્યે રામાનંદસ્વામી બોલ્યા જે, "જુઓ, અમે જેની વાટ જોતા હતા તે આવ્યા. હવે અમારે સત્સંગની ચિંતા ઊતરી." અને વળી રામાનંદસ્વામી ઘણીવાર પોતે વાત કરતા ત્યારે એમ કહેતા જે, "અમે તો ડુગડુગી વગાડીએ છીએ અને વેશનો ભજાવનાર તો વાંસે આવે છે. તેના ઘોડાની ખડતાલમાં(પાટુથી) સર્વે ભેખ ઊડી જાશે." એવાં સ્વામીનાં વચનથી સર્વે હરિભક્ત ને સંત તે સાક્ષાત્ નારાયણમુનિરૂપ જ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જાણવા લાગ્યા.

પછી પોતાની પાસે બેઠા એવા ને અક્ષરધામના પતિ ને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે પ્રત્યે

રામાનંદસ્વામીએ તેમનાં કુળ, ગોત્ર, માતાપિતા, વેદ, શાખા, પ્રવર તથા જેવી રીતે પોતે વૈરાગ્ય પામીને વનમાં જઈને તપ કર્યું તથા તીર્થાટન કર્યું, ને તીર્થને વિશે રહ્યા જે અધર્મી, પાપી અને પાખંડી ગુરુ તેનો પરાભવ કરીને, અધર્મનો ઉચ્છેદ કરીને ધર્મનું સ્થાપન કર્યું, તે સર્વે પૂછ્યું. તેને શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ વિસ્તારે સહિત કહ્યું.

⁂ શ્રીહરિને દીક્ષા આપી તથા ગાદીએ બેસાડ્યા :

પછી તે વાતને સાંભળીને સ્વામી બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તમે તો અમારા છો. કેમ જે તમારા પિતા ધર્મદેવ, તે પ્રયાગરાજમાં અમારા થકી ભાગવતી દીક્ષાને પામ્યા હતા અને કૌશલ દેશમાં રહેતા હતા. ને અમારી આજ્ઞાએ કરીને મુમુક્ષુને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા. તે ધર્મના તમે પુત્ર છો.

અને ગુણે કરીને તો તમારા પિતા થકી અધિક છો. માટે અમારી ધર્મની ગાદીએ બેસીને સર્વે સાધુ હરિભક્તને ધર્મમાં રખાવો." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "સ્ત્રી-દ્રવ્યનો જોગ હોય ત્યાં બ્રહ્મચારીને ન રહેવાય. માટે તે વચન અમારાથી નહીં મનાય." ત્યારે સ્વામી બોલ્યા જે, "તમારી આજ્ઞામાં વર્તતા એવા જે જન તેમને પણ સ્ત્રી-દ્રવ્ય બંધન નહીં કરે, તો તમને તો બંધન કેમ કરી શકે ? અને તમે માયા થકી પરાભવ નહીં પામો, એ વર અમે રાજી થઈને આપીએ છીએ."

પછી એવાં સ્વામીનાં વચન સાંભળીને નીલકંઠ બ્રહ્મચારી રામાનંદસ્વામી થકી ભાગવતી દીક્ષાને પામ્યા. ત્યારે ગુરુએ **શ્રીસહજાનંદસ્વામી** તથા **નારાયણમુનિ** એવાં બે નામ પાડ્યાં અને (જેતપુરમાં) પોતાની ધર્મની ગાદીએ બેસાડ્યા. અને પોતાના આશ્રિત એવા જે સંન્યાસી, બ્રહ્મચારી, સાધુ ને હરિભક્ત તેમના ગુરુપણાને વિશે સ્થાપન કર્યા. પછી રામાનંદસ્વામીની આજ્ઞાએ કરીને મુક્તાનંદસ્વામી આદિ સાધુ અને મયારામ ભટ્ટ, પર્વતભાઈ તથા અંબાવી વ્યાસ એ

આદિક સર્વે બાઈ-ભાઈ જે ગૃહસ્થ હરિભક્ત હતા, તે સર્વે ચંદન, પુષ્પ તથા ભારે ભારે સુરવાળ, ડગલી, રેંટા તથા કડાં, વેઢ, વીંટી, કુંડળ, બાજુબંધ, ઊતરી(સોનાની ચેન) ને મોતીની માળા ને નંગજડિત પોંચી અને સોનાનો તોડો ને સોનામહોર તથા રૂપૈયા તેણે કરીને પૂજા કરવા લાગ્યાં અને આરતી ઉતારી.

તે સમયમાં ઘણાક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. અને દેવ દુંદુભી વગાડતા હતા. અને જયજયકાર શબ્દ કરતા થકા પુષ્પની વૃષ્ટિ કરતા હતા. અને અક્ષરધામના મુક્ત તથા શ્વેતદ્વીપના ને બદરિકાશ્રમના મુક્ત તે સર્વે આવીને જયજયકાર શબ્દને કરતા થકા સ્તુતિ કરતા હતા. અને બંદીજન ગાન કરતા હતા. અને શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, વરુણ, કુબેર આદિક દેવ તથા દિગ્પાલ તે બ્રાહ્મણને વેશે સ્તુતિ કરતા હતા. હે કેશવપ્રસાદજી મહારાજ ! તથા હે ભગવત્પ્રસાદજી મહારાજ ! તમારા પિતા જે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજ એ બેય જણને જેમ શ્રીસહજાનંદસ્વામીએ હાથ ઝાલીને પોતાની ગાદી ઉપર બેસાર્યા હતા, તેમ જ રામાનંદસ્વામીએ શ્રીસહજાનંદસ્વામીને પોતાની ધર્મની ગાદી ઉપર બેસાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'લોજની લીલા, રામાનંદસ્વામીને મળ્યા, મહાદીક્ષા તથા પટ્ટાભિષેક' એ નામે નવમો વિશ્રામ ॥૯॥

વિશ્રામ - ૧૦

રામાનંદસ્વામીનો દેહત્યાગ, શ્રીહરિનું વિચરણ તથા સમાધિપ્રકરણ

✲ ગુરુ સાથે વિચરણ, શરીર સંભાળ તથા મહિમા કહ્યો :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **આખે** આવ્યા. અને રામાનંદસ્વામી ને સહજાનંદસ્વામીની બેય મૂર્તિઓ તેજોમય શોભે છે. પછી ભાઈ રામદાસજી તથા મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતમંડળ તથા ગૃહસ્થ જે મયારામ ભટ્ટ તથા પર્વતભાઈ તથા શેઠ ગોવર્ધનભાઈ આદિ તથા જેઠો મેર તથા અંબાવી વ્યાસ તથા આણંદજી સંઘાડિયા તથા શેઠ જીવરામ તથા પરિવ્રાટ(સંન્યાસી) દેવાનંદસ્વામી આદિ હજારો હરિજન સાથે ત્યાંથી ચાલ્યા, તે ગામ **અગતરાઈ** આવ્યા. અને ત્યાંથી ગામ **માંગરોળ** આવ્યા ને ચાર દિન રહ્યા. અને ત્યાંથી **પંચાળે** આવ્યા ને રામાનંદસ્વામી એમ બોલ્યા જે, “આ ગામમાં હરિભક્ત ભારે થાશે.” તે ઝીણાભાઈ થયા. અને ત્યાંથી ગામ **માણાવદર** આવ્યા ને ત્યાં ચાર-પાંચ દિવસ રહીને ગામ **ભાડેર** ગયા. અને **મેઘપુર** પધાર્યા. ત્યાંથી **વણથલી** થઈને શહેર **જૂનાગઢ** પધાર્યા. અને ત્યાં બે દિવસ રહીને ત્યાંથી ગામ **સાંકળી** પધાર્યા.

પછી ત્યાંથી ગામ **જેતપુર** પધાર્યા અને **ભાદર** નદીના ધરામાં નિત્ય ના’વા પધારતા. એવી રીતે દિન દશ-પંદર રહીને ગામ **ગોંડલ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **હાલાર**માં થઈને ગામ **ફણેણી** આવ્યા. અને સહજાનંદસ્વામીએ તપ કરીને શરીરમાંથી રુધિર બાળી નાંખ્યું હતું. તેથી શરીરમાં કાંઈ વાગે તો પાણી નીસરે અને અન્ન જમે તે પચે નહીં. તેને સારુ રામાનંદસ્વામીએ આખા શરીરે આવળના પાટા બંધાવ્યા અને ઢોલિયા ઉપર આવળ પાથરીને તે ઉપર સુવાડતા. ત્યારે એક સંત બોલ્યો જે, “એક મનુષ્યકે વાસ્તે ઇતના વૃક્ષ કાટના અચ્છા નહીં હૈ.” **ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, “જુઓ પર્વતભાઈ, આ વાતમાં કોઈ જાણે છે ? જે, આ સહજાનંદસ્વામીને સારુ તો આ બ્રહ્માંડમાં જેટલાં**

વૃક્ષ છે, તેને કાપીને એને અર્થે ઔષધ કરીએ તો એનો સર્વેનો મોક્ષ થાય એવા સમર્થ છે."

❊ રામાનંદસ્વામીનો દેહત્યાગ :

પછી મીંઢી આવળ રામાનંદસ્વામીએ મંગાવીને કહ્યું જે, "આટલી તમે પી જાઓ." તે મહારાજ નિત્ય પીતા અને તેના ઉપર ઝીણાં લવિંગિયાં મરચાં તે આનંદસ્વામી પાસે વટાવીને જમતા. અને ગામોગામ સદાવ્રત બંધાવ્યાં. પછી ગામ ફણેણીમાં આવ્યા ને ત્યાં રામાનંદસ્વામીને શરીરે કસર થઈ અને (તેથી સ્વામીને આરામ મળે, કોઈનોય વિક્ષેપ ન થાય તેમ) પડદો બંધાવ્યો. અને બાજરાનો રોટલો ને દહીં તથા વૈંતાકનું ભરથું તે મહારાજે(રામાનંદસ્વામીએ) જમાડ્યું. અને તેવાર પછી પોતાના સમીપે રહ્યા એવા જે અક્ષરધામના પતિ પૂર્ણપુરુષોત્તમ સહજાનંદસ્વામી તેની મૂર્તિનું સ્વામીએ ધ્યાન કર્યું અને ભૌતિક દેહનો ત્યાગ કરીને દુર્વાસાના શ્રાપ થકી મુકાઈને દિવ્ય દેહે કરીને બદરિકાશ્રમ પ્રત્યે પધાર્યા.

પછી શ્રીસહજાનંદસ્વામીએ પોતાના ગુરુની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી અને આરતી ઉતારી. અને નારાયણધૂન કરતા હતા, ત્યારે તે ધૂનને વિષે રુદન થતું હતું. અને પછી વિમાન રચીને તેમાં બેસાર્યા અને સૌ ઝાંઝ-મૃદંગ લઈને ઉત્સવ કરતા થકા ભદ્રાવતી નદીને કાંઠે આવ્યા. ને ત્યાં સર્વે દૈહિક ક્રિયા કરી. અને રામાનંદસ્વામી દિવ્ય દેહે કરીને બદરિકાશ્રમમાં ગયા, તેને કેટલાક કુસંગી લોકોએ પણ દીઠા. અને તે ભદ્રાવતીમાં સ્નાન કરીને સર્વે સંત ને હરિભક્ત આવ્યા. તે વાર પછી શ્રીસહજાનંદસ્વામી સર્વેનો શોક નિવારણ કરતા હતા. અને દેશ દેશ પ્રત્યે કંકોતરી લખીને સર્વેનો શોક નિવારણ કરતા હતા. અને દેશ દેશ પ્રત્યે કંકોતરી લખીને સર્વે સત્સંગીને તેડાવ્યા. પછી ઘણાક પ્રકારનાં પકવાન બનાવીને હજારો બ્રાહ્મણ તથા બાઈભાઈ હરિજનને જમાડ્યાં.

પછી સર્વે સંત તથા હરિભક્ત તેમણે સર્વના ગુરુ એવા જે સહજાનંદસ્વામી તેમને મોટા સિંહાસન ઉપર બેસારીને પૂજા કરી. અને ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં તથા રૂપિયા ભેટ મેલ્યાં. એવી રીતે **સંવત્ ૧૮૫૮ના અઢારસો ને અઠ્ઠાવનના માગસર સુદિ તેરશને દિવસ રામાનંદસ્વામી દેહ ત્યાગ કરીને બદરિકાશ્રમમાં ગયા.** અને ત્યારથી સર્વે સંત તથા હરિભક્ત તે શ્રીસહજાનંદસ્વામીને ગુરુ માનતા. અને તેમના વચનમાં રહેતા હતા એવા જે ત્યાગી તથા ગૃહસ્થ તેમની શ્રીહરિ સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા.

અને જ્યારે રામાનંદસ્વામીએ મહારાજને ગાદીએ બેસાર્યા ત્યારે મહારાજે માગ્યું હતું જે, **"તમારા સત્સંગી કોઈ અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.** અને **એના કર્મમાં જો શૂળીનું દુઃખ લખ્યું હોય તો તે અમને આવે ને તે સુખી થાય** અને તેમને **માયા પરાભવ કરે નહીં.**" એ બે વર સ્વામીએ આપ્યા હતા, એની વાત મહારાજે સભામાં કરી. અને એમ બોલ્યા જે, **"બાઈ ભાઈ જે આપણા સત્સંગના નિયમ પાળશે તે કોઈ રીતે દુઃખી થાશે નહીં."**

અને એક સમે જેઠા મેરને રામાનંદસ્વામીએ કહ્યું જે, "ભગવાન પ્રગટ થઈને સત્સંગમાં આવે છે." ત્યારે જેઠા મેરે કહ્યું જે, "તે ભગવાનને હું કેમ ઓળખું ?" ત્યારે રામાનંદસ્વામી સાખી બોલ્યા જે,

"કીડી ચાલી સાસરે, નવ મણ આંજણ બનાય;
હાથી માર્યા ગોદમાં, ઊંટ લિયા લટકાય.

આ સાખીનો જે ઉત્તર કરે, અને જેને જોઈને પાત્ર-કુપાત્ર હરેક જીવ તેને સમાધિ થઈ જાય, તથા લક્ષાવધિ મનુષ્ય જેની મૂર્તિમાં તણાઈ જાય." તે વાત (મહારાજે) સત્ય કરી અને તે સાખીનો ઉત્તર કર્યો. અને વળી પર્વતભાઈ, માંચોભક્ત, મૂળુભાઈ તથા ગોપાલદાસ નામે વૈરાગી

તેની આગળ રામાનંદસ્વામી વાત કરતા જે, “અમે તો પડ વાળીએ છીએ અને રમતલ તો હવે આવશે. ને તેના ઘોડાના ડાબલે કરીને ભેખમાત્ર મતપંથ ક્યાંય દળાઈને ઊડી જાશે. જેમ વાયુએ કરીને આકડાનું તૂલ ઊડી જાય તેમ ઊડી જાશે.” તે વાતને મહારાજે સત્ય કરી. અને તે જ પ્રકારે સર્વે સંત તથા હરિભક્ત જાણતા હતા.

પછી સર્વે જે હરિજન બાઈભાઈ તેમને પોતપોતાના ઘેર જાવાની આજ્ઞા કરી. પછી ભાઈ રામદાસજી તથા મુક્તાનંદસ્વામી તથા મોટા સ્વરૂપાનંદ સ્વામી તથા આનંદસ્વામી તથા પરિવ્રાટ દેવાનંદસ્વામી એ આદિક સર્વે સંત તેમનાં મંડળ બાંધીને કચ્છ દેશમાં તથા હાલાર દેશમાં તથા દંઢાવ્યમાં તથા શ્રીનગર તથા સુરત પ્રાંત, ગુજરાત, કાઠિયાવાડ એ આદિક દેશમાં ફરવા મોકલ્યા.

❊ શ્રીહરિનું સત્સંગમાં વિચરણ તથા સમાધિ પ્રકરણ :

પછી પોતે સંતદાસજી વિગેરે થોડા સાધુ ને હરિભક્ત તેમને સાથે લઈને સોરઠ દેશમાં ફરવા ગયા. તે ગામ **ફરેણી**થી ચાલ્યા, તે **માણાવદર** આવ્યા. અને ત્યાં એક કૂવો છે, તેમાં નિત્યે ના’વા જાતા. અને ઝાઝીવાર ડૂબકી મારીને નીસરતા અને પછી કીર્તન ગાતાં ગાતાં ઘેર આવતા. તે કૂવો ગામથી ઉત્તર દિશાએ છે. તેનું નામ મહારાજે **લક્ષ્મીવાવ** પાડ્યું છે. અને મહારાજ હરિભક્તને ઘેર મયારામ ભટ્ટ રસોઈ કરાવે તે જમવા જાતા. એવી રીતે બે માસ સુધી રહ્યા હતા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપલાણે** પધાર્યા ને નરસી મે’તાને ઘેર ઊતર્યા. અને નિત્યે ઓઝતગંગામાં ના’વા જાતા. અને હરિજનને ઘેર નરસી મે’તો થાળ કરાવે તેને જમવા પધારતા.

એવી રીતે દિવસ પંદર રહીને ગામ **આખે** પધાર્યા. અને ત્યાં મનુષ્યને ધ્યાનમાં બેસારતા. તેમાં જે શિવના ઉપાસક હતા, તેમને

કૈલાસને વિષે રહ્યા એવા જે પાર્વતી ને પ્રમથગણે(અનુચરોથી) જુક્ત એવા શિવજી તે રૂપે પોતાનું દર્શન દેતા હતા. અને જે વૈષ્ણવ હોય તે ગોલોકવાસી શ્રીકૃષ્ણ ભગવાનને દેખે અને જે રામચંદ્રના ઉપાસી હોય તે રામચંદ્રને દેખે; એવી રીતે ધ્યાન કરાવતા. ત્યાંથી ચાલ્યા તે ગામ **અગત્રાઈ** પર્વતભાઈને ઘેર પધાર્યા. અને ત્યાં નિત્યે ગાતા ગાતા નદીએ ના'વા જાય અને ગુલાલ ઉડાડતા પાછા પધારે.

અને ત્યાંથી ગામ **કાલવાણી**એ પધાર્યા. અને ત્યાંના હરિભક્તને દર્શન દઈને ગામ **માંગરોળ** પધાર્યા. ને ત્યાં આણંદજીભાઈને ઘેર ઊતર્યા અને જે આવે તેને સમાધિ કરાવતા હતા. અને ના'વા જાય ને રસ્તે જે માણસ દેખે તેને સમાધિ થાય. તે સારુ મહારાજને આવતા દેખીને બજારનાં લોક કમાડ બંધ કરીને ઘરમાં પેસી જાય. એવી રીતે ઘણાક ચમત્કાર જણાવવા માંડ્યા. અને ઘણા મનુષ્યને સમાધિમાં બેસારે, તે સમાધિમાંથી કોઈને પાંચ દિવસે ઊઠાડે ને કોઈકને દશ દિવસે ઊઠાડે ને કોઈને પંદર દિવસે, ને કોઈને એક માસે ઊઠાડે. ને ઊઠે ત્યારે તે અલૌકિક વાત કરે. ત્યારે મહારાજ કહે જે, "વાત મનમાં રાખો."

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **મેઘપુર** પધાર્યા. ને ત્યાં સભા કરીને બિરાજતા ને જનોને સમાધિ થાય. ને ત્યાં પાંચ દિવસ રહીને ગામ **ભાડેર** પધાર્યા. અને ત્યાં નવ-દશ દિવસ રહીને ગામ **ધોરાજી** પધાર્યા. અને ત્યાં પાંચ દિવસ રહીને ગામ **જેતપુર** પધાર્યા. ત્યાં નિત્યે ભાદર નદીએ ના'વા જાતા અને હરિજનને ઘેર થાળ જમતા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ગોંડલ** પધાર્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **સરધાર** પધાર્યા. ને ત્યાં સદાવ્રત બંધાવ્યું. અને તે સદાવ્રત ઉપર સાધુને રાખ્યા અને તેને એમ આજ્ઞા કરી જે, "બે-ચાર ઘડી ભગવદ્‌વાર્તા કરવી, પછી તીર્થવાસીને જમાડવા." અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભાયાવદર** તથા **ઉપલેટા** થઈને ગામ **જાળિયા** પધાર્યા.

❊ અગત્રાઈમાં જન્માષ્ટમીનો ઉત્સવ :

પછી ત્યાંથી **માણાવદર** થઈને ગામ **કાલવાણીએ** પધાર્યા. અને ત્યાં સર્વે સંત ભેળા થયા. અને મુક્તાનંદસ્વામીને સમાધિ વિષે જ્યારે સંશય હતો, તે પોતે ધ્યાનમાં બેઠા ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું, તેથી સંશય મટ્યો. પછી પર્વતભાઈએ તેડાવ્યા, તેથી સર્વે સંતો-હરિભક્તોએ સહિત મહારાજ **અગત્રાઈ** પધાર્યા. અને સંવત્ ૧૮૫૯ અઢારસો ને ઓગણસાઠના શ્રાવણ વદિ આઠમે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. અને મહારાજને ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવ્યા. અને મહારાજ ઘોડે અસવાર થયા ને આગળ હજારો હરિજન તથા સાધુ ઝાંઝ-મૃદંગ લઈને ઉત્સવ કરતા ચાલ્યા આવે. અને મહારાજના હાથમાં તરવાર તથા નાળિયેર ધારણ કરાવ્યાં હતાં. અને ફૂલના હારતોરા, ગુચ્છ, કલંગી તેને ધારણ કર્યાં હતાં. અને ગામમાં ઘરોઘર ફૂલેકું ફર્યા. અને ગામની બહાર વડ છે, ત્યાં હિંડોળો બાંધ્યો ને ત્યાં મહારાજ બિરાજ્યા ને સર્વેને દર્શન દીધાં. અને તુલસીનો વિવાહ કર્યો. અને બ્રાહ્મણના છોકરાને જનોઈ દીધી. એવી રીતે ઉત્સવ કર્યો.

❊ માંગરોળમાં વાવનું ભર્યું તથા મેઘજીને સમાધિ :

પછી ત્યાંથી ચાલ્યા તે **માંગરોળ** પધાર્યા અને ત્યાં એક વાવ હતી. તેને સમી કરાવીને સદાવ્રત બંધાવ્યું. અને ત્યાં બ્રહ્મભોજન કરાવીને દક્ષિણા આપી. અને તે સર્વે બ્રાહ્મણ તે સમે શ્રીજીમહારાજને ચતુર્ભુજ શ્રીવિષ્ણુરૂપે દેખતા અને તેમની વેદમંત્રે કરીને પૂજા કરતા. અને ત્યાં મહારાજે એક રમૂજ કરી જે, "અમને ભગવાન કહો તે અમારી પાસે આવો અને ન કહો તે ન આવો."

ત્યારે મેઘજીભાઈ મહા સમાધિવાળા હતા, તે તથા આણંદજીભાઈ વિગેરે ચાર જણ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો અમારા ગુરુ છો

અને સાધુ છો. ભગવાન તો રામાનંદસ્વામી છે." એ રીતે કહ્યું. પછી એક દિવસ મેઘજીભાઈ સમાધિમાં મૂંઝાણા, તે પાછું પણ ન જવાય અને આઘું પણ ન જવાય. ત્યારે તેમના સંબંધીએ મહારાજને પ્રાર્થના કરી ત્યારે મહારાજે ઊઠાડ્યા. અને પોતે ફરીથી સમાધિમાં બેસાડ્યા, તે અક્ષરધામમાં ગયા અને ત્યાં શ્રીજીમહારાજને દેખ્યા. પછી તે સર્વે વાત આણંદજીભાઈને કહી.

❊ આણંદજીભાઈની ફઈનો નરકથી ઉદ્ધાર :

પછી આણંદજીએ મહારાજને કહ્યું જે, "મારી ફઈ સાંખ્યયોગી હતાં. તેમણે હરિભક્તનો દ્રોહ-અપરાધ કર્યો, તે પાપે કરીને નરકમાં ગઈ છે. તે રામાનંદસ્વામીએ કહ્યું હતું જે, 'જ્યારે પુરુષોત્તમ ભગવાન પૃથ્વી ઉપર આવશે ત્યારે તેનો ઉદ્ધાર કરશે.' માટે તે મને કૃપા કરીને દેખાડો." ત્યારે મહારાજે તેમને ધ્યાનમાં બેસાડ્યા, ત્યારે તે યમપુરીમાં ગયા. અને ત્યાં તે ડોસી કુંભીપાક નર્કમાં પડી હતી, તેને દેખી અને પાછા આવ્યા અને મહારાજને વાત કહી.

ત્યારે મહારાજે કહ્યું જે, "ભગવાનના જે અવતાર તેનાં નામ લ્યો અને કહો જે, તે જો પુરુષોત્તમ હોય તો બહાર નીસરો અને તેથી ન નીસરે તો રામાનંદસ્વામીનું નામ લેજો અને તેથી જો ન નીસરે તો અમારું નામ લેજો." પછી તે સમાધિમાં જઈને સર્વેનાં નામ લીધાં, પણ કોઈથી ન નીસરી. ત્યારે રામાનંદસ્વામીનું નામ લીધું તોય ન નીસરી. ત્યારે મહારાજનું નામ લીધું એટલે તરત તે કુંડમાંથી નીસરી અને તેની કેડે લક્ષાવધિ જીવ નર્કમાં હતા, તે નીસરીને ભગવાનના ધામમાં ગયા. એવી રીતે આણંદજીભાઈએ દેખ્યું, તે મહારાજને કહ્યું. એવી રીતે જે સ્વામી રામાનંદજીના શિષ્યો હતા, તેમને પોતાના સ્વરૂપનો અડગ નિશ્ચય કરાવતા અને નિત્યે સમુદ્રમાં સ્નાન કરવા જાતા.

✲ માંગરોળથી વિચરણ કરતા ભાદરા પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપલાણે** પધાર્યા અને ત્યાં ઓઝતનો ધરો છે તેમાં ના'વા પધાર્યા. અને ત્યાં રામાનંદસ્વામીએ આલશીભાઈને પ્રભાતી શીખવી હતી, તેનો ઉત્તર(અર્થ) કર્યો. અને ત્યાંથી ગામોગામ દર્શન દેતા અને સમાધિઓ કરાવતા થકા **કારિયાણીએ** પધાર્યા. અને ત્યાંથી ગામ **કુંડળ** પધાર્યા ને મામૈયા પટગર તથા અમરા પટગરને ઘેર રસોઈ મયારામ ભટ્ટ પાસે કરાવે, તે થાળ મહારાજ જમતા ને સમાધિ કરાવતા.

પછી ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં **શ્રીનગર**માં પધાર્યા અને પાંચકૂવા ઉપર ઊતર્યા. અને ઘણાક મનુષ્યને સમાધિ થતી, તેથી વૈરાગી બળી ઊઠ્યા અને સર્વે મળીને મારવા આવ્યા. ત્યારે મહારાજ તથા ભાઈ રામદાસજી તે તો ખસી નીકળ્યા અને રુગનાથદાસ તે તો બેસી રહ્યો. અને ભેખની હલ્લા આવી ત્યારે રુગનાથદાસને પાટુ, ઢીકા, ગડદાએ કરીને પૂરો કર્યો.

ત્યાર પછી મહારાજ ચાલ્યા તે ગામ **મછિયાવ** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **મેથાણ** પધાર્યા. અને ત્યાં હરિભક્ત અજા પટેલ તથા કાકાભાઈ તથા પૂજાભાઈ તેને દર્શન દીધાં. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **હળવદ**માં પધાર્યા. અને ત્યાં નારાયણજી જોષીને ઘેર થાળ જમીને ચાલ્યા, તે ગામોગામ દર્શન દેતા થકા હાલાર દેશમાં **ભાદરા** ગામ આવ્યા. અને તે ગામમાં ભક્ત **વશરામ સુતારને** ઘેર ઊતર્યા. અને બીજા ઘણાક મુક્ત એવા જે મુળજી, ડોસાભાઈ, રતનાભક્ત તેમની ભક્તિએ કરીને એક માસ સુધી ત્યાં રહ્યા હતા. અને ડોસાભાઈને સમાધિ કરાવતા. અને તે ગામથી ઉત્તર દિશામાં નદી છે, ત્યાં ના'વા જતા. અને તે નદીના કાંઠા ઉપર જે ઓરિયો છે, ત્યાં ડોસાભાઈ કોસ હાંકતા અને મહારાજ વડની ડાળ ઝાલીને વાત કરતા.

※ વશરામભક્તના સંકલ્પે કીડીઓનો મોક્ષ :

એક દિવસે વશરામ ભક્ત ખેતરમાં કડબનો ભોર(કડબનું ગાડું, ભરોટું) ભરવા ગયા. અને ત્યાં એક કીડિયારું દેખ્યું ને એમ વિચાર કર્યો જે, 'હે મહારાજ ! આ જીવનો ક્યારે ઉદ્ધાર થશે !' તે જ સમે સર્વે કીડીઓ ચતુર્ભુજરૂપે થઈને વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગઈ. તે વાત મહારાજને કહી જે, "હે મહારાજ ! એ શું મુક્ત હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો મુક્ત નહોતી, પણ તમારે સંકલ્પે કરીને મોક્ષ પામી." એવી રીતની અનંત લીલા કરી છે.

એ ભાદરાના મુળજીભાઈ તે ગુણાતીતાનંદસ્વામી અને રતનાભક્ત તે વિજ્ઞાનદાસ સમાધિવાળા થયા હતા. એમ સંવત્ ૧૮૬૦ના આસો વદિ ૩૦ અમાવાસ્યા જે દિવાળી તે એ જ ગામમાં કરી. અને ત્યાંથી ચાલ્યા તે **શેખપાટ**માં લાલજીભાઈને ઘેર પધાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'રામાનંદસ્વામીનો દેહત્યાગ, સત્સંગમાં વિચરણ તથા સમાધિપ્રકરણ,' એ નામે દશમો વિશ્રામ ॥૧૦॥

વિશ્રામ - ૧૧

કચ્છમાં વિચરણ, વૈરાગીઓની ઉપાધી અને સંતોને સંન્યાસી બનાવ્યા.

❊ શેખપાટથી લાલજી સુથાર સાથે વિચરણ કરતા આધોઈ આવ્યા :

પછી તે ગામમાં બે દિવસ રહ્યા ને પછી મહારાજે લાલજીભાઈને કહ્યું જે, "અમારે કચ્છમાં જાવું છે, માટે તમારા જેવો કોઈ ભોમિયો માણસ અમારી સાથે મોકલો." પછી તો લાલજીભાઈ જાવા તૈયાર થયા અને મહારાજને સારુ ભાતું કરાવ્યું, અને એક પાણીની બતક લીધી અને થોડીક કોરીઓ જોડામાં ઘાલી. એવી રીતે ભોમિયો થઈને મહારાજની સાથે ચાલ્યા. પછી એક મજલ(ચાલતાં કોઈ વિશ્રામસ્થાન સુધી) ગયા, ત્યારે કોઈક ગરીબે ખાવાનું માગ્યું. ત્યારે મહારાજે બધું ભાતું તેને અપાવ્યું.

પછી આધેરા ગયા ત્યારે ચોર મળ્યા. તેમણે લાલજીભાઈનાં લૂગડાં બધાં જોયાં, પણ કોઈ પૈસો ન દેખ્યો ત્યારે મેલીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને ચોરી કરતાં આવડતું નથી. કેમ જે કોરી તો એમના જોડામાં છે." ત્યારે ચોરે જોડા કઢાવ્યા અને તેમાંથી કોરી હતી, તે કાઢી લીધી. પછી લાલજીભાઈ મહારાજ સામું જોઈને હસ્યા ને કહ્યું જે, "હવે શું ખાશું ? ભાતું અપાવી દીધું ને કોરીઓ ચોરને આપી." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો તમારે માથે વિઘન આવનાર હતું, તે અમે મટાડ્યું. અને આ ગામમાં ખાવાનું તો ઘણું મળશે."

ત્યારે લાલજીભાઈ બોલ્યા જે, "એ ગામમાં તો મને બધાય મનુષ્ય ઓળખે છે. માટે માગવા ન જવાય." ત્યારે મહારાજ કહે, "આવો, ન ઓળખે એવા કરું." એમ કહીને મૂછ કાતરી નાંખી અને માથે બાંધવાનું ધોતિયું ફાડીને લંગોટ વળાવી. ને ચાદર ફાડીને અલફી ગળામાં નાખી. અને **નિષ્કુળાનંદસ્વામી** નામ પાડ્યું. પછી ઝોળી લઈને માગવા ગયા

અને ત્યાં જમીને પાણીની બતક ભરીને રણમાં ચાલ્યા. પછી આઘા જાતાં કોઈ પુરુષ આકાશ માર્ગે જાતા હતા. તેમણે મહારાજને નમસ્કાર કર્યા ને પાણી માગ્યું. તેથી મહારાજે બધું પાણી પાયું.

પછી આગળ ચાલ્યા ત્યારે મહારાજને તરસ લાગી. પછી આગળ ચાલ્યા ત્યારે નિષ્કુળાનંદસ્વામીને તરસ લાગી ને કંઠે પ્રાણ આવ્યા. ત્યારે મહારાજ કહે, "જુઓ, ખારા સમુદ્રમાં જે મીઠી સેર કહી છે તે આવી. હવે પાણી પીઓ." ત્યારે સ્વામીએ મહારાજને પાયું ને પોતે પીધું ને બતક પણ ભરી લીધી. અને પછી ચાખે ત્યાં ખારું ! એવી રીતે ચાલ્યા, તે ખાડી ઊતરીને કાંઠે આવ્યા. અને તે રણને કાંઠે એક તલાવડી ને બાવળિયો આવ્યો ત્યાં મહારાજ પોઢ્યા.

અને જાગીને રસ્તાની વાત કરી અને કહ્યું જે, "રામાનંદસ્વામી આવે તો તમે ઓળખો ?" ત્યારે સ્વામી કહે, "હા." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે પાણી પાયું તે કોણ હતું ?" ત્યારે સ્વામી કહે, "એમને મેં ન ઓળખ્યા." ત્યારે મહારાજ કહે, "એ તો રામાનંદસ્વામી હતા. અને તમારી પીડા જાણીને અમે મીઠું પાણી કર્યું." પછી મહારાજનાં પગમાંથી કાંટા કાઢ્યા અને સર્વે ચિહ્ન જોયાં. પછી મહારાજે નિષ્કુળાનંદસ્વામીને પૂછ્યું જે, "તમારે હવે કોઈ વાતની ઈચ્છા રહી ? અને તમને રામાનંદસ્વામીએ કહ્યું હતું જે, 'જ્યારે અમારે તમને સાધુ કરવા હશે ત્યારે બોલાવશું.' તે વાત આ જ છે."

પછી ત્યાંથી ચાલ્યા ત્યારે એક ગામ(આધોઈ) આવ્યું. તે ગામને પાદર છોકરા રમતા હતા. ત્યારે મહારાજે કહ્યું જે, "આમાંથી બેને ઉપદેશ કરીને સાધુ કરો, એટલે એ તમારા છોકરા." પછી મહારાજ તે ગામમાં હરિભક્તને ઘેર ગયા ને જમ્યા. અને તે પૂછવા લાગ્યા જે, "તમારી સાથે કોણ છે ?" ત્યારે મહારાજ કહે, "એક નવા સાધુ છે. તેનું નામ નિષ્કુળાનંદસ્વામી છે અને તે કવિ છે. અને અમે તો ભુજનગર

જાશું અને એ સાધુને તમારે ઘેર મેલી જાશું, તે એમની તમે બરદાસ રાખજો." અને પછી સ્વામીને યમદંડ કરવાની આજ્ઞા કરી.

❊ શ્રીહરિનું કચ્છમાં વિચરણ :

પછી પોતે ત્યાંથી ચાલ્યા તે ગામ **ધમડકે રાયધણજી**ને ઘેર પધાર્યા. અને ત્યાંથી ગામ **કંથકોટ** પધાર્યા. અને ત્યાંથી **આધોઈ** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે **ભુજનગર**માં સુતાર હીરજી તથા ગંગારામ મલ્લને ઘેર પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **માનકૂવા** પધાર્યા અને ત્યાં પાંચ દિવસ રહીને ગામ **તેરે** તથા **કાળાતળાવ** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ગજોડ** આવ્યા. અને ત્યાંથી **રામપર, દહીંસરા** તથા **બળદિયા** ગયા. અને ત્યાંથી વહાણમાં બેસીને ખાડી ઊતરીને રણની **પીપળિયે** ભક્ત ગણેશને ઘેર પધાર્યા. અને નિત્યે નદીએ ના'વા જાતા હતા. પછી ત્યાંથી ચાલ્યા તે **અલૈયે મોડે** પધાર્યા. અને ત્યાંથી દેશ **હાલાર**માં પધાર્યા અને ત્યાંથી ચાલ્યા તે દેશ **સોરઠ**માં ગામ **માણાવદર** પધાર્યા. ને ત્યાંથી **આખા** તથા **અગત્રાઈ** થઈને **કાલવાણીએ** પધાર્યા. અને સર્વે સંતને ત્યાં તેડાવ્યા.

❊ નિર્માની સંતોએ વૈરાગીઓનો ઉપદ્રવ સહન કર્યો :

પછી સર્વ સંતને મહારાજ મળ્યા અને દેશકાળની ખબર પૂછી. ત્યારે સર્વે સંત બોલ્યા જે, "હે મહારાજ ! સર્વે ભેખધારી બહુ દુઃખ દે છે. અને જેમ જેમ અમે નિર્માની વર્તમાન રાખ્યું, તેમ તેમ અમને બહુ દુઃખ દેતા ગયા." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે પણ સામા થાઓ..!" ત્યારે સંત બોલ્યા જે, "તો તો કદર્ય, જડભરત તથા શુકજી તેને માર્ગે ચાલ્યા, તે માર્ગમાં ખોટ બેસે અને નિર્માની વર્તમાન જાય."

આનંદસ્વામીનું નામ **રામગલોલાજી** હતું. તે આનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અમારી મંડળી ફરતી ફરતી ડાકોર ગઈ. અને જ્યારે સર્વે વૈરાગી જમવા બેઠા ત્યારે મેં ચારે સંપ્રદાયની જય બોલાવી. ત્યારે

એક ખાખી બોલી ઊઠ્યો જે, 'દેખો ભાઈ, યે જીવનમુક્તાકા પંથકી જય બોલાવતા હૈ ઔર તુમ સબ સુનતે હો ? ને જો એ જીવનમુક્તાકા પંથકા ન હોય તો ઈસકે પાસ નરસિંગ ભભૂત ઊઠાઓ.' ત્યારે મેં કહ્યું, 'જો હમ જીવનમુક્તા પંથકા ન હોય, તો હમકું નરસિંગ ભભૂત પૂછે. (અર્થાત્ હમ જીવનમુક્તા કા પંથ કા નહીં હૈં, મગર વહ કહનેવાલા હૈ.)' ત્યારે સર્વે વૈરાગી બોલ્યા જે, 'એ (કહનેવાલા) જીવનમુક્તા કા પંથકા હૈ, ઈસકું મારો.' ત્યારે હું બોલ્યો જે, 'હા મારો.' પછી ખાખી પ્રથમ બોલ્યો હતો, તેને મારી મારીને અધમૂવો કર્યો. હે મહારાજ ! મેં એવી કળા કરીને સંતને ઉગાર્યા.

પછી ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં ગામ **વીસનગર** આવ્યા. ત્યાં પણ વૈરાગીએ આવીને તુંબડાં ફોડ્યાં અને કંઠીઓ ઊતરાવીને અમને માર્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ધ્રાંગધ્રે** આવ્યા અને ત્યાં પાંચ-છ દિવસ રહીને ચાલ્યા. ત્યારે ત્યાં પણ ચાર વૈરાગી આવીને માર મારવા લાગ્યા ને લૂંટવા લાગ્યા.

❊ મગનીરામ શ્રીહરિને શરણે થયા :

ત્યારે **દેવીવાળા મગનીરામ** બોલ્યા જે, 'ગુરુ સાહેબ ! મેરેકું આજ્ઞા કરો તો બે બે જણને ઝાલીને સામસામાં માથાં ભટકાવીને મારી નાખું.' ત્યારે સર્વે સાધુ બોલ્યા જે, 'તમે પણ તેના ભેળા જાઓ."

અને દેવીવાળા મગનીરામ કેમ નામ પડ્યું ? તે કહું છું જે, જ્યારે એ પરોક્ષપણે હતા, ત્યારે દેવી આવીને હાજરાહજૂર બોલતી. એક સમયે બીજા વૈરાગી બોલ્યા જે, "એક જીવનમુક્તકા પંથ ચલ્યા હે." ત્યારે મગનીરામ બોલ્યો જે, "ઈસકું અધર અધર ઉડા દેઉં, વો કહાં હૈ ?" ત્યારે બીજા બોલ્યા જે, "એ તો લોજ ગામમેં રેતે હૈ."

પછી તે એક સાધુને લઈને લોજ(ની નજીક માંગરોળ ગામ)માં આવ્યો અને મહારાજ જગ્યામાં પીપળાના વૃક્ષ હેઠે બેઠા હતા. તે સમે

શરીરે રાખ ચોળેલી છે, ને લાલચોળ આંખો છે, ને માથે પીળી જટા ને હાથમાં મોટો ચીપિયો છે, ને કાળભૈરવના જેવું રૂપ ધારીને આવ્યો. ત્યારે દેવીને સંભારવા માંડી પણ દેવી પાસે ન આવી.

ત્યારે ત્યાંથી ઊઠીને પોતાના સ્થાને જઈને દેવીનો જપ કર્યો. ત્યારે દેવી આવી. ત્યારે મગનીરામ બોલ્યો જે, "મેં સંભારી ત્યારે કેમ ન આવી ?" ત્યારે તે દેવી બોલી જે, "એ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે. માટે એની પાસે તો મારાથી ન જવાય અને જો જાઉં તો બાળીને ભષ્મ કરે. અને મને આંહીં પણ એનો તાપ લાગે છે." ત્યારે મગનીરામ બોલ્યો જે, "જીવના કલ્યાણના કર્તા એ જ છે ?" ત્યારે દેવી બોલી જે, "અનંતકોટી બ્રહ્માંડના કર્તા અને કાળ, માયા ને પ્રકૃતિપુરુષ તેના પ્રેરક ને કાળના હાથમાંથી જીવને મુકાવીને અક્ષરધામને પમાડે એવા છે." ત્યારે મગનીરામ બોલ્યો જે, "હવે આજથી હું પણ એને શરણે છું અને તારે મારે આજથી લેવા દેવા નથી." એમ કહીને દેવીને પાછી કાઢી.

અને પછી તે શ્રીજીમહારાજ પાસે આવીને ચરણકમળમાં પડ્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કેમ, તમે તમારી કરામત કરી રહ્યા ?" ત્યારે તે બોલ્યો જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો, ભગવાન છો અને હું તો પામર છું ને નરકનો અધિકારી છું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સંત ભેગા રહેશો ?" ત્યારે તે કહે, "હા મહારાજ, રહીશ." ત્યારે મહારાજ કહે, "લાવો કાતર." ત્યારે કાતરે કરીને જટા ઉતારીને ગળે મોટો ગંઠો હતો તે તોડી નંખાવ્યો. અને ચોરી, છિનાળી તથા દારૂ, માટી, ગાંજો, ભાંગ્ય, મફર એ આદિ સર્વે કેફનું નીમ ધરાવ્યું. અને દેવીના મંત્રને પણ ન સંભારવાનું નીમ આપ્યું. એવી રીતે એ મગનીરામ મહારાજનો શિષ્ય થયો. (અને એમનું અદ્વૈતાનંદ એવું નામ પાડ્યું.) અને મગનીરામ પણ બે હતા.

❊ સંતોને પરમહંસ બનાવ્યા :

એવી રીતે જ્યાં જ્યાં સંતનાં મંડળ ફરતાં હતાં, તેને વૈરાગી બહુ ઉપાધિ કરવા લાગ્યા. એ વાતને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લાવો કાતર.' પછી પોતાને હાથે સર્વેની શિખા કાપીને પરમહંસની દશા(પદવી) આપી. ને નામ પાડ્યાં. તે નામ - ભાઈરામદાસજી, મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, શુકમુનિ, સર્વજ્ઞાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, દેવાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, દેવદેવાનંદસ્વામી, પરમાત્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, તદ્રૂપાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, ચિન્મયાનંદસ્વામી, વૈરાગ્યાનંદસ્વામી, અદ્ભુતાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી, જિજ્ઞાસાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, જિજ્ઞાસાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી, વિરક્તાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, નરનારાયણાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી, પતિતપાવનાનંદસ્વામી, મહાપુરુષાનંદસ્વામી, ધીરાનંદસ્વામી, શિવાનંદસ્વામી, આધારાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, પરમ-ચૈતન્યાનંદસ્વામી, વિશ્વાસાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, વિશ્વાત્માનંદસ્વામી, સૂર્યાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, રમાકાંતાનંદસ્વામી, રામાનુજાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, પ્રતોષાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, ભૂધરાનંદસ્વામી, અભેદાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, સુખાનંદસ્વામી, પરમદયાલાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, અરૂપાનંદસ્વામી, અપારાનંદસ્વામી, અમૂરતાનંદસ્વામી, આદિત્યાનંદસ્વામી, અખિલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી, નિરવરતાનંદસ્વામી,

સદાનંદસ્વામી, ત્રિવિક્રમાનંદસ્વામી, ચિદાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, શતાનંદસ્વામી, સુખાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામી, અચ્યુતાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, અમોઘાનંદસ્વામી, અરિહંતાનંદસ્વામી, અનુભાવાનંદસ્વામી, અચલાનંદસ્વામી, અખિલાનંદસ્વામી, આકાશાનંદસ્વામી, ઓમ્કારાનંદસ્વામી, પરમાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, વેદાંતાનંદસ્વામી, વૈકુંઠાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, ભગવાનાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, તત્ત્વાનંદસ્વામી, નિજબોધાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી, ક્ષમાનંદસ્વામી, પુંડરિકાક્ષાનંદસ્વામી, વિધાત્રાનંદસ્વામી, અનાદિનિધનાનંદસ્વામી, ઉત્તમાનંદસ્વામી, અગ્રાહ્યાનંદસ્વામી, સાત્ત્વતાનંદસ્વામી, ધ્રુવાનંદસ્વામી, અપ્રમેયાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, ઋષિકેશાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, નિયમાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, નિઃસ્વાદાનંદસ્વામી, નિઃસ્નેહાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, કૌશિકાનંદસ્વામી, અષ્ટાવક્રાનંદસ્વામી, યુક્તાનંદસ્વામી, જરાદશાનંદસ્વામી(જગદીશાનંદ?), પ્રેમસખી પ્રેમાનંદસ્વામી, પિતાંબરાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, પરમેશ્વરાનંદસ્વામી, દયાનંદસ્વામી, ભક્તેશ્વરાનંદસ્વામી, સુરેશ્વરાનંદસ્વામી, ધર્માનંદસ્વામી, મુનેશ્વરાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, બળભદ્રાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, શંકરાનંદસ્વામી, કેશવાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, શ્વવસાનંદસ્વામી, શ્વાસાનંદસ્વામી, દૃષ્ટપ્રકાશાનંદસ્વામી, સ્વજનાનંદસ્વામી, માધવાનંદસ્વામી, સાંખ્યાનંદસ્વામી, પ્રભાનંદસ્વામી, ભાસ્કરાનંદસ્વામી, ઋષભાનંદ સ્વામી, સગુણાનંદસ્વામી, રમેશ્વરાનંદસ્વામી, નિર્દ્વન્દ્વાનંદસ્વામી,

વિદેહાનંદસ્વામી, નિરાલંબાનંદસ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી, વિશ્વાસાનંદસ્વામી નિર્વિકારાનંદસ્વામી, જુક્તાનંદસ્વામી, નિરપેક્ષાનંદસ્વામી, ગણેશાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી, ભક્તેશ્વરાનંદસ્વામી, નીલકંઠાનંદસ્વામી, નિર્મોહાનંદસ્વામી, જોગાનંદસ્વામી, અવિનાશાનંદસ્વામી, અછેદ્યાનંદસ્વામી, માયાતીતાનંદસ્વામી, માનદાનંદસ્વામી, પ્રદ્યુમ્નાનંદસ્વામી, મંજુકેશાનંદસ્વામી, હરિભજનાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, હયગ્રિવાનંદસ્વામી, નરોત્તમાનંદસ્વામી, પ્રશાંતાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી, સવિત્રાનંદસ્વામી, સુજ્ઞાનંદસ્વામી, ધરણીધરાનંદસ્વામી, સત્યકૃતાનંદસ્વામી, સત્યેશ્વરાનંદસ્વામી, જ્યોતિષાનંદસ્વામી, પ્રભ્વાનંદસ્વામી પ્રબોધાનંદસ્વામી, રઘુનાથાનંદસ્વામી, રામચંદ્રાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી, તપસાનંદ સ્વામી, પ્રસાદાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, દહરાનંદસ્વામી, વામનાનંદસ્વામી, જજ્ઞનિવાસાનંદસ્વામી, વિવેકાનંદસ્વામી, અક્ષયરૂપાનંદસ્વામી, મંગલાનંદસ્વામી, શ્વેતદ્વીપાનંદસ્વામી, અવ્યયાનંદસ્વામી, ગોલોકેશ્વરાનંદસ્વામી, સુવ્રતાનંદસ્વામી, તુરિયાતીતાનંદસ્વામી, અભેદાનંદસ્વામી, દૃઢવ્રતાનંદસ્વામી, વિચારાનંદસ્વામી, નિર્વિશેષાનંદસ્વામી, ક્ષમાનંદસ્વામી, અનિરુદ્ધાનંદસ્વામી, જિષ્ણુવાનંદસ્વામી, મધુસુદનાનંદસ્વામી, અધ્યાત્માનંદસ્વામી, મુક્તિદાનંદસ્વામી, સચ્ચિદ્વ્રતાનંદસ્વામી, વરદાનંદસ્વામી, જ્ઞાનવલ્લભાનંદસ્વામી, સુપર્ણાનંદસ્વામી, વિશ્વાધારાનંદસ્વામી, દુર્લભાનંદસ્વામી, ઘનશ્યામાનંદસ્વામી, ઐશ્વર્યાનંદસ્વામી, અવદાતાનંદસ્વામી, અલિંગાનંદસ્વામી, ઉપશમાનંદસ્વામી બાલમુકુંદાનંદસ્વામી, સંકર્ષણાનંદસ્વામી, શ્રીધરાનંદસ્વામી, જનાર્દનાનંદસ્વામી, યજ્ઞેશ્વરાનંદસ્વામી,

ભુતાત્માનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, પ્રધાનપુરુષાનંદસ્વામી, હિરણ્યગર્ભાનંદસ્વામી, ભાવાનંદસ્વામી, દુરાધર્ષાનંદસ્વામી, ઈશાનંદસ્વામી, ભૂગર્ભાનંદસ્વામી, પ્રાણદાનંદસ્વામી, કૃતજ્ઞાનાનંદસ્વામી, સર્વેશ્વરાનંદસ્વામી, ત્રિગુણાતીતાનંદસ્વામી, બુધ્યાનંદસ્વામી, વૃષકૃપાનંદસ્વામી, તૃષવાનંદસ્વામી, કરસકાનંદસ્વામી, આત્માનંદસ્વામી, સ્વાત્માત્માનંદસ્વામી, હંસશિષ્યાનંદસ્વામી, સર્વવિધાનંદસ્વામી, સર્વમાનાનંદસ્વામી, શ્યામાનંદસ્વામી, વિશ્વકેશાનંદસ્વામી, વેદાંતાનંદસ્વામી, ધર્માધ્યક્ષાનંદસ્વામી, વેદજ્ઞાનાનંદસ્વામી, લોકાધ્યક્ષાનંદસ્વામી, ભાગીવિશ્વાનંદસ્વામી, ચતુર્વ્યૂહાનંદસ્વામી, સહિવિશ્વાનંદસ્વામી, ચતુરાત્માનંદસ્વામી, અનઘનાનંદસ્વામી, ચતુર્ભુજાનંદસ્વામી, વિજયાનંદસ્વામી, પુજિતાનંદસ્વામી, કારણાનંદસ્વામી, ઉપેન્દ્રાનંદસ્વામી, અતીન્દ્રિયાનંદસ્વામી, સત્યવ્રતાનંદસ્વામી, મહાવીર્યાનંદસ્વામી, મહામાયાનંદસ્વામી, સાતવ્રતાનંદસ્વામી, મહેશાનંદસ્વામી, સુતાનંદસ્વામી, અનિમેષાનંદસ્વામી, મહેશ્વાસાનંદસ્વામી, ઉદારાનંદસ્વામી, મહાશક્ત્યાનંદસ્વામી, ધામાનંદસ્વામી, ગુરુત્તમાનંદસ્વામી, ભૂષણાનંદસ્વામી, સહસ્રાક્ષાનંદસ્વામી, અનિલાનંદસ્વામી, અનિવ્રતાનંદસ્વામી, નિવૃત્તાનંદસ્વામી, સત્કૃતાનંદસ્વામી, અસંખ્યેયાનંદસ્વામી, વિશિષ્ટાનંદસ્વામી, સિદ્ધાનંદ સ્વામી, સિદ્ધસંકલ્પાનંદસ્વામી, સિદ્ધિદાનંદસ્વામી, વર્ધનાનંદસ્વામી, વિવિક્તાનંદસ્વામી, શ્રુતિસાગરાનંદસ્વામી, મહેશાનંદસ્વામી, બૃહદ્રૂપાનંદસ્વામી, વસુદાનંદસ્વામી, નૈકરૂપાનંદસ્વામી, સંન્યાસાનંદસ્વામી, પ્રતાપાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી, અવ્યક્તરૂપાનંદસ્વામી, પાવનાનંદસ્વામી, અનંતજીતાનંદસ્વામી, પ્રથિતાનંદસ્વામી, અશોકાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી,

અકામાનંદસ્વામી, અનુકૂલાનંદસ્વામી, આદિદેવાનંદસ્વામી, શ્રીગર્ભાનંદસ્વામી, મહાભાગાનંદસ્વામી, નિર્વાણાનંદસ્વામી, વ્યવસાયાનંદસ્વામી, સંતોષાનંદસ્વામી, નંદાનંદસ્વામી, સ્થિરાનંદસ્વામી, નિર્મત્સરાનંદસ્વામી, શત્રુઘ્નાનંદસ્વામી, સુદર્શનાનંદસ્વામી, વિશાલાનંદસ્વામી, અમેષ્ટનાનંદસ્વામી, દક્ષાનંદસ્વામી, ધર્મયુવાનંદસ્વામી, ઇજ્યાનંદસ્વામી, મહામખાનંદસ્વામી, વિમુક્તાનંદસ્વામી, સુમુખાનંદસ્વામી, સૂક્ષ્માનંદસ્વામી, બ્રહ્મણ્યાનંદસ્વામી, જીતક્રોધાનંદસ્વામી, મનોહરાનંદસ્વામી, દર્પહાનંદસ્વામી, ભક્તવત્સલાનંદસ્વામી, સુભગાનંદસ્વામી, જ્ઞાનગમ્યાનંદસ્વામી, શાંતિદાનંદસ્વામી, પુરાતનાનંદસ્વામી, સત્યકીર્ત્યાનંદસ્વામી, સત્યસંધ્યાનંદસ્વામી, વિશોકાનંદસ્વામી, પ્રમોદાનંદસ્વામી, નંદનાનંદસ્વામી, સત્યધર્માનંદસ્વામી, સદ્ગત્યાનંદસ્વામી, ગદાધરાનંદસ્વામી, પુણ્યાનંદસ્વામી, ચક્રધરાનંદસ્વામી, દુર્જયાનંદસ્વામી, અયોનિજાનંદસ્વામી, કુમુદાનંદસ્વામી, છિન્નસંશયાનંદસ્વામી, વિશુદ્ધાત્માનંદસ્વામી, અક્ષોભ્યાનંદસ્વામી, ત્રિલોકાત્માનંદસ્વામી, સુલભાનંદસ્વામી, ત્રિલોકાનંદસ્વામી, યોગીશાનંદસ્વામી, યોગેશ્વરાનંદસ્વામી, આદિત્યવર્ણાનંદસ્વામી, જેષ્ઠાનંદસ્વામી, ધનંજયાનંદસ્વામી, શુદ્ધાનંદ સ્વામી, પુણ્યકીર્ત્યાનંદસ્વામી, સુનેત્રાનંદસ્વામી, ભૂતવાસાનંદસ્વામી, સુભુતાનંદસ્વામી, વિદ્યાનંદસ્વામી, વિશ્વમૂર્ત્યાનંદસ્વામી, શરણ્યાનંદસ્વામી, લોકનાથાનંદસ્વામી, સાંખ્યાનંદસ્વામી, મહાકર્માનંદસ્વામી, સુહૃદાનંદસ્વામી, ચતુર્વેદાનંદસ્વામી, સત્ત્વાનંદસ્વામી, ઈશ્વરાનંદસ્વામી, ઉદ્ભવાનંદસ્વામી, મહાભુતાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, યજ્ઞાનંદસ્વામી, સનાતનાનંદસ્વામી, આત્માનંદસ્વામી, વિશ્વચૈતન્યાનંદસ્વામી,

ક્ષેત્રજ્ઞાનંદસ્વામી, પરમપ્રકાશાનંદસ્વામી, પરમાત્માનંદસ્વામી, શુકાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, તદ્રૂપાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, શ્રીનિવાસાનંદ સ્વામી, પ્રતોષાનંદસ્વામી, ભદ્રાનંદસ્વામી, કાનડાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, આધારાનંદસ્વામી, પરમાનંદસ્વામી, ધરણીધરાનંદસ્વામી, હરિહર્યાનંદસ્વામી, પરિવ્રાટ્ દેવાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, શિવાનંદસ્વામી, શ્રીધરાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી, શંકરાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, વામનાનંદસ્વામી, શાલગ્રામાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી, બ્રહ્મચારી જેરામાનંદ, વાસુદેવાનંદ, નારાયણાનંદ, રણછોડાનંદ, વામનાનંદ, કેશવાનંદ, ઋષિકેશાનંદ, ગોપાળાનંદ, વૈકુંઠાનંદ, રાઘવાનંદ, આનંદાનંદ, માધવાનંદ. આ જે નામ કહ્યાં તે મંડળના મોટેરાનાં કહ્યાં.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'કચ્છમાં વિચરણ, વૈરાગીઓનો ઉપદ્રવ અને સંતોને પરમહંસ બનાવ્યા,' એ નામે અગિયારમો વિશ્રામ ॥૧૧॥

વિશ્રામ - ૧૨

શ્રીહરિનું કચ્છ, સોરઠ તથા હાલારમાં વિચરણ

❊ પરમહંસને વર્તવાની રીત કહી તથા દેશમાં ફરવા મોકલ્યા :

એક એક નામમાં બબ્બે ત્રણત્રણ (પરમહંસના) નામ રહ્યાં છે. અને એવી રીતે નામ પાડીને મહારાજે કહ્યું જે, "આજથી પરમહંસ એવી તમારી સંજ્ઞા થાશે અને ત્રણ વર્ણની ભિક્ષા માગો. ને માગીને દાણોમાત્ર ન કાઢવો અને કાંકરો-જીવજંતુ તે કાઢવાં, ને માંઈ પાણી રેડીને ગોળા વાળવા અને તે ગોળા હાથમાં લઈને જમવું. તે પણ એક જ ટંક જમવું. અને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ અને દ્રવ્યનો ત્યાગ રાખવો. અને કંથા સીવવાને સારુ એક સૂઈ રાખવી. અને કાગળ કાતરવા એક કાતર રાખવી તથા કલમ કરવા એક ચપ્પુ રાખવું. અને એક કંથા ને એક કોપીન ને એક અઢી હાથનો અંચળો(અલફી) રાખવો. અને એક ભિક્ષા માંગવાને ઝોળી રાખવી અને એક જળગરણું રાખવું." એવી રીતે પરમહંસની દીક્ષા આપીને મહારાજ બહુ રાજી થયા.

અને બોલ્યા જે, "હે સંતો ! દેશદેશમાં મંડળ બાંધીને પરમેશ્વરની વાતો કરો. અને જે દિવસ કોઈક રાજા તમારી રક્ષાનો કરનારો આવશે ત્યારે હું તમને કંઠી, ચાંદલે સહિત તિલક, શિખા ને ઉપવીત ને દીક્ષા આપીશ. અને હમણાં તો જેમ ભાગવતમાં કહ્યું છે જે, 'चीराणि किं पथि न सन्ति?'[1] એવી રીતે જેમ શુકજી, દત્તાત્રેય, જડભરત એ આદિ વર્ત્યા, તેમ તમે પણ અમારી આજ્ઞાએ કરીને વર્તો. અને મધ્યાહ્ન સમે ભિક્ષા માગવા જાવું ત્યારે કેરી, રાયણ, કોઠું, દાણા આદિક હરકોઈ વસ્તુ જોળીમાં આવે તે જમવું. અને કોઈ વનફળ ઝાડ નીચે પડ્યાં હોય, તે પણ લઈને જમવાં નહીં, એમ અમારી આજ્ઞા છે."

૧. શું પહેરવા માટે માર્ગમાં વસ્ત્રના ટૂકડા નથી પડ્યા હોતા ? (ભાગ.૨/૨/૫)

ત્યારે સર્વે પરમહંસ બહુ રાજી થયા અને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! ભલો ઉપાધિનો ત્યાગ કરાવ્યો. હવે સુખે કથાવાર્તા કરશું અને તમારી મૂર્તિનું ધ્યાન કરશું." ત્યારે શ્રીજીમહારાજ કહે, "આવો, મળિયે." ત્યારે સંતો કહે, "બહુ સારું." પછી સર્વે સંતને મહારાજ મળ્યા અને બોલ્યા જે, "હે સંતો ! તમે દેશ દેશ પ્રત્યે મંડળ બાંધીને ફરો અને જ્યારે અમે તમને તેડાવીએ ત્યારે તમે અમારે દર્શને આવજો, તે વિના આવશો નહીં, એમ અમારી આજ્ઞા છે."

❊ કાલવાણીથી વિચરણ કરતા ગામ ગેરિતા પધાર્યા :

પછી સંત ચાલી નીકળ્યા અને મહારાજ પણ **પર્વતભાઈ** તથા **જેઠા મેર** આદિ હરિજનને સાથે લઈને ચાલ્યા તે ફરતાં ફરતાં **કોટડે** આવ્યા. અને ત્યાંથી **ગોખલાણે** ગયા. અને ત્યાંથી ગઢડે થઈને ગામ **ઝીંઝાવદર** થઈને ગામ **કારિયાણીએ** પધાર્યા. અને ત્યાં ચાર દિવસ રહીને ગામ **કુંડળ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ભાલમાં થઈને **શ્રીનગર**માં એક રાત રહીને ગામ **વહેલાલ** પધાર્યા અને ત્યાં પરમહંસ કર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **સલકી** થઈને **પ્રાંતિજ** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **વિજાપુર** આવીને વજીબાને ચમત્કાર દેખાડ્યો. ને ગામ **ગેરિતે** ગયા અને ત્યાં પરમહંસ કર્યા અને 'પગમાં પગરખાં પાવલાં પણ રાખવાં નહીં' એવી આજ્ઞા કરી. અને 'अलक्ष्यलिंगो निजलाभतुष्टः ।[1] એવી રીતે રહીને જીવના કલ્યાણને અર્થે ફરો અને અમારા સ્વરૂપનો જીવને નિશ્ચય કરાવજો' એવી રીતે પરમહંસને આજ્ઞા કરી.

❊ વડનગર તથા વીસનગરની લીલા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વડનગર** આવ્યા. અને વિપ્ર **વનમાળી**ને ઘેર પોતે જમ્યા અને પોતાની ભેગા જે પાળા હતા તેમને

૧. જેમ શુકદેવજી બ્રહ્મરૂપ એવા પોતાના આત્માના અનુભવથી જ સંતુષ્ટ રહીને બીજા ઓળખી ન શકે એમ રહેતા. (ભાગ.૧/૧૯/૨૫)

જમાડ્યા. અને ત્યાં એક વૈરાગી મુનિ થઈને બેઠો હતો, તેને બોલાવ્યો. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **વિસનગર** પધાર્યા. અને તે ગામમાં સંન્યાસી **દેવાનંદસ્વામી**એ બાઈઓને સત્સંગ કરાવ્યો હતો. તે બાઈઓને ખબર થઈ, તેથી મહારાજ તળાવને કાંઠે બેઠા હતા, ત્યાં સર્વે આવ્યાં. અને મહારાજનાં દર્શન કરીને સર્વે પાસે બેઠાં. અને તે સમે તે બાઈઓના ધણીને ખબર થઈ, તે લાકડીઓ લઈને આવ્યા. તે મહારાજ સભા કરીને બેઠા હતા, તેમને દેખ્યા નહીં અને તે બારોબાર ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "એ કોણ છે ?" ત્યારે બાઈઓ કહે, "એ તો અમારાં સંબંધી છે. અને અમે તમારી પાસે આવ્યા, તેથી અમને મારવા સારુ આવ્યા હતા, પણ પરમેશ્વરે કેવી કળા કરી કે તેમણે દેખ્યા જ નહીં !"

પછી મહારાજ કહે, "ચાલો આપણે ગામમાં જઈએ." પછી રૂડી રીતે ગામમાં પધાર્યા. અને તળાવના ગરનાળા ઉપર સભા કરતા. અને મહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે, "આપણે બ્રાહ્મણની ચોરાશી કરીએ પણ રૂપિયા કોણ ધીરશે ?" ત્યારે એક શાહુકાર કહે, "રૂપિયા હું ધીરીશ." ત્યારે મહારાજ કહે, "બહુ સારું." મહારાજે ભટ્ટને કહ્યું જે, "આપણે શું રસોઈ કરાવશું ?" ત્યારે ભટ્ટ બોલ્યા જે, "ભગવાન કરે તે જીવ ન કરે. (અર્થાત્ અમે જીવ છીએ. તમે કરો તે અમારાથી ન થાય. તમે જે કહો તેની રસોઈ રાખીએ.)" ત્યારે મહારાજ બોલ્યા જે, "સાત પ્રકારની સુખડી કરાવીએ." પછી એવી રીતે ચોરાશી કરાવીને રૂપિયા ચુકાવી દીધા.

❊ વીસનગરથી વિચરણ કરતા ધમડકા પધાર્યા :

અને ત્યાંથી ચાલ્યા તે ગામ **વસઈ** પધાર્યા. અને ત્યાંથી ગામ **મેઉ** પધાર્યા. અને **ભૂખણ ભાવસાર**ને ઘેર બાળકી અવતરી તેને કાંઈ હાથ પગ એકેય અંગ જણાતું ન હતું. ત્યારે મહારાજ કહે, "જોઈએ." ત્યારે એ બાળકી ઉપર લૂગડું હશે તે કોરે કર્યું. ત્યારે મહારાજે તેના

સામું જોયું. પછી મહારાજ કહે, "લૂગડું પાછું ઓઢાડો." તે ઓઢાડ્યું અને પછી ઘડીક કેડે જુવે તો કર-ચરણાદિકે સહિત બાળકી જણાણી. ત્યારે સર્વે જન મનમાં આશ્ચર્ય પામ્યા.

એવી રીતે ત્યાં ચમત્કાર દેખાડીને ત્યાંથી ચાલ્યા, તે છીપાવાડે ગામ લાંઘણોજ આવ્યા. અને ત્યાંથી ડાંગરવે આવ્યા. અને તે ગામથી ઉગમણી કોરે કૂવો હતો, ત્યાં સભા કરીને બેઠા અને પરમહંસ કર્યા. અને ત્યાં ચાર દિવસ રહીને ચાલ્યા, તે ગામ **રાજપર** ગયા અને ત્યાં એક રાત્રી રહીને ગામ **કુંડાલ** પધાર્યા. ને પટેલ કલાને ઘેર થાળ જમ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે **રામપર ભકોડે** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **રામગરી** પધાર્યા. અને ત્યાં બે દિવસ રહીને ફરતાં ફરતાં ગામ **શિયાણી** પધાર્યા. અને ત્યાં **શિવરામ ભટ્ટ**ને વાતમાં તથા સમાધિમાં મહારાજે એવો પ્રતાપ જણાવ્યો જે તે પણ મહારાજના ભેળા ચાલ્યા. ને ગામ **નાગડકે** ગયા. અને ત્યાં રહીને ગામ **મોઢુકે** ગયા. અને ત્યાંથી **હલાર**માં ઊતર્યા અને **લાલજીભાઈ**ને ઘેર થાળ જમ્યા. અને ત્યાંથી **પીપળિયે** આવ્યા. અને ત્યાંથી રણ ઊતરીને ચાલ્યા, તે ગામ **આધોઈ** ગયા અને ત્યાં પરમહંસ કર્યા. અને ત્યાંથી **વાગડ** દેશમાં થઈને **કંથકોટ** પધાર્યા અને **ઠક્કર મુળજી**ને ઘેર થાળ જમ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **ધમડકે** ગયા અને ત્યાં **કરણીબા** દિવસમાં ત્રણ વાર રસોઈ કરાવે તે જમતા.

❊ લાડુદાન બ્રહ્માનંદસ્વામી બન્યા :

એ વખતે લાડુદાન ગઢવી ત્યાં હતા, તેઓ કહે, "હે મહારાજ ! હું ઘેર જઈ આવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ગઢડે થઈને ઘેર જાજો." પછી **ગઢડે** ગયા અને (ત્યાં જીવુબા-લાડુબા આદિ) બાઈઓની વાત સાંભળી, તેણે કરીને (સાધુ થવાની ઈચ્છા થતાં) મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે **શ્રીરંગ** નામ પાડ્યું અને ત્યારપછી **બ્રહ્માનંદસ્વામી** એવું નામ પાડ્યું. જેમ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને

ગોકુળમાં ગોપીઓને ઉપદેશ દેવા મોકલ્યા હતા ને ગોપીઓની વાત સાંભળીને ભગવાનનું માહાત્મ્ય બહુ જણાણું, તેમ આ વાત પણ એમ જ થઈ છે.

☼ ભુજમાં હીરજીભાઈને ઘેર ફૂલદોલોત્સવ :

પછી ત્યાંથી મહારાજ **ભુજનગર**માં સુતાર **હીરજીભાઈ**ને ઘેર પધાર્યા. અને હીરજીભાઈને ઘેર માંડવા ઉપર લીલી દ્રાક્ષનો વેલો હતો. **રામાનંદસ્વામી** તેમાંથી દ્રાક્ષ જમતા અને તે દ્રાક્ષ હીરજીભાઈ મહારાજને જમાડતા તે મહારાજ જમતા. પછી મહારાજે ત્યાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. તેમાં દેશદેશના હરિભક્ત આવ્યા. અને તેમણે નાના પ્રકારનાં ઘરેણાં અને ભારે ભારે પોષાક પહેરાવીને પૂજા કરી. અને ગુલાબના હાર, તોરા ને ગુચ્છ મહારાજને પહેરાવ્યા. પછી ગુલાલ તથા રંગની પિચકારીઓ લઈને સામસામા ધાવાં(ઉતાવળા) થઈને ખૂબ રમ્યા. અને છત્રીસે પ્રકારનાં વાજાં વાજી રહ્યાં હતાં.

પછી મહારાજે કહ્યું જે, “હવે રાખો ને નહાવા ચાલો.” પછી વાજતે ગાજતે હમીરસર તળાવમાં નહાવા પધાર્યા. અને ત્યાં નાહીને ભારે ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરીને જ્યાં આપણો બાગ છે, તેમાં સભા કરીને બિરાજ્યા. પછી વાજતે ગાજતે ગામમાં પધાર્યા અને **લાધીબા**ને ઘેર થાળ જમ્યા. પછી ત્યાંથી ગુલાલ ઊડી રહ્યો છે ને વાજતે ગાજતે **ગંગારામ મલ્લ**ને ઘેર પધાર્યા અને ત્યાં હિંડોળા ઉપર બિરાજ્યા. પછી ત્યાંથી સુતાર હીરજીભાઈને ઘેર આવીને સભા કરીને બેઠા. અને પછી પોઢ્યા. એમ પંદર દિવસ રહીને ગામ **માનકૂવે** પધાર્યા અને **અદાભાઈ**ને સત્સંગ કરાવ્યો.

☼ માનકુવાના અદાભાઈને સત્સંગ :

એક સમે માનકુવામાં **રામાનંદસ્વામી** સુતારને ઘેર સભા કરીને બેઠા હતા. તે સમે સુતારના ઘર ઉપર કાંકરા નાંખ્યા. ત્યારે

રામાનંદસ્વામી બોલ્યા જે, "કાંકરા કોણ નાખે છે ?" ત્યારે હરિજન બોલ્યા જે, "ગરાસિયાનો છોકરો નાખે છે." ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, "એ સત્સંગી બહુ સારો થાશે, પણ પથ્થરે કરીને એનું મૃત્યું થાશે." અને તે જ **અદાભાઈ.** તેને મહારાજે સત્સંગ કરાવ્યો. અને તેમને સાથે લઈને મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં ગામ **તેરે** ગયા. અને ત્યાં પરમહંસ આવ્યા, તે સર્વેને મહારાજ મળ્યા.

❋ તેરાના રવજી સુતારને અંતર્યામીપણું ન પચ્યું :

અને મહારાજ કથા વંચાવતા અને કથામાં કોઈને ઊંઘનું ડોલું આવે તેને ઉઠાડી મેલતા. અને સંત મધ્યાહ્ન સમે જોળી માંગવા જાતા ને પછી સર્વે સંત જમતા. અને મહારાજ પણ તે સમે થાળ જમીને થાળ સંતને જમાડતા. એવી રીતની (રવજી સુતારે) લીલા સંભારવા માંડી તેણે કરીને સમાધિ થઈ અને માયાના ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ને ત્રણ શરીર તેથી પર જે પોતાનું સ્વરૂપ તેને દેખ્યું. અને પોતાના સ્વરૂપને વિષે પ્રગટ પુરુષોત્તમ નારાયણ એવા જે શ્રીસહજાનંદસ્વામી તેમની મૂર્તિને દેખી. અને તે મૂર્તિને પ્રતાપે કરીને ચૌદ લોકનો જે વૈભવ તેને દેખ્યો. અને સર્વે બ્રહ્માંડના જે જીવ તેમનું અંતર્યામીપણું તેને પામ્યા. અને તે વાત મહારાજને કહી ત્યારે મહારાજ બોલ્યા જે, "એ વાત કોઈને કહેશો નહીં."

પછી કોઈક સમયે કોઈક કુસંગી મહારાજની કોરનું ઘસાતું બોલ્યો. ત્યારે **રવજીથી** ખમાણું નહીં, તેથી તેના પૂર્વ જન્મનાં પાપ તથા આ જન્મનાં છાનાં પાપ હતાં, તે સર્વે ઘણાંક મનુષ્ય સાંભળતાં કહ્યાં. અને તેણે કરીને લોકમાં તેની ઘણી અપકીર્તિ થઈ. અને **રવજીને** મહારાજે ના પાડી હતી છતાં તેણે કહ્યું, તેથી સમાધિ તૂટી ગઈ અને અંતર્યામીપણું જતું રહ્યું. અને મહારાજનું વચન લોપાણું તેથી માયારૂપી પછેડો ઢાંકી દીધો.

અને વળી એક સમયને વિષે મહારાજે પરમહંસ તથા સત્સંગી આગળ એમ વાર્તા કરી જે, "કહો તો **શુકજી**ની પેઠે સર્વેને અંતર્યામીપણું આપું, પણ તમે પાત્ર થયા નથી. કાં જે માયાના ત્રણ ગુણ ને દેહને જોગે કરીને તમને સુખદુઃખ જણાય છે. અને અમારે તો તમને ધર્મમાં રખાવીને એકાંતિક ધર્મ ઉઝિત(ક્ષીણ) થઈ ગયો છે, તેનું તમ દ્વારે કરીને સ્થાપન કરવું છે અને અધર્મનો ઉચ્છેદ કરવો છે; તેને અર્થે અમારા અવતારનું પ્રયોજન છે. એવી રીતની અનંત લીલા કરીને પરમહંસે સહિત ત્યાંથી ચાલ્યા, તે ગામોગામ દર્શન દેતા ને અલૌકિક પરચા દેતા દેશમાં ફરતા હતા. અને સર્વે પરમહંસ તથા હરિભક્ત તેને આનંદ ઊપજાવતા થકા એકાંતિક ધર્મનું સ્થાપન કરતા હતા.

અને વળી એક સમે માર્ગમાં ચાલતા થકા મહારાજ બોલ્યા જે, "સંતો ! કહો તો ધૂળ નંખાવું ને કહો તો શીરોપૂરી જમાડું." ત્યારે સંતો બોલ્યા જે, "જ્યાં જ્યાં અમે ફરવા જઈએ છીએ, ત્યાં ત્યાં મતપંથવાળા છે તે મારે છે અને વૈરાગી ગામોગામ ધૂળ નાખે જ છે." પછી તે વાત સાંભળીને મહારાજ હસ્યા. એવી રીતની રમૂજ કરતા થકા શહેર **માંડવી** પધાર્યા.

❊ માંડવીમાં બ્રહ્મજ્ઞાની ખયા ખત્રીને જીત્યો :

માંડવી ગામની આથમણી કોરે તળાવ ને વડ ને વાવ્ય છે, ત્યાં જઈને ઉતારો કર્યો. તે સમુદ્રના કાંઠાથી ઉત્તરાદી દિશાએ છે. અને મહારાજ પધાર્યા તેની ગામમાં ખબર થઈ, ત્યારે અસુર હતા, તે સર્વે બળી ઊઠ્યા ને હાહાકાર થયો. અને બોલ્યા જે, "જીવનમુક્તાએ શહેર ભેળ્યું(બગાડ્યું)." ત્યારે ખયો ખત્રી એમ બોલ્યો જે, "કાલ જીવનમુક્તાના પંથને ઉડાડી દઉં."

પછી બીજે દિવસે મનુષ્ય પાંચસે ભેગા લઈને મહારાજ બેઠા હતા. ત્યારે મહારાજે **બ્રહ્માનંદસ્વામી**ને પાટ ઉપર ઊંચે આસને બેસાર્યા હતા અને પોતે હેઠે કામળી ઉપર બેઠા હતા.

પછી ખયો ખત્રી ત્યાં આવ્યો ને એમ બોલ્યો જે, "આમાં સહજાનંદસ્વામી કોણ છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "પાટ ઉપર બેઠા તે." ત્યારે **બ્રહ્માનંદસ્વામી** પાસે આવ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમે શું ભણ્યા છો ? અને શા વિષે પ્રશ્ન પૂછવા છે ?" ત્યારે તે બોલ્યો જે, "હું વેદાંત ભણ્યો છું અને તે વેદાંતના પ્રશ્ન પૂછવા છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "એમાં તે અમે શું ઉત્તર કરીએ. એવા પ્રશ્નના ઉત્તર તો આ નાના છે, તે પણ કરશે; માટે તેની પાસે જાઓ."

ત્યારે મહારાજની પાસે આવીને બેઠો અને શતપ્રશ્નના જે એકસો ને આઠ પ્રશ્ન તે મહારાજને પૂછ્યા. અને તે પ્રશ્ન પ્રથમ તેણે ઘણાક ભેખધારીને પૂછ્યા હતા, તેના ઉત્તર કોઈથી થયા નહોતા. એવી રીતે ઘણાક સાધુ-વૈરાગીને એણે જીત્યા હતા. તે જ પ્રશ્ન મહારાજને પૂછ્યા. ત્યારે મહારાજે તેના ઉત્તર શ્રુતિ-સ્મૃતિની સાખે સહિત બબ્બે ત્રણત્રણ પ્રકારે કર્યા. અને જે જે ઉત્તરમાં એ શંકા કરે તેમાં તેને બાંધી દેતા હતા. અને એક બ્રહ્મનું ખંડન કરીને જીવ, ઈશ્વર ને માયા તેના સ્વરૂપનું પ્રતિપાદન કરી દેખાડતા હતા. અને તેને કોઈ પ્રકારનો બોલવાનો માર્ગ ન મળ્યો.

ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો શંકા." અને તે ન બોલ્યો ત્યારે કહ્યું જે, "તુંજો હેકડો બ્રહ્મ કીડા વિયો (તારો એક બ્રહ્મ ક્યાં ગયો?) અને તું જે હજારો મનુષ્યને ભરમાવતો હતો, તે તારું બ્રહ્મજ્ઞાન પણ ક્યાં ગયું ?" ત્યારે તે મોટે સાદે બોલ્યો જે, "હિ વડો સહજાનંદ નાય, એ વડો બ્રહ્માનંદ ને નંઢેરો સહજાનંદ." એમ કહીને મહારાજના પગમાં પડ્યો અને બોલ્યો જે, "હે સ્વામિનારાયણ ! મુજો બ્રહ્મ ફટી વિયો, હેકડો ટૂકડો હિંડીO" પછી તે સાંભળી મહારાજ બહુ હસ્યા અને કહ્યું જે, "બ્રહ્મ તો ન ફાટે."

ત્યારે તે ખત્રી બોલ્યો જે, "હે મહારાજ ! તમે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છો. અને જીવના કલ્યાણ સારુ ને ધર્મના સ્થાપન કરવા સારુ ને

અધર્મનો ઉચ્છેદ કરવા સારુ પ્રગટ થયા છો. તે તમને પૃથ્વીમાં કોણ જીતવા સમર્થ થાય ? અને હું તો પાપી જીવ છું અને હું નિશ્ચય જાણું છું જે, મારા પ્રશ્નનો ઉત્તર ભગવાન વિના બીજાથી ન થાય. માટે તમે સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ તે મને મળ્યા છો. માટે તમે જેમ મને આજ્ઞા કરો તેમ કરું."

ત્યારે મહારાજ કહે, 'ધારો વર્તમાન ને થાઓ સત્સંગી." ત્યારે વર્તમાન ધારીને સત્સંગી થયો અને હજારો મનુષ્યની સભામાં ઊભો થઈને એમ બોલ્યો જે, **"સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. અને જીવના કલ્યાણને અર્થે અવતર્યા છે, એમ મેં જાણ્યા છે. માટે જેને સત્સંગી થાવું હોય તે થાઓ."**

પછી તે વાત સાંભળી તે સમે હજારો મનુષ્ય સત્સંગી થયાં. પછી તે ખયો ખત્રી એમ બોલ્યો જે, "મહારાજ, સવારે મારી રસોઈ છે." પછી એમ દિન દિન પ્રત્યે રસોઈઓ ચાલવા માંડી, તે **મયારામ ભટ્ટ** રસોઈ કરે અને પ્રશ્નઉત્તર થાય અને ગાવણા થાય અને હજારો મનુષ્યને સમાધિ થાય. એવી રીતે નાના પ્રકારના ચમત્કાર જણાવતા થકા બે અઢી મહિના ત્યાં રહ્યા.

❋ માંડવીથી વિચરણ કરતા મેઘપર તથા અગત્રાઈ પધાર્યા :

પછી ત્યાંથી ગામોગામ દર્શન દેતા થકા ચાલ્યા, તે દેશ **હાલાર**માં પધાર્યા. અને ગામ **અલૈયા-મોડે** થઈને ગામ **પીપળિયે** પધાર્યા. ત્યાં થાળ જમીને ચાલ્યા, તે ફરતાં ફરતાં ગામ **ભાયાવદર** થઈને ગામ **ઉપલેટે** પધાર્યા. અને ત્યાંથી ગામ **જાળિયે** પધાર્યા અને ત્યાંથી **ગણોદ** થઈને **માણાવદર** પધાર્યા. અને ત્યાં ઘણાક દિવસ રહીને ગામ **પીપલાણે** પધાર્યા. અને **ઓઝત** નદીને કાંઠે છ મહિના સુધી **મયારામ ભટ્ટ** પાસે બ્રાહ્મણની ચોરાશી કરાવી. અને ત્યાં હજારો બ્રાહ્મણ જમ્યા. અને ચાર વેદ બ્રાહ્મણને રૂપે આવ્યા. ને તેમની પાસે અતિરુદ્રી કરાવી.

એક સમે મહારાજ **મેઘપર** આવવાના હતા. તે હરિભક્તોને ખબર થઈ ત્યારે એક સાંખ્યજોગી બાઈ બ્રાહ્મણી ને તેની દીકરી બે હતાં. તેમણે નીમ રાખ્યું જે, 'આપણે મહારાજનાં દર્શન કરીને જમશું.' પણ તેને બેત્રણ દિવસ થયા તોય મહારાજ ન પધાર્યા અને તે ડોશીએ અન્ન ખાધું નહીં. પછી ચોથે દિવસ રાત્રે મહારાજ આવ્યા અને દરબારમાં ઊતર્યા. અને થાળ કર્યો તે ન જમ્યા. અને ડોશીને ઘેર કોઈ ન જાણે તેમ ભિક્ષા માગીને ચાર દિવસનો દૂધમાં કરેલો રોટલો અને ગૂંદાનું અથાણું તે જમ્યા. તે વિષે બ્રહ્માનંદસ્વામીનાં પદ છે,

નવલ પ્રીતમ ગતિ કો લખે તેરિયાં,
રોમ કોટિ બ્રહ્માંડ બિરાજત, સો સ્વરૂપ અનુપ ભયેરિયાં...૧
ભ્રૂકુટિ વિલાસ વાસ લય જગકો, સો ઉપહાસ સહે જગ કેરિયાં...૨
ખટરસ લે કમલા કર જોરત, સો અન્ન જાચ લેત કોઉ દેરિયાં...૩
બ્રહ્માનંદ કે નિર્ગુણ ચરિત્રમેં, મોહ ન વ્યાપે અરજ એહી મેરિયાં...૪

એવી ત્યાં અનંત લીલા કરીને મહારાજ ત્યાંથી ચાલ્યા તે **આખા** ગામે પધાર્યા. અને ત્યાંથી **અગતરાઈ** આવ્યા અને સર્વે સંત ને હરિભક્ત આવ્યા અને ભારે ઉત્સવ કર્યો. પછી મહારાજે સંતોને ખબર પૂછ્યા જે, "સંતો ! તમે કયા કયા દેશમાં ફર્યા અને સત્સંગ કરાવ્યો ?"

ત્યારે સંતો બોલ્યા જે, "હે મહારાજ ! અમે જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં અસુરાંશ બહુ દુઃખ દે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "હે સંતો ! તમારી રક્ષા કરશે એવા રાજા લાવીશ. અને જેમ જળે કરીને અગ્નિ બુઝાઈ જાય તેમ સર્વે ઉપાધિનો નાશ થઈ જાશે." એવી રીતે વાત કરીને સર્વે સંતને મળ્યા. અને વડે હિંડોળો બાંધ્યો હતો, ત્યાં મહારાજ બેઠા. અને કિનખાપની ડગલી ને સુરવાલ પહેર્યો ને ભારે રેંટો માથે બાંધ્યો અને એક કેડે બાંધ્યો. અને ભારે શેલું ખભે નાંખ્યું અને

કડાં, વેઢ, વીંટી, ઊતરી, બાજુબંધ, ગુચ્છ, તોરા, ફૂલના હાર, કાનમાં કુંડળ એવી રીતની શોભાને ધારણ કરતા થકા સર્વેને દર્શન દીધાં. અને સંત કીર્તન બોલ્યા જે,

"સોનેરી મોળિયું શોભે સોનેરી મોળિયું, ધર્મકુંવરનું..."

એમ ઝાઝીવાર દર્શન દઈને **પર્વતભાઈ**ને ઘેર પધાર્યા ને પોષાક ઉતારીને પોઢ્યા. ને વહેલા સવારે જાગીને નદીએ ના'વા પધાર્યા. અને નાના પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે અને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે **વડોદરી** નદીના પ્રવાહ મધ્યે ઓઝ મધ્યે વસ્ત્ર ઉતારીને નાહ્યા. અને સર્વે સંત ને હરિભક્ત હેઠવાસ નાહ્યા. અને મહારાજ નાહીને બહાર આવ્યા, ત્યારે ભારે ભારે વસ્ત્ર ને ઘરેણાં પહેરાવ્યા અને કુંકુમનો ચાંદલો કર્યો. અને જે સંત હતા તેમણે ફૂલના હાર પહેરાવ્યા.

પછી મહારાજ ચાલ્યા, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને મહારાજ ઘોડીએ અસવાર થયા છે, ને સોનાને ઈંડે છત્ર માથે ધાર્યું છે, અને બેય કોરે ચમર થઈ રહ્યાં છે, અને **જીવણ ગોર** આદિક હરિજન ને **મુક્તાનંદસ્વામી** આદિક પરમહંસ તે કીર્તન ગાઈ રહ્યા છે; એવી રીતની શોભાને ધારણ કરતા થકા **પર્વતભાઈ**ને ઘેર પધાર્યા. પછી થાળ થયો તે જમીને પોઢ્યા.

અને થોડીવાર કેડે જાગીને જળપાન કર્યું. ને મોટા સિંહાસન ઉપર ઢોલિયો ને તેની ઉપર ગાદીતકિયા નંખાવ્યાં. ને તેના ઉપર બિરાજમાન થયા અને સર્વે સંત તથા હરિભક્તની મોટી સભા થઈ. અને શ્રીજીમહારાજે નાના પ્રકારનાં ઘરેણાં તથા સર્વે સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં. અને જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે, તેમ સર્વે સંત હરિભક્ત મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. તે સમે **પર્વતભાઈ**એ મહારાજના મસ્તક ઉપર પાઘમાં કલગી ધારણ કરાવી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સર્વે હરિજન ને સંત જૂનાગઢ દામોદર કુંડે ના'વા ચાલજો."

❊ જૂનાગઢની લીલા :

પછી દિન પાંચ રહીને ચાલ્યા તે ગામ **આખા** થઈને **વણથલી**એ પધાર્યા ને **કલ્યાણ પટેલ**ને ઘેર થાળ જમ્યા. ત્યાંથી શહેર **જીરણગઢ**માં પધાર્યા, ત્યારે સર્વે અસુરાંશે મળીને સરકારને કહ્યું જે, "સ્વામિનારાયણ આવે છે, તેને શહેરમાં ન પેસવા દેશો. એ તો તમારું રાજ્ય લઈ લેશે. માટે ગામ બહાર ઉતારો કરાવો." ત્યારે નવાબ સાહેબ બોલ્યા જે, "સ્વામિનારાયણ તો ખુદા હૈ, ઔર ઈસકા દિયા મેં રાજ કરતા હૂઁ, સો મહારાજકું શહેરમેં આને દો."

ત્યારે મહારાજ વાજતે ગાજતે શહેરમાં પધાર્યા. ને જ્યાં હમણાં મંદિર છે, ત્યાં આવીને ઊતર્યા અને **રામજીભાઈ**ને ઘેર થાળ જમ્યા. પછી શ્રીજીમહારાજે **મયારામ ભટ્ટ**ને કહ્યું જે, "આપણે શહેરની ચોરાશી કરીએ તમે બ્રાહ્મણને પૂછી આવો." પછી **મયારામ ભટ્ટ** ચાલ્યા તે **નાતપટેલ**ને પૂછ્યું ત્યારે તેણે ના પાડી જે, "સ્વામિનારાયણની ચોરાશી અમે નહીં જમીએ." ત્યારે ભટ્ટે આવીને મહારાજને કહ્યું. અને હજારો બ્રાહ્મણ જમે એટલો સામાન પ્રથમથી કરાવ્યો હતો.

પછી મહારાજ બોલ્યા જે, "ब्रह्म जानाति इति ब्राह्मण:,[1] માટે આપણા સંઘમાં સર્વે હરિજનને સીધાં આપો." પછી બ્રાહ્મણ મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "અમે તો જમીએ પણ વઉજી મહારાજ આવનાર છે, તે ના પાડે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે અમે ક્યાં હા પાડીએ એમ છીએ." પછી સર્વે સંઘને સીધાં આપ્યાં અને સર્વે જમ્યા. અને પછી મહારાજ બોલ્યા જે, "સર્વે તૈયાર થાઓ." પછી મહારાજે સર્વે જરિયાની વસ્ત્ર પહેર્યાં અને માથે જરિયાની પાઘ બાંધી અને ઘોડીએ અસવાર થયા. અને નાના પ્રકારનાં વાજાં વાજી રહ્યાં છે, ને કીર્તન ગવાઈ રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી શોભાએ સહિત **દામોદર કુંડ**માં ના'વા પધાર્યા.

૧. બ્રહ્મ-પરબ્રહ્મને જાણે તે બ્રાહ્મણ

અને રસ્તામાં જતાં **જેમલ ખાંટ** મળ્યો. તેણે મહારાજને ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી. અને હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! હું તમારો છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “સર્વે પરમહંસ અને હરિજનની રક્ષા કરજો.” ત્યારે તેમણે કહ્યું જે, “ઠીક મહારાજ.” પછી મહારાજ બોલ્યા જે, “સર્વે હરિજનની હારે તમારું પણ કલ્યાણ થાશે.”

પછી મહારાજ **દામોદર કુંડ** પધાર્યા અને સર્વે વસ્ત્ર ઉતારીને એક ખેસ પહેરીને નાહ્યા. અને નાહીને બારા નીકળ્યા, ત્યારે દામોદરના પૂજારીએ આવીને ચાંદલો કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, “માગો.” ત્યારે પૂજારી બોલ્યો જે, “હે મહારાજ ! દામોદરની મૂર્તિ ઉપર જળ પડે છે, તે સમું કરાવવું છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હે મયારામ ભટ્ટ ! આમને સાતસો મહોર આપો.” ત્યારે ભટ્ટ કહે, “ઠીક મહારાજ.” ને ફરીથી ચાંદલો કર્યો ત્યારે સર્વે જરિયાની વસ્ત્ર ઉતારીને આપ્યાં.

અને પછી સર્વે સત્સંગીને ના’વાની આજ્ઞા કરી ને કહ્યું જે, “નાહીને બ્રાહ્મણને દક્ષિણા આપો.” પછી સર્વે હરિજને મહારાજની પૂજા કરી અને ભારે ભારે જરિયાની વસ્ત્ર ને ઘરેણાં પહેરાવ્યાં. અને પરમહંસ, બ્રહ્મચારી ને સંન્યાસી તેમણે ફૂલના હાર પહેરાવ્યા. અને ગુચ્છ, તોરા, બાજુબંધ ને ગજરા તે પહેરાવ્યા અને કેસરચંદને કરીને પૂજા કરી. પછી જ્યાં જ્યાં શિવાલય હતાં, ત્યાં ત્યાં દર્શન કરીને પૂજારીને દક્ષિણા આપી.

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ઉતારે પધાર્યા અને તાળી વગાડીને નારાયણધૂન કરી. અને હજારો મનુષ્યને સમાધિ થતી હતી. એવો પ્રતાપ જોઈને **ઠાકોર ઝીણાભાઈ** તથા **દાદાભાઈ** આદિક ઘણાક મનુષ્ય સત્સંગી થયા. અને તે જોઈને અસુરાંશ ઘણા તપી ઊઠ્યા. અને નવાબ પાસે જઈને કહ્યું જે, “અમારાં વઉજી ગામમાં આવતાં નથી. તે જો સ્વામિનારાયણને કાઢી મેલો તો આવે.” ત્યારે નવાબ બોલ્યા જે, “એ રંડી

વાસ્તે સ્વામિનારાયણકું નિકાલના ઠીક નહીં. ઓ રંડીકું જાને દો, શહેરમેં કુછ કામ નહીં હૈ, ઔર સ્વામિનારાયણ બડે ફકીર હે, સો નહીં જાયેંગે."

એમ કહીને વજેસીંગ પુરબિયાને બોલાવીને કહ્યું જે, "અમારો જાસૂદ લઈને તમે મહારાજ પાસે જાઓ અને હમારા બહોત બહોત સલામ કહો. ને મહારાજને કહેજો જે, નવાબ સાહેબે કહ્યું છે જે, શહેર તમારું છે. તમારી ખુશી હોય ત્યાં સુધી રહો, ને કોઈ કહે તે માનશો નહીં." પછી એમ આવીને **વજેસીંગ** તથા **જાસૂદે** કહ્યું.

પછી આસુરી લોક મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "મહારાજ, અમારા વઉજી અન્ન નથી ખાતાં ને ગામમાં નથી આવતાં, માટે તમે જાઓ તો આવે." ત્યારે મહારાજ બોલ્યા જે, "વઉજી તો ઘણાં આવે, પણ અમે જઈએ એવા ક્યાં છીએ." તે સાંભળીને બધી સભાના મનુષ્ય હસ્યા, તેથી આસુરી ઘણા લજ્જિત થઈને નાસી ગયા. એવી રીતની ઘણીક રમુજ કરી.

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને સોનાને ઈંડે છત્ર **પર્વતભાઈ** ધારી રહ્યા છે, અને એક કોરે **ઝીણાભાઈ** ચમર કરે છે, અને એક કોરે ગામ **બંધિયા**ના **મુળુભાઈ** ચમર કરે છે, અને સર્વે હરિજન કીર્તન બોલે છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને વાજાં વાગી રહ્યાં છે; એવી રીતની શોભાને ધારણ કરતા થકા ચોકમાં થઈને નવાબની હવેલી પાસે આવ્યા. ત્યારે નવાબ ગોખમાં બેઠા હતા. તે બોલ્યા જે, "મેરા શહેર પાવન કિયા, દેખો સ્વામિનારાયણ કી મૂર્તિ કેસી શોભતી હૈ ?" એવી રીતે સર્વે લોકને દર્શન દેતા થકા શહેર બહાર પધાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીહરિનું કચ્છ, સોરઠ તથા હાલારમાં વિચરણ,' એ નામે બારમો વિશ્રામ ॥૧૨॥

વિશ્રામ - ૧૩

દંઢાવ્ય, કાઠિયાવાડ તથા ઝાલાવાડમાં વિચરણ

❊ જૂનાગઢથી વિચરણ કરતા ગામ લવાડ પધાર્યા :

પછી ત્યાંથી (જુનાગઢથી) ફરતા મહારાજ **લાલવડ** પધાર્યા. અને ત્યાંથી ગામ **ધોરાજીએ** પધાર્યા અને ત્યાં એક રાત રહીને ગામ **જેતપુર** પધાર્યા. અને **હરજીને** ઘેર એક રાત રહીને ગામ **ગાલોલ** પધાર્યા. અને ત્યાંથી ગામ **દેરડી** પધાર્યા અને **શેઠ રૂપજીને** ઘેર થાળ જમ્યા. અને ત્યાંથી **ઘુઘરાળે** થઈને **રાયપર** પધાર્યા. ત્યાં એક દિન રહીને ગામ **બાબરે** થઈને **કરિયાણે** પધાર્યા અને ત્યાં દિન પંદર રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ગઢડે** થઈને ગામ **ઝીંઝાવદર** આવ્યા. અને ત્યાં ઘણાક ચમત્કાર દેખાડ્યા અને ઘણાક મનુષ્યને સમાધિ કરાવી. તેને જોઈને **અલૈયા ખાચર** સત્સંગી થયા. અને તે **અલૈયા ખાચર** ત્યાંથી મહારાજ ભેળા ચાલ્યા અને મહારાજ ત્યાંથી ગામ **કારિયાણી** પધાર્યા.

અને **પટેલ વીરદાસ** તથા **માંચા ખાચર** તે સામા આવ્યા અને વાજતે ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. અને મહારાજ ઘોડેથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી થાળ જમી ચળુ કરી મુખવાસ લીધો ને સાબદા થઈને ઘોડીએ અસ્વાર થઈને ચાલ્યા. ત્યારે **માંચાભક્ત** પણ મહારાજ ભેળા તૈયાર થયા. ત્યારે **વસ્તા ખાચર** બોલ્યા જે, “ખેતરમાં કપાસ તો વીણી લિયો.” ત્યારે **માંચાભક્ત** ઘોડીએ અસવાર થઈને ખેતરને સેઢે આવ્યા ને ગામના ઢોર ખેતરમાં પૂરીને ચાલ્યા. અને બોલ્યા જે, “**વસ્તાને** કહેજો જે, કપાસ વીણ્યો.”

પછી ત્યાંથી **માંચાભક્ત** પણ મહારાજ ભેળા ચાલ્યા. અને મહારાજ ત્યાંથી ગામ **કુંડળ** પધાર્યા અને **મામૈયા પટગરને** ઘેર વાજતે ગાજતે આવ્યા. ત્યાં **રાયબાઈએ** થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને ત્યાં દિન પાંચ રહીને ગામ **ચોકડી** થઈને

ગામ **ગાંફ** પધાર્યા. અને **વસ્તા રાવળ**ને ઘેર થાળ જમીને ચાલ્યા, તે ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ગોરાડ** પધાર્યા અને **કાંધાજી**ને ઘેર થાળ જમ્યા અને પોઢ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **મોરજ**માં **ગોકળદાસ ગઢવી**ને ઘેર રાત રહીને ગામ **બુધેજ** પધાર્યા અને **ખોડાભાઈ**ને ઘેર થાળ જમ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપળાવ** થઈને ગામ **વડતાલ** પધાર્યા. અને ત્યાં ચાર દિન રહ્યા ને હરિભક્તને ઘેર જમ્યા ને સર્વેને રાજી કર્યા.

પછી ગામ **ઉમરેઠ** પધાર્યા અને **રૂપરામ ઠાકર**ને ઘેર થાળ જમીને સર્વે સખાને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ડાકોર** પધાર્યા. ને ત્યાંથી ચાલ્યા તે **તોરણે** પધાર્યા. ત્યાંથી ગામ **આંતરોલી** પધાર્યા ને વિપ્રને ઘેર થાળ જમીને ચાલ્યા તે **સીંગાળી**માં રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ઊંટડિયા** મહાદેવ પધાર્યા અને પૂજારીને ભારે ભારે પોષાક આપ્યો. પછી ત્યાંથી ગામ **લવાડ** પધાર્યા.

✲ સલકી ગામની નદીમાં પાણી કાયમ રહેવાનું વરદાન :

પછી ત્યાંથી ગામ **સલકી** પધાર્યા અને **દયાળજીના** ફળીમાં મહારાજ બિરાજ્યા. અને ભાઈ **રામદાસજી** આદિ સંતે રસોઈ કરી. ને બ્રહ્મચારીએ થાળ કર્યો તે મહારાજ જમ્યા ને પછી પોઢ્યા. ને સવારે જાગ્યા ને બોલ્યા જે, “ચાલો નદીએ ના’વા.” પછી નદીએ પધાર્યા ત્યાં તો નદીમાં પાણી નહીં. ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ **દયાળજી** ! નદીમાં પાણી નથી રહેતું ?” ત્યારે **દયાળજી** કહે, “ના મહારાજ, નથી રહેતું. અને વીરડામાં પણ પચાસ હાથે પાણી રહે છે.” ત્યારે મહારાજ કહે, “પાણી કાઢો, લાવો નાહીએ.” પછી પથ્થર ઉપર બેસીને નાહ્યા અને મહારાજ નાહીને એમ બોલ્યા જે, “આજ દિનથી આ નદીમાં પાણી રહેશે.” પછી મહારાજ નાહીને ગામમાં પધાર્યા અને **દયાળજીના** ફળીમાં સભા કરી ને બિરાજમાન થયા. એમ ત્યાં ત્રણ દિન રહ્યા.

પછી ગામ **પ્રાંતિજ** પધાર્યા ને હરિભક્તોએ રૂડી રીતે સામૈયું કર્યું. પછી બીજે દિવસ વાજતે ગાજતે ભગવાન શેઠની વાડીએ બોખ(ધરા) માં ના'વા પધાર્યા. ને ભગવાન શેઠની વાડીએ પણ ના'વા જાતા. અને નાહીને પાછા શહેરમાં પધારતા ને વિપ્ર **મંછારામને** ઘેર થાળ જમતા. એમ દિન પાંચ રહીને ચાલ્યા, તે બે નદીનો જ્યાં સંગમ થાય છે, ત્યાં નાહ્યા. નાહીને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં. ને પંડે પકવાન જમ્યા ને સર્વે સંતને તથા પાળાને તથા હરિજનને જમાડ્યા.

❊ વિજાપુરમાં થાળ જમ્યા ને બાવાએ બારોટને પરચો દીધો :

પછી ત્યાંથી ચાલ્યા તે **વિજાપુર** પધાર્યા અને **વજીબાને** ઘેર જઈને ઊતર્યા. ને બાઈ ગોતરડો પૂરવા(કુળદેવને પૂજવા) ગયાં હતાં. ત્યારે મહારાજ કહે, "બાઈ ક્યાં ગયાં છે ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "ગોતરડો પૂરવા ગયાં છે." ત્યારે મહારાજ કહે, "હમણાં કોઈ કહેશો નહીં."

પછી વજીબા મોડેથી આવ્યાં ત્યારે તો મહારાજ સભા કરીને બિરાજે છે અને સંતો રસોઈ પણ કરે છે. પછી બાઈ પગે લાગીને ઊભાં અને રસોઈનો સામાન જોઈતો હતો, તે ઘરમાંથી આપ્યો ને બહુ રાજી થયાં. અને એમ બોલ્યાં જે, "હે મહારાજ ! મને તમે ખબર કેમ ના કરાવી ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જો ખબર કરીએ તો તમે કામ અધૂરું મેલીને આવો." પછી મહારાજ થાળ જમ્યા ને જમીને પોઢી ગયા.

પછી મહારાજ જાગ્યા અને જાગીને દાતણ કર્યું. પછી સુંદર ઉષ્ણ જળે કરીને સ્નાન કર્યું. પછી સુંદર વસ્ત્ર પહેર્યું ને એક ઓઢ્યું. પછી પોતાનો નિત્ય નિયમ કર્યો. પછી ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં ને પુષ્પના હાર પહેરાવ્યા. અને ફળી વચ્ચે ઢોલિયો ઢળાવીને ઉપર ગાદી-તકિયા નંખાવીને તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને તે સમે કીર્તન ગવાઈ રહ્યાં હતાં. તે સમે **બારોટ** ને બીજા સો-સવાસો મનુષ્ય ભેગાં થઈને આવ્યાં. તેમને મહારાજે રૂડી રીતે આવકાર દીધો અને કીર્તન રખાવ્યાં.

પછી મહારાજ વાત કરવા લાગ્યા. ત્યારે બારોટ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ભગવાન કહેવાઓ છો, તે કાંઈક પરચો આલ્યો જોઈએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારે ઘેર બાવો છે, તે પરચો નહીં આપે ?" ત્યારે તે બારોટ બોલ્યો જે, "તે તો આલશે, પણ તમારે કાંઈક આપવો જોઈએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારે શો પરચો જોઈએ ? તે બોલો." ત્યારે સર્વે બોલ્યા જે, "તમે ભગવાન કહેવાઓ છો, તે આ માઢ ઉપાડીને બીજે ઠેકાણે મેલો. જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડ્યો તેમ ઉપાડો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો ઉપાડીએ, પણ તમે વર્તમાન ધારીને અમારા થાવ છો ?" ત્યારે તે બોલ્યા, "એ તો જાદુગરા કહેવાય છે, તેથી માઢ બીજે ઠેકાણે દેખાડે, ત્યારે આપણે એના થાવું પડે." પછી સર્વે ઊઠી ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "એ સર્વે મૂર્ખા છે." પછી તે બારોટની દીકરીને લઈને બાવો નાસી ગયો.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **વ્યાર(વિહાર)** આવ્યા અને તે ગામના હરિભક્તોએ વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. અને પટેલ તુલસી ને તરવાડી પીતાંબરને ઘેર દિવસ ચાર રહીને ગામ **દેવરાહણ** થઈને ગામ **મહેસાણા** પધાર્યા. અને ત્યાં રહીને થાળ જમીને પાળાને રોટલા ને ગોળ-ઘી જમાડીને ચાલ્યા, તે ગામ **મોટપ** થઈને શહેર **પાટણ** પધાર્યા. તે શહેરના માણસોએ સામૈયું કર્યું ને ગામમાં પધરાવ્યા. તે કટકિયા વાડમાં **પુરુષોત્તમ સલાટ**ને ઘેર મહારાજ પધાર્યા. અને ત્યાં પાંચ છ દિવસ રહીને ફરતાં ફરતાં ગામ **ડાંગરવે** પધાર્યા

❊ ડાંગરવામાં ગોરસલીલા :

ડાંગરવામાં **બાઈ રતન** ને **જતન** તેને ઘેર ગોવાળ-મંડળી કરીને જમાડ્યા. અને બાઈ પાણીએ ગયાં હતાં. ત્યાં તો મહારાજે હાથે ગોરસ લઈને પીવા માંડ્યું અને બીજાને પાવા માંડ્યું. ત્યાં તો બાઈ પાણી

ભરીને આવ્યાં ને મહારાજને એવી લીલા કરતાં ભાળ્યા. ત્યારે બીજી બાઈઓને બોલાવી અને એમની આગળ એમ કીધું જે, "મારા ઘરમાં કાનુડો પેઠો." ત્યારે બીજી બાઈઓ કહે, "ચાલો પકડીએ."

ત્યારે સર્વે બાઈઓ આવી. ત્યારે શ્રીજીમહારાજ ઘર વચ્ચે બેઠા છે ને મઈની(દહીંની) રેલમછેલ કરી છે. ત્યારે બાઈઓ બોલ્યાં જે, "આમ કેમ કર્યું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ક્યાં ઘર તમારું છે ? ઘર તો અમારું છે." પછી સર્વે બાઈઓ હસવા લાગી. તેના ઉપર બ્રહ્માનંદસ્વામીનાં પદ જે, *'ઘરમાં જઈને રે, કે વાલમ વિચર્યા'* એવી રીતે ભક્તજનને અલૌકિક સુખ આપતા થકા દસ-બાર દિવસ ત્યાં રહીને ગામ **વડુ** પધાર્યા. અને ત્યાંથી ગામ **ઓળે** પધાર્યા.

❊ અડાલજ તથા શ્રીનગરની લીલા :

ત્યાંથી ગામ **અડાલજ** પધાર્યા અને વાવ ઉપર ઊતર્યા. પછી તે વાવના અક્ષર વંચાવ્યા અને મહારાજ તે વાવમાં નાહ્યા અને સર્વે સંત તથા હરિભક્તને ના'વાની આજ્ઞા કરી. પછી મહારાજ બોલ્યા જે, "આ વાવના કામમાં જે આવ્યા હશે, તે સર્વે સત્સંગમાં જન્મ લેશે." પછી વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ગામ **મોટેરે** પધાર્યા અને **પટેલ ભૂધર**ને ઘેર થાળ જમ્યા.

અને ત્યાંથી ચાલ્યા તે વાજતે ગાજતે **શ્રીનગરમાં** પધાર્યા અને નવાવાસમાં લીંમડાના વૃક્ષ હેઠે સભા કરીને બિરાજમાન થયા અને ગાવણું કરાવ્યું. અને દસપંદર મનુષ્યને સમાધિ થઈ ત્યારે બીજા મનુષ્ય બોલ્યા જે, "સમાધિ ખરી છે, તેની શી પરીક્ષા છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "સમાધિવાળાના શરીરને કાપે તથા બાળે તોપણ તેને ખબર ન પડે ત્યારે તેને સમાધિ ખરી કેવાય." પછી મુળજીના શરીર ઉપર અંગારો મેલ્યો. તે બળીને ઠરી ગયો, પણ મુળજીએ જરા પણ શરીર ન ચોર્યું. ત્યારે સર્વે મનુષ્યે કહ્યું જે, "મહારાજ, એ સમાધિ તો ખરી." એવી રીતે ઘણાક ચમત્કાર દેખાડીને ગામ **જેતલપુર** પધાર્યા.

❊ જસદણમાં નાજા જોગિયાની રક્ષા :

અને ત્યાંથી ચાલ્યા તે ગામ **મછિયાવ** પધાર્યા. અને ગામ જસદણમાં નાજો જોગિયો તથા ગોદડ ધાધલ તેને વાજસુર ખાચરે કહ્યું જે, "જો તમારા મહારાજ ભગવાન હોય તો કાલ સવારે અહીં આવે. અને જો સવારે મધ્યાહ્ન થયા સુધી ન આવે તો તમે જૂઠા ઠરશો, ને તમારા ઢીંચણ ભાંગું." એવી રીતની શરત કરી. અને વરસાદ એકધારો વરસે.

પછી બીજે દિવસે બ્રહ્મચારી ભેગા ને મહારાજ (**જસદણ**) પધાર્યા. અને મહારાજે પૂછ્યું જે, "નાજો જોગિયા તથા ગોદડ ધાધલનાં ઘર ક્યાં છે ?" તે નાજે જોગિયે સાંભળ્યું ને તરત દોડીને મહારાજના પગમાં પડ્યા અને બોલ્યા જે, "મહારાજ ! જો તમે ન આવત તો મારું તો મોત જ હતું. તમે જીવતો રાખ્યો..!"

પછી મહારાજ તેને ઘેર પધાર્યા અને મહારાજ બોલ્યા જે, "દરબારને ખબર કરો." ત્યારે તેણે ખબર કરી. ત્યારે દરબાર કહે, "સ્વામિનારાયણ ભગવાન ખરા." પછી મહારાજ **નાજા જોગિયા**ને ઘેર થાળ જમીને દરબારમાં પધાર્યા. ત્યાં બહુ રૂડી રીતે દરબારે સન્માન કર્યું. પછી પૂજા કરી અને પહેરામણી કરીને પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, "તમે ઘણે કરીને ચોરની ઘૂંટીઓ ભાંગો છો, તે બહુ ખોટું છે. માટે આજથી ભાંગશો મા. એટલું અમારું વચન રાખો." ત્યારે દરબાર કહે, "સારું મહારાજ."

પછી ત્યાં બે દિન રહીને મહારાજ **રાયપર** આવ્યા. અને ત્યાં એક દિન રહીને મહારાજ **કરિયાણા** પધાર્યા. અને હરિભક્તોએ બહુ રૂડી રીતે સામૈયુ કર્યું. અને **કાળા મકવાણા**ને ઘેર પધાર્યા. અને ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ બહુ ભારે કર્યો. અને સંતમંડળને ત્યાં તેડાવ્યા અને મહારાજ ગાજતે વાજતે નદીએ ના'વા પધાર્યા ને ગુલાલ ઊડી રહ્યો હતો. એવી રીતે લીલા કરી.

⁂ કરિયાણામાં સંતદાસજી આવ્યા :


પછી મહારાજ બોલ્યા જે, "હે સંતો ! હવે મંડળ બાંધીને દેશ દેશ પ્રત્યે ફરો ને વાતો કરો ને સત્સંગ કરાવો." એમ કહીને કહે, "આવો મળીએ." પછી મહારાજ સર્વે સંતને મળ્યા. પછી સંત ચાલી નીસર્યા. પછી મહારાજ દિન ચાર કેડે બોલ્યા જે, "સંતદાસજી આવનારા છે." ત્યારે કાઠી બોલ્યા જે, "બહુ સારું."

પછી **સંતદાસજીએ** ઉત્તરખંડમાં સિદ્ધ-વલ્લભ રાજાને ભગવાનના સ્વરૂપનો અડગ પ્રત્યક્ષ નિશ્ચય કરાવ્યો. અને ત્યાંથી **બદરિકાશ્રમમાં** ગયા ને નરનારાયણનાં રૂડી રીતે દર્શન કર્યાં. પછી માનસરોવરમાં નાહીને સર્વે મુક્તોનાં દર્શન કરીને નરનારાયણની આજ્ઞા માગીને ચાલ્યા. તે ફરતાં ફરતાં ગામ **જેતલપુર** આવ્યા અને ત્યાં તળાવમાં સાધુ ના'તા હતા. તેમણે સંતદાસજીને દિગંબર વેશે જળમાંથી નીકળતા દેખ્યા અને કાંઠે આવ્યા.

ત્યારે સાધુ બોલ્યા જે, "આમ નાગા રહેવાથી તો કલ્યાણ ન થાય, પણ સ્વામિનારાયણનું ભજન કરો તો કલ્યાણ થાય." પછી સંતદાસજી બોલ્યા જે, "તમે સ્વામિનારાયણના સાધુ છો ?" ત્યારે કહે, 'હા.' ત્યારે સંતદાસજી કહે, "રામગલોલાજી આંહીં હૈ ? અમારે તેમને મળવું છે." ત્યારે આનંદસ્વામી જગ્યામાં હતા, ત્યાં આવીને સાધુએ કહ્યું જે, "એક તળાવના જળમાંથી દિગંબર સંત નીકળ્યા છે. તે તમને મળવા આવે છે."

ત્યારે આનંદસ્વામી ઊઠ્યા ને જગ્યા બહાર આવ્યા. ને સંતદાસજીને ઓળખ્યા અને દંડવત કરીને મળ્યા અને વસ્ત્ર પહેરાવીને આસન ઉપર બેસાડ્યા. ત્યારે સર્વે સંત આશ્ચર્ય પામ્યા ને પૂછવા લાગ્યા જે, "સ્વામી, એ કોણ છે ?" ત્યારે આનંદસ્વામી કહે, "એ સંતદાસજી ઘણા દિનથી બદરિકાશ્રમમાં ગયા હતા, તે મહારાજનાં દર્શન કરવા આવ્યા છે."

પછી સર્વે સંત આવીને સંતદાસજીને પગે લાગ્યા. પછી સંતદાસજી બોલ્યા જે, "મહારાજ કિહાં છે ?" ત્યારે આનંદસ્વામી કહે, "મહારાજ ગામ કરિયાણે છે." અને મહારાજે જે પ્રથા બાંધી તે સર્વે વાત કહી. પછી સંત બોલ્યા જે, "બદરિકાશ્રમની વાતો કરો."


त्यारे संतदासजि बो
ल्या जे नरनारायण आदिक सर्वे ऋषि ते श्रीजिमहाराजनि मुर
तिनु ध्यांन करे छे जे अक्षर धामनु स्वरुप छे ने दुरवासा ना शा
पे करिने अवतर्या जे सरवे मुक्त तेमनि रक्षा करवाने अर्थे भक्ति
धर्मने घेर अवतार लैने सत्संगमां आव्या छे ते ज मुरतिनु ध्यां
न करे छे

ત્યારે **સંતદાસજી** બોલ્યા જે, **"નરનારાયણ આદિક સર્વે ઋષિ તે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે છે. જે અક્ષરધામનું સ્વરૂપ છે ને દુર્વાસાના શ્રાપે કરીને અવતર્યા જે સર્વે મુક્ત તેમની રક્ષા કરવાને અર્થે ભક્તિધર્મને ઘેર અવતાર લઈને સત્સંગમાં આવ્યા છે, તે જ મૂર્તિનું ધ્યાન કરે છે."**

પછી સંતદાસજી ત્યાંથી આનંદસ્વામીની ભેળા ફરતાં ફરતાં ગામ **કરિયાણે** આવ્યા. ને મહારાજને ખબર થઈ ત્યારે મહારાજ સર્વે સંત તથા કાઠીને લઈને સામા આવ્યા. અને સંતદાસજી શ્રીજીમહારાજને હેતે કરીને ત્રણ વાર મળ્યા. પછી મહારાજ હાથે ઝાલીને ઉતારે લાવ્યા. ને મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. ત્યારે સંતદાસજી પણ ઢોલિયા ઉપર બેઠા. ત્યારે સર્વે કાઠી બોલ્યા જે, "આ કાણું ભણે !" ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતદાસજીને નિરાવરણ દૃષ્ટિ છે, ને અમારી તેજોમય મૂર્તિને ત્રણેય અવસ્થામાં દેખે છે."

પછી સંતદાસજી જ્યાં જ્યાં ફર્યા ને સત્સંગ કરાવ્યો તે સર્વે વાત મહારાજ આગળ કહી દેખાડી. પછી મહારાજ થાળ જમ્યા અને

સંતદાસજીને રૂડી રીતે જમાડ્યા. અને સંતદાસજી મહારાજ પાસે ત્રણ દિવસ રહ્યા. પછી ચાલ્યા ત્યારે મહારાજ કહે, “સત્સંગમાં રહો.” ત્યારે સંતદાસજી બોલ્યા જે, “હે મહારાજ ! તમારા ભાઈ-ભત્રીજા સત્સંગમાં આવશે ત્યાર પછી તમે થોડાં વર્ષ સત્સંગમાં રહેશો.”

પછી મહારાજની મૂર્તિ આગળ ચાલી, તેથી સંતદાસજી ચાલી નીકળ્યા. અને ગૌર ને પુષ્ટ છે મૂર્તિ જેની એવા સંતદાસજી ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં ગામ **મેથાણ**માં આવ્યા. અને કાકાભાઈ તથા પૂજાભાઈને ઘેર બેઠા. ને જમીને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **કડી** આવ્યા. ત્યાં ગામથી ઉત્તરાદી કોરે તળાવમાં ના'વા ગયા ને ડૂબકી મારી તે પાછા નીકળ્યા નહીં. એમ ને એમ **બદરિકાશ્રમ**માં ગયા.

❊ જૂનાગઢના નવાબનો ઉદ્ધાર :

એક સમે શ્રીજીમહારાજ ગામ **કરિયાણા**માં પોઢ્યા હતા. તે ચમકીને જાગ્યા. ત્યારે શ્રીજીમહારાજને **લાધા ઠક્કરે** પૂછ્યું જે, “હે મહારાજ ! તમે ચમકીને કેમ જાગ્યા ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારી પાસે નવાબ આવ્યો એમ અમને જણાણું.” અને મહારાજે જૂનાગઢમાં સમૈયો કર્યો હતો, ત્યારે મહારાજનો પક્ષ બહુ રાખ્યો હતો. તેથી મહારાજે તેનો ઉદ્ધાર કર્યો. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **માંડવધાર** આવ્યા. ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા ને **જીવા ખાચર**ના દરબારમાં થાળ જમ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર**માં **અલૈયા ખાચર**ના દરબારમાં ચાર દિવસ રહ્યા.

❊ માંચાભક્તે ગુરુવચન પાળવા કપાસ ભેળવ્યો :

પછી ગામ **કારિયાણી**એ પધાર્યા અને **માંચા ખાચર**ના દરબારમાં પંદર દિવસ રહ્યા. અને માંચાખાચરની એક વાત રહી ગઈ છે જે, માંચા ખાચરને રામાનંદસ્વામીએ એમ કહી મોકલ્યું હતું જે, ‘પત્ર વાંચીને જેમ

બેઠા હો તેમ ચાલી નીકળજો.' ત્યારે છાશ પીતા હતા, તે અધૂરી મેલીને પાણીનો કોગળો કરીને ઘોડીએ પલાણ મંડાવીને ચાલ્યા. ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, "કપાસ ભેળાઈ(ઢોર ચરી) જાય છે ને ચાલ્યા ?" ત્યારે માંચાભક્ત બોલ્યા જે, "**વસ્તા ખાચર**ને કહેજો જે કપાસ વીણાવીને જાઉં છું." પછી ગામની ગાયો હતી, તે કપાસમાં મેલીને ચાલ્યા. ને કહ્યું જે, "વસ્તાને કેજો જે, કપાસનું ખેતર વીણાવીને જાતો છું."

પછી ગામ પીપલાણે રામાનંદસ્વામી પાસે આવ્યા. ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, "કેમ આવ્યા ?" ત્યારે ભક્ત બોલ્યા, "તમે દોરી ખેંચી ત્યારે આવ્યા." પછી રામાનંદસ્વામીએ પાછા મોકલ્યા ત્યારે ઘેર આવ્યા. એવા જે માંચાભક્ત તેને ઘેરથી મહારાજ ચાલ્યા, તે ગામ **કુંડળ** પધાર્યા ને **મામૈયા પટગર**ને ઘેર રહ્યા. અને ત્યાં મહારાજ પંડે બહુ વાત કરતા. ને મનુષ્યને સમાધિઓ થાય ને કીર્તન ગવાય. ને મહારાજ હરિજનને સાથે લઈને નદીએ ના'વા જાય અને ગામમાં ઘરોઘર થાળ જમતા. એમ દિન દસ રહીને મહારાજ ચાલવાને તૈયાર થયા. ત્યારે પોતા પાસે ચાખડી પહેરવાની હતી, તે મામૈયા પટગરને આપી. તે ચાખડીઓ આજ ગામ કોટડાના મંદિરમાં પધરાવી છે. અને શ્રીજીમહારાજને રાઈબાઈએ ભરત ભરેલી મોજડી પહેરાવી. તે મોજડીની સગથળી(મોજડીમાં તળિયે રખાતું પગના પંજાકારનું ચામડાનું પડ) મારી પાસે છે.

❊ ખરડમાં ખીચડીમાં ઘીની રેલમછેલ :

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગામ **ખરડ** આવ્યા અને ગામમાં ખીચડીની ખબર કઢાવી તે ન મળી. ત્યારે મહારાજને કહ્યું જે, "ખીચડી તો ગામમાં મળતી નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "ઘી મળે છે ?" ત્યારે કહે જે, "હા મહારાજ." પછી ગામમાં ઘી લેવા ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોક ફેરો ઘીમાં ખીચડી જમીએ ને કોક

ફેરો ખીચડીમાં ઘી જમીએ." પછી ઘી લાવ્યા ને ઊનું કરીને ગાળીને મહારાજે પીરસવા માંડ્યું. તે ના ના પાડે તેમ જોરાયે આપતા જાય. જેમ મહારાજે ગામ આદરજમાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ શિયાળમાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ ગઢડામાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ પંચાળામાં મહારાજે ઘી પીરસ્યું હતું, તેમ આંહીં પણ મહારાજે ઘીની વારંવાર તાણ કરીને પીરસ્યું.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **બરોળ** પધાર્યા ને **કસળા જાદવ**ને ઘેર થાળ જમ્યા. અને ત્યાં દિન બે રહીને ચાલ્યા, તે ગામ **શિયાળ**માં આવ્યા ને **માધા શેઠ**ને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ગામ **કાણોતર** પધાર્યા ને જ્યાં ઓટો કર્યો છે, ત્યાં સભા કરતા ને પોઢતા. ને **શાર્દૂલ** ને **સંગ્રામ**ને ભેળા લીધા. ને ગામ **રાણેશેર** થઈને ગામ **ભાઈલે** આવ્યા. અને ત્યાંથી ગામ **ભાત** પધાર્યા અને ત્યાંથી **શ્રીનગર** પધાર્યા.

⁂ શ્રીહરિ ગંગાબાના દીકરા થયા :

ત્યાં દિવસ બે રહીને ગામ **જેતલપુર** પધાર્યા. ને ગંગામા કહે, "હે મહારાજ ! તમે મારે ઘેર બિરાજો. રામાનંદસ્વામી મારે ઘેર બહુ રહેતા ને રસોઈ કરીને જમતા." ત્યારે શ્રીજીમહારાજ કહે, "અમને દીકરા કહીને બોલાવો તો રહીએ." ત્યારે બાઈ કહે, "તમને ભગવાનને દીકરા કેમ કેવાય ?" ત્યારે મહારાજ કહે, "તો નહીં રહીએ." પછી બાઈ બોલ્યાં જે, "દીકરા ! થાળ જમવા પધારો..!" પછી મહારાજ હસતાં હસતાં જમવા પધાર્યા.

તે બાઈએ પૂર્વે બહુ તપ કર્યું હતું, ત્યારે ભગવાને દર્શન દીધાં ને કહ્યું જે, "વર માંગો." ત્યારે બોલ્યાં જે, "તમારા જેવો મારે પુત્ર જોઈએ." ત્યારે ભગવાન કહે, 'ઠીક.' તે વચન સત્ય કરવાને અર્થે મહારાજે એમ કહ્યું હતું કે 'અમને દીકરા કહીને બોલાવો.'

❊ જેતલપુરથી વિચરણ કરતા ગેરિતા પધાર્યા :

પછી ત્યાં થોડાક દિવસ રહીને ચાલ્યા. તે **ગામડીએ** પધાર્યા અને રૂડી રીતે હરિભક્તે સામૈયુ કર્યું. પછી **પટેલ કાકુજીને** ઘેર પધાર્યા ને થાળ જમીને એક રાત ત્યાં રહીને ચાલ્યા. તે ગામ **વાસણે** થઈને **દહેગામની** બજારમાં થઈને ગામથી ઉત્તરાદી કોરે મહુડાનું વૃક્ષ હતું, તેને હેઠે થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **નાંદોલ** પધાર્યા. ને ત્યાંથી ગામ **સલકીમાં** પગી દયાળજીના વાસમાં પધાર્યા ને ત્યાં બે દિવસ રહ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ મુવાડે, ગામથી ઉત્તરાદી કોરે જૂનું દેવળ છે, તેમાં જઈને પોઢ્યા. ત્યારે શેષજીએ હજાર ફણાએ કરીને છત્ર કર્યું હતું. તે સમે ગાયો ચારનાર ગોવાળે ભાળ્યું. ત્યારે મહારાજ જાગ્યા ને તેને પૂછ્યું જે, “અમારાં મનુષ્ય અમને ખોળે છે ?” ત્યારે તે કહે, “હા મહારાજ.” પછી ત્યાંથી ઊઠીને ચાલ્યા, તે મુળજી બ્રહ્મચારી તથા દયાળજીના ભેગા થયા. ત્યારે તે સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! અમે સર્વેએ તમને બહુ ખોળ્યા.” ત્યારે મહારાજ હસ્યા.

પછી મહારાજ ત્યાંથી **પ્રાંતિજ** પધાર્યા અને રૂડી રીતે હરિભક્તોએ સામૈયું કર્યું. અને આપણા મંદિરમાં થઈને મહારાજ પધાર્યા ને **કાશીરામ વિપ્રને** ઘેર થાળ જમ્યા. બીજે દહાડે બોખમાં ના’વા પધાર્યા. એમ ત્યાં દિન ચાર રહીને ગામ **શંખપર** પધાર્યા. ને ત્યાંથી ગામ **વિજાપુર** પધાર્યા. ને નવઘરી(વિસ્તાર)માં વજીબાને ઘેર દિન એક રહીને ચાલ્યા, તે ગામ **ગેરીતા** પધાર્યા.

ઇતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘દંઢાવ્ય, કાઠિયાવાડ તથા ઝાલાવાડમાં વિચરણ,’ એ નામે તેરમો વિશ્રામ ॥૧૩॥

વિશ્રામ - ૧૪

કાઠીઓને પરમહંસ કર્યા તથા કચ્છ-દેશની લીલા

❊ ગેરિતાથી વિચરણ કરતા ખોરજ પધાર્યા :

અને તે ગામ **ગેરીતા**માં એક દિન રહીને **વિહાર** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **માણસા** પધાર્યા ને **પીતાંબર ભાવસાર**ને ઘેર રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઉનાવે** પધાર્યા ને રૂડી રીતે હરિભક્તોએ સામૈયું કર્યું. ને પટેલ **રામદાસજી**ને ઘેર થાળ જમ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **સોજે** થઈને **ખોરજ** પધાર્યા.

❊ નાદ્રીમાં મહારાજની આજ્ઞા લેવા શિવજી આવ્યા :

ત્યાં એક રાત્રિ રહીને ગામ **નાદ્રી** પધાર્યા. ત્યાં ત્રણ રાત રહ્યા. અને મહારાજ એમ બોલ્યા જે, "આજ તો શિવજી અમારાં દર્શન કરવા આવ્યા હતા. તે એમ બોલ્યા જે, 'મહામાયા થકી પર જે અક્ષરધામ તેમના પતિ એવા જે શ્રીસહજાનંદસ્વામી તમે, તે એકાંતિક એવો જે સનાતન ધર્મ ઉઝિત થઈ ગયો છે, તેનું સ્થાપન કરવાને અર્થે અને દુર્વાસાના શ્રાપે કરીને અવતર્યા જે સર્વે ઋષિ તેમની અસુરાંશથી રક્ષા કરવાને અર્થે અને અધર્મનો ઉચ્છેદ કરવા અવતર્યા છો. તે તમે મારા ઉપર કૃપા કરો. અને હમણાં પૃથ્વી ઉપર પાપ ઘણું વધ્યું છે, તે સંહાર કરવા સારુ તમારી આજ્ઞા માંગવા આવ્યો છું."

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારા સત્સંગીની રક્ષા કરજો." ત્યારે કાલાગ્નિરુદ્ર(શિવજી) બોલ્યા જે, "હું તેમને કેમ ઓળખું ? ઓળખું તેવું ચિહ્ન ધારણ કરાવજો." ત્યારે મહારાજ કહે, "સારું". પછી રુદ્ર નમસ્કાર કરીને ગયો. પછી મહારાજે સર્વે સત્સંગીને એમ આજ્ઞા કરી જે, "એકુકો રુદ્રાક્ષનો મણકો ગળાને વિશે બાંધો." ત્યારે સર્વે સત્સંગી કહે, "ઠીક મહારાજ." ત્યારે મહારાજે રુદ્રાક્ષની માળા લઈને એક એક મણકો સર્વને આપ્યો.

※ નાદ્રીથી વિચરણ કરતા ભચાઉ પધાર્યા :

અને ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગામ **કરજીસણ** પધાર્યા ને પટેલ **ગોવિંદભાઈ**ને ઘેર રાત રહ્યા ને થાળ જમ્યા. ત્યાંથી ગામ **ડાંગરવે** પધાર્યા ને દિન ત્રણ **નરોત્તમ**ને ઘેર રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **રાજપર** પધાર્યા. ત્યાં ગામના મનુષ્યે રૂડી રીતે સામૈયું કર્યું, ને દિન એક રહીને ગામ **કુંડાલ** પધાર્યા, ને પટેલ **કલા**ને ઘેર થાળ જમ્યા. ને **સુરા ખાચર** આદિક સર્વે કાઠીને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **કડી** થઈને સર્વે હરિજનને દર્શન દઈને ગામ **દેતરોજ** થઈને ગામ **રામપર** પધાર્યા. ને ગામ **ભકોડે** થઈને સુંદર પંખાળી ઘોડીએ(એ જાતની ઘોડીએ) ચડ્યા છે, ને કાઠીના અસ્વાર ભેળા છે, ત્યારે ગામના દરબાર ભૂપતસંગે તાણ બહુ કરી પણ મહારાજ ન રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **કડુ** ગયા. ને જ્યાં છત્રી કરી છે, ત્યાં સભા કરીને બિરાજ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વણા**ને પાદર થઈને હરિજનને દર્શન દઈને ગામ **ભદ્રેસી** ગયા. ત્યાં રહીને ગામ **મૂળી** પધાર્યા. અને જ્યાં હમણાં આપણી જગ્યા છે, તે સોંસરો રસ્તો હતો. તે રસ્તે થઈને લીંમડાના વૃક્ષ હેઠે ઊભા રહ્યા. ને સર્વે જગ્યા જોઈને બોલ્યા જે, “બહુ સારી જગ્યા છે.” અને જે ઠેકાણે મહારાજ ઊભા રહ્યા હતા, તે ઠેકાણે છત્રી કરાવી છે.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે **અલર્કવાવે** આવીને બિરાજ્યા. ને તે વાવને વિષે નાહ્યા. પછી ગામમાં હરિભક્તને ઘેર થાળ જમ્યા. ને ત્યાં પોઢ્યા. પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગામ **કોટ** આવ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **હળવદ** પધાર્યા. ત્યાં હરિભક્તોએ રૂડી રીતે વાજતે ગાજતે મહારાજને પધરાવ્યા. અને મહારાજ હરિજનને ઘેર થાળ જમવા પધારતા ને તળાવે ના’વા પધારતા. અને જ્યાં હમણાં છત્રી કરી છે, તે ઠેકાણે સભા કરીને બિરાજતા ને કીર્તન ગવડાવતા. અને પ્રગટ

પ્રમાણ ભગવાનના સ્વરૂપની વાર્તા કરતા ને સમાધિ થતી. ને પહોર દોઢ પહોર દિવસ ચડતે ગામમાં પધારતા ને હરિજનને ઘેર થાળ જમીને મહારાજ પોઢતા. ને બે દિન રહીને ચાલ્યા તે ગામ **માળિયે** ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **ભચાઉ** ગયા.

❊ શ્રીહરિનું ન માનતાં કંથકોટ ખેદાન-મેદાન થઈ ગયું :

ભચાઉમાં દિન એક રહીને ચાલ્યા. તે ગામ **કંથકોટ** ગયા ને **ઠક્કર મુળજી**ને ઘેર મહારાજ પધાર્યા. ત્યાં થાળ જમ્યા ને જમીને પોઢી ગયા. પછી ગામના ગરઢેરા(મોટેરા આગેવાન લોકો) મહારાજ પાસે આવ્યા. તેમની આગળ મહારાજે વાત કરી જે, "તમે પાપ કરો છો, તે ઠીક નથી કરતા." ત્યારે તે સર્વે બોલ્યા જે, "મહારાજ, અમે ખાઈએ શું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એવો કોઈક રાજા આવશે, તે સર્વેને નિયમમાં રાખશે. અને જે પાપકર્મ કરશે તે ખેદાન-મેદાન થઈ જાશે."

પછી તે ઊઠી નીકળ્યા અને મહારાજે ઠક્કર કચરાને કહ્યું જે, "તમે આ ગામમાં રહેશો મા." પછી તે હાટ-ઘર વેચીને આધોઈ ગયા. પછી ચાર મહિના કેડે લશ્કર આવ્યું. તેણે ગામને ખેદાન-મેદાન કરી નાંખ્યું.

પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા તે ગામ **સાપર** પધાર્યા અને સામંતજીને ઘેર પધાર્યા. અને તેને આંખે જખમ(ખોટ) હતો. તેના હાથમાં બીજાનો હાથ આલ્યો ત્યારે કહે જે, "આ તો ભગવાનનો હાથ નથી." ને જ્યારે મહારાજનો હાથ આલ્યો ત્યારે તે બોલ્યો જે, "આ ભગવાનનો હાથ છે." તે હાથ ઝાલીને કહે જે, "મહારાજ ! કલ્યાણ તમારા હાથમાં છે." પછી મહારાજ કહે, "ઠીક." પછી ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **આધોઈ** આવ્યા ને હરિજને રૂડી રીતે સામૈયું કર્યું. અને ત્યાં ચાર દિવસ રહીને ચાલ્યા, તે ગામ **ધમડકે** પધાર્યા. અને રાયધણજીને ઘેર મહારાજ રહેતા ને **કરણીબા** થાળ કરાવીને મહારાજને જમાડતાં. એમ પંદર દિવસ ત્યાં રહ્યા.

❊ ભુજમાં બે રૂપે દર્શન :

પછી મહારાજ ફરતાં ફરતાં **ભુજનગર** પધાર્યા. અને વાજતે ગાજતે હીરજીભાઈ તથા ગંગારામે પોતાને ઘેર પધરાવ્યા(પધારવા વિનંતી કરી). અને જ્યારે સામા આવ્યા ત્યારે હીરજી કહે, "મહારાજ, મારે ઘેર આવો." ને ગંગારામ કહે, "મારે ઘેર આવો." ત્યારે મહારાજ કહે, "ઠીક." **પછી મહારાજે બે સ્વરૂપ કર્યાં ને બેયને ઘેર પધાર્યા. અને બેયને ઘેર થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા ને મહારાજ પોઢ્યા.** પછી જાગીને કહે, "ચાલો હીરજીને ઘેર." પછી હીરજીને ઘેર જણાણા ને ગંગારામ મલ્લને ઘેર ન જણાણા. ત્યારે ગંગારામ મલ્લ તથા તેનાં ઘરનાં સર્વે મનુષ્ય આશ્ચર્ય પામ્યાં ને મનમાં સમજીને રહ્યાં.

❊ ભુજથી પત્ર લખી કાઠીઓને પરમહંસ કર્યા :

પછી મહારાજે એક પત્ર કાઠીઓ ઉપર લખ્યો અને બીજો કાગળ ગામ મેથાણના અજા પટેલ ઉપર લખ્યો જે, "આ કાગળ વાંચતાવેંત પરમહંસ થઈને અમારી પાસે આવજો." પછી કાગળ આવ્યો ત્યારે અજા પટેલ કપાસની ઢાલે(કપાસના ઊભા પાકનો સોદો કરવા) ગયા હતા. ત્યાં પત્ર આવ્યો તે વાંચ્યો. પછી પોતા પાસે તલવાર હતી, તે ઘોડીના કાઠા(પીઠ પર મૂકવાના લાકડાના ચોકડા-પલાણ) ઉપર બાંધી ને ઘોડીને કહે, "જ્યાં તને ખડ ને જોગાણ આલે ત્યાં ચાલી જા."

પછી મહારાજે કાગળમાં જેનાં નામ લખ્યાં હતાં, તે સર્વે ભેળા થયા ને પરમહંસ થઈને મહારાજ પાસે ગયા. અને જે કાઠીઓ ઉપર પત્ર લખ્યો તેમનાં નામ સુરા ખાચર તથા સોમલા ખાચર ને અલૈયા ખાચર, માતરા ધાધલ આદિક પરમહંસ થઈને ચાલ્યા. તે બે બે ત્રણ ત્રણ ગામના ધણી એવા તે ઘરબાર મેલીને ચાલ્યા. ત્યારે મૂંછો ને શિખા ઉતરાવી નાખી અને એક કંથા, અઢી હાથનો અંચળો ને એક તુંબડી, ને અડવાણે પગે એવી રીતે ચાલવાનું કર્યું.

ત્યારે દેશમાં તથા પોતપોતાના ગામમાં હાહાકાર થયો ને ગામના માણસ તથા ઘરનાં માણસ સર્વે રોવા લાગ્યાં. પછી તે સર્વે પરમહંસ બોલ્યા જે, "તમે દિલગીર ન થાઓ, કેમ જે અમે મહારાજ ભેગા કોઈક ફેરો આવશું અને બહુ દિલગીર થાશો તો મહારાજ ભેગા પણ નહીં આવીએ." પછી સર્વે મનુષ્ય વળાવા આવ્યાં તેને સર્વને બળાત્કારે પાછાં વાળ્યાં અને એ સર્વે **ભુજનગર**ને માર્ગે ચાલ્યા. તે માર્ગમાં કાંઈ ટૂકડા મળે ન મળે ! ને ટૂકડા માગીને ભેગા કરીને અંદર પાણી નાખીને એક ટંક જમવું ! ને માર્ગમાં ચલાય નહીં, તોય ધીરે ધીરે ચાલે. ને માંહોમાંહી એમ વાત કરે જે, 'પૂર્વે ઋષિ તપ કરી કરીને મરી ગયા તોય પણ સ્વપ્નમાં પણ જેમના દર્શન નથી થયાં અને અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ એવા જે શ્રીસહજાનંદસ્વામી તેમણે આપણને દયા કરીને આજ્ઞા કરી જે, તમે રાજ્ય-સમૃદ્ધિનો ત્યાગ કરીને પરમહંસ થઈને અમારી પાસે આવજો.' અને તે બે-બે ત્રણ-ત્રણ ગામના ગરઢેરા તથા ઘરે પાંચ-છ ઘોડાં હજાર હજાર રૂપિયાનાં હતાં, એવી લાખો રૂપિયાની સમૃદ્ધિને મેલીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ચાલી નીકળ્યા.

પછી શ્રીજીમહારાજ **ભુજનગર**માં **સુતાર હીરજી**ને ઘેર સભા કરીને બિરાજતા હતા. તે સમે ખબર આવી જે, 'કાઠીઓ પરમહંસ થઈને આવે છે.' ત્યારે મહારાજ સર્વે સભાને લઈને સામા ચાલ્યા. ને પરમહંસે મહારાજને ભાળ્યા ત્યારે જેમ લાકડી પડે એમ મહારાજના ચરણકમળમાં પડ્યા. અને તે સર્વે પરમહંસને મહારાજ મળ્યા ને સભા કરીને સુતાર હીરજીને ઘેર બિરાજ્યા. પછી થાળ કરાવ્યો ને શ્રીજીમહારાજ મંદમંદ હસતા જાય ને ખબર પૂછતા જાય. પછી તે સર્વે બોલ્યા જે, "પૂર્વે ઋષિ તપ કરી કરીને ઘણું કષ્ટ પામતા તોય આ મૂર્તિનાં સ્વપ્નમાં પણ દર્શન થતાં નહીં. તે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવા તમે અમને આજ્ઞા કરી જે, 'તમે પરમહંસ થઈને અમારી પાસે આવો.' તે અમારાં મોટાં ભાગ્ય ને અમારો જન્મ સફળ થયો."

પછી મહારાજ થાળ જમ્યા. ને પછી નવા પરમહંસને રૂડી રીતે તાણ કરી કરીને જમાડ્યા. મહારાજ પોઢ્યા ને પછી જાગ્યા ને જળપાન કર્યું. પછી રામાનંદસ્વામી જમતા તે લીલી દ્રાક્ષનો માંડવો હતો. તે માંડવે જે દ્રાક્ષ હતી, તે મહારાજે મંગાવી ને પંડે જમ્યા અને તે સર્વે પરમહંસને જમાડી.

પછી મહારાજ બોલ્યા જે, “માર્ગમાં કાંઈ કઠણ પડ્યું ?” ત્યારે સુરા ખાચર બોલ્યા જે, “નાવમાં અમે બેઠા હતા, ત્યારે એક જણ મને પગના ગોઠણ ભરાવીને બેઠો. ત્યારે મેં કીધું જે, તું આઘો ખસ. ત્યારે તે ન ખસ્યો. ત્યારે મેં કીધું જે, ‘નિર્માનાનંદ ભણ્યો છે, તે હવે માતરો ધાધલ થાસ ?’ ત્યારે તેણે ઊઠતાકને બે પાટુ મારી ને અલૈયા ખાચરે ગડદો માર્યો. ત્યારે બીજા મનુષ્ય કહે, ‘નહીં નહીં.’ ત્યારે તે કહે, ‘ભણે, આઘો ખેસવતો છું. ત્યારે હું માંડ જીવતો રહ્યો.”

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “અમે કહીએ તેમ તમે કરો. તમે ધોળાં લૂગડાં પહેરીને સાંખ્યજોગ પાળો ને અમારી પાસે રહો.” ત્યારે તે બોલ્યા જે, “હાથી ઉપર બેસાડીને હવે પગપાળા શીદ ચલાવો છો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, **“અમારી આજ્ઞામાં રહેવું તે જ પરમહંસપણું છે.”** પછી મહારાજે લૂગડાં મંગાવ્યાં ને તેમને પહેરાવ્યાં અને પોતાની પાસે રાખ્યા. પૂર્વે થઈ ગયેલા હરિશ્ચંદ્ર રાજા તથા મયૂરધ્વજ રાજાની વાત સાંભળીને સહુ મનુષ્યને આશ્ચર્ય લાગે છે, પણ તે કરતાં આ વાત ક્યાં ઓછી છે !

❊ કંથકોટમાં કચરાભક્તને ઘેર સવાસો સંતોને જમાડ્યા :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **કંથકોટ** કચરા ઠક્કરના ઘરે પધાર્યા. અને ગુર્જર દેશમાંથી પરમહંસ સવાસો આવ્યા. અને મહારાજે કચરા ઠક્કરને એમ કહ્યું જે, “કોઈની આગળ કહેશો મા જે, મહારાજ આંહીં આવ્યા છે.” ત્યારે કહે, ‘ઠીક.’ પછી

પરમહંસ ના'તા હતા, તે કચરા ઠક્કરે ભાળ્યા. પછી પાસે જઈને દર્શન કર્યાં ત્યારે પરમહંસ બોલ્યા જે, "મહારાજ આંહીં છે ?" ત્યારે કચરા ઠક્કર બોલી ન શક્યા. ત્યારે સંત કહે, "ત્રણ દિવસના ઉપવાસ છે." ત્યારે કચરાની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. ને એમ કહ્યું જે, "હું મહારાજને કહીશ. અને જો મહારાજ કહેશે તો હું ગઢ ઉપર ચડીને લૂગડું વીંજીશ ત્યારે તમે આવજો." ત્યારે સંત કહે, 'ઠીક.'

પછી કચરાભક્ત મહારાજ પાસે આવ્યા. અને મહારાજ એને ઘેર થાળ જમવા બિરાજ્યા હતા. ત્યારે કચરાભક્તના નેત્રમાં આંસુ આવ્યાં. ત્યારે મહારાજ કહે, "ભક્ત, કેમ આંસુ આવ્યાં ?" ત્યારે ભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! પરમહંસ સવાસો ગુજરાતમાંથી આવ્યા છે. તે દિવસ ત્રણના ઉપવાસી છે !" ત્યારે મહારાજ કહે, "ભક્ત, સંતોને બોલાવો." ત્યારે ભક્તે ગઢ ઉપર ચડીને લૂગડું વીંઝ્યું. પછી સર્વે સંત આવ્યા, ત્યારે મહારાજ સામા ઊઠ્યા ને સર્વે સંતને મળ્યા. અને સર્વે દેશાંતરના સત્સંગીની તથા પરમહંસની તથા સાંખ્યયોગીની તથા કર્મજોગી બાઈભાઈની ખબર પૂછી.

ત્યારે સંતો બોલ્યા જે, "સર્વે શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરે છે, પણ મહારાજના દર્શનની બહુ ઈચ્છા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભક્ત, ખીચડી રંધાવો. સંતો ભૂખ્યા હશે." ત્યારે સર્વે સંત હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તપ કરી કરીને મોટા મોટા જોગીને ઉપર રાફડા ચડે છે, ને રાફડા ઉપર વાંસ તથા ડાભ ઊગે છે, તોય તે જોગીને સ્વપ્નમાં પણ જેના દર્શન નથી થતાં ! તે તમારાં દર્શન અમારે થયા ને તમે ઊઠીને મળ્યા ને ખબર પૂછો છો, તે અમારા અનેક જન્મનાં સુકૃત મળ્યાં !" પછી મહારાજે ખીચડીમાં ઘી નંખાવીને સંતોને ગોળા વાળીને જમાડ્યા. અને કચરા ઠક્કરની માને કહે, "ડોસી, તમારો ખરચ કરીએ છીએ."

ત્યારે બાઈ કહે, "હે મહારાજ ! મારું ખરચ નહીં થાય શું ?" ત્યારે મહારાજ કહે, "શું જાણીએ ?" પછી ત્રણ દિવસ રહીને સંતોને મળ્યા ને કહ્યું જે, "તમે મંડળ બાંધીને ફરતાં ફરતાં સત્સંગમાં વાતો કરતા શ્રીનગરની કોરે તથા સુરતની કોરે જાઓ." ત્યારે સર્વે પરમહંસ ચાલી નીકળ્યા.

☼ ભુજના હીરજીભાઈની પરીક્ષા ને ગંગારામનો પક્ષ :

પછી મહારાજ પાછા **ભુજનગર**માં વાજતે ગાજતે સુતાર હીરજીને ઘેર પધાર્યા. ને લાધીબાઈને ઘેર જમવા પધાર્યા. ને થાળ જમીને ત્યાં પોઢ્યા. પછી જાગ્યા ત્યારે માતાજીએ(ગઢડામાં સેવા કરતા ઉદેપુરના રાજાની રાણી ઝમકુબાઈને મહારાજે ધોળાં લૂગડાં પહેરાવીને માતાજી નામ પાડીને લાધીબાઈની સાથે ભુજ મોકલ્યાં હતાં. તેમણે) મહારાજને જળ આપ્યું. ત્યારે મહારાજે જળના કોગળા કરીને જળપાન કર્યું. ત્યારપછી લાધીબા ને માતાજી તેમણે મહારાજને ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં અને ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. ને બાજુબંધ, તોરા ને ગુચ્છ ધરાવ્યા. પછી વાજાં વાગી રહ્યાં છે, ને કીર્તન ગવાઈ રહ્યાં છે, ને ગંગારામ મલ્લ આદિ આગળ ચાલ્યા જાય છે, ને ગુલાલ ઊડી રહ્યો છે અને શ્રીજીમહારાજ ઘોડીએ ચડ્યા છે, ને રાજમાર્ગે થઈને હીરજીભાઈને ઘેર પધાર્યા ને સભા કરીને બિરાજ્યા.

ત્યારે સુતાર હીરજી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હીરજીને ઘેર અન્નની કાંઈ ખોટ છે ? તેથી રૂડી રીતે જમો ને સત્સંગીને સુખ આપો." ત્યારે મહારાજ બોલ્યા જે, તમે કહેશો ત્યારે અમે જઈશું." ત્યારે હીરજી બોલ્યા જે, "હે મહારાજ ! તમને હું આ મુખે કરીને કહું જે જાઓ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, 'ઠીક ત્યારે.'

પછી ચાર મહિના કેડે સુંદરજીભાઈને શરીરે કસર થઈ. ત્યારે જગજીવન મે'તો સુંદરજીને જોવા આવ્યો. પછી એમને જોઈને બોલ્યો જે,

"હીરજી રે ! સ્વામિનારાયણ આંઈ છે ?" ત્યારે કહે, "ગામ માનકુવે ગયા છે." ત્યારે મહારાજ મેડા ઉપરથી ઊતરીને હેઠે આવીને ખુરશી ઉપર બિરાજમાન થયા. પછી જગજીવન બોલ્યો જે, "કેમ હીરજી ? સ્વામિનારાયણ નથી, ત્યારે આ ક્યાંથી ?" પછી મહારાજને જગજીવને કહ્યું જે, "તમે ભગવાન કહેવાઓ છો ?" ત્યારે શ્રીજીમહારાજ કહે, 'હા.' ત્યારે તે કહે જે, "તમે શ્રીકૃષ્ણ છો ? અને તમે જ રામચંદ્ર છો ?"

ત્યારે મહારાજ કહે, 'હા.' ત્યારે તે કહે જે, "તે તો લક્ષ્મી, રાધા તથા સીતા તેના પતિ છે." ત્યારે શ્રીજીમહારાજ સુંદર ભ્રકુટિ ચડાવીને બોલ્યા જે, "અમે જ લક્ષ્મી, રાધા તથા સીતાના પતિ છીએ." ત્યારે જગજીવન બોલ્યો જે, "હું કંસ છું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાન હશે તે શ્રીકૃષ્ણનું કામ કરશે, ને કંસ હશે તે કંસનું કામ કરશે." ત્યારે તે અમળાઈને(અકળાઈને; રીસ કરીને) ઊઠી નીકળ્યો.

ત્યારપછી ગંગારામ મલ્લ આદિ સર્વે મલ્લ તથા બીજા સર્વે સત્સંગી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ હીરજીભાઈ, હમણાં જગજીવન આરબની બેરખ લઈને આવશે. માટે તમે કહો તો અમે બીજે ઠેકાણે જઈએ." ત્યારે હીરજી કહે, "ઠીક મહારાજ, હમણાં ઉપદ્રવ જેવું છે, તેથી જઈ આવો. પછી આવજો, ઘર તમારું છે."

ત્યારે ગંગારામ મલ્લ સભામાં ઊભા થઈને હાથ જોડીને બોલ્યા જે, 'અમે ચારસો મલ્લ નાના મોટા છીએ, તે મસ્તક તમારાં છે. માટે દયા કરીને મારે ઘેર પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, 'ચાલો.'

❊ ભુજમાં જગજીવનનો પરાભવ :

પછી એ ટાણે સુંદર માફો લાવ્યા. તે માફા ઉપર મહારાજ બિરાજ્યા ને ફૂલના હાર પહેરાવ્યા. અને ઝુંઝારું(લડાઈનાં) વાજાં વાગી રહ્યાં છે, ને ગંગારામ મલ્લ આદિ માફાની ચારેકોરે ચાલ્યા જાય છે.

ત્યારે કંસને (જગજીવનને) ખબર પડી અને સરબંધીને કહે, "શું જુઓ છો ? કરો હલા(ચડાઈ)."

પછી શ્રીજીમહારાજ ગંગારામ મલ્લને ઘેર પધાર્યા ને સભા કરીને બેઠા. ત્યારે દીવાન ફતેમહમદને ખબર થઈ જે, સ્વામિનારાયણ ગંગારામ મલ્લને ઘેર બિરાજે છે અને જગજીવન હલા મોકલે છે. ત્યારે દીવાન બોલ્યો જે, "એસે ફકીર પર હલા કરે છે ? એ તો સાક્ષાત્ અલ્લા તથા ખુદા હે." એમ કહીને પછી પચાસ સરબંધી મોકલ્યા. તે અડધેક ગયા, ત્યારે જગજીવન મેતાની હલા સામી મળી અને તેને કહ્યું જે, "દીવાન સાહેબ ના પાડે છે." ત્યારે ઝકલાઈને(અચકાઈને) પાછા ગયા.

અને મહારાજની પાસે મલ્લોની સભા બેઠી હતી. પછી મહારાજ થાળ જમ્યા અને સર્વે સત્સંગીને કહે, "અમારી પૂજા કરો." ત્યારે સત્સંગી સર્વેએ ચંદન ઘસીને મહારાજની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા અને હિંડોળો બાંધ્યો તેના ઉપર મહારાજ બિરાજ્યા. અને કીર્તન ગવરાવતા હતા અને બહુ મનુષ્યને સમાધિ થતી હતી. એવી રીતે હરિજનને સુખ આપતા થકા ઘરોઘર થાળ જમવા પધારતા. તે સત્સંગીને ઘેર મુળજી બ્રહ્મચારી કે મયારામ ભટ્ટ કે પ્રાગજી દવે થાળ કરતા.

❋ ભુજથી વિચરણ કરતા પીપળીએ પધાર્યા :

ત્યાર પછી મહારાજ દિન પંદર રહીને ગામ **માનકુવે** પધાર્યા(જવા નીકળ્યા.) ત્યારે સર્વે હરિજન વળાવવા આવ્યા ને **જણસાળી**ની તળાવડીએ સભા કરીને બિરાજ્યા. પછી સુંદર જળમાં મહારાજ નાહ્યા ને સર્વે હરિજન પણ નાહ્યા. પછી સભા કરીને બિરાજ્યા. અને સર્વે હરિજને શ્રીજીમહારાજની પૂજા કરી ને મહારાજને ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં. અને મહારાજ બરફી-પેંડા જમ્યા ને સર્વે હરિભક્તને બરફી-પેંડા જમાડ્યા. પછી મહારાજે સર્વેને આજ્ઞા કરી જે, "હવે તમે પાછા વળો."

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામ **માનકુવા** પધાર્યા. અને તે ગામથી ઉત્તરાદી કોરે છેટે ના'વા પધારતા. અને ત્યાં દિન ત્રણ રહીને ચાલ્યા, તે ગામ **તેરા** ગયા. અને ત્યાં જઈને ગામ **જેતલપુર**માં ગોવિંદસ્વામી હતા, તેમના ઉપર કાગળ લખાવ્યો જે, "તમે ગામ કરજીસણના નાનાભાઈને તેડાવીને તેના નામનો જગન કરજો ને અમથી અવાશે તો અમે આવશું. અને શ્રીનગરમાં પરમહંસનું મંડળ છે, તેને તેડાવજો ને તે જગનમાં જમે તો જમાડજો." એવી રીતે કાગળ લખીને મોકલ્યો ને પોતે ન પધાર્યા.

અને **તેરા**થી અરધી રાતે ચાલ્યા, તે દરવાજે તાળાં દીધેલાં હતાં. ત્યારે મહારાજ કહે, "જુઓ તો ખરા, તાળાં દીધેલાં છે ?" ત્યારે જોયું ત્યાં તો દીધેલાં હતાં. પછી મહારાજ જઈને અડ્યા. ત્યારે એની મેળે તાળાં ઊઘડી ગયાં. પછી દરવાણીને તાળું સોંપીને મહારાજ ચાલ્યા, તે **કચ્છ** દેશમાં ફરતાં ફરતાં ગામ **અંજાર** આવ્યા. ત્યાં દિન બે રહીને વહાણે બેઠા તે ગામ **વવાણિયે** ઊતર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપળિયા** આવ્યા ને ગણેશ કોઠિયાને ઘેર ઊતર્યા. ને માનબાઈએ થાળ કરાવ્યો તે જમ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'કાઠીઓને પરમહંસ કર્યા તથા કચ્છદેશની લીલા,' એ નામે ચૌદમો વિશ્રામ ॥૧૪॥

વિશ્રામ - ૧૫

ગુજરાત, સોરઠ તથા હાલારમાં વિચરણ

※ શ્રીહરિના દ્રોહથી જગજીવનનું અપમૃત્યુ :

ભુજનગરમાં મહારાજ ઉપર જગજીવને હલા કરાવી હતી. તેની સરબંધીનો મસારો(પગાર) ચડ્યો હતો. તે આપે નહીં. ત્યારે દીવાનને પૂછ્યું. ત્યારે તે કહે જે, "તમારામાં બળ હોય તો લ્યો." ત્યારે તે જગજીવનને સર્વે સરબંધીએ કીધું જે, "દરબાર બોલાવે છે." ત્યારે તે કહે, "ચાલો."

પછી જ્યારે બજારમાં આવ્યો ત્યારે ચારેકોરેથી જમિયા પહેરાવી દીધા (વાંકા છરા માર્યા) ને 'પાણી પાણી' કરતો રહ્યો. અને જણસાળીનું (ચમારના કુંડનું) પાણી પાયું. એ પછી એના ઘર ઉપર હલા થયા ને ઘર લૂંટી લીધું અને ઘર ખેદાન-મેદાન કરી નાંખ્યું. અને તેને બપોર કેડે બાળવા દીધો. જેણે જેણે પૂર્વે ભગવાનનો તથા હરિજનનો દ્રોહ કર્યો તેનું કોનું સારું થયું છે ? ત્યાં શ્લોક છે જે – आयुः श्रियं यशो धर्मं (लोकानाशिष एव च। हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ।।)[૧] એવી રીતે ભાગવતમાં પણ કહ્યું છે.

※ પંચાળાના ઝીણાભાઈની વચનની દૃઢતા :

પછી શ્રીજીમહારાજ ઘણાક દિવસ **પીપળિયા**માં રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં સત્સંગીનાં ઘર પાવન કરતા થકા ગામ **માણાવદર** આવ્યા. અને ત્યાં ઘણાક દિવસ રહીને ગામ **પંચાળા** પધાર્યા. અને ઝીણાભાઈને મહારાજે કહ્યું જે, "તમે તમારા ગામમાં રહો. જૂનાગઢ શીદ રહો છો ?" ત્યારે ઝીણાભાઈ કહે, "ઠીક મહારાજ." તે ખબર

૧.મોટા પુરુષનો દ્રોહ દેવ-મનુષ્યના આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, પુણ્ય, પરલોક, કલ્યાણકારી સર્વ સાધનો અને ભગવાન તથા સંતો વગેરેના આશીર્વાદનો પણ નાશ કરી નાખે છે. (ભાગ.૧૦/૪/૪૬)

ઝીણાભાઈના બાપ મનુભાએ સાંભળી ત્યારે બોલ્યા જે, "ઝીણા, તને રબારી ને આયર મારી નાંખશે." ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "મર મને મારી નાંખે, પણ હું મહારાજનું વચન નહીં લોપું." તે વાત સાંભળીને મહારાજ બહુ રાજી થયા.

❊ પંચાળામાં દરબારો સાથે શ્રીહરિની લીલા :

પછી **સુરા ખાચર** તથા **માંચા ખાચર** તથા **અલૈયા ખાચર** એ આદિ કાઠી સર્વેને તેડાવ્યા. ને એ સર્વેને મહારાજ મળ્યા. પછી સર્વે સત્સંગીની ખબર પૂછી ને રસોઈ કરીને મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને ગામથી ઉગમણી કોરે નદી છે, ત્યાં ના'વા પધારતા. અને મહારાજ કહે, "અમે ડૂબકી મારીએ ને તમે ઝાલો." ત્યારે **સુરા ખાચર** આદિ સર્વે કહે જે, "હે મહારાજ ! અમે ઝાલશું." ત્યારે ડૂબકી મારતાં મહારાજ કહે, "ઝાલો જોઈએ." પછી મહારાજ પાણીમાં ડૂબકી મારીને છેટે નીકળે. ત્યારે સર્વે આડાઅવળા ખોળે. ત્યારે મહારાજ ડૂબકી મારીને પાસે આવે.

એમ એક પહોર વાર લગી નદીમાં નાહીને પાછા દરબારમાં પધારે અને હરિજનને ઘેર થાળ જમવા પધારે. અને સર્વે કાઠીને મહારાજે એવી આજ્ઞા કરી જે, "પ્રથમ તાંસળીમાં જે અન્ન આવે, તે જમીને ઊઠી નીકળવું અને બીજો ફેરો લેવો નહીં." એમ દિવસ બે થયા ત્યારે સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! હવે તો ભૂખે મરી જાતા શું. અને પીરસનારો નથી સમજતો જે, સર્વે અન્ન ભેગું કરીને લાવવું જોઈએ." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ તમે જમો છો એમ જમો."

❊ અલૈયા ખાચરને મૂર્તિના અખંડ દર્શનનો વર :

પછી મુળુભાઈને પોતાના ગામ જાવું હતું, ત્યારે મહારાજ બોલ્યા જે, "અલૈયા ખાચર ! તમારો ઘોડો મુળુભાઈને આલો." ત્યારે કહે જે, "સારું મહારાજ." પછી મુળુભાઈ ઘોડે ચડીને ગયા ને પાંચ-છ દિવસે

પાછા આવ્યા. ત્યારે અલૈયા ખાચર મહારાજને કહે, "ભણે મહારાજ ! ઘોડાને ભાઠું નો'તું ને ભણે પાડીને આદો(આવ્યો)." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભાઠું હતું ને કેમ ના પાડો છો ?" પછી મહારાજ ખીજ્યા ને કહ્યું જે, "અમારી નજર આગળથી જતા રહો."

ત્યારે અલૈયા ખાચર ગામથી દક્ષણાદી કોરે તળાવ છે, ત્યાં જઈને બેઠા. ત્યારપછી પહોર વાર થઈ ત્યારે મહારાજ કહે, "જ્યાં હોય ત્યાંથી અલૈયા ખાચરને અમારી પાસે બોલાવો." પછી બોલાવી લાવ્યા. ત્યારે મહારાજ કે, 'માગો.' ત્યારે અલૈયા ખાચર બોલ્યા જે, "એ વર માગું છું જે, આ મૂર્તિ હૃદયને વિશે નિરંતર રહેજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "સારું."

❊ અગતરાઈના પર્વતભાઈએ શ્રીહરિને ઘરધણી માન્યા :

પછી ઝીણાભાઈને બે પાળા આપ્યા ને બે માસ ત્યાં રહીને ગામ **અગતરાઈએ** પધાર્યા. ને પર્વતભાઈને ઘેર વાજતે ગાજતે આવ્યા. અને માર્ગમાં કાઠી આગળ પર્વતભાઈનાં મહારાજ બહુ વખાણ કરતા હતા. અને મહારાજ જ્યારે એમને ઘેર પધાર્યા, ત્યારે મહારાજને ઢોલિયો બિછાવી દીધો. તેના ઉપર મહારાજ બિરાજ્યા. ત્યારે પર્વતભાઈ પણ મહારાજનાં ચરણકમળ દાબવા લાગ્યા. ત્યારે સર્વે કાઠી બોલ્યા જે, "ભણે, આ કાણું ? આપણે જેમ મે'માન તેમ આ પણ મે'માન થઈને બેઠા ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "પર્વતભાઈ ! તમે આમનું સન્માન કરો." ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, **"ઘરધણી પધાર્યા ત્યારે મે'માનને શી ચિંતા ?"** ત્યારે સર્વે કાઠી પર્વતભાઈનો શબ્દ સાંભળીને આશ્ચર્ય પામ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "પર્વતભાઈ, તમે સર્વેને જ્યાં જ્યાં સામાન હોય ત્યાં બતાવો." પછી પર્વતભાઈ બોલ્યા જે, "આ કોઠારમાં બાજરો છે. તે ભર્યા વિના(માપ્યા વિના છૂટથી) ઘોડાને મેલો. ને ઘરમાં

દહીં, દૂધ, ગોળ, ઘી ને રોટલા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો અજાણ્યા છે, તે તમે લાવો." ત્યારે ઘરમાં જઈને પછી રોટલા, ગોળ, ઘી, દહીં, શાક ને અથાણું આદિ સર્વે જમ્યાની સામગ્રી લાવ્યા. પછી પ્રથમ મહારાજ થાળ જમ્યા ને પછી સર્વે હરિજનને જમાડ્યા. પછી ઢોલિયો લાવ્યા અને ભારે ભારે તળાઈઓ(ગોદડાં-ગાદલાં) લાવીને પાથરી આપી. ત્યારે સર્વે કાઠી બોલ્યા જે, "આ તો જેમ મહારાજ માર્ગમાં વખાણ કરતા હતા, તેવા જ પ્રેમીજન છે."

☼ આખા ગામના ભક્તોનો પ્રેમ :

પછી ત્યાં દિન ચાર રહીને ગામ **આખા** આવ્યા. અને હરિજનને ઘેર વાજતે ગાજતે પધાર્યા. ને મહારાજને સારુ પીપળાના વૃક્ષ હેઠે ઢોલિયો ઢાળ્યો, તે ઉપર મહારાજ બિરાજમાન થયા. અને જીવુબાઈએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા. ને સાકરડી ભેંસનું દૂધ દોહીને લાવ્યા ને ગાળીને મહારાજને પાયું. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ દૂધમાં સાકર નાંખી છે ?" ત્યારે તે કહે, "ના મહારાજ." પછી દૂધ કાઠીને પાયું. ત્યારે બધાય કાઠી કહે, "આ દૂધમાં તો સાકર છે." પછી બીજે દિવસ મહારાજે ભેંસને પાસે મંગાવી ને દોહરાવી. તે દૂધ ગળાવીને મહારાજે પીધું અને પોતે પીને પછી સર્વે હરિભક્તને પાયું. ત્યારે તે સર્વે પીને આશ્ચર્ય પામ્યા જે, આ દૂધમાં આવી મીઠાશ છે !

પછી મહારાજ સભા કરીને બેઠા ને કીર્તન ગવરાવ્યાં. પછી થાળ જમ્યા ને સર્વે કાઠીને મનુવાર કરીને જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, "હવે તૈયાર થાઓ." ત્યારે ગામના બાઈ-ભાઈ સર્વે હરિજન બહુ દિલગીર થયાં. ને કહે જે, "આજ તો નહીં જાવા દઈએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ તો નહીં રહીએ."

ત્યારે હરિજને ઘોડાનું પલાણ તથા મહારાજનો પોષાક સંતાડ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ મયારામ ભટ્ટ ?" ત્યારે તે બોલ્યા જે,

"આજ ન જવાય." ત્યારે મહારાજ બોલ્યા, "ઠીક." એમ કહીને ત્રણ-ચાર દિવસ રહીને ચાલ્યા. ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, "મહારાજ વહેલા પધારજો." એમ કહીને સર્વે હરિજન સીમાડા લગી વળાવવા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે તમે સર્વે પાછા વળો, અમે આવશું." ત્યારે સર્વે હરિજન ઊભા રહ્યા ને મહારાજે ઘોડા દોડાવી મેલ્યા. ને જ્યાં લગી જણાણા તથા રજ ઊડતી જણાણી, ત્યાં સુધી જેમ ચિતરામણમાં લખાયા હોય તેમ સર્વે ઊભાં થઈ રહ્યાં.

❋ મોઢુકાની લીલા :

પછી મહારાજ ગામ **મોઢુકા** આવ્યા અને જેઠા મેરને ઘેર વાજતે ગાજતે પધાર્યા. અને ફળી વચ્ચે ઢોલિયો ઢાળ્યો. તેના ઉપર મહારાજ બિરાજ્યા. અને સર્વે ગામનાં મનુષ્ય મહારાજ પાસે આવ્યાં અને સમાધિ જોઈને આશ્ચર્ય પામ્યાં. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વે સખાને દહીં અને દૂધ પંડે મહારાજે પીરસ્યું. જેમ પરમહંસને દહીં-દૂધની તાણ કરી કરીને પીરસતા તેમ. પછી મહારાજ બીજે દિવસ જમીને કહે, "તૈયાર થાઓ." ત્યારે જેઠા મેર હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! શીદ જ્યાં ત્યાં સત્સંગમાં ફરો છો ? જેઠાને ઘેર દહીં, દૂધ, માખણ, ઘી ને ગોળ જમ્યા કરો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભક્ત, અમે કૃષ્ણાવતારમાં જમી લીધું. ને હમણાં અમારે સત્સંગમાં ફરાશે, પછી નહીં ફરાય. કેમ જે, લક્ષાવધિ સત્સંગી અમારી કેડે ફરશે. અને હુતાસણી તથા દિવાળી આદિક સમૈયા જ્યાં કરવા હોય તે થાશે, પણ સત્સંગમાં નહી ફરાય."

તે જેઠા મેર રામાનંદસ્વામીના સત્સંગી હતા. રામાનંદસ્વામી જ્યારે સત્સંગમાં ફરતા ત્યારે જેઠા મેર પણ ભેગા ફરતા. એક સમે સહજાનંદસ્વામી બહુ રાજી થયા ત્યારે જેઠા મેરને ભારે ભારે રેંટા તથા જરિયાની સુરવાળ, ડગલી સર્વે સુવર્ણમય પોષાક આપ્યો હતો.

✻ બંધિયામાં સુંદરજી સુતારની દાસપણાની પરીક્ષા :

જેઠા મેરને ઘેર મહારાજ રહીને પછી ચાલ્યા, તે ફરતાં ફરતાં ગામ **બંધિયા** પધાર્યા. ને મુળજીએ બહુ રૂડી રીતે સામૈયું કર્યું. ને વાજતે ગાજતે તેને ઘેર પધાર્યા. અને ઢોલિયો બિછાવ્યો તેના ઉપર મહારાજ બિરાજમાન થયા. પછી મહારાજ થાળ જમ્યા ને પછી પોઢી ગયા. પછી જાગ્યા ને જળપાન કર્યું. ને સભા કરીને ફળી વચ્ચે બિરાજમાન થયા.

તે સમે ગામ **ભુજનગર**થી દરબારના કારભારી સુંદરજીભાઈ તે ભેળા ચાર-પાંચ ઘોડા તથા આરબની બેરખ સાથે રહી છે, એવી રીતે આવ્યા, ને મહારાજનાં દર્શન કર્યાં. તેમણે મૂર્તિને વિશે અલૌકિક ચમત્કાર દીઠો ને ગદ્ગદ કંઠે થઈ ગયા. ત્યારે મહારાજે હાથ ઝાલીને પાસે બેસાડ્યા, ને સર્વે હરિજનની ખબર પૂછી. પછી સરબંધીને જમવા ઊઠાડ્યા. ત્યારે તે સર્વે કહે, "ભાઈ, તમે જમવા ઊઠો." ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં ભાઈ મરને બેઠા."

પછી તે સર્વે ગયા ત્યારે મહારાજ બોલ્યા જે, "સુંદરજીભાઈ, કેમ છે ?" ત્યારે તે બોલ્યા જે, "દાસને તમારી કૃપાથી સારું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "દાસ થાવું ઘણું કઠણ છે." ત્યારે તે બોલ્યા, "હું તો તમારા દાસનો દાસ છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે અમારા દાસ છો, ત્યારે અમે કહીએ એમ કરો." ત્યારે તે કહે, "બહુ સારું." ત્યારે મહારાજ બોલ્યા જે, "મૂછો-થોભા પડાવીને તમે તથા ડોસાભાઈ બે જણ કાશીએ જાઓ."

ત્યારે સુંદરજીભાઈએ ઊભા થઈને લૂગડાં ઉતાર્યાં અને થોભા-મૂછો ઊતરાવીને ત્રણ લૂગડાંભેર મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા. પછી બે જણ ચાલ્યા. તે ગાઉક ગયા, ત્યારે મહારાજ બોલ્યા, "કાંઈ ઉપાધિ થાશે ?" ત્યારે સર્વે હરિભક્ત બોલ્યા જે, "સરબંધી હમણાં જમીને આવશે ત્યારે કહેશે જે, 'અમારા ધણી લાવો' ત્યારે મહારાજ, તમારે તો કાંઈ નહીં,

પણ અમારે સર્વેને કઠણ પડશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ ઉતાવળા, સુંદરજીભાઈ એકને બોલાવી આવો." ત્યારે બોલાવી લાવ્યા. તે આવીને મહારાજની આગળ હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "જેમ તમે ઘરમાં રહો છો, એમ ને એમ અમારી આજ્ઞા થકી રહો." ત્યારે કહે, "સારું."

પછી લૂગડાં પહેરીને બેઠા. ત્યારે સર્વે સરબંધી જમીને આવ્યા. ત્યારે તે સર્વે બોલ્યા જે, "ભાઈ, થોભા ને મૂછો કેમ પડાવી ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ગોંડલથી સૂતક આવ્યું છે, તેથી મૂછો-થોભા ઊતરાવ્યાં." પછી મહારાજે એમને રજા દીધી.

અને પોતે ચાલ્યા તે ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં થોડાક દિવસ રહીને ચાલ્યા તે **રાયપર** આવ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગોખલાણે** પધાર્યા. ને ત્યાંથી **ખંભાળે** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ગઢડે** પધાર્યા. ને ત્યાં દિવસ ચાર રહીને ગામ **ઝીંઝાવદર** પધાર્યા. ને અલૈયા ખાચરના દરબારમાં કોઠો છે, તેમાં એક માસ રહ્યા.

❊ કારિયાણીમાં અતિરુદ્ર તથા ચોરાસી કરી :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **સરવઈ** થઈને **કારિયાણી** પધાર્યા. ને માંચા ખાચરના દરબારમાં વાજતે ગાજતે આવીને બિરાજમાન થયા અને સર્વે પરમહંસને તેડાવ્યા. અને જે જે મંડળ આવતાં જાય, તે તે મંડળને મહારાજ મળતા જાય. ને સત્સંગીની ખબર પૂછતા જાય. ત્યારે સર્વે સંત હાથ જોડીને બોલતા જે, "હે મહારાજ ! સર્વે આનંદથી તમારું ભજન કરે છે, પણ મતપંથવાળા ઉપાધિ બહુ કરે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "રુદ્રાક્ષના મણકા એના પાછા આલો." ત્યારે જેમ જેમ સત્સંગી સાંભળતા ગયા તેમ તેમ સર્વેએ મણકા તોડી નાંખ્યા.

અને વસ્તા ખાચર પાસે અહિંસામય અતિરુદ્રનો આરંભ કરાવ્યો. અને દેશ-દેશના બ્રાહ્મણ તેડાવ્યા. ને સર્વે બ્રાહ્મણના ચોકા ગામ બહાર

ખીજડામાં કરાવ્યા. હોમ વસ્તા ખાચરના દરબારમાં થતો. શ્રીજીમહારાજ ઘોડીએ અસવાર થઈને બ્રાહ્મણ જમતા હતા, ત્યાં પધાર્યા અને બોલ્યા જે, "રાંધવાનાં વાસણ-પેણા બીજા નહીં મળે, માટે તમે સર્વેને જમાડીને વાસણ ધોઈને ખીજડા ઉપર મેલી દેજો. ત્યાર પછી તમે પીરસનારા જમજો." ત્યારે સર્વે બ્રાહ્મણ હાથ જોડીને બોલ્યા જે, "ઠીક મહારાજ."

પછી મહારાજ ચોકે ચોકે એમ કહીને પાછા દરબારમાં પધાર્યા. એમ દિન દસ લગી જમ્યા ને પૂર્ણાહુતિને દિવસ જે બ્રાહ્મણ વરુણીમાં હતા, તેમને લૂગડાં, ઘરેણાં ને રૂપિયા મોઢે માગ્યા અલાવ્યા. અને બીજાને પણ દક્ષિણાના બે બે રૂપિયા અલાવ્યા. ને ગામ **બોટાદ**ના શિવા જોષીના બાપને મહારાજે પોતે ઓઢતા તે બોરી(ઓઢવાનો ચોફાળ) આલી. તે બોરી શિવા જોષીએ બોટાદના મંદિરમાં મેલી છે.

❊ ભગા દોશીને સત્સંગ :

એક દિવસ ગામ **બોટાદ**ના સોમલા ખાચર તથા માતરા ધાધલને મહારાજે ઘી લેવા મોકલ્યા. ત્યારે શેઠ ભગા ભાઈચંદ બોલ્યા જે, "તમે જાઓ ત્યારે મને મહારાજ પાસે તેડી જાશો ?" ત્યારે તે બોલ્યા જે, "તેડી તો જાઈએ, પણ તમારા બાપથી છાના આવો ત્યારે." પછી તે કહે, 'ઠીક.' પછી જ્યારે એ બેય જણ ચાલનારા થયા, ત્યારે ભગો દોશી ઘરેણાં હાટમાં મેલીને આગળ કળશિયાના(શૌચ કરવાના) મિશે ચાલ્યા. ત્યારે તે બે જણ આગળ ભેળા થયા. પછી ઘોડાને પછવાડે બેસાડ્યા. ને મહારાજને મળ્યા ત્યારે ગદ્ગદ કંઠે થયા ને મહારાજના ચરણ ઝાલીને પગે લાગ્યા.

ત્યારે મહારાજે હાથ ઝાલીને પોતા પાસે બેસાડ્યા અને મહારાજ બોલ્યા જે, "છાના આવ્યા હશો ?" ત્યારે શેઠ કહે, "હા મહારાજ." ત્યારે માતરા ધાધલને મહારાજ કહે, "તમે ઘોડે અસવાર થઈને ભાઈચંદ શેઠને ખબર કરો જે, ભગો શેઠ મહારાજની પાસે આવ્યા છે."

ત્યારે તેમણે જઈને ખબર કર્યા. અને ગામમાં તો હાહાકાર થયો જે કાઠીના ઘોડા ભગા શેઠને ઝાલી ગયા. તે ચારેકોર દરબારના બારીગર(ઘોડેસવારો) ચડ્યા. અને મહારાજે બીજે દિન પાંચ અસવાર ભેગા, ને શેઠને ભારે ઘોડી ઉપર બેસાડીને મોકલ્યા. ત્યારે ભાઈચંદ શેઠ બહુ રાજી થયા જે 'આમાં મહારાજનો તો જરાય વાંક નથી.'

❊ કારિયાણીમાં તળાવ ગળાવ્યું :

પછી મહારાજ ત્યાં **કારિયાણી**માં રહ્યા ને ગામથી ઉત્તરે તળાવ છે. તેને સર્વે હરિજન તથા પરમહંસ તથા બાઈઓ પાસે ગળાવતા. ને મહારાજ પણ ભેગા પધારતા. તળાવમાં બે કુંડ ગાળ્યા, તેમાં એક કુંડનું જળ શ્યામ છે ને બીજામાં શ્વેત જળ છે. અને ત્યાં કીર્તન ગવાતાં, ને સવારમાં બાજરો પલાળીને આલતા. ને મહારાજ કોક ફેરો ત્યાં થાળ જમે, ને કોક ફેરો ત્યાંથી ગાતાં ગાતાં ગામમાં પધારે. ને દેશ દેશના હરિજનોને પટેલ વીરદાસ ગામમાં ઘરોઘર જમવા મોકલે. એવી રીતે હરિજનને સુખ આપતા થકા બિરાજતા હતા.

પછી શહેર સુરતથી મુક્તાનંદસ્વામીનું મંડળ આવ્યું. તેમને મહારાજ મળ્યા ને ખબર પૂછી. અને જ્યારે નવાનગર સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામીનું મંડળ મોકલ્યું, ત્યારે મહારાજ એમ બોલ્યા હતા જે, "**અણદો સોની** મહા ધુતારો છે. તે કોઈ પાસે તમને કાંઈ અલાવે તો લેશો નહીં. ને ગામમાં ત્રણ વર્ણની ભિક્ષા માગીને જમજો. ને ઝોળીમાં કોઈ દાણા તથા લોટ નાંખે તે સર્વે ભેગું કરીને, પાણી નાંખીને, ગોળા વાળીને, હાથમાં લઈને જમજો; તે પણ એક ટંક." એવી રીતે આજ્ઞા કરીને મોકલ્યા હતા, તે સંતો પણ ત્યાં આવેલા.

❊ મુક્તાનંદસ્વામીએ આકરું વર્તન મૂક્યું :

પછી મુક્તાનંદસ્વામી પેશાબ કરવા ગયા, ત્યારે મહારાજે બીજા સંતોને પૂછ્યું જે, "તમને સર્વને મુક્તાનંદસ્વામી વરતાંતે કરીને કેવા,

આકરા જણાય છે ?" ત્યારે હિંદુસ્તાની સંત બોલ્યા જે, "હેમહારાજ ! હમકું તો એસી બીક લગતી હૈ, જેસી વાઘકી તથા સર્પકી, એસી બીક સ્વામીકી લગતી હે." પછી સ્વામી પેશાબ કરીને આવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે સંતને વાઘ તથા સર્પ જેવા લાગો છો. વરતાંતે કરીને બહુ આકરા લાગો છો." ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "એવું આકરું વરતાંત હવેથી મેલી દઈશ ને જેમ સર્વે સંત વર્તશે એમ વર્તાવીશ." પછી મહારાજે રાજી થઈને ફૂલના હાર આપ્યા. પછી સર્વે સંત તથા સર્વે હરિજનને રજા દીધી. ત્યારે સર્વે મહારાજને પગે લાગીને ચાલી નીસર્યા.

⁂ કારિયાણીથી વિચરણ કરતા સિદ્ધપુર પધાર્યા :

પછી મહારાજ પણ સર્વે કાઠીને લઈને પોતે ઘોડીએ અસવાર થઈને ગામ **સારંગપુર** આવ્યા. ત્યાં વસ્તા ખાચરને ઘેર ત્રણ દિવસ રહીને ચાલ્યા, ને રાઠોડ ધાધલને ભેગા લીધા ને ગામ **સુંદરિયાણે** ગયા. ને ડોસા ખાચરને ઘેર રાત રહ્યા ને એને ભેળા લીધા ને ગામ **રામપર** પધાર્યા. ત્યાં હરિજનને દર્શન આપ્યાં. ને મહારાજ તેજા સિંધવને ઘેર જઈને ઊતર્યા અને થાળ જીવા સુતારને ઘેર જમ્યા.

બીજે દિવસ જમીને ચાલ્યા તે ગામ **વઢવાણ** થઈને ગામ **મેથાણ** પધાર્યા. ને વાજતે ગાજતે પૂજાભાઈ તથા કાકાભાઈને ઘેર બિરાજમાન થયા. ને રસોઈ થઈ ને પંડે થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. અને ગામથી દક્ષણાદી કોરે તળાવની આથમણી પાળથી આથમણી કોરે જ્યાં હમણાં બેઠક છે, ત્યાં સભા કરીને બેસતા ને કીર્તન ગવરાવતા. પછી ગામમાં પધારતા ને કાકાભાઈને ઘેર થાળ જમતા.

એમ દિન ચાર રહીને ચાલ્યા અને કાકાભાઈ તથા પૂજાભાઈને ભેળા લીધા. અને માર્ગમાં મહારાજ એમ બોલ્યા જે, "પૂજાભાઈ, આ ઘોડો તમે અમને આલશો ?" ત્યારે પૂજાભાઈ બોલ્યા, "હા મહારાજ."

ત્યારે મહારાજ કહે, 'ઠીક.' એમ કહીને ચાલ્યા, તે ગામોગામ હરિભક્તને દર્શન દેતાં દેતાં મહારાજ **સિદ્ધપુર** પધાર્યા. ત્યાં **કુમારિકા** નદીથી ઉગમણી કોરે ખેતરમાં આંબલી છે, તેની હેઠે જઈને ઊતર્યા. અને મહારાજને સારુ ઢોલિયો, ગાદલાં તથા તળાઈઓ લાવ્યા. ને ઘોડીઓ સારુ ઘાસ ને જોગાણ લાવ્યા. ને રસોઈનો સામાન મંગાવ્યો. પછી થાળ થયો ત્યારે મહારાજ જમ્યા ને ચળુ કર્યું ને સર્વેને જમાડ્યા. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા.

બીજે દહાડે ઢોલ, શરણાઈ આદિક વાજાં વાજી રહ્યાં છે, ને સર્વે કાઠીઓ ઘોડીએ અસવાર થયા, ને મહારાજ સુંદર ઘોડી ઉપર બિરાજ્યા, ને સર્વે સંતહરિભક્ત કીર્તન ગાઈ રહ્યા છે, ને મહારાજે ભારે ભારે વસ્ત્ર પહેર્યાં છે; એવી શોભાએ સહિત આથમણી કોરે ત્રણ ગાઉ દૂર **વટેશ્વર મહાદેવ** નામે તીર્થ કહેવાય છે, ત્યાં પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને સ્નાન કરી રહ્યા ત્યારે બ્રાહ્મણે ચાંદલો કર્યો. ત્યારે મહારાજ કહે, "પૂજાજી, ઘોડો લાવો." ત્યારે મહારાજને લાવીને આપ્યો. ત્યારે મહારાજ કહે, "ચાંદલો કરનારા ઘોડો લ્યો." પછી તેને ઘોડો આપ્યો. ને મહારાજ બોલ્યા જે, "સર્વે હરિજન નાહીને બ્રાહ્મણને દક્ષિણા આપો."

પછી મહારાજે વસ્ત્ર પહેર્યાં ને હરિભક્ત તથા પરમહંસ તેમણે મહારાજની પૂજા કરી. પછી ત્યાંથી ચાલ્યા તે વાજતે ગાજતે શહેર સોંસરા થઈને ઉતારે પધાર્યા. ને પૂજાભાઈને ચડવા ઘોડી આલી. પછી જમીને ચળુ કરીને વસ્ત્રો પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે વાજતે ગાજતે બિંદુ સર પધાર્યા. ત્યાં વસ્ત્ર ઉતારીને નાહ્યા. ને નાહીને બહાર નીકળીને ઊભા ત્યારે સર્વે બ્રાહ્મણે ચાંદલા કર્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "લાવો રૂપિયા આપીએ." અને મહારાજ કહે, "કહો તો રૂપિયા આપીએ ને કહો તો નાતમાં ભારે રંગાડું કરાવી આપીએ." ત્યારે સર્વે બ્રાહ્મણ બોલ્યા જે, "રંગાડું કરાવી આલો." ત્યારે મહારાજ કહે,

"ઠીક." પછી મહારાજે રંગાડું કરાવી આપ્યું, જેમ રામપ્રતાપભાઈએ કુમારિકા નદીમાં નાહીને બ્રાહ્મણને રંગાડું કરાવી આપ્યું તેમ.

પછી મહારાજે નાહીને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં અને બીજા હરિજનને (કહીને બ્રાહ્મણોને) દક્ષિણા અપાવી. પછી ઉતારે આવ્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને પોઢ્યા. પ્રાતઃકાળે જાગ્યા ને બોલ્યા જે, "માધવ પાવડીએ સર્વે નહાવા ચાલો." પછી સર્વે મહારાજના ભેળા ના'વા ચાલ્યા. મહારાજ વસ્ત્ર ઉતારીને નદીના પ્રવાહ મધ્યે ના'વા બિરાજ્યા. ત્યારે મહારાજને પછવાડે સર્વે સંત તથા હરિભક્ત નાહ્યા. નાહીને બાર નીસર્યા ત્યારે મહારાજને બ્રાહ્મણોએ ચાંદલા કર્યા. ત્યારે મહારાજે મયારામ ભટ્ટ પાસે રૂપિયાની દક્ષિણા દેવરાવી ને બીજા પાસે પણ દક્ષિણા દેવરાવી. પછી મહારાજ ઉતારે પધાર્યા ને રસોઈ થઈ ત્યારે જમીને ચળુ કર્યું.

❊ ઊંઝાના ગરનાળા ઉપર વૈરાગીઓને દીક્ષા આપી ને તળાવની લીલ કાઢી :

પછી વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ઊંઝા** પધાર્યા. ત્યાં હરિભક્તોએ સામૈયું કર્યું ને હરિભક્તને ઘેર પધાર્યા. ને સભા કરીને બિરાજ્યા. પછી થાળ જમ્યા ને ચળુ કરીને મુખવાસ લઈને સર્વે સંત હરિજનને જમાડ્યા. પછી સભા કરીને બેઠા. ત્યારે મહારાજ કહે, "અમારા પરમહંસમાં મોટા મોટા સંત ભારે કઠણ વર્તમાન રાખે છે. તેમ કોઈ બાઈઓમાં રાખે એમ છે ?" ત્યારે એક (જેકુંવર) બાઈ બોલ્યાં જે, "હા મહારાજ, એક શિંગોડું જમીને રહીશ." ત્યારે મહારાજ બોલ્યા જે, "માથે છાશની પ્રાશ પીજો."

પછી આરતી-ધૂન કરી મહારાજ પંડે ધૂન બોલતા જે, 'હરિનારાયણ સ્વામિનારાયણ' એવી રીતે ધૂન બોલીને પછી નમસ્કાર કરીને બિરાજ્યા. પછી કીર્તન ગવરાવ્યાં ને અલૈયા ખાચર પાસે વાત કરાવી. પછી થાળ

જમ્યા ને ચળુ કરીને પોઢ્યા. પછી જાગ્યા ને ત્યાંથી તળાવના ગરનાળા ઉપર આવીને સભા કરીને બિરાજ્યા. ને સમાધિઓ થાય ને પંડે મહારાજ વાતો કરે. તે સમે દુર્વાસાના શ્રાપે કરીને અવતર્યા એવા મોટા મોટા ઋષિ તે વૈરાગીના વેશે આવ્યા. તેઓ મહારાજને જોઈને ગદ્‌ગદ કંઠે થયા. ને એમને મહારાજની મૂર્તિમાં અલૌકિક ચમત્કાર જણાણો. પછી મહારાજે તેમની ખબર પૂછી.

પછી મહારાજ પાછા ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને ચળુ કરીને એ વૈરાગીઓને થાળ આપ્યો. ને તે મહારાજના આશ્રિત થયા. અને મહારાજે એમના નિત્યાનંદસ્વામી(મહાનુભાવાનંદસ્વામી ?) આદિક નામ પાડ્યાં. અને તે સંત મહારાજની પાસે જ રહેતા હતા. અને ત્યાર કેડે મહારાજ ઘોડે અસવાર થઈને તળાવમાં ઘોડો પાવા આવ્યા. ત્યારે તળાવમાં લીલ હતી, તે એની મેળે ખસી ગઈ ને જળ નિર્મળ થયું. તેને જોઈને સર્વે હરિજન આશ્ચર્ય પામ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ગુજરાત, સોરઠ તથા હાલારમાં વિચરણ' એ નામે પંદરમો વિશ્રામ ॥૧૫॥

વિશ્રામ - ૧૬

જેતલપુરમાં યજ્ઞ તથા ખોખરા-મહેમદાવાદમાં અસુરોનો પરાભવ

❊ ઊંઝાથી વિચરણ કરતા શ્રીનગર પધાર્યા :

પછી મહારાજ ત્યાંથી(ઉંઝાથી) ચાલ્યા, તે ગામ **કડુ** થઈને **વસઈ** આવ્યા. ત્યાં એક દિવસ રહીને ગામ **મેઉ** આવ્યા. ત્યાં **ભૂખણ ભાવસાર**ને ઘેર બે દિન રહીને ગામ **છિપાવાડે(લાંઘણજ)** પધાર્યા. ત્યાં હરિભક્તોએ રૂડી રીતે સામૈયું કર્યું. ને ભાવસાર ઝુમખરામને ઘેર ઊતર્યા. પછી મુળજી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, ને મહારાજ જમ્યા. પછી ચળુ કરીને ઘોડીએ સવાર થઈને ગામ **ડાંગરવે** પધાર્યા. અને નરોત્તમના માઢમાં મહારાજ જઈને ઊતર્યા. પછી રતન ને જતન આદિ બાઈઓએ થાળ કરાવ્યો, તે જમ્યા ને ચળુ કરીને સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કરજીસણ** પધાર્યા ને **ગોવિંદભાઈ**ને ઘેર જઈને ઊતર્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ઓળે** પધાર્યા. ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **ધમાસણે** ગયા. ને ત્યાં ઉપાધિ થઈ તેથી ન રહ્યા. ત્યાંથી ગામ **મોટેરા** પધાર્યા. ને ત્યાં એક રાત રહીને જમીને ચાલ્યા, તે વાજતે ગાજતે **શ્રીનગર** પધાર્યા. પછી **નવાવાસ**માં સભા કરીને ગાવણું કરાવ્યું.

❊ જેતલપુરમાં છત્ર પછાડીને તોડ્યું :

ત્યાં એક રાત રહીને ગામ **જેતલપુર** પધાર્યા ને રૂડી રીતે સામૈયું કર્યું. ને ઘોડા ગામમાં મોકલ્યા અને પોતે તળાવને કાંઠે મોહોલ છે, ત્યાં પધાર્યા. ત્યાં સભા કરીને કીર્તન ગવરાવ્યાં. પછી ત્યાંથી ઊઠીને ગામમાં ચાલ્યા. ત્યારે પાળા ભગુજીએ છત્ર ધર્યું. ત્યારે મહારાજે ના પાડી તોય ફરીને ધર્યું. ત્યારે મહારાજે છત્ર હાથમાં લઈને પછાડ્યું. તેના ઉપર મુક્તાનંદસ્વામીએ કીર્તન કર્યાં છે જે - *વાલે છત્ર પછાડ્યા હું ઘોળી રે...*

❊ ગંગામાના ઘેર સંતોને બુફે જમાડ્યા :

પછી મહારાજ ગામમાં પધાર્યા ને ગંગામાને ઘેર થાળ જમ્યા. પછી

ચળુ કરીને સર્વે પરમહંસને જમવા બેસાડ્યા. અને તે ઘર સાંકડું હતું, તેથી પરમહંસ ન સમાયા ને ઉપરાઉપર બેઠા ને કેટલાક તો ઊભા રહ્યા. અને મહારાજ પણ ઊભા ઊભા પીરસતા જાય. એક ઠેકાણે સર્વેની વચ્ચે રહીને લાંબા હાથ કરીને પીરસતા જાય. અને સંતો જાણે જે, મારી જ પાસે ઊભા રહીને પીરસે છે, તેમ મહારાજ સંતો પાસે જણાણા.

પછી મહારાજે હાથ ધોયા ને સંતને આજ્ઞા આપી જે, "વાડીએ જાઓ." પછી મહારાજ પોઢ્યા ને જાગ્યા ને જળપાન કર્યું. પછી સભા કરીને બિરાજ્યા ને મુક્તાનંદસ્વામી આદિ સંતે ગાવણું કર્યું. પછી મહારાજ થાળ જમ્યા ને સંતો સહિત વાડીમાં આવ્યા.

❋ જેતલપુરમાં કરેલી વિવિધ લીલા :

પછી બીજે દિવસ વાડીમાં હિંડોળો બાંધ્યો અને તેના ઉપર મહારાજ આવીને બિરાજ્યા ને જયજયકાર થયો. પછી તે સમે મહારાજને જમવા બે કાકડી આપી. તેને મહારાજ જમવા લાગ્યા. ત્યાં શ્લોક જે, स्त्रिपुंसैर्जैतलपत्तनबहिर्वाटीवटे वेष्टिते।[૧] એ આદિ. અને જેમ ચંદ્રમાને સન્મુખ ચકોર જુએ તેમ સર્વે સંત તથા હરિજન મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. પછી મહારાજ સર્વે સંતને સાથે લઈને ગામમાં પધાર્યા. ને પોતે થાળ જમીને સર્વે સંતને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી જાગીને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં ને વાજતે ગાજતે ઘોડીએ અસ્વાર થઈને ફૂલવાડીએ આવ્યા. ત્યાં બોરસડીના વૃક્ષ હેઠે સભા કરી અને ભારે સેજવટ(છપરપલંગ) ઉપર ગાદીતકિયા હતાં. તેના ઉપર આવીને બિરાજમાન થયા. પછી સુંદર ફૂલના હાર, બાજુબંધ, ગુચ્છ, તોરા ધારણ કરીને બિરાજ્યા. ને મુક્તાનંદસ્વામી આદિ સંત ગાવણું કરવા લાગ્યા. અને મહારાજની દૃષ્ટિએ કરીને સમાધિઓ થતી હતી.

૧. જેતલપુરની બહાર વાડીમાં વડ નીચે સ્ત્રીપુરુષ ભક્તોથી વીંટળાયેલા શ્રીહરિ...

અને કોઈ ભક્ત મહારાજની આગળ જામફળ લાવ્યા. ત્યારે પોતે જમ્યા ને જમીને સર્વને વહેંચી આપ્યાં.

પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. પછી જાગ્યા ને તળાવના કાંઠે તુલસીક્યારો છે, તેના ઉપર બેસીને દાતણ કર્યું. પછી તળાવમાં નાહ્યા ને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં. પછી મોહોલ ઉપર બિરાજ્યા. ભક્તજને સુંદર ચંદનની આડ કરી. તે સમે થાળ લાવ્યા. ને કોઈ હરિજન દૂધમાં કરેલાં મઠિયાં લાવ્યા, તેને મહારાજ જમ્યા. ત્યાં શ્લોક જે, स्नातं चंदनचर्चितं निजजनैः पुष्पस्रजालंकृतं...[1] એ આદિ. અને જેમ વિદુરજીને ઘેર ભાજી જમ્યા ને જેમ સુદામાના તાંદુલ જમ્યા ને જેમ શબરીનાં બોર જમ્યા, તેમ પ્રેમે કરીને મહારાજ જમતા હતા. પછી ચળુ કરીને મહારાજ કહે, "ચાલો ફૂલવાડીએ."

પછી જ્યાં હમણાં છત્રી કરી છે, તે ઠેકાણે સભા કરીને બિરાજમાન થયા. પછી ત્યાં જ પોઢ્યા. તેના ઉપર કીર્તન છે - *હરિ બેઠે બોરસડી કે છૈયાં...* પછી જાગ્યા ને ગામમાં પધાર્યા. અને થાળ જમીને હમણાં જ્યાં મંદિર છે, ત્યાં સભા કરી ને ગાવણું કરાવ્યું. પછી સભાને રજા આપી ને પોતે પોઢ્યા ને સવારે જાગ્યા.

❋ જેતલપુરમાં બ્રહ્મભોજન :

પછી મહારાજ બોલ્યા જે, "થાઓ તૈયાર, **ગામડીએ** જઈએ." ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો ઉત્તરાયણ છે." ત્યારે મહારાજ બોલ્યા, "શું કરવું જોઈએ ?" ત્યારે હરિજન કહે, "બ્રહ્મભોજન કરાવવું જોઈએ." ત્યારે મહારાજ કહે, "આપણે ગામના બ્રાહ્મણ જમાડીએ. કેટલુંક ઘી જોઈએ ?" ત્યારે હરિભક્ત બોલ્યા જે, "પાંચ મણ." ત્યારે મહારાજે કહ્યું જે, "ફરતા ગામના બ્રાહ્મણ જમાડ્યા

૧. સ્નાન કર્યા પછી પોતાના ભક્તોએ ચંદનથી પૂજેલા અને પુષ્પમાળાથી શોભાયમાન એવા શ્રીહરિ..

હોય તો ?" ત્યારે હરિજનો બોલ્યા જે, "મહારાજ, બહુ સારું." ત્યારે મહારાજ બોલ્યા જે, "દ્યો નોતરાં ને સામાન તૈયાર કરાવો. જેટલું બળતણ જોઈએ તે ગામના માણસોએ પૂરું કરવું જોઈશે." ત્યારે સર્વે હાથ જોડીને બોલ્યા જે, "સારું મહારાજ."

પછી દંઢાવ્ય દેશમાંથી ઘી મંગાવ્યું ને જગનની સામગ્રી મંગાવી. અને ચાર વેદ બ્રાહ્મણને રૂપે આવ્યા, તે જજ્ઞ કરાવતા હતા. ને જ્યાં હમણાં ઓટો છે, ત્યાં ઘી હોમાય ને ગઢમાં સામાન ને રસોઈ પણ ગઢમાં થાય. ને બ્રાહ્મણોની પંક્તિ બેસે ત્યારે મહારાજ ઘોડીએ ચઢીને કાઠીના અસ્વારે સહિત ફરતા. જ્યાં ઘી હોમાય ત્યાં મંચ ઉપર મહારાજ બેસતા. મહારાજની પડખે બે શાસ્ત્રી બેસતા. તે એક નરભેરામ અને બીજા આશારામ. અને લક્ષાવધિ બ્રાહ્મણ જમે ને બ્રાહ્મણ જમી રહ્યા કેડે હરકોઈ અન્નાર્થી આવે તેને જમાડતા.

એક દિવસ ઘીનાં ગાડાં આવતાં વાર થઈ. ત્યારે બ્રાહ્મણ આકળા થયા જે, "લાવો ઘી." ત્યારે મહારાજ કહે, "ચાલો, અમે આવીએ." પછી ભારે ભારે વસ્ત્ર પહેર્યાં ને હાથમાં રંગીન ફૂમકિયાળી છડી લઈને ઠાલાં કુડલાંમાં છડી મારતા જાય. ત્યારે માંહી ઘીનાં કુડલાં ભરેલાં જણાણાં. ત્યારે મહારાજ આનંદસ્વામીને કહે, "તમે કેમ કહો છો જે ઘી થઈ રહ્યું ? જુઓ, આ ઘીનાં કુડલાં ભર્યાં." ત્યારે સર્વે આશ્ચર્ય પામ્યા.

પછી તે જ કુડલાંમાંથી ઘી કાઢીને બ્રાહ્મણોને ચોકે ચોકે આપવા માંડ્યું, પણ તે ઘી ખૂટ્યું નહીં. પછી બીજા ઘીનાં ગાડાં આવ્યાં, તેમાંથી ઘી લેવું પડ્યું નહીં. અને જમતાં જમતાં લાડવા વધે તેને તળાવમાં નાંખે. અને લાડુના ગાડાં ભરીને ગામમાં ઘરોઘર આપ્યા તોપણ ન ખૂટ્યા. અને પરમહંસ મધ્યાહ્ન સમયે ઝોળી માગવા જાય ત્યારે ઝોળીમાં અન્ન આવે તેને ગોળા વાળીને જમે, તે પણ એક ટંક.

❊ આજ્ઞા ન પાળનારા ડાંગરવાના ભક્તો પર કોપ :

અને ગામ **ડાંગરવા**નાં રતનબાઈ તથા જતનબાઈને મહારાજે એમ કહી મેલ્યું જે, "કાઠીને સારુ પાથરવા ગોદડાં તથા મોદિયાં અને દૂધ પાવાને સારુ ભેંસો, એ આદિક સામાન લઈને ગાડાં જોડીને ગામ જેતલપુર આવજો." ત્યારે તે તો ન લાવ્યા અને પંડે મહારાજનાં દર્શન કરવા આવ્યાં. ત્યારે મહારાજે પૂછ્યું જે, "ભેંસો અને ગોદડાં તથા મોદિયાં લાવ્યા ?" ત્યારે તે કહે, "નથી લાવ્યા અને જો દૂધ જોઈશે તો વેચાતું લઈ દેશું."

ત્યારે મહારાજ બોલ્યા જે, 'હવે ભેંસો દોજો અને ગોદડાં ને મોદિયાં પાથરજો ને ગાડાં હાંકજો ને બળદથી ખેડજો." ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, "મહારાજ આમ કેમ મર્મમાં બોલે છે ?" પછી જ્યાં સાત-આઠ દિવસ થયા ત્યાં ખબર આવી જે, ડાંગરવા ગામ લૂંટી ગયા અને બળદ, ગાડાં, ભેંસો તે સર્વે સામાન ઈડરના ડુંગરમાં લઈ ગયા. તેની મહારાજ પાસે ખબર આવી. ત્યારે મહારાજ બોલ્યા જે, "ડાંગરવાના હરિભક્ત હોય તે આડાઅવળા ખસી નીકળજો."

❊ અભક્ષ્યના ત્યાગનું ને અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન :

પછી પૂર્ણાહુતિને દિવસે મહારાજ બોલ્યા જે, "તમે બે શાસ્ત્રી બેઠા છો, તે દેવીનું પૂજન કેવી રીતે કરવું ? તેનું વેદની શ્રુતિએ કરીને ચાર વર્ણના ધર્મ પ્રમાણે પ્રતિપાદન કરી આપો. અને તેમાં જે અભક્ષ્યનું ભક્ષણ કરવું, તે કાંઈ વેદનો અભિપ્રાય નથી." ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, "વેદનો તો એ જ તાત્પર્ય છે, જે અભક્ષ્યનો ત્યાગ કરાવવો." ત્યારે મહારાજ કહે, "અભક્ષ્યનું ભક્ષણ જે કરે તેને કેવા જાણવા ?" ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, "એવું કરે એને તો ઢેઢ-વાઘરી જેવા જાણવા." ત્યારે મહારાજ કહે, "તમે બેય જણ ઊભા થાઓ અને સર્વે સભામાં સાંભળે તેમ બોલો." ત્યારે મહારાજ કહે, "સર્વે બ્રાહ્મણ સાંભળજો. અમે નથી કહેતા."

પછી તે શાસ્ત્રી ઊભા થઈને બોલ્યા જે, "ચારે વર્ણને દેવીનું પૂજન કરવું, તે મદ્યમાંસે કરીને પૂજન ન કરવું. અને જે કરે છે, તે કાંઈ વેદનો મત નથી. તે તો વેદ બહાર છે. અને વેદમાં તો એમ કહ્યું છે જે, 'अजेन यष्टव्यम्। न जायते सोऽजः।' જે દાણા વાવ્યે પાછા ન ઊગે તેનું નામ અજ, પણ છાગ જે બકરું તે નહીં. અને દેવી તે લક્ષ્મીજી, પાર્વતી ને સાવિત્રી, એ દેવીને પૂજવી પણ શૂદ્ર દેવીને ન પૂજવી. અને તે ચાર વર્ણથી બહાર રહ્યા તે જો લક્ષ્મી તથા પાર્વતી તેની દાસીઓ એવી જે દેવીઓ તેને પૂજે તોપણ મદ્યમાંસે કરીને તો ન પૂજે. અને જે મદ્યમાંસે કરીને પૂજે છે, તે તો વેદનો અનર્થ કરીને કહે છે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ એવું કરતા હોય તેને કેવા કહીએ ?" ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, "તેને તો ઢેઢ-વાઘરી જેવા જાણવા." ત્યારે જે દેવીના પૂજનારા બ્રાહ્મણ હતા, તે પોતાના મનમાં બળી ઊઠ્યા. પછી તેનાથી કાંઈ બોલાયું નહીં. પછી મહારાજ શાસ્ત્રીઓને કહે, "બેસો." ત્યારે તે બેઠા.

❊ જેતલપુરમાં યજ્ઞ :

અને ઘીનાં પરનાળાં ચાર દિશામાં તેની ચાર ધારા અને એક દેગ સારીને ઊંચું બાંધ્યું હતું, તેના છિદ્રમાંથી ધારા પડે, તેવી રીતે અગ્નિમાં પાંચ ધારા અખંડ ચાલતી. અને અગ્નિની જ્વાળા આકાશમાં જાતી હતી. અને તે સમયે જે સમાધિવાળા હતા, તે અનંતકોટિ મુક્ત તથા કોટાનકોટિ જે વિમાન તેને દેખતા હતા. અને તે સર્વે જે અક્ષરધામના મુક્ત તથા શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત તે દિવ્ય એવા જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરતા હતા. અને ઈન્દ્ર, વરુણ, કુબેર, અગ્નિ આદિ દેવ તે મૂર્તિમાન આવીને બેસતા હતા ને આહુતિ પ્રત્યક્ષ લેતા હતા. અને તે યજ્ઞને વિશે દેશના તથા ગામના સર્વે મનુષ્ય જમતા હતા. એવી રીતે યજ્ઞની સમાપ્તિ કરાવી.

અને કડાં, વેઢ, વીંટીઓ, ઊતરીઓ તથા સેલાં, પાઘડીઓ, દુશાલા આદિક ભારે ભારે પોષાકની બ્રાહ્મણોને પહેરામણી કરાવી. અને દક્ષિણા જે રૂપિયા તે પણ ખોબા ભરી ભરીને અપાવ્યા. અને ચાર વેદ બ્રાહ્મણને રૂપે આવ્યા હતા, તેમને છાતીમાં ચરણ આપ્યાં. પછી પ્રથમ સર્વે હરિભક્તોએ મહારાજને ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર ને કડાં, વેઢ, વીંટીઓ ને ઊતરીઓ તે પહેરાવ્યાં અને ચંદનપુષ્પાદિકે પૂજા કરીને આરતી ઉતારી. પછી જે ત્યાગી સંત હતા, તેમણે પુષ્પના હાર તથા ચંદને કરીને મહારાજની પૂજા કરી. ને સંતમંડળને મહારાજ મળ્યા. એવી રીતે નિર્વિઘ્ને યજ્ઞની સમાપ્તિ કરાવીને મહારાજે સર્વે હરિજનને શીખ આપી.

❊ શ્રીનગરમાં શ્રીહરિનું સામૈયું તથા પૂજન :

ત્યાંથી શ્રીજીમહારાજ **ગામડી**એ પધાર્યા ને વાજતે ગાજતે પટેલ કાકુજીને ઘેર આવીને બિરાજમાન થયા. અને સર્વે સંતમંડળ ભેળાં હતાં. પછી થાળ થયો, તે મહારાજ જમ્યા ને સર્વે સંતમંડળને મહારાજે લાડુ પીરસીને તાણ કરી કરીને જમાડ્યા.

અને ત્યાં એક દિવસ રહીને ગામ **શ્રીનગર** પધાર્યા. અને નાના પ્રકારનાં ત્રાંસાં, શરણાઈ, ઢોલ, નગારાં આદિ વાજાં વાગી રહ્યાં છે; ને હજારો હરિભક્ત મહારાજને પુષ્પના હાર, બાજુબંધ, તોરા આદિ ધરાવી રહ્યા છે; મહારાજે ભારે ભારે વસ્ત્ર પહેર્યાં છે; ને ઘોડીએ અસવાર થયા છે; કુબેરસંગ છડીદાર નેકી પોકારી રહ્યા છે; અને અબદાગીરી તથા સોનાને ઈંડે સહિત છત્ર બિરાજે છે; બેય કોરે ચમર થઈ રહ્યાં છે; એવી રીતની ઘણીક શોભાને હું શું વખાણું ! તે મારે મુખે કરીને કહી નથી જાતી.

અને ગુલાલ ઊડી રહ્યો છે; ને ગવૈયા ઝાંઝ, મૃદંગ લઈને બ્રહ્માનંદસ્વામી આદિક જે કવિરાજ તેમનાં કીર્તન ગાઈ રહ્યા છે; એવી રીતે રાજમાર્ગે થઈને નવાવાસમાં પધાર્યા. અને લીંમડાના વૃક્ષ હેઠે મંચ

નાખ્યો હતો. તેના ઉપર ઢોલિયો ને તેના ઉપર મશરૂનું ગાદલું ઓછાડે સહિત પાથર્યું હતું. તેના ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી થાળ જમ્યા ને પોઢ્યા. ને જાગ્યા ને સભા કરીને મંચ ઉપર બિરાજમાન થયા. અને સંત જે ગવૈયા હતા, તે ગાવણું કરવા લાગ્યા.

તે સમે મહારાજને હરિભક્તે ભારે ભારે વસ્ત્ર ને કડાં પહેરાવ્યા. ને ચંદન-પુષ્પના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ તેણે કરીને હરિભક્ત લાલદાસ બે તથા ચોકસી હિરાચંદ તથા નથુ ભટ્ટ આદિ સર્વેએ મહારાજની પૂજા કરી ને આરતી ઉતારી. બીજા દેશદેશના હરિજન હતા, તે મહારાજના ચરણનો સ્પર્શ કરીને પૂજા કરતા હતા અને મહારાજ પણ કરુણાની દૃષ્ટિએ કરીને સુખ આપતા હતા. અને છડીદાર કુબેરસંગજી તથા સિદ્ધપુરના ભગવાનસંગજી ડાબી-જમણી કોરે ઊભા રહીને નેકી પોકારતા હતા. તે સમે ઘણા હરિભક્તોને સમાધિ થઈ હતી.

☼ શ્રીહરિએ અવતાર ધર્યાનો હેતુ કહ્યો :

પછી મહારાજ સર્વને છાના રાખીને બોલ્યા જે, “પૂર્વ જન્મનાં સુકૃત ને બીજબળ હોય ત્યારે પ્રત્યક્ષ ભગવાન કે ભગવાનને મળેલા સંતનો સમાગમ મળે છે. અને માયા થકી પર એવું જે અમારું અક્ષરધામ ત્યાંથી અમે સર્વે મુનિમંડળને સાથે લઈને આવ્યા છીએ. અને ભગવાને કૃષ્ણાવતાર આદિક અવતાર ધર્યા ને સનાતન એવો જે એકાંતિક ધર્મ તેનું સ્થાપન કર્યું ખરું, પણ નહીં જેવું. કેમ જે, કૃષ્ણાવતાર ભગવાને ધર્યો ત્યારે એક ઉદ્ધવજીને એકાંતિક ધર્મ કહ્યો ને એકાંતિક ભક્ત કર્યા. અને ધર્મનું સ્થાપન કરવાને સારુ ને અધર્મનું ઉચ્છેદન કરવાને સારુ તે અવતાર અમે ધર્યો હતો, પણ તે સમે અસુરની ઉપાધિ ઘણી થઈ, માટે બરાબર ધર્મનું સ્થાપન કરાયું નહીં.

તે માટે હમણાં અમે ભક્તિ-ધર્મને ઘેર અવતાર લીધો છે. અને તમે સર્વે પૂર્વના ઋષિ છો. તમે ભૂત, ભવિષ્ય ને વર્તમાનની વાત જાણો છો,

પણ મેં મહામાયારૂપી પછેડો નાંખ્યો છે; જેમ બ્રહ્મા ઉપર શ્રીકૃષ્ણ ભગવાને નાંખ્યો હતો; તેમ. પરમહંસ તથા બ્રહ્મચારી તથા સંન્યાસી તથા બાઈ-ભાઈ તમને સર્વને અને ધર્મકુળ તેમને સર્વને ધર્મમાં રખાવીને સનાતન એકાંતિક ધર્મ તે ઉઝીત થઈ ગયો છે, તેનું તમારા દ્વારા મારે સ્થાપન કરવું છે. ને તે માટે એવો રાજા આવશે તે સર્વની રક્ષા કરશે. અને તમે સર્વે જ્યાં જ્યાં સત્સંગમાં ફરો, ત્યાં ત્યાં પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની વાત કરજો. ને અમારાં જે નાનાં મોટાં વચન તે સંબંધી વાત કરજો. ને તમે સર્વે ધર્મમાં રહેજો ને સહુને ધર્મમાં રખાવજો." એ અંગેની ઘણીક વાત કરી. પછી બોલ્યા જે, 'કીર્તન ગાઓ.' ત્યારે સંત બોલ્યા જે,

'કાંઈ દુર્લભ રે હરિજનનો રે સંગ, રૂડો સંત મેળાવડો...'

એ પદ ગાયા પછી સર્વને ઊઠવાની આજ્ઞા આપી. ને પોતે પટેલ પુરુષોત્તમને ઘેર પોઢ્યા. સવારે જાગ્યા ને દાતણ કરીને નાહ્યા. પોતાનો નિત્ય નિયમ કરીને થાળ જમ્યા. પછી સર્વે સંતમંડળને જમાડીને પોતે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. તે સુંદર પુષ્પના હાર પહેર્યા છે; ને છડીદાર નેકી પોકારે છે; ને એક કોરે પર્વતભાઈ ચમર કરે છે; ને એક કોરે મુળુભાઈ ચમર કરે છે. અને પછી મહારાજ બોલ્યા જે, "ઝુંઝારું ત્રાંસાં વગાડો ને શરણાઈમાં સિંધુડા કરો." તે સમે સુંદર ભ્રકુટિ ચડી રહી છે, તે ભ્રકુટિને જોઈને કાળ પણ થરથર કંપતો હતો !

❋ ખોખરા-મહેમદાવાદમાં પૃથ્વીનો ભાર ઉતાર્યો :

પછી મહારાજ કાંકરિયે તળાવ થઈને **ખોખરા-મહેમદાવાદ** પધાર્યા. અને ગામ બહાર જ્યાં હમણાં બેઠક છે, ત્યાં સભા કરીને બેસતા. પછી ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. પછી જાગ્યા ને દાતણ કરીને કહે જે, "ચાલો, કાંકરિયે ના'વા જાઈએ." ત્યારે સર્વે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી તથા ગૃહસ્થ હરિજન તથા અગરોજી, અમરોજી, જાલોજી, દયાળજી, ભગુખાંટ એ આદિ સર્વે હથિયારબંધ

સાથે છે; અને શ્રીજીમહારાજ ઘોડીએ ચડ્યા છે; ને ઝુંઝારું ત્રાંસાં વાગી રહ્યાં છે; એવી રીતે મહારાજ ના'વા પધાર્યા ને તળાવમાં મહારાજ નાહ્યા. ત્યારપછી સર્વે નાહ્યા ને નાહીને વસ્ત્ર પહેરીને ફૂલના હાર પહેરાવ્યા.

પછી ઘોડીએ અસવાર થયા ને પરમહંસ શહેરમાં ઝોળી માંગવા ગયા. ઝોળી માગીને તળાવ ઉપર આવીને ગોળા વાળીને હાથમાં લઈને જમે. તે કોક ફેરો પૂરું ન થાય, પણ મહારાજની મૂર્તિનો જે આનંદ તેનું જે સુખ તે સુખે કરીને મગ્ન રહે. અને શ્રીજીમહારાજ શૂરવીરપણાની વાતો કરે. તેને સાંભળીને પગી દયાળજી આદિ જે સુભટ(લડવૈયા) હતા, તેમનાં રૂવાડાં ઊભાં થઈ જતાં.

અને રામાનંદસ્વામી પાસે આવ્યા મોરે શ્રીસહજાનંદસ્વામી તીર્થમાં ફરતા સતા તીર્થમાં જે અસુરાંશ હતા, તેમને પોતાની દૃષ્ટિએ કરીને નાશ પમાડ્યા અને કેટલાક તો માંહોમાંહી લડાઈ કરાવીને નાશ પમાડ્યા. અને કાંઈક જે બાકી રહી ગયા હતા, તે સર્વે ભેખનું રૂપ લઈને ગામ **ગોમતીપુર**માં પાંચ હજાર આવ્યા. અને મહારાજ **નથુ ભટ્ટ**ને ઘેર થાળ જમતા, ને નિત્યે કાંકરિયે તળાવ ના'વા જતા.

એક દિવસ મહારાજ એમ બોલ્યા જે, "સંતો ! તમે સર્વે શહેર સુરત જાઓ અને અમે તો અહીંયાં સર્વે સરબંધી સાથે રહીશું." ત્યારે સંતો ચાલી નીકળ્યા. તેમાંથી બે ત્રણ સંત રહી ગયા. તે શહેરમાંથી ઝોળી માંગીને આવતા હતા. તેમને દૈત્યાંશ આવ્યા, તે પકડી ગયા ને ઝોળી અભડાવી. તે સંતે ટુકડા નાંખી દીધા. ને સંતોને રુદ્રના કાળભૈરવ પાસે બેસાડ્યા. તે વાતની મહારાજને ખબર થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, "એવો કોણ બ્રહ્માંડમાં દૈત્યાંશ છે, જે મારા સંતને દુઃખ દે છે ?" તે સમે મહારાજનાં નેત્ર પણ લાલચોળ થયાં ને ભ્રકુટિરૂપી ચાપ ચડી રહી !

તે સમે કાળ પણ થરથર કંપ્યો ! ને શેષ પણ થરથર ધ્રૂજ્યો ! ને દિગ્પાળ પણ ચલાયમાન થયા ! અને શિવે પણ જાણ્યું જે, 'બ્રહ્માંડનો

પ્રલય થાશે.' અને તે સમે સર્વે બ્રહ્માદિ દેવ તથા મુનિ તે સર્વે ભગવાનની સ્તુતિ ને પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે મહારાજ ! કીડી ઉપર કટક ન જોઈએ (નાની વાતને બહુ મોટું સ્વરૂપ ન આપવું.) જીવ તો અનાદિકાળનો અભાગિયો છે." એમ સર્વેએ પ્રાર્થના કરી. ત્યારે મહારાજ કાંઈક શાંતિને પામ્યા. ત્યારે હાથ જોડીને બ્રાહ્મણ બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો કળાએ કરીને સંતોને ઉઠાડી લાવીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ." ત્યારે ગયા ને જઈને કળાએ કરીને સંતને બોલાવી લાવ્યા.

પછી મહારાજ થાળ જમ્યા ને સંતને જમાડ્યા. પછી મહારાજે ચપટી વગાડીને તથા નેત્રની સાને કરીને સંતને રજા આપી. ત્યારે સંતો ચાલી નીકળ્યા. ત્યારે શ્રીજીમહારાજની પાસે સર્વે સુભટ હતા, તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! સર્વે પરમહંસને પાછા વાળો, એ લંગોટાનો શો ભાર છે ? દેહ તો તમારે અર્થે ને સંતોને અર્થે કુરબાન છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમ દ્વારે અસુરાંશનો નાશ કરવો છે ને પૃથ્વીનો ભાર ઉતારવો છે." એમ કહીને મહારાજ પોઢ્યા.

સવારે જાગ્યા ને જાગીને બોલ્યા જે, "આજ સૂર્ય કેવા ઊગ્યા છે ? જાણે રુધિર વરસતા હોય ને શું !" એમ કહીને બોલ્યા જે, "જેટલા સરબંધી હોય તે ના'વા ચાલો, બીજા કોઈ આવશો નહીં." એમ કહીને ઘોડીએ સુંદર પલાણ મંડાવ્યું, ને ભારે ભારે અમૂલ્ય વસ્ત્ર પહેર્યાં, ને ઘોડીએ અસવાર થયા. ત્યારે ઘોડીએ અસવારને ઓળખી લીધા. ને ઘોડીનો પગ પણ પૃથ્વી ઉપર ન ટકવા માંડ્યો, ને જાણે ગરુડજીએ પ્રવેશ કર્યો હોય એમ ઘોડી ચાલે !

પછી તળાવે જઈને મહારાજ બોલ્યા જે, "આજ કોઈને હથિયાર કેડેથી છોડવાં નહીં અને ના'વું પણ નહીં. અમે એકલા ના'શું." એમ કહીને નાહ્યા ને વસ્ત્ર પહેર્યાં. ને પુષ્પના હાર પહેરાવ્યા. ને ઘોડીએ

અસવાર થઈને ગામમાં પધાર્યા. પછી બાઈઓને એમ કહ્યું જે, “કાંઈક કાળ વિષમ હોય તો ઘર ઉપર ચડી જાજો ને નળિયે દેવા માંડજો.” એમ કહીને થાળ જમવા પધાર્યા.

તે સમે અસુરે આવીને ચારેકોરે ગામને ઘેર્યું. ને આવીને મારવા માંડ્યા. અને મહારાજના સેવક એવા જે વેરાભાઈ તથા ભગુ ખાંટ તેમના ઉપર ઘા કર્યા. ત્યારે દયાળજી તથા અગરોજી આદિ સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! હવે અમે કેમ કરીએ ? ને શી આજ્ઞા છે ? આ તો દૈત્યાંશે આવીને મારવા માંડ્યા.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારો ક્ષત્રિયનો ધર્મ હોય તે કરો.” ત્યારે સર્વે જે ક્ષત્રિય હતા, તેમણે બાણે કરીને તથા તલવારે કરીને અઢાર મોટેરા દૈત્ય હતા, તેમને જ પાડ્યા. અને તે સર્વે કેવા પટાના રમતલ હતા !

અને તે સમયે દયાળજી તથા જાલોજી તે સર્વે ક્ષત્રિય હરિજન તેમણે જે રણસંગ્રામ કર્યો, તે જેમ અર્જુનનાં બાણ છૂટે ને જેમ ભીમસેનની ગદા પડે ને અસુરને ચૂરણ કરે, તેમ આ સર્વેની તલવારો પડતી હતી ને બાણની વૃષ્ટિ થાતી હતી ! અને જે રણયુદ્ધનો હાકોટો કર્યો, તે જેમ સિંહ ગર્જના કરે ને બકરાં ભાગે, તેમ સર્વે ભાગ્યા ને ઉપરથી નળિયાંનો માર પડ્યો. અને સર્વે હરિજન જે ક્ષત્રિય તે વાંસે થયા, ને અસુર સર્વે નાઠા.

તે કેટલાક તો ઝાળાના ઓથા લઈને સંતાણા અને કેટલાકે તો મોઢામાં ઘાસ લઈને હાથ જોડ્યા ને હથિયાર નાખી દીધા. ત્યારે દયાળજી આદિ સર્વે બોલ્યા જે, “પૂંઠ દેખાડીને ભાગી ગયા ને ખડ મોંમાં લીધાં તેને શું મારવા !” પછી સર્વે પાછા આવીને મહારાજને પગે લાગ્યા અને મહારાજે દયાની દૃષ્ટિએ કરીને સર્વને જોયા ને મહારાજ બોલ્યા જે, “લાવો ઘોડી.” પછી ઘોડી તૈયાર કરીને લાવ્યા ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **વહેલાલ** અમીન જેસંગભાઈને ઘેર પધાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'જેતલપુરમાં યજ્ઞ તથા ખોખરા-મહેમદાવાદમાં અસુરોનો પરાભવ,' એ નામે સોળમો વિશ્રામ ॥૧૬॥

વિશ્રામ - ૧૭

ગુજરાત, કચ્છ, હાલાર ને સોરઠમાં વિચરણ

✻ શ્રીહરિ વહેલાલથી વિચરણ કરતા ખોખરા આવ્યા :

અને જેસંગભાઈ આદિ સર્વે હરિજન આગળ વાત કરી જે, "પૃથ્વીનો ભાર ઉતારીને આવ્યા છીએ." ત્યારે જેસંગભાઈ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! દસ હજાર સરબંધી અમારી આજ્ઞામાં છે. કહો તો હમણાં બોલાવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "કામ પડશે ત્યારે કહેશું." પછી થાળ થયો તે મહારાજ જમ્યા ને સર્વ હરિભક્તોને પંડે મહારાજે મનુવાર કરીને જમાડ્યા, જેમ પરમહંસને પરાણે પીરસીને જમાડતા તેમ.

પછી બીજે દિવસ ઘોડીએ અસવાર થઈને દર્શન દઈને ચાલ્યા. તે પાળા સર્વે આસપાસ ચાલ્યા આવે છે; ને મહારાજ પણ હસતા હસતા મર્મની વાતો કરીને સખાને આનંદ ઉપજાવતા થકા ચાલ્યા જાય છે; ને ઘોડી પણ શાંત થકી ચાલે છે; એમ ગામ **જાખોર** પધાર્યા. અને ગામની બહાર જ્યાં હમણાં બેઠક છે, તે ઠેકાણે સભા કરીને બિરાજ્યા.

પછી ગામના સર્વે મનુષ્ય નાળિયેર મૂકીને મહારાજને પગે લાગ્યા. ને મહારાજ બોલ્યા જે, "કાંઈક જમવાનું લાવો તો અમારે ભેળા પાળા છે, તેમને જમાડીએ." પછી હરિભક્ત હતા, તે પોતાના ઘરમાં જે જે રાંધેલ અન્ન તથા ગોળ, ઘી, દહીં, આથણાં આદિ હતાં, તે સર્વે લઈને

આવ્યા. ત્યારે પ્રથમ મહારાજ ટીમણ જમ્યા ને પછી સર્વે સખાને તાણ કરીને જમાડ્યા.

પછી ચાલ્યા તે ગામ **સાદરા**ના ચોરામાં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઉનાવા** જઈને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ગામ **સોજે** થઈને **ખોરજ** થઈને ગામ **કરજીસણ**માં પટેલ **ગોવિંદજી**ને ઘેર રાત રહ્યા ને પંડે જમીને સર્વે હરિજનને જમાડ્યા.

પછી સવારે ચાલ્યા તે **ડાંગરવે** આવ્યા. ને ત્યાંથી જમીને ચાલ્યા તે **કડીએ** પધાર્યા. ને હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **રામપર** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **રામગરી**માં થાળ જમીને ચાલ્યા, તે ગામ **મેથાણ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ધ્રાંગધ્રા** પધાર્યા. ને હરિજને રૂડી રીતે સામૈયું કર્યું અને થાળ થયો, તે મહારાજ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે **હળવદ** આવીને રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ભચાઉ** આવ્યા. ને થાળ જમ્યા ને રાત એક રહીને ચાલ્યા, તે ગામ **ખોખરે** આવ્યા. ને ત્યાં સુતાર હરિભક્તને ઘેર થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા.

❊ ભુજમાં થાળ-પધરામણી :

પછી ત્યાંથી ચાલ્યા, તે **ભુજનગર** પધાર્યા. અને ગંગારામ મલ્લ તથા હીરજીભાઈ આદિ સર્વે બાઈભાઈ સામા આવ્યાં. શરણાઈ ને ઢોલ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એમ રાજમાર્ગે થઈને સુતાર હીરજીને ઘેર પધાર્યા. ને સભા કરીને બિરાજ્યા. પછી થાળ થયો, તે જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી પોઢ્યા ને જાગ્યા ને જળપાન કર્યું. પછી લીલી દ્રાક્ષ થાળ ભરીને લાવ્યા ને મહારાજ જમ્યા. ને સર્વે બાઈભાઈને વહેંચી આપી. પછી કીર્તન ગવડાવ્યાં. ને પછી થાળ જમ્યા ને પોઢ્યા.

સવારે જાગ્યા ને તળાવે પધાર્યા ને દાતણ કરીને નાહ્યા. પછી સર્વે હરિજન નાહ્યા. ને મહારાજને ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં ને ફૂલના હાર,

બાજુબંધ, તોરા પહેરાવ્યા. ને કેસરચંદને કરીને ભાલને વિશે સુંદર અર્ચા કરી. અને જ્યાં હમણાં છત્રી છે, તે ઠેકાણે સભા કરીને બિરાજ્યા. પછી ગંગારામ મલ્લ તથા વાલજી મલ્લ, તે સર્વે પગે લાગીને રમત કરવા લાગ્યા ને ખૂબ રમત કરી. ત્યારે મહારાજ કહે, “રાખો.” પછી તે સર્વે મલ્લને ભારે ભારે સેલાં ને પાઘડીઓની પહેરામણી કરાવી. પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને પછી પોઢ્યા. ને જાગ્યા ને જળપાન કર્યું. એમ દિવસ પંદર રહ્યા.

❋ શ્રીહરિનો વૈરાગીઓ ઉપર મર્મભર્યો પત્ર :

પછી ગામ જેતલપુર હરિજન ઉપર પત્ર લખ્યો જે, “ચાર સંપ્રદાયના વૈરાગીઓ તથા હરકોઈ વૈરાગી તમે જેતલપુર આવજો. તમે ખોખરા-મહેમદાવાદ આવ્યા હતા, પણ અમારાથી તમારી સેવા-ચાકરી રૂડી રીતે નથી થઈ. અને અમારા સેવક કંકજાતિ આદિ સરબંધી ઘણાક છે, તે પાસે તમારું સન્માન કરાવશું.” એવી રીતે મર્મનો કાગળ લખી મોકલ્યો. તે જેણે વાંચ્યો તથા જેના સાંભળવામાં આવ્યો, તે સર્વે એમ બોલ્યા જે, “ઈસ નુગરે કી બાત મત કરો, જીને સંતકું મારે, ઔર એ જીવનમુક્તા કા પંથ ચલા હૈ સો બહોત જાદુગરા હૈ, સો ઈસકે પાસ જાના નહીં.” તે જ્યારે જ્યારે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે દૈત્યાંશ પણ એમ ને એમ ઉપદ્રવ કરતા આવ્યા છે.

❋ ધોરાજીમાં ફૂલદોલોત્સવ :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે કચ્છ દેશમાં ફરતાં ફરતાં હાલાર દેશમાં ગામ **ધોરાજી**એ પધાર્યા ને ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવા નિર્ધાર્યો. પછી દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખીને મોકલાવી. અને સંન્યાસી, બ્રહ્મચારી, પરમહંસ તથા બાઈભાઈ સર્વે મહારાજની પૂજાની સામગ્રી લઈને આવ્યાં. મહારાજે પણ ભારે ભારે વસ્ત્ર પહેરેલાં. ને જેમ જેમ સંતનાં મંડળ આવતાં જાય, તેમને શ્રીજીમહારાજ મળતા જાય

ને સર્વે સત્સંગીઓની ખબર પૂછતા જાય. ત્યારે સર્વે સંત બોલતા જે, "હે મહારાજ ! સર્વે હરિજનને તમારાં દર્શનની ઇચ્છા હતી. તેથી દેશ દેશના સર્વે સત્સંગી ભેગા થઈને દર્શને આવે છે."

પછી સર્વે સત્સંગી આવ્યા ને રસોઈ ચાલતી થઈ. પછી મહારાજ પ્રથમ જમીને સર્વે સંતને તાણ કરીને પીરસતા. અને સર્વે સંતને એમ નીમ જે મહારાજ જમે ત્યાર પછી ટૂકડા માંગીને ગોળાવાળીને જમતા. અને દેશ દેશના હરિભક્તના સંઘ આવ્યા. તે સર્વેને મહારાજનાં દર્શન થયાં. ત્યારે જેમ લાકડી પડે તેમ સર્વે મહારાજના ચરણકમળને વિશે પડ્યા. મહારાજે પણ જમણો હાથ ઊંચો કરીને સહુને આવકાર આપ્યો. ને વાણીએ કરીને સહુની ખબર પૂછી. પછી સહુ હરિજનને ઉતારા દેવરાવ્યા. પછી મહારાજ થાળ જમ્યા. પછી સંતને જમાડ્યા ને પાંચ ફેરા પંક્તિમાં ફરીને પીરસ્યું.

પછી ગામના હરિજન હાથ જોડીને બોલ્યા જે, "અમે સંઘને આવતા જાણીને રસોઈનો સામાન કરાવ્યો છે. માટે હે મહારાજ ! તમે જેમ આજ્ઞા કરો તેમ કરીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી તથા આનંદાનંદસ્વામી, તમે સર્વે સંઘને બોલાવીને સંઘમાં સર્વેને ઉતારે ઉતારે સીધાં આલો. ને ભક્તો, તમે સીધાં લઈને રસોઈઓ કરો ને જમો." ત્યારે સર્વે સંઘના હરિભક્તે મહારાજની આજ્ઞાએ કરીને સીધાં લઈને રસોઈઓ કરી. ને જમી રહ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "સર્વે કાઠી, પાળા તૈયાર થાઓ."

પછી બાઈભાઈ તથા પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી તે સર્વે તૈયાર થયા. અને મહારાજે વસંતી વસ્ત્ર પહેર્યાં છે; ને ભારે ભારે ઘરેણાં પહેર્યાં છે; ને ભારે શણગારેલી ઘોડી ઉપર અસવાર થયા; અને ઢોલ, ત્રાંસાં ને શરણાઈ વાગી રહ્યાં છે; ને એક કોરે પેથલભાઈ ચમર

કરે છે, ને બીજી કોરે મુળુભાઈ ચમર કરે છે; ને માનસિંગ ભાટ છંદ બોલી રહ્યા છે; ને કીર્તન ગાતાં ગાતાં સર્વે બાઈભાઈ ચાલ્યાં જાય છે; ને મુક્તાનંદસ્વામી આદિ પરમહંસ હોરી ગાઈ રહ્યા છે; ને હરિજન ગુલાલ લઈને મહારાજ ઉપર અને કાઠી જે ઘોડે ચડ્યા'તા તેમના ઉપર નાંખે છે; અને મહારાજના હાથમાં રંગત છડી રહી છે, ને મુખારવિંદ આડો રૂમાલ ધરી રહ્યા છે; અને એવી રીતે જ્યાં હમણાં બેઠક કરી છે ને હનુમાન પધરાવ્યા છે, તે ઠેકાણે ભારે લાલવડ છે, ત્યાં પધાર્યા.

અને ત્યાં નિષ્કુળાનંદ સ્વામીએ હિંડોળો બાંધ્યો હતો. તે હિંડોળાની શોભા હું શી કહું ! જાણે વિમાન હોય ને શું ! જેમ ગામ વડતાલમાં હિંડોળે શ્રીજીમહારાજને બેસાડીને ઝુલાવ્યા, ને જેમ ગઢડામાં હિંડોળા ઉપર બેસાડીને ઝુલાવ્યા, ને જેમ જેતલપુરમાં હિંડોળો બાંધીને ઝુલાવ્યા, ને જેમ આદરજમાં હિંડોળો બાંધીને ઝુલાવ્યા, ને જેમ કરજીસણમાં હિંડોળો બાંધ્યો ને મહારાજને ઝુલાવ્યા, ને જેમ મછિયાવમાં હિંડોળો બાંધીને મહારાજને ઝુલાવ્યા, ને જેમ સોહરમાં હિંડોળો બાંધીને ઝુલાવ્યા, ને જેમ વલાસણમાં હિંડોળો બાંધીને ઝુલાવ્યા; તેમ અહીંયાં પણ મહારાજ વાજતે ગાજતે આવ્યા ને ઘોડીએથી ઊતરીને હિંડોળા ઉપર બિરાજમાન થયા.

અને હરિજન ચારેકોરથી મહારાજ ઉપર રંગ ને ગુલાલ નાંખે છે, અને મહારાજના હાથમાં પણ પિચકારી રહી છે, ને સંતો તાળી પાડીને હોરી બોલી રહ્યા છે. એક કોર મહારાજ ને મહારાજના સખા અને એક કોરે પરમહંસ ને સંન્યાસી, એવી રીતે બે તડ થયાં. અને હરિજન સામસામા પિચકારીઓ લઈને એક બીજા ઉપર રંગ નાંખે અને તેની સેડો પડે, અને તેના ઉપર ગુલાલ નાંખે છે. અને ત્રાસાં, ઢોલ, શરણાઈઓ વાગી રહ્યાં છે. અને જેમ મેઘની વૃષ્ટિ થાય ને માંહી વીજળી ઝબકારા કરે તેમ મહારાજનાં કડાં, વેઢ, વીંટીઓ ને ઊતરી(સોનાની ચેન) ઝળકી

રહ્યાં છે. એવી રીતે ઘણીવાર સુધી રમ્યા ને મધ્યાહ્ન નમવા આવ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે રમત રાખો ને જળ લાવો નાહીએ."

પછી મહારાજે પોષાક ઉતાર્યો ને એક વસ્ત્ર પહેરીને નાહ્યા. ને શરીર લૂછીને એક ખેસ પહેર્યો. પછી ભુજનગરના સુતાર ભગવાનસિંગે ભારે ભારે સુવર્ણમય ડગલી, સુરવાળ તથા રેંટો તે મહારાજને પહેરાવ્યાં. એક રેંટો કેડે બંધાવ્યો ને ભારે સેલું ખભે નંખાવ્યું ને કડાં પહેરાવ્યાં. હાથમાં રૂમાલ આપ્યો ને ફૂલના હાર પહેરાવ્યા. એ સમે સર્વે હરિજન મહારાજને ભેટ મેલી મેલીને ચરણનો સ્પર્શ કરીને પગે લાગ્યા.

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા, ને ત્રાંસાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને હોરી ગવાઈ રહી છે, ને મહારાજને ચારેકોરે કાઠીઓના અસવાર ચાલ્યા આવે છે, બે કોરે ચમર થઈ રહ્યાં છે; એવી રીતે ગામમાં આવ્યા ને હરિજનને ઘેર પધાર્યા. પછી વસ્ત્ર ઉતાર્યાં ને થાળ જમ્યા ને સંતને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા ને જાગીને જળના કોગળા કર્યા ને થાળ જમ્યા ને સભા કરીને બેઠા. પછી સર્વે સંઘને રજા આપી. પછી સર્વે હરિજન મહારાજની રજા માંગીને ચાલી નીકળ્યા. ને સંતને પણ મંડળ બાંધીને દેશદેશમાં ફરવા જાવાની રજા આપી.

અને મહારાજે કહ્યું જે, "હે સંતો ! દેશદેશમાં ફરો અને અમારા સ્વરૂપની વાત કરજો. અમારી આજ્ઞા પ્રમાણે જે જેનાં વર્તમાન છે, તે પ્રમાણે તમે રહેજો ને સર્વે હરિજનને રખાવજો." પછી મહારાજ બોલ્યા જે, "આવો, મળીએ." પછી મહારાજ સર્વે સંતને મળ્યા. ને મળીને સંતોએ મહારાજને દંડવત કર્યા. પછી ચાલી નીકળ્યા.

❊ ભીમભાઈ સર્વ પ્રકારે શ્રીહરિને શરણે થયા :

મહારાજ પણ ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **કંડોરડે** પધાર્યા. ને ગાજતે વાજતે હરિજનને ઘેર આવ્યા. ને થાળ જમ્યા અને

સર્વે પેથલભાઈ આદિ સખાને જમાડ્યા. બીજે દિવસે ગામની ચોરાસી કરી. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભાડેર** આવ્યા ને પેથલભાઈ આદિ હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. પછી થાળ થયો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી સભા કરીને પેથલભાઈને ઘેર બિરાજ્યા.

અને ભીમભાઈ હરિભક્ત સમાધિનિષ્ઠ હતા. તેમણે ઘરની સર્વે સામગ્રી વેચીને ચાર હજાર રૂપિયા તથા ઘરેણાં લઈને મહારાજની આગળ મેલ્યાં. ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! મને પરમહંસ કરો." ત્યારે મહારાજ બોલ્યા જે, "પરમહંસ થાવું છે કે અમારી આજ્ઞામાં રહેવું છે ?" ત્યારે ભીમભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! તમારી આજ્ઞામાં રહેવું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "પર્વતભાઈના ઘરનું સાંતી હાંકો." ત્યારે ભક્ત બોલ્યા જે, "ઠીક મહારાજ, હાંકીશ." પણ એમ શંકા ન કરી જે, 'મારા ઘરનું હળ હાંક્યું નથી, તે કેમ હંકાશે ?' એમ ન કહ્યું. ને મહારાજની આજ્ઞાએ કરીને ચોવીસ વર્ષ સુધી પર્વતભાઈનું સાંતી હાંક્યું. અને જે રૂપિયા લાવ્યા હતા, તે મહારાજે મયારામ ભટ્ટને અપાવ્યા.

❊ મેઘપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ :

પછી મહારાજ ઘણા દિવસ ત્યાં રહી ગામ **મેઘપુર** પધાર્યા. અને તે ગામમાં રામાનંદસ્વામી બહુ રહેતા. અને તે ગામમાં ભાટ લાડકીબાઈને ઘેર મહારાજ બિરાજ્યા. અને મુળજી બ્રહ્મચારી તથા જેરામ બ્રહ્મચારી તેમની પાસે થાળ કરીને પંડે મહારાજ જમતા અને જમીને પરમહંસને જમાડતા.

પછી જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. ને દેશદેશમાંથી હજારો હરિભક્તો બાઈભાઈ આવ્યાં. અને સર્વે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી તે પણ મહારાજને દર્શને આવ્યા. અને મહારાજ ગામ બહાર સભા કરીને બેસતા અને ગાવણું કરાવતા ને ગુલાલ ઊડાડતા. એવી લીલા કરીને પાછા ગામમાં પધારતા. એમ દિન પાંચ લગી ઉત્સવ થયો. પછી મહારાજે સર્વને રજા આપી, તે સર્વે ચાલી નીકળ્યા.

❊ મેઘપુરથી વિચરણ કરતા ગઢડા પધાર્યા :

પછી મહારાજ પણ ત્યાંથી ચાલ્યા, તે ગામોગામ દર્શન દેતા થકા ગામ **પીપળિયા** આવ્યા. ને લક્ષ્મણ ઠક્કરને ઘેર પધાર્યા. ને સભા કરીને બિરાજ્યા. પછી પેથલભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! લક્ષ્મણ ઠક્કરને ઘેર સંતનો ને હરિજનનો બહુ ઘસારો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમ છે ?" પછી લક્ષ્મણ ઠક્કર હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમારી નાત ઉપર તમારી દયા થાય." ત્યારે મહારાજ બોલ્યા જે, "બહુ સારું." પછી મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા.

પછી ત્યાંથી સાબદા થઈને ચાલ્યા, તે ગામ **કોટડા** પધાર્યા. ને પૂતળીબાઈને ઘેર થાળ જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ધાર(ડુંગરાળ પ્રદેશ) ઉપર પથ્થરની શિલા હતી, તેના ઉપર બિરાજ્યા. તે શિલા મંદિરમાં ઓટો કરીને મેલી છે. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **રાયપર** આવ્યા. ને રાજગર ત્રિકમ તથા અરજણ તેમને ઘેર પધાર્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાં એક રાત રહીને ગામ **ખંભાળે** પધાર્યા. ને મોકા ખાચરને ઘેર થાળ જમ્યા. ને સભા કરીને બિરાજ્યા. પછી પોઢ્યા ને જાગ્યા ને બોલ્યા જે, "ઘોડે પલાણ માંડો." ત્યારે મોકા ખાચર બોલ્યા જે, "છાશ પીને ચાલજો." પછી મહારાજ બોલ્યા જે, 'ઠીક.' પછી ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **ગઢડે** એભલ ખાચરના દરબારમાં પધાર્યા. અને મહારાજે કરુણાની દૃષ્ટિએ કરીને દરબારની જગ્યા જોઈ ને બહુ રાજી થયા.

❊ બોટાદમાં કાઠીઓએ વિસામણ સામે શ્રીહરિનો પક્ષ રાખ્યો :

પછી ત્યાં પંદર દિવસ રહીને ચાલ્યા તે ગામ **બોટાદ**માં વાજતે ગાજતે સોમલા ખાચરના દરબારમાં પધાર્યા. અને થાળ થયો તે જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી પોઢ્યા ને જાગીને દાતણ કર્યું. ને સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજે વાત કરી જે, "કર્મ પોતાની મેળે

ખપાવીને કેવળીક થતા હશે, તે કેવી રીતે થતા હશે ? માટે એ માર્ગ તો ખોટો છે ને શાસ્ત્ર બહારનો માર્ગ છે." એમ વાત કરી રહ્યા ને મહારાજ થાળ જમીને પોઢ્યા.

પછી જાગ્યા ને જળના કોગળા કરીને જળપાન કર્યું. પછી આરતીધૂન કરી સભા કરીને બિરાજ્યા. અને સર્વે કાઠીનો ડાયરો બેઠો. તે દાદા ખાચર, સોમલા ખાચર, રાઠોડ ધાધલ, હમીર ખાચર, દાહા ખાચર, સુરા ખાચર, ઓઢા માલો, અલૈયા ખાચર, કાળા ખાચર, હાથિયા ખાચર, ડોસા ખાચર, માણસિયા ખાચર, નાથા ખાચર, કૂપા ખાચર, કાંધા ખાચર, લુણિયલ ધાધલ, માતરો ધાધલ, ગોદડ ધાધલ, મૂળુ ખાચર, જીવા ખાચર, નાજા ખાચર, નાજા જોગિયા, કાળુ મકવાણા, વેલા ખાચર, માતરા ખાચર, વસ્તા ખાચર, માંચા ખાચર, ઘેલો હાલીકો, જેઠસુર ખાચર, જીવણો ધાધલ, મોકા ખાચર એ આદિ સર્વે ગામોગામના ગલઢેરા(આગેવાન) કાઠી મહારાજ પાસે બેઠા હતા.

તે સમે અલૈયા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! વિસામણ ને એનો ગુરુ લાલદાસ આવ્યો છે. તે કાના પટેલના ફળીમાં સભા કરીને બેઠો છે. જો મહારાજ તમે ભણો(કહો) તો અમે જઈએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે કોઈ સખણા નહીં રહો." ત્યારે સર્વે કાઠી બોલ્યા જે, "એમનું જ્ઞાન સાંભળવુ છે." ત્યારે મહારાજ કહે, "જાઓ."

ત્યારે સર્વે કાઠી ને બીજા મનુષ્ય પણ ભેળા ચાલ્યા. તે જ્યારે ગયા ત્યારે સભા ઊભી થઈ ને રૂડી રીતે આવકાર દીધો. ત્યારે સર્વે બેઠા. પછી ઘડીક થઈ ત્યારે વિસામણે હાથનો પોંચો ઉપાડ્યો. ત્યારે એના પંથના હતા જે તે બોલ્યા, "આપા, આ કાણું(શું) ?" ત્યારે દૈત્યાંશ બોલ્યો જે, "બે સંપીને આવ્યા છે, તેને મારે કાઢવા છે. એક તો અંગ્રેજ ને બીજા..." જ્યાં આપણું નામ લેવા જાય, ત્યાં તો ગોદડ ધાધલ ઊઠતાંક ખાટલા ઉપર બેઠોતો જે લાલદાસ તેને જઈને પાટુ મારીને

હેઠો પાડ્યો. પછી સુરા ખાચર ને અલૈયા ખાચર તેમણે પાટુ મારી મારીને લાલદાસને મુવા જેવો કર્યો. અને વિસામણ જે ભાગ્યો તે છેટે જાતો રહ્યો ને બોલ્યો જે, "ત્રણ દિવસમાં અલૈયાને ને સુરાને (ઝપટમાં) લઈશ." ત્યારે તે સર્વે હરિજન બોલ્યા જે, "અત્યારે જ ભણે, લે."

પછી બીજા નિવારણિયાં(વારનારા) મનુષ્ય (વચ્ચે) પડ્યાં. તેની ખબર મહારાજ પાસે આવી. પછી સર્વે હરિભક્ત મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે કહેતા'તા જે તમે બોલ્યા વિના નહીં રહો." ત્યારે કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! એ તમારું ઘસાતું બોલે ત્યારે અમારાથી કેમ ખમાય ? પછી (અમે) ઊઠીને તેનો ગુરુ જે લાલદાસ હતો, તેને ચારપાંચ પાટુ મારી. ત્યારે દૈત્યાંશ એમ ભણ્યો જે, 'મારા ગુરુને જેણે માર્યો તેને બે દિવસમાં લઈશ." પછી તે વાત સાંભળીને મહારાજ બોલ્યા જે, "પાંચ વર્ષ સુધી તો અમે તમને કાંઈ થાવા દેશું નહીં." પછી ત્રીજે દહાડે (કોઈકે) લાલદાસને લીધો, એટલે લાલદાસ મરી ગયો.

❊ સારંગપુરની સીમમાં જમ ન આવવાનો વર :

પછી મહારાજ બોલ્યા જે, "ચાલો, ઘોડા સાબદા કરો." પછી મહારાજ ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **સારંગપુર**માં પધાર્યા. ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી સભા કરીને બિરાજમાન થયા અને પરમહંસને ઘૂંઘટાનું વર્તમાન હતું, તે એક જણ દોરે ને બીજા સર્વે વાંસે ચાલે. જેમ નાર, બકરીઓ, છોકરાં કરે તેમ સર્વે ચાલે એવું પ્રકરણ હતું.

પછી શ્રીજીમહારાજ કહે, "ઘોડે પલાણ માંડો ને સર્વે તૈયાર થઈને ચાલો." ત્યારે સર્વે તૈયાર થઈને ચાલ્યા. પછી મહારાજ કહે, "તમારામાં ભારે અસવાર કોણ ?" ત્યારે સર્વે બોલ્યા જે, 'વસ્તા ખાચર' ત્યારે મહારાજ કહે, "વસ્તા ખાચર, ઘોડી ફેરવો જોઈએ." પછી તે કહે, "સારું મહારાજ." પછી ઘોડી ફેરવીને વાજમાં(વેગમાં) મેલી.

પછી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ કહે, "માગો." ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! અમારા ગામમાં જમ ન આવે." ત્યારે જીવા ખાચર બોલ્યા જે, "વસ્તા, તુને બોલતાં ન આવડ્યું. મહારાજને ઈમ ભણ(કહે) જે, આપણી સીમમાં જમ ન આવે."

ત્યારે **વસ્તા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! હું તો બોલતાં ભૂલી ગયો જે,** અમણા(અમારા) **સીમાડામાં જમ ન આવે. કેમ જે, અમે તો ક્ષત્રિય, તે ગામને સીમાડે મરીએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઠીક, એ વર આપ્યો."** પછી રવાજ ને કાંસિયાં લઈને આગળ રાવળ ગાતા જાય છે ને કાઠી સર્વે ભેળા છે. એવી રીતે વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. અને દેશદેશના હરિભક્ત તથા પરમહંસ તે મહારાજને દર્શને આવતા. અને મહારાજ નદીએ ના'વા જતા. એવી રીતે ત્યાં બે માસ રહ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ગુજરાત, કચ્છ, હાલાર ને સોરઠમાં વિચરણ તથા ધોરાજીમાં ફૂલડોલનો ઉત્સવ' એ નામે સત્તરમો વિશ્રામ ॥૧૭॥

વિશ્રામ - ૧૮

જેતલપુરમાં યજ્ઞ, ગઢડાની લીલા તથા સલકીમાં ચોરાશી

❊ સારંગપુરથી મહારુદ્ર કરવા જેતલપુર પધાર્યા :

પછી એક દિવસ શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આપણે મહારુદ્ર કરવો છે. તે એવું કયું ગામ છે ?" ત્યારે સંત બોલ્યા જે, "એવું ગામ તો જેતલપુર છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આપણે જે દિવસ જગન કર્યો તે દિવસ દેવીપૂજાની વાત કરી હતી. તેને સાંભળીને વામી બળી ઊઠ્યા છે. તે કાંઈ વિઘન કર્યા વિના નહીં રહે." ત્યારે સંત બોલ્યા જે, "બ્રાહ્મણ પોતાના જમ્યામાં કેમ વિઘન કરશે ?" ત્યારે મહારાજ કહે, "ઠીક ત્યારે, પત્ર લખી મોકલો જે જગનની સામગ્રી તૈયાર કરજો અને અમે પણ આવીએ છીએ." પછી જેતલપુરમાં જગનની સામગ્રી તૈયાર કરી.

પછી મહારાજ ત્યાંથી તૈયાર થઈને ચાલ્યા, તે કાઠીઓના અસવાર સો સવાસો ભેળા છે અને ભગુજી આદિ સર્વે સરબંધી પાળા મહારાજની સાથે છે. એવી રીતે તડેમકોડે(ખુબ ઝડપથી) ચાલ્યા, તે ગામ **રોજકે** આવ્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **બળોલ** આવ્યા. અને ત્યાંથી ગામ **જવારજ** આવ્યા અને ભાટવાડામાં ઊતર્યા. ને આધાર આદિ જે સર્વે ભાટ તેમણે રૂડી રીતે મહારાજનું સન્માન કર્યું. અને મુળજી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા અને સર્વે હરિજનને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **કોઠ** સોંસરા થઈને ગામથી ઉત્તરે તળાવ છે, તેની પાસે ઊભા રહ્યા. ને એ જગ્યાને સર્વે જોઈને ચાલ્યા, તે શહેર **ધોળકે** પધાર્યા. અને ગામથી ઉત્તરમાં કૂવો છે ને જ્યાં હમણાં બેઠક કરી છે, તે ઠેકાણે ઊતર્યા. ને હરિભક્તે રૂડી રીતે સન્માન કર્યું. મહારાજને સારુ થાળ થયો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી જાગ્યા ને દાતણ કરીને ઘોડીએ અસ્વાર થઈને ચાલ્યા, તે નદી સાબરમતીએ આવ્યા. ને પોષાક ઉતારીને એક વસ્ત્ર પહેરીને નાહ્યા ને કાઠીએ ઘોડાં નવડાવ્યાં ને સર્વે નાહ્યા. પછી મહારાજે ટીમણ કર્યું ને સર્વે કાઠી, પાળા તેમણે ટીમણ કર્યાં. ને સાબદા થઈને ચાલ્યા તે ગામ **વસઈ** થઈને **જેતલપુર**માં આવ્યા. ગામના હરિભક્તોએ રૂડી રીતે સામૈયું કર્યું. ને ગાજતે વાજતે ગામમાં પધાર્યા.

❊ જેતલપુરમાં યજ્ઞનો પ્રારંભ :

પછી જગનની સર્વે સામગ્રી ગઢમાં હતી, તેને જોઈને મહારાજ બોલ્યા જે, 'ઠીક છે.' પછી બ્રાહ્મણોને તેડાવ્યા. ને ગઢમાં રસોઈ થતી. ને જ્યાં હમણાં છત્રી કરી છે ને હનુમાનજી પધરાવ્યા છે, ત્યાં મહારાજ બેસતા. ને તેની પાસે જે જગનનો કુંડ છે, ત્યાં જગન થાય છે ને હોમ કરે છે; એમ દિન દસ લગી બ્રાહ્મણ જમ્યા.

❊ ચલોડામાં હરિભક્તોને શ્રીહરિનો ઉપદેશ :

પછી મહારાજ બોલ્યા જે, "અમારે **ચલોડા** ગામ જવું છે. તે કાઠીને ભેળા લઈ જાશું. ત્યાં જીતબાઈ રામાનંદસ્વામીનાં સત્સંગી હતાં. તે બાઈએ રામાનંદસ્વામીને હાથ જોડીને એમ કહ્યું જે, 'હે મહારાજ ! મારું ખરચ કોણ કરશે ?' ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, 'અમે કરશું.' તે બાઈને અમારે દર્શન દેવા જાવું છે. માટે સરબંધી કોઈ અમારા ભેગા આવશો નહીં. અને ગઢ વચ્ચે ને ગામ વચ્ચે કોઈ અસવારને નીસરવા દેશો નહીં. એમ કહીને મહારાજ પોઢ્યા.

અને સવારે તૈયાર થઈને ચાલ્યા, તે ગામ **ચલોડા** પધાર્યા. અને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. ને વાજતે ગાજતે માઢમાં પધાર્યા. અને ત્યાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી મહારાજે સર્વે અમીન આગળ વાત કરી જે, **"મનુષ્યદેહ દેવતાને પણ દુર્લભ છે, તે આજ આપણને પ્રાપ્ત**

થયો છે. તે માટે જેવી રીતે પરમેશ્વરે વર્ણાશ્રમના ધર્મ બાંધ્યા છે, તે પ્રમાણે સૌને પોતાના ધર્મમાં રહીને પરમેશ્વરને ભજવા. અને વળી ભગવાનના અવતાર પણ આ પૃથ્વીને વિશે જુગજુગ પ્રત્યે થાય છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे।' તેનો અર્થ છે જે, હે અર્જુન ! હું ધર્મનું સ્થાપન કરવાને સારુ જુગ જુગમાં અવતાર ધરું છું. માટે એવા **ભગવાન કે તેના મળેલા સંત તે જ કલ્યાણના કરનારા છે અને તે વિના કોઈ પ્રકારે જીવનો મોક્ષ થાતો નથી."** એ પ્રકારની ઘણી વાત કરી.

પછી મહારાજ બોલ્યા જે, "હવે ચાલો, તૈયાર થાઓ." ત્યારે સર્વે સભા બેઠી હતી, તે હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! આજ તો દયા કરીને દર્શન આપો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે **જેતલપુર**માં જગન થાય છે અને ત્યાં દેશ દેશના હરિભક્ત આવનાર છે. તે દેશકાળ (ત્યાં) કેમ છે ? કેમ નહીં ? માટે નહીં રહેવાય." એમ કહીને તૈયાર થયા.

❋ જેતલપુરમાં યજ્ઞ બંધ રખાવ્યો :

હવે અહીં વામી જે પ્રથમના બળી રહ્યા હતા, તેમણે શ્રીનગરમાં સરકારને એવું કહ્યું જે, "આ સ્વામિનારાયણ જગન કરે છે, તેથી તમારા રાજનું તેજ ઘટે છે. અને પ્રથમ જગન કર્યો તેથી તમારા બાપ મૂઆ અને હમણાં જેતલપુરમાં જગન કરવા માંડ્યો છે, તેનો તમારા ઉપર ભાર છે. માટે એનો જગન પૂરો ન થાવા દેવો જોઈએ."

ત્યારે તે સરકાર બોલ્યા જે, "પાંચસે અસવાર જઈને સ્વામિનારાયણને બોલાવી લાવો." ત્યારે સવારમાં અસવાર આવ્યા. તે સાંભળીને ગામના પટેલ સામા ગયા. ત્યારે તે સિપાઈ બોલ્યા જે, "સ્વામિનારાયણ કહાં હૈ ?" ત્યારે પટેલ બોલ્યા જે, "ચલોડે ગયા છે." ત્યારે તે બોલ્યા જે, "તમે સંતાડ્યા છે." ત્યારે પટેલ બોલ્યા જે,

"ગઢમાં પાંચસે બરકમદાર છે, ને ગઢ એમને હાથ છે. માટે જોવું હોય તો જુઓ." પછી તે સાંભળીને ખડ ખાઈને પાછા વળી ગયા.

ત્યાર કેડે મહારાજ **જેતલપુર** પધાર્યા. અને તે વાત સર્વે હરિભક્તે કહી દેખાડી. ત્યારે મહારાજ બોલ્યા જે, "સરકારને ન ગમે ત્યારે આપણે જગન કરવાનું શું કામ છે ?" પછી મહારાજે મુક્તાનંદસ્વામીને તથા શેઠ મુળજી ને નાનાભાઈને એમ કહ્યું જે, "આ જગનની જે સામગ્રી છે, તે સર્વે હરિભક્તને જમાડો ને સર્વ ગામને જમાડો અને મારવાડી મઉને જમાડીને પાંચ પાંચ હાથ લૂગડું આપો." એમ કહીને કાઠીઓને પણ રજા આપી.

❊ વહેલાલમાં અઢાર ઘેર લાડુ જમ્યા :

પછી મહારાજ થાળ જમ્યા અને ઘોડીએ અસવાર થઈને પાળાને સાથે લઈને ચાલ્યા તે વાજતે ગાજતે **વહેલાલ જેસંગભાઈ**ને ઘેર પધાર્યા. અને વખતબાઈએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને જમીને પોઢ્યા. પછી સવારે જાગીને દાતણ કર્યું. ને સ્નાન કરીને નિત્યવિધિ કર્યો. પછી મહારાજ એમ બોલ્યા જે, "હરિભક્તને ઘરોઘર થાળ કરાવો અને તે થાળમાં દળના લાડુ કરાવજો."

પછી સર્વે હરિભક્તને ઘેર થાળ કર્યા. તેમાં પ્રથમ જેસંગભાઈને ઘેર એક લાડુ જમ્યા. ને એ જ રીતે અઢાર ઠેકાણે મહારાજ થાળ જમ્યા. અને જમતા જાય ને એમ બોલતા જાય જે, "જેસંગભાઈ ! લાડુ બહુ મોટા છે." ત્યારે જેસંગભાઈ બોલ્યા જે, "પાટીદારને નાનો લાડુ ન મેલાય, ને મેલીએ તો અમારી લાજ જાય." પછી મહારાજ જમીને ઊતારે પધાર્યા ને વખતબાને કહે, "અમે તો ભૂખ્યા છીએ." ત્યારે વખતબા કહે, "મહારાજ ! તમે કહો તો રસોઈ કરાવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "બાજરીનો રોટલો ને તાંદળજાની ભાજી કરાવો." પછી બાઈએ રસોઈ કરાવી, તે મહારાજ જમ્યા ને પોઢ્યા.

પછી જાગ્યા ને સભા કરીને બિરાજમાન થયા. અને શાસ્ત્રમાં એવી વાત છે જે, દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમ્યા, એ વાત સાચી છે. અને આ વાત તો નજરની દીઠેલી છે. અને વળી એક ફેરો ગામ વડતાલમાં દેશદેશના હરિભક્ત આવ્યા હતા. તેમણે સર્વેએ થાળ કર્યા, તે જમ્યા હતા. તે વાત પછી કરીશું.

❊ વહેલાલથી વિચરણ કરતા ગઢડા પધાર્યા :

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **સલકી** પધાર્યા. અને જ્યાં હમણાં બેઠક કરી છે, તે બેઠકના ઉપર પથ્થરની શિલા છે. તેના ઉપર બેસીને નાહ્યા છે. તે ઠેકાણે ઢોલિયો ઢળાવીને સભા કરીને બિરાજમાન થયા. પછી જેરામ બ્રહ્મચારીએ થાળ કર્યો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી એને એ જ ઠેકાણે પોઢ્યા ને પછી જાગ્યા. પછી નદીએ પધાર્યા ને દાતણ કરીને જે બેઠક ઉપર શિલા છે, તેના ઉપર બેસીને નાહ્યા. નાહીને વસ્ત્ર પહેર્યાં અને નાહેલું જે વસ્ત્ર હતું, તે દયાળજી પગીને આપ્યું. પછી ગામમાં પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે **પ્રાંતિજ** પધાર્યા. ત્યાં એક રાત રહીને બીજે દિવસ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ચાલ્યા તે ગામ **વિજાપુર** ગયા ને **વજીબા**ને ઘેર પધાર્યા. અને નાનાભાઈએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી જાગ્યા ને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. પછી મકાઈના ડોડા લાવ્યા, તેને શેકીને મહારાજને જમાડ્યા. ને પછી સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામોગામના હરિભક્તને દર્શન દેતાં દેતાં ગામ **મેથાણ** પધાર્યા. ત્યાં **પૂજાભાઈ**ને ઘેર ઊતર્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. પછી જાગ્યા ને જળપાન કરીને ચાલ્યા, તે જ્યાં હમણાં બેઠક છે, ત્યાં સભા કરીને બેઠા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામોગામ દર્શન દેતા થકા ગામ **હળવદ** પધાર્યા. ને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું ને ઘેર પધરાવ્યા. પછી સભા કરીને બેઠા ને કીર્તન ગવરાવ્યાં. ને થાળ થયો તે જમ્યા. અને **શંભુરામ શુક્લ**ને ઘેર પોઢ્યા ને જાગ્યા. જાગીને પછી મહારાજ બોલ્યા જે, "ચાલો તળાવે." પછી તળાવે પધાર્યા ને હમણાં જ્યાં બેઠક છે, ત્યાં સભા કરીને બિરાજ્યા. પછી તળાવમાં નાહ્યા ને નાહીને હરિભક્તોએ ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં. ને ફૂલના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ તે પહેરાવ્યા. પછી ઘોડીએ અસ્વાર થયા ને ગામમાં પધાર્યા. ને હરિભક્તને ઘેર થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે રણના કાંઠે રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભચાઉ** પધાર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **આધોઈ** ગયા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે **ભુજનગર** પધાર્યા. ને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. ને **હીરજીભાઈ**ને ઘેર ત્રણ દિવસ રહીને ચાલ્યા, તે ગામ **રામપર** ગયા. ત્યાં પાંચ દિવસ રહ્યા. ને થાળ જમીને ઘોડીએ અસવાર થઈને ગામની ઉગમણી કોરે છેટે ના'વા જતા. એવી રીતે ત્યાં થોડા દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામોગામ હરિજનને દર્શન દેતા થકા ને આનંદ ઉપજાવતા થકા શહેર **માંડવી** પધાર્યા. ત્યાં ગામથી ઉત્તરે બેઠક છે, ત્યાં મહારાજ સભા કરીને બિરાજ્યા. ને ત્યાં થાળ જમ્યા ને પોઢ્યા. પછી જાગીને ચાલ્યા તે વહાણે બેસીને **નવાનગર** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે **અલૈયે મોડે** પધાર્યા.

ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામોગામના હરિજનને દર્શન દેતા થકા પંચાલ દેશમાં **ગઢડા** પધાર્યા. ને મહારાજ આવીને ઘેલાને કાંઠે બેઠા અને કાળા મકવાણાને કહ્યું જે, "તમે દરબારમાં જઈને બાઈઓને ખબર કરો." ત્યારે એભલ ખાચર ડેલીએ બેઠા હતા. તેમને આવીને કાળા મકવાણે રામ રામ કર્યા. ત્યારે એભલ ખાચર બોલ્યા જે, "મહારાજની

કાંઈ ખબર છે ?" ત્યારે કાળા મકવાણા કહે, "ભણે, થોડા થોડા વાવડ સાંભળ્યા." ત્યારે એભલ ખાચર કહે, "જા, દરબારમાં જઈને રોંઢો કર."

પછી દરબારમાં જઈને બાઈઓને ખબર કરી. ત્યારે બાઈઓ પાણીનાં બેડાં લઈને ગાતાં ગાતાં ચાલ્યાં. ત્યારે મહારાજ ઘેલામાં બિરાજે, તે સર્વે બાઈઓએ દર્શન કર્યાં. ને મહારાજે આવકાર દીધો. પછી પાણીનાં બેડાં માથે લીધાં ને સર્વે ચાલ્યાં, તે ગાતાં ગાતાં એભલ ખાચરના દરબારમાં પધાર્યાં. તેના ઉપર બ્રહ્માનંદસ્વામીનાં પદ છે જે,

એક દિન વૃંદાવન આવી રે, કૌતક કીધું કાનુડે૦
સૌ સખીઓને બોલાવી રે, કૌ...ટેક.
બે ગ્વાલા સાથે હુંતા રે..કૌ૦ ત્યાં ખબર લઈને પો'તા રે..કૌ૦ ૧
કહ્યું એક સખીને છાનું રે.. કૌ૦ લઈ જાઓ તમારું બા'નું રે..કૌ૦ ૨
સુણી સખીઓ આનંદ પામી રે..કૌ૦ તેડ્યા બ્રહ્માનંદને સ્વામી રે..કૌ૦ ૩

તથા બીજુ પદ જે,

પે'ર્યો ઘાઘરડો ઘેરાળો રે, ગોપી બનિયાં ગિરધારી૦

એ આદિ પદ છે. અને જે બે ગ્વાલા કહ્યા તેમાં એક તો મોટા કરીમભાઈ ને બીજા નાજો જોગિયો. એ બે મહારાજ ભેળા હતા. મહારાજ દરબારમાં પધાર્યા ત્યારે તેને આજ્ઞા કરી, તે ઘેલેથી પાછા વળ્યા. એવી રીતે ભક્તજનને સુખ આપતા થકા એભલ ખાચરના દરબારમાં બિરાજ્યા.

❊ વિવિધ પ્રકરણોમાં સંતો અલમસ્ત થકા ભજન કરતા :

અને પરમહંસને કેટલાંક વર્ષ **ઘૂંઘટાનું** વર્તમાન રહ્યું અને કેટલાક વરસ 'દિવસે ગામમાં ભેળા રહીને હરિજન આગળ વાત કરવી ને આરતી-ધૂન, કથાવાર્તા કરીને ગામ બહાર વગડામાં જ્યાં મનુષ્યનો તથા **શ્વાનનો શબ્દ ન સંભળાય ત્યાં એક એકને રહેવું,** પછી જ્યારે દિવસ

ઊગે ત્યારે ભેળા થવું' એ વર્તમાન રહ્યું. એવી રીતે સંતને આજ્ઞામાં રાખ્યા. અને ભજનમાં બેસવું ત્યારે **આંખનું મટકું ન મારવું,** એવું પ્રકરણ થોડાક દિવસ રહ્યું. એના ઉપર સાખી છે જે,

બાયુંએ આસન જીત્યો, સાધુએ જીત્યો મટકો;
દયાનંદ કહે દેહ નહીં, તેને શો ખટકો ?

પછી મહારાજે સર્વે પરમહંસને **ખટરસના** વર્તમાનની આજ્ઞા કરી જે, "શેરડી તથા દૂધમાંથી જે નીપજે એ આદિ રસમાત્રનો ત્યાગ કરવો." એવી રીતે ઘણાંક વર્ષ વર્તમાન રહ્યાં. અને સંતો કેવા ! તો અલમસ્ત થકા મહારાજની મૂર્તિનું ધ્યાન કર્યા કરે, ને ભગવાને જે જે સમૈયા કરીને જે જે લીલા કરી હોય તે તે લીલા સંભાર્યા કરે ને આનંદમાં રહે.

(વળી મહારાજે આજ્ઞા કરી જે,) "અને પરમહંસ મધ્યાહ્ન સમયે ત્રણ વર્ણની ભિક્ષા માગવા જાય. તેમાં દાણા, ડાંગર, ગવાર તેને કાઢવો નહીં અને ટૂકડા લાવે તે ભેળા ચોળી ચોળીને ગોળા વાળીને જમે. અને કેરી, રાયણું, કોઠાં, સીતાફળ ઝોળીમાં આવે, તેને ગોળા ભેળાં માંહી નાંખીને જળ નાંખીને ગોળા હાથમાં લઈને જમે. તે પણ એક જ ટંક. માંદાને પણ ગોળો જમવો. અને એક કંથા, ને એક કોપીન ઉપર પહેરવાનો અઢી હાથનો હજૂરિયો, ને બહિર્વાસ, ને ટૂકડા માગવાને એક ઝોળી; એટલાં વસ્ત્ર રાખવાં. એક કંથા સીવવાને સોય ને કલમ કરવાને ચાકુ અને કાગળ કાતરવાને સારુ કાતર; એ રાખવાં. ને પગમાં પગરખાં પહેરવા નહીં. ને તિલક, કંઠી ને ચોટી રાખવા નહીં. અને જમ્યા પછી જો કેરી, કોઠાં, રાયણું એ આદિ ફળ આવે તો જમવાં નહીં. અને સપ્ત ધાતુને પણ અડાય નહીં. અને નિત્ય એક જણને વર્તમાન ધરાવીને પછી જમવું."

ત્યારે સંતો હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! જે મનુષ્ય અમને ગામમાં પેસવા ન દે, તેને અમે શી રીતે વર્તમાન ધરાવીએ ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, “દરેક ઝાડ તથા પશુ તેની આગળ વાત કરવી જે, પૂર્વ જન્મમાં તમે મનુષ્ય હતા, ત્યારે તમે ભગવાનને ન ભજ્યા ને પ્રગટ પ્રમાણ ભજન ન કર્યું, તેથી તમને પશુ, ઝાડ આદિક અવતાર આવ્યા છે.’ એમ વાત કરીને કહેવું જે, ‘તન, મન, ધન ને અનેક જન્મનાં કર્મ તે સ્વામિનારાયણના ચરણે.’ એવી રીતે કહીને જળ છાંટવું.

અને મધ્યાહ્ન સમયે ઝોળી માગવા બે જણને જાવું. અને ફળીમાં ઊભા રહીને ‘નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !’ એવી રીતે ઊંચે સ્વરે કરીને માંગવું. ને ગામમાંથી કોઈક કાઢી મેલે તોય તે ગામમાં ફરીથી જાવું, ને ઝોળી માંગીને જમવું. એમ અમારી આજ્ઞા છે.” પછી સર્વે સંત રાજી થયા.

✲ ગામ સલકીમાં ચોરાસી કરી :

હવે એક વાત રહી ગઈ છે તે કહીએ છીએ. શ્રીજીમહારાજ જ્યારે **સલકી** પધાર્યા, ને પગી દયાળજીના ફળીમાં સભા કરીને બિરાજમાન થયા, ત્યારે મહારાજ બોલ્યા જે, “નાનાભાઈ, આપણે **નાંદોલ**ના બ્રાહ્મણોની ચોરાશી કરીએ.” ત્યારે નાનાભાઈ ઊભા થઈને હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! બહુ સારું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “જાઓ, આપો નોતરાં.” અને મુળજી બ્રહ્મચારીને તથા જેરામ બ્રહ્મચારીને કહ્યું જે, “તમે સર્વે સામાન તૈયાર કરવા માંડો.”

પછી નાનાભાઈ નાંદોલ ગયા ને બ્રાહ્મણોને કહ્યું જે, “ગામ સલકીમાં સ્વામિનારાયણ ચોરાશી કરે છે. તેથી સર્વે બાઈભાઈ જમવા આવજો.” ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, “સારું, જમવા આવશું.” ત્યારે નાનાભાઈએ મહારાજને સંભળાવ્યું.ત્યારે મહારાજ બોલ્યા જે, “લાપસી રંધાવો ને ઉપરથી ધારે ઘી ફેરવાશે.”

પછી હજાર બ્રાહ્મણો જમે એટલી રસોઈ કરાવી. અને રસોઈ તૈયાર થઈ ત્યારે બ્રાહ્મણોને બોલાવવા ગયા. ત્યારે ના પાડી, ને કહ્યું

જે, “સ્વામિનારાયણનું દૂધ(જાત) કોણ છે ? તે બતાવો તો જમવા આવીએ.” તે વાત આવીને નાનાભાઈએ મહારાજને સંભળાવી. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારે દૂધનું શું કામ છે ? જમવું હોય તો જમો.” ત્યારે બ્રાહ્મણોએ ના પાડી, તે મહારાજને કહ્યું. ત્યારે મહારાજ કહે, “બ્રહ્મ ચિહ્ને સો(પરબ્રહ્મને ઓળખે તે) બ્રાહ્મણ.” પછી મહારાજે દયાળજીને કહ્યું જે, “તમારા બાપનું ખરચ કરીએ.” ત્યારે દયાળજી બોલ્યા જે, “બહુ સારું.”

પછી મહારાજ બોલ્યા જે, “મુળજી બ્રહ્મચારી ! લાપસીમાં ઘી ભેળવો ને સર્વે ગામનાં મનુષ્ય તથા બીજા સર્વે મુવાડાનાં(બાજુના નાના ગામડાંના) મનુષ્ય તેમને તેડાવીને સર્વેને તગારાં ભરી ભરીને આપો.” પછી જે ચારેય કોરથી આવવા માંડ્યા, તે સર્વને પંગતે બેસાડીને જમાડ્યા. તે જમી જમીને વાસણ ભરી ભરીને ઘેર લઈ જાય, ને સ્વામિનારાયણની જય બોલતા જાય. જેમ મહારાજે એકાશિયામાં ગામ ગઢડું એક પહોરવારમાં જમાડ્યું અને જેમ ગામ પંચાળું જમાડ્યું અને જેમ અમદાવાદની ચોરાશી કાંકરિયા તળાવ ઉપર કરાવી, તે જ પ્રમાણે આ સર્વે મુવાડા જમાડ્યા. તેથી સર્વે રાજી થયાં. તે ઉપર સાખી છે જે,

“મત દીધે માને નહીં, કુમતે મન કોળાય;
આવેલ અવળે અક્ષરે, તે સવળો કેમ સેવાય ?”[1]

ત્યાં શ્લોક : “न जारजातस्य ललाटश्रृंगं, कुलप्रसुतेर्न च पाणिपद्मम्।”[2]

૧. અર્થાત્ યોગ્ય બાબત કહીએ તેમાં માને નહીં, સારા સંપ્રદાયને ઓળખીને માને નહીં અને અયોગ્ય મતમાં મન બહુ રાજી થાય તે જીવો જ પોતાના કપાળમાં ઊંધા અક્ષરનો લેખ લખાવીને આવ્યા હોય છે. તેથી સવળો સંપ્રદાય તેનાથી ક્યાંથી સેવાય? સ્વીકારાય ? ભાવાર્થ એવો લાગે છે કે, આ બધા લોકોને ખૂબ જમાડ્યા, પણ કોઈએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકારીને સેવ્યો નહીં.

૨. નીચ કુળમાં જન્મેલા માણસના કપાળે કાંઈ શીંગડું નથી હોતું અને ઉચ્ચકુળમાં જન્મેલાના હાથમાં કાંઈ પદ્મ નથી હોતું. જેની સમજણ સારી તે શ્રેષ્ઠ.

એવી રીત અનાદિ કાળની ચાલી આવે છે. અને મથુરાના બ્રાહ્મણ જેને સારુ જગન કરતા હતા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેમણે જ્યારે ગોવાળિયાને ભાત લેવા મોકલ્યા ત્યારે હા પણ ન પાડી, ને ના પણ ન પાડી. એમ જ જુગ જુગ પ્રત્યે થાય છે. ત્યાં સાખી છે જે,

“પ્રગટ હોય ત્યારે કોઈ ના જાણે, એ રમાપતિની રીત;
હરિકૃપાથી હરિજન જાણે, ને જગત આંધળું ભીંત.
જગત આંધળું ભીંત તે કેવું, ને ઊલટી નિંદા કરવા માંડે તેવું;
કહે ગોવિંદરામ પછી સૌ વખાણે, પ્રગટ હોય તે દી કોઈ ન જાણે,
એ રમાપતિની રીત.”

એ વાત રહી ગઈ હતી તે કહી.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘જેતલપુરમાં યજ્ઞ, ગઢડાની લીલા તથા સલકીમાં ચોરાશી,’ એ નામે અઢારમો વિશ્રામ ॥૧૮॥

વિશ્રામ - ૧૯

ડભાણમાં મહાવિષ્ણુયાગ કર્યો.

❊ ગઢડાથી વિચરણ કરતા ઘોડાસર પધાર્યા :

પછી ગઢડાથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ફરતાં ફરતાં સર્વે હરિજનને દર્શન દેતા થકા ગામ **હાથરોલી** પધાર્યા. અને **ભગુ ખાંટ**ને ઘેર ઊતર્યા. ને ફળીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને મુળજી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે જમીને મહારાજ પોઢ્યા. અને ગામ **ડભાણ**માં જગનની સામગ્રી કરવા સારુ આનંદસ્વામી, જેરામ બ્રહ્મચારી ને નાનાભાઈ એ ત્રણને આગળથી મોકલ્યા હતા. પછી મહારાજ જાગ્યા ને પાળાને કહે, “થાઓ તૈયાર.” ત્યારે ગામના હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! જમીને પધારજો.” ત્યારે મહારાજ થાળ જમ્યા ને સર્વે પાળાને જમાડ્યા.

પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ઘોડાસર** પધાર્યા. અને **જાલમસંગ**ને ખબર થઈ જે, સ્વામિનારાયણ આવે છે. તેથી સામૈયું કર્યું. અને ત્રાંસા, ઢોલ, શરણાઈ વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે વાજતે ગાજતે મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા. અને ઢોલિયો ઢળાવ્યો ને તેના ઉપર ભારે તળાઈ બિછાવીને મહારાજને બેસાડ્યા અને દરબાર પાસે બેઠા. પછી રસોઈનો સામાન મંગાવ્યો ને બ્રહ્મચારીએ રસોઈ કરાવી. ને મહારાજ જમ્યા ને સર્વે પાળા તથા હરિજનને જમાડ્યા. પછી મહારાજ કહે, “હવે ચાલો.” ત્યારે દરબાર બોલ્યા જે, “મહારાજ ! મારું શહેર પાવન કરો ને આવાં ને આવાં સર્વેને દર્શન દ્યો.”

પછી પાલખી મંગાવીને મહારાજને બેસાડ્યા અને પોતે જાલમસંગે પાલખી ઉપાડી. અને ચાલ્યા ત્યારે મહારાજ કહે, “તમે રહેવા દ્યો.” ત્યારે ભોઈએ(પાલખી ઉપાડવાનો ધંધો કરનારે) ઉપાડી ને પોતે દરબાર સાથે ચાલ્યા. અને બેય કોર ચમર થઈ રહ્યાં છે; ને ત્રાંસાં, ઢોલ ને

શરણાઈઓ વાગી રહ્યાં છે; એવી રીતની શોભાએ સહિત ગામની બજારમાં થઈને ગામ બહાર પધાર્યા.

પછી મહારાજ જાલમસંગ પ્રત્યે બોલ્યા જે, "ગામ ડભાણે જગન કરવો છે, તે તમે ચાલો. અને અમે જેતલપુર જગન કરતા હતા, તે સરકારને ન ગમ્યું. ને રાજા હોય તેને કાન હોય પણ પૂર્વાપરનો તપાસ ન હોય અને વામીએ જેમ કહ્યું તેમ કર્યું." તે વાત સાંભળીને જાલમસંગ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો લાખ કામઠી(ધનુર્ધારી ભીલ) લઈને આવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં તમે થોડાંઘણાં મનુષ્ય લઈને અમારી સાથે ચાલો અને બીજા કાઠીના અસવાર આવશે. અને કામ પડે તો બીજાને બોલાવજો."

પછી તેમણે સહિત મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગાજતે વાજતે ગામ **ડભાણ** પધાર્યા. અને ગામની ઉગમણી કોરે તળાવ છે, તેથી ઉત્તરાદી કોરે મહારાજને બેસવા સારુ મંચ નાંખ્યો હતો. તેના ઉપર મહારાજ બિરાજમાન થયા. અને ગામથી આથમણી કોરે જ્યાં હમણાં છત્રી કરી છે, તે ઠેકાણે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા. અને તે ઠેકાણે હોમ થતો. અને તે તળાવથી ઉત્તરાદી કોરે બ્રાહ્મણોની રસોઈ થતી. અને મહારાજ મંચ ઉપર બિરાજ્યા હતા. ત્યારે ગામના પટેલે હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! કોળીઓએ ગામ ભેળ્યું અને કહે છે જે, 'રોટલા લાવો." ત્યારે મહારાજ બોલ્યા જે, "બાઈઓ, તમે એકુકો રોટલો કરી લાવો." ત્યારે બાઈઓ કહે, "સારું મહારાજ."

પછી મહારાજે આનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "તમે છ-સાત રંગાડાં કંસાર બાફી નંખાવો." ત્યારે આનંદસ્વામી કહે, "સારું મહારાજ." પછી પહોરવાર થઈ ત્યારે મહારાજે જાલમસંગને બોલાવીને કહ્યું જે, "તમારા ગામમાં સરબંધી એકેય નથી અને કોઈક આવીને ગામ હાથ કરશે તો તમે શું કરશો ? માટે તમારી પાસે વીસ-પચ્ચીસ સરબંધીને

રાખો અને બીજાને જમાડીને પાછા ગામ ઉપર મોકલો." ત્યારે જાલમસંગ બોલ્યા જે, "બહુ સારું મહારાજ." પછી સર્વે સરબંધીને બોલાવ્યા, તે આવ્યા. ત્યારે મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "એક એક રોટલો ને ઉપર કંસાર આપો, તે લઈને ખાતાં ખાતાં ચાલ્યા જાય." પછી એવી રીતે સર્વેને આપીને વિદાય કર્યા.

પછી મહારાજ થાળ જમ્યા ને જાલમસંગને ઉતારો પટેલ રાયજીને ઘેર આપ્યો. અને રસોઈ થઈ ત્યારે બ્રાહ્મણ તળાવમાં નાહીને જમવા સારુ બેઠા. ને પંક્તિ થઈ ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને બ્રાહ્મણોની પંક્તિને આંટો દઈને જ્યાં હોમ થાય છે, ત્યાં પધાર્યા. ને સભા કરીને બિરાજમાન થયા. પછી ઘડી ચાર ત્યાં બેસી પાછા આવીને મંચ ઉપર બિરાજમાન થયા. અને બ્રાહ્મણ જમી રહ્યા. ને કેડે લાડુ, દાળ, ભાત બહુ વધ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "ગામમાં ઘરોઘર આપો અને બીજા રાંકઢીંકને(ગરીબ-દીનને) આપો. અને સંઘનાં મનુષ્ય બાઈભાઈ સર્વેને જમાડો." એવી રીતે ગામમાં તથા સંઘમાં કોઈને ધુમાડો કાઢવા(ચૂલો સળગાવવા) ન દીધો.

પછી મહારાજ મંચ ઉપર બિરાજ્યા અને ગાવણું કરાવ્યું. પછી મહારાજ પોઢ્યા. ને પછી જાગ્યા ને દાતણ કર્યું. અને સ્નાન કરીને કોરું વસ્ત્ર પહેર્યું ને એક વસ્ત્ર ઓઢ્યું. ને નિત્યવિધિ કરીને **ગંગામા**એ થાળ કરાવ્યો, તે જમ્યા. ને મુખવાસ લઈને બેઠા. તે સમયે ખબર આવી જે, 'કાઠિયાવાડથી કાઠીના અસવાર આવે છે.' ત્યારે મહારાજ કહે, "જાલમસંગજીને ખબર કરો."

પછી તે આવ્યા. અને મહારાજ માફામાં બેઠા અને જાલમસંગ પાલખીમાં બેઠા. અને ઢોલ, ત્રાંસાં ને શરણાઈઓ તે વાગી રહ્યાં છે, અને સર્વે હરિભક્ત તથા પાળા મહારાજ સાથે છે. એવી રીતે ચાલ્યા, તે આઘેરા ગયા ત્યારે કાઠીએ મહારાજને દેખ્યા. ને જે ઘોડા ઉપાડ્યા,

તે આવીને જેમ દંડ પડે તેમ મહારાજના ચરણારવિંદમાં પડ્યા. પછી મહારાજ તે સર્વેને મળ્યા ને મામૈયા પટગરને સમાધિ થઈ, તેને જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા.

❊ ડભાણમાં મહારાજની સવારી :

પછી મહારાજ સભા કરી બિરાજમાન થયા. તે સમયે સુરતના હરિભક્ત જે પોષાક લાવ્યા, તેને મહારાજે પહેર્યો. તે સોનેરી સુરવાળ, સોનેરી ડગલી અને સોનેરી રેંટો એક માથે બંધાવ્યો અને એક ભારે રેંટો કેડે બંધાવ્યો. અને એક ભારે સેલું ખભે નંખાવ્યું. એવી રીતે વસ્ત્ર પહેરાવ્યાં. અને વસ્તા ખાચરે ભારે ઊતરી પહેરાવી અને કડાં, વેઢ, વીંટી, બાજુબંધ પહેરાવ્યાં ને તોરા ધરાવ્યાં ને હાથમાં રૂમાલ આપ્યો.

અને અલૈયા ખાચરે કેસરિયો ઘોડો શણગાર્યો. તે ઘોડાને સોનાનાં ઝાંઝર તથા ડૂમચી(પલાણ ખસી ન જાય તે માટે ઘોડાની પૂંછડીમાં ભરાવાતી દોરી) તથા માથે કલગી તથા બે પેગડે મોર, એવી રીતે ઘોડો શણગાર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે કહો તો અમે માફામાં બેસીએ.” ત્યારે અલૈયા ખાચર આદિ સર્વે કાઠી બોલ્યા જે, “હે મહારાજ ! અમે જ્યારે ન હોઈએ ત્યારે તમે પાલખી તથા માફામાં બેસજો અને હમણાં તો ઘોડે બેસો.” એમ કહીને **અલૈયા ખાચરે** કહ્યું જે, “મહારાજ ! લ્યો આ ઘોડો, મેં તમને આપ્યો.” ત્યારે મહારાજ ઘોડે અસવાર થયા. અને દશાવતારનું છત્ર તથા અબદાગીરી તે મહારાજ ઉપર ધરી રહ્યા છે ને બે કોરે ચમર થાય છે. અને જે કાઠી હતા, તેમણે કીર્તન ઉપાડ્યાં જે,

‘એની વનમાં રે વંસી બોલે રે, મારું ચિતડું ઘાયલ ડોલે-એની વન૦

અને હાર, તોરા, બાજુ, ગજરા તે ફૂલના ધર્યા છે. ત્યાં શ્લોક છે -

“श्रीमन्नूतननीरदाभतन्वे श्रीमाधुरीमूर्तये...”[1]

૧.અતિ શોભાયમાન નવીન વાદળ જેવા શ્યામ સુંદર શરીરવાળા અને સર્વસદ્‌ગુણસંપન્ન એવી માધુરીમૂર્તિવાળા મહારાજને

અને હસ્તકમળને વિશે છડી રહી છે. એવી શોભાને ધારણ કરતા થકા ગામ સોંસરા થઈને મંચ ઉપર બિરાજ્યા. અને ઘોડા ત્યાં બંધાવ્યા ને કાઠીને સારુ ઓઢવા-પાથરવા સામાન મંગાવ્યો. અને મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને મહારાજ પોઢ્યા.

❋ ઘોડા ચોરવા આવેલ જોબન પગીને ઐશ્વર્ય-દર્શન :

તે સમે ગામ વડતાલના જોબન પગીએ ખબર સાંભળી જે, 'સ્વામિનારાયણ પાસે (ડભાણ યજ્ઞમાં) કાઠી આવ્યા છે. તેમની પાસે ભારે ભારે ઘોડા છે.' (પછી તેણે સાથીદારોને કહ્યું,) "આપણે ચાલો તે લઈ આવીએ." અને દિવસે લેવાય નહિ, માટે પાંચસે મનુષ્ય લઈને રાત્રિએ આવી ચડ્યા. ત્યારે ઘોડા દીઠ પાંચ પાંચ સરબંધી દેખાણા. ત્યારે તેમણે જાણ્યું જે, "આજ તો એમણે ચોકી રખાવી, પણ હવે કાલ એની વાત છે." પછી બીજે દિવસ રાત્રિએ આવ્યા, ત્યારે દશ દશ મનુષ્ય દેખાણા. અને ત્રીજે દિવસ પંદર પંદર દેખાણા. ત્યારે જાણ્યું જે, "આ કાંઈ મનુષ્ય નહીં !"

પછી શ્રીજીમહારાજના ચરણકમળમાં આવીને પડ્યા અને મહારાજનાં દર્શન કરીને ગદ્‌ગદ કંઠે થયા. ત્યારે મહારાજે હેતે કરીને બોલાવ્યા. અને મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "એમને જમાડજો. એ ત્રણ દિવસના ભૂખ્યા હશે." ત્યારે જોબનપગી હાથ જોડીને બોલ્યા, **"હે મહારાજ ! તમે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન જેને કહીએ તે જ છો.** અને અમે તો પાપી મનુષ્ય છીએ. માટે અમારા અપરાધ સામું જોશો મા. અને કૃપા કરીને અમારે ઘેર પધારો."

ત્યારે મહારાજ બોલ્યા જે, "હે જોબનપગી, તમે તો અમારા છો અને તમારે ઘેર આવ્યા વિના અમારે છૂટકો નથી. કાં જે, તમને અમે પ્રથમ વચન આપ્યું છે. માટે ધારો વર્તમાન ને થાઓ સત્સંગી." ત્યારે

તે જોબનપગી આદિ સર્વે તેમણે વર્તમાન ધાર્યાં ને સત્સંગી થયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં તમે અમારી પાસે રહો, ને સર્વે સંઘની ચોકી કરો." ત્યારે તે હાથ જોડીને બોલ્યા જે, "સારું મહારાજ." પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આ જોબનપગીને તમે ક્યારે પ્રથમ વચન આપ્યું હતું ? તે તો આજ જ તમારે દર્શને આવ્યા છે ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "જ્યારે અમે તીર્થાટન કરતા થકા ગામ વડતાલના તળાવ ઉપર આવ્યા, ત્યારે જોબનપગીએ અમને દેખ્યા ને અમારા પગમા પડ્યા ને કહ્યું જે, 'મહારાજ ! તમે અહીં રહો. તમને હું એક ઓરડી બનાવી આપું અને જેમ તમે કહેશો એમ હું કરીશ.' ત્યારે અમે ના પાડી જે, અમે નહીં રહીએ. ત્યારે જોબનપગી કહે, 'મહારાજ, મને તમારો ચેલો કરો ને સાથે તેડી જાઓ.' ત્યારે અમે એમને વચન આપ્યું જે, અમે તીર્થ કરીને પાછા તમારે ઘેર આવીને રહીશું."

પછી મહારાજ કહે, "કેમ જોબનપગી, એ વાત તમને સાંભરે છે ?" ત્યારે જોબનપગી બોલ્યા જે, "હા મહારાજ ! હું તે દિવસનો તમારી વાટ જોતો હતો, પણ હવે મેં તમને ઓળખ્યા." પછી તે મહારાજની સેવામાં રહ્યા.

❊ યજ્ઞમાં અદ્‌ભુત બ્રહ્મભોજન :

એવી રીતે દિન દિન પ્રત્યે લાખ બ્રાહ્મણની પંક્તિ થાય. ને મહારાજ પણ જ્યાં હોમ થાય ત્યાં સભા કરીને બિરાજતા. અને ચાર વેદ બ્રાહ્મણના રૂપે આવ્યા હતા, તે જજ્ઞ કરાવતા હતા. ને મહારાજ ઘોડીએ ચડીને જ્યાં રસોઈ થાય ત્યાં જઈને સર્વે રસોઈયાને કહે જે, "ઘી સારી પેઠે લાડુમાં નાંખજો. કેમ જે, શિયાળો છે." એમ કહીને મંચ ઉપર બિરાજતા. ને થાળ જમીને ઘડીક પોઢતા. ને પોઢીને જાગે ત્યારે બ્રાહ્મણોની પંક્તિ થાય. ત્યારે પાળા ડુંગરજી આદિ ચારેય કોરે

રહી ગયા છે, ને મહારાજ ઘોડીએ અસવાર થઈને બ્રાહ્મણોની પંક્તિને ચારેય કોરે ફરતા, પછી મંચ ઉપર બિરાજતા.

અને બ્રાહ્મણ જમી રહ્યા કેડે ગામનાં સર્વે મનુષ્ય તથા રાંકઢીંકને જમાડીને પછી સર્વે સંઘને જમાડતા. અને સાદ પડાવતા જે હરકોઈ દેશી-પરદેશી મનુષ્ય હોય, તે બ્રાહ્મણને ચોકે જમવા આવજો. અને રસોઈયાને નિત્યે રૂપિયો આપતા. પછી બ્રાહ્મણને ઘણા દિવસનો ઉજાગરો ને થાક તેણે કરીને કોઈ રસોઈ કરવા આવે નહીં. ત્યારે મહારાજને સંભળાવ્યું. ત્યારે મહારાજ દીવીઓ કરાવીને હાથે ઝાલીને ઉઠાડીને મોકલતા.

❊ રિસાયેલા મહારાજને મનાવ્યા :

પછી એક દિવસ રાત્રીએ ભારે ભારે વસ્ત્ર અને ઘરેણાં પહેરીને બેઠા હતા. તે સમે કોઈક હરિભક્ત સુરતનો ગાંડો હતો, તે મહારાજ પાસે જઈને બેઠો. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ કોણ છે ?” ત્યારે તે હેઠો ઊતર્યો. પછી મહારાજે સર્વે ઘરેણાં તથા વસ્ત્ર ઉતારીને ભાઈ રામદાસજીના ખોળામાં નાંખ્યાં ને એક વસ્ત્રભેર બેઠા. ત્યારે ઘડીક કેડે ભાઈ રામદાસજી બોલ્યા જે, “આમ શું બેઠા છો ? અને આમ બેસવું’તું ત્યારે આવો પ્રતાપ શું કરવા જણાવ્યો ?” એવી રીતે મહારાજની પ્રાર્થના કરી, ત્યારે મહારાજ જરાક મરક્યા. ત્યારે ભાઈ રામદાસજીએ ઊઠીને મહારાજને વસ્ત્ર-ઘરેણાં પહેરાવ્યાં. પછી મહારાજે ગાવણું કરાવ્યું. પછી પોઢ્યા ને જાગ્યા ને સભા કરીને બિરાજ્યા.

❊ યજ્ઞમાં વિઘ્ન ઇચ્છતા અસુરોનો નિષ્ફળ પ્રયાસ :

એવી રીતે દિવસ અઢાર થયા. ત્યારે મહારાજ **ખોખરા મહેમદાવાદ** બિરાજતા ને મહારાજને ઝાલવા દૈત્ય આવ્યા હતા, તે સમે લડાઈમાં જે દૈત્ય મૂઆ, તે સર્વે અસુરાંશે બ્રાહ્મણોમાં પ્રવેશ કર્યો કે, ‘આજ તો પંક્તિ ટાણે આપણે સર્વે રસોઈયા પીરસતા પીરસતા હોંકારો કરીએ. અને પંક્તિમાં પણ અડધાને પીરસવું અને અડધાને ન પીરસવું. પછી

જે નાનાં નાનાં ત્રાંબા-પિત્તળનાં વાસણ તે લઈને નાસી જઈશું. અને જે સામાન હશે તે રાંકઢીંક લૂંટી જાશે.' એમ રસોઈયા માંહોમાંહી વાત કરતા હતા. ત્યારે તે વાત ગામ હળવદના શંભુ શુક્લ તથા શ્રીનગરના નથુ જાડા તથા નથુ ભટ્ટ તથા નાનાભાઈ તથા જેરામ બ્રહ્મચારી તેમણે સાંભળી. પછી તે વાત મહારાજને કહી, ત્યારે મહારાજ બોલ્યા જે, “રસોઈ થઈ રહેવા દો, પછી તેમની વાત છે.”

પછી મહારાજ થાળ જમીને મંચ ઉપર બિરાજ્યા અને રસોઈ પણ થઈ રહી. ત્યારે મહારાજ બોલ્યા જે, “સર્વે કાઠી ઘોડે અસવાર થઈને આવો અને સર્વે પાળા હથિયાર બાંધીને આવો.” અને વળી જે હરિભક્ત બ્રાહ્મણ હતા, તેમને બોલાવીને મહારાજે એમ કહ્યું જે, “તમે સર્વે નાહીને અબોટિયાં પહેરીને તૈયાર થાઓ અને અમે જ્યારે રસોઈયાને બોલાવીએ ત્યારે તમે રસોડું હાથ કરી લેજો.” પછી તે પણ તૈયાર થઈને આવ્યા ને કાઠી, પાળા પણ તૈયાર થઈને આવ્યા. ત્યારે મહારાજે સર્વે રસોઈયાને બોલાવ્યા. તે બહાર આવ્યા ત્યારે જે હરિભક્ત બ્રાહ્મણ હતા, તેમણે રસોડું હાથ કર્યું.

પછી મહારાજે કહ્યું જે, “લાડુ કૂટવાના ધોકા બહાર કાઢો.” અને રસોઈયાને કહ્યું જે, “તમે થાક્યા હશો, માટે જમવા બેસો ને અમારા હરિભક્ત પીરસશે.” ત્યારે રસોઈયા બોલ્યા જે, “ના મહારાજ, અમે પીરસશું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે જાણો જે પંક્તિમાં હૂલકું(ભંગાણ) પાડીએ ને સામાન લૂંટી જઈએ, તે એમ નહીં થાય. અને આ તો અમારા સત્સંગીના પરસેવાના પૈસા છે, તે બગાડાય નહીં. અને તમારાથી જેટલું જમાય તેટલું જમો. અને અમો તો બ્રહ્મજ્ઞાની છીએ, તે જમાડીએ તેનું પુણ્ય નહીં ને કાંઈ ઇતર કરીએ તેનું પાપ નહીં.” એમ કહીને ગાડા પર ઊભા થઈને છડી હાથમાં લઈને કહ્યું જે, “કાઠી જેનું નામ તમે સાંભળતા તે આ કાઠી છે.” ત્યારે કાઠી બોલ્યા જે, “આમાં

કાણું મહારાજ, ભણે એક ટીલવો(ખોટો સત્સંગી થયેલો બ્રાહ્મણ) મરશે, તો હજાર ટીલવા(સાચા સત્સંગી) જમશે."

પછી રસોઈયા બોલ્યા જે, "મહારાજ, અમે પીરસશું અને કાંઈ તોફાન નહીં થાય." ત્યારે મહારાજ બોલ્યા જે, "લાડુ પીરસનારાની વાંસે એકુકો હરિભક્ત બ્રાહ્મણ ધોકા લઈને ચાલો. અને જે ગાડીએ લાડુ ફેરવે, તે જમનારા હાથે લાડુ લે તો તેને હાથમાં ધોકો મારજો, તેથી હાથ ને લાડુ બેય હેઠા પડે." અને મહારાજે પાળાને કહ્યું જે, "તમે સર્વે પંગતની ચારેકોર ઊભા રહો ને ભડાકા કરો. અને જે બ્રાહ્મણ જમતાં જમતાં પંક્તિમાંથી ઊભો થાય, તેને હાકલ કરજો."

એમ કહીને બિવરાવ્યા. અને પાળા ચારેકોરથી ઠાલા ભડાકા કરવા માંડ્યા, તેથી સોળ તો દાળની કોઠીઓ ફાટી ગઈ. અને કાઠીના અસવાર પણ પંક્તિની ચારેકોરે ઘોડા ફેરવતા ને ભાલા હાથમાં ઝળકી રહ્યા હતા. અને હરિભક્ત હાથમાં ધોકા લઈને પીરસનારાની વાંસે ફરતા. અને બ્રાહ્મણ પીરસતા જાય ને ધ્રૂજતા જાય અને મહારાજની મૂર્તિ પણ એ ટાણે બહુ કરડી જણાય. પછી તે બ્રાહ્મણ સર્વે જમી રહ્યા, ત્યારે સહજાનંદસ્વામીની જય બોલાવી.

❊ યજ્ઞની પૂર્ણાહુતિ :

પછી સર્વે સંઘના મનુષ્ય તથા રાંકઢીંક તે સર્વેને જમાડ્યા. જેમ પાંડવના રાજસૂય જજ્ઞમાં શ્રીકૃષ્ણ ભગવાન પધાર્યા ને જયજયકાર થયો, તેમ અહીંયાં પણ નિર્વિઘ્ન જજ્ઞ થયો. અને દૈત્ય તો ઘણા વિઘ્ન કરવા આવ્યા, પણ કોઈ પ્રકારે કરીને વિઘ્ન ચાલવા દીધું નહીં. અને પૂર્ણાહુતિને દહાડે ઘીનાં પરનાળાં અગ્નિમાં ચાર દિશેથી ચાર ચાલે અને એક ભારે દેગ સારીને ઊંચું બાંધેલું, એમાંથી ઘીની ધારા પડે. અને અગ્નિ તથા બીજા દેવ તે પ્રત્યક્ષ આવીને આહુતિ લિયે અને અક્ષરધામના મુક્ત તથા

શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત તે સર્વે આવીને સભામાં બેસતા હતા.

પછી જ્યારે પૂર્ણાહુતિ થઈ રહી ત્યારે ભારે ભારે વસ્ત્ર તથા નાના પ્રકારનાં જે અમૂલ્ય ઘરેણાં તેણે કરીને હરિભક્તોએ મહારાજની પૂજા કરી. **ને સર્વે જે મુક્ત હતા તેમણે તથા ત્યાગી, પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને પાળા તે સર્વે દિવ્ય એવું જે ચંદન તથા પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુબંધ, ગુચ્છ તેણે કરીને મહારાજની પૂજા કરી.** પછી આરતી ઉતારીને પગે લાગ્યા. તેના ઉપર શતાનંદમુનિકૃત આરતી -

"જય નિજ સુખદાઈ, સહજાનંદ દયાલય નિજ૦"

❊ યજ્ઞમાં સેવા કરનારા પર શ્રીહરિનો રાજીપો :

પછી જે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા હતા, તેમને ભારે ભારે વસ્ત્ર તથા કડાં, વેઢ, વીંટીઓ, ઊતરીઓ, સેલાં, પાઘડી ને દુશાલા મંગાવીને પહેરામણી કરાવી ને પોસ ભરી ભરીને નાનાભાઈ પાસે રૂપિયા અપાવ્યા. ચાર વેદને છાતીમાં ચરણ આપ્યાં. અને જાલમસિંહને ભારે રેંટો તથા ભારે શાલ આપી. અને જોબનપગી આદિ જે આવ્યા તેમને જેમ ઘટે તેમ પહેરામણી કરાવી. અને બીજા બ્રાહ્મણોને પણ જેમ ઘટે તેમ દક્ષિણા અપાવી. અને જે રાંકઢીંક હતા, તેમને પણ વસ્ત્ર પહેરાવ્યાં. અને સર્વે કાઠીઓને પણ ભારે ભારે રેંટા બંધાવ્યા. અને સર્વે સંન્યાસી, બ્રહ્મચારી, પાળા ને પરમહંસને મહારાજ મળ્યા.

પછી મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને સામાન વધ્યો, તે કંસાર કરાવીને ગામમાં ઘરોઘર મોકલાવ્યો. અને મહારાજે ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં. અને ભારે કેશરિયો ઘોડો શણગાર્યો, તેના ઉપર મહારાજ બિરાજમાન થયા. અને સર્વે કાઠીના અસવારે પણ ઢાલ-તલવારો બાંધી છે, ને હાથમાં ભાલા ઝળકી રહ્યા છે; અને ભગુજી આદિ જે સર્વે પાળા તે પણ તોડે મંકોડે(ખડે પગે) થઈને આગળ

બંધૂકોના અવાજ કરી રહ્યા છે; અને ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ વાગી રહ્યાં છે; ને ગુલાલ ઊડી રહ્યો છે; ને ચોપદાર નેકી પોકારી રહ્યા છે; અને પરમહંસ વિષ્ણુપદ બોલી રહ્યા છે. પછી મહારાજે સર્વે સંઘને રજા આપી જે, "હવે સૌ સૌને ઘેર જાઓ."

પછી મહારાજે સીમાડે આવીને સર્વે પરમહંસનાં મંડળ બાંધીને ફરવા જવાની આજ્ઞા કરી જે, "હે સંતો ! તમે દેશદેશમાં ફરજો અને અમારા સ્વરૂપની વાર્તા કરજો અને અમે જ્યારે બોલાવીએ ત્યારે દર્શને આવજો." એમ કહીને ઘોડા ઉપાડ્યા તે ગામ **બામણોલી** થઈને **વરતાલ** પધાર્યા ને **જોબનપગી**ની મેડીએ ઊતર્યા. મહારાજે ડભાણમાં જગન કર્યો ને શોભા ધારણ કરી હતી, તેના ઉપર નિષ્કુળાનંદસ્વામીએ પદ કર્યું છે,

'વર નિર્ગુણ રે થયા સગુણરૂપ, ઓપે છે અનુપ ભૂપો શિર ભૂપ,
જોઈ જન રૂપ કે નીરખે નાથને રે.
વરે કરમાં લીધી લાલ છડી, પાયે જો મોજડી મોતીડે તે જડી,
વર ઘોડે ચડી કે સંગે સખા સાથ છે રે.
વરે પેર્યો છે સુંદર સુરવાળ, ઝગે જામા ચાળ કંઠે મોતીમાળ,
દીસે છે વિશાળ કે ભલેરા ભાવની રે.
પરમહંસ બ્રહ્મરસના ભોગી, સાથે સાંખ્યજોગી અંતરે અરોગી,
જે સંત સંયોગી કે સંગે સહજાનંદને રે.

એ વિગેરે ઘણાંક પદ છે અને એ લીલા સાંગોપાંગ કહેવાને તો કોઈ શિવ-બ્રહ્મા જેવા પણ સમર્થ નથી. અને આ તો કિંચિત્માત્ર કહી છે.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ડભાણમાં મહાવિષ્ણુયાગ કર્યો,' એ નામે ઓગણીસમો વિશ્રામ ।।૧૯।।

વિશ્રામ - ૨૦

સારંગપુર ને વડતાલની લીલા તથા ગામ કરજીસણ જન્માષ્ટમી ઉત્સવ કર્યો.

❋ શ્રીહરિ વડતાલથી વિચરણ કરતા સુંદરિયાણે પધાર્યા :

હવે મહારાજ એવી રીતે જગન કરાવીને **વડતાલ** પધાર્યા અને **જોબનપગી**ની મેડીએ ઊતર્યા. અને ગંગામાએ થાળ કરાવ્યો, તે મહારાજ જમીને પોઢ્યા. ને જાગીને સભા કરીને વિરાજમાન થયા. અને સમાધિ જોઈને અને વળી મહારાજની મૂર્તિને વિશે ચમત્કાર જોઈને પટેલ રણછોડદાસ તથા નારાયણગર આદિ ઘણાક મનુષ્ય મહારાજના આશ્રિત થયા. પછી ત્યાં બે દિવસ રહીને ચાલ્યા, તે ગામ **ઊંટવાડે જોઈતાપગી**ને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં **ખોડાભાઈ**ને ઘેર ઊતર્યા અને થાળ જમીને મહારાજ પોઢ્યા.

સવારે જાગીને ચાલ્યા તે ગામ **ગોરાડ** પધાર્યા અને **કાંધાજી**ને ઘેર મહારાજ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **બોરુ** થઈને **પચ્છમ** રાત રહ્યા. અને ત્યાં મહારાજ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી સવારે જાગીને ચાલ્યા, તે ગામ **ખસતે જીજીભાઈ**ને ઘેર પધાર્યા અને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા.

પછી તૈયાર થઈને ચાલ્યા તે ગામ **સુંદરિયાણે** આવ્યા ને વાજતે ગાજતે **ડોસા ખાચર**ને ઘેર પધાર્યા. ત્યાં સભા કરીને વિરાજમાન થયા. અને થાળ થયો તે મહારાજ જમ્યા ને ઢોલિયા ઉપર પોઢ્યા. અને પછી જાગીને સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજે વાત કરી જે, **“આ જક્તમાં બે પ્રકારના મનુષ્ય છે એક તો ધર્મવાળાં અને બીજા અધર્મવાળાં. તેમાં ધર્મવાળાં તે અધર્મીને ગમે જ નહીં, ને તેની પાસે બેસવાની રુચિ થાય જ નહીં. અને જે ધર્મવાળાં હોય તેને સહેજે જ સંત**

ઉપર હેત થાય ને ધર્મ પાળવાની રુચિ થાય છે." એવી રીતની ઘણીક વાતો કરી. પછી મહારાજની મૂર્તિને વિષે અલૌકિક ચમત્કાર જોઈને ઘણાંક મનુષ્ય વર્તમાન ધારીને સત્સંગી થયા.

❊ સારંગપુરમાં બે રાવળને ગાવણું કર્યાની મોજ આપી :

પછી મહારાજ જમીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સારંગપુર** પધાર્યા. ને વાજતે ગાજતે **જીવા ખાચર**ના દરબારમાં આવ્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી થાળ થયો તે મહારાજ જમીને પોઢ્યા. પછી સવારે ગામ હડદડના બે રાવળ નામે આલો ને જાલો તેમણે આવીને રવાજ ને કાંસિયાં વગાડીને પ્રભાતિયાં ગાયાં જે, *'આવ્ય સલુણા શામ, તારે વારણે જાઉં રે.'* તેને સાંભળીને મહારાજ જાગીને બોલ્યા જે, "તમે કેમ ગાઓ છો ?" ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, ભગવાન જાણીને ગાઈએ છીએ." પછી મહારાજ બોલ્યા જે, "કાંઈ લીધાની લાલચ છે ?" ત્યારે તે બોલ્યા જે, "ના, મહારાજ."

પછી મહારાજે પલાણ મંડાવીને ઘોડો આપ્યો અને સોનેરી વાઘા આપ્યા અને રૂપાથી જડિત ચાખડી આપી. ત્યારે કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! બહુ આલ્યું. એનું તો દારિદ્ર કાઢી નાંખ્યું." પછી ભગા દોશીએ તેની પાસેથી તે સોનેરી વાઘા વેચાતા લઈને બોટાદના મંદિરમાં મેલ્યા છે. અને અબદાગિરી ને દસ અવતારનું સોનેરી ઈંડાનું છત્ર તે જૂનાગઢમાં રણછોડ દીવાનને ઘેર બુટ્ટાબાની(બુઢાબાવાની) મૂર્તિ છે, ત્યાં મહારાજે આલ્યું છે. અને મહારાજ પાસે જે જે ભારે ભારે સામગ્રી આવે, તેને જો કોઈ વખાણે તો એક ઘડી પણ ન રાખે ને તત્કાળ દઈ દે, એવો એમનો સ્વભાવ છે.

❊ ચારણને દિવ્ય દર્શન :

પછી મહારાજ થાળ જમીને પોઢ્યા. ત્યારે એક ચારણ આવ્યો. તે એમ બોલ્યો જે, "ઓ..હો..હો..! આ તેજ ! શું તેજ !" ત્યારે

કાઠી કહે, "ભણે, કાણું ભણતો છે ?" ત્યારે તે બોલ્યો જે, "આ તો લક્ષ્મી તથા રાધાના પતિ છે !" ત્યારે મહારાજ બોલ્યા જે, "ખબરદાર બોલ્યો તો !" એમ કહીને છાનો રાખ્યો. ને બોલ્યા જે, "આજ પાત્ર-કુપાત્રનો કાંઈ મેળ રહ્યો નથી. અને મોરે તો મોટા જોગી રાતદિવસ ધ્યાન કરીને મરી ગયા, તેને સ્વપ્નમાં પણ દર્શન થાતાં નો'તાં. ને આજ તો જેમ વરસાદ વરસે ત્યારે વાડમાં પણ વરસે."

❊ બાપુભાઈ નાગરનું કપટ ઉઘાડું થયું :

હવે જ્યારે મહારાજે **ડભાણે** જગન કર્યો, ત્યારે મયારામ ભટ્ટ આદિ સોરઠના હરિભક્ત ન આવી શક્યા. અને જગનમાં ડુંગરપરો બાપુભાઈ નાગર કારભારી હતો. તે માંહી કપટી ને ઉપરથી સત્સંગી હતો. તેણે મહારાજ પાસેથી પૂજાના પૈસા બહુ લીધા ને જજ્ઞ થઈ રહ્યો, ત્યારે બાકી રૂપિયા કાઢ્યા. ત્યારે કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! એક કલાક અમે પૂજા લીધી એટલામાં બે હજારનો માલ અમારે હાથ આવ્યો હતો. એવા અઢાર દહાડા પૂજા લીધી ને હવે શું હિસાબ કાઢે છે ?"

પછી મહારાજ બોલ્યા જે, "બાપુભાઈ તો હરિભક્ત છે, તે જૂઠું બોલે નહીં અને બોલશે તો આ જે સત્સંગીનો પૈસો તે તો બ્રહ્મઋણ છે, તે કોઈને પચવાનો નથી. માટે બાપુભાઈ, તમે અમારી સાથે આવો. ને સોરઠના મયારામ ભટ્ટ આવશે, તે તમને હિસાબ ચૂકવી આપશે." એ રીતે બાપુભાઈ પણ મહારાજની સાથે આવેલા.

સોરઠના હરિભક્ત પર્વતભાઈ ને મયારામ ભટ્ટ આદિ પૂર્ણાહુતિ થઈ રહી તે દિવસ તૈયાર થઈને માણાવદરથી ચાલ્યા. ને જ્યારે સીમાડે આવ્યા ત્યારે મહારાજ સામા મળ્યા. તે જેવાં ત્યાં વસ્ત્ર ને ઘરેણાં પહેર્યાં હતાં ને જેવા સાથે હરિભક્ત ને પાળા હતા, તેવાં જ દર્શન દીધાં. અને મહારાજ બોલ્યા જે, "અમે તમારે ઘેર આવીએ છીએ, માટે તમે પાછા વળો. અને અમે તો આગળ જઈએ છીએ ને તમે ધીરે ધીરે ઘેર

આવજો.” પછી એક જ વાર દેખાણા ને પછી ન દેખાણા. પછી તે હરિભક્તે ઘેર આવીને ખબર કાઢી, પણ મહારાજને ન દીઠા. ત્યારે એવું જાણ્યું જે, ‘દિવ્યરૂપે દર્શન થયાં.’

પછી મયારામ ભટ્ટ ત્યાંથી એકલા ચાલ્યા, તે મહારાજ પાસે એકલા સારંગપુર આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે બાપુભાઈને હિસાબ ચૂકવી આપો.” ત્યારે ભટ્ટ બોલ્યા જે, “હે મહારાજ ! એ બાપુ તો સત્સંગનો બહુ માલ ખાઈ ગયો છે. અને હજી એ શું બાકી કાઢે છે ? અને હું સર્વે સત્સંગીમાં ફરીને મહારાજ પાસે જે ભેટ મેલી તે લખી લાવું. પછી મને હિસાબ આપે. પછી જે વધેઘટે તે ચૂકવી અપાય, પણ તે વિના તો ન અપાય.” ત્યારે મહારાજ કહે, “એ વાત જાવા દ્યો ને હિસાબ ચૂકવી આપો.”

ત્યારે ભટ્ટ બોલ્યા જે, “એમ જો આપું તો મારી આબરૂ જાય. કેમ જે, એ ડુંગરપરો ને હું વિસનગરો. તે વિસનગરાના ડુંગરપરા રંધવારા(રસોઈયા) કહેવાય. અને હું તો નાનો તોય મારું ચાર ખૂટમાં(દિશામાં) નામ છે અને બીજા લોક તો એમ કહે જે ‘મયારામ ભટ્ટ વિસનગરો નાગર કારભારી છે. અને તેની પાસેથી ડુંગરપરો ખાઈ ગયો.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “અમને તમે કેવા જાણો છો ?” ત્યારે કહે, “ભગવાન જાણું છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હું એને કેમ જાવા દઈશ ?” ત્યારે ભટ્ટ બોલ્યા જે, “કોઈક દિવસ એવું થાય એમાં મારે શું ? હું તો મારી નજરે જોઉં ત્યારે ખરું માનું.” ત્યારે મહારાજ કહે, “આજ હું તમને દેખાડીશ. તે વિષે આ અમારું વચન છે.” પછી ભટ્ટે હિસાબ ચૂકવી આપ્યો અને બાપુ પાસેથી બે હજાર રૂપિયાનું લેણું કઢાવ્યું.

પછી મહારાજે સુરા ખાચરને અને બાપુને કહ્યું જે, “તમે પ્રશ્ન ઉત્તર કરો.” ત્યારે સુરા ખાચરે બાપુને પૂછ્યું જે, “ભીષ્મપિતા મોટા

કે દ્રોણાચાર્ય મોટા ?" ત્યારે બાપુ કહે, "દ્રોણાચાર્ય મોટા." ત્યારે સુરા ખાચર કહે, "એ તો બ્રાહ્મણ ને દાણા માંગી ખાનારા, તે શાના મોટા ? અને ભીષ્મપિતા તો રાજા, માટે રાજા મોટા કહેવાય." પછી બાપુભાઈએ ઘણી યુક્તિ ચલાવી પણ સમાધાન થયું નહીં. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "હું ભીષ્મપિતા ને તું દ્રોણાચાર્ય, લે હું કરું તે તારાથી થાશે ?" ત્યારે કહે, "હા થાશે." ત્યારે સુરા ખાચર કહે, "હું થાઉં પરમહંસ ને તું થા સંન્યાસી." ત્યારે કહે, "હા થાઉં." તે વિશે પ્રતિજ્ઞા કરી. ત્યારે મહારાજે દેવાનંદ સંન્યાસીને બોલાવીને બાપુભાઈને સંન્યાસી કરાવ્યા.

પછી સંન્યાસ ગ્રહણ કરીને ગામમાં બ્રાહ્મણને ઘેર ભિક્ષા કરવા ગયા અને મહારાજની મરજી જોઈને સુરા ખાચર ચાલી નીકળ્યા. પછી બાપુ ભિક્ષા કરી આવ્યો ને મહારાજ પાસે આવીને બેઠો અને જીવા ખાચરને પૂછ્યું જે, "સુરા ખાચર ક્યાં છે ?" ત્યારે જીવા ખાચર કહે, "એ તો ઘેર ગયા." ત્યારે બાપુએ તો પોક મેલી અને સર્વે લોક હસ્યા. એવી રીતે મહારાજે ત્યાં લીલા કરી. તે ઉપર ભક્તચિંતામણિની ચોપાઈ,

મર્મે ભરી હરિ કરી હાસ, આપ્યો બાપુભાઈને સંન્યાસ.

તે બાપુ ઉપરથી સત્સંગી ને માંહીથી કપટી, ત્યાં **સાખી** છે, જે -

કાલનિમિ રાવણ ને રાહુ, એ ત્રણેય લીધો ભેખ;
કમળાવરશું કપટે રમિયા, તેમાં ન રહ્યો એક;
તેમાં ન રહ્યો એક તે પાપી, હરિયે મસ્તક નાંખ્યાં કાપી;
કહે ગોવિંદરામ દીસંતા હાઉ;
કાળનિમિ રાવણ ને રાહુ, એ ત્રણેય૦

❊ કારિયાણીમાં માંચાખાચરને દીક્ષા આપી, રૂપિયા ઉડાડ્યા :

પછી ત્યાંથી મહારાજ ઘોડે અસવાર થઈને ચાલ્યા તે વાજતે ગાજતે ગામ **કારિયાણી**એ પધાર્યા. ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદે બાર

ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર સભા કરીને બિરાજમાન થયા. અને વીરદાસ પટેલ આદિ હરિજને પોતાને ઘેર થાળ કરાવ્યા, તે જમવા પધાર્યા. થાળ જમીને વેલા ખાચર તથા માતરા ખાચરના દરબારમાં સભા કરીને બિરાજમાન થયા. પછી વસ્તા ખાચરના દરબારમાં આવીને સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ કહે, "અમે કહીએ તેમ તમે સર્વે કરો ?" ત્યારે માંચા ખાચર બોલ્યા જે, "હા મહારાજ." ત્યારે મહારાજ તેમને કહે, "થાઓ પરમહંસ." ત્યારે કહે, 'હા.' પછી મહારાજે ચોટી કાપીને પરમહંસ કર્યા ને શાંતાનંદસ્વામી નામ પાડ્યું.

પછી મહારાજ થાળ જમ્યા ને સભા કરીને બિરાજમાન થયા. તે સમે કોઈક હરિભક્તે મહારાજના ચરણે પાંચસો રૂપિયા લાવીને મેલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'વસ્તા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, રૂપિયા લ્યો." ત્યારે તે બોલ્યા જે, "અમણાં ઘરના રૂપિયા ખોટા કરાવી નાંખતા છો ને ભણે 'પારકા રૂપિયા રાખો' ઈમ કેમ ભણતા છો ? અમે નહીં લઈએ." પછી મહારાજ બોલ્યા જે, "ત્યારે અમારે જ રાખવા ?" એમ કહીને મૂઠી ભરી ભરીને જે ફેંકવા માંડ્યા, તે કેટલાક તો બજારમાં પડ્યા ને કેટલાક તો જ્યાં હમણાં મંદિર છે, ત્યાં પડ્યા. પછી સોમલા ખાચરે ઊઠીને પ્રસાદીના રૂપિયા લઈ લીધા અને વેર્યા તે બીજાએ વીણી લીધા.

અને એક માસ કેડે સર્વે કાઠી હાથ જોડીને બોલ્યા જે, "કોઈ સત્પાત્ર લેનારા કરજો." ત્યારે મહારાજ કહે, "ધર્મકુળ કરશું." તે સમયે મહારાજની પાસે મૂર્તિમાન નિર્લોભ, નિષ્કામ, નિઃસ્નેહ, નિઃસ્વાદ, નિર્માન એ પાંચ વર્તમાન હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સંતમાં તથા સર્વે સત્સંગમાં રહો અને અમારી સેવા કરો."

અને આ અવતારે કરીને તો ચાર જુગના ધર્મ પ્રવર્તાવ્યા. કેમ જે, ધ્યાનમાં બેસવું અને વનમાં રહેવું તે સત્જુગનો ધર્મ, જજ્ઞ કરવા તે ત્રેતાજુગનો ધર્મ, ભગવાનનાં મંદિર કરાવવાં ને મૂર્તિઓ પધરાવવી તે

દ્વાપરનો ધર્મ અને ભગવાનનાં કથા-કીર્તન કરવાં તે કળિનો ધર્મ. એ ચારેય જુગના ધર્મ મહારાજે આજ સત્સંગમાં પ્રવર્તાવ્યા છે.

❊ ગઢપુરમાં ચાર માસ રોકાઈ સર્વને સુખ આપ્યું :

આવી રીતે લીલા કરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** પધાર્યા. અને ત્યાં ચાર દિવસ રહીને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. અને મહારાજ દેશપ્રદેશના હરિભક્તને દર્શન દેવા જાય, પણ પાછા ગઢડે આવીને રહે. અને **અભય** નામે રાજા ને તેનો પુત્ર ને પુત્રીઓ તેમની ભક્તિને વશ થઈને ત્યાં નિવાસ કરીને રહેતા હતા. અને દેશદેશના જે હરિભક્ત બાઈભાઈ ઘર ને કુટુંબનો ત્યાગ કરીને મહારાજની સેવાને સારુ ને મહારાજનાં દર્શન કરવા સારુ અભય રાજાના દરબારમાં રહેતાં હતાં. એવા જે હરિજન તેને આનંદ ઉપજાવતા થકા ચાર માસ ત્યાં રહ્યા.

❊ ગઢપુરથી વિચરણ કરતા વડતાલ પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** આવ્યા અને ત્યાંથી **અલૈયા ખાચર**ને ભેળા લીધા. ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી** આવ્યા. ને ત્યાં પાંચ દિવસ રહીને **વસ્તા ખાચર**ને સાથે લીધા ને ત્યાંથી ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. પછી ત્યાંથી **મામૈયા પટગર** ને **અમરા પટગર**ને સાથે લીધા ને ચાલ્યા, તે ગામોગામના હરિભક્તોને દર્શન દેતા થકા ગામ **ગુડેલ**માં **જીભાઈ**ને ઘેર વાજતે ગાજતે પધાર્યા. અને ફળિયા વચ્ચે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. પછી અલૈયા ખાચર પાસે કીર્તન ગવરાવ્યાં જે,

‘હાંરે એની વનમાં રે બંસી બોલે રે, મારું દિલડું ઘાયલ ડોલે.’

એ પછી મહારાજ પોઢ્યા. પછી જાગ્યા ને તૈયાર થઈને ચાલ્યા ને **કાંધાજી**ને સાથે લીધા. ને **બુધેજ** આવ્યા ને **ખોડાભાઈ**ને ઘેર થાળ જમ્યા અને સર્વે સખાને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **પીપળાવ**

આવ્યા અને વાજતે ગાજતે **પ્રભાશંકર**ને ઘેર પધાર્યા. ત્યાં થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી જાગીને ચાલ્યા તે વાજતે ગાજતે ગામ **વડતાલ** પધાર્યા. ને **વાસણ સુતાર**ને ઘેર ઊતર્યા. અને બાવા નારાયણગીરીના મઠમાં સભા કરતા. અને સર્વ પરમહંસનાં મંડળ જેમ જેમ ખબર સાંભળતાં જાય, તેમ તેમ આવતાં જાય. અને મહારાજ સર્વ સંતને ઊભા થઈને મળતા ને સર્વ સત્સંગીની ખબર પૂછતા જાય. પછી મહારાજને સારુ ગંગામાએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા. પછી સુતારને ઘેર જઈને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને દાતણ કર્યું.

❋ વડતાલમાં આંબલે કરેલ લીલા :

પછી મહારાજ બોલ્યા જે, "ગામ બહાર કાંઈ સભા થાય એવી જગ્યા છે ?" ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! ગામથી ઉગમણી કોરે તળાવ છે અને તેથી ઉગમણી કોરે ભારે આંબલો છે. ત્યાં સુંદર રળિયામણાં આંબા, આંબલીઓ ને રાયણોનાં વૃક્ષ છે. તે જગ્યા ભારે સુંદર છે." ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ભારે ભારે વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થયા. અને આગળ ઢોલ, ત્રાંસાં અને શરણાઈઓ વાગી રહ્યાં છે, એવી રીતે ગામ બહાર પધાર્યા. ને જ્યાં આંબલો છે, ત્યાં આવ્યા. અને એ આંબલાને ફરતા જે આંબા તથા આંબલિયોનાં વૃક્ષ તથા તે ભૂમિકા તેને જોઈને મહારાજ બહુ રાજી થયા.

પછી આનંદસ્વામીને કહ્યું જે, "આ આંબલા હેઠે ઓટો કરાવો." ને જ્યાં હમણાં છત્રી કરાવી છે, તે ઠેકાણે ચૂનાબંધ ઓટો કરાવ્યો. અને મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "બાવળ ઉપર નોબત મેલાવો, જેથી હરિભક્તને ખબર થાય જે શ્રીજીમહારાજ આંબલે પધાર્યા છે."

પછી ત્યાં થોડીવાર બેસીને મહારાજ ગામમાં પધાર્યા. ને સુતારને ઘેર બાઈઓએ થાળ કરાવ્યો, તે થાળ મહારાજ જમ્યા ને પોઢ્યા. પછી

જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. પછી ભારે ભારે વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થયા અને આગળ વાજાં વાગી રહ્યાં છે, ને પરમહંસ પણ તાળી વગાડીને કીર્તન ગાઈ રહ્યા છે; એવી રીતે મહારાજ ગામ બહાર પધાર્યા. અને આંબલા હારે ઓટા ઉપર રંગીન પાટ, તેના ઉપર ભારે તળાઈ, ઓછાડ ને તકિયો બિછાવેલ, તેના ઉપર આવીને બિરાજમાન થયા.

તે સમે બાવળ ઉપર નોબત ગડગડી. તેને સાંભળીને સર્વે સંઘનાં મનુષ્ય તથા ગામનાં મનુષ્ય તથા ગામ બામણોલીના સર્વે હરિભક્ત મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યાં. પછી **ગંગામા** થાળ લાવ્યાં. તે મહારાજ જમવા પધાર્યા. અને તે આંબલાથી ઉગમણી કોરે આંબલી, તેને હેઠે ઓટો કર્યો હતો. તેના ઉપર થાળ લાવીને મેલ્યો. ને ઓટાના થડમાં બાજોઠ ઢાળ્યો. તેના ઉપર મહારાજ ઊભા રહ્યા ને મહારાજનાં ચરણારવિંદ ધોયાં. પછી થાળ જમવા બિરાજ્યા. ને બરફી-પેંડા જમીને મુખવાસ લીધો. ને હરિજને અરચા કરીને ફૂલના હાર પહેરાવ્યા.

પછી મહારાજ આવીને આંબલા હેઠે બિરાજ્યા. ને આરતી-ધૂન મહારાજ બોલે જે, 'હરિનારાયણ... સ્વામિનારાયણ...' એવી રીતે ધૂન કરીને મહારાજે સર્વે સંતને નમસ્કાર કર્યા. પછી સર્વે સંત મહારાજને પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી ઊભા થઈને રેણકી છંદ બોલ્યા જે,

'એક સમે શશી ઉદિત અતિ, હોય મન અધિક હુલાસ;
યમુના તટ વ્રજનાર જૂત, રચ્યો મનોહર રાસ.૦૧

સર સર પરસધર અમરતર અનુસર, કરકર વર ધર મેલ કરે,
હરિહર સુર અવર અસર અતિ મનહર, ભર ભર ઉર અતિ હરખ ભરે;
નીરખત નર પ્રવર પ્રવર ગણ નિરઝર, નિકર મુકર શિર સવર નમે,
ઘણરવ પટ ફરર ઘરર પદ ઘૂંઘર, રંગભર સુંદર શ્યામ રમે,
જીય રંગભર સુંદર શ્યામ રમે. ૦૧

એવી રીતના આઠ છંદ ને ત્રણ દોહા ને એક છપ્પય, તેણે કરીને તે સમયની શ્રીજીમહારાજની પ્રગટ લીલા વર્ણન કરી છે. પછી બ્રહ્માનંદસ્વામી નમસ્કાર કરીને બેઠા. પછી મહારાજે સાધુને કહ્યું જે, "હવે તો ઝીલણિયાં કીર્તન બોલો." (પછી તે કીર્તન સાધુ બોલ્યા.)

☼ ભગવાન કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય ? :

પછી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન ક્રિયાસાધ્ય છે કે કૃપાસાધ્ય છે ? તેમાં તમે કયો મત માનો છો ?" પછી અર્ધા સંતોએ કૃપાસાધ્યનો મત માન્યો અને અર્ધા સંતોએ ક્રિયાસાધ્યનો મત ગ્રહણ કર્યો. પછી માંહોમાંહી ઘણી ચર્ચા થાય ને જેનો મત મોળો પડે એને મહારાજ પુષ્ટ કરી આપે અને પોતે પડકારા કરે ને મંદમંદ હસતા જાય. એમ ઘણીવાર બિરાજ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા ને નોબત થઈ ને સર્વે સભા ઊઠી. પછી મહારાજ પોઢ્યા ને પ્રભાતે જાગ્યા. પછી દાતણ કરી સ્નાન કર્યું ને થાળ જમ્યા.

☼ ઉમરેઠમાં અભણ બ્રાહ્મણના મુખે વેદ બોલાવ્યા :

પછી સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ ઉમરેઠને રસ્તે જતા હતા. તે માર્ગમાં સંતો સામસામા ચર્ચા કરે ને મહારાજ પડકારા કરે. પછી ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ગામ **ઉમરેઠ** પધાર્યા. ત્યાં **રૂપરામ ઠાકર** તથા **નરભેરામ દવે** તથા **મલકાઅર્જુન** આદિ સર્વે હરિજને સામૈયું કર્યું. ને વાજતે ગાજતે મહારાજને પધરાવ્યા. પછી થાળ થયો, તે મહારાજ જમ્યા. ને સર્વે સંત તથા પાળાને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી પ્રભાતે જાગ્યા ને દાતણ કરીને ને સ્નાન કરીને નિત્યવિધિ કરી. ને પછી સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજે કહ્યું જે, "સંતો, કીર્તન બોલો." ત્યારે સંત બોલ્યા. પછી ગામના સર્વે બ્રાહ્મણ આવીને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે આવકાર દીધો, ને સર્વે બેઠા. પછી મહારાજે

મુક્તાનંદસ્વામી પાસે વાત કરાવી.

પછી તે બ્રાહ્મણ બોલ્યા જે, “હે મહારાજ ! તમે ભગવાન કહેવાઓ છો, તે કાંઈક પરચો આપવો જોઈએ. જેમ શંકરાચાર્યે વેદ બોલાવ્યા, તેમ તમે પણ અમને કાંઈક ચમત્કાર દેખાડો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ બ્રાહ્મણ કેવો છે ?” ત્યારે તે બોલ્યા જે, “પશુ તુલ્ય છે.” ત્યારે મહારાજે ચપટી વગાડી ને બોલ્યા જે, “બોલ વેદની શ્રુતિઓ.” ત્યારે તે જે બોલવા માંડ્યો, તે ચારે વેદની શ્રુતિઓ બોલ્યો. તેને સાંભળીને સર્વે બ્રાહ્મણ બોલ્યા જે, “આ તો કાંઈક આશ્ચર્યકારી દેખાય છે.” એમ કહીને ચારેક ઘડી બેસીને પછી ઊઠી નીકળ્યા.

પછી મહારાજ થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. પછી તૈયાર થઈને ચાલ્યા, તે ગામ **હાથરોલી** આવ્યા ને **ભગુ ખાંટ**ના ફળીમાં રાત રહ્યા. ને આનંદસ્વામીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને પોઢ્યા. પછી પ્રભાતે જાગ્યા ને સાબદા થઈને ચાલ્યા તે ગામ **ડડુસર** આવ્યા. ને **ગલુજી**ને ઘેર ઊતર્યા.

❊ કઠલાલના ડોસીએ ચરણામૃત કૂવામાં નાખ્યું :

ત્યાં જમીને ચાલ્યા, તે ગામ **કઠલાલ** ગયા. ત્યાં રાત રહ્યા ને જમીને ચાલ્યા. તે સમયે એક ડોસી પાણી પીવાના કૂવામાંથી પાણીનો ઘડો ભરીને કહે, “મહારાજ ! ઊભા રહો.” ત્યારે મહારાજ ઊભા રહ્યા. ત્યારે તે બાઈ બોલી જે, “હે મહારાજ ! આ ઘડામાં તમારો પગ બોળીને ચરણામૃત કરી આપો. તે લઈને ગામના પાણી પીવાના કૂવામાં નાંખીશ. જેમ પૂર્વે તમારા ચરણનો સ્પર્શ કરીને અહલ્યા તરી, તેમ આ પાણી પીશે, તે સર્વે સત્સંગી થાશે ને બધા ગામનું કલ્યાણ થાશે.” પછી મહારાજે ચરણામૃત કરી આપ્યું. ત્યારે તે બાઈએ ઘડો પાછો કૂવામાં રેડ્યો. ત્યારે જે મહારાજ પાસે સાધુ તથા હરિભક્ત હતા, તે સર્વે આશ્ચર્ય પામ્યા જે, ‘આપણે મહારાજ પાસે હંમેશ રહીએ છીએ, તોપણ આપણે એવું

માહાત્મ્ય નથી જાણતા. જેમ ઉદ્ધવજીએ ગોપીઓની વાણી સાંભળીને માહાત્મ્ય જાણ્યું, તેમ આપણે પણ એમ થયું.'

❊ વહેલાલના વખતબાનો પ્રેમ :

એવી રીતે માહાત્મ્યની વાતો કરતાં કરતાં ચાલ્યા, તે ગામ **વહેલાલ** પધાર્યા ને **જેસંગભાઈને** ઘેર ઊતર્યા. ને સભા કરી બિરાજમાન થયા. ને **વખતબા**એ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી વહેલા જાગ્યા ને સર્વેને કહે, "થાઓ તૈયાર, ચાલીએ." ત્યારે ગામના હરિભક્ત સર્વે હાથ જોડી બોલ્યા જે, "હે મહારાજ ! જમીને ચાલજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે રહેવાય નહીં." ત્યારે બાઈઓએ મહારાજનાં જે પહેરવાનાં વસ્ત્ર હતાં તે સંતાડ્યાં. ત્યારે મહારાજ પાળાને કહે, "અમારાં વસ્ત્ર લાવો, પહેરીએ." ત્યારે પાળા જ્યાં લેવા જાય ત્યારે તો વસ્ત્ર ન મળે. ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો વખતબા લઈ ગયાં હશે, તે જમ્યા વિના નહીં ચાલવા દે."

પછી મહારાજે દાતણ કરીને સ્નાન કર્યું, ને ભારે ભારે વસ્ત્ર હરિભક્તે પહેરાવ્યાં. ને ફૂલના હાર પહેરાવ્યા ને કેસરચંદન ઉતારીને પૂજા કરી. પછી થાળ થયો તે મહારાજ જમ્યા. ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ ચાલ્યા. ને સર્વે હરિજન સીમાડા સુધી વળાવવા આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "હવે ઊભા રહો." ત્યારે સર્વે હરિભક્તે દંડવત કર્યા ને મહારાજનો ચરણસ્પર્શ કરીને ઊભા રહ્યા. પછી મહારાજે ઘોડા દોડાવી મેલ્યા. પછી કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! ભણે જમ્યા છીએ ને આમ દોડ કરશો તો ત્યાં નહીં પુગાય." પછી મહારાજ ધીરે ધીરે ચાલ્યા, તે ગામ **ઉનાવે** પધાર્યા. ને ગાજતે વાજતે **પટેલ રામદાસ**ના માઢમાં પધાર્યા. ને સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી પોતે પોઢ્યા.

❊ કરજીસણમાં વિવિધ લીલા :

પછી જાગ્યા ને સાબદા થઈને ચાલ્યા, તે ગામ **ખોરજ**માં થાળ જમીને ગામ **કરજીસણ** પધાર્યા. અને ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને નાથભક્ત ને ઉમાભાઈ તાળી વજાડીને કીર્તન બોલતા જાય; એવી રીતે ધામધૂમ થકા પટેલ ગોવિંદજીને ઘેર ઊતર્યા ને ફળિયામાં સભા કરીને બિરાજમાન થયા. અને ગંગામા આદિ બાઈઓએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ સુખાળા થયા. પછી મહારાજે કાઠીઓને કહ્યું જે, “અમે તો હમણાં અહીંયાં રહીશું. તમે સર્વે ઘેર જાઓ અને અમે તેડાવીએ ત્યારે આવજો.” પછી સર્વે મહારાજની રજા માગીને ચાલી નીકળ્યાં. ને પાંચ-છ અસવાર તથા સર્વે પાળા તથા કામકાજ કરવા નાનાભાઈ તથા જેરામ બ્રહ્મચારી એ આદિ સર્વે મહારાજની સેવામાં રહ્યા.

પછી સર્વે મુનિમંડળને તેડાવ્યાં. તે જેમ જેમ આવતાં જાય તેમ તેમ મહારાજ મળતા જાય ને ખબર પૂછતા જાય. ત્યારે સર્વે મુનિ હાથ જોડીને બોલ્યા જે, “સર્વે સત્સંગીને અંતરમાં મહારાજનાં દર્શનની બહુ ઈચ્છા રહે છે અને સુખે કરીને મહારાજનું ભજન કરે છે.” ત્યારે મહારાજ કહે, “બહુ સારું.” પછી થાળ થયો તે મહારાજ જમ્યા. ને સર્વે મુનિમંડળને જમાડ્યાં. પછી મહારાજ પોઢ્યા. પ્રભાતે જાગીને દાતણ કર્યું ને સ્નાન કરીને પોતાની નિત્યવિધિ કરી. પછી બોલ્યા જે, “સભા કરીએ એવી સારી જગ્યા ક્યાં હશે ?” ત્યારે હાથ જોડીને ગોવિંદભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! ગામથી બહાર સુંદર જગ્યા ને વડ છે.” ત્યારે મહારાજ કહે, “ચાલો ત્યાં જઈએ.”

પછી સર્વે પાળા તૈયાર થયા. અને મહારાજે ભારે ભારે વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ અસવાર થયા. અને બેય કોરે ચમર થઈ રહ્યાં છે,

ને આગળ નાના પ્રકારનાં વાજિંત્ર વાગી રહ્યાં છે, અને પરમહંસ મહારાજની આગળ કીર્તન ગાતા જાય છે, અને હરિભક્ત બાઈઓ મહારાજની વાંસે કીર્તન ગાતાં જાય છે; એવી રીતની શોભાને ધારણ કરતા થકા વડની હેઠે પધાર્યા.

ત્યાં પાટ ઉપર ઢોલિયો ને તેના પર ભારે મશરૂનું ગાદલું ઓછાડે સહિત પાથર્યું હતું. તેના ઉપર તકિયાનું ઓઠીંગણ દઈને બિરાજમાન થયા. અને સર્વે સંતમંડળ તથા સંન્યાસી તથા બ્રહ્મચારી તે મહારાજની આગળ બેઠા. તેને પછવાડે સર્વે હરિજન બેઠા અને મહારાજની પછવાડે બાઈઓ જુદી સભા કરીને બેઠી. જેમ પૂર્ણમાસીના ચંદ્રમાની ચારેકોરે ફરતા તારા શોભે, તેવી શોભાને ધારણ કરતા થકા બિરાજતા હતા. અને જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે, તેમ પ્રેમી હરિજન મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા હતા. તેના ઉપર બ્રહ્માનંદસ્વામીનું કવિત છે.

સુખપુર પિયુષ મયૂખ દયા, સુબુદ્ધિ શતા સુલા વિલસી હે;
પ્રૌઢ પ્રતાપ પ્રકાશહું સે, તમ નાશ ભયોરુ ઉજાસ દિસી હે.
પ્રેમી ચકોર સો જોર રહે દ્રગ, વૃંદમુનિ નલની વિકસી હે;
બ્રહ્મમુનિ કહે યા જગ મેં, સત્સંગ માનું નકલંક શશી હે.

એવી રીતે ઘણીવાર ત્યાં મહારાજ સર્વે હરિજનને દર્શન દેતા થકા ને સુખ ઉપજાવતા થકા બિરાજ્યા. પછી જેવી રીતે બહાર પધાર્યા, તેવી જ રીતે પાછા ગામમાં પધાર્યા. પછી વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા ને સર્વે મુનિમંડળ તથા પાળા તેમને જમાડ્યા. પછી ત્યાં જ સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, “આંહીં સભાને બહુ સાંકડ થાય છે, માટે ચાલો બહાર જઈએ.” પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ચાલ્યા. ને પરમહંસ કીર્તન ગાતા ગાતા ચાલ્યા, તે વડ હેઠે આવીને સભા કરીને બેઠા. અને નાના સંતો પાસે કીર્તન ગવરાવ્યાં જે, *‘ઓરા આવો નટવર નાનડિયા...’* એ તાળી વજાડીને બોલ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “સંતો ! તમને શતપ્રશ્નોત્તરી કંઠે આવડે છે ?” ત્યારે સંત બોલ્યા જે, “હા મહારાજ, આવડે છે.” પછી આરતીનો વખત થયો, તેથી ઊભા થઈને આરતી-ધૂન બોલ્યા. પછી મહારાજ નમસ્કાર કરીને બિરાજમાન થયા. ને સંત સર્વે પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી ઊભા થઈને રેણકી છંદ બોલ્યા. પછી ચારેકોરે દીવીઓ બળે ને કીર્તન ગવાય ને વાતો થાય છે. ને બાઈ-ભાઈ હજારો મનુષ્ય મહારાજનાં દર્શન કરે છે. એવી રીતે પહોરવાર ત્યાં બિરાજ્યા. પછી ગામમાં પધાર્યા ને પોઢ્યા.

❊ કરજીસણમાં જન્માષ્ટમી-ઉત્સવ કર્યો :

પછી પ્રભાતે જાગ્યા ને દાતણ કર્યું. તે સમે **નાનાભાઈ** હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! આજ જન્માષ્ટમીનો ઉત્સવ છે. તે કહો તો વડે હિંડોળો બાંધીએ.” ત્યારે મહારાજે હા પાડી. ત્યારે નિષ્કુળાનંદસ્વામી તથા જેરામ બ્રહ્મચારીએ હિંડોળો બાંધીને શણગાર્યો. તે જાણે મુક્તનાં વિમાન હોય ને શું ! પછી મહારાજે ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં છે; ને કડાં, વેઢ, વીંટી, પોંચી આદિ ઘરેણાં પહેર્યાં છે; અને એક ભારે રેંટો માથે બાંધ્યો છે અને એક રેંટો ખભે નાંખ્યો છે ને એક રેંટો કેડે બાંધ્યો છે; એવી શોભાએ સહિત મહારાજ આવીને હિંડોળા ઉપર બિરાજમાન થયા.

તે સમયે સર્વે મુક્ત તથા દેવતા મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. ને પુષ્પ-ચંદનની વૃષ્ટિ થતી હતી. અને તે સમયે હજારો મનુષ્યને સમાધિઓ થતી હતી. અને જે ગૃહસ્થ હરિજન હતા, તે મહારાજના ચરણનો સ્પર્શ કરી કરીને ભેટ મેલતા હતા. અને ત્યાગી જે પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તે સર્વે પુષ્પના હાર, ગજરા, તોરા, ગુચ્છ, પુષ્પની કલગી એ આદિ આભૂષણ તથા ચંદને કરીને મહારાજની પૂજા કરતા હતા. પછી સર્વે સંત મહારાજના ચરણને ચંદન ચર્ચીને છાતીમાં

લેતા હતા. પછી ગાજતે વાજતે ગામમાં પધાર્યા અને ફરાળ કરીને પાછા ગામ બહાર આવ્યા ને હિંડોળા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સભા શોભી રહી છે. પછી મહારાજ હિંડોળા ઉપર ઊભા થઈને ઝૂલે છે. ને રેશમની દોરી હાથમાં લઈને મુક્તાનંદસ્વામી ઝુલાવે છે. અને ચારેકોરે હરિજન જયજયકાર કરી રહ્યા છે. પછી તે સમે આરતી પ્રગટાવીને લાવ્યા. પછી આનંદસ્વામીએ ઊભા થઈને આરતી ઉતારી. અને તે સમયે દેશદેશના હરિભક્ત આવીને ભેટ મેલતા હતા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંત કીર્તન બોલ્યા જે,

'સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે.'

એ કીર્તન તાળી વજાડીને બોલ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢી ગયા. પછી પ્રભાતે મહારાજ જાગ્યા, ને દાતણ કરીને, સ્નાન કરીને, નિત્યવિધિ કરી. પછી થાળ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી મહારાજ સુખાળા થયા. પછી મહારાજ જાગ્યા ને સર્વે હરિજનને શીખ આપી. પછી મહારાજે પરમહંસને કહ્યું જે, "હવે મંડળ બાંધીને દેશ દેશમાં ફરવા જાઓ." ત્યારે સંત કહે, "સારું મહારાજ." પછી મહારાજ કહે, "આવો મળીએ." પછી મહારાજની બેય કોરે બે બે સંત ઊભા રહે, ને જે મળવા આવે તે મળીને પાછા જાય ત્યારે બીજાને આવવા દે. એવી રીતે ધીરે ધીરે સર્વે સંત, સંન્યાસી ને બ્રહ્મચારી એ સર્વેને મહારાજ મળ્યા. પછી સર્વે સંત ચાલી નીસર્યા અને મહારાજ ત્યાં જ રહ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત પૂર્વાર્ધે 'સારંગપુર ને વડતાલની લીલા તથા ગામ કરજીસણ જન્માષ્ટમી ઉત્સવ કર્યો' એ નામે વીશમો વિશ્રામ ॥૨૦॥

વિશ્રામ - ૨૧

ગુજરાતમાં વિચરણ, દુર્ગપુર કપિલાછઠ કરી અને સોરઠમાં વિચરણ

❊ કરજીસણ આદિ ગામોમાં થાળ તથા સભા, અસલાલી પધાર્યા :

જે ઠેકાણે વડે હિંડોળો બાંધ્યો હતો, તે ઠેકાણે હમણાં છત્રી કરીને હનુમાનજી પધરાવ્યા છે. મહારાજ ત્યાં જ બિરાજે છે. અને ગામથી ઉત્તર દિશામાં એક કૂવો છે. ત્યાં એક વરખડો(એ નામનું વૃક્ષ) છે, તેને હેઠે હમણા બેઠક કરી છે. તે ઠેકાણે ઢોલિયો, તળાઈ બિછાવેલાં, તેના ઉપર મહારાજ બિરાજમાન થયા. અને થાળ પણ ત્યાં જ જમ્યા અને રાત પણ ત્યાં જ રહ્યા. અને ગામ ડાંગરવેથી પણ બાઈઓ ભેગાં થઈને ગાતાં ગાતાં મહારાજને સારુ થાળનો સામાન લાવ્યાં, તે મહારાજ જમ્યા. એવી રીતે ત્યાં એક માસ સુધી મહારાજ રહ્યા. પછી ત્યાંથી ગાડી જોડાવીને ચાલ્યા, તે ગામ **ઓલે** પધાર્યા ને માઢમાં એક રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ધમાસણ** પધાર્યા.

તે સમયે સાધુ ભાઈરામદાસજી આદિ, સુથાર પુરુષોત્તમને ઘેર રસોઈ કરતા, તે મેલીને મહારાજની પાસે આવ્યા. અને મહારાજ ગામમાં પધાર્યા ત્યારે એક મનુષ્ય એક આંખે જખ્મી હતો, તે એમ બોલે જે, 'સ્વામિનારાયણની જય.' ત્યારે મહારાજ બોલ્યા જે, "એને ના પાડો." પણ તે તો એમ ને એમ બોલવા લાગ્યો. પછી મહારાજ ગામમાં તો ન ગયા અને કૂવા ઉપર વડ છે, ત્યાં જઈને બિરાજ્યા. ત્યારે પુરુષોત્તમના નેત્રમાં જળજળિયાં આવ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "વળી કોઈ દિવસ અમે આવશું." પછી હરિભક્તે પૂછ્યું જે, "હે મહારાજ ! તમે કાંઈક જમશો ?" પછી મહારાજ કહે, "લાવો." તે લાવ્યા ને મહારાજ થાળ જમ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **પેથાપર**થી ઉગમણી કોરે જગ્યા છે, ત્યાં જઈને રાત રહ્યા. નદીમાં નાહ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગામ **કણભા** પધાર્યા. અને હમણાં જ્યાં મંદિર છે

ને જ્યાં ઓટો કર્યો છે, તે ઠેકાણે **નાથભક્ત**નું ઘર હતું. તે ઘરને વિષે રામાનંદસ્વામી ઊતરતા. ત્યાં મહારાજ ગાજતે વાજતે આવ્યા અને ફળીમાં ઢોલિયો ઢાળ્યો હતો, તેના ઉપર બિરાજમાન થયા. પછી થાળ થયો તે મહારાજ જમ્યા. પછી ત્યાં સભા કરીને બિરાજમાન થયા. પછી નાગજી ને ઉમાભાઈ તે બે જણ કીર્તન બોલ્યા. પછી આરતી-ધૂન કરીને બેઠા. પછી ભાઈરામદાસજીએ ભગવાનના મહિમાની વાત કરી. તેને સાંભળીને બીજા પાટીદાર વર્તમાન ધારીને સત્સંગી થયા. પછી મહારાજ પોઢ્યા. પછી પ્રભાતે જાગીને ચાલ્યા, તે સર્વે હરિજન સીમાડા સુધી વળાવવા આવ્યા.

પછી સર્વેને પાછા વાળ્યા ને મહારાજ **ખોખરા મહેમદાવાદ** પધાર્યા. અને થાળ થયો તે જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **અસલાલી** આવ્યા. અને હરિભક્તે સામૈયું કર્યું, તે વાજતેગાજતે **વેણીભાઈ**ને ઘેર પધાર્યા ને થાળ જમ્યા. પછી **ગોપાળજી**ને ઘેર સભા કરીને બિરાજ્યા. ત્યારે ગામના સર્વે અમીન તથા ઘણાંક મનુષ્ય તે મહારાજની મૂર્તિનો પ્રતાપ જોઈને વર્તમાન ધારીને સત્સંગી થયાં. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ત્યારે ઘણાંક મનુષ્ય સીમાડા સુધી વળાવવા આવ્યાં. તેને મહારાજે પાછા વાળ્યાં ને વેણીભાઈ ને ગોપાળજી એ બેને સાથે લીધા.

❊ જેતલપુરમાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ દર્શને આવ્યા :

પછી ચાલ્યા તે **જેતલપુર** પધાર્યા. અને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. અને જ્યાં હમણાં મંદિર છે, ને મંદિર પાસે બેઠક છે ત્યાં મેડી હતી, તેમાં ઊતર્યા. અને ગંગામાએ થાળ કરાવ્યો તેને મહારાજ જમીને મેડી ઉપર પોઢ્યા. અને વાડીમાં જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં રાત્રીએ સંતમંડળ બેઠા ધ્યાન કરતા હતા. તે સમયે એક ભારે તેજનો ગોળો આવ્યો. તે જ્યાં મહારાજ પોઢ્યા'તા ત્યાં ગયો, તેને સર્વે સંતે

દેખ્યો. પછી ચાર ઘડી કેડે ત્રણ ગોળા મહારાજની પાસેથી આવ્યા. તે સંતોને પગે લાગીને આકાશમાં ઊભા રહ્યા. પછી સંતોને નમસ્કાર કરીને આકાશ માર્ગે ગયા. પછી મહારાજ જાગ્યા ને ઘોડીએ અસવાર થઈને ફૂલવાડીએ પધાર્યા. ને હમણાં જ્યાં છત્રી છે ને બોરસડીનું વૃક્ષ છે ત્યાં સભા કરીને બિરાજમાન થયા. અને સર્વે સંતમંડળ તથા પાળા તથા હરિભક્ત તે ચારેકોર બેઠા. પછી ભાઈરામદાસજી હાથ જોડીને બોલ્યા જે, "આજ તો રાત્રીને વિષે એક ભારે તેજનો ગોળો આવ્યો. તે અમને નમસ્કાર કરીને જ્યાં મહારાજ પોઢ્યા'તા ત્યાં ગયો. પછી ચાર ઘડી કેડે ત્રણ ગોળા આકાશ માર્ગે આવ્યા. તે આવીને અધ્ધર ઊભા રહ્યા ને અમને નમસ્કાર કરીને આકાશ માર્ગે ગયા. તે કોણ હશે ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ત્રણ દેવ જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, તે બ્રહ્માંડ સંબંધી કોઈક વાત હતી, તે પૂછવા આવ્યા હતા." પછી એ સમે બોરસડીના ફૂલના હાર, બાજુબંધ, તોરા, ને ગુચ્છ તે મહારાજને પહેરાવ્યાં ને લીંબુ હાથમાં આપ્યાં. અને અંજીરનાં ફળ મહારાજને મુક્તાનંદસ્વામીએ જમાડ્યા. પછી ઘોડીએ અસવાર થઈને મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા. પછી સંતોને દેશમાં ફરવાની આજ્ઞા આપી અને મહારાજ ચાલ્યા. ત્યારે હરિભક્તે બહુ તાણ કરીને રાખવાનું કર્યું, પણ મહારાજ ન રહ્યા. અને સીમાડા સુધી સર્વે હરિજન વળાવવા આવ્યા. મહારાજે તે સર્વેને પાછાં વાળ્યાં.

❊ જેતલપુરથી વિચરણ કરતા શ્રીહરિ ગઢડા પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ધોળકા** ચકલી તળાવ ઉપર ઊતર્યા. પછી હરિજન ત્યાં સામાન લાવ્યા તેની રસોઈ કરી. પછી મહારાજ તળાવમાં નાહ્યા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી પોઢ્યા ને જાગીને સાબદા થઈને ચાલ્યા તે ગામ **બળોલ** આવ્યા. અને **વીરાભક્ત**ને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **અણિયાળી** આવ્યા ને ત્યાં

રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સારંગપુર** પધાર્યા ને **જીવા ખાચર**ના દરબારમાં આવીને ઊતર્યા. ત્યાં ચાર દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઈંગોરાળા** પધાર્યા ને **લુણિયલ ધાધલ**ને ઘેર ઊતર્યા ને થાળ જમ્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા તે વાજતે ગાજતે **ગઢડે એભલ ખાચર**ના દરબારમાં પધાર્યા. અને થાળ થયો તે મહારાજ જમ્યા, પછી પોઢ્યા.

પછી જાગીને સભા કરીને વિરાજમાન થયા. અને મુક્તાનંદસ્વામી આદિ જે સંત તેમણે ગાવણું કર્યું. પછી મહારાજે સભાને શીખ આપી ને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા ને પોઢ્યા. અને જ્યાં હમણાં અક્ષરઓરડો છે, તે ઠેકાણે એક ઓરડી હતી, ત્યાં મહારાજ રહેતા અને કથા વંચાવતા અને ભારે ભારે રસોઈઓ કરાવીને સંતને તાણ કરીને વારંવાર પીરસીને જમાડતા. પછી કપિલા છઠ આવી, તે પ્રથમ જીવા ખાચરના દરબારમાં રસોઈ કરાવી, તે મહારાજ જમ્યા ને પછી સંતને જમાડ્યા. પછી દાદા ખાચરના દરબારમાં પધાર્યા. અને રસોઈ કરાવીને મહારાજ જમ્યા, ને સંતમંડળને તાણ કરી કરીને જમાડ્યા. પછી મુખવાસ જે એલચી, લવિંગ ને સોપારી તે મહારાજે જમીને સર્વે સંતને આપી અને સંત સર્વે ઉતારે આવ્યા.

હવે જ્યારે મહારાજે ડભાણનો મહારુદ્ર કર્યો ત્યારે સર્વે બ્રાહ્મણ એમ બોલ્યા જે, “જ્યારે આપણને જમાડે છે, ત્યારે એનો પંથ ચાલે છે.” તે વાત મહારાજે સાંભળી ત્યારે મહારાજ કહે, “હે પરમહંસો ! તમે જમો. આપણો સત્સંગ જોઈએ કેમ નથી ચાલતો !” અને વળી એક સમે જેતલપુરમાં મહારાજે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો, ત્યારે કેટલાક બ્રાહ્મણ ને પરમહંસ તેમને સારુ રસોઈ બ્રાહ્મણ પાસે કરાવી. ત્યારે બ્રાહ્મણે પોતાને સારુ લાડુ કર્યા, તેમાં તો ઘી ઘણું નાંખ્યું ને પરમહંસને સારુ લાડુ કર્યા તે તો કોરા હતા. પછી મયારામ ભટ્ટે બેય લાડુ લાવીને મહારાજને દેખાડ્યા. ત્યારે સર્વે સત્સંગીને બહુ ખોટું લાગ્યું ને કહ્યું જે,

"હે મહારાજ ! અમે તો પરમહંસને જમાડવા સારુ રસોઈ કરાવીએ છીએ. તેમાં બ્રાહ્મણ આમ કરે તે અમને સારું લાગતું નથી." પછી મહારાજ બોલ્યા જે, "તમને સારું ન લાગે તો આજથી અમારે પણ કુસંગી બ્રાહ્મણ પાસે રસોઈ ન કરાવવી. અને પરમહંસને પણ સત્સંગી બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને જમાડશું. અને બ્રાહ્મણે કપટ કર્યું તો એ લાડુ એને ખાવા નહીં દઈએ, ત્યારે તમે ખુશી છો ?" ત્યારે કહે, "હા મહારાજ." પછી ઠાકોરનો જન્મોત્સવ થયો ત્યારે બ્રાહ્મણ લાડુ ઢાંકીને ઘેર ગયા ને ભટ્ટજી નાવા ગયા. ત્યારે મહારાજે પંક્તિ કરીને સર્વે લાડુ પરમહંસને જમાડ્યા. પછી બ્રાહ્મણ આવ્યા તેમને ખીચડી આપીને કહે, "હવે રાંધી ખાઓ." ત્યારથી મહારાજે સંતોને જમાડવા માંડ્યા.

❋ રાજબા વગેરે બાઈઓની ભક્તિ અને સ્થિતિ :

રાજબાઈ જીવા ખાચરનાં સગાં(સાળીના દીકરી) હતાં અને જીવા ખાચરના દરબારમાં રહેતાં. તે બાઈ જ્યારે પૂજા ને માળા લઈને દાદા ખાચરના દરબારમાં આવે, ત્યારે મહારાજ દેશ-પરદેશમાં ગયા હોય ને કાંઈ ખબર પણ ન હોય તોપણ જાણે આવ્યા જ છે. અને બાઈઓ પણ મહારાજને આવ્યા મોર થાળનો સામાન કરવા માંડે. અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ જે ત્રણ દેહ તેથી પર પોતાનું સ્વરૂપ દેખે. અને તેને વિષે ભગવાનની મૂર્તિને અખંડ દેખે. અને ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણેય કાળની વાત જાણે. એવી સર્વે બાઈઓની સ્થિતિ ને ભક્તિ હતી.

❋ ગઢપુરમાં ત્રણ માસ નિવાસ :

હવે મહારાજ જમીને અક્ષરઓરડીમાં પોઢ્યા ને પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. પછી વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ઘેલે નાવા પધાર્યા. સર્વે સંત તથા હરિભક્ત સાથે છે, અને સર્વે પાળા ઢાલ, તલવારો અને બંદૂકો બાંધીને મહારાજની આસપાસ ચાલ્યા આવે છે. એવી રીતની શોભાએ સહિત ખળખળિયે આવ્યા ને ત્યાં વસ્ત્ર

ઉતારીને જળમાં નાવા પધાર્યા. અને સર્વે સંત મહારાજની હેઠવાસ નાતા હતા. પછી ચાર ઘડી વાર લગી નાહીને પાળાનો હાથ ઝાલીને જળથી બહાર નીસર્યા. અને બે સાથળ વચ્ચે પહેરવાનું વસ્ત્ર નીચોવીને શરીરને લૂછ્યું. પછી બીજું કોરું વસ્ત્ર પહેર્યું અને વચ્ચે છોગું મેલીને પાઘ બાંધી. અને એક છેડો ખભે નાંખીને કેડે એક વસ્ત્ર બાંધ્યું. અને હરિજને કુંકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર પહેરાવ્યા. પછી ઘોડીએ અસવાર થઈને સર્વે સંત તથા હરિભક્ત તેણે સહિત દાદા ખાચરના દરબારમાં પધાર્યા ને સભા કરીને ગાવણું કરાવ્યું. પછી મોટીબાઈએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા. પછી અક્ષરઓરડીમાં પોઢ્યા. પછી મહારાજ જાગ્યા ને મુકુંદ બ્રહ્મચારીએ જળના કોગળા કરાવ્યા ને જળપાન કરાવ્યું. પછી રસોઈ તૈયાર થઈ તે મહારાજ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. એવી ને એવી લીલા કરતા થકા ત્યાં ત્રણ માસ સુધી રહ્યા.

પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **કરિયાણે** પધાર્યા. અને ત્યાંથી **ઘુઘરાળે** થઈને **દેરડી**એ **શેઠ રૂપસી**ને ઘેર પધાર્યા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાં દિન એક રહીને ચાલ્યા, તે ગામ **ગાલોલ** આવ્યા ને **માવાભક્ત**ને ઘેર થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સાંકળી** આવ્યા અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ફરેણી** આવ્યા. ત્યાં થાળ જમ્યા ને પોઢ્યા ને જાગ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **માણાવદર** આવ્યા ને હરિભક્તે સામૈયું કર્યું. મહારાજ **મયારામ ભટ્ટ**ને ઘેર પધાર્યા ને આથમણા બારનો ઓરડો છે, તેની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

❊ કાળ પડવાની ચેતવણી તથા સંતોને ખટરસના નીમ :

પછી સભા થઈ ને મહારાજ બોલ્યા જે, “કોઠીઓમાં દાણા રાખજો ને ઉપર ઢાંકણું દઈને છાંદીને સાણેથી દાણા કાઢવા. એવી રીતે ગામગામના સત્સંગીને સમજાવજો.” અને **પરમહંસને એમ આજ્ઞા**

કરી જે, "શેરડીમાંથી જે નીપજે ને દૂધમાંથી જે નીપજે તે ન ખાવું." એવી રીતનો કાગળ લખાવીને જ્યાં જ્યાં સંતનાં મંડળ હતાં, ત્યાં ત્યાં મોકલાવ્યો. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ચાલ્યા તે ગામ **આખે** આવ્યા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. ને સભા કરીને ફળીમાં પીપળાનું વૃક્ષ હતું, તેને હેઠે બિરાજમાન થયા. અને કીર્તન ગવરાવ્યાં ને આરતી-ધૂન કરીને થાળ જમ્યા. પછી પોઢ્યા.

❊ અગત્રાઈમાં આંબાડાળે બેઠા તથા ઘરોઘર થાળ જમ્યા :

સવારે જાગીને ચાલ્યા તે ગામ **અગતરાઈ** પધાર્યા. અને વાજતે ગાજતે **પર્વતભાઈ**ને ઘેર આવ્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમ્યા ને પોઢ્યા. ત્યારે પર્વતભાઈ ચરણકમળ ખોળામાં લઈને દાબવા બેઠા. ને એક ચરણ ભીમભાઈ દાબે છે ને મહારાજ મંદ મંદ હસતા જાય ને વાતો કરતા જાય. એમ અર્ધ રાત સુધી વાતો કરીને પછી મહારાજ પોઢ્યા. પછી પ્રભાતે જાગ્યા ને મહારાજ કહે, 'ચાલો.' ત્યારે પર્વતભાઈ તથા બાઈઓ આદિ હરિજન એમ બોલ્યા જે, "હે મહારાજ ! જમીને ચાલજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "સારું, તમે સર્વે ઘરોઘર બ્રાહ્મણ પાસે અમારા સારુ થાળ કરાવજો." એમ કહીને પોતાની ભેળા પાળાઓને લઈને મહારાજ નદીએ નાવા પધાર્યા. અને જ્યાં નદીના કાંઠે પર્વતભાઈના ખેતરને શેઢે ધોળિયો આંબો છે, ત્યાં જઈને ભારે ભારે વસ્ત્ર ઉતારીને મહારાજ નાહ્યા ને વસ્ત્ર પહેર્યાં.

પછી ત્યાં આંબાની ડાળ ઉપર મહારાજ બેઠા. કેમ જે, તે ડાળ ઘણી નીચી નમી હતી અને એ આંબાની કેરીઓ બહુ મીઠી હતી. તે મહારાજ ઘણી વાર જમ્યા છે ને એ આંબા ઉપર ઘણી વાર બેઠા છે. પછી ત્યાંથી મહારાજ ચાલ્યા ને હરિજન કીર્તન બોલી રહ્યા હતા. એવી રીતે ગામમાં પધાર્યા ને હરિભક્તને ઘરોઘર બરફી-પેંડા આદિ થાળ જમ્યા ને સર્વે પાળાને જમાડ્યા. પછી પર્વતભાઈને મહારાજે સાથે લીધા

ને ત્યાંથી ચાલ્યા. અને ગામના ચોકમાં કોઈક રીંછને રમાડતો હતો. ત્યાં મહારાજ આવ્યા. ત્યારે રીંછ ઊભો થયો ને વેરાભાઈના હાથમાંથી બરછી લઈ લીધી. ત્યારે મહારાજે જે હાકલ કરી તે બરછી મેલીને છેટે જઈને ઊભો રહ્યો.

❊ પંચાળામાં થાળ જમીને ઝીણાભાઈને સમૃદ્ધ કર્યા :

પછી મહારાજ ગામ **પંચાળા** આવ્યા. અને **ઝીણાભાઈ**ના દરબારમાં પધાર્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી મહારાજે કહ્યું જે, "ઝીણાભાઈ, અમે તો ભૂખ્યા છીએ." ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! તો હાલ રસોઈ કરાવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં જે ઘરમાં તૈયાર હોય તે લાવો." ત્યારે નીલી જુવાર ઝીણાભાઈ લાવ્યા, તે મહારાજ જમ્યા. તે પછી જળપાન કર્યું. પછી અદીબાએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા. ત્યારથી ઝીણાભાઈના ઘરમાં સમૃદ્ધિ વૃદ્ધિ પામી અને દાણા ને રૂપિયા મેલવાનો ક્યાંઈ માર્ગ ન રહ્યો. અને આપણે સુદામાની વાત કરીએ છીએ, તે વાત પણ સાચી છે. અને આ વાત તો નજરની દેખેલી છે અને તે વાત તો કાનની સાંભળેલી છે. પછી મહારાજ ચાર દિવસ રહીને ચાલ્યા, તે ગામોગામના હરિભક્તને દર્શન દેતા થકા ગામ **ભાડેર** પધાર્યા.

❊ મેઘપરમાં મુળજી મરાયો ને શ્રીહરિ તેને ધામમાં લઈ ગયા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **મેઘપર** આવ્યા ને **લાડકીબાઈ**ને ઘેર ઊતર્યા. અને તે સમયે મહારાજની મૂર્તિ કરડી બહુ દેખાઈ. પછી રાત રહ્યા ને ચાલવાનુ કર્યું, પણ ચાલવા દીધા નહીં. પછી સમાધિવાળા **મુળજી** નાવા જાતા હતા. ત્યારે વૈરાગી બોલ્યો જે, "દેખો જીવનમુક્તાકા પંથકા ચલા જાતા હૈ." ત્યારે મુળજી બોલ્યો જે, "ભલો ડાબો ખર(ગધેડો) થયો !" ત્યારે તે વૈરાગી ધોકો લઈને મારવા આવ્યો. ત્યારે મુળજી પાસે તલવાર હતી, તેણે કરીને બાવાના બે હાથ કાપી નાંખ્યા. પછી

ગામમાં હાકોટો થયો ને ગામની હલા મુળજીને વાંસે થઈ અને મુળજી **ભાડેર**ને રસ્તે ચાલ્યો ને કોઈથી પકડાયો નહીં. પછી મહારાજના સમ દીધા ત્યારે ઊભો રહ્યો. ત્યારે દગો કરીને વાંસેથી બરછી મારી. પછી મુળજીએ ચારને ઘવરાવ્યા અને બીજા નાસી ગયા અને પોતે આસન વાળીને ધ્યાનમાં બેઠો.

પછી તે ખબર મહારાજની પાસે આવી. ત્યારે મહારાજ કહે, "થાઓ તૈયાર." ત્યારે સર્વે તૈયાર થયા ને મહારાજ ઘોડીએ અસવાર થઈને દરવાજે જ્યાં આવ્યા, ત્યાં તો ઘણાક સરબંધી બંદૂકો ભરીને ઊભા હતા. તે મહારાજે જે કરડી દૃષ્ટિ કરી તે બધાય સજ્જડ થઈ ગયા. જેમ લાકડાનાં પૂતળાં હોય તેવા જ થઈ ગયા. અને મહારાજ ભેળા **પ્રતાપસિંહ** હતા. તેમણે સર્વે ભાવરની જામગરીઓ(બંદૂક ફોડવા તેના કાનમાં ચાંપવા માટેની સળગતી દોરી-વાટ) ઓલવી નાંખી. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે જ્યાં મુળજી હતો ત્યાં આવ્યા. અને તેમણે નેત્રમાં જીવ રાખ્યો હતો, તે લઈને દિવ્ય દેહે પોતાની સેવામાં રાખ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત પૂર્વાર્ધે 'ગુજરાતમાં વિચરણ, દુર્ગપુર કપિલાછઠ કરી અને સોરઠમાં વિચરણ' એ નામે એકવીશમો વિશ્રામ ॥૨૧॥

વિશ્રામ - ૨૨

સોરઠ, ગુજરાત, હાલાર, ઝાલાવાડ, દંઢાવ્ય દેશમાં વિચરણ તથા વડતાલે ફૂલડોલ ઉત્સવ

✻ બંધિયામાં જાડેજાઓને દીકરીને દૂધ પીતી કરવાનો નિષેધ :

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઉપલેટા** પધાર્યા ને હરિજનને ઘેર થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **બંધિયે** આવ્યા અને વાજતે ગાજતે **મુળુભાઈને** ઘેર પધાર્યા ને ફળીમાં સભા કરીને બિરાજમાન થયા. અને સુંદર શ્યામ મૂર્તિ શોભે છે. પછી થાળ જમીને પોઢ્યા. પછી સવારે જાગીને દાતણ કર્યું. પછી મહારાજ બોલ્યા જે, “મુળુભાઈ, મોદ પથરાવો.” તે પથરાવી અને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને ગામમાં જાડેજા મહેમાન આવ્યા હતા. તે સર્વે બેસવા આવ્યા. અને મહારાજે રૂડી રીતે આવકાર દઈને બેસાર્યા.

અને મહારાજે થોડી વાત કરી ને પછી બોલ્યા જે, “તમે દીકરીઓને દૂધ પીતી કરો છો તે ઠીક કરતા નથી. કેમ જે, એક તો **ગોત્રહત્યા** ને બીજી **બાળહત્યા** ને ત્રીજી **સ્ત્રીહત્યા** એ ત્રણેય હત્યાઓ બેસે છે. માટે સારું નથી કરતા.” ત્યારે તે સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! અમે જ્યારે દીકરીને વળાવીએ ત્યારે ખરચ બહુ થાય છે અને અમારાથી પૂરું થાતું નથી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે સત્સંગમાંથી પૈસા ઉઘરાવીને પૂરું કરી આલીશું, પણ તમે દીકરીઓ મારશો મા.” ત્યારે તે બોલ્યા જે, “અમે કોઈના સાળા થતા ફરીએ ?”

પછી મહારાજે જે હાથ પછાડ્યો તે ટાણે પૃથ્વી થરથર ધ્રૂજી ને કાળ પણ કંપ્યો. ને મહારાજે ભ્રૂકુટી ચડાવી ને બોલ્યા જે, “યવનના તો સાળા થાશો, પણ ભગવાને જે વાત ધારી છે તેને કોણ મિથ્યા કરનારું છે ? અને એવો રાજા આવશે કે કાઠી જાણે જે ‘મેલીકાર કરીને લૂંટી ખાશું.’ તે નહીં થાય ને સર્વે ફેલ મુકાવશે. અને હાથમાં માળા

લેવી પડશે અને કલ્યાણ પણ નહીં થાય. અને **અમારા સત્સંગી થઈને માળા રાખશો તો હું તમારું સર્વેનું કલ્યાણ કરીશ."** એમ વાત કરીને પછી થાળ જમવા પધાર્યા ને પોતે જમીને સર્વે સખાને જમાડ્યા. પછી મુળુભાઈને સાથે લીધા.

❋ ઓગણોતેરા કાળથી ભક્તોને ઉગાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપળિયે** આવ્યા ને **ઠક્કર લક્ષ્મણ**ને ઘેર રાત રહ્યા ને થાળ જમીને સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, "સર્વે સત્સંગી કોઠીઓમાં દાણા રાખજો અને માથે ઢાંકણું દઈને કોઠી છાંદી લેવી ને સાણેથી દાણા કાઢજો." એવી સર્વે હરિભક્તને આજ્ઞા આપી. પછી આવતા વર્ષે જે ઓગણોતેરો કાળ પડ્યો તે સર્વે મનુષ્ય 'क्वान्नं क्वान्नं जल्पन्तः..' (ખાવાનું ક્યાં છે ? ખાવાનું ક્યાં છે ?) એવી રીતે બકોર પાડતા રહ્યા અને સર્વે હરિભક્ત સુખિયા હતા. અને એ ઓગણોતેરો કાળ ન હતો, તે તો ભગવાનનો કોપ જાણવો. અને તે ઓગણોતેરો જેટલા બેઠાડું માણસ હતા, તેના જ ઉપર પડ્યો.

હવે મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **ગઢડા** પધાર્યા. અને ત્યાં થોડાક દિવસ રહીને ચાલ્યા તે કાઠીઓના અસવાર ભેળા છે, એવી રીતે ગામ **ઝીંઝાવદર** પધાર્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી**એ પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **રોજકા** આવીને રાત રહ્યા. સવારે ચાલ્યા તે **કમિયાળા** આવીને રાત રહ્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ગુડેલમાં જીભાઈ**ને ઘેર રાત રહ્યા. અને સવારે ચાલ્યા તે ગામ **બુધેજ** પધાર્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે **વડતાલ** પધાર્યા ને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. પછી **જોબનપગી**ની મેડીએ પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા. ગંગામાએ થાળ કરાવ્યો, તે જમીને મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કરીને સ્નાન કરીને નિત્યવિધિ કરી રહ્યા, ત્યારે મુકુંદ બ્રહ્મચારી થાળ લાવ્યા. તે બરફી મહારાજ જમ્યા. તે **સુરત**ના હરિભક્ત લાવ્યા હતા. પછી સર્વે સંતને જમાડ્યા ને સભા કરીને બિરાજમાન થયા. અને સર્વે સંતની નાસિકાએ અત્તર ચોપડ્યું. અને મહારાજ બોલ્યા જે, "હે સંતો ! તમારા જ મુખનું પાણી રહેશે અને બીજા સર્વે ભેખ ધૂળધાણી થઈ જાશે." એમ કહીને ઢોલિયે બિરાજ્યા. પછી સંતો સિતાર, સરોદા, દુકડ, મંજીરાં લઈને ગાવણું કરતા હતા. તે સમયે કોઈક હરિભક્તે કેવડા ને ચંપાના પુષ્પની ટોપી કરીને મહારાજને મસ્તક ઉપર ધરી. પછી તે ટોપી ઘડીક રાખીને મહારાજે મુક્તાનંદસ્વામીના મસ્તક ઉપર મેલી. અને મહારાજે મસ્તક ઉપર સોનેરી પાઘ મેલી.

પછી સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં, તે મહારાજે ઉતાર્યાં અને વસંતી શ્વેત વસ્ત્ર પહેરાવ્યાં. અને રૂપાની પિચકારી મહારાજના હાથમાં આપી. પછી રંગ લાવ્યા ને સામસામા રમવા માંડ્યા, તે એક કોરે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી, હરિભક્ત અને એક કોરે કાઠી, પાળા ને મહારાજ, એ બે મંડળ થઈને રમવા લાગ્યા. ને પિચકારીઓ ચાલે ને ગુલાલ ઊડી રહ્યો છે ને બહુ માણસની ભીડ થઈ. ત્યારે મહારાજ તાળી વજાડીને બોલ્યા જે, "હે સંતો ! બહાર આંબલે ચાલો."

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ત્રાંસાં, શરણાઈઓ વાજી રહ્યાં છે, ને હોરી ગવાઈ રહી છે જે, *'કુંવર કનિયો ખેલે હોરી રે જાકું વેદ વખાણે.'* એવી રીતે ગાતાં ગાતાં ચાલ્યા. અને સર્વ સંતના હાથમાં પિચકારીઓ રહી છે, અને શ્રીજીમહારાજના મુખારવિંદ આડો રૂમાલ રહ્યો છે; એવી રીતે આવ્યા. અને જ્યાં હમણાં છત્રી કરી છે તે ઠેકાણે ઓટો હતો, તેના ઉપર ઊભા રહીને પિચકારી ભરી ભરીને નાંખવા માંડ્યા. તે કડાં પહેર્યાં છે, ને ચારેકોરે પિચકારીની ઝડી લાગી રહી છે, ને ગુલાલ ઊડી રહ્યો છે. ને મહારાજ કહે, "હવે ઘોડી લાવો."

પછી રમત બંધ કરી મહારાજ ઘોડીએ અસવાર થયા. અને હોરી ગવાઈ રહી છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને ત્રાંસાં, શરણાઈઓ વાગી રહ્યાં છે; એવી રીતે ચાલ્યા તે ઉત્તર દિશામાં સુંદરપગીને કૂવે નાહીને પાછા ગામમાં પધાર્યા. અને બીજા વસ્ત્ર પહેર્યા ને થાળ જમ્યા. પછી જ્યાં આપણું મંદિર છે એ ઠેકાણે પંક્તિ બેઠી ને મહારાજે પલવટ વાળીને(કમરે ખેસ બાંધીને) સર્વે સંતને લાડુ પીરસ્યા. પાંચ-છ વાર પંક્તિમાં ફર્યા. પછી હાથ ધોવરાવ્યા ને મહારાજ ઉતારે પધાર્યા ને પોઢ્યા.

પછી જાગ્યા ને (વડતાલથી) ચાલ્યા તે ગામ **બોચાસણ** પધાર્યા. હરિભક્તોએ રૂડી રીતે સામૈયું કર્યું ને **કાશીદાસ પટેલ**ને ઘેર આવ્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમીને પોઢ્યા. અને સવારે જાગ્યા ને ત્યાંથી ચાલ્યા તે **બામણગામ** પધાર્યા. ત્યાંના હરિભક્તોએ રૂડી રીતે સામૈયું કર્યું ને થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે **ડભાસા** ગયા ને ત્યાં એક રાત રહીને ચાલ્યા તે ગામ **પાદરા** ગયા. ત્યાં એક રાત રહીને સર્વને સૂતા મેલ્યા ને એક પાળાને લઈને ચાલ્યા તે **બામણગામ** થઈને ગામ **દાવોલ** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **વડતાલ** આવ્યા ને બે રાત રહ્યા.

ને ત્યાથી ચાલ્યા તે ગામ **પીજ** થઈને ગામ રઘવાણજ પધાર્યા. ત્યાં **પટેલ રામદાસ**ને ઘેર જઈને ઊતર્યા ને થાળ કર્યો તે જમ્યા. પછી ત્યાં રાત રહીને ચાલ્યા તે **ખેડા** આવ્યા ને હરિભક્ત **પ્રેમજી ભાવસાર**ને દર્શન દઈને ચાલ્યાં. અને તે ટીમણ લાવ્યા હતા તેને લઈને નદીને કાંઠે મહારાજ બિરાજ્યા. ને ટીમણ કરીને ચાલ્યા તે ગામ **દહેગામ** પધાર્યા. અને **દેવશી**ને ઘેર જઈને ઊતર્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને **મુળજી બ્રહ્મચારી**એ તે સુથારને ઘેર થાળ કરાવ્યો. અને મહારાજ જમવા પધાર્યા ને જમીને પાછા ઉતારે આવ્યા. ત્યાં એક રાત રહીને સવારે ચાલ્યા તે ગામ **જેતલપુર** પધાર્યા.

※ અમદાવાદના સૂબાનું કાવતરું નિષ્ફળ :

ત્યાં ચાર દિવસ રહીને ચાલ્યા તે **શ્રીનગર** પધાર્યા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાજી રહ્યાં છે, ને ફૂલના હાર, બાજુબંધ તોરા ને ગુચ્છ તેને ધારણ કર્યાં છે; અને ઘોડીએ અસવાર થયા છે, ને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિભક્ત તે ચારેકોરે રહ્યા છે; એવી રીતે નવાવાસમાં પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા. અને થાળ જમ્યા. પછી સભા કરીને મહારાજ બિરાજ્યા ને જાસૂસે આવીને કહ્યું જે, "સરકાર બોલાવે છે."

પછી મહારાજની સુંદર ભ્રકુટિ ચડી રહી છે ને ચાલ્યા, તે ભદ્રમાં ગયા. ત્યારે સરકારે કહ્યું જે, "ગાદી ઉપર બેસો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે રાવણની ગાદી ઉપર નથી બેસતા. અમે તો ભગવાન છીએ, તે રાવણની ગાદી ઉડાડી દઈએ." ત્યારે તે કહે જે, "તમે કેમ ઢોંગ કરો છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને જોઈને સમાધિ થાય છે, તેમાં અમે શું કરીએ ?" ત્યારે તે બોલ્યા જે, "શહેરમાં રહેશો નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "નહીં રહીએ." ત્યારે સંન્યાસી પૂર્ણાનંદસ્વામીની આંખ ફરી. ત્યારે તેમનો હાથ ઝાલીને મહારાજ બોલ્યા જે, "આ અવતારે કરીને શાંત ગુણ ધારણ કર્યો છે." ત્યારે પૃથ્વી થરથર કંપી અને મહારાજને કહ્યું જે, "એમ કરશો નહીં."

પછી મહારાજ માફામાં બેસીને ઉતારે આવ્યા. અને મહારાજે ભાઈરામદાસજીને કહ્યું જે, "ભાઈ, હવે કેમ કરશું ?" ત્યારે ભાઈ રામદાસજી બોલ્યા જે, "સવારે નાવા ટાણે ચાલશું." ત્યારે મહારાજ બોલ્યા જે, "આપણે શું ચોર છીએ ?" પછી મહારાજે હરિભક્તને કહ્યું જે, "તમે ઘરોઘર બ્રાહ્મણ પાસે થાળ કરાવો, અમે જમવા આવશું." પછી સવારે દાતણ કરીને સ્નાન કર્યું અને ચંદનની અર્ચા કરીને ફૂલના હાર કોટમાં પહેરાવ્યા. અને વાજાં વાગી રહ્યાં છે, ને ભારે ભારે સુવર્ણમય પોશાક

પહેર્યો છે, અને ઘોડીએ અસવાર થયા છે, ને સરબંધી પાળા મહારાજને પડખે રહ્યા છે; એવી રીતે હરિભક્તને ઘરોઘર થાળ જમવા માંડ્યા.

ત્યારે સરકારને ખબર થઈ ને પૂછ્યું જે, "આ કોનાં વાજાં વાગે છે?" ત્યારે તેના સિપાઈએ કહ્યું જે, "સ્વામિનારાયણનાં વાજાં વાગે છે." ત્યારે તે કહે, "હજી કેમ નથી ગયા ? હવે જઈને કહો જે, શહેરમાંથી નીસરો." ત્યારે સિપાઈએ આવીને મહારાજને કહ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે સરકારને પૂછી આવો જે, અમે પાછા શહેરમાં ક્યારે આવીએ ?" ત્યારે સિપાઈએ જઈને કહ્યું. ત્યારે તે બોલ્યો જે, "અમારું રાજ્ય ન હોય ત્યારે આવજો."

અને એ જે પૂછવા ગયો એટલાકમાં મહારાજ સર્વે હરિભક્તને ઘરોઘર થાળ જમીને તૈયાર થયા. ત્યારે સિપાઈએ આવીને કહ્યું જે, "સરકાર તો એમ કહે છે જે, જ્યારે અમારું રાજ્ય ન હોય તે દિવસ શહેરમાં આવજો." ત્યારે મહારાજ કહે, 'ઠીક.' પછી ઝુઝારું(યુદ્ધ-લડાઈ વખતે વાગે તેવા ?) વાજાં વાગી રહ્યાં છે, ને મહારાજ દરિયાપુર દરવાજે થઈને નીસર્યા. અને મહારાજના હાથમાં એક દાડમનું ફળ હતું, તે જમતા જતા હતા.

❊ અમદાવાદ વસાવનાર દરિયાખાન ભૂતનો મોક્ષ :

તે સમયે **દરિયાખાન** ફકીરને વેશે આવીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! મેરેકું તુમ્હારી પ્રસાદી જરાસી દિયો, તુમ તો ખુદા હો, અલ્લાહ હો; સો મેરે ઉપર દયા કરો તો મેરા ભૂતકા શરીર છૂટે, મેં બોત દુ:ખી હૂँ." પછી મહારાજે કૃપા કરીને દાડમનું ફળ અડધું જમીને આપ્યું. ત્યારે તે લઈને તત્કાળ અંતરધ્યાન થઈ ગયો. ત્યારે મહારાજને મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "એ કોણ હતું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો આ શહેર જેણે વસાવ્યું એ જ દરિયાખાન હતો. અને તે વાસનાએ કરીને ભૂતયોનિને પામ્યો છે અને લાખ ભૂતનો સરદાર છે. અને અમારી પ્રાર્થના કરી તેથી અમે એને બદરિકાશ્રમમાં મોકલ્યો."

ત્યારે સ્વામીએ પૂછ્યું જે, “એ ભૂતે તમને કેમ ઓળખ્યા ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “પ્રથમ તમે ઘણા પરમહંસ લઈને એમના ઘૂમટમાં રહ્યા હતા અને અમારા સ્વરૂપની વાર્તા કરતા હતા, તેથી અમારા સ્વરૂપનું એને જ્ઞાન થયું હતું.” પછી એવી રીતની વાતો કરતા થકા નારાયણઘાટ આવ્યા ને ત્યાં નાહીને ગામ **મોટેરા** પધાર્યા. ત્યાં સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો ને જમ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **ઉનાવે** આવ્યા. ત્યાં ગાજતે વાજતે માઢમાં પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ જમ્યા ને જમાડ્યા.

એક રાત રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **માણસા** પધાર્યા અને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. અને **રાજારામ શેઠ**ને ઘેર ઊતર્યા. અને હમણાં જ્યાં મંદિર છે તે ઠેકાણે જમવા પધાર્યા. અને **ગંગારામ સુથાર**ને ઘેર જઈને પોઢ્યા. સવારે ચાલ્યા તે ગામ **વ્યાર**(વિહાર?) પધાર્યા અને માઢમાં ઊતર્યા ને તુલસી પટેલને ઘેર રાત રહ્યા ને થાળ જમ્યા.

❊ નવું ડાંગરવા વસાવવાની ભલામણ :

સવારે ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગામ **ડાંગરવા** પધાર્યા ને **પટેલ ધર્મદાસ**ના (જતન)ફઈને ઘેર થાળ જમ્યા. પછી ઘોડીએ અસવાર થયા ને ગામના હરિભક્ત બાઈભાઈ તે સર્વે ભેળાં હતાં. એવી રીતે ગામથી ઉગમણે તળાવ છે ત્યાં આવ્યા. અને તે ભક્તોને મહારાજે કહ્યું જે, “તમે સર્વે કણબી છો તે અહીંયાં નવું ડાંગરવું વસાવો. કેમ જે, તમારા કૂવા, વાડીઓ પણ આનીકોરે આવ્યાં છે. અને અગરોજી તમારા ગામની ચોકી કરશે.” ત્યારે એ ટાણે તો સર્વેએ હા પાડી. પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કુંડાલ**માં **પટેલ કલા**ને ઘેર જઈને ઊતર્યા. ત્યાં સભા કરીને બિરાજ્યા ને કીર્તન ગવરાવ્યાં. પછી થાળ થયો તે જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **કડીના** હરિભક્તને દર્શન

દઈને ગામ **રામપર** પધાર્યા ને થાળ જમ્યા. પછી ચાલ્યા તે ગામ **કલિયાણા** આવ્યા ને હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **રામગરી** ગયા. ત્યાં રાત રહ્યા.

❊ વઢવાણમાં શ્રીહરિની મરજી વિરુદ્ધ જતા અતીતનું મોત :

ત્યાંથી ચાલ્યા તે ગામ **વઢવાણ** પધાર્યા ને હરિભક્તને ઘેર ઊતર્યા. અને રસોઈ કરી તે મહારાજ જમ્યા ને સર્વને જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, "અમારે મહારુદ્ર કરવો છે." ત્યારે એક અતીત દરબારનું કામ કરતો તે બોલ્યો જે, અહીંયાં રુદ્ર નહીં થાય." ત્યારે મહારાજ બોલ્યા જે, "આંહીં તો લોહીનો રુદ્ર થાશે." એમ કહીને ચાલ્યા તે ધર્મ તળાવ છે તેમાં જઈને નાહ્યા. પછી વડ હેઠે સભા કરીને બિરાજ્યા ને સર્વે હરિજને મહારાજની પૂજા કરીને ભેટ મેલી. અને ત્યાં રુદ્રી ન કરવા દીધી તે અતીતને પંદર દિવસ કેડે દરબારે મરાવી નાંખ્યો. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **ખેરાલી** ગયા. ત્યાંના હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **લિમલી** આવ્યા. ત્યાં **શેઠ મુળજી**ને ઘેર પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમ્યા ને ત્યાં રાત રહ્યા.

❊ ખોલડિયાદમાં રૂડા સિંધવના ખેતરમાં વરસાદ :

સવારે ત્યાંથી ચાલ્યા તે ગામ **ખોલડિયાદ** આવ્યા ને **રૂડા સિંધવ**ને ઘેર થાળ જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે એમને ભેળા લીધા ને એમના ખેતરના શેઢે નીકળ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભક્ત, આ બાજરો કેનો ?" ત્યારે તે બોલ્યા જે, "હે મહારાજ ! તમારા દાસનો." ત્યારે મહારાજ બોલ્યા જે, "વરસાદ ન વરસે તો કાંઈ બાજરો થાય કે ન થાય ?" ત્યારે તે ભક્ત બોલ્યા જે, "કાંઈ ન થાય." પછી મહારાજ ખેતર સામી દૃષ્ટિ કરીને ચાલ્યા. અને તે જ રાત્રીએ તેના ખેતરમાં વરસાદ થયો.

❊ નાગડકામાં થાળ જમી બોટાદ પધાર્યા :

પછી મહારાજ **રામપર** પધાર્યા ને વાજતે ગાજતે **તેજા સિંધવને**

ઘેર આવ્યા ને થાળ જમ્યા. પછી ચાલ્યા તે ગામ **કોરડે** ગયા ને ત્યાંથી **કૂંપા ખાચરને** ભેળા લીધા. ને ચાલ્યા તે ગામ **નાગડકે** પધાર્યા. અને **સુરા ખાચર**ને ઘેર **શાંતિબા** થાળ કરાવીને મહારાજને નિત્યે જમાડે. એક સમયે મહારાજે ઘોડા સાબદા કરાવ્યા અને મહારાજ ઘોડે અસવાર થયા. અને બીજા કાઠી જે ઓઢો માલો, જેઠો માલો, દેસા ખાચર, ડોસા ખાચર, કાળા ખાચર, હાથિયા ખાચર, નાથા ખાચર, માણસિયા ખાચર એ સર્વે કાઠી અસવાર થયા ને મહારાજ ભેળા ચાલ્યા. અને રાવળ આગળ ગાઈ રહ્યા છે એવી રીતે ગામ બહાર પધાર્યા.

પછી મહારાજ કહે, "ઘોડા ફેરવો." પછી સર્વે કાઠી ઘોડા ફેરવે અને મહારાજ એકબીજાનાં વખાણ કરતા જાય. પછી ત્યાંથી ચાલ્યા તે ગાજતે વાજતે ગામમાં સુરા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં સભા કરીને લીંબડાના વૃક્ષ હેઠે બેસતા ને પરમહંસની જગ્યા છે ત્યાં પોઢતા. એમ પંદર દિવસ રહ્યા ને હરિજનને સુખ આપ્યાં. પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે **બોટાદ** આવ્યા અને **હમીર ખાચર**ના દરબારમાં પધાર્યા. પછી **દાહા ખાચર**ની માએ થાળ કરાવ્યો, તે જમ્યા ને સર્વને જમાડ્યા.

❊ પ્રેમાનંદસ્વામીએ પાંચ ભાષાનું કીર્તન બનાવ્યું :

પછી તૈયાર થઈને ચાલ્યા, તે **ગઢડે** પધાર્યા ને **એભલ ખાચર**ના દરબારમાં પધાર્યા. અને સંતની જગ્યા જીવા ખાચરની ડેલી આગળ હતી. ત્યાં પ્રેમાંનદસ્વામીને બોલાવીને કીર્તન ગવરાવ્યું. અને સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને જમીને પ્રસાદી આપી. અને એમ બોલ્યા જે, "તમે જે જે કીર્તન કરો તે અમને સંભળાવજો." તે કીર્તન એ છે જે, *'મોહન બેન બજાઈ ગ્રહ તજી બન આઈ...મોહન.'* તેમાં એક ભાષા **હિંદુસ્તાની**, બીજી **ગુજરાતી**, ત્રીજી **કાઠિયાવાડી**, ચોથી **મરાઠી** અને પાંચમી **મારવાડી,** એ પાંચ ભાષાનું એક પદ છે. પછી તે વાત મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આગળ કરી. ત્યારે તે બે જણ બોલ્યા જે, "અમારે પણ એ જ (કીર્તન કરવાનું) નીમ છે."

પછી એક સમે અર્ધ રાત્રીએ મહારાજ પાળા ને કાઠી તે સર્વે ભેળા લઈને સાધુની ધર્મશાળામાં પધાર્યા. ત્યાં ગાદીતકિયા નંખાવીને બિરાજમાન થયા. અને પૂર્ણમાસીની રાત્રી હતી, સર્વે મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા હતા. પછી તે સમયે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મેં કીર્તન કર્યાં છે, તે મહારાજને સંભળાવવાં છે." પછી મહારાજ બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે બોલ્યા જે,

'આજ આવા તે કેમ ઉતાવળા, સાચું બોલોને,
વારી આળસ ઝાઝું અંગમાંઈ, નંદના લાલજી, હો સાચું બોલોને.'

એ કીર્તન ગાયાં ત્યાં લગી મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય ને મર્મનાં વચન બોલતા જાય. પછી ગાઈ રહ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી મહારાજને પગે લાગ્યા. પછી હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! આ કીર્તન અમને લખાવી આપો." ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "એ કીર્તનના ખરડા લખીને અમને આપજો. અમારે જેને આપવા હશે તેને આપશું." પછી મહારાજ બોલ્યા જે, "સવારે દાદા ખાચરના દરબારમાં તમારી રસોઈ છે." એમ કહીને મહારાજ દાદા ખાચરના દરબારમાં અક્ષરઓરડીએ પધાર્યા ને પોઢ્યા.

❊ પીરસતા શ્રીહરિની મનમોહક શોભા :

પછી સવાર થયું ત્યારે સર્વે સંતો ઘેલામાં નાહીને આવ્યા. અને સંતો પૂજા કરી રહ્યા ત્યારે મહારાજે તેડાવ્યા. તે સમયે મહારાજ પણ થાળ જમતા હતા, તે જમી રહ્યા ને ચળુ કરીને મુખવાસ લઈને ઊભા થયા. (ને સંતો પંક્તિમાં બેઠા) પછી પલવટ વાળીને જે બિરંજ પીરસવા લાગ્યા, તે વારંવાર તાણ કરી કરીને પીરસતા જાય. એ સમે સુંદર મૂર્તિ ગૌર ને મુખારવિંદ શોભે છે, ને સુંદર ઉદરને વિશે ત્રિવળી પડે છે. અને ઊંડી ને ગોળ એવી જે નાભી તેની બેય કોરે તિલ છે, તે સુંદર શ્યામ મણિ જેવા ઝળકી રહ્યા છે. અને સોળ ચિહ્ન સહિત એવા જે

મહારાજના જુગલ ચરણ, તેને વિશે ઊર્ધ્વરેખા શોભી રહી છે. અને સુંદર કાળા છેડાનો ખેસ પહેર્યો છે અને સુંદર ભારે કસુંબી રેંટો મસ્તકે બાંધ્યો છે અને સુંદર ગૂઢો રેંટો ઓઢ્યો છે; એવી રીતે દર્શન દઈને સર્વેને પીરસીને હાથ ધોયા ને ઉતારે પધાર્યા.

✻ બ્રહ્માનંદસ્વામીની આયુષ્ય વધારી :

એક સમયે બ્રહ્માનંદસ્વામીને શરીરે કસર થઈ ને બહુ માંદા થયા અને શરીરનું પણ ભાન નહીં. તે વાતની મહારાજને ખબર પડી. ત્યારે મહારાજે પોતે હાથે ચંદન ઉતાર્યું ને ચંદન લેવરાવીને દસ-પંદર મનુષ્ય સાથે લઈને મહારાજ બ્રહ્માનંદસ્વામી પાસે પધાર્યા અને તેમને તો કાંઈ ખબર નહીં. પછી મહારાજે પંડે સ્વામીને શરીરે ચંદનથી નખશિખા પર્યંત પૂજા કરી, ને પોતે ઓઢતા તે ગૂઢો રેંટો ઓઢાડ્યો. અને એમ બોલ્યા જે, "આમની તો આવરદા આવી રહી છે. માટે તમે સર્વે હરિજન થોડી થોડી આવરદા આપો તો રહે." ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! અમારી આવરદા લો." અને બાઈઓ પણ છેટે બેઠી હતી તે પણ બોલ્યાં જે, "અમારી પણ આવરદા લો." ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને શરીરે નખશિખા પર્યંત હાથ ફેરવ્યો, ને એમ બોલ્યા જે, "આવરદા મળી તે હવે તો રહ્યા." પછી મહારાજ દરબારમાં પધાર્યા. પછી ત્રીજે દિવસ બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કરીને ખરડો લખીને દરબારમાં મોકલાવ્યો. મહારાજે તે કીર્તન ગવરાવ્યાં જે,

'મુને રોકો મા મહારાજ, માણીગર માવજી રે;
મારે ઘેર છે ઝાઝું કામ, નટવર નાવજી રે.'

એ સાંભળીને મહારાજ બોલ્યા જે, "હવે તો સૂઝે તેવાં મેણાં દ્યો, પણ રહ્યા તે રહ્યા." એમ **ભગવાન છે તે તો કર્તા, અકર્તા ને અન્યથા કર્તા છે. તે જડ હોય તેને ચૈતન્ય કરે ને જે ચૈતન્ય હોય તેને જડ કરે.** એવી રીતે ભગવાનની અલૌકિક કળા છે. તેને કોઈ જાણી શકે નહીં.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'સોરઠ, ગુજરાત, હાલાર, ઝાલાવાડ, દંઢાવ્યમાં વિચરણ તથા વડતાલ ફૂલડોલ ઉત્સવ તથા શ્રીનગરે દરિયાખાન ભુતનો ઉદ્ધાર તથા દુર્ગપુરે બ્રહ્મમુનિની દેહરક્ષા' એ નામે બાવીસમો વિશ્રામ ॥૨૨॥

વિશ્રામ - ૨૩

તવરા મેળો, વડતાલ ફૂલડોલમાં અલૌકિક દર્શન તથા રંગોત્સવ

※ તવરાના મેળામાં સંતો-ભક્તોએ મુક્તાનંદસ્વામીની પૂજા કરી :

એક સમે (ગઢડામાં) સર્વે પરમહંસ મહારાજની પાસે આવ્યા અને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમને કોઈક પ્રશ્ન પૂછે તેને અમે શું ઉત્તર આપીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, **"તમારા હૃદયને વિશે રહીને ઉત્તર તો અમે કરીશું."** પછી સર્વે સંત રાજી થયા. પછી મહારાજે કાગળ લખાવીને જ્યાં જ્યાં સંતનાં મંડળ હતાં, ત્યાં ત્યાં મોકલાવ્યો જે, "સર્વે સંત **તવરા**ને મેળે જાજો ને અમથી અવાશે તો આવશું. જો ન આવીએ તો જેમ તમે અમારી પૂજા કરો છો તેમ મુક્તાનંદસ્વામીની પૂજા કરજો." પછી સર્વે સંત તથા હરિજન આવ્યા ને મહારાજ તો ન પધાર્યા. અને મહારાજની આજ્ઞાથી મુક્તાનંદસ્વામીની પૂજા કરી ને ઉત્સવ પૂર્ણ થયો.

※ ફૂલદોલ ઉત્સવ કરવા ગઢડાથી વડતાલ પ્રયાણ :

પછી મહારાજે દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખાવી જે, "બાઈભાઈ સર્વે હરિજન હુતાશનીના સમૈયા ઉપર **વડતાલ** આવજો ને અમે પણ ત્યાં આવશું." પછી મહારાજ **ગઢડે**થી તૈયાર થયા અને કાઠીઓના અસવાર તથા પાળા ભગુજી, ડુંગરજી આદિ સાથે હતા. પછી ત્યાંથી

ચાલ્યા, તે **ઝીંઝાવદર** આવ્યા ને અલૈયા ખાચરને ઘેર ઊતર્યા. ત્યાંથી અલૈયા ખાચર, નાજા જોગિયા, રામ જોગિયા, જીવણા ધાધલ, જીવા ખાચર, માતરો રેફડિયો, રાઠોડ ધાધલ, મોકા ખાચર, નાન ખાચર, વેલા ખાચર, માતરા ખાચર, માતરા ધાધલ, ગોદડ ધાધલ, સુરા ખાચર, મેરામ માંજરિયો, ઉકા ખાચર એ આદિ સર્વેને સાથે લીધા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી**એ પધાર્યા અને **વસ્તા ખાચર**ના દરબારમાં ઊતર્યા. ત્યાં થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા ને સવારે ઊઠીને તૈયાર થયા. ત્યારે હરિજન સર્વે હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! જમીને ચાલજો.” પછી રસોઈ તૈયાર થઈ, તે મહારાજ જમ્યા ને સર્વે હરિજનને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **કુંડળ** પધાર્યા ને ત્યાં **અમરા પટગર**ને તથા **મામૈયા પટગર**ને ઘેર પધાર્યા. પછી તેમને સાથે લીધા ને ચાલ્યા, તે મહારાજે જે ઘોડી વાજમાં મેલી(પૂર ઝડપે દોડાવી) તે કોઈથી સાથે ચલાયું નહીં.

ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, “હે મહારાજ ! તમે આમ દોડ કરશો ત્યારે તો અમારાથી નહીં પુગાય.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હવે ધીરે ધીરે ચાલશું. અને અમારી માણકી ઘોડી કેવી છે ? તો જ્યારે ટારડાં ઘોડાં હોય ત્યારે સૌથી વાંસે ચાલે. અને જ્યારે ભેળાં ઘોડાં હોય ત્યારે મલકાતી આગળ વઈ જાય. અને જ્યારે અમે પેશાબ કરવા ઊતરીએ ત્યારે કોઈને ઝાલવી ન પડે. અને એક મુંજિયો નામે બળદ તેનાં પણ શીલ એવાં છે. એમ પશુમાં પણ બે છે અને મનુષ્યમાં પણ બે જણ છે. **એક મુક્તાનંદસ્વામી અને બીજા મુળજી બ્રહ્મચારી. તે બેયનું વૃત્તાંત બરોબર છે ને શીલ સ્વભાવ પણ સરખા છે.**” એવી રીતે વાત કરી.

❊ કઈ રામકથા ને કઈ ગ્રામકથા ! :

એક સમયે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, “તમે બાઈઓને જઈને કહો જે, તમે ગ્રામકથા ન કરો.” ત્યારે બ્રહ્મચારીએ જઈને કહ્યું જે,

"મહારાજ ના પાડે છે જે રામકથા કરશો નહીં." પછી મહારાજે તે વાત જાણી. ત્યારે મહારાજે પૂછ્યું જે, "અમે તમને રામકથા ન કરો, એમ કહ્યું હતું કે ગ્રામકથા ન કરો એમ કહ્યું હતું ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "કઈ તમારી રામકથા ને કઈ તમારી ગ્રામકથા !" એવી રીતે મહારાજ ને કાઠી વાતો કરતા કરતા જાય છે અને ઘોડીઓનાં વખાણ કરે છે. તે માણકી ઘોડી, બોદલી ઘોડી, વાંગળી, તાજણ, સેંગાલી, બેરી, કેસર, પાંખાળી એ આદિ ઘોડીઓની જે જાત તેનાં મહારાજની આગળ કાઠી વખાણ કરતા હતા.

એવી રીતે ચાલ્યા તે ગામ **કમિયાળે** આવ્યા ને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. મહારાજ **સિંહા વણાર**ને ઘેર બિરાજમાન થયા. અને ઘોડીઓને ગોળ અપાવ્યો. મહારાજ ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી પોઢ્યા ને સવારે જાગ્યા ને ઘોડા તૈયાર કરીને મહારાજ અસવાર થયા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ગોરાડ** પધાર્યા ને **કાંધાજી**ને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને ત્યાંથી **કાંધાજી**ને તથા **ગુડેલવાળા જીભાઈ**ને સાથે લીધા ને ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં **ખોડાભાઈ**ને મહારાજે કહ્યું જે, "તમે વાંસેથી આવજો અને અમે તો જાશું."

❊ મોરજના પાદરમાં ભૂતોનો ઉદ્ધાર :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **મોરજ** જાતાં વચાળે ધાર આવે છે, ત્યાં જ્યારે આવ્યા ત્યારે ઠામૂકો(અચાનક) હોંકારો થયો. ત્યારે કાઠી હતા તે આકળા થયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સર્વે ઊભા રહો." ત્યારે તે ઊભા રહ્યા. તે સમયે રણ(તોફાન) જાગ્યું હતું તે સમાઈ ગયું. ત્યારે કાઠીએ પૂછ્યું જે, "એ શું હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ જગ્યાએ લશ્કરની લડાઈમાં પૂર્વે કપાઈને મૂઆ હતા તે સર્વે ભૂત થયા છે." ત્યારે સર્વે કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! હવે તો એમને તમારાં દર્શન થયાં ત્યારે તેમનું રૂડું થવું જોઈએ."

ત્યારે મહારાજ બોલ્યા જે, “લાવો પાણી.” ત્યારે પાણી આપ્યું તે મહારાજે પીધું. પછી ચારેકોરે પૃથ્વી ઉપર છાંટ્યું. પછી મહારાજ બોલ્યા જે, “એ સર્વેનો સત્સંગમાં અવતાર આવશે. અને વળી પશુ-વૃક્ષ આદિ રૂપે કરીને અમારી સેવામાં આવશે.” એમ વાતો કરતાં કરતાં મહારાજ **ગોકળદાસ ગઢવી**ને ઘેર પધાર્યા ને ફળીમાં ઊતર્યા. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા ને સવારે જાગ્યા ને કહ્યું જે, “ઘોડે પલાણ માંડો.” પછી મહારાજે દાતણ કર્યું ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને જે ઘોડા હાંક્યા તે તેના આગળ ગરુડ તે શું !

❋ વડતાલ આંબલે ગંગામા આદિ પ્રેમી બાઈઓનો થાળ જમ્યા :

પછી મહારાજ **વડતાલ** પધાર્યા ને પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને સર્વે હરિજન તે સામા આવ્યા. અને જ્યારે મહારાજને દેખ્યા ત્યારે જેમ દંડ પડે તેમ સર્વે પડ્યા ને મહારાજને પગે લાગ્યા. અને ફૂલના હાર, બાજુબંધ, તોરા, ગજરા ને ગુચ્છ તે સર્વે મહારાજને પહેરાવ્યા. અને જે ગૃહસ્થ હરિભક્ત હતા, તેમણે કડાં, વેઢ, વીંટી, ઊતરી, ત્રોડા વગેરે આભૂષણ પહેરાવ્યાં. અને આગળ ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ આદિ વાજાં વાગી રહ્યાં હતાં અને ગુલાલ ઊડી રહ્યો હતો. એ સમયની મહારાજની શોભા હું શી વખાણું ! કોટી કવિથી પણ કહેવાય નહીં. પછી એવી રીતે ગાજતે વાજતે ગામમાં પધાર્યા ને **(વાસણ)સુથાર**ને ઘેર ઊતર્યા. અને બહુ મનુષ્યની ભીડ થઈ ત્યારે મહારાજ બોલ્યા જે, “ચાલો, બહાર આંબલે જઈએ.”

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા અને મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદ મદ હસતા જાય છે. અને આગળ ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ વાજી રહ્યાં છે, એવી રીતે આંબલે પધાર્યા અને તે આંબલાને હેઠે ઓટો ને તેના ઉપર ગાદીતકિયા સહિત જે પાટ તેના ઉપર બિરાજમાન થયા. તે સમયે જયજયકાર શબ્દ થયો અને બાવળિયા ઉપર નોબત ગડગડી.

તેણે કરીને સર્વે ગામના હરિભક્તને ખબર થઈ જે 'મહારાજ પધાર્યા.' તેથી સર્વે ઘરનાં કામ મેલીને મહારાજનાં દર્શન સારુ આવ્યા. પછી **ગંગામા** આદિ જે બાઈઓ તે ચાર પ્રકારનાં ભોજન જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એ આદિ બત્રીસ પ્રકારનાં ભોજન ને છત્રીસ પ્રકારનાં વ્યંજન તે કરાવીને થાળ લઈને ગાતાં ગાતાં આવ્યાં. અને આંબલાથી ઉગમણી કોરે આંબલી હતી, તેની હેઠે ઓટો કરાવ્યો હતો, તેના ઉપર લાવીને થાળ મેલ્યા. અને મહારાજને કહે, "જમવા પધારો." ત્યારે મહારાજ ચટ ઊઠ્યા ને ઓટા પાસે બાજોઠ ઉપર ઊભા રહ્યા. ત્યારે આનંદસ્વામીએ ઝારી લઈને મહારાજનાં ચરણકમળ ધોયાં અને બીજી ઝારીએ કરીને જળના કોગળા કરાવ્યા.

પછી ઉગમણે મુખારવિંદે થાળ જમવા પધાર્યા અને બરફી, દળના લાડુ ને મેવા જમતા જાય ને જળપાન કરતા જાય. અને જેનો થાળ હોય તે એમ કહે જે, 'હે મહારાજ ! થાળમાંથી જમો' ને પછી જમી રહ્યા કેડે દૂધ ને સાકર મહારાજને પાય. અને મહારાજ થોડુંક પીને પોતાને પ્રિય એવો જે કોઈ હરિભક્ત અથવા પરમહંસ તેને આપે. ત્યારે **ગંગામા છેટે ઊભાં રહીને બોલે જે, "હે મહારાજ ! કૃષ્ણાવતારમાં તો ગોપીઓનાં દહીં-દૂધ પરાણે લઈને પીતા અને આજ આટલું પણ કેમ નથી પીતા ?"** ત્યારે મહારાજ તે સામું જોતા જાય ને દૂધ પીતા જાય ને મંદ મંદ હસતા જાય.

પછી બ્રહ્મચારીએ ચળુ કરાવ્યું. પછી થાળ મુક્તાનંદસ્વામીને અપાવ્યો ને જળના કોગળા કરીને મુખવાસ લઈને ચાખડિયે ચડીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારો ઢોલિયો ઓટા ઉપર લાવો." ત્યારે લાવ્યા ને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને જયજયકાર શબ્દ થયો. અને બાવળિયા ઉપર નોબત ગડગડી.

❊ વડતાલમાં રંગોત્સવ માટે બે હોજ કરાવ્યા :

પછી સંધ્યા થઈ ને મશાલો થઈ. ત્યારે મહારાજ ઢોલિયા ઉપર

ઊભા થઈને આરતી-ધૂન બોલ્યા જે, ‘હરિનારાયણ.. સ્વામિનારાયણ..’ એવી રીતે આરતી-ધૂન કરી. પછી નમસ્કાર કરીને બિરાજમાન થયા. ત્યારે સંત ને હરિજન પગે લાગીને બેઠા. પછી આનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામીને બોલાવ્યા અને પોતાનો જમણો હાથ ઊંચો કરીને મહારાજ બોલ્યા જે, “આ ઠેકાણે બે હોજ કરાવો. પરમ દહાડે આપણે રંગ ભરાવીને રમવું છે.” ત્યારે આનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી તેમણે કહ્યું જે, “હે મહારાજ ! ગુલાલ, કેસુડાં ને પતંગ તેનાં ગાડાં ભરી ભરીને હરિજનો મહારાજની સાથે રમવા સારુ સામાન લાવ્યા છે.” અને મેં પણ સંત, સંન્યાસી ને હરિભક્ત તેમના સારુ વાંસની પિચકારીઓ કરાવી છે. (એમ કહ્યું,) ત્યારે મહારાજ કહે, “બહુ સારું.”

પછી મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંતો વાજાં લઈને હોરી બોલવા લાગ્યા. અને મહારાજે ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં છે ને કડાં, વેઢ, વીંટી ને ફૂલના હાર ધારણ કર્યાં છે. અને બપોરિયાનો જે પ્રકાશ ને દીવીઓ ને ચંદ્રમાનો પ્રકાશ તેણે કરીને સભા શોભી રહી છે. સર્વે હરિજન મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. અને જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે તેમ મહારાજના મુખારવિંદરૂપી જે ચંદ્રમા તેની સામું પ્રેમીભક્તરૂપી જે ચકોર તે જોઈ રહ્યા છે. એવી રીતે અડધી રાત થઈ ત્યારે મહારાજે ઘોડી મંગાવી અને ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. તે સમયે નોબત ગડગડી ને મહારાજ ઘોડીએથી ઊતરીને પોઢ્યા.

સવારે જાગીને દાતણ કર્યું ને સ્નાન કરીને નિત્યવિધિ કરી રહ્યા ત્યારે પ્રેમી હરિજન જે ફરાળ લાવ્યા તે મહારાજ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી ઘોડીએ અસવાર થઈને વાજતે ગાજતે આંબલે પધાર્યા. અને બાવળ ઉપર નોબત ગડગડી. તે શબ્દ સાંભળીને સર્વે હરિજન બાઈભાઈ મહારાજનાં દર્શન કરવા સારુ સભામાં આવ્યાં. અને એક આંબલાની ડાળ નીચી હતી, તેને એક ફેંટાનો છેડો બાંધતા ને ફેંટાનો બીજો છેડો હાથે ઝાલીને લંબાઈને હરિજનની પૂજા તથા હાર લેતા

હતા. અને દરેક હરિજન થાળ કરીને લાવે ત્યારે મહારાજ તત્કાળ જમવા પધારે. તે જમીને પછી સર્વે સંતને પ્રસાદી આપે. પછી જળના કોગળા કરીને જળપાન કરીને પાછા સભામાં આવીને બેસે. એવી રીતે ભક્તજનને સુખ આપતા હતા.

પછી થોડી વાર કેડે સાધુની રસોઈ તૈયાર થઈ. તેથી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. અને હમણાં જે ઠેકાણે લક્ષ્મીનારાયણનું મંદિર છે, તે ઠેકાણે સાધુની જમવાને પંક્તિ બેઠી. પછી મહારાજ હાથ ધોઈને પલવટ વાળીને ચાખડિયે ચડીને પીરસતા જાય અને મનુવાર કરતા જાય. ને જમ્યાની જણસ જે લાડુ, જલેબી આદિક તેનાં વારંવાર નામ લેતા જાય જે, "લ્યો મહારાજો લાડુ... અને જે આખો લાડુ લે તેને છાતીમાં ચરણ આપીએ અને જે અડધો લાડુ લે તેને માથે હાથ મૂકીએ." એવી રીતે ચાર-પાંચ વાર પંક્તિમાં ફર્યા. (પ્રસાદાનંદસ્વામી કહે) તે દિવસ અમારે પત્તરની આજ્ઞા નહીં ને મહારાજ પીરસે ત્યારે પત્તરાવળામાં જમીએ અને તે વિના તો હાથમાં ગોળા લઈને જમવાની આજ્ઞા હતી. પછી મહારાજના હાથ ધોવરાવ્યા ને ઉતારે પધાર્યા અને હરિભક્તે ભારે પોષાક મહારાજને પહેરાવ્યો.

❊ બાર બારણાંના હિંડોળે ઝૂલ્યા ને હજારો હાર સ્વીકાર્યા :

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને વાજતે ગાજતે આંબલે પધાર્યા ને ઓટા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે મહારાજને નમસ્કાર કરીને બેઠા. પછી બાવળિયે નોબત થઈ ને સર્વે હરિજન આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. અને નિષ્કુળાનંદસ્વામીએ હિંડોળો કરાવ્યો હતો, તે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! હિંડોળે બિરાજો, સૌ હરિજનને દર્શનની ઇચ્છા છે."

પછી મહારાજ આનંદસ્વામીનો હાથ ઝાલીને હિંડોળે બિરાજ્યા. મહારાજે બુરાનપુરી ભારે રેંટો માથે બાંધ્યો અને સોનેરી સુરવાળ ને

સોનેરી ડગલી પહેર્યાં. અને એક ભારે રેંટો કેડે બાંધ્યો, એક ભારે રેંટો ખભે નાંખ્યો. અને કડાં, વેઢ, વીંટી, ઊતરી, બાજુબંધ તથા ગુલાબ, ચંપો, ચમેલી, મોગરો, માલતી, હારસિંગાર(દેવવૃક્ષનાં ફૂલ), હજારી, ગુલદાવલી એ આદિ પુષ્પના હાર, તોરા, ગજરા ને ગુચ્છ તે મહારાજને પહેરાવ્યા. એવી રીતની શોભાને ધારણ કરતા થકા હિંડોળે બિરાજમાન થયા. અને મુક્તાનંદસ્વામી હીરની દોરી લઈને ઝુલાવવા લાગ્યા.

તે સમયે હરિભક્ત પૂજા કરવા સારુ આવે તે પૂજા કરીને મહારાજને સાકર જમાડે. તે પોતે જમીને સ્વામીને આપે. અને કેટલાક હરિભક્ત હાર પહેરાવવા આવે ત્યારે મહારાજ છડીએ કરીને હાર લેતા જાય છે અને કેટલાક હાર પગે કરી લે છે. અને તે હિંડોળાને ચારેકોર ત્રણ ત્રણ બારણાં છે. મહારાજ વચ્ચે ઊભા રહીને ચાર દિશાથી હરિભક્તના હાર લેતા જાય. પછી તે હાર ઘણા થયા ત્યારે બે ભુજામાં ધારણ કર્યા. ને છડીને વચ્ચે ઝાલીને બેય કોરે હારની કાવડ કરી. પછી સંત-હરિભક્તને હાર આપ્યા અને કેટલાક હાર તો આંબાની ડાળે ભરાવ્યા. એવી રીતે લીલા કરતા હતા.

અને હમણાં જ્યાં છત્રી કરી છે, તેથી દક્ષિણાદી કોરે બે આંબાનાં વૃક્ષ હતાં. તે બરોબર સરખાં હતાં. તેના ઉપર એક ભારે સાગનો મોભ નાંખ્યો હતો, ને તેના પર આ હિંડોળો બાંધ્યો હતો. અને તે હિંડોળાની ચારે દિશાએ થઈને બાર બારણાં હતાં. અને સુવર્ણમય વસ્ત્રે કરીને જડી લીધો હતો અને તેમાં સોનાનાં લીંબુ લટકાવ્યાં હતાં. અને તેની મધ્યે મહામનોહર મૂર્તિ શોભે છે, અને **બાર દરવાજેથી હરિજન દર્શન કરે છે, તે સર્વેને મહારાજની મૂર્તિ સન્મુખ ને સન્મુખ જ દેખાય છે.** ને સંત હોરીનાં પદ ગાઈ રહ્યાં છે. એવી રીતે મહારાજ અડધી રાત સુધી બેઠા.

પછી ઘોડીએ અસવાર થઈને ગાજતે વાજતે ગામમાં ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. હવે એ જે મહારાજે લીલા કરી છે, તેના ઉપર મુક્તાનંદસ્વામીએ એક બાવીશ ચરણનું પદ કર્યું છે જે,

ફૂલને હિંડોરે સો ઝૂલે પ્યારો...ટેક.

ચારું સ્થંભ વિચિત્ર બિરાજે, શોભાકો નહીં પાર;
લાલ લોચનિયાં પન્ના પીરોજા, બની મોતનકી લાર રે...સો.૦૧

એક એક ઓર દ્વાર ત્રયે ત્રયે, તહાં સબ જનકો તાન;
તાકે મધ્ય મનોહર મૂર્તિ, શોભાનિધિ ભગવાન રે...સો.૦૨

જોલું[1] દૃષ્ટિ પ્રસારું તોલું[2], હરિભક્તનકી ભીર;
જયજય શબ્દ કરત જન સબ હી, ઊડત ગુલાલ અબીર રે...સો.૦૩

પૂજા કરત પ્રસાદી મિસરી, પ્રભુ નિજ ભુજા પસાર;
અનંત વાર મોય દઈ ઉમંગસે, પૂરણ જન પર પ્યાર રે...સો.૦૪

એ આદિક. અને બ્રહ્માનંદસ્વામીએ પણ તેના ઉપર આઠ પદ કર્યાં છે. તે 'ઘનશ્યામ મંદિર મેરે રસિક.' તેમાં પણ એ જ ભાવ છે.

❊ વડતાલમાં આંબલે અદ્‌ભુત દિવ્ય રંગોત્સવ :

મહારાજ સવારે જાગ્યા ને દાતણ કરીને સ્નાન કરીને શ્વેત વસ્ત્ર પહેર્યાં. અને ગુલાલ ને રંગ તેનાં પણ છાંટણાં કર્યાં ને ઘોડીએ અસવાર થઈને (આંબલે પધાર્યા) ઓટા ઉપર બિરાજમાન થયા. અને ગંગા ને જમના એ બે હોજ પણ રંગે કરીને ભર્યા અને ઓટા ઉપર પણ રંગનાં રંગાડાં ભરીને મેલ્યાં.

પછી મહારાજે કડાં પહેર્યાં ને સુવર્ણની પિચકારી હાથમાં લીધી. પછી એક કોરે કાઠી, પાળા ને મહારાજ અને એક કોરે પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી, એવી રીતે પિચકારીઓની ઝડી લાગી અને ગુલાલની ડમરી ઊડી. તેણે કરીને સૂર્ય પણ દેખાતો ન હતો. જેમ અષાઢ માસમાં વરસાદની હેલી થાય તેવી શોભા થઈ. અને તેમાં જે ઢોલ, ત્રાંસાં ને નોબત વાગતી હતી, તે જાણે મેઘની ગર્જના હોય ને શું !

૧.જ્યાં ૨. ત્યાં

અને મહારાજના હાથમાં જે કડાં, વેઢ ને વીંટી નંગજડિત ઝળકે છે, તે તો વીજળીની શોભાને હરાવે છે ! અને પિચકારીઓની જે છોળું ઊડે છે તે જાણે વરસાદ હોય ને શું ! અને ગુલાલની જે ડમરી ચડી છે, તે તો જાણે વાદળાંની ઘટા ચડી રહી છે !

તે સમે અક્ષરધામના જે મુક્ત તથા શ્વેતદ્વીપના ને બદરિકાશ્રમના મુક્ત તથા ગોલોક ને વૈકુંઠના મુક્ત તથા અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તથા ઈન્દ્ર, વરુણ, કુબેર, યમ, અગ્નિ અને વાયુ એ આદિ જે લોકપાલ તે પોતાના પાર્ષદ સહિત વિમાનમાં બેસીને મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા. અને ચંદન, પુષ્પની વૃષ્ટિ કરતા થકા 'જયજય' શબ્દ બોલતા હતા. અને આખા ભરતખંડમાં તેની ભીડ થઈ હતી. અને તે વિષે મુક્તાનંદસ્વામીએ લખ્યું જે, 'જોલું દષ્ટિ પસારું તોલું હરિભક્તનકી ભીર' તે જગન્નાથથી દ્વારકા સુધી એવી ને એવી ભીડ હતી. તે સમાધિવાળા દેખતા હતા. અને તે વિષે મહારાજે પણ એક વાત કરી હતી જે -

❊ અનંત બ્રહ્માંડાધીશો સંતોમાં પ્રવેશી શ્રીહરિનો પ્રસાદ જમ્યા :

એક સમે મહારાજ ગઢડામાં હતા ને પાકી રસોઈ લેવાની આજ્ઞા નહીં. ત્યારે હરિભક્તે કહ્યું જે, "મહારાજ ! તમે સાધુને કેમ જમાડતા નથી ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એવા હરિભક્ત જ્યારે રસોઈ દેનારા ઊભા થાશે ત્યારે અમે સાધુને જમાડશું." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "મારી રસોઈ છે." ત્યારે મહારાજ કહે, "એક રસોઈએ શું થાય ?" ત્યારે હરજી ઠક્કર તથા ભગા શેઠ બોલ્યા જે, "અમારી પાંચસે પાંચસે સાધુની બે રસોઈ છે અને મહારાજની નજરમાં આવે તેવી રસોઈ કરાવો." પછી મહારાજે પાંચસે મનુષ્યની રસોઈ કરાવી. તે બિરંજ, શીરો, માલપુવા, ભજિયાં ને ઉપર દૂધ, સાકર ને ભાત. અને સાધુ તો બપોરે જીવા ખાચરના દરબારમાં જમીને આવ્યા હતા. અને પાંચ

વાગે મહારાજે જમવા બોલાવ્યા. અને સાધુ પિસ્તાળીસ હતા, તે પાંચસે મૂર્તિની રસોઈ જમી ગયા. પછી મહારાજ દૂધ પીરસવા આવ્યા, ત્યારે એક સાધુએ ત્રાંસળી લઈને ખાટલા હેઠે નાખી દીધી. ત્યારે મહારાજે તેનું મુખ ઝાલીને એક તાંબડી દૂધ મોઢામાં રેડ્યું, તે પી ગયા.

પછી મહારાજ કહે, "સર્વે સંત નાહી આવો." ત્યારે નાહીને આવ્યા એટલે ભૂખ્યા થયા. ત્યારે સંતે કહ્યું જે, "તમે જમાડ્યું તે ક્યાં ગયું ? અમે તો ભૂખ્યા થયા." ત્યારે મહારાજ કહે, **"એ તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ જે લોકપાલ તે અમારી પ્રસાદી લેવા આવ્યા હતા. અને જગન્નાથથી દ્વારકા સુધી પંક્તિ બેઠી હતી અને અમે પણ ગરુડ ઉપર બેસીને પીરસતા હતા."** અને મહારાજે વાત કરી હતી, તે જ પ્રમાણે આ ઉત્સવમાં પણ સર્વે આવ્યા હતા.

પછી એવી રીતે રમતાં રમતાં બપોર નમ્યા. ત્યારે મહારાજ કહે, 'લાવો ઘોડી.' પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને સંતો વાંસે પિચકારીઓ લઈને ચારેકોર ચાલ્યા. અને કાઠી ને પાળા આદિ ઢાલ ધરીને મહારાજ ભેળા ચાલ્યા ને ઉતારે પધાર્યા. સર્વે વસ્ત્ર ઉતાર્યાં ને સુંદર જળે કરીને નાહ્યા. સુંદર કોરું વસ્ત્ર એક પહેર્યું અને એક ઓઢ્યું. પછી ચાખડીએ ચડીને જમવા પધાર્યા. જમી ચળુ કરીને કોગળા કર્યા ને મુખવાસ લીધો. પછી ચાખડીએ ચડીને એક વસ્ત્રની પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને ઉત્તર-દક્ષિણ પંક્તિ બેઠી છે અને હાથમાં લાડુ લઈને પીરસે છે ને મનુવાર કરતા જાય છે, ને સુંદર શ્યામ એવી જે શિખા તે ફરકી રહી છે, ને મહારાજની આગળ લાડુની કથરોટો ભરી ભરીને સંત ચાલે છે, અને મહારાજ પણ તાણ કરી કરીને પીરસતા જાય; એવી રીતે ચાર-પાંચ વાર પીરસ્યું. પછી હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. અને હરિભક્તે પૂજા કરીને ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં. ને ચંદનની અરચા કરીને કુંકુમના ચાંદલા કર્યા

અને ફૂલના હાર, તોરા, ગુચ્છ ને બાજુબંધ પહેરાવ્યા. પછી ઘોડીએ અસવાર થયા ને આંબલે પધાર્યા ને ઓટા ઉપર બિરાજમાન થયા. અને તે સમે બાવળિયા ઉપર નોબત વાગી અને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે આવ્યા. અને હરિભક્ત મહારાજની પૂજા કરીને ભેટ મેલીને ચરણનો સ્પર્શ કરીને બેઠા. એ સમે આનંદસ્વામીએ આરતી ઉતારી.

પછી મહારાજ બોલ્યા જે, “કાતર લાવો, જેને પરમહંસ થાવું હોય તે આવો.” ત્યારે જેને થાવું’તું તે આવ્યા. મહારાજે ચોટી કાપીને તેનાં નામ પાડ્યાં તે ભાગેશ્વરાનંદસ્વામી, પરમાનંદસ્વામી એવી રીતે નામ પાડ્યાં. પછી મહારાજે તાળી વજાડીને સર્વેને છાના રાખીને બોલ્યા જે, “જેની પાસે ખરચી ન હોય તે સર્વે માંહોમાંહી ખબર કઢાવીને અમારી પાસેથી લેજો ને કોઈ હરિભક્ત દુઃખી થાશો નહીં. હવે સર્વે હરિભક્ત ચાલી નીસરજો. અને અમે જ્યારે કંકોત્રી લખાવીને તેડાવીએ ત્યારે તમે સર્વે આવજો.”

પછી મહારાજે સંતોને કહ્યું જે, “આવો મળીએ.” પછી સંત, સંન્યાસી અને બ્રહ્મચારીને મળ્યા. અને મહારાજે કહ્યું જે, “હવે મંડળ બાંધીને દેશ દેશમાં ફરવા જાઓ અને હરિભક્તને તથા બીજા મનુષ્ય આગળ અમારા સ્વરૂપની વાર્તા કરજો.” પછી મહારાજ ઉતારે પધાર્યા અને કાઠી, પાળા ને મહારાજ સાબદા થઈ, જ્યાં હમણાં સાધુની ધર્મશાળા છે, ત્યાં આવીને ઊભા રહ્યા. ત્યારે સર્વે સંતે દંડવત કર્યા અને નેત્રમાંથી જળની ધારાઓ પડવા માંડી. પછી મહારાજ આઘેરા જઈને પાછા વળ્યા ને એમ બોલ્યા જે, “હે સંતો ! અમે થોડાક દિવસમાં પાછા આવશું. નહિ તો તમને સર્વને તેડાવશું.” ત્યારે સર્વને ધીરજ આવી. પછી મહારાજે ઘોડા દોડાવી મેલ્યા, તે જ્યાં લગી અસવાર દેખાયા ત્યાં સુધી સંતો ઊભા રહ્યા. પછી નિસાસા મેલીને સર્વે પાછા વળ્યા અને જ્યાં જ્યાં જેને આજ્ઞા કરી ત્યાં ત્યાં સર્વે ફરવા ગયા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'તવરા ઉત્સવ, વડતાલ ફૂલડોલ ઉત્સવમાં અલૌકિક દર્શનનું વર્ણન તથા રંગોત્સવ' એ નામે ત્રેવીશમો વિશ્રામ ॥૨૩॥

વિશ્રામ - ૨૪

ઉન્મત્તગંગા માહાત્મ્ય તથા સારંગપુર હુતાશની ઉત્સવ કર્યો

❊ શ્રીહરિ વડતાલથી ગઢડા પધાર્યા :

હવે મહારાજ વડતાલથી ચાલ્યા તે **પીપળાવ** થઈને **બુધેજ** પધાર્યા. ત્યાં રાત રહી સવારે ચાલ્યા તે ગામ **પચ્છમ** જઈને **જેરાજ પટેલ**ના ફળીમાં રાત રહ્યા. અને મહારાજ થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. પછી પોઢ્યા ને સવારે સાબદા થઈને ચાલ્યા તે ગામ **સુંદરિયાણા** આવીને જમ્યા ને સર્વને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સારંગપુર** પધાર્યા ને **જીવા ખાચર**ના દરબારમાં આવીને ઊતર્યા. ત્યાં સભા કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને થાળ જમ્યા ને પોઢ્યા. સવારે જાગીને દાતણ કરીને સ્નાન કરીને થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. પછી સભા કરીને બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હવે તમે સર્વે જાઓ અને અમે તો હમણાં અહીંયાં રહેશું." ત્યારે સર્વે કાઠી હતા તે મહારાજની રજા માગીને ચાલ્યા ને મહારાજ ત્યાં બિરાજ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામથી ઉત્તરે જીવા ખાચરની વાડી છે, ત્યાં પધારતા ને સભા કરીને બિરાજતા. શેરડી જમતા ને પાછા ગામમાં આવીને થાળ જમીને પોઢતા. પછી જાગીને રાવળ પાસે કીર્તન બોલાવતા. એવી રીતે હરિજનને દર્શનનું સુખ આપતા.

પછી મહારાજ ત્યાંથી **ગઢડા** પધાર્યા. અને **મોટીબા**, **રાજબાઈ**, **લાડુબાઈ**, **દાદા ખાચર** તેમની ભક્તિરૂપી દોરડીએ કરીને બંધાઈને

રહેતા હતા. અને બીજે ગામ પધારે પણ બે-ત્રણ માસ રહીને પાછા ગઢડા આવે. એમ ભગવાન પણ ભક્તને વશ થાય છે ને ભક્ત પણ ભગવાનને વશ થાય છે, એમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ વાર્તા છે. પછી મહારાજ ગાવણું કરાવતા ને કથા વંચાવતા. અને દેશ દેશના હરિભક્ત બાઈભાઈ તે ઘરનો ને કુટુંબનો ત્યાગ કરીને મહારાજ પાસે રહેતાં હતાં. અને ગઢડાના હરિભક્તનો પ્રેમ ને ભક્તિભાવ તેને સહજાનંદસ્વામી વશ થયા હતા. અને સર્વે હરિજન પણ મહારાજનાં વચન પ્રમાણે રહેતા હતા અને સંસારના જે યત્કિંચિત્ પદાર્થ તે સર્વે મહારાજ પરાયણ કરતા હતા. અને મોટા મોટા જે મુનિ હેરણાં હેરે(શોધવા મથે) તોય જેના દર્શન ન થાય, તે મહારાજ દાદા ખાચરના દરબારમાં ભક્તને વશ થઈને રહેતા હતા. અને ત્યાં રહ્યા થકા એકાંતિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જે ભગવાનની ભક્તિ તે સત્સંગમાં પ્રવર્તાવતા હતા. અને તે દરબારમાં રહેનારાં જે બાઈભાઈ હરિજન તેને નિત્ય દિવસ-રાત્રી દર્શન થાય અને મોટા જે મુનિ તેને તો જ્યારે તેડાવે ત્યારે દર્શન થાય. ત્યાં (ભાગવતના) શ્લોક :

યૂયં નૃલોકે બત ભૂરિભાગા લોકં પુનાના મુનયોऽભિયન્તિ।

(યેષાં ગૃહાનાવસતીતિ સાક્ષાદ્ ગૂઢં પરં બ્રહ્મ મનુષ્યલિઙ્ગમ્)।।"[1]

તથા

"રાજન્ ! પતિર્ગુરુરયં ભવતાં યદૂનાં દૈવં પ્રિયઃ કુલપતિઃ ક્વ ચ કિઙ્કરો વઃ।"[2]

૧. નારદજી યુધિષ્ઠિર રાજાને કહે છે, "હે રાજન્ ! આ મનુષ્યલોકમાં તમે બધા અત્યંત ભાગ્યશાળી છો ! કેમ જે, તમારા ઘરમાં વેદો પણ ન કળી શકે એવા મનુષ્યરૂપ પરબ્રહ્મ સાક્ષાત્ નિવાસ કરે છે. અને એટલે જ સમસ્ત સંસારને પવિત્ર કરનારા મુનિઓ પણ ચારે બાજુથી તમારે ઘેર આવતા રહે છે." (ભાગ. ૭/૧૦/૪૮)

૨. શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, "હે રાજન્ ! આ શ્રીકૃષ્ણ ભગવાન તમે સૌ પાંડવોના તથા યાદવોના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ, સુહૃદ અને કુળના નિયન્તા હતા. અરે ! ઘણીવાર તો તેઓ તમારા સેવક પણ બની જતા હતા !" (ભાગ. ૫/૬/૧૮)

એવો જે ભક્તિયોગ તે દાદા ખાચરના દરબારમાં રહેતા એવા જે હરિજન તેને મહારાજ આપતા હતા. અને જ્યારથી નિવાસ કરીને રહ્યા ત્યારથી આરંભીને સમૃદ્ધિનો પાર ન રહ્યો. દાદા ખાચરના દરબારનું તથા જીવા ખાચરના દરબારનું દૂધ ભેળું કરીએ ત્યારે હજાર પરમહંસને સારુ દૂધપાક થઈ રહે એટલું થતું. અને દાણા તો નાંખવાનો માગ ન મળે. અને ગામથી દક્ષણાદી કોરે ઘેલો જે ઉન્મત્તગંગા તેમાં મહારાજ નાવા પધારે ત્યારે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તેણે સહિત પધારતા. અને બીજે ઠેકાણે તો ક્યારેક નાવા જાય ને ખળખળિયે તો નિરંતર નાવા જાય. ને જે ખીજડા આરો કહેવાય છે, ત્યાં પણ નાવા પધારતા.

❊ ઉન્મત્તગંગાનો મહિમા :

ગામ **માંડવધાર**થી આરંભીને આપણો ઓરિયો છે, ત્યાં પર્યંત ઉન્મત્તગંગામાં મહારાજ નાહ્યા છે. **'ઘેલો ઘણી વાત જેના નીરમાં નાહ્યા નાથજી, નવસે નવાણું નદી તે નાવે જેને સાથજી.'** અને શ્રીજીમહારાજ જ્યારે નાવા પધારે ત્યારે પોતાના તરંગરૂપી જે ભુજા તેણે કરીને જાણે મહારાજનું સન્માન કરતી હોય ને શું ! અને વળી ઘણાંક ફીણ વળે છે, તેણે કરીને જાણે જાહ્નવીગંગાની હાંસી કરતી હોય ને શું ! એવું દેખાય છે. અને વળી જાહ્નવીગંગા પ્રત્યે ઉન્મત્તગંગા એમ કહે છે જે, "હે જાહ્નવી ! તું હવે ગર્વ કરીશ નહીં. કેમ જે, તારામાં તો વામનજીના અંગૂઠાનો એક જ વાર સ્પર્શ થયો છે. અને મારામાં તો સર્વ અવતારના અવતારી અને અક્ષરધામના પતિ એવા જે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રીસહજાનંદસ્વામી તે અનંતકોટિ હરિભક્ત ને પરમહંસ તેણે સહિત મારે વિષે ત્રીસ વર્ષ સુધી નાહ્યા છે. માટે મારા બરોબર તો તું ક્યાંથી થાય ! કેમ જે, તારે વિષે જે આવીને સ્નાન કરે છે, તેના એક જન્મનાં પાપ નાશ પામે અને **મારા જળને**

વિષે સ્નાન કરતા એવા જે સંતે સહિત ભગવાન તેનું અંત સમે જો સ્મરણ કરે તો અનંત જન્મનાં પાપ નાશ પામે છે ને તેનો જીવ પરમગતિને પામે છે.

અને વળી મારા જળ ઉપર થઈને આકાશમાર્ગે ઊડતાં પક્ષી જ્યારે મરે છે, ત્યારે તેને વરવાને સારુ સ્વર્ગલોકમાં અપ્સરા સામસામી લડે છે, ને એકબીજાનાં વસ્ત્ર ફાડી નાખે છે ને જટિયાં તોડી નાખે છે. ને કહે છે જે, 'એને મેં પ્રથમ દેખ્યો છે, તેથી તે મારો પતિ થાશે.' ને બીજી કહે, 'તે મારો પતિ થાશે.' એવી રીતે તો પામર જીવ ફક્ત દર્શન તથા સ્પર્શ કરે તેનો મહિમા કહ્યો છે, પણ જે **સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવા સહજાનંદસ્વામી તેમનો આશરો કરીને નિયમ ધારીને મારા જળમાં સ્નાન કરે છે, તેનો મહિમા તો મારાથી કહી શકાતો નથી.**" એવી રીતે પુરુષોત્તમ ચરણોદક જે ઉન્મત્તગંગા તે જાહ્નવીગંગા પ્રત્યે કહે છે.

અને વળી જો વાયરા જેવું હોય તોપણ મહારાજ જ્યારે નાવા પધારે ત્યારે બે પહોરમાં વરસાદ થયા વિના રહે જ નહીં. અને જ્યારે વરસાદની તાણ હોય ત્યારે ગામોગામનાં મનુષ્ય પૂછે જે, 'મહારાજ નદીએ નાવા જાય છે ?' તે જો જાતા હોય તો વાદળ ન હોય તોપણ વરસાદ થતો અને જો ન જાતા હોય તો જાણે જે હમણાં વરસાદને વાર છે. ને વળી પ્રેમી હરિજન વારંવાર મહારાજને સારુ થાળ કરીને લાવે તેને મહારાજ જમતા ને તાણ કરી કરીને સંતમંડળને જમાડતા. એમ કેટલાક દિવસ લીલા કરી અને દર્શન આપ્યાં.

❊ સારંગપુરમાં હુતાશનીનો ઉત્સવ :

પછી મહારાજ **સારંગપુર** પધાર્યા અને ત્યાંના હરિભક્તે પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! હુતાશનીનો ઉત્સવ આંહીં કરો." ત્યારે મહારાજ બોલ્યા જે, "સારુ." પછી મહારાજ કહે, "લખો કંકોત્રી." ત્યારે કંકોત્રી લખાવી અને નાના પ્રકારના દેશ પ્રત્યે મોકલી. અને જે

મુક્ત હતા તેમણે શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જઈને ખબર કરી જે, "હુતાશનીનો સમૈયો મહારાજ ગામ સારંગપુરમાં કરે છે, તેથી મહારાજે કહ્યું છે જે, 'સર્વે દર્શને આવજો."

પછી જેમ જેમ મુનિમંડળ તથા સંન્યાસી ને બ્રહ્મચારી આવતા જાય તેમ તેમ મહારાજ ઊભા થઈને મળતા જાય. અને ખબર પૂછતા જાય જે, "સંઘ કેટલેક છે ?" ત્યારે સર્વે સંત હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! સર્વે દેશદેશના હરિભક્ત ભેળા થઈને જાબદે (બંદોબસ્ત) થકા વળાવિયાને ભેળા લઈને આવે છે." પછી થાળ થયો તે મહારાજ જમવા પધાર્યા. અને જમી ચળુ કરીને કોગળા કરી, મુખવાસ લઈ ચાખડીએ ચડીને પલવટ વાળી સંતની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા. અને પંક્તિમાં બે-ત્રણ વાર ફરીને રમૂજ કરે જે, "અડધો લાડુ લ્યો તો છાતીમાં ચરણારવિંદ આપું." ત્યારે પરમહંસ કહે, "લાવો." ત્યારે મહારાજ પીરસતા પીરસતા જમણો ચરણ છાતીમાં આપે.

પછી હાથ ધોવરાવ્યા ને જરાક વાર પોઢ્યા. ત્યાં તો ખબર આવી જે 'સંઘ આવે છે.' ત્યારે મહારાજ કહે, "ઘોડી સાબદી કરો." પછી ઘોડી સાબદી કરી અને મહારાજે ભારે પોષાક પહેર્યો. અને ભારે બુરાનપુરી રેંટો મસ્તકે બાંધ્યો. અને નવાનગરનો રેંટો કેડે બાંધ્યો. અને એક રેંટો ખભે નાખ્યો ને કડાં પહેર્યાં ને ઘોડીએ અસવાર થયા. અને સર્વે કાઠી અસવારના હાથમાં રોઝી ઢાલ ને સોનેરી મૂઠની તલવારો નેં ભાલા ઝળકી રહ્યા છે; અને પાળા ને મુનિમંડળ સાથે છે; ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે ચાલ્યા. અને જે સંઘ આવતો હતો, તેમણે મહારાજને દેખ્યા, ત્યારે સર્વે સામાન હેઠે મેલીને દોડી દોડીને દંડવત કરવા લાગ્યા. પછી ઊઠીને મહારાજના ચરણનો સ્પર્શ કરતા જાય ને મહારાજ પણ ખબર પૂછતા જાય.

અને સંઘના ભેળાં જે ત્રાંસાં, શરણાઈઓ ને ઢોલ હતાં, તે વગાડવા માંડ્યાં, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને સંતમંડળ તાળી વગાડીને હોરી ગાઈ રહ્યા છે, અને મહારાજની બેય કોરે ચમર ધર્યાં છે, ને ઉપર છત્ર બિરાજે છે, અને કુબેરસંગજી તથા ભગવાનસંગજી સોનાની છડીઓ હાથમાં લઈને નેકી પોકારે છે, અને મુખારવિંદ આડો રૂમાલ રહ્યો છે, એમ મહારાજ ગામમાં પધાર્યા. અને જીવા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને મહારાજ બોલ્યા જે, “સંઘને ઘરોઘર ઉતારા આલો.” ત્યારે ઉતારા આલ્યા.

પછી સભા કરીને બિરાજ્યા અને સંતમંડળ સરોદા, દુકડ, સિતાર, મંજીરાં આદિ વાજિંત્ર વગાડીને હોરી ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજે સભાને રજા આપી. પછી થાળ જમીને પોઢ્યા. પછી સવારે જાગીને દાતણ કરીને સ્નાન કરીને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં. પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થયા ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, અને સોનાને ઈંડે છત્ર માથે બિરાજે છે, ચોપદાર નેકી પોકારી રહ્યા છે, ગુલાલની ડમરી ઊડી રહી છે, ને હોરી ગાઈ રહ્યા છે; એવી રીતે ગામ બહાર પધાર્યા. અને હમણાં જ્યાં બેઠક છે તે ઠેકાણે મંચ નાખ્યો હતો, તેના ઉપર આવીને બિરાજમાન થયા. અને મોટા સંતો પુષ્પના હાર લાવ્યા, તે મહારાજને પહેરાવ્યા. અને હરિજન પણ મહારાજની પૂજા કરીને ભેટ મેલતા જાય અને ચરણનો સ્પર્શ કરીને બેસતા. પછી મહારાજ બોલ્યા જે, “કાલ અમારે પરમહંસ સાથે હોરી રમવી છે, તે રંગનાં રંગાડાં ભરાવજો ને પિચકારી વાંસની કરાવજો.”

પછી મહારાજ વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને પોશાક ઉતારીને હાથપગ ધોવડાવીને જમવા બિરાજ્યા. પછી થાળ જમીને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તેમને આપ્યો. અને એ સમે નિષ્કુળાનંદસ્વામી પાનની બીડી કરીને મહારાજને

જમાડતા. પછી તે પાન જમીને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા આવ્યા. એ સમે મૂર્તિ ચંચળ, ગૌર ને પુષ્ટ શોભી રહી છે. અને સદા શીતલ એવું જે ઉદર તેમાં ત્રિવળી પડે છે. અને ઊંડી ને ગોળ એવી જે નાભી તે શોભી રહી છે. અને વારંવાર તાણ કરીને પીરસતા જાય છે. અને શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત સર્વે મહારાજના હાથની પ્રસાદી લેવા આવે છે. તે જ્યારે મહારાજ પીરસે ત્યારે ત્રણગણી ચોગણી રસોઈ કરી હોય તે એક દિવસમાં બધી વરી(ખાલી થઈ) જાય. એ રીતે હંમેશા થાય.

પછી મહારાજે સર્વેને જમાડીને હાથ ધોવડાવ્યા. પછી ભારે ભારે વસ્ત્ર પહેરીને બિરાજ્યા. અને સભા કરી ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! અમારે સર્વે સત્સંગીને જમાડવા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જેને સાધુને ચોકે ખપે તેને સાધુના ચોકે જમાડો અને જેને ન ખપે તેને સીધાં આપો." ત્યારે સર્વે સત્સંગી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમે નહીં જમીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "જેને ખરચી ન હોય અને અમારા દર્શને છાના આવ્યા હોય તે તો જમો." ત્યારે સર્વે સત્સંગી બોલ્યા જે, "સર્વે સંઘમાં ખબર કઢાવીએ." ત્યારે મહારાજ કહે, "ખબર કઢાવીને આનંદસ્વામીને કહેજો."

પછી હોરી ગવાઈ રહી છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને મહારાજને નવા નવા પોશાક હરિજન પહેરાવે છે, ને મહારાજ પણ દેશદેશના હરિજનને બોલાવીને પાસે બેસાડતા. એમ ઝાઝી વાર દર્શન દીધાં ને મહારાજ પોઢવા પધાર્યા. પછી સવારે જાગીને દાતણ કરીને શ્વેત વસ્ત્ર પહેર્યાં અને વસ્તા ખાચરના દરબારમાં પધાર્યા ને હિંડોળે બિરાજ્યા. અને હાથમાં કડાં પહેરાવ્યાં ને સુવર્ણની પિચકારી લીધી છે. અને એક કોરે કાઠી, પાળા ને મહારાજ અને એક કોરે સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી, એમ સામસામા રમવા લાગ્યા. અને ત્રાંસાં, ઢોલ ને

શરણાઈઓ તથા ઝુંઝારું(લડાઈનાં) વાજાં વાગી રહ્યાં છે અને જે રંગ ચાલ્યો, તે ગામ બહાર નીકળ્યો !

પછી મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થયા અને સંતમંડળ પિચકારીઓ ભરી ભરીને મહારાજ ઉપર નાંખતા જાય અને મહારાજની કોરે જે સખા તે પણ સંત ઉપર નાંખતા જાય ને હોરી બોલતા જાય. અને ગુલાલ ઊડી રહ્યો છે અને મહારાજની સાથે જે કાઠી ને પાળા તેના ઉપર ઘણીક જે પરમહંસની પિચકારીઓ તેનો વરસાદ વરસવા લાગ્યો. તેણે કરીને હથિયાર ને વસ્ત્ર તે ભીંજાઈ ગયાં અને ટાઢે ધ્રૂજવા લાગ્યા. ત્યારે કાઠી, પાળા ને મહારાજ આગળ નાઠા જાય છે ને વાંસે પરમહંસ પણ પિચકારીઓ મારતા જાય; એવી રીતે **સારંગપુર**ની બધી સીમમાં ફર્યા ને હોરી રમ્યા. પછી એક છીંડે(કાંટાની વાડમાં કરેલ પગરસ્તે) થઈને ચાલ્યા, ત્યાં મહારાજનું અંગરખું ફાટ્યું.

❊ સારંગપુર રંગોત્સવમાં સંતો-ભક્તોએ માગેલ ફગવા :

પછી મહારાજ જ્યાં મંચ નાંખ્યો હતો ત્યાં આવ્યા અને પરમહંસે ઘેરી લીધા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હે સંતો ! તમે જીત્યા ને અમે હાર્યા. હવે તમે જે મનવાંછિત ફગવા માંગો તે આપીએ." ત્યારે સર્વે પરમહંસે પિચકારીઓ મેલી અને હાથ જોડીને બોલ્યા જે, **"હે મહારાજ ! એ માંગીએ છીએ જે, અનાદિ કાળની જે વાસના ને મૂળમાયા જીવને રોધની કરનારી તે અમને ન નડે. અને તમારા સ્વરૂપને વિશે કોઈ દિવસ મનુષ્યભાવ ન આવે અને તમારા ચરણને વિશે જ દૃઢ પ્રીતિ થાય. અને આ જે તમારી મૂર્તિ છે તે નિરંતર જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણેય અવસ્થામાં અમારી દૃષ્ટિથી દૂર ન થાય. એ વર માગીએ છીએ."** ત્યારે મહારાજ કહે, "તમને એ ફગવા આપ્યા." હવે એ જે મહારાજની લીલા તેના ઉપર પ્રેમાનંદસ્વામીનાં પદ છે જે,

હોરી આઈ શ્યામ બિહારી...

શ્રીઘનશ્યામ કામ સબ પૂરન, સુનિયો વિનતિ હમારી,
હમ તુમ સંગ પ્રભુ ખેલન ચાહે, હોત હર્ષ અતિ ભારી;
દીજે આજ્ઞા અઘહારી...હો૦ ૧

એક ઓર શામ સખા સંગ લેહુ, એક ઓર હમ વ્રતધારી,
જો હારે સો ફગુવા દેવે, એહી પ્રતિજ્ઞા હમારી;
કીની આજ્ઞા સુખકારી...હો૦ ૨

તથા બીજા પદમાં લખ્યું છે જે,

હોરી ખેલત ધર્મદુલારો...

શ્રીહરિ સાથ સખા મુનિમંડળ, ભ્રમત ભ્રમત સબ હારો;
મુનિનિકર આગે વચન ન પાવે, ધર્મકુંવર દગતારો;
કહત હારે રંગ જી ન ડારો...હો૦

અને વળી ત્રીજા પદમાં કહ્યું છે જે, *હરિ તન વાઘો ફટોરી.* અને ચોથા પદમાં કહ્યું છે જે, *તવપદ પ્રેમ અપારો રૂપ દગ તેજી ન ટારો.*

એવી રીતે ફગવા આપીને પછી જ્યાં હમણાં ભારે હોજ કર્યો છે, ત્યાં જઈને નાહ્યા. ને સર્વે હરિજન, સંતમંડળ, બાઈ-ભાઈ સર્વે નાહ્યાં. બાઈઓ છેટે જઈને હેઠવાસ નાહ્યાં. અને નાહીને મહારાજ ઊભા ત્યારે ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર પહેરાવ્યાં અને કડાં, વેઢ, ઊતરી, વીંટી ને ગળાને વિશે ટુંપિયો ને પોંચી, બાજુબંધ ને પગમાં સોનાનો તોડો ને મોતીની માળા ને તોરા, એ આદિ ઘરેણાં મહારાજને હરિભક્તોએ પહેરાવ્યાં. અને સંતમંડળ, ત્યાગી તેમણે ફૂલના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ તે મહારાજને પહેરાવ્યા. અને કેસરે સહિત ચંદન પ્રેમાનંદસ્વામી ઉતારીને લાવ્યા ને મહારાજને અરચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો.

પછી મહારાજ સભા કરીને બિરાજમાન થયા. અને બોલ્યા જે, **"હવે સર્વે હરિજન અમારી પાસે ફગવા માંગો."** ત્યારે સર્વે હરિજન હાથ જોડીને બોલ્યા જે, **"તમારા સ્વરૂપને વિષે કોઈ દિવસ મનુષ્યભાવ ન આવે. અને કોઈ દિવસ તમારો ને તમારા ભક્તનો અવગુણ ન આવે. અને તમારી માયાના જે ત્રણ ગુણ ને પંચવિષય તેમાં કોઈ દિવસ બંધાવા દેશો નહીં. અને સદાય તમારા દાસનો સમાગમ દેજો. ને માયિક જે પંચવિષય તે સંબંધી સુખ કોઈ દિવસ આલશો નહીં. ને તમારી મૂર્તિ નિરંતર સાંભરતી રહેજો, એ માંગીએ છીએ."** ઇત્યાદિક બહુ પ્રકારની પ્રાર્થના કરી. ત્યારે મહારાજે બહુ રાજી થઈને ફગવા આપ્યા.

પછી ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા ને સંતમંડળને જમાડ્યા. પછી સભા કરીને બિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, "સંતો, આવો મળીએ." ત્યારે સંત, સંન્યાસી ને બ્રહ્મચારી તે સર્વેને મહારાજ મળ્યા. અને સર્વે સંઘને મહારાજે કહ્યું જે, "હવે સમૈયા થઈ રહ્યા, તેથી સર્વે ચાલી નીસરો ને જ્યારે તેડાવીએ ત્યારે આવજો." ત્યારે સર્વે દેશદેશના સંઘના હરિભક્ત સાબદા થઈને આવ્યા. ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને સંઘને વળાવવા ચાલ્યા. પછી સર્વે સંતને કહ્યું જે, "હવે મંડળ બાંધીને દેશદેશમાં ફરવા જાઓ." એમ આજ્ઞા કરી, તેથી સર્વે ચાલી નીસર્યા અને મહારાજ પણ કાઠીઓના અસવાર ભેળા ગઢડે પધાર્યા.

ઇતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ઉન્મત્તગંગા માહાત્મ્ય તથા સારંગપુર હુતાશની ઉત્સવ કર્યો,' એ નામે ચોવીસમો વિશ્રામ ॥૨૪॥

વિશ્રામ - ૨૫

દુર્ગપુરે ફૂલડોલ આદિ લીલાવર્ણન, વૌઠા તથા વડતાલ વિચરણ

✲ ગઢડામાંથી દૈત્યાંશ ગેબીને ભગાડ્યો :

હવે મહારાજ **ગઢડા**માં એભલ ખાચરના દરબારમાં બિરાજ્યા. અને ઘેલામાં ખળખળિયે નાવા પધાર્યા ને સંતમંડળે સહિત પાછા દરબારમાં પધાર્યા. અને અક્ષરઓરડીથી આથમણી કોરે એક કોઠો ચણાવતા હતા. એમ જ્યાં ભક્તજનને આનંદ આપે છે, ત્યાં તો એક **ગેબી** અસુરાંશ આવીને ગામથી ઉગમણી કોરે ને ઘેલા નદીને કાંઠે પડ્યો. તે એમ બોલે જે, "એક બોરડીને બે કાંટા, તેમાં એક ઊભો ને એક વાંકો, તેનો ઉત્તર કરો. અને ભરી હોકા ને બોલો રામરામ. અને સ્વામિનારાયણ સામે કાંઠેથી ડેરી લાવે, નહીં તો હું લાવું." એવી રીતે બેઠો બેઠો ડીંગ દિયે. અને વળી એમ બોલે જે, "એની તલવારની ધાર બંધ કરું, તે કોઈને વાગે નહીં અને બંદૂક પણ બંધ કરું." એમ બોલે

પછી તે વાતની મહારાજને ખબર થઈ. અને કાઠી બોલ્યા જે, "મહારાજ, અમને આજ્ઞા આપો તો અમે તલવારો અવાણીએ(ઉપયોગ કરીએ) જોઈએ, કાપે છે કે નથી કાપતી ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ડરાવજો પણ મારશો નહીં અને ઠાલા ભડાકા કરજો." પછી રાત અરધીક ગઈ ત્યારે કાઠી ને પાળા જઈને બોલ્યા જે, "એક વાર તું ડેરી આ કાંઠે લાવ. જો અમારામાં સામર્થી હશે તો અમે સામે કાંઠે મેલી આવશું." એમ કહીને પાળા જે બંદૂકના ઠાલા અવાજ કરવા લાગ્યા, તે સામાન પડતો મેલીને ભાગ્યો. અને બીજા તેના ભેગા હતા, તે પણ સામાન મેલીને ભાગ્યા. અને ભગુજી આદિ પાળાએ હાકોટો કર્યો, તે જેમ બકરાં ભાગે તેમ ભાગ્યા. અને એમને તો હજારો મનુષ્ય દેખાણાં. પછી કાઠી, પાળા તે મહારાજની પાસે આવ્યા ને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભલો દૈત્યાંશ ભગાવીને આવ્યા."

❊ વૌઠાના મેળામાં દર્શન દીધાં :

પછી થોડાક માસ ગયા ત્યારે કંકોત્રીઓ લખાવીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલી જે, "સર્વે પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તે ગામ **વૌઠે** આવજો." પછી મહારાજ સર્વે કાઠીઓના અસવાર તથા પાળાને સાથે લઈને ઘોડીએ અસવાર થયા. એવી રીતે ચાલ્યા તે ગામ **ઝીંઝાવદર** થઈને **કારિયાણી** પધાર્યા. ત્યાં **વસ્તા ખાચર**ના દરબારમાં બિરાજ્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **ચોકડી**માં રાત રહીને ચાલ્યા તે ગામ **બળોલ** પધાર્યા. ત્યાં **વીરાભક્ત**ને ઘેર રાત રહ્યા ને થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વૌઠે** પધાર્યા. અને સર્વ સંઘ, પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તેમને સર્વેને ખબર થઈ જે, 'મહારાજ આવે છે.' તેથી સર્વે પુષ્પના હાર લઈને સામા ચાલ્યા. જ્યારે મહારાજને દેખ્યા ત્યારે જેમ લાકડી પડે તેમ સર્વે પડ્યા. મહારાજે સર્વને બોલાવ્યા ને લાંબા હાથ કરીને પુષ્પના હાર લીધા ને પહેર્યા. પછી વાજતે ગાજતે આ સર્વે સંઘ ઊતર્યો હતો, ત્યાં મહારાજ પણ ઊતર્યા.

પછી મહારાજ સિંહાસન ઉપર બિરાજ્યા અને સર્વે સંઘના હરિજન હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! ઉતારે ઉતારે રસોઈ કરાવીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે સર્વેને જમાડવા છે, કરાવો જાઓ." પછી સંઘમાં રસોઈ તૈયાર થઈ ત્યારે મહારાજ જમવા પધાર્યા ને બરફી-પેંડા જમીને ઉતારે ઉતારે સર્વે સંતને જમાડ્યા. પછી મહારાજને ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં. પછી સભા કરીને બિરાજમાન થયા. પછી આરતી-ધૂન કરી રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સર્વે હરિજન સૌ સૌના ઉતારા જાળવજો. ગંઠીછોડા(ગઠિયા) આવ્યા છે." એમ સાદ પાડીને પછી પોઢ્યા. પછી જાગ્યા ને દાતણ કર્યું. પછી સાબદા થઈને નાવા પધાર્યા. ને વસ્ત્ર ઉતારીને નાવા બેઠા ને મહારાજની કેડે

સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી અને તેને કેડે સર્વે હરિજન નાહ્યા. પછી નાહીને બહાર આવીને ઊભા રહ્યા. ત્યારે બ્રાહ્મણે ચાંદલો કર્યો. ત્યારે મહારાજે દક્ષિણા દેવરાવી. પછી સર્વ સત્સંગીને મહારાજે કહ્યું જે, "બ્રાહ્મણને દક્ષિણા આપો."

પછી હરિજને મહારાજને ભારે ભારે સુવર્ણમય વસ્ત્ર પહેરાવ્યાં ને પૂજા કરી. અને જે સંતમંડળ હતાં તેમણે પુષ્પના હાર કરીને પહેરાવ્યા ને ચંદનની આડ કરી. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને જ્યાં જ્યાં શિવાલય હતાં, ત્યાં ત્યાં મંદિરે જઈને દર્શન કર્યાં ને પૂજારીને દક્ષિણા દેવરાવી. પછી ઉતારે પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. થાળ થયો તે જમ્યા ને સર્વે મુનિ તથા કાઠી-પાળાને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગ્યા ને જળના કોગળા કરીને જળપાન કર્યું ને સભા કરીને બિરાજમાન થયા. પછી ગાવણું કરાવ્યું ને હરિજન આવી મહારાજની પૂજા કરીને ભેટ મેલીને સર્વે પગે લાગતા હતા. પછી મહારાજે સર્વે સંઘને રજા આપી અને પોતે ગામમાં પધાર્યા ને થાળ જમ્યા. જમીને ચાલ્યા તે ગામ **આણંદ** થઈને **વસો** પધાર્યા.

⁕ બુધેજના હઠીભાઈના સંકલ્પો સિદ્ધ કરી નિશ્ચય કરાવ્યો :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વડતાલ** પધાર્યા ને **(વાસણ)સુથાર**ને ઘેર જઈને ઊતર્યા. ને થાળ જમીને આંબલે સભા કરીને બિરાજ્યા. ત્યાં આરતી-ધૂન કરીને ગામમાં પધાર્યા ને થાળ જમીને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. અને મહારાજ ચાલ્યા તે નારાયણગીરીના મઠમાં જઈને બિરાજ્યા. અને ગામ બુધેજના હઠીભાઈને ખોડાભાઈએ કહ્યું જે, "તમે સર્વે તીર્થ કર્યાં, પણ સર્વ તીર્થના ફળરૂપ તો શ્રીસ્વામિનારાયણ છે. માટે તમે (વડતાલ) ચાલો ને દર્શન કરો." ત્યારે હઠીભાઈ ચાલ્યા અને માર્ગમાં **ચાર** સંકલ્પ કર્યા જે, 'સ્વામિનારાયણ જો ભગવાન હોય તો **પાટ ઉપર બેઠા હોય,** ને

કાળો ધાબળો માંગીને ઓઢે અને કચ્છ દેશના બ્રાહ્મણ પાસે ભાગવતની કથા કરાવતા હોય, ને **આપણાં નામ લઈને પાસે બેસાડે.'** એવા સંકલ્પ કર્યા. પછી મહારાજ પાસે આવ્યા ત્યારે પાટ ઉપર મહારાજને બેઠેલા દેખ્યા અને તે સમયે મહારાજે કાળો કામળો માગી લઈને ઓઢ્યો. અને ભાગવતની કથાનો આરંભ કરાવ્યો હતો. અને મહારાજે કહ્યું જે, "હઠીભાઈ ! ખોડાભાઈ ! ઓરા આવો ને કથા સાંભળો." ત્યારે ત્રણ સંકલ્પ તો પૂરા થયા ને એક રહ્યો.

પછી જ્યારે કથા થઈ રહી ત્યારે ભટ્ટને પૂછ્યું જે, "તમે ક્યાંના છો ?" ત્યારે પ્રાગજી દવે બોલ્યા જે, "કચ્છ દેશમાં ભુજનગરના છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આવા સંકલ્પ કરીએ નહીં." ત્યારે તે બોલ્યા જે, "અમે તો જીવ ખરા ને ! તમે તો ભગવાન છો." ત્યારે મહારાજ કહે, "ધારો વર્તમાન ને થાઓ સત્સંગી." પછી વર્તમાન ધારીને હઠીભાઈ સત્સંગી થયા. પછી મહારાજ બોલ્યા જે, "(વનવિચરણમાં ફરતા ત્યારે) તમારા ગામમાં તળાવમાં કૂઈ છે, ત્યાં અમે નાહીને શાલીગ્રામની પૂજા કરી ને ગામમાં આવીને પૂછ્યું જે, 'ગામમાં સદાવ્રત હૈ ?' ત્યારે કહ્યું જે, 'હઠીભાઈ આપે છે.' ત્યારે અમે જઈને કહ્યું જે, લાવો સદાવ્રત. ત્યારે ઘરમાંથી બાળકી જુવાર લઈને આવી. ત્યારે અમે બોલ્યા જે, દાણા તો હમ નહીં લેતે હૈં. ત્યારે ઘરમાંથી બોલ્યા જે, 'હે બ્રહ્મચારી ! અમે તો દાણા આપીએ છીએ.' ત્યારે મહારાજે (કહ્યું જે, અમે) મૂઠી ભરીને લીધા. તે લઈને ચાર દાણા જમ્યા ને બીજા ત્યાં મેલ્યા. ત્યારે **જે જે સદાવ્રત બંધાવવાં ને તળાવ, વાવ, કૂવા તે સત્પુરુષ બ્રહ્માંડમાં અવતરીને વિચરે તેના ઉપયોગમાં આવે તેને અર્થે કરવાં, એવો સંકલ્પ કરીને કરવા."**

❋ વડતાલથી વિચરણ કરતાં ગઢડા પધાર્યા :

પછી મહારાજ થાળ જમ્યા ને પછી સાબદા થયા. ત્યારે હઠીભાઈ કહે, "હે મહારાજ ! અમારે ગામ થઈને પંચાલ દેશમાં પધારજો." પછી

મહારાજ ત્યાંથી ચાલ્યા તે **પીપળાવ** થઈને હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **બુધેજ** આવ્યા. અને વાજાં વાગી રહ્યાં છે ને **હઠીભાઈ**ને ઘેર પધાર્યા. અને સભા કરીને બિરાજ્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. તે સમે ખોડાભાઈ ને તેજાભાઈ તે મહારાજનાં ચરણારવિંદ ખોળામાં લઈને ચાંપવા લાગ્યા, ને રમૂજની વાતો કરતા જાય. પછી પોઢ્યા ને સવારે જાગ્યા ને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે ગામ **ગુડેલ** પધાર્યા. રૂડી રીતે સામૈયું કર્યું ને **જીભાઈ**ને ઘેર પધાર્યા. થાળ થયો તે જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે **ધોલેરે** પધાર્યા ને **પુજાજી**ને ઘેર જઈને રાત રહ્યા ને થાળ જમ્યા. સવારે સાબદા થઈને ચાલ્યા તે ગામ **બરવાળા** હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **ઝમરાળે જીવા દવે**ને ઘેર પધાર્યા. અને થાળ જમ્યા ને સર્વે સખાને પોતાના હાથે પીરસીને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી** પધાર્યા. **વસ્તા ખાચર**ના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયો નાંખ્યો હતો, તેના ઉપર બિરાજમાન થયા. પછી થાળ જમ્યા ને પોઢ્યા. ને રાતે ચાલ્યા તે ગામ **ગઢડા** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં આવીને છાના રહ્યા.

❊ મહારાજનું વચન ન મનાતા કાળ પડ્યો :

અને મહારાજે (બંધિયાના વાઘેલા મુળુભાઈના મહેમાન) જાડેજાઓને કહ્યું હતું જે, "તમે દીકરીઓ ન મારો. તે વચન તેમણે ન માન્યું." તે પછી જે કાળને આજ્ઞા કરી તે આવતોકને(ઝડપથી કાળ) પડ્યો. ત્યારે મહારાજ ત્રણ વર્ણના (લોકોને) પરમહંસ કરી કરીને ભાઈરામદાસજી પાસે વડતાલ મોકલે ને મહારાજ છાના રહેતા ને મસ્તક ઉપર કેશ રખાવ્યા. એ સમે ચુવાળ દેશનો હરિભક્ત અદેસંગ તે ત્રણ-ચાર દિવસે બોટાદ આવ્યો. ત્યારે હમીર ખાચરને ઘેર બાઈએ પૂછ્યું, ત્યારે કહ્યું જે, "બા, ચાર દિવસનો ભૂખ્યો છું." ત્યારે ત્યાં ખવરાવ્યું ને જ્યારે ચાલ્યો ત્યારે ત્રણ રોટલા બંધાવ્યા. પછી તે ગઢડે

આવ્યો ને સંતોનાં દર્શન કર્યાં. પછી મહારાજના દરવાણી જે કરીમભાઈ તેને આવીને મળ્યો. ત્યારે મહારાજ અક્ષરઓરડીને વિશે ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. તે સમે કરીમભાઈએ આવીને કહ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "આવવા દ્યો." તે મહારાજને દંડવત કરીને બેઠો. ત્યારે મહારાજે પૂછ્યું જે, "ભક્ત ! અન્ન ક્યાં મળ્યું હતું ?" ત્યારે તે બોલ્યો જે, "હે મહારાજ ! બોટાદ આવ્યો ત્યારે દાહા ખાચરની માએ અન્ન આપ્યું ને ત્રણ રોટલા આપ્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓ સોમલા ખાચર ! દાહા ખાચરની માએ અમારા નામ ઉપર એને અન્ન આપ્યું."

⁂ ભક્તને જમાડવાથી દાહા ખાચરની માતાને ધામ આપ્યું :

પછી તે બાઈ પાંચ મહિના કેડે માંદાં થયાં. ત્યારે ગઢડે ખબર આવી. ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને જીવા ખાચરને ખબર કરાવી. ત્યારે તેમણે આવીને કહ્યું જે, "એણે તો દેહ મેલ્યો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તેડવા નથી ગયા ને દેહ કેમ મેલે ?" પછી મહારાજે કાઠીઓના અસવાર ભેળા લીધા ને ગામ **બોટાદ** પધાર્યા. અને ભાણા ભાઈચંદને શરીરે કસર હતી, તેને દર્શન દઈને **હમીર ખાચર**ના દરબારમાં પધાર્યા. ત્યાં સભા કરીને બિરાજમાન થયા ને થાળ થયો તેને જમ્યા ને પોઢ્યા.

પછી જાગ્યા ને પછી બાઈએ દેહ મેલ્યો તેને અક્ષરધામમાં પહોચાડ્યાં. મહારાજ સ્મશાન ગયા ને જઈને શ્લોક બોલવા માંડ્યા. દેહની ક્રિયા થઈ રહી ત્યારે સ્નાન કરીને મહારાજ દાહા ખાચરના દરબારમાં જઈને સોમલા ખાચરના દરબારમાં પધાર્યા. ભગા દોશી આદિ સત્સંગી સર્વે મહારાજ પાસે આવ્યા ને સભા કરીને બિરાજ્યા. અને મુળજી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તેને મહારાજ જમ્યા ને પછી પોઢ્યા. પછી જાગીને સાબદા થઈને ચાલ્યા ને સર્વે હરિજન વળાવવા આવ્યા. પછી તેને પાછા વાળ્યા ને જે ઘોડા ઉપાડ્યા તે **ગઢડે** પધાર્યા.

❋ સદાવ્રતમાં દાણા ખૂટતાં જીવા ખાચરની લાજ રાખી :

પછી મહારાજ છાના રહ્યા ને કથા વંચાવે અને મહારાજને ભીડ ગમે નહીં. એક દિવસ જીવા ખાચર આદિ કાઠી મહારાજ પાસે આવીને મહારાજને પગે લાગ્યા. મહારાજે આવકાર દઈને સર્વેને બોલાવ્યા. ત્યારે તે બોલ્યા જે, “જીવા ખાચરને રાંધેલ અન્નનું સદાવ્રત આલવું છે, પણ મહારાજ તમે હા પાડો તો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એમ અમે હા ન પાડીએ.” ત્યારે અલૈયા ખાચર બોલ્યા જે, “એ તો જીવો પૂંજો કહેવાય, જેના મુખે નાકારો નહીં.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ તો ભારે કાળ કહેવાય, તેથી તમે રાંધેલ ટોઠા(ઘૂઘરી) આપો.” ત્યારે તે કહે, ‘ઠીક.’ પછી જ્યાં છ મહિના થયા ત્યાં દાણા થઈ રહ્યા. ત્યારે પાછા સર્વે મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, “મહારાજ ! ઘરમાં દાણા થઈ રહ્યા.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે તો ના જ પાડી હતી. હવે અલૈયા ખાચર તમારા સગા છે, તે એમની પાસેથી પાંચ હજાર રૂપિયા ઉછીના લો. (તેનો બાજરો લઈને કોઠીમાં ભરો) અને બાજરાની કોઠી ઉપર ઢાંકણું દઈને છાંદી લેજો ને કોઠીને સાંણેથી દાણા કાઢજો.” ત્યારે પગે લાગીને બોલ્યા જે, “સારું મહારાજ, તેમ જ કરશું.” અને અલૈયા ખાચરે કહ્યું જે, “હું રૂપિયા ઉછીના આપીશ.” એમ કહીને ઘેર ગયા.

અને મહારાજ ઘોડીએ અસવાર થઈને સાથે પાળાને લઈને રાધાવાવ પાસે જે બીડ ત્યાં પધાર્યા ને બાવળને હેઠે બિરાજ્યા. ને નિષ્કુળાનંદસ્વામીનાં કરેલાં જે પરજિયાં તે માતરા ધાધલ પાસે ને દાના ધાધલ પાસે બોલાવ્યા. અને સુંદર મૂર્તિ શોભે, તેને સંત-હરિજન નીરખતા જાય ને ધ્યાન કરતા જાય. અને સુંદર ઉદર, ત્રિવળી, ઊંડી ને ગોળ નાભી, ને તેની બેય કોરે જે તિલ, ને નાસિકાની પાસે જે તિલ તથા કાનમાં જે શામ બિંદુનું ચિહ્ન તથા ભુજામાં જે છાપનાં ચિહ્ન તે જોતા જાય.

અને વળી ચરણને વિશે જે સોળ ચિહ્ન સ્વસ્તિક, અષ્ટકોણ, જવ, વજ્ર, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, ઊર્ધ્વરેખા, મત્સ્ય, ત્રિકોણ, ગૌપદ, વ્યોમ, ધનુષ્ય, અર્ધચંદ્ર, કળશ તેને ચિંતવે છે. અને વળી લાલમણિ જેવા જે પગની આંગળીઓના નખ તેને જોઈને અંતરમાં ધારે છે. અને શ્રીજીમહારાજ નાના પ્રકારની રમૂજની વાતો કરીને હરિજનને આનંદ ઉપજાવે છે. પછી પાછલી છ ઘડી રાત રહી ત્યારે ગામમાં પધાર્યા ને દાદા ખાચરને ઘેર આવ્યા.

❊ જીવા ખાચરને પીઠવડીના ભક્તોની મદદ અપાવી :

એક સમે ગામ **પીઠવડી**ના પટેલ ભગો, મૂળો, ભાયો માંજરિયો, રૂડો તથા પૂજો તથા જેરામ એ સર્વે મહારાજ પાસે આવ્યા. અને દંડવત કરીને ચરણનો સ્પર્શ કરીને બેઠા. મહારાજે ખબર પૂછી, ત્યારે તે કહે જે, “કોસ જોડ્યા છે ને નીપજ થઈ છે.” ત્યારે મહારાજ કહે, “જીવા ખાચરના ઘોડા રાખશો ?” ત્યારે તે કહે, “હા, મહારાજ.” તેમ કરીને કાળ ઉતરાવ્યો. અને દાદા ખાચરને મહારાજે કહ્યું જે, “લાજવાળાં મનુષ્ય ડેલીએ આવીને હાથ નહીં ઓડે(લંબાવે), માટે રાત્રીએ દાણા જેને જોઈએ તેને આપો.” પછી જ્યારે હિસાબ ગણ્યો ત્યારે બે દરબારમાં ખરચ બરોબર થયું. અને જે ત્રણ વર્ણના મનુષ્ય આવે તેને પરમહંસ કર્યા ને બીજાને પોતાની પાસે ધોળે વસ્ત્રે રાખ્યા. એમ દયા કરીને કાળ ઉતાર્યો.

❊ ગઢપુરમાં હુતાશનીનો સમૈયો :

પછી હુતાશનીનો સમૈયો આવ્યો ત્યારે કંકોત્રીઓ મોકલી. ત્યારે દેશ દેશથી સંઘ આવ્યા ને સંતમંડળ પણ જ્યાં જ્યાં દેશમાં હતાં, તે સર્વે આવ્યા. તે જેમ જેમ આવતાં જાય તેમ તેમ મહારાજ મળતા જાય અને સર્વ સત્સંગની ખબર પૂછતા જાય. ત્યારે સંતો કહે, “સર્વ સત્સંગી ભેળા થઈને સર્વે સંઘ આવે છે.” પછી જ્યારે સર્વે સંઘ આવ્યા, ત્યારે મહારાજ દરબારમાં લીંમડાના વૃક્ષ હેઠે સભા કરીને બેઠા હતા. તે સમે

દેશ દેશના સર્વે સત્સંગી આવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે સર્વેને ઉતારા દેવરાવ્યા. પછી રસોઈ થઈ ને મહારાજ જમ્યા ને ચળુ કર્યું અને થાળ સંતમંડળને મોકલાવ્યો. અને પોતે જળના કોગળા કરીને મુખવાસ લઈને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે મોતૈયા લાડુ હાથમાં લઈને પીરસતા જાય, ને મનુવાર કરતા જાય, ને માથે ચરણ મેલતા જાય એમ સંતને સુખ આપે. પછી એવી રીતે જમાડીને એલચી, લવિંગ, સોપારી તે પ્રસાદી કરાવીને સર્વે સંતને આપે. પછી મહારાજ પોઢ્યા ને સંતો ઉતારે આવ્યા. પછી ચારેક ઘડી કેડે મહારાજ જાગ્યા ને જળના કોગળા કર્યા ને જળપાન કરીને સભા કરીને બિરાજ્યા.

પછી સર્વે હરિજન, સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને પાળા તે આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી સંતમંડળ વાજાં વગાડીને હોરી ગાવા લાગ્યા. તે ગાઈ રહ્યા પછી આરતી-ધૂન કરી રહ્યા ને પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા. પછી મહારાજ બોલ્યા જે, “સવારે સર્વે મુક્તમંડળ સંગાથે હોરી રમવી છે. માટે કેસર, કેસૂડાં, પતંગ આદિ રંગનાં રંગાડાં ભરાવજો. અને આ લીંમડે હિંડોળો બાંધજો.” એમ આજ્ઞા કરીને પોઢવા પધાર્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કર્યું ને શ્વેત વસ્ત્ર પહેર્યાં. અને કડાં, વેઢ, વીંટી, ઊતરી આદિ હરિજને પહેરાવ્યાં. પછી ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ તે વાગી રહ્યાં હતાં ને મહારાજ હિંડોળા ઉપર આવીને બિરાજ્યા. પછી ચારેય કોરથી મુક્તમંડળની ને હરિજનની હલા થઈ. અને વૃક્ષ ઉપર અક્ષરધામના મુક્ત તથા શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત તે સર્વે મહારાજના ઉપર રંગની પિચકારી ભરી ભરીને નાંખવા માંડ્યા. અને મહારાજ હિંડોળાની ઉપર ઝૂલી રહ્યા છે, ને સુવર્ણની પિચકારી ભરીને સર્વે આપતા જાય છે, ને સંતો ઉપર નાંખતા જાય.

પછી સર્વે સંતની પિચકારીઓ છૂટવા લાગી તે જાણે અષાઢ મહિનાનો મેઘ હોય ને શું ! અને મહારાજના સખા જે કાઠી ને પાળા તે ટાઢે કરીને ધ્રૂજવા લાગ્યા. અને મહારાજનાં સર્વે વસ્ત્ર રંગે રસબસ થઈ ગયાં. પછી લીંમડા ઉપર જે અક્ષરધામના મુક્ત હતા, તે બોલ્યા જે, "હે મહારાજ ! અમારા પક્ષે આવો." ત્યારે મહારાજ હિંડોળાનો દોર ઝાલીને ઉપર ચડી ગયા. તે ઉપર નાગાજણ રાવળે કવિત બનાવ્યું, *'ચલે પિચકારી જોર, લાલ જૈ લિંબ છુપાયા.'*

પછી સર્વે સંત પિચકારી મેલીને ઊભા થઈ રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હે સંતો ! એમ રમત ન થાય. થોડાક સંત અમારી કોર આવો ને બે તડ બરોબર થઈને રમો." ત્યારે સંતો કહે, "સારું મહારાજ." પછી સામસામા જે રમત થઈ ને રંગ ચાલ્યો તે ઘેલામાં પૂગ્યો ! અને મહારાજ પાછા હિંડોળે આવીને બિરાજમાન થયા. અને ગુલાલ ઊડી રહ્યો છે ને ધૂમ મચી રહી છે. પછી રમતાં રમતાં બપોર નમ્યા, ત્યારે મહારાજ તાળી વગાડીને બોલ્યા જે, "હવે જમ્યાનું અસૂર(મોડું) થાય છે, તેથી સર્વે સંત નદીએ નાવા જાવ."

એમ કહીને મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને નાહ્યા. નાહીને વસ્ત્ર પહેર્યા ને થાળ જમ્યા. જમીને ચળુ કરીને કોગળા કરીને મુખવાસ લઈને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે વારંવાર તાણ કરીને શીરો પીરસતા જાય. પછી સંતમંડળને જમાડીને મહારાજ કહે, "હવે બીજા સર્વે હરિજન જમવા બેસો ને જેને ન ખપે તે સીધાં લઈને જમે. એમ દાદા ખાચરનાં ઘરનાં માણસ હાથ જોડીને અમને કહે છે." ત્યારે સર્વે સંઘે સીધાં લીધાં ને રસોઈ કરીને જમ્યા.

પછી મહારાજ સભા કરીને બિરાજમાન થયા. અને ભારે પોષાક પહેર્યો અને ભારે સિંહાસન ઉપર બિરાજ્યા. તે સમે ગામ અમરેલીથી પંચાણભાઈ પુષ્પ લાવ્યા. તેના હાર કરીને મહારાજને પહેરાવ્યા. અને

સર્વે ગામોગામના હરિજન ભેળા થઈને પૂજા કરવા આવ્યા. તે પૂજા કરીને ભેટ મેલીને ચરણારવિંદનો સ્પર્શ કરતા. અને મહારાજ પણ હેતે કરીને બોલાવતા. પછી સંત હોરી ગાવા લાગ્યા ને ત્રાંસાં, શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને દેવ દુંદુભી નામે વાજાં વગાડી રહ્યા છે. અને તે સમે **રાવળ** રવાજ ને કાંસિયાં વગાડીને કીર્તન ગાય છે જે, *'કંકોળેલ નેણાવાળો કાન રે, રંગભીનો ખેલે રે...કંકો.'*

પછી તે સમયે મુક્તાનંદસ્વામીએ મહારાજની આરતી ઉતારી અને જયકાર શબ્દ થયો. પછી સંન્યાસી પૂર્ણાનંદસ્વામીએ વેદની કાંડી બોલીને પુષ્પાંજલી આપી. પછી મહારાજ બોલ્યા જે, "સંઘમાં જેને ખરચી ન હોય ને છાના અમારે દર્શને આવ્યા હોય તે સર્વે બાઈભાઈ અમારા કોઠારી પાસેથી લેજો." અને આનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "સંઘમાં ખબર કઢાવીને જેની પાસે ખરચી ન હોય તેને કોઠારી પાસેથી અપાવો. હવે સમૈયા થઈ રહ્યા, તેથી સર્વે હરિજન બાઈભાઈ ચાલી નીકળજો. અને જ્યારે અમે તેડાવીએ ત્યારે તમે આવજો." એમ કહીને પોઢવા પધાર્યા.

પછી સવારે જાગ્યા ને જળના કોગળા કરીને મુખ ધોઈને ઘોડીએ પલાણ મંડાવી સંઘને વળાવવા ચાલ્યા. અને સર્વે હરિજન એમ બોલે જે, "હવે આ ચંચળ નટવર મૂર્તિનાં ક્યારે દર્શન થાશે !" પછી મહારાજ સીમાડે આવીને ઊભા રહ્યા અને સર્વે સંઘનાં મનુષ્ય સામાન હેઠો મેલીને મહારાજને પગે લાગ્યા ને નેત્રમાંથી જળ પડવા લાગ્યાં. તે સમે **મહારાજ બોલ્યા જે, "અમે સમૈયા કર્યા, તે તમે સંભારતા રહેજો. અને તમે સર્વે અમારાં વચન પ્રમાણે વર્તશો તો તમે અમારી પાસે જ છો."** એમ કહીને જે ઘોડા ઉપાડ્યા તે ગામમાં પધાર્યા. અને સંઘનાં મનુષ્ય હતાં, તે નિસાસા મેલીને ચાલ્યાં તે પોતપોતાના ઘેર ગયાં.

પછી મહારાજ દરબારમાં સભા કરીને બિરાજમાન થયા અને તે સમે સંતમંડળ વાજાં વગાડીને હોરી બોલતા હતા. પછી મુકુંદ બ્રહ્મચારી

મહારાજને બોલાવવા આવ્યા, તેથી જમવા પધાર્યા ને સભાને રજા આપી. પછી મહારાજ જમીને સંતમંડળને પીરસવા પધાર્યા ને પંક્તિમાં પીરસતા જાય ને સંતને ચરણારવિંદ આલતા જાય. એવી રીતે ઘણી વાર પંક્તિમાં ફર્યા. પછી હાથ ધોવરાવ્યા ને મહારાજ ઉતારે પધાર્યા. પછી ઘડી બે કેડે દરબારમાં સભા કરીને બિરાજમાન થયા અને સર્વે સંતને તેડાવ્યા.

પછી સંત આવીને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “હે સંતો ! હવે સમૈયા થઈ રહ્યા. માટે બુરાનપુર, ખાનદેશ, નગર(જામનગર), કચ્છ, હાલાર, સોરઠ, ઝાલાવાડ, ભાલ, વાળાક, ચરોતર, અમદાવાદ, પ્રાંતિજ, વીસનગર, ભરૂચ, સુરત, કાનમ, વડોદરા, વાકળ, નિમાડ એ આદિ દેશ તથા શહેર તેમાં મંડળ બાંધીને ફરો. અને અમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરજો ને અમારાં વચન પ્રમાણે તમે રહેજો અને સર્વે સત્સંગીને અમારી આજ્ઞા પ્રમાણે રખાવજો.” પછી કહ્યું જે, “આવો મળીએ.” ત્યારે સર્વે સંતમંડળ તથા સંન્યાસી ને બ્રહ્મચારી તે મહારાજને મળ્યા. પછી મહારાજ જમવા પધાર્યા. અને સર્વે સંતો મંડળ બાંધીને દેશ દેશમાં જ્યાં જેને આજ્ઞા કરી તે પ્રમાણે સર્વે ચાલી નીકળ્યા. ત્યાં પરજિયો, *‘એ વાલાનો વિજોગ સાલે ઘણું શરીરમાં, એ વણરોગે રોગ પીડે ઘણું પિંડમાં..’*

હવે સંત નિસાસા મેલતા જાય છે અને એમ વાત કરે છે જે, “હવે એ મૂર્તિનાં ક્યારે દર્શન કરશું !” ત્યારે બીજા સંત બોલ્યા જે, “જુઓને, હિંડોળે બિરાજ્યા ત્યારે કેવાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં’તાં ! અને કડાં પહેર્યાં હતાં ! અને સુવર્ણની પિચકારી ભરી ભરીને આપણા ઉપર નાખવા માંડી. ને આપણે ચારેકોરથી ઘેરી લીધા ત્યારે હિંડોળાના દોર ઝાલીને લીંમડે ચડી ગયા. ને એમ બોલ્યા જે, ‘હે સંતો ! આમ રમવાની રીત નહીં.” પછી વળી બીજા સંત બોલ્યા જે, “આપણને પીરસતા થકા છાતીમાં કેવાં ચરણારવિંદ આપ્યાં હતાં !” અને વળી

બીજા સંત બોલ્યા જે, "જુઓને, આપણને મળ્યા ત્યારે કેવાં લટકાં કરતા ! ને ચંચળાઈથી સર્વેને ઘડીકમાં મળી રહ્યા !" એવી રીતની અનેક પ્રકારની લીલા સંભારતા થકા દિવસ નિર્ગમન કરતા હતા. અને વળી ચણોઠીના હાર ને રતાંજલીના(રાતા સુખડના) હાર ને કપૂરના હાર ને બાજુબંધ, તોરા ને સોપારીના બેરખા તેને કરી કરીને મહારાજની મૂર્તિને સંભારતા હતા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીદુર્ગપુરે ફૂલડોલ-ઉત્સવ આદિ લીલા વર્ણન' એ નામે પંચવીસમો વિશ્રામ ॥૨૫॥

વિશ્રામ - ૨૬

ગુજરાત, ભાલ, પંચાળ, સોરઠ ને હાલારમાં વિચરણ તથા વડતાલે ફૂલડોલ-ઉત્સવ

પછી મહારાજ ગાડી જોડાવીને **ગઢડે**થી ચાલ્યા તે ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં ગામથી બહાર એક કોઠો ચણાવતા અને નિત્યે નદીએ નાવા જાય અને હરિજનને ઘેર થાળ જમતા. એવી રીતે થોડાક દિવસ ત્યાં રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **બંધિયા** પધાર્યા. ત્યાં એક રાત રહીને **મુળુભાઈ**ને સાથે લીધા ને ચાલ્યા તે ગામ **ગોંડળ** પધાર્યા. **સુતાર પ્રાગજી**ને ઘેર થાળ જમ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગામ **નાગડકે** પધાર્યા ને **નથુજી**ને ઘેર રાત રહ્યા. મુળજી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા. જમીને સભા કરીને બિરાજમાન થયા અને કીર્તન ગવરાવ્યાં ને પછી પોઢ્યા. સવારે જાગ્યા ને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં **ભાદરે** પધાર્યા. **ડોસાભાઈ**ને ઘેર બિરાજ્યા ને બ્રહ્મચારીએ રસોઈ

કરી તે જમ્યા. અને નિત્યે નદીએ નાવા જાતા અને **વશરામ ભક્ત**ને ઘેર સભા કરીને બેસતા ને બ્રહ્મચારી થાળ કરે. પછી મહારાજ જમીને સર્વે સખાને જમાડે. એવી રીતે લીલા કરતા થકા ત્યાં રહ્યા હતા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વંથલી** પધાર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા તે ગામ **અલૈયે** પધાર્યા. ત્યાં એક રાત રહ્યા ને થાળ જમીને ચાલ્યા તે **મોડા** પધાર્યા. ત્યાંથી ગામ **શેખપાટ** આવ્યા ને ત્યાં બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **જોડિયા** પધાર્યા. ત્યાં એક રાત રહીને પાછા વળ્યા. તે ગામોગામના હરિજનને દર્શન દેતા થકા ગામ **માણાવદર** પધાર્યા. ત્યાં **મયારામ ભટ્ટ**ને ઘેર સભા કરીને બિરાજમાન થયા. ત્યાં ગામના હરિભક્તને ઘેર થાળ જમવા પધારતા અને નિત્યે નદીએ નાવા જાતા. એમ ત્યાં થોડાક દિવસ રહ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પંચાળા** પધાર્યા અને **ઝીણાભાઈ**ના દરબારમાં સભા કરીને બિરાજમાન થયા. ત્યાં દેશદેશના હરિજન દર્શન કરવા આવ્યા અને ઘણાંક મનુષ્યને સમાધિ થતી હતી. અને પરમહંસનાં મંડળ ત્યાં આવ્યાં ને મહારાજ તેમને મળ્યા અને ખબર પૂછ્યા. અને એમ બોલ્યા જે, “હે સંતો ! શરીરે દૂબળા જણાઓ છો. માટે અન્ન જમતા જાઓ.” એમ કહીને બ્રાહ્મણી લાડકીબાઈ પાસે રસોઈ કરાવી અને મહારાજ પંડે થાળ કરીને જમ્યા. પછી સંતમંડળને જમાડ્યા.

❊ પર્વતભાઈની સંતોમાં આત્મબુદ્ધિ :

પછી મહારાજ સાબદા થઈને ચાલ્યા ને (મુડિયાસાના મેર) **મુળુભાઈ**ને ત્યાં રાખ્યા. ગામ **અગતરાઈ** આવ્યા ને વાજતે ગાજતે **પર્વતભાઈ**ને ઘેર પધાર્યા અને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી પર્વતભાઈ હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! ખેતરે વાઢ(ચિચોડો) ફરે છે, તે વાઢ પવિત્ર કરવા પધારો.” ત્યારે મહારાજ કહે, ‘ચાલો.’

પછી ગાડી જોડાવીને મહારાજ બેઠા ને વાઢે પધાર્યા. પછી મહારાજને શેરડી સુધારીને આપી તે જમતા જાય ને પર્વતભાઈને પ્રસાદી આપતા જાય. ત્યારે પર્વતભાઈએ તો ન લીધી. ત્યારે બીજા હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! પર્વતભાઈને તો નીમ છે જે, સંત ન જમે તો હું કેમ જમું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ પરમહંસની ઝોળીમાં જે આવશે તે જમશે." અને પ્રથમ તો એમ આજ્ઞા હતી કે ઝોળીમાં આવે તે (રસકસ) પણ ન જમાય. પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને પર્વતભાઈને પણ જમાડ્યા.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે પર્વતભાઈ ને જેઠો મેર આદિ સખા ભેળા રહ્યા છે ને ગામ **મેઘપર** પધાર્યા. ત્યાં રાત રહ્યા ને **પેથલભાઈ**ને ભેળા લીધા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ઉપલેટા** પધાર્યા ને હરિજન **લાલજી**ના ફળીમાં બિરાજમાન થયા. મયારામ ભટ્ટે થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ગાલોલ**માં **માવાભક્ત**ને ઘેર રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **દેરડી**એ પધાર્યા. **રૂપસી શેઠ**ને ઘેર જઈને ઊતર્યા ને થાળ કરાવ્યો, તે જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **રાયપર** આવ્યા ને **ત્રિકમ રાજગર**ને ઘેર પધાર્યા ને થાળ કરાવીને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગઢડા પધાર્યા અને દાદા ખાચર આદિ કાઠીઓના અસવાર સામા આવ્યા. ને ભાલા ઝળકી રહ્યા છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે; એવી રીતે ગાજતે વાજતે દરબારમાં પધાર્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી ગઢડાના હરિજને ખબર પૂછ્યા જે, "હે મહારાજ ! આ ફેરે તો ગામોગામના હરિજનને બહુ દર્શન દીધાં." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો રામાનંદસ્વામીના જૂના હરિભક્ત છે. અને જેવો તમારો પ્રેમ ને હેત અમારામાં છે, એવો ને એવો પ્રેમ ને સ્નેહ અમારામાં એ હરિભક્તનો પણ છે." પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને પછી જમીને પોઢ્યા.

❊ અલૈયા ખાચરને વાતો કરવાની આજ્ઞા :

પછી થોડીક વાર કેડે જાગ્યા ને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. પછી સભા કરીને બિરાજમાન થયા અને અલૈયા ખાચરને ભારે સુવર્ણમય પોશાક આપ્યો. ને મહારાજે એમ કહ્યું જે, “તમે આવો પોશાક પહેરીને વાળાક દેશમાં હરિજનની આગળ વાતો કરવા જાઓ.” એમ આજ્ઞા કરી અને પેથલભાઈ આદિ હરિજનને તેમની સાથે મોકલ્યા.

અને મહારાજે પરમહંસ ઉપર કાગળ લખાવીને મોકલ્યો જે, “અષાઢ સુદિ પાંચમની વીજળી થાય તો વડોદરા વિશ્વામિત્રી નદીના પુલ ઉપર રહેજો, ને ન થાય તો બુરાનપુરની કોરે જાજો અને ઝોળીમાં જે આવે તેને જમજો.” એવી રીતે પત્ર લખીને મોકલ્યો. પછી અષાઢ સુદિ પાંચમની વીજળી થઈ તેથી વડોદરે નદીના પુલ ઉપર સર્વે સંતો ચાર્તુમાસ રહ્યા.

❊ દાદાના દરબારગઢના તે સમયના ઓરડાની વિગત :

શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં બિરાજ્યા હતા. (પ્રસાદાનંદસ્વામી કહે) ત્યારે તમે એમ કહેશો જે, ઓરડા તે એભલ ખાચરના ચણાવેલા છે કે મહારાજે રહીને ચણાવ્યા છે ? તે હું તમને કહું છું જે, અક્ષરધામની જે ઓરડી કહેવાય છે, તેથી આથમણી કોરે કોઠો મહારાજે ચણાવ્યો હતો. તે કોઠો પડાવીને જ્યાં હમણાં વાસુદેવનો ઓરડો કહેવાય છે, ત્યાં પડતર ભૂમિ હતી. તે ઠેકાણે મહારાજે ઊભા રહીને પાયા નંખાવ્યા ને પંડે મહારાજ પાસે બેસતા ને ચણાવતા ને પાળા મહેનત કરતા. દક્ષણાદી પછીતમાં બારી મેલાવી છે ને આથમણા કરામાં પણ બારી મેલાવી છે. તે કામકાજમાં નિષ્કુળાનંદસ્વામીને રાખ્યા હતા.

જ્યારે ઓરડો પૂરો થયો ને માળી રહ્યા ને ગાર પણ કરી, ત્યારે મહારાજે ભારે રસોઈ કરાવીને પોતે જમીને મોટા મોટા સંત ને પાળા તેમને જમાડ્યા. પછી મહારાજ પણ એ જ ઓરડામાં રહેતા ને ત્યાં જ થાળ જમતા ને પોઢતા અને સંતોને પણ ત્યાં જ જમાડતા. ત્યારપછી જે

ઉગમણા બારના ઓરડા કહેવાય છે તે કરાવ્યા. ત્યારપછી વાસુદેવનો જે ઓરડો તેને હારે જે ઓરડો તે કરાવ્યો. ત્યારપછી અક્ષરઓરડીથી દક્ષણાદી કોરે ઓરડા ઉત્તરાદે બાર કરાવ્યા. ત્યારપછી આથમણા બારના ઓરડા કરાવ્યા. જ્યાં હમણાં મંદિર છે ત્યાં ઓતરાદે બાર ચોપાડ(પરસાળ-ડાયરાની જગ્યા) કરાવી હતી. તેને પડાવીને દક્ષણાદા બારના ઓરડા કરાવ્યા. ત્યારપછી ઉગમણા ઓરડાથી ઉત્તર ઓરડા ઉગમણે બારણે કરાવ્યા. એવી રીતે ઓરડાની અનુક્રમણિકા કહી.

❊ મહારાજે જાંબુ જમીને તેને વાવ્યો :

હવે એક સમે મહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર બિરાજતા હતા. તે સમે મહારાજ પાસે કોઈ જાંબુ લાવ્યા. તે મહારાજ જમ્યા અને એક તેનો બિયો લઈને પોતે વાવ્યો. પછી તે ઊગ્યો અને મહારાજ તે જ ઠેકાણે દાતણ કરતા ને ત્યાં જ નાતા ને હાથ પણ ત્યાં જ મટિયાવતા. એમ મહારાજનું ચરણામૃત પીને જાંબુડો મોટો થયો હતો.

❊ વડતાલમાં હુતાશનીનો સમૈયો :

હવે હુતાશનીનો સમૈયો વડતાલે નિરધાર્યો, તેની દેશદેશ પ્રત્યે કંકોતરીઓ લખાવીને મોકલાવી. પછી મહારાજ તૈયાર થઈને ચાલ્યા ને સાથે બસેં કાઠીઓના અસવાર છે. એવી રીતે **કારિયાણી** આવ્યા ને **વસ્તા ખાચર**ના દરબારમાં ઊતર્યા ને પોતે થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **કમિયાળા** આવ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **બુધેજ** આવ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **પીપળાવ** આવ્યા. ત્યાં ઊતર્યા ને થાળ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. પછી ત્યાંથી તૈયાર થઈને ચાલ્યા ને **વડતાલે** વધામણી આપી. ત્યારે સર્વે સંત, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે સામા ચાલ્યા. અને પૂજાનો સર્વ સામાન સાથે લીધો છે, ને ઢોલ, શરણાઈઓ ને ત્રાંસાં વાગી રહ્યાં છે; એવી રીતે ચાલ્યા તે જ્યારે મહારાજને દેખ્યા ત્યારે જેમ દંડ પડે તેમ

સર્વે પડ્યા. પછી મહારાજને પુષ્પના હાર, બાજુબંધ, તોરા, ગજરા, ગુચ્છ ને મોતીના હાર ને કડાં તે હરિજને પહેરાવ્યાં. અને ગુલાલ ઊડી રહ્યો છે. પછી મહારાજ બોલ્યા જે, "ચાલો, હવે અસુર થાય છે." પછી વાજાં વાગી રહ્યાં છે, ને સંતમંડળ તાળી વગાડીને હોરી ગાઈ રહ્યા છે; એવી રીતે ઊભી બજારે થઈને ઉતારે પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને થાળ **ગંગામા**એ કરાવ્યો તે જમ્યા ને સર્વ સખાને જમાડ્યા.

પછી કહ્યું જે, "ચાલો બહાર." પછી મહારાજ ઘોડીએ અસવાર થયા, ને બેય કોરે બે ચમર થઈ રહ્યાં છે, ને નેકી પોકારી રહ્યા છે; એવી રીતે આંબલે પધાર્યા. ને જયજયકાર થઈ રહ્યો છે, ને નોબત ગડગડી રહી છે, અને મહારાજે સર્વ સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં છે, અને ગવૈયા સંત સરોદ, દુકડ, મંજીરાં ને સિતાર વગાડીને હોરી ગાઈ રહ્યા છે. પછી તે સમે બ્રહ્મચારી થાળ લાવ્યા, તેથી આંબલી હેઠે ઓટો ત્યાં જમવા પધાર્યા. ચરણકમળ ધોવરાવ્યા ને પાણીના કોગળા કરીને ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. તે બરફી-પેંડા જમતા જાય ને ભક્તજનને આનંદ ઉપજાવતા જાય. પછી જમીને ચળુ કરીને કોગળા કર્યા ને મુખ શુદ્ધ કરીને મુખવાસ લીધો. પછી ચાખડીએ ચડીને ચાલ્યા, તે પાટ ઉપર બિરાજમાન થયા. તે સમે સભા સુંદર શોભી રહી છે. પછી આરતી-ધૂન કરી રહ્યા ને સંતો સ્તુતિના શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો ઓટા ઉપર ઢોલિયો ઢાળો."

પછી મહારાજ ઓટે બિરાજ્યા ને સભા થઈ. ચારેય કોરે દીવીઓ બળે છે; ને બપોરિયા પણ પ્રકાશ કરી રહ્યા છે, તે પ્રકાશમાં મહારાજે જે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં છે, તે સુંદર શોભી રહ્યાં છે; સંતો હોરીનાં પદ ગાઈ રહ્યા છે. પછી મહારાજે કહ્યું જે, 'પરમ દહાડે હોરી રમવી છે, તેથી હોજ રંગથી ભરાવજો અને કૂવે કોસ જોડાવજો." એમ આજ્ઞા કરી. પછી મહારાજ વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કર્યું. પછી સ્નાન કરીને નિત્યવિધિ કરીને બેઠા. તે સમે હરિજન અબોટિયાં પહેરીને થાળ લાવ્યા, તે મહારાજ ટીમણ જમ્યા ને કાઠી તથા પાળાને જમાડ્યા. પછી હરિભક્તે ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં જે, બુરાનપુરી ભારે રેંટો માથે બંધાવ્યો ને સોનેરી વાઘા પહેરાવ્યા. અને નવાનગરનો એક રેંટો કેડે બંધાવ્યો ને એક રેંટો ખભે નંખાવ્યો ને સુવર્ણના કડાં પહેરાવ્યાં. પછી સંતોએ પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ તે મહારાજને પહેરાવ્યા.

પછી ઘોડી શણગારીને લાવ્યા, તેના ઉપર મહારાજ અસવાર થયા. બે કોરે બે ચમર થઈ રહ્યાં છે, ને નેકી પોકારી રહ્યા છે, ને વાજાં વાગી રહ્યાં છે, ને સંત તાળી વગાડીને હોરીનાં પદ બોલતા જાય છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે આંબલે આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમે આનંદસ્વામીએ આરતી ઉતારી ને નોબત ગડગડી. પછી ગંગામા આદિ બાઈઓ થાળ લાવ્યા. તે મહારાજ દશમી(દૂધમાં કરેલી રોટલી) જમવા પધાર્યા. ને વસ્ત્ર ઉતારીને ઉગમણે મુખારવિંદે બેસીને થાળ જમ્યા. જમીને ચળુ કરીને મુખ શુદ્ધ કરીને કોગળા કરીને મુખવાસ લીધો.

પછી ઘોડીએ અસવાર થઈને જ્યાં હમણાં મંદિર છે, ત્યાં સંતોને પીરસવા સારુ આવ્યા. ઘોડીએથી ઊતરીને પલવટ વાળીને જળે કરીને હાથ ધોવરાવ્યા. ને જે પંક્તિમાં પીરસવા લાગ્યા તે વારંવાર તાણ કરતા જાય ને જમાડતા જાય, એમ પાંચ-છ વાર પંક્તિમાં ફર્યા. પછી હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢ્યા. પછી વસ્ત્ર પહેરીને આંબલે બિરાજ્યા ને બાવળ ઉપરે નોબત જે થઈ તેને સાંભળીને બાઈભાઈ હરિજન સૌ મહારાજનાં દર્શને આવ્યા. પછી મહારાજ કહે, "ઝીલણિયાં કીર્તન બોલો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, *'ગોરસ લઈને ગોપીકા ચાલી વેચવા કાજ.'* એ બાર પદ. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, *'બંસી વજાડી ગિરધારી વૃંદાવન, બંસી વજાડી ગિરધારી.'* એ

પદ ચોવીસ. પછી પ્રેમાનંદસ્વામી બોલ્યા જે, *‘સખી સાંભળને કહું એક વાર્તા જો, સાંભળીને થાયે હૈયે ઠારતા જો.’* એ રાધાવિવાહનાં પદ બાર. પછી નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, *‘વાલા આવોને હવે વ્રજમાં, વળી વળી જોઉં છું વાટ રે.’* એવી રીતે કવિરાજ સૌ સૌનાં કીર્તન બોલ્યા.

ત્યારપછી ગામ **વલાસણ**ના હરિજને મહારાજની પ્રાર્થના કરી જે, “હે મહારાજ ! તમે અમારે ગામ પધારો ને અમારાં ઘર પવિત્ર કરો ને રસોઈ ત્યાં કરાવશું.” ત્યારે મહારાજ કહે, ‘ઠીક.’ પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા. પછી પોતાનાં કરેલાં ઝૂલણાં જે, *‘પાયી જિંદગી બંદગી નાહીં કી, નિત્ય ખ્યાલ કિયા ઠગ બાજીયુંકા.’* એવી રીતે પચાસ બોલ્યા ત્યારે મહારાજે છાતીમાં ચરણકમળ આપ્યાં અને ‘જય સચ્ચિદાનંદ’ એમ કહીને બોલ્યા જે, “લાવો ઘોડી.” પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને બાવળિયા ઉપર નોબત થઈ ને સભા ઊઠી અને મહારાજ (વડતાલ) ગામમાં પધાર્યા. ને ગામ બામણોલીના હરિજન કીર્તન ગાતા જાય જે, *‘કાનુડો રે કાનુડો રે, જમનાજીને આરે પાણીડાં વારે રે બેની કાનુડો’* એ ગાતાં ગાતાં પોતાને ગામ ગયા. અને મહારાજ પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

❊ વલાસણમાં થાળ-પધરામણી :

પછી સવારે જાગ્યા ને દાતણ કર્યું. સ્નાન કરીને નિત્યવિધિ કર્યો ને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થયા. અને સર્વે કાઠીના અસવાર તથા પાળા, સરબંધી તથા સર્વ પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તેમણે સહિત મહારાજ ગામ **વલાસણ** પધાર્યા. ત્યાં હરિજને સામૈયું કર્યું, તે વાજતે ગાજતે પધાર્યા. ને હિંડોળો બાંધ્યો હતો તેના ઉપર આવીને બિરાજમાન થયા. અને મહારાજને પુષ્પના હાર, બાજુબંધ, તોરા પહેરાવ્યા. પછી બ્રહ્મચારીએ થાળ ધરાવ્યો તે જમીને મહારાજ પાછા હિંડોળે બિરાજ્યા. ત્યાં માધવદાસજીનાં પદ છે જે, *‘વારે વારે*

તે મહારાજ પૂછે રે, પ્રસાદને તે વાર હવે શું છે રે.' પછી રસોઈ થઈ ને મહારાજ વસ્ત્ર ઉતારીને પલવટ વાળીને સંતમંડળને પીરસવા પધાર્યા અને મનુવાર કરીને પીરસતા જાય. એમ ચાર-પાંચ વાર પંક્તિમાં પીરસીને પછી હાથ ધોવરાવ્યા ને વસ્ત્ર પહેર્યાં. પછી ગામના હરિજને પૂજા કરી. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા અને ત્યાંના હરિભક્તને પાછા વાળ્યા.

❊ વડતાલમાં મુગટ ધારીને હિંડોળે ઝૂલતા દર્શન દીધાં :

પછી જે ઘોડી ઉપાડી મેલી તે કાઠીના અસવાર પણ માંડ માંડ ભેળા થયા. અને ગામ **વડતાલ** આવ્યા ને ઓટા ઉપર બિરાજ્યા. પછી નિષ્કુળાનંદસ્વામીએ હિંડોળો તૈયાર કર્યો, તેના ઉપર મહારાજ બિરાજ્યા. તે સમે હરિજન મુગટ લાવ્યા, તે સોનેરી પાઘ ઉતારીને મુગટ ધારણ કર્યો. અને આંબાના વૃક્ષના મધ્યે હિંડોળો શોભી રહ્યો છે, અને રેશમની દોરી હાથમાં લઈને સંત ઝુલાવે છે, અને કીર્તન ગાય છે જે, *'ફૂલને હિંડોળે રે સો ઝૂલે પ્યારો.'* અને મુક્તાનંદસ્વામીએ મુગટનાં પદ કર્યાં છે જે, *'હો ગિરધારી મુગટ પર વારી.'* એમ મુગટ ધારણ કરીને પહોર વાર દર્શન દીધાં. પછી મુગટ ઉતારીને સોનેરી પાઘ મસ્તક ઉપર ધારણ કરી. પછી સંતો હોરીનાં પદ બોલવા લાગ્યા. તે બોલી રહ્યા ત્યારે મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

❊ વડતાલ આંબલે રંગોત્સવ :

પછી સવારે જાગ્યા ને દાતણ કર્યું. સ્નાન કરીને વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ અસ્વાર થયા ને આંબલે આવીને ઊભા રહ્યા. અને રંગના હોજ ભર્યા હતા, તેને જોયા. પછી મહારાજે જરિયાની વસ્ત્ર ઉતારીને શ્વેત વસ્ત્ર પહેર્યાં. અને ઓટા ઉપર રંગનાં રંગાડાં ભરીને મેલ્યાં છે અને સુવર્ણની પિચકારી મહારાજે હાથમાં લીધી. અને પોતાના સખા જે કાઠી ને પાળા તે સર્વે પિચકારીઓ લઈને પરમહંસ ઉપર રંગ નાંખવા લાગ્યા. અને

સંત, સંન્યાસી ને બ્રહ્મચારી તે મહારાજ ઉપર રંગ નાંખવા લાગ્યા. અને રંગ ખૂટી ન જાય તે સારુ કંતરાણ(કંતાન)ના કોસ કરીને જોડાવ્યા. પછી રમવા લાગ્યા. **તે સમે અક્ષરધામના મુક્ત આવ્યા. તે અરધા મહારાજની તરફ થયા ને અરધા સંતની કોરે થયા ને જે ધૂમ મચી તેને સમાધિવાળા દેખતા હતા.** નાના પ્રકારનાં વાજાં વાગતાં હતાં. એવી રીતે ખૂબ રમ્યા.

પછી બપોર નમ્યા ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને નાહ્યા. પછી વસ્ત્ર પહેરીને થાળ જમ્યા ને ઘોડીએ અસવાર થઈને આંબલે બિરાજ્યા. પછી નાનાભાઈએ હાથ જોડીને કહ્યું, "હે મહારાજ ! પરમહંસને પીરસવા પધારો." ત્યારે મહારાજ ઊઠ્યા ને જ્યાં હિંડોળો બાંધ્યો હતો, તે ઠેકાણે પંક્તિ બેઠી ને મહારાજે પલવટ વાળીને સેવો પીરસવા માંડી અને તેના ઉપર ઘી અને સાકર તે વારંવાર તાણ કરીને પીરસતા જાય. એમ પીરસીને પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને મુખવાસ પ્રસાદી કરાવીને સર્વે સંતને આપ્યો.

પછી મહારાજ આવીને આંબલે બિરાજ્યા. પછી સંતોએ જમીને ચણોઠીના હાર તથા રતાંજલીના(રાતા સુખડના) હાર તથા કપૂરના હાર કરીને મહારાજને પહેરાવ્યા. અને મહારાજ પણ પહેરી પહેરીને પાછા આપતા જાય. એ રીતે સંતો પૂજા કરી રહ્યા ત્યારે મહારાજ કહે, "આવો મળીએ." પછી મહારાજને બે પડખે સંતો ઊભા રહે. તે બે જમણી કોરે ને બે ડાબી કોરે. તે જ્યારે એક મળીને પાછા વળે ત્યારે બીજાને પેસવા દે. એમ ધીરે ધીરે મહારાજ સર્વને મળી રહ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "હે સંતો ! હવે સમૈયા થઈ રહ્યા, માટે જેને જ્યાં આજ્ઞા કરે ત્યાં સર્વે મંડળ લઈને ચાલી નીકળજો." એમ કહીને ગામમાં પધાર્યા. અને તે દિવસ નોબત પણ ન થઈ ને બાઈઓ નિત્ય મહારાજ ગામમાં પધારે ત્યારે કીર્તન ગાતાં તે પણ ન ગાયાં. અને

મહારાજ પણ ઘોડે પલાણ મંડાવીને તરત ચાલ્યા. અને જે દેશદેશના સંઘ આવ્યા હતા, તે પણ ચાલી નીસર્યા. અને સર્વે સંતો પણ મંડળ બાંધીને જ્યાં જ્યાં જેને આજ્ઞા કરી ત્યાં મળીને ચાલી નીસર્યા.

❊ મહારાજ બુધેજ ને ધોલેરા થઈ ગઢડા પધાર્યા :

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે **બુધેજ** જઈને શિરામણી કરાવી ને મહારાજે દૂધ ને સાકર પીધાં. ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગુડેલ** પધાર્યા ને **જીભાઈ**એ રૂડી રીતે સામૈયું કર્યું. ને એમના ફળીમાં જઈને ઊતર્યા. બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને કહ્યું જે, “ઘોડે પલાણ માંડો.” ત્યારે ત્યાંના હરિજન હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! જમીને ચાલજો.” ત્યારે મહારાજ કહે, “જમવા નહીં રહીએ.” ત્યારે જીભાઈ કહે, “મહારાજ, રસોઈ તૈયાર થઈ છે.” ત્યારે મહારાજે દાતણ કર્યું ને સ્નાન કરીને સર્વ કાઠીઓને ગોવાળમંડળી કરીને જમાડ્યા.

પછી પોતે જમ્યા ને ત્યાંથી ચાલ્યા ને સર્વ હરિજનને પાછા વાળ્યા. અને ઘોડા ઉપાડ્યા તે ગામ **આંબલી** થઈને **ધોલેરા** પધાર્યા. **પૂજાભાઈ**ને ઘેર ઊતર્યા ને સભા કરીને બિરાજમાન થયા. ત્યારે મહારાજને કહે, “જમવા પધારો.” અને પૂજાજીને ઘેર (તેમના બહેન) ફૂલીબાઈને એમ જણાય જે, મહારાજ જે દિવસ આવનારા હોય ત્યારે આગળથી રસોઈનો સામાન કરવા લાગે. ગઢડામાં પણ રાજબાઈને એમ જણાતું ને પીપલાણામાં પણ લાડુબાઈને એમ જણાતું.

પછી મહારાજ થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા ને મહારાજ પોઢ્યા. પછી સવારે સાબદા થઈને જ્યાં ચાલવાનો વિચાર કરે છે, ત્યાં તો પટેલ ખીમાભાઈ કહે, “મહારાજ, રસોઈનો સામાન તૈયાર થયો છે, માટે જમીને ચાલો.” પછી જમીને ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા ને **વસ્તા ખાચર**ના દરબારમાં બિરાજ્યા. પછી થાળ થયો તે જમ્યા ને

પોઢ્યા. સવારે ચાલ્યા તે ગામ **ઝીંઝાવદર** જઈને **અલૈયા ખાચર**ને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે **ગઢડે** પધાર્યા અને વાજતે ગાજતે દાદા ખાચરના દરબારમાં વાસુદેવવાળા ઓરડે સભા કરીને બિરાજમાન થયા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ગુર્જર, ભાલ, પંચાળ, સોરઠ ને હાલારમાં વિચરણ તથા વડતાલે ફૂલડોલ-ઉત્સવ' એ નામે છવીસમો વિશ્રામ ॥૨૬॥

વિશ્રામ - ૨૭

ધરમપુર તથા વાંસદાની લીલા

✻ ગઢડાના ભક્તોને વડતાલ સમૈયાની વાત કરી :

પછી (ગઢપુરમાં) મહારાજ પાસે બાઈભાઈ સર્વે આવ્યાં ને પગે લાગીને બેઠાં. અને મહારાજને ખબર પૂછ્યા જે, "હે મહારાજ ! ગુજરાતના હરિજનનો કેવો પ્રેમ ? ને સમૈયો કેવો થયો ? ને પરમહંસમાં સ્નેહ કેવો ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારું ચાલવાનું સાંભળીને કેટલાકે અન્નજળનો ત્યાગ કર્યો ને કેટલાક ચિત્રામણમાં જેમ લખાય એમ થઈ ગયાં. ત્યારે અમે સહુને ધીરજ આપી જે, થોડાક માસમાં અમે પાછા આવશું, ત્યારે સર્વે સચેતન થયા. સમૈયો ભારે થયો ને લક્ષાવધિ હરિજન મળ્યાં હતાં.

પછી અમે ગામથી ઉગમણી કોરે આંબલો છે, તેને હેઠે ઓટા ઉપર પાટ ને તેના ઉપર બેસતા. ને તેથી ઉગમણી કોરે આંબલી છે, તેને હેઠે ઓટો ત્યાં થાળ જમતા. અને બે ભારે હોજ રંગે ભર્યા'તા ને કંતરાણના કોસ બે કરાવીને જોડાવ્યા, જેથી હોજમાં પાણી આવે. અને તે પાસે ભારે બેઠક છે, તે ઉપર ભારે રંગનાં રંગાડાં મેલ્યાં. તે એક

કોરે અમે ને કાઠી-પાળા અને એક કોરે પરમહંસ ને હરિજન. અને પિચકારી ચારેય કોરથી ચાલે ને ગુલાલ ઊડે, એવી રીતે બપોર નમ્યા ત્યાં સુધી રમ્યા. પછી અમે ઘોડીએ અસવાર થઈને ગામમાં આવ્યા ને નાહ્યા ને થાળ જમ્યા. પછી પરમહંસની પંક્તિ થઈ, તે પીરસીને હાથ ધોવરાવ્યા. પછી હરિજનોએ સુવર્ણમય વસ્ત્ર પહેરાવીને અમારી પૂજા કરી. પછી ઘોડીએ અસવાર થઈને જ્યાં આંબલે આવ્યા, ત્યાં તો હિંડોળો શણગાર્યો હતો, તેના ઉપર અમે જઈને બેઠા. અને હરિજન મુગટ લાવ્યા, તે અમારે માથે સોનેરી પાઘ હતી તે ઉતરાવીને મુગટ મેલ્યો. પછી અમને સંતો ઝુલાવે અને આરતી ઉતારી. પછી રાત અરધી ગઈ ત્યારે અમે ગામમાં આવ્યા.

પછી સવારે અમે સ્નાન કરીને જમ્યા ને સંતોને પંક્તિમાં પીરસીને અમે ઘોડીએ અસવાર થઈને આંબલે ગયા. અને સર્વે સંઘને અમે કહ્યું જે, હવે સમૈયા થઈ રહ્યા, તેથી સૌ ચાલી નીકળજો. અને સર્વે પરમહંસને અમે મળ્યા. ત્યારે સર્વે સાધુ ને હરિભક્ત બાઈભાઈ ઊંચે સ્વરે બોલ્યાં જે, 'હે મહારાજ ! તમારાં દર્શને અનંત બ્રહ્માંડના દેવતા તથા અનંત મુક્ત તે વિમાનમાં બેસી નિત્ય આવે છે ને તમને ચંદન-પુષ્પે વધાવે છે, એવા હે પ્રભુ ! દયા કરશો.' એમ કહ્યું. તે પછી અમે ચાલ્યા ત્યારે સર્વે સંતો સામું જોઈ રહ્યા." પછી તે મહારાજની વાત સાંભળીને સર્વે **ગઢડા**માં રહેનારાં બાઈભાઈ હરિજન બોલ્યાં જે, "હે મહારાજ ! એવો સમૈયો અહીં કરો." ત્યારે મહારાજ કહે, "સારું, થઈ રહેશે." પછી થાળ થયો તે મહારાજ જમીને પોઢ્યા. પછી મહારાજ કથા વંચાવતા ને હરિજનને દર્શનનું સુખ આપતા. એવી રીતે ત્યાં બે માસ રહ્યા હતા.

❊ વડતાલમાં આચારી સંતોને દાસ-પંક્તિનાં નામ રખાવ્યાં :

પછી મહારાજ ત્યાંથી ગાડી જોડાવીને ચાલ્યા, તે ગામોગામના હરિજનને દર્શન દેતા થકા ગામ **વડતાલ** પધાર્યા. અને સર્વે સંતમંડળને

તેડાવ્યાં. મહારાજ તે સમે ઉદાસી પણ ખરા. ને એમ બોલે જે, "હવે તો કાગળે મેળાપ થાશે. હવે તમે તમારી મેળે સત્સંગનું કામ ચલાવજો." પછી એવી જ્યારે વાત સાંભળી ત્યારે કોઈ સંત મધ્યાને ગોળો પણ ન જમે ને રાત્રે નિદ્રા પણ કોઈને ન આવે. ત્યારે ભાઈરામદાસજી બોલ્યા જે, "આવો દિગ્વિજય શું કરવા કર્યો હતો ?"

ત્યારે મહારાજ જરાક મરક્યા અને એમ બોલ્યા જે, "અમે કહીએ એમ તમે સર્વે કરશો ?" ત્યારે સર્વ સંતો કહે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "તમે જેટલા આચારી છો તે કંઠી, શિખા ને તિલક કરો અને તમારાં દાસ એવાં નામ રાખો. તે માધવદાસ, પ્રેમદાસ, જુગલદાસ, જાનકીદાસ, કપિલદાસ, વિષ્ણુદાસ, ગોવિંદદાસ, ગોવર્ધનદાસ, ગંગાદાસ, હનુમાનદાસ ઇત્યાદિક નામ પાડ્યાં. ત્યારે **સર્વે સંતો હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો અન્ન ન જમીએ ને કહો તો પાણી ન પીએ ને કહો તો આંખનું મટકું ન ભરીએ."** એમ જ્યારે સંતો બોલ્યા ત્યારે મહારાજ બહુ રાજી થયા ને આચારી હતા, તેમને મહારાજ મળ્યા.

❊ મહી નદી મહારાજની મોજડી લઈ ગઈ :

પછી મહારાજ જોબનપગીની મેડીએ પધાર્યા ને આનંદસ્વામીએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા ને પોઢ્યા. પરોઢિયે દસ-પંદર મનુષ્ય ભેગા લઈને મહારાજ ચાલ્યા, તે ગામ **દાવોલ** થઈને **બામણગામ** પધાર્યા. ત્યાં જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે મહી નદીમાં ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. ત્યારે નદીમાં મહારાજના ચરણનો સ્પર્શ કરવા સારુ પાણી ઊંચું ચડવા માંડ્યું. ત્યારે મહારાજે પગ લાંબો કર્યો, ત્યારે ચરણનો સ્પર્શ કરીને મોજડી લઈને જળ પાછું શમી ગયું. પછી બીજા હરિભક્તો ને મહારાજના પાળા તે મોજડી ખોળવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "શું કરવા ખોળો છો ? એ તો નદી લઈ ગઈ."

❊ ગામડે વિચરતા ધરમપુર તરફ પ્રયાણ :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ડભાસે** ગયા અને ત્યાં રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સરસવણી** ગયા ને શેઠને ઘેર જઈને ઊતર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **દોરા** પધાર્યા ને **જીજીભાઈ**ને ઘેર ઊતર્યા. નાનાભાઈએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **ઝાડેશ્વર** આવ્યા ને વહાણે બેસીને નદી ઊતર્યા ને વહાણવાળાને રેંટો આપ્યો. અને ત્યાંથી ચાલ્યા તે **ચોકી**માં આવીને રાત રહ્યા. અને આનંદસ્વામીએ થાળ કરાવ્યો ને મહારાજ જમ્યા. પછી ત્યાંથી સવારે ચાલ્યા તે **સુરત**ની પાસે **ઉધના** ગામ છે ત્યાં આવીને રહ્યા. અને શહેરના સત્સંગીને ખબર થઈ તેથી બાઈભાઈ સર્વે મહારાજને દર્શને આવ્યાં. અને મહારાજને સારુ બરફીની માટલીઓ તથા પુષ્પના હાર, તોરા, ગુચ્છ તે લાવ્યા ને મહારાજને પહેરાવ્યા.

પછી મહારાજે સૌને બોલાવ્યા ને ખબર પૂછ્યા. પછી જેરામ બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. પછી ત્યાં સભા કરીને બિરાજમાન થયા ને ઘણી વાર સુધી હરિજનને દર્શન દીધાં. પછી કહ્યું જે, “હવે તમે સર્વે ઘેર જાઓ.” ત્યારે સર્વે હરિજન હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! હમણાં તમે અહીં બિરાજો ને અમારાં ઘર પાવન કરો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હમણાં તો અમારે ધર્મપુર જાવું છે. અને વળી કોઈ સમે તમારે ઘેર અમે આવશું.” ત્યારે ભાઈચંદભાઈ અને ગોવિંદભાઈ બોલ્યા જે, “સારું મહારાજ, હમણાં તો પધારો પણ દાસને ભૂલશો નહીં.” ત્યારે મહારાજ કહે, “સારું.”

❊ વાઘને ભગાડી બળદની રક્ષા કરી :

પછી સર્વ હરિભક્ત ઘેર ગયા ને મહારાજે કહ્યું જે, “અહીં જાનવરનો ભય છે, માટે ચોકીનો જાબદો(બંદોબસ્ત) રાખજો.” પછી એક કોરે પાળા ને એક કોરે કાઠીના અસવાર ને એક કોરે જુહા પગી આદિ

ધારાળા, એવી રીતે ચોકી રાખી અને મહારાજ પોઢ્યા. પછી રાત ચાર ઘડી રહી ત્યારે મહારાજ જાગ્યા. તે સમે ભેરવ(ચીબરી) બોલી. ત્યારે મહારાજે જુહા પગીને પૂછ્યું જે, “આ શુકન કેવા છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “હમણાં લોહી દેખાડે એવા છે.” ત્યારે મહારાજ કહે, “હવે ચાલો.” પછી ગાડી જોડીને ચાલ્યા, ત્યારે વાઘ બળદ ઉપર ટાંપ્યો. તેથી મહારાજે જે હાંકલ કરી તે જેમ શ્વાન ભાગે તેમ ભાગ્યો. ત્યારે કાઠી બોલ્યા જે, “આ શુકન તો ખરા.”

❊ શ્રીહરિનો ધરમપુરમાં પ્રવેશ વગેરે લીલા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ધર્મપુર** પધાર્યા. પછી જેમ જેમ ગામમાં ખબર થતી જાય તેમ તેમ સર્વે લોક પૂજા લઈને દર્શન કરવા આવ્યા. પછી દરબારની અસવારી સજીને સામી આવી. અને નેજા ને નિશાન ફરકી રહ્યાં છે, ને ત્રાંસાં, ઢોલ, પડઘમ, નોબત ને ડંકો તે વાગી રહ્યાં છે; એવી રીતે સામૈયું કર્યું. ને ગુલાલ ઊડી રહ્યો છે, ને મહારાજને બે કોરે ચમર થઈ રહ્યા છે, ને સોનાને ઈંડે છત્ર શોભી રહ્યું છે; એવી રીતે ગાજતેવાજતે દરબારમાં પધાર્યા ને ભારે સિંહાસન ઉપર બિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, “કુશળકુંવરબાઈ ક્યાં ગયાં છે ?” ત્યારે જાસૂસ બોલ્યો જે, “હે મહારાજ ! તે તો ગામ વાંસદા ગયાં છે.” ત્યારે મહારાજ કહે, “ખબર કરો.” પછી ખબર કર્યા. તે પોતાની ભત્રીજી માંદી હતી, તેને મેલીને આવ્યાં ને મહારાજનાં દર્શન કરીને ગદ્ગદ કંઠે થયાં. ત્યારે મહારાજે ખબર પૂછ્યા જે, “સુખિયા છો ?” ત્યારે તે બોલ્યાં જે, “હે મહારાજ ! હું ત્રણ પ્રકારના તાપમાં પડી છું. જ્યારથી આ મૂર્તિનાં દર્શન થયાં ત્યારથી સુખી છું.” પછી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ વસ્ત્ર ઉતારી નાહીને જમ્યા ને સર્વે સંતમંડળને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. થોડીક વાર કેડે જાગ્યા ને જળના કોગળા કરીને જળપાન કર્યું.

❊ ધરમપુરમાં ગવૈયા સંતો આગળ દરબારના ગવૈયા હાર્યા :

પછી સભા કરીને બિરાજમાન થયા. પછી દરબારના ગવૈયા આવીને મહારાજ આગળ ગાવા લાગ્યા. પછી મહારાજ કહે, "અમારા ગવૈયાને બોલાવીએ ને જોઈએ ગાનવિદ્યામાં અધિક કોણ થાય છે ?" ત્યારે સર્વે સભા કહે જે, "સારું મહારાજ." પછી દેવાનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામીને મહારાજે બોલાવ્યા ને કહ્યું જે, "જુઓ, આ દરબારના ગવૈયા છે, તેમની સાથે તમે ગાન કરી શકશો ?" ત્યારે દેવાનંદસ્વામી કહે, "હા મહારાજ." પછી એ ગવૈયા ગાવા લાગ્યા ને દેવાનંદસ્વામીએ હાથમાં સરોદો લીધો ને પ્રેમાનંદસ્વામીએ સિતાર લીધો ને તે ગવૈયા દુકડ તથા મંજીરાં વગાડવા લાગ્યા. એવી રીતે ગવૈયાની સાથે વાજાં ચલાવ્યાં. પછી દેવાનંદસ્વામીએ સુરફાગ(સંગીતનો એક તાલ) ઉપાડ્યો. ત્યારે તે ગવૈયાનાં વાજાં ન ચાલ્યાં ને દબાઈ ગયાં.

પછી મહારાજે ભારે સુવર્ણમય વાઘા પહેર્યા હતા, તે ઉતારીને દેવાનંદસ્વામીને માથે ફેરવીને ગવૈયાને આપ્યા. અને મહારાજ એમ બોલ્યા જે, "અમારા ગવૈયા જીત્યા, પણ તે ત્યાગી છે તેથી એમને આવાં વસ્ત્ર ન ખપે. માટે એનો ઉતાર(ભેટ) તમને આપ્યો." ત્યારે તે ગવૈયા બોલ્યા જે, **"હે મહારાજ ! અમે તો મનુષ્યના ગવૈયા છીએ અને એ તો પરમેશ્વરના ગવૈયા છે. માટે દેવલોકમાં પણ એને બરોબર ગાનારા નહીં હોય તો અમે તે શી ગણતીમાં !"** પછી મહારાજે દેવાનંદસ્વામીને ધોળી ગરમ પોસની ડગલી આપી. પછી સર્વે સભાને રજા આપી ને મહારાજ પોઢ્યા. પછી સવારે મહારાજ જાગ્યા ને દાતણ કર્યું ને સ્નાન કરીને વસ્ત્ર પહેર્યાં. પછી બાઈએ મહારાજને ભારે પોશાક પહેરાવ્યો. નાનાભાઈએ ચંદનની અરચા કરીને પુષ્પના હાર પહેરાવ્યા ને આરતી ઉતારી. પછી સર્વે હરિજને ભેટ મેલી અને મહારાજના ચરણનો સ્પર્શ કરીને સર્વે હરિજન પગે લાગ્યા.

❊ માધવદાસ સર્વ સંતોને એક જ દિવસમાં ધરમપુર બોલાવી લાવ્યા :

હવે જ્યારે મહારાજ ગામમાં થોડાક સાધુ સાથે આવ્યા, ત્યારે કુશળકુંવરબાઈએ કહ્યું જે, "હે મહારાજ ! અમને સર્વે સંતનાં દર્શન કરાવો." ત્યારે મહારાજ કહે, "સંતો તો ગુજરાત તથા કાઠિયાવાડ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, દંઢાવ્ય ને સોરઠ વગેરે દેશમાં ફરે છે; તે હમણાં શી રીતે આવી શકે ?" ત્યારે બાઈ કહે, **"એ તો તમે સંકલ્પ કરો તો બધાય સંતો હમણાં આવે. અને અનંતકોટિ બ્રહ્માંડના જીવ તે પણ તમારે આધીન છે, તો સંત સર્વે તો તમારા જ અંગરૂપ છે. તે એક રૂપે તમારી સેવામાં હોય છે ને એક રૂપે કરીને જગતના જીવને મોક્ષ આપે છે. માટે તમે જેને દર્શન કરાવવા ધારો તેને દર્શન કરાવો છો."**

પછી તે વાત સાંભળીને મહારાજ હસ્યા ને પછી સાધુ પ્રત્યે કહ્યું જે, "હે સંતો ! આપણામાં કોઈ સંતોને ખબર કરવા જાય એવા છે ?" ત્યારે જેરામ બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો હું જાઉં." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારું તો અહીં કામ છે. માટે બીજા કોઈ જાય તો મોકલીએ." ત્યારે સોમલા ખાચર ને નાજા જોગિયા બોલ્યા જે, "મહારાજ, બ્રહ્મચારીના જેવો બીજો ચાલનાર નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે તો બધાય બ્રહ્મચારી જેવા જ ચાલનારા છે." ત્યારે **માધવદાસજી** આચારી બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો હું જાઉં." ત્યારે મહારાજ કહે, 'સારું.'

પછી છાતીમાં ચરણ આપ્યાં ને માથે હાથ મેલ્યા. પછી મહારાજને પગે લાગીને ચાલ્યા, તે જ્યાં જ્યાં સંતનાં મંડળ હતાં, ત્યાં ત્યાં એક જ દિવસમાં ખબર કરી અને બીજે દિવસ મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ ઊભા થઈને મળ્યા ને ખબર પૂછ્યા. ત્યારે કહે, "સર્વે સંતમંડળ ચાલ્યાં આવે છે." ત્યારે કાઠી બોલ્યા જે, "મહારાજ, આ સ્વામી તો સુરતથી પાછા વળ્યા હશે, ને કાં તો ગયા જ નહીં હોય."

ત્યારે મહારાજ જરાક મરક્યા ને એમ બોલ્યા જે, "આ સંતમંડળ સર્વે આવે છે તેમને પૂછો, ત્યારે તમને ખબર પડશે."

પછી સંતમંડળ આવતાં જાય ને મહારાજ મળતા જાય. પછી થાળ થયો તે મહારાજ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી મહારાજે પૂછ્યું જે, "હે સંતો ! તમે કેમ જાણ્યું ? ને કયા દેશમાં હતા ?" ત્યારે સંતો બોલ્યા જે, "કોઈ કચ્છમાં હતા ને કોઈ હાલાર, સોરઠ, કાઠિયાવાડ, ઝાલાવાડ, ગુજરાત વગેરે દેશમાં ફરતા હતા. ત્યાં અમને માધવદાસજીએ ખબર કર્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, "સાંભળો નાજા જોગિયા, આ કેવી વાત ! જુઓ, **હનુમાન એક દિવસમાં સર્વ વાનરને ખબર કરી આવ્યા હતા, તેમ માધવદાસજી પણ સર્વ સંતને ખબર કરી આવ્યા; પણ જીવને જેવું પરોક્ષનું માહાત્મ્ય હોય તેવું પ્રગટ ભગવાન ને સંતનું માહાત્મ્ય નથી જણાતું."** ત્યારે કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! તમારી તો અકળ કળા છે, તે ચાહે તે કરો." પછી મહારાજ પોઢ્યા.

❊ ધરમપુરમાં શ્રીહરિની સવારી :

પછી થોડી વાર કેડે જાગ્યા ને જળપાન કર્યું ને ભારે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં ને સભા કરીને બિરાજમાન થયા. ત્યારે કુશળકુંવરબાઈ હાથ જોડીને બોલ્યાં જે, "હે મહારાજ ! અસવારી તૈયાર કરાવી છે અને સોનાની અંબાડીએ હાથી તૈયાર કરાવ્યો છે, માટે ઉપર બિરાજો." ત્યારે મહારાજ કહે, "લાવો હાથી." પછી તે હાથી ઉપર બિરાજ્યા ને વાજાં વાગી રહ્યાં છે; ને નેકી પોકારી રહ્યા છે; ને બે કોરે ચમર થઈ રહ્યાં છે; અને ડંકા, નિશાન ને પતાકા ફરકી રહ્યા છે; અને ઢોલ, ત્રાંસાં ને શરણાઈઓ વાગી રહ્યાં છે; એવી રીતે ગામથી બહાર આવ્યા અને ત્યાં હાથી ઊભો રાખ્યો અને સર્વે સરબંધી ઊભા રહ્યા.

ત્યારે કુંવરે ઘોડો વાજમાં(પૂરી ઝડપથી) મેલ્યો, તે વાજમાં(ગતિમાં) બંદૂકે કરીને દેવતા પાડ્યો ને ભડકો(ભડાકો?) કર્યો. પછી મહારાજને

આવીને સલામ કરી. ત્યારે ફરીથી એ જ રીતે ભડકો કર્યો. એમ ત્રણ વાર ઘોડો દોડાવ્યો. ત્યારે કારભારીએ મહારાજને કહ્યું જે, "એ કુંવર માની છે. માટે તમે એને જરાક બોલાવો તો સારું લાગે." પછી મહારાજે બોલાવ્યો. પછી મશાલો થઈ ને મહારાજ ગામમાં પધાર્યા અને જેમ વડોદરામાં મહારાજ હાથી ઉપર બિરાજ્યા હતા ને શોભા આવી હતી તેમ અહીંયાં પણ તેવી જ શોભા આવી. પછી મહારાજ વાજતે ગાજતે ઊભી બજારે થઈને દરબારમાં પધાર્યા.

❊ કુશળકુંવરબાઈની મૂર્તિ ધારવાની રીત :

પછી સભા કરીને બિરાજ્યા. ત્યારે બાઈ છેટે બેઠાં હતાં, તે **નેત્ર મીંચીને મહારાજની મૂર્તિનું ચિંતવન કરતાં જાય ને અંતરમાં ઉતારતાં જાય.** ત્યારે મહારાજ બોલ્યા જે, "ઊંઘો છો શું ?" ત્યારે બાઈ બોલ્યાં જે, "મહારાજની મૂર્તિનું મનમાં ચિંતવન કરું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારા અંતરમાં તો રાજકારભાર ને રાજસમૃદ્ધિ હોય છે, તેમાં અમારી મૂર્તિ હૃદયમાં ક્યાંથી રહેશે ?" ત્યારે તે બોલ્યાં જે, "હે મહારાજ ! તમે મને મળ્યા તે હવે માયાના જે ત્રણ ગુણ ને પંચ વિષય તે ક્યાં રહેનારા છે ? નહીં જ રહે. અને હે મહારાજ ! હું એટલું તો તમ પાસે હાથ જોડીને માંગું છું જે, નિરંતર ધ્યાનમાં આ મૂર્તિ રહેજો." ત્યારે મહારાજ જરાક મરક્યા. પછી સર્વે સભાને રજા દીધી ને પોતે પોઢ્યા.

❊ નાજા જોગિયા પાસે તોફાની ઘોડો ફેરવાવ્યો :

પછી સવારે વહેલા જાગીને દાતણ કર્યું ને સ્નાન કરીને વસ્ત્ર પહેર્યાં ને સભા કરીને બિરાજ્યા. ત્યારે બાઈ છેટે બેઠાં હતાં તે બોલ્યાં જે, "હે મહારાજ ! વસંતપંચમીનો સમૈયો અહીંયાં કરો ને સંઘને તેડાવો. તેનું જે ખરચ થાશે તે હું આપીશ." ત્યારે મહારાજ કહે, "સારું તેડાવશું." પછી મહારાજ પાસે ઘોડાની વાતો નીકળી. ત્યારે દરબારનો રાવત(અશ્વપાલ) બોલ્યો જે, "અમારી ઘોડારમાં એક ઘોડો છે, તે કોઈ અસવારને ટકવા

દેતો નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ નાજો જોગિયો છે, તે સૂઝે તેવું લાંઠ(તોફાની) ઘોડું હોય તો તેને પણ ફેરવી શકે છે." ત્યારે રાવત ઘોડો તૈયાર કરીને લાવ્યો. ત્યારે નાજા જોગિયાએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! ઘોડો તો મને પાડશે, અને મહારાજ, મારી મશ્કરી કાંણા(શા) સારુ કરાવતા છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે હા પાડી ને હવે ના પાડીએ તો કાઠિયાવાડની આબરૂ જાય, માટે તમે ફેરવો. ને જ્યારે તમારે હાથ ન રહે ત્યારે અમારા સામે જોજો, એટલે અમે પડવા નહીં દઈએ."

પછી નાજા જોગિયા અસવાર થયા ને બે-ચાર પાટીઓ કઢાવી. પછી તો ઘોડો બે પગે થવા માંડ્યો ને જાણ્યું જે હવે તો નિશ્ચે પાડશે. ત્યારે મહારાજ સામે જોયું ત્યારે મહારાજે હાથમાં રૂમાલ લઈને માથા ઉપર ફેરવ્યો. ત્યારે તે સમજ્યા જે, 'મહારાજે કુંડાળે નાંખવા કહ્યું.' પછી ઘોડાને કુંડાળે નાંખ્યો ને ખૂબ ફેરવ્યો. પછી ઘોડો નરમ પડ્યો ત્યારે નાજા જોગિયા ઊતર્યા ને ઘોડો રાવતને સોંપ્યો. અને મહારાજને પગે લાગ્યા ને કહ્યું જે, "હે મહારાજ ! તમે મને જીવતો રાખ્યો, નહીં તો ઘોડો મને પાડત." પછી મહારાજ હસ્યા અને નાજાનાં વખાણ કર્યાં.

પછી થાળ થયો તે મહારાજ જમ્યા ને સર્વે સંતમંડળને જમાડ્યા. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા ને કુશળકુંવરબાઈએ મહારાજને કહ્યું જે, "તમને રાજ્યગાદી ઉપર બેસાડવા છે અને કુંવર તમારી આગળ કામકાજ કરશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે અમારે વસંતનો સમૈયો પણ અહીં કરવો નથી. અને એક સત્સંગરૂપી કાંટો છે, તે અમને ખટકે છે ને બીજો ક્યાં અમે જાળવીએ ?" એ અંગેની ઘણી વાત કરી. પછી મુગટ લાવ્યા ને સોનેરી પાઘ ઉતારીને મુગટ ધરાવ્યો. તેની જે શોભા આવી ! તે જેમ વડતાલમાં મુગટ ધાર્યો હતો ને શોભા આવી હતી, તેવી શોભા અહીંયાં પણ આવી. પછી મહારાજની આરતી

ઉતરાવી ને સોનામહોરનો થાળ ભરીને મહારાજની આગળ મૂક્યો. પછી પહોર વાર સુધી મુગટ માથે રાખ્યો ને પછી ઉતારીને સોનેરી પાઘ માથે બાંધી. પછી દરબારનું પહાડમાં જે સાગવન તેની ચોકી કરનારા જે ભીલ, દૂબળા, લંગોટિયા તેમને મહારાજનાં દર્શન કરવા સારુ બોલાવ્યા હતા, તે આવ્યા ને મહારાજનાં દર્શન કર્યાં. પછી મહારાજ આગળ તેમણે નાચ કર્યો. પછી મહારાજે સર્વેને એકેક રૂપિયો આપ્યો ને તેમનો જે નાયક હતો, તેને પાંચ રૂપિયા આપ્યા. પછી તે પાછા જંગલમાં ગયા. પછી સર્વે સભાને રજા આપી ને મહારાજ પોઢ્યા.

❊ મહારાજ વાંસદા પધાર્યા ને ચરણારવિંદ પાડી દીધા :

પછી જાગ્યા ને એમ બોલ્યા જે, “હવે ચાલો **વાંસદે** જાઈએ.” પછી ચતુરંગિણી સેના બાઈએ સાબદી કરાવી, તે હાથી, ઘોડા, રથ ને પદાતી તે સર્વે તૈયાર થયા. પછી મહારાજે દાતણ કર્યું ને સ્નાનવિધિ કરીને થાળ જમ્યા. પછી સર્વે સંતને જમાડ્યા. પછી સર્વે સંત ને પાળા તૈયાર થયા અને મહારાજ ઘોડીએ અસવાર થયા. અને બેય કોરે ચમર થઈ રહ્યા છે, ને નેકી પોકારી રહ્યા છે, ને વાજાં વાગી રહ્યાં છે, ને મહારાજ પોતાના મુખારવિંદ આડો રૂમાલ દઈ રહ્યા છે, ને સર્વે સંતમંડળ સહિત ઊભી બજારે થઈને **વાંસદે** પધાર્યા. ત્યાંના રાજાએ સામૈયું કર્યું તે ગાજતે વાજતે દરબારમાં પધાર્યા. અને ભારે સિંહાસન ઉપર બિરાજમાન થયા. પછી નાનાભાઈએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા ને સર્વ સંતમંડળને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી જાગીને સભા કરીને બિરાજમાન થયા. ત્યારે ભારે પોશાક લાવ્યા ને મહારાજને પહેરાવ્યો. ચંદનની અર્ચા કરીને પુષ્પના હાર પહેરાવ્યા ને બાજુબંધ, તોરા ને પુષ્પના ગુચ્છ તે ધરાવ્યા. પછી આરતી ઉતારીને નારાયણ-ધૂન કરી અને સભા સર્વે મહારાજને પગે લાગીને બેઠી. પછી ગવૈયા સંતો આવ્યા ને ગાવણું કરાવ્યું. પછી સભાને રજા આપી ને મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગીને દાતણ કર્યું ને સ્નાનવિધિ કરીને થાળ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી **કુશળકુંવરબાઈએ પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમે નિરંતર સાંભરો એવું કાંઈક સંભારણું અમને આપો."** ત્યારે મહારાજ કહે, "લાવો ચરણારવિંદ પાડી આપીએ." ત્યારે સારું લૂગડું લાવ્યા ને હિંગળુંનો રંગ કર્યો. પછી **મહારાજે ચરણારવિંદ પાડી આપ્યાં ને પહેરવાનો પોશાક આપ્યો.**

❊ બોચાસણના કાનદાસને આનંદસ્વામી દ્વારા સત્સંગ :

પછી ત્યાં થોડાક દિવસ રહીને ચાલ્યા, તે સર્વે ગાઉ સુધી વળાવવા આવ્યા, તેમને પાછા વાળ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **સુરત** પધાર્યા ને ત્યાંના હરિજનને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા તે તાપી નદી તથા રેવા ઊતરીને **ઝાડેશ્વર** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે કાનમ દેશ પવિત્ર કરતા થકા ને ત્યાંના રહેનારા હરિજનને દર્શન દેતા થકા મહી નદી ઊતરીને ગામ **બોચાસણ** પધાર્યા. ત્યાં **કાશીદાસ**ને ઘેર જઈને ઊતર્યા અને થાળ થયો તે મહારાજ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. પછી મહારાજ ચાલવાને તૈયાર થયા ત્યારે કાશીદાસે હાથ જોડ્યા ને એમ કહ્યું જે, "હે મહારાજ ! મારા બાપને સત્સંગ કરાવો." પછી મહારાજે વાત કરી અને મુક્તાનંદસ્વામીએ વાત કરી તોપણ કાનદાસને સમજાયું નહીં.

ત્યારે કાશીદાસ ઘણા દિલગીર થયા ને એમ બોલ્યા જે, "ભગવાન મળ્યા ને મારો બાપ નરકમાં જાશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે વાત કરી ને ન સમજ્યા ત્યારે અમે કેમ કરીએ ?" ત્યારે કાશીદાસ બોલ્યા જે, "મહારાજ, તમે સમજાવનાર થાવ તો હરેક પ્રકારે સમજાવો. અને ભગવાન કરે તે શું ન થાય ?" પછી તે વાત સાંભળીને મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, "આનંદસ્વામી સુરત છે, તે આવશે ત્યારે કાનદાસને સત્સંગ કરાવશે." એમ કહીને કાશીદાસને વચન આપ્યું.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામોગામના હરિજનને દર્શન દેતા થકા પંચાળ દેશમાં દુર્ગપુર નામે જે શહેર ત્યાં પધાર્યા ને હરિજને સામૈયું કર્યું ને ફૂલના હાર પહેરાવ્યા. અને ગવૈયા ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાવા લાગ્યા જે, *'આજની ઘડી રળિયામણી રે મારો વાલો પધાર્યા.'* એવી રીતે ગાજતે વાજતે દરબારમાં પધાર્યા અને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. હવે મહારાજે કાશીદાસને વચન આપ્યું હતું, તેથી આનંદસ્વામી બોચાસણ આવ્યા. ત્યારે કાશીદાસે કહ્યું જે, "બાપા ! સાધુ મંદિરમાં આવ્યા છે. માટે તમે સીધું આપવા જાજો અને હું ખેતર જાઉં છું."

પછી કાનદાસ સાધુ પાસે આવ્યા ને આનંદસ્વામીનાં દર્શન કર્યાં. **ત્યારે રામલક્ષ્મણની મૂર્તિ આનંદસ્વામીના શરીરમાં દેખાણી.** ત્યારે કાનદાસ દંડવત કરીને પગમાં પડ્યા. ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "કાનદાસ, એસા બહોત પ્રેમ ક્યું આયા ?" ત્યારે કાનદાસ બોલ્યા જે, "મહારાજ, તમે તો ભગવાન છો અને રામલક્ષ્મણની મૂર્તિ હું તમારા અંગમાં દેખું છું." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, **"ભગવાન તો સહજાનંદસ્વામી હૈં, મૈં તો ઉનકા દાસ હૂઁ, ઔર રામલક્ષ્મણ તો સદાય હમારે મેં રહતે હૈં, ઔર સબ સંત મેં ભી રહતે હૈં, ઔર જો રામ હૈ સોઈ સહજાનંદસ્વામી હૈં સો હમ સબ સંત ઉનકા ભજન કરતે હૈં, સો તુમ ભી વર્તમાન ધારો ઔર ઉનકા ભજન કરો."** પછી કાનદાસ વર્તમાન ધારીને સત્સંગી થયા. એવી રીતે મહારાજે સંત દ્વારે પોતાનો અલૌકિક મહિમા અને ચમત્કાર દેખાડ્યો હતો.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ધરમપુર, તથા વાંસદાની લીલા વર્ણન,' એ નામે સત્તાવીસમો વિશ્રામ ॥૨૭॥

વિશ્રામ - ૨૮

સોરઠ, હાલાર, પંચાળ, કાઠિયાવાડ, ભાલ અને ગુજરાતમાં વિચરણ તથા વડતાલે ફૂલડોલ ઉત્સવ

હવે મહારાજ **ગઢપુરમાં** બિરાજમાન થયા અને સર્વે હરિજન આવીને પગે લાગીને બેઠા અને મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! તમે ધરમપુર પધાર્યા તે ત્યાંના હરિજનનો પ્રેમ કેવો ? ને કેમ તમારી સેવા કરી ? તે અમને કહો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ધરમપુરમાં કુશળકુંવરબાઈના પ્રેમે કરીને અમે ત્યાં ગયા હતા. તે બાઈએ અમને રાજ્ય સોંપવાનું કર્યું, ત્યારે અમે ચાલવાનું કર્યું. ત્યારે તે બાઈના નેત્રમાં જળજળિયાં આવ્યાં, ને એમ બોલ્યાં જે, ‘અમને તમારી મૂર્તિ સાંભરે એવું કાંઈક સંભારણું આપો.’ ત્યારે અમે ચરણારવિંદ પાડી આપ્યાં ને અમારે પહેરવાનો પોશાક આપ્યો. ત્યારે માંડ ધીરજ રહી, એવાં પ્રેમવાળાં હરિભક્ત છે.”

પછી હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! અહીંયાં સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ હતી. તમે ધરમપુર પધાર્યા ને તમે હાથીની સવારી કરી ને મુગટ ધર્યો અને બાઈ તમને રાજ્ય સોંપતાં હતાં તે, તથા તમે વાંસદે પધાર્યા ને જે લીલા કરી તે સર્વે વાત અમને કહી હતી. તે અમે વાર તિથિ સહિત લખી છે.” પછી થાળ થયો તે મહારાજ જમવા પધાર્યા ને પછી જમીને કથા વંચાવા માંડી. પછી કથા થઈ રહી ત્યારે પ્રેમાનંદસ્વામી સિતાર લઈને કીર્તન બોલ્યા જે, *“હો મેં તો તેરે કારન વેરાગન હોંગી..”* એ આદિ કીર્તન ગવરાવતા. એવી રીતે થોડાક દિવસ ત્યાંના હરિજનને દર્શન દીધાં.

❊ ગઢપુરથી વિચરણ કરતા પંચાળા પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે કાઠીઓના અસવાર ને પાળા તેણે સહિત **કોટડા** થઈને **બંધિયા** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **ઉપલેટા**

પધાર્યા અને થાળ થયો તે જમીને સર્વ સખાને જમાડ્યા. અને રાત અરધી રહી ત્યારે ચાલ્યા તે ગામ **માણાવદર** પધાર્યા અને હરિજને રૂડી રીતે સામૈયું કર્યું. અને **મયારામ ભટ્ટ**ને ઘેર ઊતર્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમીને પોઢ્યા. પછી જાગીને ઘોડે પલાણ મંડાવીને જે ચાલ્યા, તે **બાલાગામ**ના હરિજનને દર્શન દીધાં. ત્યાંથી ચાલ્યા, તે ગામ **પંચાળે** પધાર્યા.

☼ પંચાળામાં શ્રીહરિ લાડકીબાઈના દીકરા થયા :

પછી **ઝીણાભાઈ**એ સામૈયું કર્યું. તે વાજતે ગાજતે દરબારમાં પધાર્યા ને ઓતરાદે ઓરડે સભા કરીને બેઠા. પછી થાળ થયો તે જમ્યા. પછી ઉગમણે ઓરડે પોઢ્યા. પછી ગામોગામના હરિભક્ત બાઈભાઈ દર્શને આવે તેને સમાધિ થાય. અને મહારાજ એમ કહેતા જે, “હવે તો અમારે અહીંયાં રહેવું છે.” પછી જ્યાં બે દિવસ થયા ત્યારે મહારાજે કહ્યું જે, “ચાલો, તૈયાર થાઓ.” ત્યારે ઝીણાભાઈ હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! તમે તો કહેતા હતા જે, અમારે તો અહીંયાં રહેવું છે ને કેમ ઉદાસ થયા ?” પછી મહારાજ બોલ્યા જે, “લાડકીબાઈ બ્રાહ્મણી છે, તે અમને દીકરા કહીને બોલાવે તો અમે રહીએ.” ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, “લાડકીબાઈ, તમે મહારાજને દીકરા કહીને બોલાવો.” ત્યારે લાડકીબાઈ બોલ્યાં જે, “ભગવાનને કેમ દીકરા કહેવાય ?”

ત્યારે મહારાજ કહે, “અમે નહીં રહીએ.” ત્યારે લાડકીબાઈએ થાળનો સામાન કર્યો. પછી હાથ જોડીને ઊભાં ને એમ બોલ્યાં જે, “હે મહારાજ ! અનંતકોટિ બ્રહ્માંડના પતિ, અક્ષરધામના પતિ, હે દીકરા ! જમવા પધારો.” પછી મહારાજ મંદમંદ હસતા જમવા પધાર્યા. પછી જમીને થાળ ઝીણાભાઈને આપ્યો. પછી સંતમંડળને ખબર થયા તે ચારેય કોરથી આવવા માંડ્યા. પછી મહારાજ લાડકીમા પાસે રસોઈ કરાવીને પોતે જમે ને સંતને જમાડે. અને તે સમે ત્યાં મહારાજે નવા

પરમહંસ પણ કર્યા અને તેમનાં હયગ્રિવાનંદસ્વામી આદિ નામ પાડ્યાં. પછી મહારાજ ત્યાં પંદર દિવસ રહ્યા.

❊ આખા ગામના માર્ગે ગાયો શ્રીહરિને વશ થઈ :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **આખા** આવ્યા, ત્યારે માર્ગમાં ગાયોનાં ટોળાં ચરતાં હતાં. તે મહારાજને દેખીને મહારાજ પાસે આવીને ઊભાં રહ્યાં. ત્યારે ગાયના ચારનારાએ ઘણી હાકલ કરી ને વાંભું(ગાયને બોલાવવાનો અવાજ) કરી, તોય મહારાજની પાસેથી ખસે નહીં. ત્યારે ગોવાળિયે જાણ્યું જે, 'આ તો કાઠીના અસવાર છે, તે અમારી ગાયો લઈ જાશે.' પછી મહારાજે જે ચપટી વગાડી, તે સર્વે ગાયો પાછી વળી ગઈ. ત્યારે તે આહિર બોલ્યા જે, "આ અસવારીમાં શ્રીકૃષ્ણ ભગવાન છે."

પછી ગામમાં ખબર થઈ ને સામૈયું આવ્યું તેથી વાજતે ગાજતે મહારાજ ગામમાં પધાર્યા અને **કાનજીભાઈ**ના ફળીમાં પીપળા હેઠે સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે મહારાજ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. પછી મહારાજ સભામાં બેઠા ને આરતી-ધૂન કરી. પછી સર્વે હરિજન પગે લાગીને બેઠા. પછી મહારાજે કીર્તન ગવરાવ્યાં. પછી મહારાજ પોઢ્યા. પછી સવારે જાગ્યા ને ચાલવાનું કર્યું, ત્યારે હરિજન હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે તે જમીને ચાલજો."

પછી મહારાજે દાતણ કર્યું ને ઉષ્ણ જળે કરીને નવરાવ્યા. પછી વસ્ત્ર પહેરાવ્યાં. પછી મહારાજ થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. પછી મહારાજ ઘોડે અસવાર થયા ને સર્વે હરિજનને પાછા વાળ્યા. અને ઘોડા ચલાવ્યા તે ગામ **અગતરાઈ**એ પધાર્યા ને **પર્વતભાઈ** આદિ હરિજને સામૈયું કર્યું. તે વાજતે ગાજતે પર્વતભાઈને ઘેર પધાર્યા. ત્યાં સભા કરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમીને મહારાજ પોઢ્યા. તે સમે પર્વતભાઈ ને ભીમભાઈ એ બે જણ મહારાજનાં ચરણારવિંદ ખોળામાં લઈને દાબતા જાય ને મહારાજને

વાતો પૂછતા જાય. ત્યારે મહારાજ એમ બોલ્યા જે, “કહો તો આખા બ્રહ્માંડમાં જેટલા મનુષ્ય છે, તેમને પરમહંસ કરી નાંખીએ.” ત્યારે બેય જણા બોલ્યા જે, “હે મહારાજ ! એમ થાય ત્યારે સર્વે જગતના જીવ શું જમે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “વૃક્ષમાંથી ફળ અને દાણામાંથી દાણા કોણ નિપજાવે છે ? ને આકાશમાંથી જળ કોણ વરસાવે છે ?” ત્યારે તે કહે, “હે મહારાજ ! તમારી ત્રણ પ્રકારની જે માયા તેણે કરીને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને લય થાય છે. તે તમે જે ધારો તે કરો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ જીવ સખણા ન રહે તે સારુ ધંધે ચડાવી મેલ્યા છે.” પછી મહારાજ પોઢ્યા.

❊ પંચાળા ગામની સુરક્ષા ગોઠવી :

સવારે જાગ્યા ને કહે, “ચાલો નદીએ નાવા.” પછી નાવા પધાર્યા. પછી નાહીને ગામમાં આવ્યા ને થાળ જમ્યા. અને ત્યાંથી પર્વતભાઈ પાસે ગાડું જોડાવ્યું ને મહારાજ ગાડે બેઠા. પછી ત્યાંથી ચાલ્યા તે **પંચાળા** પધાર્યા ને વાજતે ગાજતે **ઝીણાભાઈ**ના દરબારમાં આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને લાડકીમાએ થાળ કરાવ્યો, તે મહારાજ જમીને પોઢ્યા. પછી સવારે જાગીને ઝીણાભાઈને બોલાવ્યા. ત્યારે ઝીણાભાઈએ આવીને હાથ જોડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારા ગામ ઉપર બીક લાગે છે. માટે કસલા જાદવ તથા વેરાભાઈ આદિ દસ-બાર બરકમદાર આપીએ છીએ. તે ગામની પણ ચોકી કરશે ને દરબારની પણ ખબર રાખશે.” એમ કહી સ્નાન કરીને થાળ થયો તે જમ્યા ને સર્વ સખાને જમાડ્યા.

પછી કાઠીને કહે, “ઘોડા સાબદા કરો.” પછી ઘોડે અસવાર થયા ને ચાલ્યા ત્યારે ઝીણાભાઈ આવ્યા ને મહારાજને કહે, “ચાલો સીમાડો જોઈએ.” ત્યારે મહારાજ કહે, “સારું. અમે આગળ જઈએ છીએ ને તમે આવજો.” એમ કહીને જે ઘોડા ઉપાડ્યા તે એની આગળ ગરુડનું

ઊડવું પણ શું ! એવી રીતે **પીપલાણા** પધાર્યા. પછી ઝીણાભાઈ પણ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે પીપલાણા મહારાજ પાસે આવ્યા. ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આમ કરવું હતું ?" ત્યારે મહારાજ કહે, "તમે અમને અમથા ક્યાં ચાલવા દ્યો એમ હતા. અને અમારે હુતાશનીનો સમૈયો વડતાલે કરવો છે. માટે તમે સર્વે સોરઠના સત્સંગી ગામ વડતાલ આવજો." પછી મહારાજ થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા ને ઝીણાભાઈને ઘેર મોકલ્યા.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **માણાવદર** જઈને રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **જાળિયે** પધાર્યા ને **ઠક્કર હીરાભાઈ**ને ઘેર ઊતર્યા. બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ગાલોલ** પધાર્યા ને પટેલ **માવા**ને ઘેર રાત રહ્યા ને થાળ જમ્યા ને ચારેક ઘડી પોઢ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **દેરડી**એ પધાર્યા ને ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **રાયપર** પધાર્યા. ત્યાં **અરજણ રાજગર**ને ઘેર રાત રહ્યા.

❊ શ્રીહરિ ગઢડા પધાર્યા અને સોરઠની વાતો કરી :

સવારે ચાલ્યા તે **ગઢડે** પધાર્યા ને સામૈયું કર્યું. તે વાજતેગાજતે **દાદા ખાચર**ના દરબારમાં પધાર્યા. અને વાસુદેવના ઓરડે સભા કરીને બિરાજમાન થયા. પછી હરિજને ખબર પૂછ્યા જે, 'ઝીણાભાઈના ઘરનાં પ્રેમી કેવાં છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે એમ કહ્યું જે તમારા ગામની સીમ જોવા જઈએ છીએ. એમ કહીને ચાલી નીકળ્યા ત્યારે આવવા દીધા, એવા પ્રેમી છે."

પછી થાળ થયો તે મહારાજ જમીને અક્ષરઓરડીમાં પોઢ્યા. પછી જાગીને પ્રાગજી દવે પાસે કથાનો આરંભ કરાવ્યો. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે મહારાજ કહે, "લખો કાગળ જે, અમે હુતાશનીનો સમૈયો વડતાલે કરશું, તેથી બાઈભાઈ સર્વે હરિજન દર્શને આવજો.

એમ દેશદેશ પ્રત્યે કંકોત્રી લખાવીને મોકલજો. ને આનંદસ્વામીને કહેજો જે, અમારી બેઠક પાસે હોજ છે, તેને ચૂનો દેવરાવજો ને સુરતથી ગુલાલ મંગાવજો." એવી રીતે કાગળ લખાવીને મોકલ્યો. પછી મહારાજે કાઠીઓના અસવાર તેડાવ્યા. પછી સોરઠ, હાલાર, કચ્છ, વાળાક ને કાઠિયાવાડ આદિ દેશદેશના હરિભક્તનો સંઘ ભેળો થયો.

❋ ગઢડાથી વિચરણ કરતા હુતાશની કરવા વડતાલ પ્રયાણ :

પછી મહારાજ ગઢડેથી ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર**માં ઘડીક અટક્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી** પધાર્યા ને સર્વે સંઘને ઉતારા દેવરાવ્યા. પછી મહારાજ થાળ જમ્યા. પછી **વસ્તા ખાચર** હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! કાંઈક સંઘના મનુષ્યને જોઈતું કરતું હોય તો અપાવો." પછી મહારાજે સંઘમાં ખબર કઢાવી જે, 'કોઈને કાંઈ જોઈતું કરતું હોય તો લ્યો, વસ્તા ખાચર પૂછે છે.'

પછી સૌ જમી રહ્યા ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. ત્યાં **અમરા પટગર**ને ઘેર મહારાજ ઊતર્યા ને **રાયબાઈ**એ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. અને સર્વે સંઘ નદીના કાંઠે ઊતર્યા. પછી મહારાજ પોઢ્યા. પછી પહોર વાર કેડે જાગ્યા ને સાબદા થઈને ચાલ્યા તે ગામ **ભીમનાથ** થઈને **ઝીંઝરે** બપોરા કર્યા. ને **ખોડાભાઈ** આદિ હરિજન થાળનો સામાન લાવ્યા. તેની રસોઈ કરાવીને જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **રોજકા** પધાર્યા. ને ઘોડા સારુ ખડ-જોગાણ **કાકાભાઈ**એ મંગાવ્યું. ને થાળ થયો તે મહારાજ જમીને પોઢ્યા.

પછી જાગ્યા ને ત્યાંથી ચાલ્યા તે **ગાંફ** પધાર્યા. ને જ્યાં હમણાં બેઠક કરી છે ત્યાં ગાડા ઉપર ઢોલિયો તેના ઉપર બિરાજ્યા ને ફરતો સંઘ ઊતર્યો. પછી ગામમાં **વસ્તા રાવળ**ને ઘેર થાળ થયો, તે મહારાજ ઘોડીએ ચડીને જમવા પધાર્યા ને જમીને સર્વે સખાને જમાડ્યા. પછી

સભા કરીને ત્યાં ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી તો ત્યાં જ પોઢ્યા.

પછી જાગીને બોલ્યા જે, "હવે સંઘમાં ખબર કરો ને સાબદા થઈને ચાલો." પછી મહારાજને દાતણ કરાવીને ને સ્નાન કરાવ્યું. મહારાજ દહીં ને રોટલો જમ્યા. તે બાઈએ દહીંમાંથી તર કાઢીને બીજા દોણામાં નાંખી ને મહારાજને આપ્યું ત્યારે મહારાજ જમ્યા. પછી પૂછ્યું જે, "બીજું જોશે ?" ત્યારે મહારાજ કહે, "હા લાવો." પછી જે દોણામાં તર નાંખી હતી, તે જ્યારે આપ્યું ત્યારે મહારાજ કહે, "હવે નહીં જોઈએ." એવી લીલા કરી. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કમિયાળા** થઈને જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં ઘડીક ઊભા રહ્યા ને હરિજને રૂડી રીતે દર્શન કર્યાં.

પછી મહારાજે જે ઘોડા ઉપાડ્યા તે સંઘ ભેળા થયા ને સંઘનાં મનુષ્ય બાઈભાઈ સર્વે દર્શન કરતા જાય. તેવી રીતે મહારાજ ગામ **ગલિયાણા** પધાર્યા. અને નદીને સામે કાંઠે જઈને ઊતર્યા ને મહારાજ નદીમાં વસ્ત્ર ઉતારીને નાહ્યા. ત્યારે મહારાજની કેડે હેઠવાસ સર્વે હરિજન નાહ્યા. મહારાજે નાહીને વસ્ત્રે કરીને શરીરને લૂછ્યું. પછી મહારાજને મયારામ ભટ્ટ ને પર્વતભાઈ તેમણે ભારે ભારે પોશાક પહેરાવ્યો. પછી મહારાજ ત્યાં સભા કરીને બિરાજમાન થયા. તે સમે પરમહંસે મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા. પછી થાળ થયો, તે જમીને મહારાજ પોઢ્યા.

પછી જાગીને ચાલ્યા તે ગામ **ગોરાડ** પધાર્યા. ને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા. અને કાઠી ને પાળા તેમને **કાંધાજી**ને ઘેર જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **મોરજ**ના હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં **ખોડાભાઈ** આદિ હરિજને સામૈયું કર્યું ને મહારાજ ગામ બહાર ઊતર્યા અને મહારાજ સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે મહારાજ જમ્યા. અને **હઠીભાઈ** ને **તેજાભાઈ** તેમણે સંઘમાં જોઈતું કરતું અપાવ્યું. પછી મહારાજ પોઢ્યા.

⁂ પીપળાવમાં થાળ તથા સંતો સામે આવ્યા :

પછી જાગ્યા ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઊંટવાડાથી જોઈતા પગીને** ભેળા લીધા. પછી ચાલ્યા તે ગામ **પીપળાવ** પધાર્યા. અને પરમહંસ ત્રણસો ભેગા થયા હતા, તેમણે જે મહારાજની ખબર સાંભળી તે આવ્યા. તે ગામથી આથમણી કોરે ચોક છે, ત્યાં મહારાજનાં દર્શન કર્યાં. ને જેમ લાકડી પડે તેમ સર્વે પડ્યા ને મહારાજના ચરણારવિંદનો સ્પર્શ કરીને પગે લાગ્યા. પછી મુક્તાનંદસ્વામીએ તાળી વગાડીને આગળથી કીર્તન ઉપાડ્યાં જે, *"આજની ઘડી રે ધન્ય આજની ઘડી."* એવી રીતે વાજતે ગાજતે ગામથી ઉગમણી કોરે વડ ને વિસામો(ચણેલો ઓટો) હતો, તેના ઉપર ઢોલિયો ઢાળ્યો હતો, તેના ઉપર મહારાજ બિરાજમાન થયા.

અને ભાઈરામદાસજી ગામ **ચાંગા** હતા, તે ખબર સાંભળીને આવ્યા. અને આનંદસ્વામી **વડતાલ** હતા, તે ખબર સાંભળીને સર્વે પરમહંસ ને જોબનપગી તેમણે સહિત મહારાજ પાસે આવ્યા ને પગે લાગ્યા. પછી થાળ થયો તે મહારાજ જમ્યા અને પાછા ઢોલિયે બિરાજ્યા. પછી આરતી-ધૂન કરી રહ્યા ને સર્વે મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઢોલિયા ઉપર ઊભા થઈને બોલ્યા જે, "સવારે સૌ સંઘ રસોઈ કરી લેજો ને જમીને ચાલવાનું છે." અને જેમ નરનારાયણની મૂર્તિઓ પધરાવવા જતાં ગામ જેતલપુર આવ્યા હતા, ત્યારે મહારાજ આરતી-ધૂન કરીને બોલ્યા હતા જે, 'અમે તમારા સારુ ઉતારા જોવા અમદાવાદ જઈએ છીએ ને તમે સર્વે સંઘ રસોઈ કરીને જમી લેજો.' એમ કહીને અમદાવાદ ગયા હતા, તેમ અહીંયાં પણ બોલ્યા.

પછી ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને કહ્યું જે, "હવે સાધુ ફરીને(રાસ રમતા) કીર્તન બોલો." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કીર્તન ઉપાડ્યાં જે, *'હાં રે મારે આજ પ્રીતમ ઘેર આવિયા, હાં રે ભરી થાળ મોતીડે વધાવિયા જી રે...આ.'* એવી રીતે જે જુવાન જુવાન સંત હતા, તે કીર્તન બોલ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી સવારે સંત નાહ્યા ને એમ બોલ્યા જે, "પરગામ ક્યાં માગવા જાઈએ ? ને કહો તો ત્રણ વર્ણના સંઘમાં ટૂકડા માંગીએ." ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત બોલ્યા જે, "જાઓ, સંઘમાં માગો." પછી સંઘમાં ટૂકડા માગ્યા ને ગોળા વાળ્યા ને જમ્યા. પછી મહારાજને સારુ થાળ થયો, તે સ્નાનવિધિ કરીને મહારાજ જમ્યા.

⁕ વડતાલમાં શ્રીહરિનું ધામધૂમથી સામૈયું તથા પૂજા-થાળ :

પછી સર્વે સંઘનાં મનુષ્ય પણ રસોઈ કરીને જમી રહ્યા, ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થયા. અને સર્વે સંઘનાં મનુષ્ય પણ તૈયાર થઈને ચાલ્યાં, તે ગામ **મહેળાવ** થઈને ગામ **વડતાલ**ના સીમાડે આવ્યાં. ત્યાં તો ગામમાંથી બાઈ-ભાઈ સર્વે હરિજન સામૈયું લઈને સામાં આવ્યાં. અને કોઈક હરિજન તો પુષ્પના હાર મહારાજને પહેરાવતા હતા, ને કોઈ તો પુષ્પના તોરા ને ગજરા ધારણ કરાવતા હતા, ને કોઈક તો પુષ્પના ગુચ્છ ધારણ કરાવતા હતા, ને કોઈક તો શ્રીફળ આદિ મહારાજની આગળ ભેટ મેલીને પગે લાગતા હતા. પછી મહારાજ બોલ્યા જે, "ચાલો, હવે તડકો થાય છે."

પછી ત્યાંથી ચાલ્યા તે બેય કોરે ચમર થઈ રહ્યાં છે; ને નેકી પોકારી રહ્યા છે; ને ત્રાંસાં, ઢોલ, શરણાઈ ને રણશિંગાં આદિ વાજાં વાગી રહ્યાં છે; અને પરમહંસ તથા હરિજન સામસામા મહારાજ ઉપર ને કાઠીઓ ઉપર ગુલાલ નાંખી રહ્યા છે; એવી રીતે ઊભી બજારે થઈને મહારાજ (વાસણ) સુતારના ઘેર જઈને ઊતર્યા. અને હરિજન ને પરમહંસની ભીડ થઈ. પછી મહારાજ બોલ્યા જે, "ચાલો આંબલે." પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને વાજાં વાગી રહ્યાં છે ને આંબલે જઈને બિરાજ્યા. એ સમે જે નોબત થઈ તેને સાંભળીને સર્વે મહારાજને દર્શને આવ્યા.

પછી ગંગામા થાળ કરીને લાવ્યાં તે આંબલી હેઠે ઓટા ઉપર મહારાજ જમવા બિરાજ્યા. બરફી, પેંડા વગેરે થાળ જમીને મુક્તાનંદ સ્વામીને આપ્યો. પછી ચાખડીએ ચડીને બેઠક ઉપર ઢોલિયો તેના ઉપર બિરાજમાન થયા. અને સોનેરી સુરવાળ ને ડગલી પહેર્યાં, ને સોનેરી બુરાનપુરી રેંટો એક માથે બાંધ્યો, ને એક કેડે બાંધ્યો અને ભારે સેલું ખભે નાંખ્યું, ને કડાં પહેર્યાં ને કપૂરના હાર ને તોરા ઝૂકી રહ્યા છે; એવી શોભાને ધારણ કરી હતી. પછી ગવૈયાએ આવીને ગાવણું કર્યું. પછી મહારાજ બોલ્યા જે, "સૌ સૌને ઉતારે કોઈ અજાણ્યા મનુષ્યને રહેવા દેશો નહીં." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કરીને સ્નાન કર્યું અને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યાં. પછી ઘોડીએ અસવાર થઈને આંબલે આવીને બિરાજ્યા. અને સંઘ ચારેકોરે ઊતરેલો, તેમાં મહારાજ જમવા પધાર્યા, ને સંતોને મહારાજ કહે જે, "અહીંયાં દસ જણ જમવા બેસો." ને વળી બીજે ઠેકાણે કહ્યું, "અહીંયાં પંદર પરમહંસ જમવા બેસો." એમ મહારાજ સર્વે સંઘમાં ઉતારે ઉતારે બરફી, પેંડા વગેરે જમ્યા ને સર્વ સંતમંડળને જમાડ્યા. પછી મહારાજ આંબલે સભા કરીને બિરાજ્યા. પછી હરિજનો મહારાજની પૂજા કરવા આવે ને સંતમંડળ પણ રતાંજળી(રાતું સુખડ) ને ચણોઠીના હાર કરીને મહારાજને પહેરાવે. પછી મહારાજ પ્રસાદી કરીને પાછા આપે. એમ સર્વે હરિજન ને પરમહંસે મહારાજની પૂજા કરી. પછી ગવૈયા સંત હતા, તે સરોદા, દુકડ, સિતાર ને મંજીરાં લઈને હોરીનાં પદ ગાવા લાગ્યા. પછી મહારાજ પેશાબ કરવા ઊઠ્યા ત્યારે ઢોલિયો ઓટા ઉપર લીધો ને ઓટાને ફરતો લાકડાનો રંગીત હિંડોળો કર્યો હતો. અને નિષ્કુળાનંદસ્વામીએ સુતાર પાસે લાકડાનો રંગીત હિંડોળો સંઘેડે ઊતરાવવા માંડ્યો.

પછી આરતી-ધૂન કરીને સંતો શ્લોક બોલ્યા. પછી રેણકી છંદ બોલ્યા. ને બપોરિયાં થઈ રહ્યાં છે; ને ચંદ્ર પણ સોળ કળાએ સહિત ઉદય થયો છે; ને દીવીઓ ચારેકોર બળે છે; અને આંબા, આંબલી ને રાયણોનાં વૃક્ષો પ્રફુલ્લિત થઈ રહ્યાં છે. પછી પગે લાગીને બેઠા ને સંતો કીર્તન બોલ્યા જે, *'હરિ હૈયાના હાર છો જી રે, તમે હરિ હૈયાના હાર છો.'* એવી રીતે લીલા કરી ને પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને નોબત થઈ. પછી સંત સર્વે ધર્મશાળામાં આવ્યા ને મહારાજ વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કરી સ્નાન કરીને વસ્ત્ર પહેરી થાળ જમવા પધાર્યા. પછી સંતમંડળને જમાડતા જાય ને પોતે જમતા જાય, એવી રીતે લીલા કરે છે. તે સમે સંઘમાં હાકોટો થયો જે, "બાબાજીનું લશ્કર આવે છે." ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડા." પછી મહારાજ ઘોડે અસવાર થયા અને કાઠીના અસવાર ને પાળા પણ હથિયાર બાંધીને તૈયાર થયા. પછી મહારાજ કહે, "ફેંટાના ગોલીટા(ગાંઠ) વાળો." અને તે સમે નોબત ગડગડી ને ઊંટ ઉપર ત્રાંબાળું વાગી રહ્યાં છે. અને ગામ ચકલાસીના પગીએ કોળીઓને ભેળા કરીને હૂલકું(ભંગાણ) પાડવાનું કર્યું હતું જે, જો આપણે સંઘને લૂંટીએ તો જોબનની લાજ જાય. પછી મહારાજ કાઠી ને પાળાને લઈને તે કોળીઓની વચ્ચે ઊભા રહ્યા. ત્યારે તે કોળી આઘાપાછા જતા રહ્યા ને લૂંટવાની આશા મેલી દીધી.

❋ મુગટ ધારીને બાર બારણાના હિંડોળે ઝૂલ્યા :

પછી (આંબલે પધાર્યા, ને ત્યાં) હિંડોળો શણગાર્યો તેના ઉપર મહારાજ આવીને બિરાજ્યા. સોનેરી વાઘા પહેર્યા છે, ને સોનાની વાંસળી કેડ વિશે રહી છે, ને હિંડોળો પણ બાર બારણાંએ કરીને શોભી રહ્યો છે. તે સમે સોનેરી પાઘ ઉતારીને આનંદસ્વામીએ મુગટ લાવીને મહારાજના મસ્તક ઉપર ધરાવ્યો. અને જયજયકાર શબ્દ થઈ રહ્યો છે,

ને વાજાં વાગી રહ્યાં છે. અને તે સમે અનંતકોટિ મુક્ત પણ વિમાનમાં બેસીને મહારાજનાં દર્શન કરવા આવ્યા, ને દિવ્ય એવું જે ચંદન ને પુષ્પ તેની વૃષ્ટિ કરતા હતા. અને હીરની દોરીએ કરીને મુક્તાનંદસ્વામી આદિ સંતો ઝુલાવતા હતા. અને તે સમે હરિજન પુષ્પના હાર લાવીને મહારાજને પહેરાવે, તેને મહારાજ બાર દરવાજે થઈને કેટલાક હાર છડીએ કરીને લે છે, ને કેટલાક હાર તો ચરણારવિંદથી લે છે, ને ચારેકોરથી હરિજનને દર્શન આપે છે.

પછી સંતમંડળ હોરીનાં પદ બોલવા લાગ્યાં. એ ટાણાની શોભા હું મુખે કરીને તમને શું કહું ! પછી મહારાજે મુગટ ઉતારીને સોનેરી પાઘ મસ્તક ઉપર ધારણ કરી. પછી રાત અરધી ગઈ ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને બાવળ ઉપર નોબત ગડગડી ને સભા ઊઠી ને મહારાજ પોઢ્યા.

❊ વડતાલ આંબલે રંગોત્સવ :

પછી સવારે જાગ્યા ને દાતણ કરીને શ્વેત વસ્ત્ર પહેર્યાં. હાથમાં સોનાનાં કડાં ધારણ કર્યાં છે, ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને વાજાં વાગી રહ્યાં છે; એવી રીતે આંબલે ઓટા ઉપર આવીને બિરાજમાન થયા. અને રંગનાં રંગાડાં ભરીને ઓટા ઉપર મેલ્યાં અને રંગના હોજ ભરાવ્યા ને ગુલાલની ગાંસડીઓ બાંધી ને ઓટા ઉપર મેલી. પછી રમવાની છૂટ થઈ ને મહારાજે હાથમાં સોનાની પિચકારી લીધી. અને કાઠી ને પાળા તે મહારાજની કોરે અને સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે એક કોરે. અને પછી જે સામસામી પિચકારીઓ ચાલવા લાગી, તે જાણે જેમ અષાઢ મહિનાનો મેઘ વરસતો હોય તેમ જળની ધારાઓ છૂટી રહી હતી ! અને કંતરાણના બે કોશ કરાવીને જોડાવી દીધા ને તેમનું જળ ગંગા-જમના નામે જે બે હોજ તેમાં આવે. અને સાધુની પિચકારીઓ બહુ લાગવા માંડી. ત્યારે કાઠીઓની પાસે જે રોજી ઢાલો હતી, તે આડી ધરતા હતા. ને ઝુઝારુંનાં(લડાઈનાં) વાજાં વાગી રહ્યાં

છે, અને મહારાજ રૂમાલમાં ગુલાલ ભરીને સંત ઉપર અને હરિજન ઉપર નાંખતા જાય છે, અને જયજયકાર શબ્દ થઈ રહ્યો છે. તે સમે અક્ષરધામના મુક્ત આવ્યા ને ચંદન-પુષ્પની વૃષ્ટિ કરવા લગ્યા. પછી જ્યારે બપોર નમ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે રમત રાખો, જમ્યાને વાર(મોડું) થાય છે."

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને સ્નાન કરીને વસ્ત્ર પહેરીને મહારાજ થાળ જમ્યા. અને સર્વે સંત **ધનાતળાવ**માં નાહીને આવ્યા ને પંક્તિ થઈ ત્યારે મહારાજ પલવટ વાળીને પીરસવા પધાર્યા. ને જ્યાં હમણાં ધર્મશાળા છે, ત્યાં પંક્તિ થઈ ને સુંદર પીતાંબરની પલવટ શોભી રહી છે ને મનુવાર કરતા જાય છે ને પીરસતા જાય છે. એમ પંક્તિમાં પાંચ વાર ફર્યા ને પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. ને હરિજને પૂજા કરી ને ભારે ભારે સુવર્ણમય પોશાક પહેરાવ્યો. ને કડાં, વેઢ, વીંટી, ઊતરીઓ પહેરાવી. ને પુષ્પના હાર પહેરાવ્યા. ને ચંદનની અરચા કરીને કુમકુમનો ચાંદલો કર્યો.

પછી ઘોડીએ અસવાર થયા ને વાજાં વાગી રહ્યાં છે, ને આગળ પાળા બંદૂકના અવાજ કરી રહ્યા છે; એવી રીતે આંબલે પધાર્યા. ને નોબત થઈ તેને સાંભળીને બાઈભાઈ સર્વે હરિજન દર્શને આવ્યા. પછી મહારાજની આરતી ઉતારી. પછી સોનેરી પાઘ ઉતારીને મુગટ ધારણ કર્યો, તેને જોઈને કેટલાંક મનુષ્યને સમાધિ થઈ. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી રેણકી છંદ બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે સમૈયા થઈ રહ્યા, તે સર્વે હરિજન ચાલી નીકળજો અને પરમહંસ પણ સર્વે મંડળ બાંધીને જ્યાં જેને આજ્ઞા કરે ત્યાં જાજો. અને અમે જ્યારે તેડાવીએ ત્યારે આવજો ને લ્યો મળીએ." પછી સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તેને મહારાજ મળ્યા. અને સર્વે

હરિજન મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા ને તે દિવસ નોબત ન થઈ ને ઉતારે આવીને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી ચાર ઘડી કેડે જાગ્યા ને તૈયાર થઈને ચાલ્યા, તે થોડાક સંતોને દર્શન થયાં ને બીજાને ન થયાં.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'સોરઠ, હાલાર, પંચાળ, કાઠિયાવાડ, ભાલ, ગુર્જર દેશાટન તથા વડતાલે ફૂલડોલ કર્યો,' એ નામે અઠ્ઠાવીસમો વિશ્રામ ॥૨૮॥

વિશ્રામ - ૨૯

વડતાલથી ગઢપુર તથા જેતલપુરની લીલાનું વર્ણન

પછી મહારાજ ત્યાંથી ગામ **સીંજીવાડે** પધાર્યા ને **જગરૂપ બારોટ** તથા **પટેલ ગિરધરભાઈ** આદિ જે હરિજન તેમણે રૂડી રીતે સામૈયું કર્યું. મહારાજ જગરૂપના ફળીમાં જઈને ઊતર્યા ને સભા કરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે જમ્યા ને સર્વે સખાને જમાડ્યા. અને સર્વે સંઘ બહાર ઊતર્યા અને તે સંઘમાં કાંઈ જોઈતું કરતું જગરૂપભાઈએ અપાવ્યું. પછી મહારાજ પોઢ્યા ને સવારે જાગીને ચાલ્યા તે **ગલિયાણા** આવીને ઊતર્યા. ત્યાં **કરણોભાઈ** સામાન લાવ્યા, તે રસોઈ કરાવીને મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **નાનીબોરુ**એ આવ્યા ને **હીરા સોની**એ રૂડી રીતે સામૈયું કર્યું. મહારાજ ગામથી બહાર તળાવથી આથમણી કોરે ઊતર્યા ને રસોઈનો સામાન લાવ્યા, તે રસોઈ થઈ ને મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા.

પછી ત્યાંથી સાબદા થઈને ચાલ્યા તે ગામ **કમિયાળે** પધાર્યા. ને

જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં જઈને બિરાજ્યા. ને હરિભક્ત ખડ જોગાણ લાવ્યા. ને મહારાજ સભા કરીને બિરાજ્યા. પછી થાળ જમ્યા અને પોઢ્યા. પછી જાગીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **પચ્છમ**ના હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **અણિયાળી** આવીને રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સુંદરિયાણા**ના હરિભક્તને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **બગડ**ના હરિભક્તને દરબારમાં દર્શન દેવા પધાર્યા. ત્યાં તાણ કરી પણ ન રહ્યા ને ગામ **સારંગપુર** પધાર્યા. ત્યાં હરિભક્તે સામૈયું કર્યું ને વાજાં વાગી રહ્યાં છે, આગળ રાવળ રવાજ ને કાંસિયાં વગાડીને ગાતા જાય; એવી રીતે આવીને **જીવા ખાચર**ના દરબારમાં બિરાજમાન થયા. અને સર્વે સંઘ બહાર ઊતર્યો. પછી થાળ થયો તે મહારાજ જમ્યા ને પછી પોઢ્યા.

પછી જાગીને ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપળિયા** આવ્યા અને **વેલા પટેલ**ને ઘેર જઈને કાઠીઓને છાસ પાઈ. પછી ત્યાંથી ચાલ્યા તે **ગઢડે** પધાર્યા ને સામૈયું આવ્યું તે ગાજતે વાજતે દાદા ખાચરના દરબારમાં પધાર્યા. અને વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન થયા. અને સંઘમાં પણ જોઈતું કરતું અપાવ્યું. પછી મહારાજ થાળ જમ્યા ને અક્ષરઓરડીએ જઈને પોઢ્યા.

❊ સ્વરૂપાનંદસ્વામીનો તાવ મટાડ્યો ને અક્ષરઓરડી નામ પડ્યું :

હવે એ અક્ષરઓરડી એમ નામ કેમ પાડ્યું ? તો સ્વરૂપાનંદસ્વામીને અક્ષરબ્રહ્મની ધારણા થતી, તોપણ શરીરમાં આવ્યા ને કસર થઈ ત્યારે વેદના થવા માંડી. ત્યારે મહારાજે કહ્યું જે, “એ તમારી ધારણા રહેવા દ્યો ને જ્યાં અમે રહીએ છીએ તે ઓરડી ને જાંબુડો, તે જગ્યાનું ધ્યાન કરો.” પછી સ્વરૂપાનંદસ્વામીએ જ્યારે એવી રીતે ધ્યાન કર્યું, ત્યારે જે શરીરમાં વેદના થતી હતી, તે સર્વે નાશ પામી અને મહારાજની મૂર્તિ પણ અખંડ દેખાવા માંડી ને અતિશય સુખી થયા. અને વળી મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે જે, **“જ્યાં પ્રત્યક્ષ ભગવાન આવીને બિરાજ્યા**

હોય તે અક્ષરધામ છે. અને ભગવાનના સંબંધે કરીને જે જે ક્રિયા કરે છે, તે સર્વે નિર્ગુણ થાય છે. જેમ શ્રીકૃષ્ણ હતા તે અર્જુનને ભૂમાપુરુષ પાસે લઈ ગયા ત્યારે લાકડાનો રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડા તે સર્વે સામગ્રી નિર્ગુણ થઈ, તેમ અહીંયાં પણ તે જ રીતે મહારાજે દેખાડ્યું, તેથી **'અક્ષરઓરડી'** નામ પડ્યું." મહારાજ ગઢડાના હરિભક્તને આનંદ ઉપજાવતા થકા અને દર્શન દેતા થકા ત્યાં બે માસ સુધી રહ્યા. પછી કાઠીના અસવાર તેડાવ્યા ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **બળોલ** આવ્યા. ત્યાં મહારાજ થાળ જમ્યા ને સર્વ સખાને જમાડ્યા ને પછી મહારાજ પોઢ્યા. પછી જાગીને કહ્યું જે, "થાઓ સાબદા." પછી સર્વે સાબદા થઈને ચાલ્યા તે ગામ **જવારજ** આવ્યા. ત્યાં **આધારભક્ત**ની ફળીમાં ઊતર્યા ને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા ને સર્વને જમાડ્યા.

❊ જેતલપુરમાં શ્રીહરિની લીલા :

પછી ત્યાંથી ચાલ્યા તે **ધોળકા** પધાર્યા ને **રેવાશંકર** આદિ હરિજને સામૈયું કર્યું ને **નાગેસર**માં જઈને ઊતર્યા. અને આપણું મંદિર છે તે પાસે બ્રાહ્મણનું ઘર છે, ત્યાં મહારાજ જમવા પધાર્યા. પછી સર્વે સખાને જમાડ્યા ને મહારાજ પોઢ્યા. પછી જ્યારે રાત પહોરેક રહી ત્યારે ચાલ્યા, તે ગામ **મહિજડે** આવ્યા. ત્યાં ઘડીક ઊભા રહ્યા ને જે ત્યાંથી ચાલ્યા, તે ગામ **જેતલપુર** પધાર્યા. ખબર થઈ ત્યારે સર્વે સંત ને હરિજન તેમણે સામૈયું કર્યું. જ્યારે મહારાજનાં દર્શન થયાં ત્યારે જેમ દંડ પડે તેમ સર્વેએ દંડવત કર્યાં. અને બોરસલીના ફૂલના હાર ને ગુચ્છ તથા ગુલાબ ને મોગરાના પુષ્પના હાર તે મહારાજને પહેરાવ્યા. પાઘમાં સુંદર તોરા ધારણ કરાવ્યા. અને ત્રાંસાં, ઢોલ અને શરણાઈઓ આદિક વાજાં વાગી રહ્યાં છે, તેવી રીતે ગાજતે વાજતે ગામમાં પધાર્યા. અને જ્યાં હમણાં મંદિર છે ને તે પાસે બેઠક છે, ત્યાં બિરાજમાન થયા. અને એમ બોલ્યા

જે, “જ્યાં જ્યાં સંતમંડળ હોય ત્યાં ત્યાં ખબર કરો.”

પછી ગંગામાએ થાળ કરાવ્યો તે જમવા પધાર્યા. તે મહારાજ જમતા જાય ને વાતો કરતા જાય. પછી જમીને ભાઈરામદાસજીને થાળ આપ્યો અને મહારાજ ચળુ કરીને મુખવાસ લઈને પોઢ્યા. પછી જાગીને સભા કરીને બિરાજમાન થયા. પછી સંત જેમ જેમ આવતા જાય તેમ મહારાજ ખબર પૂછતા જાય. પછી સભાને રજા આપીને મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને ભારે પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થયા ને નાગાજણ રાવળ રવાજ-કાંશિયાં વગાડીને આગળ પ્રભાતિયાં ગાતા જાય જે, *‘આવ સલૂણા શ્યામ તારે વારણે જાઉં રે.’* એવી રીતે ગાજતે વાજતે ગામ બહાર મોહોલમાં પધાર્યા. તે મોહોલને ફરતો વંડો હતો ને ઉગમણી ને આથમણી બે ખડકીઓ હતી. તે ઉગમણી ખડકીએ થઈને મહારાજ આવ્યા અને આસોપાલવથી આથમણી કોરે પાટ નાંખ્યો, તેના ઉપર આવીને બિરાજમાન થયા.

પછી સર્વે સંત આવીને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “રાતે આવ્યા હોય તેને મળીએ.” પછી સર્વે સંતોને મળ્યા અને એમ બોલ્યા જે, “સંતો ! તમે ક્યાં ક્યાં ફર્યા ને સત્સંગ કરાવ્યો ?” ત્યારે સંતો હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! તમારી આજ્ઞાથી વર્તમાન ધરાવ્યાં ને સત્સંગ પણ કરાવ્યો, પણ મતપંથવાળા ઉપાધિ બહુ કરે છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હવે ઝાઝી વાર નથી.” એમ કહીને કહ્યું જે, “બોલો કીર્તન.” ત્યારે સંતો બોલ્યા જે,

હરિગુણ ગાતાં દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ,
શિરને સાટે શ્વાસે ઉચ્છ્વાસે સુંદરવર સંભારીએ.

પછી તે કીર્તન ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને ગંગામાએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા. પછી ઘડીક સભા કરીને બિરાજ્યા. પછી શ્વેત વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ

અસવાર થયા અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ વાગી રહ્યાં છે, એવી રીતે ગામ બહાર પધાર્યા. ને પાણીનો કૂવો છે તેથી ઉગમણી કોરે તળાવમાં નિષ્કુળાનંદસ્વામીએ મંચ નંખાવ્યો હતો, તેના ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને તે સમે સંતોએ પુષ્પના હાર ને તોરા પહેરાવ્યા. પછી ગાવણું કર્યું. પછી આરતી-ધૂન કરીને સંતો પગે લાગીને બેઠા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને સભા કરીને બિરાજ્યા ને પછી પોઢ્યા. સવારે જાગી દાતણ કર્યું ને સ્નાન કર્યું. હરિજને ભારે બુટ્ટાદાર પોશાક પહેરાવ્યો, ને સોનેરી પાઘ માથે બાંધી, ને ભારે સેલું એક કેડે બાંધ્યું ને એક ખભે નાંખ્યું અને ઘોડીએ અસવાર થઈને મોહોલમાં આવીને પાટ ઉપર બિરાજ્યા. પછી સભા ભરાઈને બેઠી. પછી મહારાજ બોલ્યા જે, "આજ જેને પૂજા કરવી હોય તે કરો, કાલે હું નહિ કરવા આપું." ત્યારે મોટા સંત બોલ્યા જે, "સંતો ઊઠો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે મોટા પ્રથમ ઊઠો."

❊ સંતોને કીંમતી હારથી પૂજા કરવાની મનાઈ કરી :

પછી મોટા મોટા સંત પૂજા કરવા આવ્યા. તે ચણોઠીના હાર તથા રતાંજળીના(રાતા સુખડના) હાર તથા કપૂરના હાર તથા મોતીના હાર તે લાવીને મહારાજને પહેરાવ્યા. અને મહારાજ પણ લઈ લઈને પાટ ઉપર મેલતા જાય. પછી સર્વે લાવી રહ્યા ત્યારે લઈને દક્ષણાદી કોરે ફગાવી નાંખ્યા ને બોલ્યા જે, "આજથી કોઈ પણ ચણોઠી, રતાંજળી ને કપૂરના હાર તથા સોપારીના બેરખા તે કરશો નહીં, ને મોતીના હાર પણ કરવા નહીં. ને ભોરણિયાના(એ નામની અટકના લૂંટારું) અસવાર ફરે છે. તે તમને લૂંટી નહીં લે ?" એમ કહીને રહ્યા.

પછી આસજીભાઈ તેડવા આવ્યા તેથી મહારાજ ગામમાં પધાર્યા. અને ગંગામાએ થાળ કરાવ્યો ને રૂડી રીતે જમાડ્યા. અને (પ્રસાદાનંદસ્વામી કહે) અમારે તો ગોળાનું પ્રકરણ હતું. પછી સંત જમી રહ્યા ત્યારે

મહારાજ પધાર્યા, તે વસ્ત્ર ઉતારીને તળાવમાં નાવા પધાર્યા. ને સંતમંડળ ને હરિજન સર્વે પાસે બેઠા અને મહારાજ બોલ્યા જે, "નાથભક્ત ને ઉમાભાઈ એ બે જણ પાણીમાં આવો ને કીર્તન બોલો." ત્યારે કીર્તન ઉપાડ્યાં જે, *"રંગડો ને લાગ્યો રે મારા રાજ."* એ જ્યારે ગાઈ રહ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી, તમે આવી ગરબીઓ કરો." એમ કહીને બહાર નીકળ્યા ને વસ્ત્ર પહેર્યાં ને સંતહરિજન સર્વે નાહ્યા.

⁕ સંતોએ મહારાજના પોશાક માટે ઉપદેશ ન કરવો :

પછી મંચ ઉપર બિરાજ્યા. પછી સભા થઈ ને પુષ્પના હાર હરિજને પહેરાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, **"કોઈ સંતને આનંદસ્વામી વિના હરિભક્તને એવો ઉપદેશ કરવો નહીં જે, મહારાજને સારુ પોશાક કરો. એમ તમને કોઈને અમારી આજ્ઞા નથી."** ત્યારે સંતમંડળ બોલ્યા જે, "સારું મહારાજ." પછી મહારાજ બોલ્યા જે, "હવે કીર્તન બોલો." પછી કીર્તન બોલ્યા જે,

સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે,
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે.

એ બોલી રહ્યા પછી આરતી-ધૂન કરી ને નમસ્કાર કરીને મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને દાતણ કરી સ્નાન કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને મોહોલમાં પધાર્યા ને પાટ ઉપર બિરાજ્યા. તે સમે **મંગો માળી** પુષ્પના હાર લાવ્યો ને મહારાજને પહેરાવવા સારુ એક એક હાર સંતને આપ્યો. ત્યારે સંતે લઈને મહારાજને પહેરાવ્યા. અને તે સમે **શંકરાનંદસ્વામી**એ આંકડાના પુષ્પનો હાર કરીને મહારાજને પહેરાવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતોએ તો આવી રીતે પૂજા કરવી. કેમ જે, આ પુષ્પનો કોઈ ધણી હોય નહીં."

⁕ મુક્તમુનિ આદિ ચાર કવિનાં કીર્તન ગાવાની આજ્ઞા :

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! હમણાં તો નવા

નવા કવિ થયા છે." ત્યારે મહારાજ કહે, "તેમનાં કીર્તન બોલો." પછી તે નવા કવિ બોલ્યા પણ તેમનું કાવ્ય બરોબર નહોતું. તેથી મહારાજે કહ્યું જે, "તમારે કીર્તન કરવાં નહીં." ત્યારે તેમણે કહ્યું જે, "અમે શું ગાઈએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાર કવિનાં કીર્તન ગાઓ અને તેમનાં કીર્તન ગાઈ રહો ને શીખી રહો, ત્યારે તમે અમને કહેજો જે, હે મહારાજ ! અમે શું ગાઈએ ? ત્યારે હું તમને આજ્ઞા કરીશ." અને તે ચાર કવિમાં એક તો **મુક્તાનંદસ્વામી,** બીજા **બ્રહ્માનંદસ્વામી,** ત્રીજા **પ્રેમાનંદસ્વામી** અને ચોથા **નિષ્કુળાનંદસ્વામી** એ ચાર કવિનાં કીર્તન ગાવાની સર્વે સંત અને હરિભક્તને આજ્ઞા કરી.

પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને સભા કરીને બિરાજ્યા. પછી ગામોગામના હરિજન પૂજા કરવા આવ્યા. તે કોઈક તો ભારે પોશાક લાવ્યા અને કડાં, વેઢ, વીંટી, ઊતરી ને પુષ્પના હાર પહેરાવ્યા ને પુષ્પના તોરા ધરાવ્યા. પછી ઘોડીએ અસવાર થયા ને નેકી પોકારે છે, ને ત્રાંસાં ને શરણાઈ વાગી રહ્યાં છે, ને મંચ ઉપર આવીને બિરાજમાન થયા ને જયજયકાર થઈ રહ્યો. તે સમે આનંદસ્વામીએ આરતી ઉતારી ને ભારે પોશાક પહેરાવ્યો. પછી મહારાજ બોલ્યા જે, "**ગામડી**એ જાવું છે, તેથી સૌ ચાલજો." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને આરતી-ધૂન કરી રહ્યા ને સર્વે પગે લાગીને બેઠા. પછી મહારાજે વાત કરી અને તેના ઉપર મુક્તાનંદસ્વામીએ કીર્તન કર્યાં જે,

મારો મત કહું તે સાંભળો વ્રજવાસીજી,
તજો સાધનનો ઉર આમળો વ્રજવાસીજી.

એ કીર્તનમાં જે ભાવ છે, તે વાત કરીને થાળ જમ્યા. પછી પોઢ્યા. સવારે જાગીને દાતણ કરીને સ્નાન કરીને વસ્ત્ર પહેરી રહ્યા, ત્યાં તો પ્રેમી હરિજન થાળ લઈને આવ્યા. તે થાળ જમીને મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. ને ગામનું સામૈયું આવીને ગામના સીમાડે ઊભું હતું. તે મહારાજને દેખીને સર્વે દોડ્યા ને મહારાજને પગે લાગ્યા. ત્યારે

મહારાજ કહે, "ચાલો, તડકો થાય છે."

પછી મહારાજ વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને ચોરે સભા કરીને બિરાજ્યા. પછી રસોઈ તૈયાર થઈ તે સંતમંડળને પીરસવા પધાર્યા ને પાંચ-છ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ગંગામાએ થાળ કરાવ્યો તે જમવા પધાર્યા. પછી જમીને ચાલ્યા તે ગામ **ચોહર(ચોસર)** ગયા. ને લીંબડે હિંડોળો બાંધ્યો તેના ઉપર બિરાજ્યા. ને સંતમંડળ ચારેકોરે બેઠાં છે. ગામના હરિજન પૂજા લાવ્યા, તેને આનંદસ્વામી પાસે રહીને કરાવતા હતા.

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે **જેતલપુર** પધાર્યા ને મોહોલમાં આસોપાલવ હેઠે બિરાજ્યા. તે સમે સંતે પુષ્પના હાર પહેરાવ્યા. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "ઝીલણિયાં કીર્તન બોલો." ત્યારે સંત બોલ્યા જે, *'સાંભળ વાત કહું એક છાની, શ્યામ સુંદર વર નંદલાલાની.'* એ ગાઈ રહ્યા ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને ઉતારે પધાર્યા.

❊ આનંદસ્વામીએ શ્રીહરિની પૂજા કરી :

સુરતથી આનંદસ્વામી પૂજાનો સામાન લાવ્યા હતા. તે ઓરસિયા મંગાવીને જે કેસર-અત્તર નાંખીને ચંદન ઉતારવા માંડ્યા, તે ત્રણ ડબ્બા ભર્યા. અને નિષ્કુળાનંદસ્વામીએ અસલાલીને માર્ગે તળાવ ઉપર વડે હિંડોળો શણગારીને બાંધ્યો. અને મહારાજ પણ ભારે સુવર્ણમય વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ અસવાર થઈને પધાર્યા. અને વાજાં વાગી રહ્યાં છે, ને હિંડોળે આવીને આથમણે મુખારવિંદે બિરાજ્યા. અને સંતમંડળ તે સર્વે ઉગમણે મોઢે બેઠા ને ભાઈરામદાસજી મહારાજને ઝુલાવે છે. તે સમે છ-સાત સંત ચંદન લઈને આવ્યા. ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તે પાસે મહારાજની પૂજા

કરાવવી છે.”

પછી મહારાજે વસ્ત્ર ઉતાર્યાં ને એક ખેસ પહેરી રાખ્યો. પછી પ્રથમ ભાઈરામદાસજી પૂજા કરવા લાગ્યા. તે પ્રથમના ડબ્બાનું જે ચંદન તે મસ્તક ઉપર ચઢાવ્યું ને બીજા ડબ્બાનું ચંદન તે શરીરે ચઢાવ્યું ને ત્રીજા ડબ્બાનું ચંદન તે સાથળથી હેઠે ચરણકમળ લગી ચઢાવ્યું; એવી રીતે ભાઈરામદાસજીએ મહારાજની પૂજા કરી. પછી સર્વે સંત એક બીજા કેડે પૂજા કરવા માંડ્યા. અને બે સંત મહારાજને પડખે ઊભા રહે. તે એક સંત નિરાંતે પૂજા કરી રહે ત્યારે બીજા સંતને આવવા દે અને પૂજા કરીને સાકરનો એક ગાંગડો મહારાજના મુખમાં આપતા જાય. તેવી રીતે સર્વે સંત પૂજા કરી રહ્યા.

પછી **ગંગારામ** મલ્લે ખંભી[1] કરીને નમસ્કાર કર્યો ને લાલ ટોપી પહેરાવી. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને મુક્તાનંદસ્વામીએ તાળી વગાડીને કીર્તન ઉપાડ્યાં જે, *“આજની ઘડી રે ધન્ય આજની ઘડી...”*

પછી મહારાજ ગામમાં પધાર્યા ને સ્નાન કરીને વસ્ત્ર પહેરીને થાળ જમ્યા. અને ઘોડીએ અસવાર થઈને મોહોલમાં પધાર્યા ને આસોપાલવ હેઠે પાટ ઉપર બિરાજ્યા. પછી સંતની પંક્તિ થઈ તે પલવટ વાળીને પીરસવા માંડ્યું. તે ચંચળ મૂર્તિ શોભે છે, ને તાણ કરીને શીરો પીરસતા જાય. એવી રીતે પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ચાલ્યા, તે મંચ ઉપર જઈને બિરાજ્યા. સંતો પણ જમી આવી બેઠા ને માળીએ પુષ્પના હાર પહેરાવ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “જેને આજ્ઞા કરે તે દેશ પ્રત્યે ચાલી નીકળજો ને અમે તેડાવીએ ત્યારે તમે આવજો.” એમ કહીને મૌન રહ્યા. ને સર્વે સભા તો ઉદાસ થઈ ગઈ ને મહારાજ કહે, “આરતી-ધૂન બોલો.” ત્યારે મંદ સ્વરે બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ નમસ્કાર

૧.ખંભી - જમીન ઉપર હાથ રાખી તેના ઉપર શરીરનું વજન રાખી બેસવું તે

કરીને ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને સંતો ઉતારે આવ્યા. પછી મંડળ બાંધીને જે જે દેશ પ્રત્યે આજ્ઞા કરી ત્યાં જવાને તૈયાર થયા, પણ સંતોને નિદ્રા ન આવે જે, 'હમણાં મહારાજ અહીંયાંથી નીકળશે !'

પછી મહારાજ ચાલ્યા તે **ખેડા** ગયા ને હરિજનને દર્શન દઈને ગામ **ડભાણ** પધાર્યા. જે સંતોને વડોદરાની કોરે આજ્ઞા કરી હતી, તે જ્યારે ખેડા આવ્યા ત્યારે હરિજન કહે, "મહારાજ તો કાંપમાં(લશ્કરી કેમ્પમાં) થઈને ડભાણ ગયા." ત્યારે સંત ચાલ્યા. તે મહારાજ ગામને પાદર વડ હતો એને હેઠે ઢોલિયો ત્યાં બિરાજે છે, ને સંત હમણાં છત્રી છે તે ઠેકાણે જે જગ્યા, ત્યાં જઈને ઊતર્યા. ને પુછાવ્યું જે, "અમને આ દેશમાં ફરવાની આજ્ઞા કરી છે. જો તમારી આજ્ઞા હોય તો આવીએ." ત્યારે મહારાજ કહે, 'આવો.' પછી મહારાજના ચરણારવિંદનો સ્પર્શ કરીને બેઠા.

ત્યારે મહારાજે પૂછ્યું જે, "ભિક્ષા કરી છે ?" ત્યારે સંતો બોલ્યા જે, "ના મહારાજ." ત્યારે મહારાજ બોલ્યા જે, "(હરિભક્તો) જાઓ, જેના ઘરમાં જે અન્ન હોય તે લઈ આવો." ત્યાં તો સુરતની જગ્યાનું ટાંકું બંધાવવા સારુ આનંદસ્વામી જાતા હતા, તે પણ ત્યાં આવ્યા. પછી મહારાજે કેરી જમી જમીને સંતોને આપી. પછી સંતો જમીને આવ્યા. ત્યારે મહારાજ કહે, "ચાલો **બામણોલી**." તે ચાલ્યા ને **તખાપગી**ને ઘેર જઈને ઊતર્યા. ને (પ્રસાદાનંદસ્વામી કહે) અમે તો જ્યાં હમણાં ઓટો ને રાણ છે, ત્યાં જઈને સૂતા. પછી આનંદસ્વામીએ રસોઈ કરાવી, તે મહારાજ થાળ જમ્યા ને સર્વ કાઠી-પાળાને જમાડ્યા. ત્યાં રાત રહીને મહારાજ **મહુડીએપરે** પધાર્યા ને સંતે રસોઈ કરી ત્યારે મહારાજ જમ્યા ને સર્વેને જમાડ્યા.

❋ વડતાલમાં ભોળાનંદસ્વામીને સોનેરી પાઘ પહેરાવી :

પછી મહારાજ **વડતાલ જોબનપગી**ની મેડીએ આવીને બિરાજ્યા. પછી અમારી ધર્મશાળામાં જ્યાં આચારી(ચુસ્ત આચરણવાળા) ઊતરતા,

તે કંથારના(એ નામના ઝાડના) છાંયે પાટ ઉપર આવીને મહારાજ બિરાજ્યા. ત્યારે સંતો સર્વે આવીને બેઠા. ત્યારે ગામ નંદાસણના **ભોળાનંદસ્વામી** હતા, તેના ઉપર મહારાજે સોનેરી પાઘ મેલી ને રેંટો ઓઢાડ્યો. ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "કોઈક કોળી દેખશે તો રાતમાં ગોદડીના ગાભા લઈ જશે !" ત્યારે તેમણે પાઘ પાછી આપી ને રેંટો પણ મહારાજને પાછો આપ્યો.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ઉતારે પધાર્યા. પછી રાત અર્ધીકના ચાલ્યા, તે **બુધેજ** જઈને જમ્યા ને ચાલ્યા તે ગામ **પચ્છમ** જઈને **પટેલ દેવજી**ના ફળીમાં જઈને ઊતર્યા. ત્યાં **ઓધવજી**ને ઘેર થાળ જમ્યા ને સભા કરીને બિરાજ્યા. પછી સંતો (કચ્છી ભાષાનું) કીર્તન બોલ્યા જે, *'એ જી મૂકે માયા લાગી રે લોરે ભેલું, મુજે વાલીડેને મોકે હલણે ન દીદી, ઝલી લિંદી, એ જી મુજો નેડો નિ લગો કાનસે.'* પછી મહારાજ ચાર ઘડી પોઢીને સાબદા થઈને ચાલ્યા, તે ગામ **સુંદરિયાણા** આવ્યા. **ડોસા ખાચર**ના દરબારમાં જઈને ઊતર્યા અને **હેમરાજ શેઠ**ને ઘેર થાળ જમવા પધાર્યા. પછી જમીને સર્વને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **સારંગપુર** પધાર્યા. **રાઠોડ ધાધલે** તાણ કરી તેથી તેને ઘેર મહારાજ ગયા ને થાળ કરાવીને જમ્યા ને પહોર વાર પોઢ્યા.

પછી સાબદા થઈને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. અને સામૈયું આવ્યું તે વાજતે ગાજતે દરબારમાં પધાર્યા ને ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજ્યા. અને ગુજરાતના હરિભક્તની વાતો કરતા જાય જે, "આવા પ્રેમી હરિજન હતા. તે જ્યાં જઈએ ત્યાં અચાનકના ચાલીએ ત્યારે ચાલવા દે." એમ વાત કરી ને પછી થાળ થયો, તે જમીને અક્ષરઓરડીમાં જઈને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'જેતલપુર લીલાવર્ણન' એ નામે ઓગણત્રીસમો વિશ્રામ ॥૨૯॥

વિશ્રામ - ૩૦

ગઢપુરથી વડતાલ દિવાળી-ઉત્સવ કરી પાછા ગઢપુર

❊ કરિયાણામાં દાદા ખાચર પર શ્રીહરિનો રાજીપો :

પછી મહારાજ જાગ્યા અને શ્રીમદ્‌ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. એવી રીતે ચાર મહિના ત્યાં (ગઢડા) રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કરિયાણે** પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "**ભોજાભાઈ**, આ ઘોડી તમે અમને આપશો ?" ત્યારે તે કહે, "હા મહારાજ." પછી વળી મહારાજ ઘડીક કેડે બોલ્યા જે, "**કાળા મકવાણા,** તમે આ ઢાલ ને તલવાર અમને આપશો ?" ત્યારે તે કહે, "હા મહારાજ."

પછી તેને બીજે દહાડે દાદા ખાચર ગામ ગોખલાણે રહેતા, ત્યાં તેમણે કહ્યું જે, "હું મહારાજ પાસે (દર્શને) જાઉં ?" ત્યારે સુરબાઈ બોલ્યાં જે, "ભણે જા." ત્યારે ઘોડીએ ચઢીને ગયા. ત્યારે મહારાજ ભારે પોશાક પહેરીને ત્યારે સભા કરીને બેઠા હતા, તે સમે દાદા ખાચર આવ્યા ને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે રૂડી રીતે બોલાવ્યા. પછી મહારાજે ભારે(કીંમતી) રેંટો મસ્તકે બાંધ્યો, હતો તે દાદા ખાચરને આપ્યો ને સુવર્ણમય પોશાક આપ્યો. અને ચારણ ભોજાભાઈવાળી ઘોડી આપી અને ઢાલ ને તલવાર પણ આપ્યાં. અને ભોજાભાઈને કહ્યું જે, "દાદા ખાચરવાળી ઘોડી તે તમને આપી." પછી મહારાજ બોલ્યા જે, "દાદા ખાચર, તમે તમારા ગામમાં જઈને રહો."

પછી મહારાજ જમ્યા ને તે થાળ દાદા ખાચરને આપ્યો. પછી બીજે દિવસ દાદા ખાચર ઘોડીએ પલાણ મંડાવીને ઢાલ, તલવાર ને ભારે પોશાક પહેરીને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે બે પાળા ભેળા આપ્યા. અને તે તો ઘોડીએ ચડ્યા ને ભારે પોશાક, રોઝી ઢાલ ને સોનાની મૂઠવાળી તલવાર, તે જ્યારે **ગોખલાણે** ગયા ત્યારે આખું

ગામ તે સામાન જોઈને આશ્ચર્ય પામ્યું. ને (દાદા ખાચર) એમ બોલ્યા જે, “મહારાજે કહ્યું છે જે, ‘તમે તમારા ગામમાં જઈને રહેજો.” ત્યારે ગાડું જોડાવીને ગામ રળિયાણે આવ્યા.

☼ નાગડકામાં સુરા ખાચરને વહેવારે સુખી કરી ગઢડા પધાર્યા :

પછી મહારાજ **કરિયાણાથી** ચાલ્યા, તે ગામ **સખપર** થઈને ફરતાં ફરતાં **નાગડકે** પધાર્યા. ગઢડાના હરિજન ત્યાં મહારાજ પાસે આવ્યા. મહારાજ **સુરા ખાચરના** દરબારમાં લીંબડા હેઠે ઓટા ઉપર બેસતા ને પ્રાગજી દવે પાસે ભાગવતની કથા કરાવતા. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે સંબંધી ભગવત્‌વાર્તા કરતા જાય ને સંસારને ખોટો કરાવતા જાય. ત્યારે હરિભક્ત બોલ્યા જે, **“સંસારનો ત્યાગ કરીએ, પણ જ્યાં તમે ત્યાં અમે અને જ્યાં અમે ત્યાં તમે; એમ અમે તમારી પાસે માગીએ છીએ.”** ત્યારે મહારાજ કહે, “તમે સંસારનો ત્યાગ કરીને રહેશો, તો તમારી પાસે રહીશું.” એવી રીતે ભગવાન ભક્તને વશ છે, તે વાત શાસ્ત્રમાં તો ઘણે ઠેકાણે સાંભળીએ છીએ, પણ આ તો નજરની દેખેલી છે કે ભક્તને વશ થઈને મહારાજ ત્યાં બિરાજ્યા.

એક દિવસ સુરા ખાચર દૂધ ને રોટલો જમતા હતા. તે જમતા જાય ને કોઈક છોકરા સાથે વાત કરતા જાય. ત્યારે મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, “સુરા ખાચર કોની સાથે વાતો કરે છે ?” ત્યારે તેમણે કહ્યું જે, ‘કોઈક છોકરા સાથે.” પછી સુરા ખાચર આવ્યા, ત્યારે મહારાજે પૂછ્યું જે, “તમે કોઈક છોકરા સાથે શી વાત કરતા હતા ?” ત્યારે સુરા ખાચર બોલ્યા જે, “ભણે મહારાજ, બે દહાડે રોટલો મળ્યો તેમાં ભાગ પડાવવા આદો(આવ્યો હતો.)” ત્યારે મહારાજ બોલ્યા જે, “ઘરમાં દાણા નથી કે શું ?” ત્યારે કહે, “ના મહારાજ.”

પછી મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, “તમારે દાણા છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “ગામ રળિયાણાનો વજે(પાકેલા અનાજનો મહેસૂલ

પેટેનો ભાગ) આવ્યો છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે પાંચ કળશી દાણા ઉછીના આપશો ?" ત્યારે તેમણે કહ્યું જે, "સારું મહારાજ, ગાડાં મોકલશે તો આપીશું." ત્યારે મહારાજે કહ્યું જે, "સુરા ખાચર, તમે ગાડાં મોકલાવો. દાદા ખાચર ઉછીના દાણા આપશે." ત્યારે તે કહે, "સારું મહારાજ." પછી ગાડાં મોકલીને દાણા મંગાવ્યા. ને મહારાજ પણ ત્યાં એક માસ પર્યંત બિરાજ્યા. અને ત્યારથી સુરા ખાચરના દરબારમાં સમૃદ્ધિ વધી તે દાણા નાંખવાનો માગ મળતો નહીં. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોટાદ** પધાર્યા ને **સોમલા ખાચર**ના દરબારમાં રાત રહ્યા. સૌ હરિજનને દર્શન દઈને **ગઢડે** પધાર્યા.

❊ દિવાળી-ઉત્સવ કરવા ગઢડાથી વિચરણ કરતા વડતાલ પધાર્યા :

મહારાજ બીજે ઠેકાણે સમૈયો કરવા પધારે, પણ નિવાસ કરીને તો દાદા ખાચરના દરબારમાં ભક્તજનને વશ થઈને રહેતા હતા. પછી દિવાળીનો સમૈયો વડતાલ કરવા નિરધાર્યો, તેની કંકોતરી દેશદેશ પ્રત્યે મોકલાવી. પછી મહારાજ **ગઢડે**થી ચાલ્યા તે કાઠીના અસવાર ભેળા લીધા ને ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **પચ્છમ** આવ્યા. ત્યાં રાત રહ્યા ને **હરિભાઈ વિપ્ર**ને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **બુધેજ** આવ્યા.

અને સંતો દેશમાં ફરતા હતા, ત્યાં તેમને મહારાજનાં દર્શન જુદી જુદી રીતે થયાં. તેમાં કોઈક સંતે તો એવા દેખ્યા જે, **'હું મહારાજની પૂજા કરું છું,' ને કોઈક જાણે 'હું હાર પહેરાવું છું,' ને કોઈક જાણે જે, 'હું મહારાજને મળું(ભેટું) છું.'** એવી રીતે દર્શન થયાં. તેથી સર્વે સંત તેડાવ્યા વિના **વડતાલ** આવ્યા. ત્યારે ભાઈરામદાસજી બોલ્યા જે, "તમે સર્વે તેડાવ્યા વિના કેમ આવ્યા ?" ત્યારે સર્વે સંત હાથ જોડીને બોલ્યા જે, "અમને આવી રીતે મહારાજે દર્શન દીધાં ત્યારે અમે આવ્યા." ત્યારે ભાઈસ્વામી કહે, "ગામોગામ જઈને ટૂકડા માંગીને જમી આવો ને

રહો.” પછી તે સંતો જુદા જુદા ફરે ને સવારો સવાર લગી કીર્તન ગાય.

મહારાજ **બુધેજ**માં પોઢ્યા હતા, તે તરત ઊઠ્યા ને એમ બોલ્યા જે, “ઘોડે કાઠાં માંડો.” ત્યારે કાઠી બોલ્યા જે, “ઘોડા થાક્યા છે, તેથી સવારે ચાલશું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “થાક્યા હોય તો રહેવા દ્યો, પણ **અમને તો સંતો વૃત્તિએ કરીને તાણે છે, તે નહિ સૂવા દે.**” પછી ત્યાંથી ચાલ્યા તે પાછલી રાતે **વડતાલ** આવ્યા. અને જ્યારે ઘોડાની પડઘી વાગી (ઘોડાના ડાબલાનો અવાજ થયો), તે સાંભળીને સર્વે સંત ને હરિજન તે સામા આવીને દંડવત કર્યા ને મહારાજનાં દર્શન કર્યાં. પછી દીવીઓ કરીને સંતો કીર્તન બોલવા લાગ્યા જે, *‘આજની ઘડી રળિયામણી રે, મારો વ્હાલો પધાર્યા...’* એમ ગાતાં ગાતાં જ્યાં મહારાજ ઊતરતા ત્યાં આવ્યા. મહારાજ ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર જઈને બિરાજ્યા. અને સભા થઈ તેને જોઈને મહારાજે સર્વની ખબર પૂછી. પછી મહારાજ પોઢ્યા.

સવારે જાગ્યા ને બહિર્ભૂમિ જઈ હાથ મટિયાવીને દાતણ કરી સ્નાન કર્યું. હરિજને ભારે વસ્ત્ર પહેરાવ્યાં ને પુષ્પના હાર પહેરાવ્યા. પછી ઘોડીએ અસવાર થયા ને ત્રાંસાં, શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, તેવી રીતે આંબલે આવીને પાટ ઉપર બિરાજ્યા. તે સમે બાવળ ઉપર નોબત થઈ, તેને સાંભળીને હરિભક્ત બાઈભાઈ ઉતારેથી દર્શન કરવા સારુ આવ્યાં. અને દેશદેશના સંઘ આવવા માંડ્યા, તેમને મહારાજ ઘેરે સાદે બોલાવતા જાય ને ઉતારા અપાવતા જાય. પછી ગંગામાએ થાળ કરાવ્યો તે મહારાજ જમવા પધાર્યા ને જમતા જાય ને જલપાન કરતા જાય. પછી બ્રહ્મચારીએ ચળુ કરાવ્યું ને દાંત સાફ કરીને કોગળા કર્યા. પછી રૂમાલે મુખારવિંદ લૂછીને મુખવાસ લીધો. અને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. ઓટાને ફરતો લાકડાનો રંગીત કઠોડો કર્યો હતો. અને ચારેકોરે સંતહરિજનની સભા બેઠેલી.

તે જેમ પૂર્ણમાસીના ચંદ્રમા ફરતા તારામંડળ શોભે તેની પેઠે શોભતા હતા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરવા માંડી. તે મહારાજ તાળી વગાડીને પ્રથમ બોલે, ને સંતહરિજન પછી બોલે. તે સમયે પાળાએ બંદૂકના અવાજ કર્યા. પછી નમસ્કાર કરીને બિરાજ્યા ત્યારે સંતો પગે લાગીને બેઠા.

તે સમયે **ત્રિકમ બ્રાહ્મણે** ઊભા થઈ સિતાર લઈને તુકારામના અભંગ(મરાઠી પદ) બોલવા માંડ્યા. પછી હરિજને બપોરિયાં કર્યાં, જેનો દિવસના જેવો પ્રકાશ થયો હતો. એવી રીતે રાત અડધીક ગઈ ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને નોબત થઈ. પછી વસ્ત્ર ઉતારીને મહારાજ પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને દાતણ કરીને ઉષ્ણ જળે સ્નાન કર્યું. અને ભારે પોશાક પહેરીને ત્યાં જ સભા કરીને બિરાજ્યા. ત્યારે **કલ્યાણાનંદસ્વામી** બોલ્યા જે, "હું તમને રાધાના પતિ તથા લક્ષ્મીના પતિ, એમ કહીને વાત કરું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને કોઈક મારી નાંખશે ને અમને ગાળ્યું દેતા હશે. માટે આજથી સદ્ગુરુને અંગે વાત કરજો." ત્યાં સાખી,

મહારાજ બેઠા માળીએ, તે અધિકારે ઓળખાય;
આંગળીએ તે ચિંધતાં, નર અપરાધી થાય.[1]

અને એક મંડળ ફરવા ગયું, ત્યાં ચોરામાં ઉતાર્યા, ત્યાં પૂતળીઓ હશે તેના ઉપર ખડી(સફેદ માટી) પલાળીને દેવરાવી. તે વાત મહારાજ પાસે કોઈકે કરી. ત્યારે મહારાજ કહે, "વગડા કોના સારુ છે ? માટે દિવસે ગામમાં રહેવું ને રાત્રીએ વગડામાં જવું." પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! પરમહંસને સારુ રસોઈ તૈયાર છે." પછી મહારાજ

૧. અર્થાત્ મહારાજ તો એટલા ઊંચે બેઠેલા છે, કે તે અધિકાર પ્રમાણે ઓળખાઈ જાય છે. અર્થાત્ અધિકારી જીવને આ રાધા-લક્ષ્મીના પતિ છે, એમ જણાઈ આવે છે. પરંતુ આંગળીએ કરીને ચીંધતા એટલે કે ખૂલ્લું આંગળી બતાવીને રાધા-લક્ષ્મીના પતિ તરીકે કહેવાથી તો કહેનારો અપરાધી બને છે.

જમવા પધાર્યા ને પોશાક ઉતારી થાળ જમીને ચળુ કર્યું. મુખવાસ લઈને ચાખડીએ ચડી જ્યાં મંદિર છે, ત્યાં પંક્તિ બેઠી હતી, ત્યાં પલવટ વાળીને પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને મનુવાર કરતા જાય.

પછી પીરસીને જળે કરી હાથ ધોઈને ચાખડીએ ચડી ઉતારે આવ્યા. અને સુરતના હરિભક્તે ભારે પોશાક પહેરાવ્યો ને પૂજા કરીને પુષ્પના હાર પહેરાવ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈ બેઠક ઉપર આવીને બિરાજ્યા. ને હરિજન પૂજાની સામગ્રી લઈ લઈને આવ્યા ને પૂજા કરીને પુષ્પના હાર પહેરાવ્યા. તે સમયે મહારાજની આરતી ઉતારી.

☼ વસોના શિવા ગઢવીને પોશાક આપ્યો :

તે સમયે ગામ **વસો**ના **શિવા ગઢવી** (વડતાલ) આવ્યા ને મહારાજ આગળ રેણકી છંદ બોલ્યા. પછી મહારાજે પોશાક પહેર્યો હતો તે તેમને બોલાવીને ઉતારીને આપ્યો. ત્યારે તે શિવા ગઢવી બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો મારા અંતરની વરતી(ઇચ્છા) પ્રમાણે કર્યું. હું જ્યારે ચાલ્યો ત્યારે કસિયો બોલ્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન હશે તો તને પોશાક આપશે !' ત્યારે મેં કહ્યું, ભગવાન હશે તો પોશાક આપશે. પોશાક ન આપે તો શું ભગવાન નહિ ? એ તો ભગવાન જ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે આ પોશાક પહેરીને કચેરીમાં જાજો." ત્યારે તે ગઢવી કહે, "હવે ગયા વિના કેમ રહીશ !" પછી શિવા ગઢવી ગયા ત્યારે કસિયોભાઈ બોલ્યા જે, "સ્વામિનારાયણ ભગવાન ખરા ! અમે તો ઠેકડી કરતા તે ભૂલ્યા." તે પોશાક વસોના મંદિરમાં છે.

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા, ત્યારે ગવૈયા સંતો સિતાર, સરોદા, દુકડ, મંજીરાં લઈને ગાવા લાગ્યા. ગાઈ રહ્યા ત્યારે મહારાજે ફૂલના હાર પહેરાવ્યા. મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને પોશાક ઉતારી પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરી ને હરિજન પોશાક લાવ્યા તે પહેર્યો. ને ત્યાંથી ચાલ્યા તે તળાવને

કાંઠે ઘડીક સભા કરીને બિરાજ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે આંબલે જઈને પાટ ઉપર બિરાજ્યા. તે સમયે આરતી ઉતારી પછી હરિજન થાળ લાવ્યા તે મહારાજ જમવા પધાર્યા. તે જમીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પાછા પાટ ઉપર આવીને બિરાજ્યા. પછી થોડીક વાર પોઢ્યા. પછી જાગીને પાછા તે ઓટા ઉપર બિરાજમાન થયા ને એમ બોલ્યા જે, "સંતમંડળ ફરીને કીર્તન બોલો." ત્યારે સંતો ફરવા ઊઠ્યા ને કીર્તન ઉપાડ્યાં જે, *'ગોરસ લઈને ગોપીકા ચાલી વેચવા કાજે, આડો બાંધ્યો આવીને વીચમાં વ્રજરાજે.'* પછી એ બોલ્યા જે, *'સખી જોને આ બાળક નાનો રે, એનું નામ કોડીલો કાનો રે. આ બાળક...'* એ પદ ગાયાં.

પછી મહારાજ પાછા આંબલે આવીને પોઢ્યા. સંતો થોડાક મહારાજ પાસે બેઠા હતા. મહારાજે જાગીને તેમને એમ કહ્યું જે, "તમે બેઠા છો, તેમને આવો મળીએ." પછી તે સમયે મહારાજ મળ્યા. ત્યારે ધર્મશાળામાં સંત સૂતા હતા તેમને ખબર થયા, તેથી સર્વે મહારાજને મળવા આવ્યા, પણ મહારાજે તેમને ઊંઘમાંથી ઊઠીને આવ્યા જાણ્યા, તેથી ન મળ્યા. પછી તો કોઈ ઊંઘ આવે તો ત્યાં જ સૂઈ જાય પણ ધર્મશાળામાં ન જાય. પછી મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગીને બહિર્ભૂમિ જઈ આવ્યા ને હાથ મટિયાવ્યા. અને દાતણ કરી સ્નાન કરીને ભારે પોશાક પહેર્યો. પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ને પાળા ને જોબનપગી આદિ સર્વ સરબંધી તથા પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તેમણે સહિત હમણાં આ ગોમતી છે, ત્યાં આવ્યા. અને તે જગ્યા જોઈને મહારાજ રાજી થયા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **સંજાયા** આવ્યા. અને વાજતે ગાજતે ગામમાં પધાર્યા અને આંબલીએ હિંડોળો બાંધ્યો હતો, તેના ઉપર આવીને બિરાજ્યા. હરિભક્તે ફૂલના હાર પહેરાવ્યા ને **વજેરામ**ને ઘેર જમવા પધાર્યા.

પછી સંતોની પંક્તિ થઈ ને મહારાજ પીરસવા પધાર્યા, તે વારંવાર

તાણ કરીને પીરસતા જાય. પછી હાથ ધોવરાવ્યા ને પોશાક પહેર્યો ને હિંડોળે આવીને બિરાજ્યા. સંતો કીર્તન બોલ્યા જે, *'ગઈતી ગઈતી ભરવાને નીર, કેસરીએ વાઘે રે નટવર દીઠડાજી માણારાજ.'* પછી ગામના હરિજન પૂજા કરવા આવ્યા. આનંદસ્વામી પાસે રહીને પૂજા કરાવતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય. એવી રીતે સર્વે પૂજા કરી રહ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **બામણોલી**એ પધાર્યા. ત્યાં રાણ્યે ઘડીક સભા કરીને બિરાજ્યા.

❋ વડતાલમાં સંઘના હરિભક્તોના થાળ જમ્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે (વડતાલ) જ્યાં બેઠક છે, ત્યાં જઈને બિરાજ્યા. અને નોબત થઈ તેથી સર્વે હરિજન જ્યાં જ્યાં હતા, ત્યાંથી તે સર્વે આવ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "સર્વે હરિભક્તમાત્ર સૌ સૌના ઉતારે બ્રાહ્મણ પાસે રસોઈ કરાવજો, તે પણ લાડુ જ કરવા ને પરમહંસને અમારે જમાડવા છે." અને વળી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "તમે ને નિષ્કુળાનંદ સ્વામી આદિ સંત જગ્યા લિપાવીને રંગોળી પુરાવજો ને સર્વે થાળ બ્રાહ્મણ પાસે જગ્યામાં લઈ આવજો." પછી દીપમાળ પૂરી અને હરિજન ને પરમહંસ તે ફરી ફરીને ગરબી બોલ્યા. તે પછી મહારાજ ગામમાં પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગીને સ્નાનાદિ ક્રિયા કરી ને ભારે લાલ પીતાંબર પહેરાવ્યું. ને કેસરની રંગેલી જનોઈ પહેરાવી. ને એક પીતાંબર બેવડું કરીને ઓઢાડ્યું. પછી મહારાજ ચાખડીએ ચડ્યા ને જ્યાં લક્ષ્મીનારાયણ બિરાજે છે, તે ઠેકાણે બાજોઠ ઉપર ઉત્તરાદે મુખારવિંદે જમવા બેઠા ને આગળ બાજોઠ મેલ્યા. બ્રાહ્મણ અબોટિયાં પહેરીને થાળ લઈને આવવા માંડ્યા. તે દરેક થાળમાંથી બે અઢી લાડુ મગજના જમે તથા દૂધના લાડુ ને બરફી-પેંડા ને તળેલ શાક ને દાળ, ભાત, શાક, અથાણું ને પાપડ

જમે. પછી સંતની જગ્યામાં જે રંગાડાં મેલ્યાં હતા, ત્યાં વધેલ થાળ લઈ જાય, તે દાળમાં દાળ અને શાકમાં શાક નાખે ને પાપડમાં પાપડ નાખે અને મહારાજ જમતા જાય અને પરમહંસ સામું જોતા જાય. ત્યારે મહારાજની ગોળ ને ઊંડી નાભી તે શોભી રહી છે, ને તે ઉપર ત્રિવળી પડી છે. અને થાળ દૂધના કરેલા આવવા માંડ્યા ને જમવા માંડ્યા, તે હરિજનને એમ જે પ્રથમના થાળમાંથી જમ્યા હોય તેટલું જ્યારે જમે ત્યારે થાળ ઉપાડે; એમ જમતાં જમતાં મધ્યાન નમ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે કોઈના થાળ રહ્યા છે ?" ત્યારે જેરામ બ્રહ્મચારી બોલ્યા જે, "હવે તો એક બે હશે !" ત્યારે મહારાજ કહે, "આવવા દો." પછી જમી રહ્યા ને ચળુ કરી મુખવાસ લઈને પલવટ વાળીને ઉત્તર-દક્ષિણ પંક્તિ બેઠેલી તેમાં પીરસવા લાગ્યા. ને પીરસતા જાય ને એમ બોલે કે, "પરમહંસનાં નામ બબ્બે ત્રણ ત્રણ છે, તે વિષ્ણુસહસ્રમાં જોઈને એક એક જુદાં જુદાં કરવાં છે. તે નામ કાગળમાં લખીને અમને આપજો." પછી પાંચ ફેરા પંક્તિમાં ફર્યા. પછી આનંદસ્વામીએ જળની ઝારી લાવીને હાથ ધોવડાવ્યા. પછી ઢોલિયા ઉપર બિરાજ્યા ને જલપાન કર્યું અને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. અને શાસ્ત્રમાં તો એમ વાત છે જે, 'દુર્વાસા ઋષિ ગોપીઓના થાળ જમ્યા ને ગોપીઓએ જમુનાજીને કહ્યું, જો ઋષિ સદા ઉપવાસી હોય તો માર્ગ દેજો.' તે તો શાસ્ત્રની સાંભળેલી વાત છે અને આ વાત તો નજરની દેખેલી છે.

❊ વર્તમાન દૃઢ પાળનારા સંતો પર શ્રીહરિનો રાજીપો :

પછી મહારાજને શ્વેત ઝીણાં વસ્ત્ર પહેરાવ્યાં ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે આંબલે આવીને બિરાજ્યા. નોબત થઈ તેને સાંભળીને સર્વે બાઈભાઈ હરિજન દર્શને આવ્યાં. પછી મહારાજ બોલ્યા જે, "જેવા મારવાડી આત્માનંદસ્વામી વર્તમાને કરીને કરડા છે, એવા જે હોય તે

ઊભા થાવ." પછી મોટા મોટા સંત હતા, તે સર્વે હાથ જોડીને ઊભા રહ્યા ને એમ બોલ્યા જે, "જીવત પર્યંત ગોળો જમવો ને ગોદડી નહીં મેલીએ(પાથરીએ)." પછી એવાં વચન સાંભળીને મહારાજ રાજી થયા.

❋ એક નામવાળા સંતોનાં જુદાં નામ કર્યાં :

પછી સાધુનાં નામ ફેરવ્યાં. તે પ્રેમસખીનું નામ **નિજબોધાનંદસ્વામી** હતું, તેનું **પ્રેમાનંદસ્વામી** એવું નામ પાડ્યું. અને **પરમાનંદસ્વામી** ચાર હતા. તેમને ઊભા કરીને એકનું નામ **ભદ્રાનંદસ્વામી** પાડ્યું ને બીજાનું નામ **પ્રતોષાનંદસ્વામી** પાડ્યું ને ત્રીજાનું નામ પ્રસાદાનંદસ્વામી. એવી રીતે નામ ફેરવ્યાં અને મહારાજ એમ બોલ્યા જે, "હમણાં તમારાં જે નામ પાડ્યાં તે નામ લઈને બોલાવે ત્યારે બોલજો." પછી **મુક્તાનંદસ્વામી** બોલ્યા જે, "ચાર-પાંચ જણને પરમહંસ થાવું છે." ત્યારે મહારાજ કહે, "તેમને બોલાવો અને કાતર લાવો." પછી ચોટી કાપીને **ત્યાગાનંદસ્વામી** ઈત્યાદિ નામ પાડ્યાં.

પછી મહારાજ કહે, "ચાલો, ઓટા ઉપર ઢોલિયો લિયો." ત્યારે મહારાજ ઊભા થયા. તે સમયે ગંગા આદિ બાઈઓ ગાતાં ગાતાં થાળ લઈને આવ્યાં. ને આંબલાથી ઉગમણી કોરે આંબલી, ત્યાં ઓટો કર્યો હતો, તેના ઉપર થાળ મેલ્યો ને મુકુંદ બ્રહ્મચારી બોલાવવા આવ્યા. ત્યારે મહારાજ ચાખડીએ ચડીને હાથમાં રૂમાલ રહ્યો છે ને જમવા પધાર્યા. ને નિત્યાનંદસ્વામીએ ચરણકમળ ધોયાં. પછી ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. અને ડાબો હાથ સાથળ ઉપર મેલ્યો ને જમણા હાથની કોણી જમણા પગના ગોઠણ ઉપર મેલી. અને જમતા જાય ને જલપાન કરતા જાય. અને જેનો થાળ હોય તે એમ કહે જે, "મારા થાળમાંથી તો જમતા નથી." ત્યારે બ્રહ્મચારી કહે જે, "લે તારા થાળમાંથી જમાડીએ." તે પેંડા, બરફી, દૂધની પૂરી ને સુખડી જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને મહારાજ બેઠક ઉપર જઈને બિરાજ્યા ને આનંદસ્વામીએ થાળ

લેવડાવ્યા. પછી સર્વે સંતને પ્રસાદી વહેંચી આપી.

પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને સ્તુતિના શ્લોક બોલી રહ્યા, ત્યારપછી મહારાજ ઊભા થઈને બોલ્યા જે, "હવે સમૈયા થઈ રહ્યા તે સર્વે ચાલી નીકળજો." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "પરમહંસને તો રસોઈ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે સંતોને રાખો ને સર્વે હરિજન ચાલશે." પછી પહોર વાર સુધી સભામાં બેઠા. પછી મહારાજ ગામમાં **(વડતાલ)** પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને પોતાનો નિત્યવિધિ કરી, ઘોડીએ અસવાર થઈને જે સંઘ ચાલનારા હતા, તેમને દર્શન દીધાં. અને તે હરિજન ચાલતા જાય અને મહારાજનાં દર્શન કરતા જાય અને એમ બોલતા જાય જે, "આ મૂર્તિ હૃદયમાં અખંડ રહેજો." ને વળી એમ બોલે, "હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એક માસ કેડે દર્શન દેશું." પછી મહારાજને વારંવાર નમસ્કાર કરીને ચાલ્યા.

પછી મહારાજ આંબલે પધાર્યા ને સભા થઈ. પછી નિષ્કુળાનંદસ્વામી મહિના બોલ્યા જે, *'સખી કારતક માસે કંથ પિયુ ગયા પરહરી, સખી ઉપન્યું દુઃખ અત્યંત કંગાલ મુને કરી.'* પછી થાળ થયો તે મહારાજ (ગામમાં) જમવા પધાર્યા ને જમીને પરમહંસને પીરસવા પધાર્યા ને તાણ કરી કરીને જમાડ્યા. પછી હાથ ધોયા ને ચાખડીએ ચડીને ચાલ્યા તે ઉતારે આવ્યા. અને પોશાક પહેરીને હાથમાં રંગીત સોટી રહી ગઈ છે ને ચાલ્યા, તે જ્યાં મુગટ ધર્યો હતો, તે બે આંબા વચ્ચે ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજ્યા. ને એમ બોલ્યા જે, "આવો મળીએ," ત્યારે સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તે સર્વે તત્પર થયા. અને મહારાજ ઢોલિયા ઉપર ઊભા રહ્યા અને બે કોરે બે સંત ઊભા રહ્યા. તે એક સંત મળી જાય ત્યારે બીજાને આવવા દે. એવી રીતે મહારાજ સર્વે સંતને મળી રહ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "લ્યો હવે મંડળ બાંધીએ." ત્યારે જે

ગુરુ હતા, તે એક કોરે ઊભા. અને મહારાજે કહ્યું જે, “આ દશ સંત, તમે મુક્તાનંદસ્વામી ભેળા જાવ. અને આ છ સંત આમના ભેળા જાવ.” એવી રીતે મંડળ બાંધ્યાં ને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી. અને કૃપાનંદસ્વામીને વાળાક દેશમાં મંડળ લઈને મોકલ્યા. અને મહારાજ કહે, “અમે તેડાવીએ ત્યારે આવજો ને હમણાં તો ચરોતરમાં ફરજો.” એમ કહીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. અને મશાલો થઈ અને આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા.

પછી સંત બોલ્યા જે, **“હે મહારાજ ! દેશ પરદેશમાં અમે ફરીએ ને પ્રતિપક્ષી પ્રશ્ન પૂછે ત્યારે કેમ કરીએ ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “તે ટાણે અમારી મૂર્તિનું ધ્યાન કરજો. પછી તેનો ઉત્તર હું કરનારો છું.”** પછી એવાં જે શ્રીજીમહારાજનાં વચન તે સાંભળીને મુનિમંડળ રાજી થયાં. પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને તે દિવસ નોબત ન કરી. ને ચારેક ઘડી પોઢ્યા.

પછી જાગીને ચાલ્યા તે ગામ **ગુડેલ** આવ્યા ને **જીભાઈએ** રૂડી રીતે સામૈયું કર્યું. ત્યાં થાળ જમીને સર્વને જમાડીને ચાલ્યા, તે **પીપળી** આવ્યા ને **દાદાભાઈ**ને ઘેર જઈને ઊતર્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. પછી જાગીને બોલ્યા જે, “ઘોડે પલાણ માંડો ને ચાલો.” પછી જે ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા ને **રામ પટગર**ને ઘેર જઈને ઊતર્યા ને જમીને સર્વને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે **ઝીંઝાવદર** પધાર્યા ને ત્યાં ઘડી ચાર ટક્યા. ત્યાંથી ચાલ્યા તે **ગઢડા** પધાર્યા ને ઓરડાની ઓસરીએ આવીને બિરાજ્યા. પછી હરિજન બોલ્યા જે, “સામૈયું કરતા’તા, ત્યાં તો તમે પધાર્યા.” પછી થાળ થયો, તે જમીને અક્ષરઓરડીએ જઈને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘વડતાલ દિવાળી-ઉત્સવ કર્યો’ એ નામે ત્રીશમો વિશ્રામ ॥૩૦॥

વિશ્રામ - ૩૧

વડતાલ વેદાંતાચાર્યને જીત્યા, કારિયાણીમાં માંચાભક્તનો અક્ષરવાસ અને ગઢડે શિવરાત્રીનો ઉત્સવ

પછી મહારાજ (ગઢડામાં) પોઢીને જાગ્યા ને કથા વંચાવ્યાનો આરંભ કરાવ્યો. અને એક દિવસ પ્રેમાનંદસ્વામી સિતાર લઈને મહારાજ આગળ કીર્તન ગાતા હતા. તે ગાઈ રહ્યા ત્યારે બોલ્યા જે, "હે મહારાજ! પ્રથમનું મારું નામ નિજબોધાનંદ તે હું કીર્તન કરતો તેમાં બરોબર આવતું નહીં. તે તમે પ્રેમાનંદ નામ પાડ્યું, તેથી હવે ઠીક પડે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રથમના કીર્તનમાં પણ પ્રેમાનંદ એ નામ નાંખજો ને એવાં હોય તે રહેવા દેજો." એમ આજ્ઞા કરી. અને જે વાસુદેવનો ઓરડો કહેવાય છે, તેના ઓતરંગ(બારસાખના ઉપલા ભાગ) માથે ચરણારવિંદ છે. તે મહારાજે નિષ્કુળાનંદસ્વામી પાસે કરાવીને ચરણારવિંદ ઉપર મહારાજે ચરણ મેલીને સ્થાપન કરાવ્યાં છે.

❊ ગઢડામાં હરિહરાચાર્ય નામનો વેદાંતાચાર્ય આવ્યો :

મહારાજ પંદરેક દિવસ ગઢડામાં રહ્યા ત્યાં તો કચ્છ દેશમાંથી વેદાંતાચાર્ય આવ્યો ને કલ્યાણદાસની જગ્યામાં ઊતર્યો. અને મહારાજને ખબર થઈ. ત્યારે સોમલા ખાચર આદિ કાઠી ભેળા મહારાજ પધાર્યા ને સર્વે સભા બેઠી. ત્યારે તે બોલ્યો જે, "સ્વામિનારાયણ અહીંયાં છે?" ત્યારે તો કાઠીએ (કહ્યું, "આ બેઠા એ જ સ્વામિનારાયણ છે." પછી મહારાજે) પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર કર્યો, પણ તેમાં મહારાજે શંકા ધરી તે બંધાણા જેવો થયો. ત્યારે મહારાજે સો રૂપિયા પગે મેલાવ્યા ને મહારાજ પાછા ઉતારે આવ્યા. પછી વેદાંતાચાર્ય ત્યાંથી ચરોતરમાં ગયો. ત્યારે મહારાજ કહે, "આપણે પણ ચાલો ગુજરાતમાં જઈએ." ત્યારે કાઠી સર્વે આવ્યા

ને મહારાજ જે ચાલ્યા,, તે એક જ રાત વચાળે રહ્યા ને બીજી રાતે તો **વડતાલ** પધાર્યા. જે સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી અડખેપડખે હતા, તે સર્વે ભેગા થયા. મહારાજે કહ્યું હતું જે, "હમણાં ચરોતરમાં ફરજો." અને **ગઢડા**ના હરિભક્ત વિરહે કરીને કીર્તન બોલે જે,

ગઢપુરથી ગિરધર રે વડતાલ જઈ રહ્યા,
કાગળ કોઈ નાવ્યો રે બહુત દિન વીતી ગયા.

પછી મહારાજ આવ્યા ને મુક્તાનંદસ્વામીને ગાડી જોડાવીને મહારાજે વેદાંતાચાર્યને તેડવા મોકલ્યા. જ્યારે તેડીને આવ્યા ત્યારે મહારાજ સામા ગયા ને રૂડી રીતે સન્માન કરાવ્યું. અને ઉતારો જોબનપગીને ઘેર અલાવ્યો. ને રસોઈનો સામાન મોકલાવ્યો. મહારાજ આંબલે સભા કરીને બિરાજે છે, ત્યાં તો તે વેદાંતાચાર્ય દીવી લઈને પાણી ભરવા આવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "ઓલી દીવી કોની બળે છે ?" ત્યારે હરિજન બોલ્યા જે, "વેદાંતાચાર્ય પંડે પાણી ભરવા આવ્યો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "પગ લડથડે છે ને કૂવામાં પડશે તો ?" પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે બોલ્યા જે,

હેલી જોને આ નંદકુમાર, સલુણો શોભતા,
ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા.

પછી મહારાજ ગામમાં પધાર્યા ને થાળ જમ્યા ને પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરી રહ્યા ત્યારે થાળ આવ્યો. તેને જમીને ત્યાં જ ઘોડી તૈયાર કરીને લાવ્યા. પછી સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ને ગાનતાન આગળ થઈ રહ્યાં છે ને આંબલે પધાર્યા. મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંતમંડળ વાજાં લઈને ગાવા લાગ્યાં જે, *'આજકો દિન સુખકારી સખી રે...આજ.'* પછી વળી બીજા પદ ગાયાં. પછી મહારાજ ત્યાં ને ત્યાં જ પોઢ્યા.

પછી જાગ્યા ને જળપાન કર્યું. અને નંદુભાઈ ને નરભેરામ દવે

તેણે થાળ લઈને આંબલી હેઠે ઓટો ત્યાં લાવીને મેલ્યો; ને મહારાજને કહે, "જમવા પધારો." પછી જમવા પધાર્યા ને નિત્યાનંદસ્વામીએ મહારાજના ચરણ ઝારીએ કરીને ધોવરાવ્યા. બીજી ઝારીએ કરીને જળના કોગળા કરાવ્યા. પછી ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. તે દૂધની પૂરી ને લાડુ જમતાં જમતાં થાળ લઈને નિત્યાનંદસ્વામીને આપ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને હાથમાં રેશમી રૂમાલ લઈને ચાલ્યા તે આંબલે આવીને બિરાજ્યા. ને સંતમંડળ જગ્યામાં જઈને જમી આવ્યા. ને પછી મહારાજ પણ ત્યાં જ પોઢ્યા.

❊ વડતાલમાં વેદાંતાચાર્યનો પરાભવ :

પછી જાગ્યા ને જળપાન કરાવ્યું ને હજારો મુનિમંડળ ને સંન્યાસી બેઠાં છે. ત્યાં એ વેદાંતાચાર્ય (હરિહરાચાર્ય) આવ્યો ને સન્માન કર્યું. પછી ઘડીક તો સભા સૂનમૂન થઈ રહી. ત્યારે મહારાજ બોલ્યા જે, "બોલો, કાંઈક બોલો." ત્યારે તે કહે, "હે મહારાજ ! તમે ત્યાગી ને અમે ગૃહસ્થ, તે તમે પ્રથમ બોલો." ત્યારે મહારાજ કહે, "લ્યો અમે બોલીએ. ઈંગલા, પીંગલા ને સુષુમ્ણા નાડી તે દેહને વિશે કઈ રીતે રહી છે ને બ્રહ્માંડને વિશે કેવી રીતે છે ? ને બત્રીસ પ્રકારની દહર આદિ બ્રહ્મવિદ્યા છે, તેનો ઉત્તર કરો. અને વળી વેદ ભગવાનના શ્વાસથી નીસર્યા છે, તે ભગવાન કિયા ? નરનારાયણ કે શ્વેતદ્વીપવાસી વાસુદેવ કે ભૂમાપુરુષ, તેમાં કિયા ભગવાનના શ્વાસ થકી વેદ નીસર્યા ?" ઇત્યાદિક પ્રશ્ન પૂછ્યા ત્યારે બોલ્યો જે, "એ ઉપનિષદમાં વાત હે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે કહો તે ઉપનિષદ મંગાવીએ." ત્યારે તે કહે, "અબ તો સંધ્યા કરની હૈ." ત્યારે મહારાજ કહે, "જાવ."

પછી તે ગયો ત્યારે મહારાજ કહે, "કીર્તન બોલો." ત્યારે સંતો બોલ્યા જે, *'એજી મૂકે માયા લગી લો રે ભેણું.'* તે બોલી રહ્યા પછી મશાલો થઈ ને આરતી, ધૂન તથા શ્લોક બોલી રહ્યા. પછી પહોર વાર થઈ ત્યારે

મહારાજ ગામમાં પધાર્યા અને જગન્નાથ અને લખીરામ તેમને મહારાજે (વેદાંતાચાર્ય પાસે) મોકલ્યા ને કહ્યું જે, "જાવ જોઈએ, શું બોલે છે ?"

પછી તે બે જણ ગયા. ત્યાં તો જેમ સ્વપ્નમાં બકે તેમ બોલવા માંડ્યું જે, 'સ્વામિનારાયણ પોતાની નાત કહે ને અમારી કંઠી બાંધે તો પ્રશ્નના ઉત્તર કરું.' પછી તે વાત આવીને મહારાજને સંભળાવી.

પછી સવારે તે દેહક્રિયા કરવા આથમણી કોરે ગયો. પછી મહારાજ પણ ત્યાં ગયા. અને તે દાતણ કરી રહ્યો ત્યારે મહારાજ ઉત્તરમુખે તેની સન્મુખ જઈને બિરાજ્યા ને કહ્યું જે, "અમારા પ્રશ્નનો ઉત્તર તો એકેય કર્યો નહીં ને એમ તો અમે કંઠી ન બાંધીએ. બ્રહ્માનંદસ્વામી બાંધે તો ભલે બાંધે." ત્યારે સંત બોલ્યા જે, "અમારા શા ભોગ(દુર્ભાગ્ય) છે, જે એની કંઠી બાંધીએ !" અને મહારાજે કહ્યું જે, "અમે તો તોતાદ્રીની છાપ લીધી છે." એમ કહેતા જાય ને હસતા જાય. પછી તે તો ગોટા વાળવા લાગ્યો. ત્યારે મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતાં હસતાં બોલ્યા જે, "આમ પ્રશ્નના ઉત્તરમાં ગોટા કેમ વાળો છો ?" ત્યારે તે બોલ્યો નહીં ને ઉતારે ચાલ્યો ગયો.

પછી મહારાજ આંબલે આવીને સભા કરીને બિરાજ્યા અને તેમને સીધાં મોકલાવ્યાં. તે જમીને ચાલ્યો ત્યારે મહારાજે સો રૂપિયા જોબનપગી પાસે પગે મેલાવ્યા. પછી તેણે **પીપલગ** જઈને ખોટાખોટા કાગળ લખ્યા જે, "સ્વામિનારાયણે પોતાની નાત ન બતાવી ને અમે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર ન કર્યા અને મને કહ્યું જે, 'અમારી કંઠી બાંધો.' ત્યારે મેં કંઠી પણ ન બાંધી." તે સમે મહારાજ જમીને સંતને જમાડીને ગામ **બામણોલી**માં **તખાપગી**ની રાણ્યે જઈને બિરાજ્યા. ત્યાં બીડેલો કાગળ આવ્યો તે મહારાજને આપ્યો. તે લઈને લાધા ઠક્કરે વાંચ્યો. તે સાંભળીને જોબનપગી, સુંદરપગી, આસજી, તખોપગી ને શેખજી પઠાણ તે સર્વને અંતરમાં બળતરા થઈ. પછી મહારાજ કહે, "તમે સર્વે જઈને

ડારા દઈ આવો.” ત્યારે તે સર્વે ગયા. પછી તેમને જોઈને તે ધ્રૂજવા લાગ્યો. ત્યારે જોબનપગી બોલ્યા જે, “તને સો રૂપિયા હમણાં આપ્યા ને સો રૂપિયા ગઢડામાં આપ્યા, છતાં તું આવા ને આવા ખોટા કાગળ લખે છે !” પછી શેખજી કહે, “મારા પ્રશ્નનો તું ઉત્તર કરે તો ખરો.” એમ કહીને ધમકી દઈને સર્વે મહારાજ પાસે આવ્યા ને મહારાજને કહ્યું. ત્યારે મહારાજ કાંઈ બોલ્યા નહીં.

સંતો વિચાર કરીને બીજે દિવસ પચાસ પરમહંસ (નડિયાદ) ગયા. ત્યારે તે પણ નડિયાદ હતો. પછી નિત્યાનંદસ્વામી તેના ઢોલિયા ઉપર જઈને બેઠા. ત્યારે બીજા મનુષ્ય કહેવા લાગ્યાં જે, “એ તો આચાર્ય છે, માટે તેના આસન ઉપર ન બેસવું.” ત્યારે સ્વામી કહે, “હું પણ ઉદ્ધવ સંપ્રદાયનો આચાર્ય છું.” પછી તે નિત્યાનંદસ્વામીને જોઈને ધ્રૂજવા લાગ્યો. જેમ સિંહની ગર્જના સાંભળીને શ્વાન છુપાઈ જાય તેમ જરાય પણ બોલાયું નહીં.

ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “તારે જ્યાં સભા કરવી હોય ત્યાં ચાલ અને સરકારના શાસ્ત્રી બોલાવીએ ને તે પ્રમાણ કરે. અને અમારામાં સૌથી નાનો સાધુ હોય તેના પ્રશ્નનો ઉત્તર પણ તારાથી નહીં થાય.” એવી રીતે બહુ ધમકી દીધી. ત્યારે તે જે પાટીદારની ખડકીમાં ઊતર્યો હતો, તે પાટીદારે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, “હે મહારાજ ! હમણાં એ ભૂખ્યો છે, તેથી તેમને જમવા દ્યો ને સભા કરવી હશે તો સવારે વાત. અને અમે નિશ્ચે જાણીએ છીએ જે આ બ્રહ્માની સૃષ્ટિમાં તો સ્વામિનારાયણના સંતને કોઈ જીતનાર નથી. અને એના સંતનું વાંકું બોલવું, તે તો એમની કેવળ મૂર્ખાઈ છે.”

પછી જે પાટીદારની ખડકીમાં મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ઊતર્યા હતા, તે પાટીદાર આવ્યા ને કહ્યું જે, “સ્વામી, તમે હવે ઉતારે પધારો ને રસોઈ કરાવીને જમો.” એવી રીતે ઘણી તાણ કરીને તેડી ગયા. પછી તે તો ત્રણ દિવસ લગી ઘરમાંથી બહાર જ ન નીકળ્યો. પછી તો

સંતે વિચાર કર્યો જે, “એ તો બહાર નથી નીકળતો ને આપણે મહારાજનાં દર્શન કર્યાં વિનાના ક્યાં સુધી ખોટી થાઈએ ?” પછી તો તે રાત્રે ઊઠીને નાસી ગયો. ત્યારે સર્વે સંત મહારાજ પાસે આવ્યા ને મહારાજ તે વાત સાંભળીને રાજી થયા. પછી મુક્તાનંદસ્વામી આદિ ભણનારા સંત તેમણે સહિત મહારાજ **ગઢડે** પધાર્યા અને સંત સર્વે ફરવા ગયા.

❊ માંચાભક્તનો અક્ષરવાસ તથા દાડો :

એક વાત રહી ગઈ તે કહીએ છીએ. અને તે સમે માંચાભક્તે દેહ મેલ્યો. ત્યારે વસ્તા ખાચર મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ કહે, “ભક્તનું ખર્ચ કરો.” ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, “પરમહંસને તેડાવો ને તમે પધારો તો કરીએ.” ત્યારે મહારાજ કહે, “તેડાવો સંતોને અને કામકાજમાં આનંદસ્વામી આદિ સંતને તેડતા જાઓ.” પછી **કારિયાણી**માં સંતોનાં મંડળ આવવા માંડ્યાં અને મહારાજ પણ માણકી ઘોડીએ ચડીને પધાર્યા. પછી સભા કરીને ઉગમણે ઓરડે બિરાજ્યા. પછી સ્નાનવિધિ કરીને થાળ જમ્યા ને જે સંત આવે તેને મળતા જાય. પછી ગળ્યા ને મોળા સાટા જમાડતા જાય. અને ઊપડે(જમી જાય) એમ પંડે આપતા જાય. અને જે મનુષ્ય આવે તેને સૂંડલા ભરી ભરીને ગાડામાં આપે.

પછી મહારાજ કહે, “ગામ જમાડો.” પછી ગામને જમાડ્યું. તે જેમ **ગઢડું** જમાડ્યું ને જેમ ગામ **પંચાળું** જમાડ્યું, તેમ આ પણ જમાડ્યું. પછી મહારાજ **ગઢડે** પધાર્યા. પછી કૃષ્ણાનંદસ્વામીનું મંડળ આવ્યું ત્યારે કહ્યું જે, “મહારાજની પ્રસાદીના સાટા છે, તે તમે જમો.” ત્યારે સંતમંડળ કહે, “અમે એમ જમનારા નહીં. એ તો જ્યારે પંડે મહારાજ આવીને જમાડશે ત્યારે જમશું.” પછી મહારાજને ખબર કર્યા ત્યારે મહારાજ પધાર્યા ને સંતમંડળને મળ્યા. પછી થાળ જમ્યા ને જે સંતમંડળને જમાડવા મંડ્યા, તે તાણ કરી કરીને પીરસતા જાય ને સંતને રાજી કરતા જાય. પછી મહારાજ કહે, “જેમ ઊપડે એમ લ્યો.” અને

મહારાજ આપતા જાય. તે જેમ બોટાદમાં મોતૈયા લાડવા આપ્યા, તેમ અહીંયાં પણ આપ્યા. પછી મહારાજ **ગઢડે** પધાર્યા.

❊ રામદાસજીને લીધે ગઢડાવાસીને હુતાશની ઉત્સવનો લાભ :

પછી મહારાજે **વડતાલ**થી રામદાસજીને **ગઢડે** તેડાવ્યા. તે ગામ **પચ્છમ** આવ્યા, ત્યાં તો કાગળ સામો આવ્યો. તેને વંચાવ્યો જે, "વસંતપંચમી ઉપર અમે ગુજરાત આવીએ છીએ, નહીં તો અમે જ્યાં હોઈએ ત્યાં તમે સર્વે આવજો." ત્યારે ભાઈએ વિચાર કર્યો જે, 'હમણાં સત્સંગમાં સમાસ છે, તે કોઈ સંત ફરશે નહીં ને ભેગા થઈ જાશે ને મહારાજની લીલાની વાતો કર્યા કરશે.' પછી ભાઈસ્વામી મહારાજ પાસે ગયા ને મહારાજ ઊભા થઈને મળ્યા. પછી ભાઈ હાથ જોડીને બોલ્યા જે, "હું તો કાગળ વંચાવીને પાછો લાવ્યો જે, હમણાં સત્સંગમાં સંતો ફરે છે. માટે જ્યારે મહારાજને પધારવું હોય ત્યારે પધારજો, નહીં તો તેડાવજો." ત્યારે મહારાજ કહે, "ઠીક."

પછી મહારાજ થાળ જમ્યા ને ભાઈસ્વામીને જમાડ્યા. પછી તે તો ઉતારે આવ્યા. ને મહારાજ તો વસંતપંચમી ઉપર ન પધાર્યા ને સંતોને પણ ન તેડાવ્યા. પછી ભાઈસ્વામીને મુનિમંડળ મેણાં દઈ મોકલે જે, 'કાગળને આધારે જીવતા હતા, તે તો તમે પાછો લઈ ગયા ને હવે તો તમે મહારાજની પાસે જઈને રાજપદવી ભોગવો છો.' તે વાત ભાઈએ સાંભળી અને મહારાજને કહી જે, "કાં તો તમે ગુજરાતમાં પધારો, નહિ તો પરમહંસને તેડાવો."

ત્યારે મહારાજ કહે, "હુતાશનીનો સમૈયો કરવો છે. તે દાદા ખાચરનાં ઘરનાં મનુષ્યને પૂછીએ." પછી જ્યારે મહારાજે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ ! સમૈયો આંહીં કરો ને મુનિમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને સર્વ દેશ દેશના સંઘ લઈ લઈને સત્સંગી આવે. અને દાદાનો વિવાહ કરવો છે અને અમારે જલેબી ને મોતૈયા લાડુની

વીસ રસોઈ આલવી છે.” જીવા ખાચર કહે, “પાંચ રસોઈ અમે આપશું.” ત્યારે મહારાજ કહે, “સંતમંડળ સર્વે હમણાં આવો અને દેશ દેશના સંઘ હુતાશનીના સમૈયા ઉપર ગઢડે આવજો.” એમ કંકોત્રીઓ લખાવીને મોકલાવી.

❊ સમાધિસ્થ સંતો સર્વે ધામ ને લોકમાં આમંત્રણ દેવા ગયા :

અને શતાનંદસ્વામીએ ને સચ્ચિદાનંદસ્વામીએ મહારાજની આજ્ઞા માગીને અક્ષરધામના મુક્ત, શ્વેતદ્વીપના મુક્ત અને બદરિકાશ્રમના મુક્ત તેમને સર્વને વધામણી આલી જે, ‘મહારાજ ગામ **ગઢડે** હુતાશનીનો સમૈયો કરે છે, માટે તમે સર્વે આવજો. તે ખબર કરવા શ્રીસહજાનંદસ્વામીએ મોકલ્યા છે. તે તમે સર્વે શિવરાત્રી ઉપર આવજો અને દેશદેશના સત્સંગી તે તો હુતાશની ઉપર આવશે.’ ત્યારે અક્ષરધામના મુક્ત ને શ્વેતદ્વીપના મુક્ત ને બદરિકાશ્રમના મુક્ત તે સર્વે રાજી થયા જે, ‘મહારાજે આપણને તેડાવ્યા !’

પછી તેમને ખબર કરીને ગોલોકમાં ને વૈકુંઠધામમાં જઈને ખબર કર્યા. ને પ્રકૃતિપુરુષ, મહત્તત્વ ને અહંકાર, બ્રહ્મા, વિષ્ણુ ને શિવ ને ઈન્દ્ર, વરૂણ, કુબેર આદિ જે દશ દિગ્પાળ તેમને ખબર કર્યા જે, “મહારાજની આજ્ઞા છે જે, તમે સર્વે સમૈયા ઉપર ગઢડે આવજો.” કેમ જે, મહારાજ જ્યારે અક્ષરધામમાં ગયા ત્યારે સચ્ચિદાનંદસ્વામી મહારાજની આગળ ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારી આજ્ઞાને લોપીને આવ્યા છે, માટે તેને ને મારે લાખ વર્ષનું છેટું રહેશ, તે સારુ પાછા જાઓ.” તેથી પાછા આવ્યા. તેમ જ ત્યાંના **મુક્તને પણ આજ્ઞા વિના મહારાજને દર્શને પણ અવાય નહીં. માટે જ્યારે તેડાવે ત્યારે સર્વે આવે.**

❊ ગઢપુરમાં શિવરાત્રી ઉત્સવ :

પછી શિવરાત્રીને દિવસ તેડાવ્યા ને સંત સર્વે આવ્યા. તે મળીને

સર્વે બેઠા. ત્યારે આનંદસ્વામી કહે, "ફરાળ કરવા ઊઠો." ત્યારે વીસનગરના કૃષ્ણાનંદસ્વામી હતા તે બોલ્યા જે, "નેત્રનું ફરાળ થાય તો ફરાળ કરીએ." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "તે તો અમારા હાથમા નહીં." ત્યારે સંત બોલ્યા જે, "ખબર તો મોકલો." પછી ખબર મોકલી. ત્યારે મહારાજ ચાખડીએ ચડ્યા છે, ને ખેસ પહેર્યો છે, ને ઝીણો દુશાલો ઓઢ્યો છે, ને મસ્તકે ફેંટો બાંધ્યો છે, ને પધાર્યા. તે જ્યાં ભાઈસ્વામી રહેતા ત્યાં આવીને બિરાજ્યા. ને સંત સર્વે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આંહીં જે સંત રહેતા હો તે બહાર જઈને ભણો અને ફળીમાં લીંમડો છે ત્યાં માંડવો કરેલો છે."

પછી મહારાજે આવેલા સંતોને ખબર પૂછવા માંડી, ત્યારે તો બહુ ભીડ થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે અમે તો રાત્રીએ આવીશું." એમ કહીને ઉતારે પધાર્યા. પછી જ્યાં સંત રહેતા ત્યાં લીંમડો હતો. તેના ઓટા પર ગાદીતકિયા બિછાવ્યાં, તેના ઉપર આવીને દક્ષિણાદે મુખારવિંદે બિરાજ્યા અને સંત સર્વે ઉત્તર મુખે બેઠા. પછી જ્યાં જ્યાં સંત ફર્યા, તે સર્વેની ખબર મહારાજ પૂછતા જાય ને સંત ઉત્તર આપતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "હવે ફરીને કીર્તન બોલો." ત્યારે બ્રહ્માનંદસ્વામી ઊભા થઈને બોલ્યા જે, *"મારે આજ પ્રીતમ ઘેર આવશે, હાંરે એના સાથીડાને સાથે લાવશે જી રે."* પછી તે બોલી રહ્યા ત્યારે જીભાઈ ગુડેલને અને સચ્ચિદાનંદસ્વામીને સમાધિ થઈ. ત્યારે સંત તો ગાતા રહી ગયા ને તે તો ગાયા કરે. ત્યારે ભાઈસ્વામીએ હાકલ કરી, ત્યારે સમાધિમાંથી જાગ્યા. પછી મહારાજ દરબારમાં પધાર્યા.

સુરતથી સંચાદાર સિંહાસન આવ્યું હતું. પછી સવારે હમણાં મંદિર છે, તે ઠેકાણે ઉત્તરાદે બાર ચોપાટનો ઓરડો હતો, તેની પછવાડે દક્ષિણાદી કોરે દરબારમાં નિષ્કુળાનંદસ્વામીએ તે સિંહાસન મૂક્યું. તેના ઉપર દક્ષિણાદે મુખારવિંદે સવારના પહોરમાં મહારાજ આવીને

બિરાજ્યા. ને ભારે પોશાક પહેર્યો છે, ને સંતમંડળ જે આવે તેને મળતા જાય ને ખબર પૂછતા જાય.

પછી થાળ થયો તે જમવા પધાર્યા ને જમીને પલવટ વાળીને પીરસવા પધાર્યા. બિરંજની રસોઈ હતી તે ડંકા ભરી ભરીને આપતા જાય ને મનુવાર કરતા જાય. પછી તો બિરંજ થઈ રહ્યો, ત્યારે મહારાજ કહે, "લાવો રોટલા." પછી પંક્તિમાં ઊભા રહીને જે રોટલા ઉછાળવા માંડ્યા, તે એમ બોલતા જાય જે, **"જ્યારે અમને પીરસવા બોલાવવા હોય ત્યારે બમણી ત્રમણી રસોઈ કરાવજો."** એમ કહીને પછી પીરસીને હાથ ધોઈને મહારાજ ઉતારે પધાર્યા ને ઘડીક સુખાળા થયા.

પછી વસ્ત્ર પહેરીને સિંહાસન ઉપર દક્ષિણાદે મુખારવિંદે આવીને બિરાજ્યા. મુનિમંડળ વાજાં લઈને હોરી બોલી રહ્યા છે, ને રાવળ રવાજ ને કાંશિયાં લઈને ગાઈ રહ્યા છે. પછી બ્રહ્મચારી આવીને બોલ્યા જે, "જમવા પધારો." ત્યારે જમવા પધાર્યા. જમીને પાછા સિંહાસન પર બિરાજ્યા. પછી મશાલો થઈ, આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. તે કેડે રેણકી છંદ બોલ્યા ને પછી ઝીલણિયાં કીર્તન બોલ્યા જે, *"ઓરા ઓરાને આવો રે કે મોહન મર્માળા, રસના રંગીલા રે કે સુંદર છોગાળા."* પછી મહારાજ પોઢવા પધાર્યા.

પછી સવારે જાગી નિત્યવિધિ કરી, વસ્ત્ર પહેરીને સભામાં પધાર્યા. અને સભા સર્વે ઊભી થઈ. મહારાજ સિંહાસન ઉપર બિરાજ્યા ત્યારે સર્વે પાછા બેઠા. સંતમંડળ હોરીનાં પદ બોલી રહ્યાં છે ને બ્રહ્મચારી કહે, "મહારાજ થાળ થયો ને રસોઈ પણ તૈયાર થઈ છે." પછી મહારાજ જમવા પધાર્યા ને જમીને જ્યાં મોદિયાં બાંધીને છાંયો કર્યો હતો, ત્યાં સંતની પંક્તિમાં પીરસવા આવ્યા. પછી મહારાજ પંક્તિમાં ફરી ફરીને દસ દસ ને પંદર પંદર જલેબી આપતા જાય. જેમ જેમ

સંતો જમે તેમ મહારાજ બહુ રાજી થાય. પછી પાંચ-છ વાર પંક્તિમાં ફરીને હાથ ધોવડાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પોઢવા પધાર્યા.

પછી પોઢીને જાગીને સ્નાનાદિક ક્રિયા કરીને ભારે વસ્ત્ર પહેર્યાં. તે બુરાનપુરનો ભારે રેંટો માથે બાંધ્યો ને કિનખાપનો સુરવાળ ને ડગલી પહેર્યાં. અને એક ભારે શેલું કેડે બાંધ્યું ને એક ખભે નાંખ્યું ને સભામાં પધાર્યા. ત્યારે સભા સર્વે ઊઠી ને ઊભી થઈને મહારાજ બેઠા ત્યારે પાછા બેઠા. અને રસોઈનો સામાન આનંદસ્વામી પાસે રહીને કુંવરા કંદોઈ પાસે કરાવતા.

પછી થોડીક વાર કેડે મહારાજ થાળ જમવા પધાર્યા. પછી સંતની પંક્તિ થઈ ત્યારે મહારાજ પીરસવા પધાર્યા. અને બે હાથમાં સમાય એમ ભરી ભરીને જલેબી આપતા જાય. અને શાક, ભજિયાં, વડાં, પાપડ, વડી, વડીની કઢી અને ભાતભાતનાં અથાણાં તે સંતો ફેરવે અને મહારાજ જલેબી તાણ કરીને આલતા જાય, ને માથે ચરણ મેલતા જાય ને પીરસતા જાય. પછી દૂધ-ભાત ને સાકર જમાડ્યાં. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને મુખવાસ જે લવિંગ, એલચી ને સોપારી તે પ્રસાદી કરાવીને આપે. પછી મહારાજ પોઢવા પધાર્યા ને સંત જમીને ઉતારે આવ્યા. અને વાંસની પિચકારીઓના ગંજ કર્યા અને ગુલાલ, પતંગ, કેસર ને કેસુડા તેને સર્વે હરિજન ગાડાં ભરી ભરીને લઈ આવ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'વડતાલ વેદાંતાચાર્યને જીત્યા, કારિયાણીમાં માંચાભક્તનો અક્ષરવાસ અને ગઢડે શિવરાત્રીનો ઉત્સવ કર્યો,' એ નામે એકત્રીસમો વિશ્રામ ॥૩૧॥

વિશ્રામ - ૩૨

દાદા ખાચરનો પ્રથમ વિવાહ તથા દુર્ગપુરે હુતાશણી ઉત્સવ

પછી મહારાજ સિંહાસન ઉપર આવીને બિરાજમાન થયા. અને દાદા ખાચર પરણવાની ના પાડતા, તેમને મહારાજે પરાણે હા પડાવી. પછી સગપણ કરાવ્યું ને વિવાહ કરવાનો ઠેરાવ્યો. અને મહારાજે વસ્તા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર આદિ કાઠીઓને પૂછ્યું જે, “તમારે દાત(જાન વળાવતાં વરપક્ષ તરફથી ઢોલી વગેરે યાચકોને અપાતી ભેટ) દે છે, તેમાં કેટલાક રૂપિયા જોઈએ ?” ત્યારે તે સર્વે બોલ્યા જે, “બે હજાર તો જોઈએ જ.” ત્યારે મહારાજ કહે, “એની માને તો પૂછીએ.” પછી મહારાજ કહે, “સુરબાઈ, તમારે દાદા ખાચરના વિવાહમાં દાતનું કેમ ?” ત્યારે તે બોલ્યાં જે, “પરમહંસ જમાડવા વીસ રસોઈ માની છે. તે પાંચ રસોઈ બીજી આપશું ને હરિજનને સમૈયામાં જમાડો, એ મારે દાત.”

પછી તે વાત સાંભળીને મહારાજ બહુ રાજી થયા અને કહ્યું જે, “વસ્તા ખાચર ! જુઓ, તમારી સર્વની સમજણ કેવી ને બાઈની સમજણ કેવી ?” પછી તો જેમ વ્યવહારમાં સારું દેખાય તેમ કરાવ્યું. પછી મહારાજ બોલ્યા જે, “સાંખ્યયોગી બાઈ-ભાઈ કોઈ જાનમાં જાશો નહીં અને કર્મજોગી જે હોય તે જાજો.” પછી બોટાદમાં માત્રા ધાધલને ઘેર જાન જઈને આવી. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા અને મુક્તાનંદસ્વામી આદિ સંતો સિતાર, સરોદા, દુકડ ને મંજીરાં લઈને હોરીનાં પદ બોલવા લાગ્યા. અને મહારાજ ગુલાલની મૂઠી ભરી ભરીને સંતો ઉપર નાંખતા જાય અને લાખના ગોટા ગુલાલના ભરેલા તે લઈને જે નાંખે તે સંતમંડળમાં ગુલાલ ગુલાલ થઈ રહે. પછી મહારાજ આગળ મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે બ્રહ્મચારી બોલાવવા આવ્યા. તે જમવા પધાર્યા ને જમીને પોઢ્યા અને સંતમંડળ ઉતારે આવ્યા.

પછી પ્રભાતે મહારાજ જાગ્યા ને નિત્યવિધિ કરીને ભારે ભારે વસ્ત્ર પહેરીને સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. અને મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, “ગામથી ઉત્તરાદી કોરે મંચ નંખાવો. કેમ જે, દેશદેશના સંઘ બહુ આવશે, તે દરબારમાં સભા નહિ સમાય.” ત્યારે તે કહે, “સારું મહારાજ !”

પછી થાળ થયો, તે મહારાજ જમવા પધાર્યા અને જમીને ચળુ કરીને મુખ શુદ્ધ કરીને કોગળા કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે મોતૈયા લાડુ હાથમાં લઈને ચાર-ચાર આપતા જાય અને નાના પ્રકારનાં શાક, વડાં, ભજિયાં, પાપડ ને અથાણાં તે તો સંતો ફેરવે. તે જેમ જોઈએ તેમ આપતા જાય. અને મહારાજ એમ બોલતા જાય જે, “આખો લાડુ લિયો તો છાતીમાં ચરણ આપું ને અડધો લાડુ લિયો તો માથે હાથ મેલું.” એવી રીતે તાણ કરીને ખૂબ જમાડ્યા. પછી દૂધ, ભાત ને સાકર મહારાજે પીરસ્યું. પછી લવિંગ, સોપારી, એલચી મુખવાસ તે પોતે જમીને સર્વે સંતને મહારાજ આપતા હતા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોઢ્યા અને સંતમંડળ ઉતારે આવ્યા.

પછી તો દેશદેશથી સંઘ આવવા માંડ્યા અને મહારાજ પણ સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. અને સત્સંગી આવ્યા તે સામાન મેલીને મહારાજને પગે લાગવા માંડ્યા. ને ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ ને રવાજ તે વગાડવા માંડ્યા. અને મહારાજ પણ સર્વેને બોલાવીને ઉતારા અપાવતા જાય. પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થઈને ગામ બહાર બોટાદને ઝાંપે મંચ નાખ્યો હતો, તેના ઉપર આવીને બિરાજ્યા. અને તે મંચની ઉપર છાયા કરેલી. અને વાજાં વાગી રહ્યાં છે અને પુષ્પના હાર ગામ **અમરેલીથી પંચાણભાઈ** લઈ આવ્યા, તે મહારાજને પહેરાવ્યા. અને દીવીઓ બળે છે ને આરતી-ધૂન કરી રહ્યા ત્યારે માનસિંગ ભાટ છંદ બોલ્યા.

પછી મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થયા ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને વાજાં વાગી રહ્યાં છે, ને દરબારમાં પધાર્યા ને સિંહાસન ઉપર આવીને બિરાજમાન થયા. ને એમ બોલ્યા જે, "ઝુંઝારું ત્રાંસાં વગાડો ને શરણાઈમાં સિંધુડા કરો અને કીર્તન જે, *'મેં તો સગપણ કીધું રે, કે શામળિયા સાથે..* તથા બીજા જે, *રે સગપણ હરિવરનું સાચું..* એવાં એવાં કીર્તન બોલો." ત્યારે તે સંત બોલ્યા. ઘડી બે કેડે મહારાજ દરબારમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી પ્રભાતે જાગી નિત્યવિધિ કરી, ભારે પોશાક પહેરીને સિંહાસન ઉપર બિરાજ્યા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ તે વાજાં વગાડવા માંડ્યા, તે ત્રાંસું ફૂટી ગયું. પછી મહારાજે જેની પલાંઠીવાળી હતી, તે રેંટો તેના ઉપર નાંખ્યો. ત્યારે બીજું ત્રાંસું લઈને વગાડવા માંડ્યા. પછી મહારાજ કહે, "હવે કીર્તન બોલો." ત્યારે બોલ્યા જે, *'રે સગપણ હરિવરનું સાચું.'*

❊ સંતોની પંક્તિમાં મુક્તો આવીને જમ્યા :

પછી મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે જલેબી હાથમાં લઈને પીરસવા માંડી. તે પરાણે આપતા જાય ને માથે ચરણકમળ મેલતા જાય. પછી એમ બોલ્યા જે, "સંતો મોંઢાં પહોળાં કરો." પછી મોંઢામાં જલેબી આપવા માંડી ને પંક્તિમાં પડકારા કરતા જાય ને આલતા જાય. પછી દૂધ, ભાત ને ધોયેલી સાકર જમાડી ને પછી હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને પધાર્યા. ત્યારે રસોઈવાળા હરિભક્ત બોલ્યા જે, "આ તે શું ? ત્રણ ચાર દિવસની રસોઈ એક દિવસમાં જમી જાય છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"અમે શું આને પીરસીને જમાડીએ છીએ ? અમારા હાથમાંથી મુક્તમંડળ આવીને જમે છે, તેને સમાધિવાળા દેખે છે. કેમ સચ્ચિદાનંદસ્વામી ?"** ત્યારે તે કહે, "હા મહારાજ, દરબારમાં જે બેઠા સંતમંડળ તે અને અક્ષરધામના

જે મુક્તમંડળ તે સર્વે પંક્તિમાં ભેગા બેસે છે." ત્યારે સર્વેને હા પડી ને વાતમાં વિશ્વાસ પણ આવ્યો.

પછી મહારાજ કહે, "સરબંધી સર્વે તૈયાર થાઓ ને અમારી ઘોડી સાબદી કરો." પછી મહારાજે ભારે પોશાક પહેર્યો છે ને ઘોડીએ અસવાર થાય છે, ત્યાં તો પંચાણભાઈએ ગુલાબના હાર, બાજુબંધ ને તોરા લાવીને મહારાજને પહેરાવ્યા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, અને સંતમંડળ તાળી વગાડીને હોરી બોલતા જાય, ને બંધૂકના અવાજ થતા જાય, ને બેય કોરે ચમર થઈ રહ્યાં છે, ને સોનાને ઈંડે છત્ર મસ્તક ઉપર ધરી રહ્યા છે, ને આવીને મંચ ઉપર બિરાજ્યા ને જયજયકાર થઈ રહ્યો છે. તે સમયે હરિભક્ત મહારાજની પૂજા કરવા આવ્યા. તે ચંદનની અરચા કરીને સોનાનો બાજુબંધ બાંધ્યો. પછી ચાર ઘડી રાખીને મહારાજે શરણાઈવાળાને બોલાવીને બાજુબંધ આલ્યો. પછી ચારેકોરે બરકમદાર ઊભા છે ને કીર્તન બોલ્યા જે,

'મેં તો સગપણ કીધું રે શામળિયા સાથે, માવાનું મેણું રે કે લીધું છે માથે.'

❊ અમરેલીના દીવાન ગઢડે શ્રીહરિને મળવા આવ્યા :

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા પછી છંદ બોલ્યા. પછી મહારાજ કહે, "ચાલો ગામમાં." પછી ઘોડીએ અસવાર થયા ને વાજતે ગાજતે દરબારમાં પધાર્યા ને સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. ત્યાં તો ખબર થયા જે, દીવાનજી અમરેલી જાય છે, તે અહીં થઈને જાશે. પછી મહારાજ ઉતારે પધાર્યા. પછી સવારે જીવા ખાચર ને દાદા ખાચર સામા ગયા. ત્યારે દીવાનજી બોલ્યા જે, "જીવા, તારે ત્યાં સ્વામિનારાયણ છે ?" ત્યારે તે કહે, "દાદાને ઈયાં છે." ત્યારે કહે, "દાદા, તારે ત્યાં સ્વામિનારાયણ છે ?" ત્યારે તે કહે, "હા, મારે ઘેર છે." ત્યારે તે કહે, "આ ફેરે મળવું છે." ત્યારે મહારાજ કહે, "અમારે પણ દીવાનને મળવું છે." પછી અસવાર આવ્યા ને મહારાજને કહ્યું

ત્યારે મહારાજ કહે, “ચાલો બહાર.” પછી ઘોડીએ અસવાર થયા ને કાઠીના અસવાર ચારેકોરે રહ્યા છે, અને બેય કોરે ચમર થઈ રહ્યાં છે, ને માથે છત્ર બિરાજે છે, ને વાજાં વાગી રહ્યાં છે, ને બંધૂકના અવાજ થઈ રહ્યા છે, પરમહંસ ને સંન્યાસી આગળ ચાલ્યા જાય, તે મહારાજના મુખારવિંદ સામું ઊંચા થઈને જોતા જાય ને ચાલ્યા જાય.

અને દીવાન તો ઝાંપે આવીને ઊભો રહ્યો. અને ઘણું ગામ સોંસરું નીકળવું હતું, પણ અહીંયાં તો એક રાઈનો દાણો નાખીએ તોય હેઠો ના પડે એવી ભીડ મચી હતી. પછી ઘડીક વાર ઊભો રહીને ઘેલા નદીને કાંઠે જઈને પડાવ નાંખ્યો. અને મહારાજ આવીને મંચ ઉપર બિરાજ્યા. ને બંધૂકના અવાજ થવા માંડ્યા, ત્યારે તે તો થર થર કંપ્યો.

પછી મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંત કીર્તન બોલી રહ્યા ત્યારે મહારાજ કહે, “ચાલો ગામમાં.” પછી જેવી રીતે બહાર પધાર્યા હતા, તેવી રીતે ગામમાં વાજતે ગાજતે પધાર્યા. અને પાધરા ઉતારે આવીને વસ્ત્ર ઉતાર્યાં અને આનંદસ્વામીએ ચરણ ધોવરાવ્યા. પછી ઉત્તર મુખે જમવા બિરાજ્યા. અને જમતાં જમતાં એમ બોલ્યા જે, “થાઓ પંક્તિ.” પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને એમ બોલ્યા જે, “આનંદસ્વામી, તમે તો થાળ જમી લો.” પછી પંક્તિ વચ્ચે આવીને ઊભા રહ્યા ને મોતૈયા લાડુ પીરસવા લાગ્યા ને મનુવાર કરતા જાય. એમ પાંચ ફેરા પંક્તિમાં ફર્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ભારે પોશાક પહેરાવ્યો ને સિંહાસન ઉપર આવીને બિરાજ્યા.

પછી કાઠી સર્વે ઘોડે અસવાર થયા ને મહારાજ પણ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. તે વાજાં વાગી રહ્યાં છે, ને બંધૂકના અવાજ થઈ રહ્યા છે, ને આવીને મંચ ઉપર બિરાજ્યા ને પુષ્પના હાર લાવીને પહેરાવ્યા. (દીવાને) ત્યાં બે જાસૂસ મોકલ્યા જે, “સ્વામિનારાયણ શું કહે છે ?” ત્યારે મહારાજે તેમને બોલાવીને કહ્યું જે, “અમારી સાથે

કેવી રીતે ચર્ચા કરવી છે ? જો સંન્યાસી સાથે, બ્રાહ્મણ સાથે તથા પરમહંસ સાથે (શાસ્ત્રથી) ચર્ચા કરવી હોય તોપણ અમે તૈયાર છીએ અને જોબનપગી, દયાળજી, અગરોજી, ભગુજી આદિ પાળા, તે સાથે (શસ્ત્રથી) ચર્ચા કરવી હોય તો ખબર લાવો. પછી તે પ્રમાણે અમે પણ તૈયાર થઈ રહીએ. માટે તેનો જવાબ લાવો." એમ કહીને મહારાજે પોતાની કોટમાંથી હાર તે જાસુદને આપ્યો ને કહ્યું જે, "એ હાર તમારી જ વાડીના ફૂલનો છે." પછી તે જાસૂસે જઈને દીવાનને કહ્યું ત્યારે દીવાન કહે, "અમારે કાંઈ ચર્ચા કરવી નથી." પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા, શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા અને રેણકી છંદ ચારેકોર બોલી રહ્યા છે. પછી મહારાજ બોલ્યા જે, "નદીએ નાવા જાવું હોય તે સર્વે ખીજડા આરે જાજો." પછી મહારાજ વાજતે ગાજતે દરબારમાં પધાર્યા ને સિંહાસન ઉપર બિરાજ્યા. પછી થાળ જમવા પધાર્યા ને જમીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરી. પછી હરિભક્તે ભારે પોશાક પહેરાવ્યો ને પુષ્પના હાર, બાજુબંધ ને તોરા લટકતા રહી ગયા છે ને ચાખડીએ ચઢીને પધાર્યા, તે સિંહાસન ઉપર આવીને બિરાજમાન થયા. પછી મુનિમંડળ ને સંન્યાસી તે સર્વે ખીજડા આરે નાવા ગયા. તેને જોઈને દીવાનજી "અહો ! અહો ! આ તે શું ?" એમ બોલ્યા. અને સંન્યાસી આવીને દીવાનજી પાસે બેઠા ને પૂર્ણાનંદસ્વામી સંન્યાસી વેદની ધૂની કરવા લાગ્યા, તેને સાંભળીને ખગાકાર(આશ્ચર્યચકિત) થઈ ગયો. પછી ચાર ઘડી બેસીને મહારાજ પાસે આવ્યા.

તે પછી દીવાનજી બોલ્યા જે, "ઝુમખરામ ! સ્વામિનારાયણે તો બહુ બ્રાહ્મણને સંન્યાસી કર્યા !" ત્યારે તે કહે, "જાદુગરા કહેવાય છે. તે જો આપણે એમની પાસે જાઈએ તો આપણને પણ જાદુ કરી નાંખે." તે વાત મહારાજ પાસે આવીને (પૂર્ણાનંદસ્વામીએ) કરી. ત્યારે મહારાજ

મંદ મંદ હસ્યા. પછી થાળ થયો તે જમવા પધાર્યા. તે જમીને પલવટ વાળીને જે જલેબી પીરસવા માંડી, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી સંઘના મનુષ્યને જમવાની આજ્ઞા આપી. તે આનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી એ બે જમાડવા માંડ્યા. તે સર્વેને જમાડ્યા. પછી સીધાં આલવાં ઘટે તેમને સીધાં આલ્યાં. પછી ઘડી ચાર કેડે મહારાજ આવ્યા. તે સોનેરી પાઘ માથે બાંધી છે, ને કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરી છે અને ભારે રેંટો કેડે બાંધ્યો છે, ને ભારે સેલું ખભે નાંખ્યું છે. અને હરિજન કીર્તન ગાય છે જે, *‘સોનેરી મોળિયું શોભે સોનેરી મોળિયું, ધર્મકુંવરને શોભે સોનેરી મોળિયું.’*

❊ ગઢપુરમાં બંને દરબારગઢમાં રંગે રમ્યા :

પછી ચાખડીએ ચડીને ચાલ્યા, તે સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. અને એમ બોલ્યા જે, “સવારે મુક્તનાં મંડળ સંગાથે (રંગે) રમવું છે. માટે રંગનાં રંગાડાં ભરાવજો ને ગુલાલ મંગાવજો, ને પાણીનાં વેણાં(પાણી ભરવાની મોટી ગોળી) ગાડે બંધાવજો, અને હરિજન પણ પાણીના ઘડા ભરીને લાવે.” પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક ને છંદ બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. પછી સંત હોરીનાં પદ બોલ્યા. પછી મહારાજે સભાને રજા આપી ને પોઢવા પધાર્યા.

સવારે દાતણ કરીને શ્વેત વસ્ત્ર પહેર્યાં, ને ફેંટાની બોકાની વાળી, ને કડાં પહેરાવ્યાં, ને સોનાની પિચકારી હાથમાં લીધી છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને જ્યાં મંદિર છે તે ઠેકાણે ઉત્તર મોઢે ઓરડો તેના ઉપર રંગનાં રંગાડાં ભરેલાં મેલ્યાં છે, ને ગુલાલના ગાંસડા બાંધીને મેલ્યા છે અને નિસરણી ઉપર ચઢીને મહારાજ રમવા લાગ્યા. તે એક કોરે મહારાજ, કાઠી, પાળા ને અક્ષરધામના જે મુક્ત તે અડધા મહારાજની કોરે ને અડધા સંતની કોરે ને જે રમવા લાગ્યા, તે જેમ મેઘની ધારા છૂટે તેમ પિચકારી ચાલે. અને જેમ વાદળની ઘટા ચડે તેમ ગુલાલની

ડમરી ઊડતી હતી. ને જેમ મેઘમંડળમાં વીજળીના ઝબકારા થાય તેમ મહારાજના હાથમાં કડાં ઝબકી રહ્યાં હતાં. એમ રમતાં રમતાં જે રંગનુ પાણી ચાલ્યું, તે ડેલી બાર થઈને ઘેલામાં ભળતું હતું.

પછી મહારાજ બોલ્યા જે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને ચારેકોરે કાઠીના અસવાર ચાલ્યા આવે છે, ને સંતમંડળ મહારાજને સન્મુખ પાછે પગે હોરી ગાતાં ગાતાં ચાલ્યા આવે છે, અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ તે વાગી રહ્યાં છે; એવી રીતે ઊભી બજારે થઈને જીવા ખાચરના દરબારમાં પધાર્યા. ને ઉગમણી ઓસરીએ રંગનાં રંગાડાં મેલ્યાં હતાં. પછી જે સામસામા રમવા માંડ્યા ને પાંચસો પરમંહસની જે પિચકારી છૂટવા માંડી. તેથી મહારાજનાં તથા કાઠી ને પાળા તેમનાં સર્વે વસ્ત્ર પણ પલળી ગયાં.

અને શ્રીજીમહારાજની મૂર્તિ તે સમયે કેવી શોભે છે ! સુંદર મુખારવિંદ ઉપર પરસેવાનાં બિંદુ શોભી રહ્યાં છે. અને રંગનાં ભરેલાં વસ્ત્ર કેવાં શોભે છે ! અને ચંદ્રની કાંતિને હરાવે એવું જે મુખારવિંદ તેને જોતા થકા તૃપ્ત નથી થતાં. અને વળી ડાબા કાનમાં જે શ્યામ બિંદુનું ચિહ્ન તથા બીજા તિલ તે શ્યામમણિની પેઠે જળકી રહ્યા છે, તેને મહારાજના સખા વારંવાર નીરખતા હતા. અને મહારાજને સુવર્ણની પિચકારી ભરી ભરીને આપતા જાય. એવી રીતે મહારાજની મૂર્તિને વિશે પ્રોવાયાં છે ચિત્ત જેમનાં એવા જે મહારાજના સખા તેમને જોઈને નિત્યાનંદસ્વામીએ આવીને મહારાજના હાથમાંથી કડાં કાઢી લીધાં. અને કાઠી ઘણા જોર કરવા લાગ્યા, પણ નિત્યાનંદસ્વામી કડાં લઈને અમારા મંડળમાં કૂદી પડ્યા. અને એમ બોલ્યા જે, "ગોઠ(ભેટ) લીધી." અને પછી મહારાજ બોલ્યા જે, "હવે ચાલો નાવા."

પછી ચાલ્યા તે ઊભી બજારે થઈને ગાજતેવાજતે ખીજડા આરે પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને એક વસ્ત્રભર નાવા બિરાજ્યા. અને સર્વે

સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી અને હરિજન તે સર્વે મહારાજની હેઠવાસ નાહ્યા. અને નદીનું પાણી પણ લાલ થઈ ગયું. અને મહારાજે નાહીને વસ્ત્રે કરીને શરીરને લૂછી એક ખેસ પેર્યો. અને સુરવાળ ને ડગલી પહેરી ને સુવર્ણમય પાઘ મસ્તકે બાંધી ને ભારે રેંટો એક કેડે બાંધ્યો અને એક રેંટો ખભે નાંખ્યો. એ સમયે કોઈક હરિભક્તે મહારાજને ઊતરી પહેરાવી અને બાજુબંધ ને મોતીના તોરા પાઘમાં ધરાવ્યા. અને તે સમયે નિત્યાનંદસ્વામીએ કડાં પાછાં મહારાજને પહેરાવ્યાં.

ત્યારે મહારાજ બોલ્યા જે, “માગો ફગવા, તમે કહો તે આપીએ.” ત્યારે નિત્યાનંદસ્વામી તથા સર્વે સંતમંડળ તે એમ બોલ્યા, “તમે સર્વે સંત, બ્રહ્મચારી અને સંન્યાસીને મળજો. એ ફગવા માંગીએ છીએ.” ત્યારે મહારાજ કહે, ‘સારું.’ પછી ઘોડી ઉપર બીજું પલાણ મંડાવ્યું. અને એ સમયે હરિજને ગુલાબના હાર લાવીને મહારાજને પહેરાવ્યા. અને ઘોડીએ સવાર થયા અને છત્ર સોનાને ઈંડે ધારણ કર્યું છે, અને અબદાગીરી ધરી છે, અને બે કોરે ચમર થઈ રહ્યાં છે, અને વાજાં વાગી રહ્યાં છે, અને રાવળ રવાજ ને કાંશિયાં વગાડીને ગાતા જાય છે, અને સંતમંડળ હોરીનાં પદ ગાઈ રહ્યા છે; એવી રીતની શોભાને ધારણ કરતા થકા ઊભી બજારે થઈને દાદા ખાચરનાં દરબારમાં પધાર્યા. પછી વસ્ત્ર ઊતારીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખ શુદ્ધ કરીને કોગળા કર્યા. અને મુખવાસ લઈને ચાખડીએ ચઢીને પલવટ વાળીને જે સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા, તે મોતૈયા લાડુ પીરસતા જાય અને તાણ કરતા જાય. એવી રીતે સર્વે સંતને જમાડીને પછી હાથ ધોવરાવ્યા.

પછી હરિજન પોશાક લાવ્યા તે મહારાજે પહેર્યો. પછી સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, “સંઘમાં જેને ખરચી ન હોય તે સર્વે અમારા કોઠારી પાસેથી લેજો. અને હવે સમૈયા થઈ રહ્યા છે, તેથી સર્વે ચાલી નીસરજો.” ત્યારે ગઢડાના હરિજન બોલ્યા જે, “પરમહંસ, સંન્યાસી અને બ્રહ્મચારી તેમને તો હમણાં રાખજો.”

ત્યારે મહારાજ બોલ્યા જે, "તે તો હમણાં રહેશે." પછી દીવીઓ થઈ ને આરતી-ધૂન બોલ્યા. અને પછી શ્લોક તથા છંદ તે બોલી રહ્યા. પછી તે સમયમાં જે હોરીનાં પદ કર્યાં હતાં તે સંત બોલ્યા. તેમાં પ્રથમ મુક્તાનંદસ્વામીનાં પદ -

પકરે વ્રજજન ગિરધારી પકરે, ખેંચ લઈ પીતાંબર મોરલી.
હો હો કરત મોરારિ, હસત સબ દેકર તારી...પકરે.
એજી કાલકો કાલ ઈશ ઈશનકો, જીત લિયો સકુમારી;
કર જોરી પીતાંબર માગત, દેહું મોરલિયાં પ્યારી;
ભઈ અબ જીત તુમારી...પકરે.
એજી અકલ અજીત અખંડ અદ્વૈત, મુનિવર કહત વિચારી;
મુક્તાનંદ ભક્તવત્સલ પર, વાર વાર બલહારી;
મગન કીની વ્રજનારી...પકરે.

એ ચાર પદ ગાઈ રહ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા તે પદ -

ખેલે રાધે માધ્યો ફાગ, સખી આજ ધૂમ મચી ગોકુલમેં..ખેલે ૦
ઘર ઘરસે આઈ વ્રજ વનિતા, ગાવત નૌતમ રાગ...સખી.
શામરંગી રંગ પિયાકી ચુનરિયાં, પ્યારી પિયાજ્યુંકી પાગ...સખી.
બ્રહ્માનંદ રહો નિત્ય મેરે, યા છબીસે અનુરાગ...સખી.

એ રીતે પદ ચાર બોલ્યા. પછી પ્રેમાનંદસ્વામી બોલ્યા તે પદ -

સખી ચાલોરી દેખન શામ રે, પિયા ખેલત હોરી...ટેક
હોરી ખેલન એ તો કબહું ન આયે, પુરુષોત્તમ જાકો નામ રે...પિયા૦

તથા ચોથું પદ જે-

મોહન ખેલે ફાગ રે આજ ધૂમ મચી હે...મોહન૦
ચાલો સખી આજ શામ સંગ ખેલે ફગવા લેહું માગ રે..આજ૦
એ પુરુષોત્તમ અબ હી આયે, રસિયો દેખન લાગ રે..આજ૦

ધન્ય ધન્ય ધામ ધરા યહ સુંદર, ધન્ય મેરે સુંદર ભાગ્ય રે..આજ૦
પ્રેમસખી પુરુષોત્તમ આગે, ગાવત કાફી રાગ રે..આજ૦

પછી મહારાજ તે પદ સાંભળીને બહુ રાજી થયા અને એમ બોલ્યા જે, "પ્રેમાનંદસ્વામીના પદની લટક જુદી જ રીતની આવી છે." એમ કહીને પોતે વસ્ત્ર પહેર્યાં'તાં તે ઉતારીને પ્રેમાનંદસ્વામીને આપ્યાં ને ફૂલના હાર પહેરાવ્યા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને અક્ષરઓરડીમાં પોઢ્યા. પછી સવારે જાગીને પોતાનો નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને દેશ દેશના સંઘ આવ્યા હતા, તેમને વળાવવા પધાર્યા. પછી તે સંઘને વળાવીને પાછા આવ્યા ને સિંહાસન ઉપર બિરાજમાન થયા.

પછી મુક્તાનંદસ્વામી સરોદો લઈને હોરી બોલ્યા. પછી થાળ જમવા પધાર્યા. પછી જમીને ચાખડીએ ચઢીને પલવટ વાળીને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જમાડીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચઢીને પોઢવા પધાર્યા. તે ઘડીક પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કરીને ચાખડીએ ચઢીને સિંહાસન ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતો ગાવા લાગ્યા. ત્યારે લાખના જે ગોટા ગુલાલે ભરેલા, તે લઈને સંતો ઉપર નાંખતા જાય ને રમૂજ કરતા જાય. પછી સંધ્યા થઈ ને દીવીઓ કરીને આરતી-ધૂન કરી રહ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો ઝીલણિયાં કીર્તન." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "મેં દાણલીલાનાં પદ કર્યાં છે." ત્યારે મહારાજ કહે, 'બોલો.' પછી મહારાજની આગળ ચાર ચાર સંત સામસામા થઈને બોલવા માંડ્યા. તે પદ - *'એક સમે હરિ વનમાં ઊભા વેણ વાય રે; લઈ મટુકી ગોપીકા મહીં વેચવા જાય રે...ઊભા.'*

પછી તે સાંભળતા જાય ને મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય. અને મહારાજ એમ બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાનનાં

વચન કરતાં રાધિકાજીનાં વચન મરમાળાં છે." ત્યારે સંત બોલ્યા જે, "રાધિકાજી કેવાં છે ! એ પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં જ છે કે ના ?" પછી સંતો કીર્તન બોલી રહ્યા, ત્યારે મહારાજે છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી સભાને રજા આપી ને મહારાજ પોઢવા પધાર્યા.

પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરીને તૈયાર થયા. ત્યાં તો બ્રહ્મચારી બોલાવા આવ્યા, તે મહારાજ જમવા પધાર્યા. પછી જમી રહ્યા ત્યાં તો રસોઈ તૈયાર થઈ, તેથી મહારાજને આવીને કહ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો પંક્તિ." પછી પલવટ વાળીને પીરસવા લાગ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "આ શું ?" ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "નિત્ય જલેબી ને મોતૈયા લાડુ જમે છે, માટે આજે ગોળના માલપૂડા કરાવ્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમ કહોને કે પૂગી ન શક્યા." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "તબ યું હોગા." પછી મહારાજે પીરસ્યા, તે ચાર કે પાંચ માંડ જમાણા. પછી મહારાજ હાથ ધોઈને ઉતારે પધાર્યા ને પોઢ્યા.

પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. પછી સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. પછી બોલ્યા જે, "હે સંતો ! હવે મંડળ બાંધીને દેશમાં ફરો ને વાતો કરો, પણ ઢૂંકડા રહેજો, બહુ છેટે જાશો નહીં. આવો મળીએ." ત્યારે સંત, સંન્યાસી ને બ્રહ્મચારી તેમને મહારાજ મળ્યા. પછી ભાઈરામદાસજી બોલ્યા જે, "નાના પરમહંસને ઓરી ને અછબડા નીકળ્યાં છે." ત્યારે મહારાજ કહે, "એમને આંહીં (ગઢડે) રહેવા દો." પછી મહારાજ ઉતારે પધાર્યા અને સંતો સર્વે ઉતારે આવ્યા. અને તે રાત્રી વિરહમાં ગઈ અને સંત એમ કીર્તન બોલે જે, *'જાકા પિયા પરદેશ દુઃખી સોઈ કામની, ભોજન પાન નહીં ભાયે, નીંદ નહીં જામની.'* પછી સવારે માંહોમાંહી મળીને ચાલી નીસર્યા. અને થોડાક સંત મહારાજે પોતાની પાસે રાખ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીદુર્ગપુરે હુતાશની ઉત્સવ વર્ણન,' એ નામે બત્રીસમો વિશ્રામ ॥૩૨॥

વિશ્રામ - ૩૩

અંગ્રેજોના આમંત્રણથી શ્રીનગર પધાર્યા ને ત્યાંથી વિચરણ કરતા વડતાલ આવ્યા.

એક દિવસ મહારાજ લીંબડા ફરતી ઘોડીને ફેરવીને ઊભા રહ્યા. અને પ્રેમાનંદસ્વામી સન્મુખ બેઠા હતા. ત્યારે મહારાજ કહે, "આવો ઘડીક ગાવણું કરો." ત્યારે મહારાજની પાસે ગયા ને સિતાર વજાડીને ગાવણું કર્યું. પછી મહારાજ થાળ જમ્યા ને પ્રેમાનંદસ્વામીને પ્રસાદીનો થાળ આપ્યો. પછી ઉતારે આવીને કીર્તન તથા પ્રભાતિયાં કર્યાં જે, *'ઘોડલાં ખેલાવશે વાલો, સાંભળ સૈયર મારી રે.'* તથા કીર્તન જે,

વાલો ઘોડલાં ખેલાવે ઘનશામ રે, બાઈ મારે આંગણીએ;
ચોરે ચિત્તડાંને સુખધામ રે, આંખડલીની અણીએ..ટેક.

ઘોડલાં ખેલે ને વાલો મુજ સામું હેરે,
હાંરે મુને ન્યાલ કરી આણે ફેરે રે...બાઈ૦ ૧

ચપળ તુરંગ અતિ વેગે ફરે છે,
હાંરે તે તો ગરુડનો ગર્વ હરે છે રે...બાઈ૦ ૨

સુરનર મુનિવર નીરખે છે પ્રીતે,
હાંરે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીતે રે...બાઈ૦ ૩

રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો,
હાંરે રીઝ્યો પ્રેમાનંદ જોઈ લટકો રે...બાઈ૦ ૪

એ ચાર પદ કરીને મહારાજ આગળ ગાયાં ને મહારાજ રાજી થયા.

❊ સાહેબનો કાગળ આવતાં વિચરણ કરતા અમદાવાદ પધાર્યા :

પછી બે મહિના કેડે **અમદાવાદ**થી સાહેબે કાગળ લખાવીને મોકલ્યો જે, “જે દિવસ પેસવાઈ હતી(પેશવાની સત્તા) ત્યારે તમને કહ્યું હતું જે, ‘અમારા શહેરમાંથી જાઓ અને અમારું રાજ્ય હોય ત્યાં સુધી આવશો નહીં.’ સો ઉનકા રાજ ગયા ઓર તુમારી કૃપાસે અંગ્રેજ સરકારકા રાજ હુઆ હે. સો તુમ અબ દયા કરકે સબ સંતમંડળ, ઓર કાઠી તુમારે સેવક, ઓર દેશ દેશ કે તુમારે હરિભક્ત, ઉનકું સાથ લેકર શહેર મેં પધારો, ઓર શહેરકું પાવન કરો.” અને જ્યારે સાહેબે કાગળ લખાવ્યો ત્યારે પૂછ્યું જે, “હિંદુ દેવમેં કુન બડા દેવ હૈ ?” ત્યારે લખનારે કહ્યું જે, “શ્રીકૃષ્ણ ને રામચંદ્ર.” ત્યારે સાહેબે કહ્યું જે, “ઉનકી ઉપમા સ્વામિનારાયણકું લખો.”

પછી એવી રીતનો કાગળ લખેલો મહારાજની પાસે આવ્યો, તેને મહારાજે વંચાવ્યો. પછી કાઠીના અસવારને ખબર મોકલ્યા અને સર્વે સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તેમને તેડાવ્યા. અને મહારાજ **ગઢડેથી** તૈયાર થયા. તે બસેં કાઠીના અસવાર રોઝી ઢાલો ને સોનાની મૂઠની તરવારો કેડે રહી ગઈ છે અને ભાલા હાથમાં ઝળકી રહ્યા છે અને બખતર પહેર્યાં છે અને પાંચસે બરકમદાર મહારાજ આગળ ચાલે છે. અને મહારાજ માણકી ઘોડીએ અસવાર થયા છે, ને ત્રાંબાળું નોબત ઊંટ ઉપર ગડગડે છે, ને ઘોડા ઉપર ડંકો વાગી રહ્યો છે, અને મહારાજને સોનાને ઈંડે છત્ર બિરાજે છે. અને સર્વે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને દેશદેશના હરિજન તેમણે સહિત મહારાજ ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી** આવ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **રોજકે** આવીને રહ્યા. ને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તે જમીને મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગીને સાબદા થઈને ચાલ્યા, તે ગામ **બળોલ** પધાર્યા ને તળાવને કાંઠે દક્ષણાદી કોરે જઈને ઊતર્યા. ત્યાં સામાન લાવ્યા ને

જમવાનું કરાવ્યું ને જમીને ચાલ્યા, તે **ધોળકા** પધાર્યા ને **રાંધલીમાતા**એ જઈને ઊતર્યા. અને **રેવાશંકરે** રસોઈનો સામાન મોકલાવ્યો, તેની રસોઈ કરાવીને મહારાજ થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા ને પછી પોઢ્યા. જાગીને સાબદા થઈને ચાલ્યા તે સાબરમતી નદીએ જઈને નાહ્યા. પછી ચાલ્યા તે શહેરમાં વધામણી ગઈ. ત્યારે સાહેબે શહેર વળાવીને જળ-છંટકાવ કરાવ્યો ને સામૈયું કર્યું. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ તથા અંગ્રેજી વાજાં જે પડઘમ, વાંસળી આદિ વાગી રહ્યાં છે. ને ફૂલના હાર જે આવવા માંડ્યા, તે મહારાજ મુનિમંડળને આપતા જાય. અને નોબત ગડગડી રહી છે, ને ડંકો, નિશાન ને સોનેરી ઈંડે છત્ર છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, અને છડીદાર **સિદ્ધપુર**ના **ભગવાનસિંહજી** ને **કુબેરસિંહજી** એ બે જણ નેકી પોકારી રહ્યા છે.

પછી જે (શ્રીનગર) શહેરના હરિભક્ત આવ્યા, તે ફૂલના હાર લઈને મહારાજને પહેરાવતા જાય, ને મહારાજ આગળ ભેટ મૂકીને પગે લાગતા જાય અને મહારાજનાં દર્શન કરતા જાય. પછી મહારાજ બોલ્યા જે, “ચાલો, હવે તડકો થાય છે.” પછી સર્વેથી આગળ સરકારની પલટણ ને તેની કેડે હરિજન ને તેની કેડે મુનિમંડળ, સંન્યાસી ને તેની કેડે હથિયારબંધ પાળા ને મહારાજ અને કાઠીના અસવાર ચારેકોરે ચાલ્યા આવે છે. પછી **એરણ સાહેબ** ને **દુલાબ સાહેબ** તે બંને ઘોડે ચડીને સામા આવ્યા. પછી ટોપી ઉતારી મહારાજને સલામ કરી. પછી પોતાના ઘોડા આગળ કરીને સર્વે મનુષ્યને કોરે કરતા જાય અને જમાલપુરને દરવાજે થઈને મહારાજ શહેરમાં પધાર્યા.

અને (તે વખતે જે સામૈયાની) શોભા આવી તેની શી વાત કહેવી! પછી રાજમાર્ગે થઈને મહારાજ ચાલ્યા ને આગળ ગવૈયા ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાય છે; ને બંદૂકના અવાજ થઈ રહ્યા છે; ને મુનિમંડળ શ્લોક બોલી રહ્યા છે; ને બ્રહ્મચારી ને સંન્યાસી તે વેદની ધૂની કરી

રહ્યા છે; ને સામાસામી હવેલીઓની ઘટા, તેના ગોખમાં બેઠેલી સ્ત્રીઓ મહારાજનાં દર્શન કરતી હતી, ને પુષ્પે કરીને વધાવતી હતી, ને ધન્યભાગ માનતી હતી ને બલૈયાં(દુખણાં) લેતી હતી.

અને તે હવેલીઓની ઉપર કોટાનકોટ એવાં જે દેવોનાં વિમાન તેની ઘટા જામતી હતી. ને દેવાંગનાઓ ચંદનપુષ્પે કરીને મહારાજને વધાવતી હતી. અને દેવ જયજયકારના શબ્દ કરતા થકા દુંદુભીને વજાવતા હતા. ને દેવઋષિ આશીર્વાદ દેતા હતા. અને તે સમાની જે શોભા તેને જોઈને કેટલાક લોકોને સમાધિ થાતી હતી. અને એવી રીતની શોભાને ધારણ કરતા થકા ને સર્વ જનને દર્શન દેતા થકા ધીરે ધીરે ચાલ્યા, તે માણેકચોકમાં થઈને નરનારાયણદેવની જગ્યા પાસે જે નવોવાસ ત્યાં આવ્યા. અને ભારે મંચ ઉપર ઢોલિયો ને ભારે રેશમનું ગાદલું ને તેના ઉપર ઓછાડ ને તકિયો ને ઉપર લીંમડાની છાયા, ત્યાં આવીને મહારાજ બિરાજમાન થયા. અને હરિજન પુષ્પના હાર લઈને મહારાજ પાસે આવે ને હાર પહેરાવીને પગે લાગે.

પછી ગંગામાએ મુકુંદ બ્રહ્મચારીને મોકલ્યા જે, “હે મહારાજ ! થાળનો સામાન તૈયાર થયો છે ને પરમહંસની રસોઈ પણ તૈયાર થઈ છે, માટે જમવા પધારો.” ત્યારે મહારાજ તરત ઊઠ્યા ને પોશાક ઉતારીને જળે કરીને ચરણ ધોવરાવ્યા. પછી જળના કોગળા કરીને જમવા બિરાજ્યા ને થાળ જમતા જાય ને હરિજનને આનંદ ઊપજાવતા જાય. પછી ચળુ કરીને કહે, “થાઓ પંક્તિ.” પછી પંક્તિ થઈ ને જે પીરસવા લાગ્યા, તે પાંચ ફેરા પંક્તિમાં પીરસીને હાથ જળે કરીને ધોવરાવ્યા. પછી ભારે પોશાક પહેરાવ્યો. પછી લાલદાસ ગોરાએ પુષ્પના હાર પહેરાવ્યા ને ચંદનની અરચા કરી. પછી મહારાજ ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી દીવીઓ થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ને શ્લોક બોલ્યા ને રેણકી છંદ બોલી નમસ્કાર કરીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'નારાયણ નામ લેને તું પ્રાણી રે.'* પછી મહારાજ પોઢવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને સ્નાનાદિક ક્રિયા કરી. પછી ભારે જરિયાન પોશાક પહેરાવ્યો. પછી મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી ત્રાંસાં, ઢોલ ને શરણાઈ તે વાગી રહ્યાં છે, ને શહેરના હરિજન પુષ્પના હાર લઈ લઈને આવવા માંડ્યા ને દેશદેશના સંઘ આવવા માંડ્યા. તે સંઘને ઉતારા આલતા જાય ને ઘેરે સાદે કરીને બોલતા જાય ને ખબર પૂછતા જાય. ત્યાં તો થાળ થયો તે જમવા પધાર્યા. પછી જમીને સંતમંડળને પીરસવા પધાર્યા ને સંતને જમાડીને હાથ ધોયા ને ચાખડીએ ચઢીને ઉતારે જઈને ઘડીક પોઢ્યા.

પછી જાગીને જળપાન કર્યું ને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને **શાહપુર**માં **હરગોવિંદ શેઠ**ને ઘેર પધાર્યા ને ભારે સેજવટ(છપર પલંગ) તેના ઉપર જઈને બિરાજ્યા. શેઠે મહારાજની પૂજા કરીને ભારે પોશાક પહેરાવ્યો. ને આરતી ઉતારીને પુષ્પના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ ને પોશાકની ઉપર પુષ્પની ટોપી મેલી. અને હરિજન સર્વે મહારાજને ભેટ મેલતા જાય ને પગે લાગતા જાય. પછી પોતાના ઘરમાં મહારાજનાં ચરણકમળ કરાવ્યાં. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને મારગમાં (શ્રીનગર) આવતાં એમ બોલ્યા જે, "અહીંયાં ભારે વજીરનાં ઘર હતાં. તેથી કોટિધ્વજમાયા દટાણી છે." ત્યારે સત્સંગી બોલ્યા જે, "આપણે આ જગ્યા રાખીએ તો ?" ત્યારે મહારાજ કહે, "પાપનો પૈસો છે, તે આપણે એ જગ્યાનું કામ નથી." એમ કહીને ચાલ્યા તે ઘોડીએથી ઊતરીને મંચ ઉપર બિરાજ્યા.

❊ સાહેબને દર્શન દેવા ને મળવા બંગલે પધાર્યા :

પછી સાહેબે કુબેરસંગ ને નથુ ભટ્ટને તેડાવીને કહ્યું જે, "સ્વામિનારાયણ હમારે પાસે આવે, નહિ તો હમ આવે." ત્યારે તે બે

જણ કહે, "અમે પૂછી આવીએ." પછી મહારાજની પાસે આવ્યા ને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! સાહેબે કહ્યું છે જે, 'સ્વામિનારાયણકું મિલના હૈ. સો તુમ દયા કરકે પધારો નહિ તો હમ આવે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આપણે ત્યાં જઈને મેળાપ કરશું; એમ જઈને કહો." પછી તેમણે જઈને કહ્યું ત્યારે સાહેબ બહુ ખુશ થયા. પછી આરતી-ધૂન કરીને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે બોલ્યા જે, *'રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું.'* પછી મહારાજે વાત કરી, ને પછી થાળ થયો ત્યારે મહારાજ જમવા પધાર્યા ને જમીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને દાતણ કરીને સ્નાનવિધિ કર્યો ને પોશાક પહેરીને મંચ પર આવીને બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "રસોઈને શી વાર છે ?" ત્યારે દામોદર બોલ્યા જે, "તમે જમવા પધારો ને રસોઈ પણ તૈયાર થઈ છે." પછી મહારાજ જમવા પધાર્યા ને પોશાક ઉતાર્યો ને ચરણ આનંદસ્વામીએ ધોયા. બીજે જળે કરીને કોગળા કર્યા ને થાળ જમવા ઉગમણે મુખારવિંદે બિરાજ્યા. પછી જમીને બોલ્યા જે, "થાઓ પંક્તિ." પછી પલવટ વાળીને જે મોતૈયા લાડુ પીરસવા માંડ્યા, તે પાંચ-છ વાર પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા.

પછી જ્યાં પોશાક પહેરી રહ્યા ત્યાં તો સાહેબે પડઘમ(બેન્ડવાજાની ટૂકડી) મોકલી તે આવીને ઊભી રહી. ને મહારાજ કહે, "લાવો ઘોડી." તે સમે હરિજને મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા. તે પછી મહારાજ ઘોડીએ અસવાર થયા. અને ત્રાંસાં, ઢોલ, શરણાઈ ને પડઘમ તે વાગતાં જાય છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને સોનાને ઈંડે છત્ર બિરાજે છે, ને સોનાની છડીવાળા ભગવાનસંગ ને કુબેરસંગ તે નેકી બોલતા જાય છે, ને કાઠીઓના અસવાર ચારેકોર રહ્યા છે. અને જ્યારે સાહેબના બંગલે ગયા ત્યારે સાહેબ સામા આવ્યા ને ટોપીઓ ઉતારીને મહારાજને

પગે લાગ્યા અને હાથ ઝાલીને મહારાજને ખુરશી ઉપર બેસાડ્યા. મોટા મોટા સંતો, કાઠી અને પાળા તે મહારાજને પછવાડે બેઠા.

✻ સાહેબને વર્ણાશ્રમના ધર્મ સમજાવ્યા :

પછી મહારાજ વિલાયતની વાત કરવા લાગ્યા. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા ને એમ બોલ્યા જે, "સ્વામિનારાયણ ! હમારે એક સંશય હૈ, સો તુમકો પૂછના હૈ. જે વટલના સો ક્યા હૈ ? સબ લોક બ્રાહ્મણ કા જિમતે હૈ ઔર બ્રાહ્મણ કોઈકા નહીં જિમતે હૈ, સો ઇનમેં ક્યા હરકત હૈ ?" પછી મહારાજ બોલ્યા જે, "ભગવાનના શ્વાસ થકી વેદ ઉત્પન્ન થયા ને બ્રાહ્મણ પણ ભગવાનના મુખ થકી ઉત્પન્ન થયા. માટે વેદ બ્રાહ્મણને આપ્યા. અને ક્ષત્રિય બાહુ થકી ઉત્પન્ન થયા ને વૈશ્ય જંઘા થકી ઉત્પન્ન થયા, તેથી બ્રાહ્મણને વેદ ભણવા અને ક્ષત્રિયને રક્ષા કરવી ને ધર્મનું સ્થાપન કરવું, ને વૈશ્યને ઉદ્યમ કરવો ને ક્ષુદ્રને ત્રણે વર્ણની સેવા કરવી.

અને ચાર વર્ણ ને ચાર આશ્રમ તેના ધર્મ જુદા જુદા વેદમાં કહ્યા છે અને ધર્મશાસ્ત્રમાં પણ જુદા કહ્યા છે. અને વળી તે જ ધર્મ પુરાણમાં પણ કહ્યા છે. એ પ્રમાણે **સૌ સૌના ધર્મ કહ્યા છે, તે પ્રમાણે વર્તે તે નાતમાં રહે અને તે પ્રમાણે ન રહે તે નાતબહાર કહેવાય છે.** જેમ જળ પીને પછી વધે તેણે પગ ધોવાય, પણ પગ ધોતાં વધ્યું તે પાણી ન પિવાય, તેમ બ્રાહ્મણનું બીજા લોક જમે પણ ક્ષત્રિય, વૈશ્ય ને ક્ષુદ્ર તેનું બ્રાહ્મણ ન જમે. અને વળી જેમ તમારો કાયદો છે તેને જે લોપે તો તમે તેને શિક્ષા કરો, તેમ વટલવું ને વટલાવવું નહીં, તે રૂપી ભગવાનનાં વચન છે, તેને જો લોપે તો ધર્મરાજા તેને જમપુરીમાં શિક્ષા કરે છે." પછી વાત સાંભળીને **એરણ સાહેબ** ને **દુર્લભ સાહેબ** આદિ સર્વે રાજી થયા અને એમ બોલ્યા જે, "હે સ્વામિનારાયણ ! યે પ્રશ્ન હમને આગે બહુત પંડિત લોકકું પૂછા થા, તો બી કિસીને

એસા ઉનકા ઉત્તર કિયા નહીં. ઔર તુમને બરાબર ઉત્તર કિયા, સો તુમ તો સાક્ષાત્ ખુદા હો, એસા હમ જાનત હૈ. હમારે જેસા કામકાજ હોય તો હમકું ફરમાવો."

પછી મહારાજ બોલ્યા જે, "તમ જેવું કામ હશે તો કહેશું." પછી મહારાજે નરનારાયણદેવની મૂર્તિની નાનીમોટી છાપ દેખાડી. તેને જોઈને સાહેબ બહુ ખુશી થયા. તે પછી મહારાજની બ્રાહ્મણ પાસે રૂડી રીતે પૂજા કરાવી ને વારંવાર એમ બોલ્યા જે, "તુમારા ધર્મ બોત અચ્છા, ઔર તુમારા જૈસા ધર્મ દૂસરા મતપંથ મેં નહીં હૈ." પછી મહારાજ બોલ્યા જે, "હવે કાંઈ પૂછવું છે કે ઊઠીએ ?" ત્યારે સર્વે સાહેબ ટોપીઓ હાથમાં લઈને ઊભા થયા ને એમ બોલ્યા જે, "હમારા શહેર પાવન કિયા."

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને જે શોભા આવી છે ! અને આગળ પડઘમ, ત્રાંસાં, ઢોલ ને શરણાઈ વાજી રહ્યાં છે, ને બેકોર ચમર થઈ રહ્યાં છે, ને આગળ નેકી પોકારી રહ્યાં છે, ને હરિજન એક બીજા ઉપર ગુલાલ નાંખી રહ્યા છે. પછી મહારાજ આવીને મંચ ઉપર બિરાજ્યા. પછી સભામાં આ વાત કહી દેખાડી. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા. પછી સંત કીર્તન બોલ્યા જે, *'નેણાંમાં નાથજી આવો રાખું રે, મારા પ્રાણ વારી વારી નાખું રે...'* ને પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરીને તૈયાર થયા, ત્યાં તો પ્રેમી હરિજન થાળ લાવ્યા, તેથી પીતાંબર પહેરીને જમવા બેઠા, તે પેંડા-બરફી જમ્યા. પછી જમીને એમ બોલ્યા જે, "રસોઈની શી વાર છે ?" ત્યારે હરિજન બોલ્યા જે, "પીરસવા પધારો." પછી પંક્તિ થઈ ને પીરસવા માંડ્યા ને પાછળ સંતો શાક, પાપડ, અથાણાં, રાઈતાં, વડાં, ભજિયાં, કઢી અને ફૂલવડી તે પીરસતા જાય. મહારાજ પણ તાણ કરી કરીને પીરસતા જાય. તેવી રીતે પાંચવાર પંક્તિમાં ફર્યા. પછી હાથ ધોયા.

※ શામળ બેચરને ત્યાં પધરામણી તથા પૂજા :

પછી ચોકસીએ ભારે પોશાક પહેરાવ્યો, તેને પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા. ત્યાં તો **શામળ બેચર**નો જાસૂદ આવ્યો ને હાથ જોડીને બોલ્યો જે, "ભાઈ કહે છે જે, અમારી હવેલી પાવન કરવા ને મને દર્શન દેવા પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, "લાવો ગાડી." પછી ગાડીમાં બિરાજ્યા ને તરત ચાલ્યા. મુનિમંડળ સર્વે ભેળાં છે; ને પાળા તથા કાઠીના અસવાર સાથે ચાલ્યા આવે છે; ને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે; એવી રીતે એમની હવેલીએ પધાર્યા ને હિંડોળા ખાટ ઉપર બિરાજ્યા. પછી મહારાજ એમ બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'નારાયણ નામ લેને તું પ્રાણી રે..'*

પછી મહારાજની ષોડશોપચારે પૂજા કરીને આરતી ઉતારી અને ભારે દુશાલો ને પોશાક પહેરાવ્યો. પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે જેવી રીતે ગયા હતા, તેવી રીતે પાછા ઉતારે આવ્યા. અને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. મહારાજ એમ બોલ્યા જે, "બોલો કીર્તન." પછી સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમીને પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરી અને થાળ જમીને સંતોને પીરસવા પધાર્યા. પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી લાલદાસ ભારે પોશાક લાવ્યા તે આનંદસ્વામી પાસે ઊભા રહીને મહારાજને પહેરાવ્યો. પછી શહેરના તથા દેશદેશના હરિજનો પૂજા કરવા આવ્યા. તે ભેટ મેલતા જાય ને મહારાજને પોશાક પહેરાવતા જાય ને પુષ્પના હાર પહેરાવતા જાય ને પગે લાગતા જાય ને ચોપદાર પાછા ખેસવતા જાય.

※ વહેલાલ પધારી જેસંગભાઈને રાજી કર્યા :

પછી મહારાજ બોલ્યા જે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થયા અને કાઠી-પાળા ને પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન

સર્વે સાથે છે; ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે; ને સાહેબના પટાવાળા આગળ ચાલે છે; ને ત્રાંબાળું ઊંટે ગડગડી રહ્યાં છે; ને મહારાજને બે કોરે ચમર થઈ રહ્યાં છે; ને સોનાને ઈંડે છત્ર બિરાજે છે; ને નેકી પોકારી રહ્યા છે; અને મુનિમંડળ શ્લોક બોલે છે; અને સંન્યાસી, બ્રહ્મચારી ને બ્રાહ્મણ તે વેદધ્વની કરી રહ્યા છે; એવી રીતની શોભાને ધારણ કરતા ઊભી બજારે થઈને **કાળુપુર**ને દરવાજે થઈને ગામ **સરસપુર** સોંસરા થઈને ચાલ્યા, તે શહેરના માણસને માંડ માંડ પાછા વાળ્યા.

અને જે ઘોડા ઉપાડી મેલ્યા, તે ગામ **વહેલાલ** પધાર્યા. ગામનું સામૈયું આવ્યું, તે વાજતે ગાજતે ગામની ઉગમણી કોરે તળાવને કાંઠે જઈને ઊતર્યા. **જેસંગભાઈ** આદિ હરિજન સામાન લાવ્યા ને મહારાજને સારુ ભારે સેજવટ લાવ્યા ને તેના પર રેશમની તળાઈ, ઓછાડ ને તકિયો બિછાવ્યાં, તેના ઉપર મહારાજ બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા. પછી શ્લોક ને છંદ બોલીને બેઠા.

પછી જેસંગભાઈ કહે, “મહારાજ, જમવા પધારો.” પછી જમવા પધાર્યા. **વખતબા**એ વિધવિધ ભોજનની સામગ્રી કરાવેલી. પછી જેસંગભાઈએ મહારાજનાં ચરણકમળ ધોયાં ને તે જળ મસ્તક ઉપર ચડાવીને ઘરમાં બાને આપ્યું. પછી મહારાજ જમતા જાય ને ભક્તજન સંગાથે વાર્તા કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લીધો ને ઘડીક ત્યાં સભા કરી. પછી મહારાજ બહાર પધાર્યા ને ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સરોદા, દુકડ, સિતાર ને મંજીરાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા. તે એ જે, *‘સુન રે સખી યહ નંદકે છોરા, બંસી બજાય મેરો ચિત્ત ચોરા.’* તે ગાઈ રહ્યા, ત્યારે હરિજન કેરીઓ લાવ્યા. તે મહારાજે સંતને આપી ને મહારાજ પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને મહારાજ બોલ્યા જે, “ખેતરને શેઢે રાયણ છે, તે ઠેકાણે ઢોલિયો લિયો.”

પછી ત્યાં મહારાજ પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. પછી મહારાજ મુનિમંડળ પ્રત્યે બોલ્યા જે, “તમે સર્વે સંત એક ટંક જમો છો, માટે ઘરડા ને નાના પરમહંસને અમે આજ્ઞા કરીએ છીએ જે તમે ઝોળી માંગો ને જમીને ગોળો રાખી મેલજ્યો; તે ફરીથી ભૂખ્યા થાય ત્યારે આપજો.” પછી નાના ને વૃદ્ધ ગણ્યા, ત્યારે **સત્તર નાના** નીકળ્યા અને **પંદર વૃદ્ધ** નીસર્યા.

✲ જમ તગડા વિશ્વાત્માનંદસ્વામીએ મહારાજને હસાવ્યા :

તે સમે જમ તગડા વિશ્વાત્માનંદસ્વામી તેમણે મહારાજને હસાવ્યા. અને અરૂપાનંદસ્વામીને તેમણે કહ્યું જે, “તમે મહારાજને કહો જે, હું પણ ઘરડો છું.” ત્યારે તેમણે કહ્યું જે, “હે મહારાજ ! પેલા સાધુ (વિશ્વાત્માનંદસ્વામી) બેઠા છે તે કહે છે કે, હું ઘરડો છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તેને કહો જે તું ઘરડો નહીં.” ત્યારે વિશ્વાત્માનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! એક છોકરો તો ગણ્યા વિના રહ્યો.” ત્યારે મહારાજ કહે, “એને ઊભો કરો.” ત્યારે પુરુષોત્તમાનંદસ્વામીને ઊભા કર્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તે છોકરો કે છોકરાનો બાપ ?” ત્યારે સર્વે સંત બોલ્યા જે, “એ તો છોકરાનો બાપ છે.” પછી મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસ્યા ને એમ બોલ્યા જે, “વિશ્વાત્માનંદસ્વામી ! આજ તમારી યુક્તિ ન ચાલી.” ત્યારે તે બોલ્યા જે, “ન ચાલી તો (કાંઈ) નહીં, પણ મહારાજને હસાવ્યા તો ખરા !” એવી રીતે સંત મહારાજનાં ચરિત્ર ને લીલા તેનું ચિંતવન કરતા ને સંભારતા હતા.

પછી મહારાજ ગામમાં પધાર્યા ને વખતબાને ઘેર થાળ જમ્યા ને પલવટ વાળીને પીરસવા પધાર્યા. તે પાંચ ફેરા પંક્તિમાં ફર્યા. પછી હાથ ધોવરાવ્યા ને પછી પોઢ્યા. પછી જેસંગભાઈ પોતાના ખોળામાં લઈને ચરણ ચાંપતા જાય ને વાતો કરતા જાય. પછી બોલ્યા જે, “થાઓ તૈયાર.”

ત્યારે ગામના સર્વે હરિજન હાથ જોડીને બોલ્યા જે, “પાંચ દિવસ કૃપા કરીને બિરાજો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “વર્ષાઋતુ માથે આવી છે ને ગામોગામના હરિજનને દર્શન દેવાં છે, તેથી નહિ રહીએ.” ત્યારે હરિભક્તે મહારાજની પૂજા કરી ને ભારે પોશાક પહેરાવ્યો ને પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ ધરાવ્યા ને ભેટો મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય.

❊ કણભા ને મહેદાવાદમાં ભક્તોને દર્શનાદિકનું સુખ આપ્યું :

પછી મહારાજ કહે, “લાવો જળ.” પછી જળપાન કર્યું ને ઘોડીએ અસવાર થયા. પછી જે ચાલ્યા તે કાઠીના અસવાર ચારેકોરે રહ્યા છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને નેકી પોકારી રહ્યા છે, ને મુનિમંડળ સર્વે ભેળા રહ્યા છે. ને ગામના હરિજન સીમાડા સુધી વળાવવા આવ્યા, તેમને મહારાજે માંડ માંડ પાછા વાળ્યા. પછી ઘોડા ઉપાડ્યા તે **ખારી નદી**માં ઘોડા પાયા.

પછી ગામ **કણભા** પધાર્યા ને **નાથભક્ત** આદિ હરિજને સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામમાં થઈને તળાવમાં જઈને ઊતર્યા. ને સામાન લાવ્યા, તે મહારાજને સારુ પાથરવાને ઢોલિયો ને તળાઈ લાવીને બિછાવી, ને તેના ઉપર બિરાજ્યા. હરિભક્ત હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! રસોઈ કરાવીએ.” ત્યારે મહારાજ બોલ્યા જે, “મુનિ તો કોઈ નહિ જમે. કાઠીને વાસ્તે રસોઈ કરાવો.” પછી હરિભક્ત કેરીઓના ટોપલા ભરીને લાવ્યા, તે મહારાજની આગળ લાવીને મેલ્યા. ત્યારે મહારાજ પ્રસાદી કરીને સર્વે મુનિમંડળને આપતા જાય. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા.

પછી નાથ પટેલ હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! ગંગામાએ થાળની સામગ્રી તૈયાર કરી છે, તે જમવા પધારો.” પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે જ્યાં હમણાં મંદિર છે ને જે ઠેકાણે છત્રી કરી છે, તે

ઠેકાણે ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા ને જમતાં જમતાં જલપાન કરતા જાય. પછી જમીને થાળ દાદા ખાચર અને ઝીણાભાઈને આપ્યો. પછી ઉતારે આવ્યા ને પછી સભા કરીને બિરાજ્યા ને એમ બોલ્યા જે, "હવે કીર્તન બોલો." ત્યારે સંત બોલ્યા જે, *'વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે.'* પછી મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરી રહ્યા ત્યારે હરિજને ભારે પોશાક મહારાજને પહેરાવ્યો. પછી ઘોડીએ અસવાર થઈને ગામ સોંસરા થઈને બાઈભાઈ સર્વે હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **મેમદાવાદ** પધાર્યા. અને વાજતે ગાજતે ગામ સોંસરા થઈને ગામથી ઉત્તરાદી કોરે આંબલીઓ છે, ત્યાં જઈને ઊતર્યા. હરિજન હાથ જોડીને બોલ્યા જે, "રસોઈ તૈયાર થઈ છે." ત્યારે મહારાજ કહે, 'ચાલો.' પછી મહારાજ થાળ જમ્યા. પછી પલવટ વાળીને પીરસવા પધાર્યા, તે **બેચર ભટ્ટ** ને **દુર્લભરામ** આગળ કથરોટો લઈને ચાલે ને મહારાજ તાણ કરી કરીને પીરસતા જાય. પછી મહારાજ હાથ ધોઈને ઘોડીએ અસવાર થઈને ઉતારે પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. પછી મહારાજે વાત કરી જે, **"ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થવો ઘણો કઠણ છે. તે ભગવાન સૂઝે એવાં ચરિત્ર કરે પણ તેમાં મનુષ્યભાવ ન આવે તેને નિશ્ચય જાણવો."** પછી બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'હરિ હૈયાના હાર છો જી રે તમે હરિ...'* એ કીર્તન બોલ્યા. ત્યારે મહારાજ મુક્તાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "સ્વામી ! તમારે તો મરજાદી કીર્તન કરવાં ને બ્રહ્માનંદસ્વામી શણગાર ને રમૂજનાં કીર્તન કરે."

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી નમસ્કાર કરીને બેઠા. ત્યારે બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત કીર્તન બોલ્યા જે, *'ગોરસ લઈને ગોપીકા, ચાલી વેચવા કાજે, ઓડો બાંધ્યો આવીને વીચમાં વ્રજરાજે.'* એ કીર્તન બોલી રહ્યા પછી મહારાજ

પોઢ્યા. જાગીને પછી દાતણ કરીને સ્નાન કરી રહ્યા, ત્યાં તો ભાણો બોલાવાને આવ્યો. ત્યારે મહારાજ જઈને જમ્યા ને કાઠીને જમાડ્યા.

✲ વડથલ, કઠલાલ, ઉમરેઠ થઈ વડતાલ પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વડથલ** પધાર્યા. ને વાજતેગાજતે ગામથી ઉત્તરમાં વડ હતો, ત્યાં જઈને બિરાજ્યા. અને સભા થઈ ને મુનિમંડળ ચારેકોર ઊતર્યા. ને થાળ થયો તે મહારાજ જમવા પધાર્યા. તે જ્યાં મંદિર છે, તે ઠેકાણે ઓટો કર્યો છે, તે ઠેકાણે જમવા બિરાજ્યા. પછી જમીને ત્યાં ને ત્યાં પોઢ્યા. પછી જાગીને સંતમંડળને પીરસવા પધાર્યા ને પાંચ-છ વાર પંક્તિમાં ફર્યા ને હાથ ધોઈને ઉતારે પધાર્યા. પછી ગવૈયા સંત સરોદા, દુકડ, સિતાર ને મંજીરાં લઈને વિષ્ણુપદ બોલ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને ચાલ્યા, તે ગામ **કઠલાલ** પધાર્યા ને ગામ સોંસરા થઈને બહાર જઈને ઊતર્યા. ત્યાં સભા કરીને બિરાજ્યા ને થાળ થયો, તે ગામમાં જમવા પધાર્યા. પછી જમીને પલવટ વાળીને સંતમંડળને પીરસવા પધાર્યા. પછી સર્વેને જમાડીને પાછા ઉતારે પધાર્યા. પછી સાબદા થઈને ચાલ્યા. તે એક ગામમાં એક હરિજન હતો. તેણે તાણ કરીને રાખ્યા, તેથી તેના કૂવા ઉપર જઈને ઊતર્યા. અને આંબાનાં ફળ સૂંડલા ભરીને મહારાજ પાસે લઈને આવ્યા. ત્યારે મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, “એમની પાસેથી (બીજુ) કાંઈ લેશો નહીં ને આ કેરી એટલી લિયો.” પછી આનંદસ્વામીએ મહારાજની ઘોડી સારુ શેર બાજરી મંગાવી. પછી સવારે ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં સંતમંડળ તથા કાઠી આગળ તે હરિજનનાં વખાણ કરતા જાય જે, “એની હિંમત તો જુઓ ! પાંચ શેર બાજરીના ઉપર પાંચ હજાર મનુષ્ય રાખ્યાં.”

પછી મહારાજ ગામ **ઉમરેઠ** પધાર્યા ને સામૈયું આવ્યું. તે વાજાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને **રૂપરામ ઠાકર**ની મેડીએ

જઈને બિરાજ્યા ને સ્નાનવિધિ કરીને થાળ જમ્યા. પછી પલવટ વાળીને પંક્તિમાં આવ્યા ને રસના ડંકા ભરી ભરીને આપતા જાય ને તેના ઉપર ખાંડ ને ઘી તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી સર્વેને જમાડીને હાથ ધોઈને મેડીના ગોખમાં બિરાજ્યા. પછી **નંદુભાઈ** ને **નરભેરામ દવે** પોશાક લાવ્યા. ને મહારાજની પૂજા કરીને તે પોશાક પહેરાવ્યો, ને આરતી ઉતારી. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે સર્વે હરિજનને પાછા વાળ્યા.

પછી ચાલ્યા તે એક ગામને પાદર આંબાવાડિયું ને કૂવો ત્યાં જઈને ઊતર્યા. ને ઘોડા સારુ ઘાસ-જોગાણ લાવ્યા ને કાઠીઓને સારુ રસોઈ કરાવી. પછી મહારાજ બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. પછી રેણકી છંદ બોલ્યા, પછી પોઢ્યા. જાગીને ચાલ્યા તે ગામ **વડતાલ** આવ્યા ને ઉતારો કરીને આંબલા હેઠે જઈને સભા કરી. ત્યારે **નારાયણગર** બોલ્યા જે, "પરમહંસને સારુ રસોઈ કરાવીએ છીએ." ત્યારે મહારાજ કહે, "કરાવો." ત્યાં તો મુનિમંડળ આવ્યા ને પગે લાગતા જાય ને સભામાં બેસતા જાય.

પછી મહારાજ ગામમાં જમવા પધાર્યા ને જમીને સંતમંડળને પીરસીને પાછા ઉતારે પધાર્યા. પછી ઘડી ચાર પોઢીને જલપાન કરીને આંબલે આવીને બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ત્યારે ગામ આણંદના હરિજને તાણ કરી જે, "મહારાજ ! તમે અમારા ગામ પધારો." ત્યારે મહારાજ કહે, "ઠીક." પછી ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા ને પોઢ્યા.

❊ આણંદ તથા બોચાસણ થાળ-પધરામણી :

પછી સવારે સાબદા થઈને ચાલ્યા તે ગામ **આણંદ** પધાર્યા ને સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામ સોંસરા થઈને ગામ બહાર સભા કરીને બિરાજ્યા. મહારાજ પાસે કેરીઓ આવી, તે પોતે જમ્યા ને સર્વેને

આપી. ત્યાંથી ચાલ્યા તે પાછા ગામ **વડતાલ** પધાર્યા ને આંબલે આવીને સભા કરીને બિરાજ્યા. પછી ગામમાં થાળ જમવા પધાર્યા અને સંતની પંક્તિ થઈ. પછી મહારાજ જમીને ચળુ કરીને કોગળા કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પલવટ વાળીને પીરસવા પધાર્યા. પછી ચાર-પાંચ વાર પંક્તિમાં ફેરવીને હાથ ધોવરાવ્યા.

પછી પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને સર્વે સંતમંડળ તથા કાઠી ને પાળા તેણે સહિત ચાલ્યા, તે ગામોગામના હરિભક્તને દર્શન દેતા થકા ગામ **બોચાસણ** પધાર્યા. ત્યાં સામૈયું કર્યું તે **પટેલ કાશીદાસ**ને ઘેર આવીને ઊતર્યા ને સભા કરીને બિરાજમાન થયા. પછી થાળ થયો તે જમવા પધાર્યા ને જમીને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને સ્નાનવિધિ કરીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. કંસારની રસોઈ હતી, તે પીરસીને હાથ ધોયા. પછી બોલ્યા જે, "આવો સંતો મળીએ." પછી મળીને એમ બોલ્યા જે, "હે સંતો ! હવે જેને જ્યાં આજ્ઞા કરીએ ત્યાં ચાલી નીરસજો."

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રકટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'અંગ્રેજોના આમંત્રણથી શ્રીનગર પધાર્યા ને ત્યાંથી વિચરણ કરતા વડતાલ આવ્યા,' એ નામે તેત્રીસમો વિશ્રામ ॥૩૩॥

વિશ્રામ - ૩૪

ગઢડામાં જન્માષ્ટમી કરી, વડોદરામાં મુક્તાનંદસ્વામી સભા જીત્યા અને સંતોને આદરજમાં ભેળા કર્યા.

પછી (**બોચાસણ**થી) સંત સર્વે ચાલી નીસર્યા અને મહારાજ પણ ઘોડે અસવાર થયા. અને કાઠી ને પાળા તથા નિત્યાનંદસ્વામી આદિ જે ભણનારા તેમને સાથે લીધા ને ઘોડા ઉપાડ્યા. તે સમે વાયુ ને વીજળી થવા લાગ્યાં. ને મહારાજ જે ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા. **ખોડાભાઈ**એ ને **હઠીભાઈ**એ રૂડી રીતે સામૈયું કર્યું ને જઈને એમના ફળિયામાં ઊતર્યા. પછી થાળ જમ્યા ને ઘડીક પોઢ્યા. પછી જાગીને બોલ્યા જે, "ઘોડે પલાણ માંડો ને ચાલો." પછી જે ચાલ્યા, તે ગામ **કમિયાળા** આવ્યા. ત્યાં તો વરસાદ થયો તેથી ગાડી મંદિરમાં મેલીને જે ચાલ્યા, તે મહારાજ ગામ **કુંડળ** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **ગઢડા** પધાર્યા ને **જીવા ખાચર**ના દરબારમાં જઈને ઊતર્યા. સભા કરીને ઉગમણે ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. અને અમદાવાદમાં સાહેબે જે સન્માન કર્યું, તે વાત પૂછી. ત્યારે મહારાજે સભામાં તે વાત કહી દેખાડી.

પછી **કરશન કાણકિયો** કેરી લાવ્યો, તે મહારાજ જમીને સંતોને આપતા જાય. પછી થાળ જમવા પધાર્યા ને જમીને દાદા ખાચરના દરબારમાં પધાર્યા. પછી મહારાજ કથા વંચાવતા ને ગાવણું કરાવે. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી તે નવાં નવાં કીર્તન કરે ને મહારાજ આગળ ગાય. અને સાધુની જગ્યામાં પંચરંગી ગલબા(એક પ્રકારનાં ફૂલ) હતા. (પ્રસાદાનંદસ્વામી કહે) તેના હાર કરીને મહારાજ પાસે કોઈક ફેરો મોકલી દઈએ અને કોઈક ફેરો તો અમે મહારાજ પાસે જઈને પહેરાવીએ. એમ કરતાં શ્રાવણ માસ આવ્યો ને **બોટાદ**થી **માતરા ધાધલ** મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "સંતોએ નારાયણ કહ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતો ત્યાં કેવાક ભણે છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "બહુ ભણે છે."

પછી મહારાજ કહે, "અહીંયાં જે ભણતા હોય તે બોટાદ જાઓ ને ત્યાંના ભણનારા અહીંયાં આવો." પછી મુક્તાનંદસ્વામી આદિ ગઢડામાં ભણનારા હતા, તે બોટાદ ગયા. અને પરમાનંદસ્વામી આદિ બોટાદમાં ભણનારા હતા, તે ગઢડે આવ્યા. અને મહારાજ થાળ જમવા બેઠા, તે સમયે સંતો આવ્યા. તેમને બોલાવ્યા, તેથી આવીને પગે લાગીને બેઠા. અને મહારાજે ત્યાંના સર્વ સત્સંગીની ખબર પૂછી. પછી થાળ જમીને પલવટ વાળીને બિરંજની રસોઈ તાણ કરી કરીને પીરસતા જાય ને છાતીમાં ચરણ આપતા જાય. પછી દૂધ, સાકર ને ભાત પીરસ્યાં. પછી હાથ ધોઈને મુખવાસ લીધો. પછી એલચી, લવિંગ, સોપારી તે પ્રસાદી કરીને સંતોને આપ્યા. પછી સંતો ઉતારે આવ્યા.

❊ બ્રહ્માનંદસ્વામી ઉપર દૂધ રેડ્યું :

બીજે દિવસ મહારાજ વાસુદેવને ઓરડે થાળ જમ્યા. પછી સંતની પંક્તિમાં મોતૈયા લાડુ પીરસતા જાય ને છાતીમાં ચરણ આપતા જાય. પછી દૂધની વટલોઈ(બોઘરણી) લીધી ને બ્રહ્માનંદસ્વામીની ઉપર રેડી દીધી ને પ્રેમાનંદસ્વામી ઉપર દૂધની છાલક(ઝાલક) નાંખી. પછી સર્વેને જમાડીને મુખવાસ દીધો. ત્યારે સંતો બોલ્યા જે, "ઘેલે નાવા પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, "ઉતારે જાઓ." પછી ઘડીક કેડે ઘેલે નાવા પધાર્યા ને ખળખળિયાથી ઉગમણી કોરે ધરો છે, ત્યાં વસ્ત્ર ઉતારીને નાવા બિરાજ્યા. પછી નાહીને વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા. તેના ઉપર બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં છે, તે પદ -

'સજ્યા શણગાર શોભતા રે, આજ સખી વ્રજરાજ;
થયા પ્રગટ મનડું લોભતા રે, વ્રજનારીને કાજ..૦૧
હરિએ પહેરી રૂડી હીરની રે, સુથણલી સુરંગ;
આણી રીત અમીરની રે, ગોવાળાને સંગ..૦૨

કાજુ કોરલ કેવડા રે, અંગરખી અનુપ;
સખા નીરખે તેવતેવડા[1] રે, રસિયાજીનું રૂપ..૦૩

ટોડે તોરણ બાંધિયાં રે, આઠમ ઉત્સવ પ્રીત;
રૂડાં ખાંતે શું રાંધિયાં રે, ભોજનિયાં બહુ રીત..૦૪

લઈ મોતૈયા સુંદર હાથડે રે, પીરસે પ્રીતમ આપ;
મેલે ગોવાળાને માથડે રે, ચરણકમળની છાપ..૦૫

મારે જમતાં જમતાં લાડવા રે, અંગ ઘણો ઉછાવ;
લઈ દહીં દૂધના ગાડવા રે, માથડે ઢોળે માવ..૦૬

તથા બીજા પદ જે, *'વહાલે દૂધ તણી લઈ હેલ, ઢોળી મારે માથે રે.'* પછી એવી રીતની લીલા કરતાં પંદરેક દિવસ ગયા, ત્યાં તો જન્માષ્ટમી આવી. ત્યારે જીવા ખાચર આદિ સર્વે હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! મુક્તાનંદસ્વામીને તેડાવો." ત્યારે મહારાજ કહે, "એમને ભણવા દ્યો." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! મુક્તાનંદસ્વામીનું મંડળ તો તેડાવવું જોઈએ." ત્યારે મહારાજ કહે, "તેડાવો." પછી સ્વામી આવ્યા ને સંતોને મળ્યા. પછી મહારાજે તેડાવ્યા તેથી માંયલી કોરે ગયા ને મહારાજ મળ્યા. અને બોટાદના હરિજનની ખબર પૂછી. પછી થાળ જમ્યા. પછી સંતોને પીરસવા લાગ્યા, તે પીરસતા જાય અને મનુવાર કરતા જાય. પછી દૂધ, ભાત ને સાકર પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી સંતો ઉતારે આવ્યા.

પછી મહારાજ નાવા પધાર્યા ને ખળખળિયામાં વચ્ચે બિરાજ્યા. અને સંતમંડળ હેઠવાસ નાય ને જળમાં શરીર તણાતા મેલે. અને વળી એકબીજાને ઠેલે, તેથી તણાતા બીજા સાથે અથડાય. તેને જોઈને મહારાજ હસતા જાય. પછી મહારાજે બાર નીસરીને વસ્ત્ર પહેર્યાં ને ધીરે ધીરે ચાલતા ઊભી બજારે થઈને દરબારમાં પધાર્યા ને ગાવણું

૧.સરખેસરખા

કરાવ્યું. પછી સંતો ઉતારે આવ્યા. એમ લીલા કરતાં જન્માષ્ટમી આવી. તે દિવસ તો મહારાજનાં દર્શન ન થયાં. પછી રાત પહોર ગઈ તે સમે તુકારામના અભંગ(મરાઠી છંદ) બોલવા માંડ્યા. ત્યાં તો મહારાજ પધાર્યા ને કાળા છેડાનો ખેસ પહેર્યો છે, ને દુશાલો ઓઢ્યો છે, ને મસ્તકે લાલ ફેંટો બાંધ્યો છે, ને ગાદીતકિયા ઉપર આવીને દક્ષિણાદે મુખારવિંદે બિરાજમાન થયા. અને ગાવણું માંડ્યું તે ઘડી ચારેક બોલ્યા. પછી મહારાજ કહે, "રાખો." પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીના ગાવણાની ચલગત તો અમે ક્યાંઈ દેખી નથી."

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મેં કીર્તન કર્યાં છે." ત્યારે મહારાજ કહે, 'બોલો.' ત્યારે બોલ્યા જે, *'હાંરે મન લીધું મોરલડીના તાનમાં રે, હું તો મોઈ છું છેલાજીના વાનમાં રે.'* તે ગાતા જાય ને મહારાજના સામો હાથ કરતા જાય. પછી બોલી રહ્યા ને મહારાજને પગે લાગ્યા. પછી પ્રેમાંનદસ્વામી બોલ્યા જે, "મેં કીર્તન કર્યાં છે." ત્યારે મહારાજ કહે, "બોલો." તે બોલ્યા જે, *'નેણામાં નાથજી આવો રાખું રે, મારા પ્રાણ વારી વારી નાખું રે...નેણા.'*

તે બોલી રહ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "દાણલીલા બોલો." પછી ચાર-ચાર સંતો સામસામા ઊભા રહી બોલ્યા જે, *'એક સમે હરિ વનમાં ઊભા વેણ વાય રે.'* પછી તે સાંભળતા જાય ને મુખારવિંદ આડો રૂમાલ દઈને મહારાજ હસતા જાય ને ભક્તજનને આનંદ પમાડતા જાય. પછી જે સંત ગાતા હતા, તેમને છાતીમાં ચરણકમળ આપ્યાં. પછી મહારાજ દરબારમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પ્રભાતે જાગ્યા ને નિત્યવિધિ કરીને થાળ જમવા બિરાજ્યા. પછી સંતને જમવા તેડાવ્યા. પછી જમી રહીને ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને જે હરિસાની રસોઈ કરાવેલી તે પીરસવા માંડી. તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી ભાત, દૂધ ને સાકર પીરસવા

માંડ્યું. પછી મુખવાસ સર્વે સંતને આપ્યો. પછી સંત ઉતારે આવ્યા. પછી સંતે ગાવણું કર્યું ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી સ્વામીએ વાત કરી ને હરિજનને રજા આપી. પછી મહારાજ પધાર્યા ને ગાદીતકિયા ઉપર આવીને બિરાજ્યા, ત્યારે સર્વે સંત ઊભા થયા ને પાછા બેઠા.

❊ સંતોને પત્તર-તુંબડાં રાખવાની આજ્ઞા :

પછી મહારાજ બોલ્યા જે, "મુનિને લાકડાનાં પત્તર રાખવાં, નહીં તો તુંબડાનાં." ત્યારે સંત બોલ્યા જે, "એ કેમ ઠીક પડશે ? ગુજરાતમાં ફરવું ને આભડછેટ ખરી." ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ મયારામ ભટ્ટ ?" ત્યારે ભટ્ટ બોલ્યા જે, "લાકડાની કથરોટ, વેલણ ને મોગરી(હથોડી જેવું ખાંડવાનું સાધન) તે જ્યાં લગી એંઠી હોય, ત્યાં લગી અન્ય વર્ણ ન અડે. પછી ધોઈને અડે તો તેનો બાધ નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "શુકમુનિ ! કાગળ લખો જે, પરમહંસને ગોળા જમવા ત્યારે લાકડા તથા તુંબડાના પત્તરમાં લઈને જમવા, પણ હાથમાં લઈને ન જમવા. એમ અમારી આજ્ઞા છે. ને પત્તર રાખો તે રંગ્યા વિનાનાં રાખજો." પછી ભાઈરામદાસજી બોલ્યા જે, "હું તો લાકડાના પત્તરમાં જ ગોળો જમું છું." ત્યારે મહારાજ કહે, "ઠીક."

પછી મહારાજ દરબારમાં પધાર્યા. ને જ્યાં જ્યાં સંતનાં મંડળ હતાં, તે તે દેશ પ્રત્યે કાગળ લખાવીને મોકલ્યા. પછી પહોર દિવસ ચડતે સંતોને જમવા તેડાવ્યા. તે સમયે મહારાજ થાળ જમતા'તા. ત્યારે મુક્તાનંદસ્વામીએ પત્તર કરીને મહારાજના હાથમાં આપ્યું. ત્યારે મહારાજે હાથમાં લઈને ઊંચું ઉપાડીને સર્વેને દેખાડ્યું. અને એમ બોલ્યા જે, "આને ચોર ન લે ને અભડાય પણ નહીં." એમ કહીને જમીને પત્તરમાં સ્વામીને પ્રસાદી આપી. ને એમ બોલ્યા જે, "થાઓ પંક્તિ." પછી ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને જલેબી પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી જમાડીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ પોઢ્યા.

❊ રતા બસિયા સાથે રમૂજ કરી :

(પ્રસાદાનંદસ્વામી કહે) અમે ઉતારે આવ્યા. પછી રાત પહોર એક ગઈ ત્યારે મહારાજ અમારી જગ્યામાં પધાર્યા. ત્યારે ખેસ પહેર્યો છે, ને દુશાલો ઓઢ્યો છે, ને મસ્તકે રેંટો બાંધ્યો છે. અને તે સમે રતો બસિયો પાસે આવીને બેઠો. ત્યારે મહારાજ કહે, “રતા ! રાત કેટલી રહી છે ?” ત્યારે રતો બોલ્યો, “પાંચ પહોર ગઈ છે ને પન્નર પહોર રહી છે.” ત્યારે મહારાજ કહે, “રતા ! પીપળાનું પાંદડું લઈ આવ તો માણકી ઘોડી આપું.” ત્યારે તે કહે, “ઘોડી તો લાડુબાએ તમને ચડવા આપી છે, તે તમે ચડો છો ને દાદો પણ ચડે છે.” એમ બહુ રમૂજ કરી.

પછી મહારાજ બોલ્યા જે, “સાધુ સર્વે ગુજરાતમાં જાઓ.” ત્યારે નિત્યાનંદસ્વામી કહે, “અમે સર્વે ભણનારા સાધુ ગામ **જેતલપુર** જઈશું.” અને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હું **વડોદરા**ની કોરે ફરવા જઈશ.” અને પ્રેમાનંદસ્વામીને મહારાજ કહે, “તમે **ભાવનગર**ની કોરે ફરવા જાઓ.” અને આત્માનંદસ્વામીને કહે, “તમે **કુંડળ**ની કોરે ફરવા જાઓ.” એમ કહીને મહારાજ ઉતારે પધાર્યા. પછી સંતમંડળ જ્યાં ચાલવા તૈયાર થયા, ત્યારે હરિભક્તે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “અમારી રસોઈ છે, તો જમીને જાજો.” ત્યારે સ્વામી કહે, “મહારાજને પૂછો.” ત્યારે પૂછવા ગયા. ત્યાં તો મહારાજ ઓરડીની માંહીલી સાંકળ દઈને પોઢ્યા હતા, તેથી જગાડ્યા પણ કાંઈ બોલ્યા નહીં. પછી હરિજને મહારાજની વાત સ્વામીને કરી. ત્યારે સ્વામી બોલ્યા જે, “મહારાજની મરજી નથી ત્યારે આગ્રહ ન કરો.”

પછી સર્વે સંત ઉદાસ થઈને ચાલ્યા ને એમ બોલ્યા જે, “હવે ક્યારે દર્શન થાશે ?” ત્યારે બીજા સંતો બોલ્યા જે, “મહારાજે આપણને જે જે સુખ આપ્યાં ને લીલા કરી છે, તેને સંભારો ને સુખિયા રહો.” પછી સંતોને જ્યાં જ્યાં આજ્ઞા કરી હતી, ત્યાં તે સર્વે ગયા.

❊ વડોદરામાં મુક્તાનંસ્વામી સભા જીત્યાના ગઢડે સમાચાર :

પછી બે મહિના કેડે ખબર આવી જે, 'મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા.' ત્યારે મહારાજે કાઠીના અસવારને ખબર મોકલીને તેડાવ્યા. અને મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં ને રોઝો ઘોડો શણગાર્યો. તેના ઉપર અસવાર થયા અને જે ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** થઈને ગામ **કારિયાણી** આવ્યા. ત્યાં ગુલાબાનંદ આદિ સંતમંડળને દર્શન દીધાં. પછી સભા કરીને બિરાજ્યા. પછી થાળ થયો તે જમ્યા ને વસ્તા ખાચરના ઉગમણે ઓરડે આવીને બિરાજ્યા. પછી બોલ્યા જે, "સંતમાત્ર ગામ જેતલપુરમાં ભેગા થાઓ. પછી જ્યાં અમારે સમૈયો કરવો હશે, ત્યાં તમને તેડાવશું." એમ કહીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને દાતણ કરીને સ્નાન કર્યું અને વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **કુંડળ** પધાર્યા ને **અમરા પટગર**ને આથમણે ઓરડે ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી કાઠી બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી એકલા સભા જીત્યા ?" ત્યારે મહારાજ કહે, "હા." અને સંતો તો જેતલપુર ગયા. પછી થાળ જમીને સર્વને જમાડીને મહારાજ મામૈયા પટગરને ઘેર પધાર્યા. ત્યાં તો સંતો જમીને આવ્યા, ત્યારે મહારાજ કહે, "જમ્યા છો ?" ત્યારે સંતો બોલ્યા જે, "હા મહારાજ." ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંતો બોલ્યા જે, *'આવો અલબેલા અલબેલ મંદિરીએ મારે.'* પછી મહારાજ બોલ્યા જે, "હે સંતો ! કોઈ મુક્તાનંદસ્વામીને ખબર કરવા જાશો ?" ત્યારે સંતો કહે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "આવો મળીએ ને મુક્તાનંદસ્વામીને કહેજો જે, ગામ જેતલપુર આવે."

પછી મહારાજ ઘોડે અસવાર થઈને જે ચાલ્યા, તે નળકાંઠામાં થાતાકને **ડાંગરવે** પધાર્યા. કમિયાળામાં જેઠ માસમાં ગાડી મેલી હતી, તે લેવા અલૈયો કહોર(મૂળ કુંડળ ગામના કહર અટકના કાઠી) ને કરીમ,

બળદ લઈને આવતા હતા, તેમની ભેળા અમે (પ્રસાદાનંદસ્વામી) અને સંતો ચાલ્યા તે **કમિયાળા** આવ્યા. અને તે તો મહારાજ પાસે ગયા ને અમે જેતલપુર આવ્યા.

મુક્તાનંદસ્વામીના મંડળ વિના સર્વે સંતમંડળ જેતલપુર ભેળાં થયાં, પણ ભિક્ષાનું પૂરું થાય નહીં. ત્યારે સર્વે સંતોએ વિચાર કર્યો જે, ‘આપણે અમદાવાદમાં જાઈએ ને બે સંત અહીંયાં મેલતા જાઈએ. તે જ્યારે મહારાજની ખબર આવે જે, આ ગામમાં તેડાવ્યા છે, ત્યારે આપણને ખબર કરે.’ એમ ઠરાવ કરીને શહેરમાં ગયા અને દરિયાપુરમાં આપણી જગ્યા હતી, તેમાં ઉતારા કર્યા. અને નિત્યે પંચવીશ સંતો ઝોળી માગવા જાય, તેથી સર્વે સંતોને ભિક્ષા પૂરી થઈ રહે.

અને આપણી પ્રથમની જગ્યા રામાનંદસ્વામી છતાંની જે રાયપરમાં છે, તેમાં રુગનાથદાસ આવીને રહ્યો. તેથી મહારાજ તથા સંત ફરીથી તે જગ્યામાં ગયા નહીં, તેથી રુગનાથદાસ બથાવી પડ્યો. અને સંતો જે શહેરમાં રહ્યા છે, તે મહારાજની લીલા સંભારે છે ને વાતો કરે છે જે, ‘ક્યારે મહારાજ તેડાવશે ?’ એમ કરતાં ત્યાં ત્રણ દિવસ થયા, ત્યારે ખબર આવી જે, “મહારાજે **કરજીસણ** તેડાવ્યા છે.”

❊ અહોભાવ સાથે શ્રીહરિનું ચિંતન કરતા સંતો :

પછી અમદાવાદથી સંતો સર્વે ચાલ્યા ને પરસ્પર મહારાજની લીલા કહેતા જે, “હે સંતો ! જુઓને, મહારાજ આપણને મળે છે, ત્યારે મૂર્તિ કેવી શોભે છે ! ને કેવી ચંચળતાઈથી ઘડીકમાં સર્વને મળી રહે છે ! ને પૂનમના ચંદ્ર જેવું મુખારવિંદ કેવું શોભે છે ! ને ભાલને વિષે બે રેખા તિલકને આકારે કેવી શોભે છે ! નાસિકા ઉપર શીળીનાં ચિહ્ન ને નેત્રની પાંપણ ઉપર ઝીણી કરચલીઓ ને કમળ સરખાં નેત્રમાં કેવી લાલ રેખા શોભે છે ! જાણીએ જોયા જ કરીએ ! અને તે વિષે પદ જે, *‘તારી એ રે રેખડલીનું અંતરે, ધરે ધ્યાન મુનિ દિન રેણ પ્યારા.’* અને

વળી કેવી કરુણાદષ્ટિએ કરીને આપણા સામું જુએ છે ! ને કેવી મધુરી વાણીએ બોલાવે છે ! અને હે સંતો ! એવા જે ભગવાન તેમને આજ આપણે નિશ્ચે જ દેખશું. અને આપણે જ્યારે દંડવત કરશું ત્યારે મહારાજ સામા આવીને હાથ ઝાલીને મળશે ને ખબર પૂછશે.” એવી રીતે વાત કરતા થકા જ્યાં અડાલજની વાવે આવ્યા, ત્યાં દિવસ આથમ્યો. ત્યારે નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “સર્વે માંદા ને વૃદ્ધ આગળ ચાલો ને તેમની આગળ જે ભોમિયા હોય, તે ચાલો ને જવાન સંત સૌની કેડે ચાલો.”

પછી ગામ **વડુ** ગયા ને જ્યાં ચોરામાં આવ્યા, ત્યાં તો મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં છે ને ગાડીમાં બિરાજે છે, તે સંતને દેખ્યા ને તરત ગાડીમાંથી ઊતર્યા. ને સંતોએ મહારાજને દેખ્યા, ત્યારે જેમ દંડ પડે તેમ દંડવત કરી ચરણમાં પડ્યા. પછી મહારાજ કહે, “આવો મળીએ.” પછી સંતોને મળ્યા ને મહારાજ ગાડીમાં બિરાજ્યા. અને નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીને કહે, “ગાડીમાં આવો.” પછી ચાલ્યા, તે ગામ વડુને ઝાંપે વડ હતો, તેના હેઠે સભા કરીને બિરાજમાન થયા. અને મુનિમંડળને થાક ને ઉજાગરો હતો ને મહારાજ મળ્યા તેથી જીવમાં શાંતિ થઈ, ને નિદ્રા આવવા માંડી. અને મહારાજે વાત કરી. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “આ વડ ઉપર રહી બંદૂકના અવાજ કરાવો તો સંતો સાંભળીને આવે.” પછી ભડાકા કરાવ્યા. અને તે સમે એવું પ્રકરણ જે એક સંતમાં વાંક આવે તો મહારાજ સર્વે સંતને માથે વર્તમાન ફેરવે.

પછી નાનાભાઈ આવ્યા ને કહે, “હે મહારાજ ! પરમહંસને સારુ રસોઈ તૈયાર થઈ છે, તેથી થાળ જમવા પધારો.” પછી ગાડે બેસીને ગામમાં પધાર્યા અને માના ગોયલે નવરાવ્યા. અને ગંગામા થાળ જમાડતા જાય ને પરાણે દૂધ પાતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને

પલવટ વાળીને પીરસવા માંડ્યા, તે તાણ કરી કરીને પીરસતા જાય. અને માના ગોયલની શીરાની રસોઈ હતી તેથી તે કહે, “હે મહારાજ ! સંતોને તાણ કરીને પીરસો.” પછી હાથ જળે કરીને ધોવડાવ્યા ને સભા કરીને ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી હરિજન મહારાજની પૂજા કરવા આવ્યા. પછી ઘોડે અસવાર થઈને ગામ **ઝુલાસણ** પધાર્યા ને ચોરામાં જઈને ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા અને બ્રહ્માનંદસ્વામી પાસે ઝૂલણા(એ નામના છંદ) બોલાવ્યા જે, *“પાયી જિંદગી બંદગી નાહીં કી.”* એ પચાસ બોલ્યા.

પછી **હીરા ચોધરી**ને ઘેર પધાર્યા. તેમણે મહારાજની પૂજા કરી ને ઘોડાને જોગાણના પાવરા ભરાવ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ઓળા** પધાર્યા ને વાજતે ગાજતે **ગોપાળ પટેલ**ના માઢમાં જઈને બિરાજ્યા. ગંગામાએ થાળ કર્યો, તે દૂધની પૂરી મહારાજ જમ્યા. પછી પોઢ્યા ને જાગીને બોલ્યા જે, “સંતોને બોલાવો.” પછી સુખડીના લાડુ પ્રસાદી કરીને સંતોને બે બે આપવા માંડ્યા ને એમ બોલ્યા જે, “હવે ગામ **આદરજ** ચાલો.”

પછી મહારાજ નિત્યવિધિ કરીને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે ગામ **ધમાસણા** પધાર્યા ને જઈને ગામના ચોકમાં ઊભા. ત્યારે **સુતાર પુરુષોત્તમ** બોલ્યા, “હે મહારાજ ! ગંગામાએ થાળ મારે ઘરે કર્યો છે, તેથી જમવા પધારો.” તે સમયે અલૈયા ખાચરે ઘોડી ફેરવી, તેથી જે લાલ પાઘડીવાળા ઊભા હતા તે સર્વે ખાતર કાઢી લીધેલ ખાડમાં પડ્યા. એક ફેરો મહારાજ એ ગામમાંથી જમ્યા વિના ચાલી નીસર્યા હતા તે દાઝ વાળી. અને કાઠીના બસે અસવાર ને ત્રણસે સરબંધી પાળા તે બખતર પહેરેલા, ને રોઝી ઢાલો ને હાથમાં ભાલા ઝળકી રહ્યા છે, ને ઘોડા હણહણી રહ્યા છે. તે જોઈને અવિદ્યાવાળા તો થરથર ધ્રૂજવા લાગ્યા.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને દૂધના લાડુ ને તળેલાં શાક જમીને પછી સર્વે કાઠી-પાળાને જમાડ્યા. પછી ત્યાંથી મહારાજ

ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **જલોદ** થઈને ગામ **આદરજ** પધાર્યા. અને **રતુ ખાંટે** સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામમાં આવ્યા. પછી ગામથી ઉત્તરાદી કોરે આંબલીઓ છે, તે ઠેકાણે સંતમંડળે મળીને હિંડોળો બાંધ્યો હતો, તેના ઉપર આવીને આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને સર્વે સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તેમણે પણ તે જ ઠેકાણે ઉતારા કર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ગઢડામાં જન્માષ્ટમી ઉત્સવ, વડોદરામાં મુક્તાનંદસ્વામી સભા જીત્યા અને સંતોને આદરજમાં ભેળા કર્યા,' એ નામે ચોત્રીસમો વિશ્રામ ॥૩૪॥

વિશ્રામ - ૩૫

આદરજ ઉત્સવ, મુક્તાનંદસ્વામીએ વડોદરાની સભા જીત્યાની વાત કરી, સદ્‌ગુરુનું સ્થાપન તથા દંઢાવ્ય દેશમાં વિચરણ

પછી નાનાભાઈ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! સંતોને સારુ રસોઈ તૈયાર છે, તેથી થાળ જમવા પધારો." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે રતુ ખાંટના ફળીમાં પધાર્યા ને રતુ ખાંટે મહારાજને નવરાવ્યા. પછી ઉત્તરાદે મુખારવિંદે જમવા બિરાજ્યા ને જેરામ બ્રહ્મચારી જમાડતા જાય ને જલપાન કરાવતા જાય. જમીને હાથ ધોઈને મુખવાસ લીધો. ને પલવટ વાળીને પંક્તિમાં પીરસવા લાગ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી હાથ ધોયા ને પછી ઘોડીએ અસવાર થઈને જ્યાં સંતો ઊતર્યા હતા, ત્યાં પધાર્યા.

અને એમ બોલ્યા જે, "ઢોલિયો લાવો." પછી તેના ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ત્યારે દેવાનંદસ્વામી આદિ ગવૈયા હતા, તે વાજાં લઈને ગાવા લાગ્યા.

પછી રાત પહોરેક લગી ગાયાં. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પોઢવા પધાર્યા. પછી સવારે દાતણ કરીને ઉષ્ણ જળે સ્નાન કર્યું ને હરિજને ભારે પોશાક પહેરાવ્યો. પછી ઘોડે અસવાર થયા ને ઢોલ, શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને ગામ બહાર ઉતારે પધાર્યા. અને જયજયકાર શબ્દ થઈ રહ્યા છે ને ઢોલિયા ઉપર બિરાજ્યા.

પછી દેશ દેશના હરિભક્ત આવવા માંડ્યા, તે કેટલાકે ગામમાં ઉતારા કર્યા, ને કેટલાકે તો તળાવની પાળે ઉતારા કર્યા, ને કેટલાક ઝાડ હેઠે ઊતર્યા. અને મહારાજને પગે લાગતા જાય ને ભેટ મેલતા જાય. પછી મૂળજી બ્રહ્મચારી મહારાજને બોલાવવા આવ્યા ને કહ્યું જે, "સાધુની રસોઈ પણ તૈયાર થઈ છે." પછી ઘોડીએ અસવાર થઈને મહારાજ ગામમાં પધાર્યા ને ચરણ નાનાભાઈએ ધોવરાવ્યા. પછી થાળ જમ્યા ને પછી પલવટ વાળીને પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી મહારાજે હાથ ધોયા. પછી ત્યાં ઘડી ચારેક પોઢ્યા.

પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને અમારે ઉતારે પધાર્યા ને ઢોલિયા ઉપર આવીને ઉગમણે મુખારવિંદે બિરાજ્યા. અને જેમ તારામંડળની વચ્ચે ચંદ્રમા શોભે એમ સંતમંડળમાં શોભે છે, સર્વે હરિજન મહારાજની ચારેકોરે બેઠા છે. પછી ગરબી બોલ્યા જે, *'નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદરીનાથ પ્રગટ જગ જાણી..ના.'* પછી મશાલો થઈ. પછી આરતી-ધૂન કરી રહ્યા. પછી શ્લોક ને રેણકી છંદ બોલી રહ્યા. પછી વાજાં લઈને સંતમંડળ ગાવા લાગ્યાં. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ ગામમાં પધાર્યા ને પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં. પછી ઘોડીએ અસવાર થઈને ગામ બહાર આવ્યા ને ઢોલિયે બિરાજ્યા.

પછી ખબર આવી કે 'મુક્તાનંદસ્વામીનું મંડળ આવે છે.' ત્યારે તરત મહારાજ સામા ચાલ્યા, તે જ્યાં મુક્તાનંદસ્વામી દંડવત કરવા

જાય છે, ત્યાં તો મહારાજે સ્વામીને ઉપાડી લીધા ને મહારાજ મળ્યા. પછી સ્વામી બોલ્યા જે, "બીજા સંતોને ઉતારે મળજો." પછી સંતમંડળ ને હરિજનની ભીડ થઈ. પછી મહારાજ સ્વામીનો હાથ ઝાલીને ચાલ્યા, તે આવીને ઢોલિયે ઉગમણે મુખારવિંદે બિરાજ્યા અને મુક્તાનંદસ્વામી આથમણે મોઢે બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "સ્વામી, અમે તમને ગઢડેથી આજ્ઞા કરી હતી જે, તમે વડોદરાની કોરે ફરવા જાઓ, તે તમે જઈ સભા જીત્યા તે વાત કરો."

❊ આદરજમાં મુક્તમુનિએ વડોદરાની સભા જીત્યાની વાત કરી :

પછી સ્વામી હાથ જોડી નમસ્કાર કરીને બોલ્યા જે, "વડોદરામાં વૈરાગી છાવણી કરીને પડેલા અને વેદાંતાચાર્ય જે વરતાલમાં ખોટો પડ્યો હતો, તે પણ ગામમાં હતો. અને અમે ગામ કરાલી ગયા હતા. ત્યારે વડોદરેથી નાથભક્ત ને વનમાળી આદિ હરિજન તેડવા આવ્યા. પછી અમે તો ગામથી દક્ષણાદી કોરે પુરુષોત્તમ કાછિયાની વાડીમાં જ્યાં સંતો ઊતરતા, ત્યાં એક ઓરડી હતી ત્યાં જઈને ઊતર્યા. પછી શહેરમાં ખબર થયા જે, 'સ્વામિનારાયણના મોટેરા સંત આવ્યા છે.' તેથી સર્વે મનુષ્ય પુષ્પના હાર લઈ લઈને આવે ને વૈરાગી તો ઢાલ-તલવાર લઈને અમારી પાસે આવે અને એમ બોલે જે, 'ખોખરા મેમદાવાદમાં અમારા ગુરુભાઈને સ્વામિનારાયણે મરાવ્યા હે.' ત્યારે બીજો બોલ્યો જે, 'દેખ હમારા કાકાગુરુકું માર્યા હે.' પછી હરિભક્તને બીક લાગી, ત્યારે નાથભક્તનું ઘર ખાલી કરાવીને તેમાં અમને ઉતારો કરાવ્યો. અને ભેખ બોલે જે, 'સ્વામિનારાયણના સાધુ સાથે હમારે ચર્ચા કરની હે.' ત્યારે અમે કહી મોકલ્યું જે, 'સરકારના શાસ્ત્રી બેઠા હોય તો ચર્ચા કરશું.'

પછી તો સરકારને ખબર થયા ને સરકાર પણ એમ બોલ્યા જે, 'જે દિવસ સ્વામિનારાયણના સાધુ કહે તે દિવસ સભા કરાવશું.' પછી બે છડીદાર અમારી પાસે સરકારે મોકલ્યા ને કહ્યું જે, 'ભેખમાત્રને છેટે

રાખજો.' પછી સંત જમીને એક સંત ઊભા રહીને માળા ફેરવે ને બીજા સંત ગોદડી ઓઢીને ભજનમાં બેઠા. ત્યારે મારા અંતરમાં એમ ઘાટ થયો જે, 'મારે તો માન થાય કે અપમાન થાય તેનું કાંઈ નથી, પણ અમારું અપમાન થાશે તો સત્સંગની વૃદ્ધિ નહીં થાય.' ત્યારે ભજનમાં બેઠા હતા તેમને મહારાજે દર્શન દીધાં. એને એવું દેખાણું જે, સ્વામીના અંતરમાં મહારાજ પ્રવેશ કરી ગયા. ત્યારે તે સંત ભજનમાંથી ઊઠ્યા ને મને વાત કહી. ત્યારે મને એ વાત યાદ આવી જે તમે કહ્યું હતું જે, 'જ્યારે કોઈ પ્રતિવાદી પ્રશ્ન પૂછે ત્યારે અમારી મૂર્તિનું ધ્યાન કરવું. પછી તેનો ઉત્તર કરનારા તો અમે છઈએ.' તે વાત સંભારીને ઘણી હિંમત આવી.

પછી મેં નાથભક્તને કહ્યું જે, હવે સરકારને કહો જે સભા કરાવો. પછી નાથભક્તે જઈને કહ્યું ત્યારે સરકાર કહે, 'કાલ વાત.' પછી નાથભક્તે આવીને અમને સંભળાવ્યું. પછી બીજે દિવસ જમીને પુંડરીકના(માંડવી પાસે આવેલ વિઠ્ઠલનાથજીના) મંદિરમાં ગયા ને શાસ્ત્રી આવવા માંડ્યા. તે સમયે વૈરાગી પણ ઢાલો, તરવારો, લુવાંગો, છરા, ચીપિયા લઈ લઈ હજારોહજાર આવ્યા. અને સભા થાય છે, એવી વાત સાંભળીને સર્વે શહેર હલકીને(ભીડથી ઉમટીને) આવ્યું. અને ગામોગામના સત્સંગી ભેળા થઈને અમારી પાસે આવ્યા. અમે અઢાર સંતો હતા અને ચાર શાસ્ત્રી આવીને બેઠા. અને એમ બોલ્યા જે, 'બે વૈરાગી આવો ને બે સ્વામિનારાયણના સાધુ આવો.'

પછી બે વૈરાગી આવ્યા અને અમે પણ બે સંત જઈને બેઠા. ત્યારે મેં કહ્યું જે, 'તમારે જેટલા પ્રશ્ન પૂછવા હોય તે સર્વે ભેળા જ પૂછો. ત્યારે સભામાં બેઠા હતા તે બોલ્યા જે, 'પૂછો.' ત્યારે વેરાગી કહે, **'સ્વામિનારાયણ ભગવાન કેમ કહેવાય છે ?'** ત્યારે મેં કહ્યું જે, 'શાસ્ત્ર પુરાણમાં કહ્યું છે, તે શ્લોક, 'उत्पत्तिं प्रलयं चैव...।'[1] એમ **અમારા ગુરુને**

૧.જે સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ, આવવું અને જવું તથા વિદ્યા અને અવિદ્યાને જાણે છે, તે જ ભગવાન કહેવાને યોગ્ય છે. (વિષ્ણુ પુરાણ : ૬/૫/૭૮)

વિષે ભગવાનના જેવું દૈવત જણાણું છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને સામર્થી જણાવી તે કરતાં તો સ્વામિનારાયણે બહુ પ્રતાપ જણાવ્યો છે. તે પ્રતાપ જાણીને અમે ભગવાન કહીએ છીએ.' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'કરો શંકા.' ત્યારે તો તેથી કાંઈ બોલાયું નહીં.

અને બીજો પ્રશ્ન પૂછ્યો જે, **'સ્વામિનારાયણ મુગટ કેમ ધારે છે ?'** ત્યારે મેં કહ્યું જે, 'સુરતના હરિભક્ત વરતાલે મુગટ લઈને આવ્યા હતા. તેને સારું લાગે તે સારુ ચાર ઘડી મુગટ ધર્યો હતો. અને કાન-ગોપીનો વેશ કાઢે છે, તે આખી રાત મુગટ રાખે છે, તેને કોઈ કહેતું નથી. અને સ્વામિનારાયણે મુગટ ધર્યો એમાં શો બાધ છે ?' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'એ પણ ઉત્તર થયો.' પછી ત્રીજો પ્રશ્ન પૂછ્યો જે, **'સ્વામિનારાયણ તુલસી કેમ ચડાવે છે ?'** ત્યારે મેં કહ્યું જે, વરતાલ ને જેતલપુરમાં હજારો સત્સંગી ભેળા થાય છે. તેમાં કયા સત્સંગીએ મહારાજને ચરણે તુલસી ચડાવી ? તેનું નામ લો. ત્યારે તે પણ ઉત્તર થયો. અને ચોથો પ્રશ્ન એ જે, **'સ્વામિનારાયણ, ભગવાનની મૂર્તિઓને ત્યાગ કરાવીને કેમ નાંખી દેવરાવે છે ?'** ત્યારે અમે કહ્યું જે, 'જેતલપુરમાં મહારાજે અતિરુદ્રી કરાવી ત્યારે પાંચ દેવનું સ્થાપન કરાવ્યું હતું. અને વળી જેતલપુરના મોહોલમાં રાધાકૃષ્ણની મૂર્તિનું સ્થાપન કર્યું છે. અને અમે કયા હરિભક્તને મૂર્તિનો ત્યાગ કરાવ્યો ? તેનું નામ લો. ત્યારે તે પણ ઉત્તર થયો.

પછી પાંચમો પ્રશ્ન એ જે, **'સ્વામિનારાયણ પુરુષને સ્ત્રીનો ત્યાગ કેમ કરાવે છે ?'** ત્યારે અમે કહ્યું જે, 'જ્ઞાને કરીને કે વૈરાગ્યે કરીને તો ઘરનો ત્યાગ કર્યો હશે ખરો, પણ અમે કયા સત્સંગીનું ઘર ભંગાવીને ત્યાગ કરાવ્યું ? તેનું પણ નામ લો.' ત્યારે તે પણ ઉત્તર થયો. પછી છઠ્ઠો પ્રશ્ન એ છે જે, **'સ્વામિનારાયણના સાધુ ભેખના કુવાડારૂપ કેમ કહેવાય છે ?'** ત્યારે અમે કહ્યું જે, 'ભાગવત અને ગીતા પ્રમાણે અમે સહજાનંદસ્વામીના વચને કરીને વર્તીએ છીએ. અને વળી ભાગવતમાં

કહ્યું છે જે, पदापि युवतिं भिक्षुर्न स्पृशेद्दारवीमपि।[1] તથા अकिञ्चनानां मयि भक्तिभाजाम्...।।[2]

એ રીતે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ અને સપ્ત પ્રકારે દ્રવ્યનો ત્યાગ રાખીએ છીએ અને બીજા સંપ્રદાયવાળા ગ્રહણ કરે છે. અને અમે સ્ત્રી-દ્રવ્યનું ખોદીએ છીએ, તેથી કુવાડા કહે છે. અને કયા શાસ્ત્રમાં સાધુને સ્ત્રી-દ્રવ્ય રાખવાનું કહ્યું છે ? તે બતાવો. અને વળી ગાંજો, ભાંગ્ય, મફર, હોકા, અફીણ તે વૈરાગી ખાય છે અને અમે તેનું ખોદીએ છીએ, તે પણ શાસ્ત્રમાં કહ્યું છે,

आफूककल्पमेकं स्यात् भंगिकल्पशतत्रयम् ।
मदिराकल्पसहस्राणि ब्रह्मा एव न शुध्यति ।

માટે અમે તે ફેલનો ત્યાગ કરીએ છીએ ને ખોદીએ છીએ, તેથી અમને ભેખના કુવાડા કહે છે. હવે એમાં શંકા હોય તો કહો.' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'એમાં તો કાંઈ શંકા નથી ને તમારા પ્રશ્નનો ઉત્તર કરે એવો પણ કોઈ નથી.' પછી સર્વેએ કહ્યું જે, 'બોલો સહજાનંદસ્વામીની જય...'

પછી જે બીજા સંતો છેટે બેઠા હતા, તેમને અમારી પાસે બોલાવ્યા અને ચંદન ને પુષ્પના હારે કરીને અમારી પૂજા કરી. પછી ગાડીમાં બેસારીને ઉતારે પહોંચાડ્યા. અને એવી રીતનો પ્રતાપ જોઈને નારુપંથ નાના તથા રામચંદ્ર વૈદ્ય આદિ ઘણાક મનુષ્ય સત્સંગી થયા. પછી અમે કહ્યું જે, 'જેને પૂછવું હોય તે સુખેથી આવો, પછી કહેશો, અમારે પૂછવું હતું.' પછી અમે ત્યાં પાંચ દિવસ રહ્યા ને ત્યાંથી ચાલ્યા." એવી રીતે મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજ આગળ વાત કરી. અને મુક્તાનંદસ્વામીને નારુપંથ નાના ને રામચંદ્ર વૈદ્ય તેમણે પ્રશ્ન પૂછ્યા

૧. ત્યાગી-પુરુષ લાકડાની પૂતળીને પણ પગ વડેય સ્પર્શે નહીં. (ભાગ.૧૧/૮/૧૩)
૨. સર્વ પ્રકારના ધનનો ત્યાગ રાખનાર અને મારે વિષે પરા પ્રીતિવાળા એવા સંતોને મારા સિવાયના કોઈ પણ પદાર્થથી શું નિસ્બત છે ? (ભાગ.૫/૫/૨૫)

ને સ્વામીએ પુરુષોત્તમ નિરૂપણ કર્યું છે, તે વાત તો વિસ્તારે સહિત સત્સંગિજીવનમાં છે અને આમાં તો સંક્ષેપે કહ્યું છે.

પછી તરવાડી નાનાભાઈ આવીને બોલ્યા જે, "પરમહંસને સારુ રસોઈ તૈયાર થઈ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ભેળા જે સંતો હોય તેને આવો મળીએ." પછી ફરીથી સ્વામીને મળ્યા ને સંતોને મળીને ગામમાં જમવા પધાર્યા. પછી લાખો મનુષ્ય હતાં, તેમાં સ્વામીની વાતની લાવણ્યતા સાંભળીને હજારો હરિભક્ત હતા, તે સર્વે જેમ ચિત્રામણમાં લખાય એમ થઈ ગયા. પછી મહારાજ વસ્ત્ર ઉતારીને ઉત્તર મુખે જમવા બિરાજ્યા. પછી જમીને થાળ સ્વામીને આપ્યો. પછી ચળુ કરીને પલવટ વાળીને લાડુ પીરસવા લાગ્યા ને તાણ કરતા જાય ને પીરસતા જાય. અને જમાડીને હાથ ધોઈને પછી મહારાજ ત્યાં પોઢ્યા. સંતો ઉતારે આવ્યા અને ત્યાં સર્વે સંતોને સ્વામી મળ્યા. ત્યાં તો ઘડીક કેડે મહારાજ પધાર્યા ને ઉગમણે મુખારવિંદે આવીને બિરાજમાન થયા.

❊ આદરજમાં ચાર સંતોને સદ્ગુરુ કર્યા :

પછી મહારાજ એમ બોલ્યા જે, "આ ચાર સંતોને અમે સદ્ગુરુ કરીએ છીએ. તેમાં એક તો **મુક્તાનંદસ્વામી**, બીજા **બ્રહ્માનંદસ્વામી,** ત્રીજા **નિત્યાનંદસ્વામી** અને ચોથા **શામળિયા ચૈતત્યાનંદસ્વામી.** તેમને અમે સદ્ગુરુ પદવી આપી છે. માટે એમને અમારે ઠેકાણે તમે પૂજજો. અને તેમના હાથ હેઠે આનંદસ્વામી આદિ બીજા મોટેરા સંત રહે, એમ અમારી આજ્ઞા છે." ત્યારે સર્વે સંત તથા હરિજન હાથ જોડીને બોલ્યા જે, "સારું મહારાજ, તે જ રીતે સદ્ગુરુની પૂજા કરશું અને આજ્ઞા પાળશું." પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મતપંથને જીત્યા તે વિષે કવિત કર્યું હતું, તે કહેરાવ્યું.

દિન દિન અધિક પ્રતાપ બઢ્યો લોકન મેં,
શોકકે સમુદ્ર પરે ભેખડ રખાયકે... દિન દિન૦ ૧
મત અરુ પંથકી ઉખારી જર આદ્યહુસે,
ભક્તિકો પ્રતાપ રહ્યો જગ છાયકે... દિન દિન૦ ૨
સનકાદિક નારદસે સંત મહીં ડોલત હે,
અધમ ઉધારવેકું તવ ગુન ગાયકે... દિન દિન૦ ૩
ઓર હી પ્રતાપ તુમ અધિક જનાયો સ્વામી,
મુક્તાનંદ ચરણકે નિકટ બોલાયકે...દિન દિન૦ ૪

તે સાંભળીને મહારાજ રાજી થયા. પછી એમ બોલ્યા જે, "બાઈભાઈ સર્વે સાંભળજો, અમારે પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી, કાઠીના અસવાર, પાળા ને હરિજન તેમણે સહિત ગામોગામ ફરવું છે. તે ક્યાંક પહોર ને ક્યાંક બે પહોર ને ક્યાંક રાત રહેશું." ત્યારે જે દંઢાવ્ય દેશનાં હરિજન બાઈભાઈ હતાં, તે સર્વે બહુ રાજી થયાં. પછી મહારાજે જેરામ બ્રહ્મચારી, ત્રવાડી નાનાભાઈ તથા પટેલ ગોવિંદભાઈને આજ્ઞા કરી જે, "તમે હરિજનને પૂછીને નિરધાર કરો કે ક્યાં રાત ને ક્યાં પહોર વાર રહેવું." પછી મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા વાજાં લઈને વિષ્ણુપદ બોલ્યા. પછી મહારાજ ઘોડીએ ચડીને (આદરજ) ગામમાં પધાર્યા ને પોઢ્યા.

પછી સવારે જાગીને દાતણ કરીને સ્નાન કર્યું ને હરિજને ભારે પોશાક પહેરાવ્યો. પછી ગંગામા આદિ બાઈઓ પેંડા-બરફી જમવાનું લાવ્યાં. તે મહારાજ જમવા બિરાજ્યા ને એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી આદિ ચાર સદ્‌ગુરુને જમવા બોલાવો." પછી જમીને થાળ એમને આપ્યો, પછી બહાર ઉતારે પધાર્યા. ત્યાં તો ગંગારામ સુથાર પત્તર ઉતારીને લાવ્યા ને મહારાજને આગળ મેલ્યાં. પછી મહારાજે પત્તર મોટા મોટા સંતોને આપ્યાં. પછી મહારાજ ગામમાં પધાર્યા ને

રસોઈવાળાનો થાળ જમ્યા. પછી જે પલવટ વાળીને પીરસવા લાગ્યા, તે પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઘડીક પોઢ્યા.

પછી અમારે ઉતારે પધાર્યા ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યાં તો ગામમાંથી રતુ ખાંટ આદિ સર્વે રમવા આવ્યા. ત્યારે મહારાજે માર્ગ કરાવી આપ્યો. પછી ડાંડિયે રમવા લાગ્યા. તે મહારાજના સામું જોતા જાય ને રમતા જાય. પછી રમી રહ્યા ત્યારે નાનાભાઈ પાસે સુખડી અપાવી. પછી બ્રહ્માનંદસ્વામીને મહારાજે સાન કરી. ત્યારે જવાન જવાન સંત ફરવા માંડ્યા અને *'ગોરસ લઈને ગોપીકા ચાલી વેચવા કાજે.'* એ કીર્તન બોલી રહ્યા, ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "આ સંતની આગળ તો અમારી રમત કાંઈ નહીં." પછી સંત બીજા કીર્તન બોલ્યા જે, *'સખી જોને આ બાલક નાનો રે, એનું નામ કોડીલો કાનો.'* પછી મુક્તાનંદસ્વામી કીર્તન બોલ્યા જે, *'હરિ હૈયાના હાર છો જી રે, તમે હરિ હૈયાના હાર છો.'* પછી મહારાજ ગામમાં પધાર્યા ને પોઢ્યા.

પછી સવારે જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને ઘોડે અસવાર થયા ને તળાવે આવીને ઊભા રહ્યા. પછી પાળા પાસે બંદૂકના અવાજ કરાવ્યા. પછી ગાજતે વાજતે ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. પછી હરિજન પૂજા કરવા આવ્યા, તે પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય. પછી મહારાજની આરતી ઉતારીને સર્વે પગે લાગ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા ને પોશાક ઉતારીને જળના કોગળા કર્યા. બ્રહ્માનંદસ્વામીએ નવરાવ્યા ને મહારાજ ઉત્તર મુખે જમવા બિરાજ્યા. તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી જમીને બ્રહ્માનંદસ્વામીને અને આનંદસ્વામીને થાળ આપ્યો. પછી પલવટ વાળીને જે પંક્તિમાં પીરસવા લાગ્યા, તે મોતૈયા લાડુ ચાર-ચાર આપતા જાય ને તાણ કરતા જાય. પછી દૂધ પીરસવા માંડ્યું. તે પીરસીને હાથ ધોવરાવ્યા ને મહારાજ

ઘડીક પોઢ્યા. પછી જાગીને ભારે પોશાક પહેરીને પુષ્પના હાર પહેર્યા. પછી ઘોડે અસવાર થઈને ચાલ્યા ને વાજાં વાગી રહ્યાં છે, ને સભામાં આવીને બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન થઈ.

પછી ગામમાંથી **રતુ ખાંટ** આદિ સર્વે રમત કરવા આવ્યા. ત્યારે મહારાજે એમને ગોઠ દેવરાવી. પછી એમ બોલ્યા જે, "આવો સંતો મળીએ." પછી જે મળવા માંડ્યા, તે ઉગમણે મુખારવિંદે રહીને મળતા જાય ને મુનિમંડળને આનંદ ઉપજાવતા જાય. જ્યારે મહારાજ મળે ત્યારે બે સંત મહારાજને પડખે ઊભા રહે. તે એક સંત મળીને પાછા જાય ત્યારે બીજા સંતને આવવા દિયે ત્યારે નિરાંતે મળાય, નહીં તો ઘણી ભીડથી મહારાજ આકળા થઈ જાય અને મળતાં પણ ઠીક ન પડે. પછી સર્વે સંતને મળીને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સંત કીર્તન બોલ્યા જે,

'ચાલ સખી જોવાને રે જાયે, ખાંતીલો વનમાં ખેલે રે;
લટકા કરી નંદજીનો રે, લાલો રંગભીનો રંગ ખેલે રે.'

※ આદરજમાં મહારાજે સંતોને એક ધારે ઘી પીરસ્યું :

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ ગામમાં પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા. પછી સવારે જાગીને દાતણ કરીને સ્નાન કરીને શ્વેત વસ્ત્ર પહેર્યાં ને ઘોડીએ અસવાર થઈને સભામાં આવીને બિરાજ્યા. જ્યાં ઘડી ચારેક થઈ ત્યાં તો થાળ થયો, તે જમવા પધાર્યા. તે ઉત્તરાદે મુખારવિંદે જમવા બિરાજ્યા ને જમતાં જમતાં એમ બોલ્યા જે, "ખીચડી આગળથી પીરસી જાઓ ને કઢી વાંસેથી આવે છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ધોળી ધોળી કઢી આવે છે."

પછી મહારાજ જમીને ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને ઘીની વટલોઈ લઈને જે પીરસવા માંડ્યું, તે ધાર જ ખેસવી નહીં. તે જેમ ગામ શિયાળમાં માધવ શેઠને ઘેર ઘી પીરસ્યું; ને જેમ પંચાળામાં

ઝીણાભાઈને ઘેર ઘી પીરસ્યું; ને જેમ ગઢડામાં દાદાખાચરના દરબારમાં ઘી પીરસ્યું; ને જેમ ખરડમાં તળાવને કાંઠે ઘી પીરસ્યું; ને જેમ વડતાલમાં જ્યાં મુગટ ધર્યો હતો, તે ઠેકાણે આંબા હતા, ત્યાં ઘી પીરસ્યું હતું, અને જેમ અગત્રાઈમાં પર્વતભાઈને ઘેર ઘી પીરસ્યું હતું; તેમ આંહીં પણ પીરસ્યું. જે ના..ના..પાડતા જાય, તેમ તેમ પીરસતા જાય. અને વરસોડાવાળા **વીરા મોઢ**ની રસોઈ હતી. તે જેમ જેમ મહારાજ ઘી પીરસે તેમ તેમ બહુ રાજી થાય. પછી સંત બોલ્યા જે, "હે મહારાજ ! આમ તે ઘી જમાય !" ત્યારે મહારાજ બોલ્યા જે, "કાંઈ નહીં થાય." પછી સંતને જમાડી રહ્યા ને મહારાજના ઉષ્ણ જળે કરીને હાથ ધોવરાવ્યા.

(પ્રસાદાનંદસ્વામી કહે) પછી અમે ઉતારે આવ્યા ને મહારાજ ચાર ઘડી કેડે પધાર્યા. સંતમંડળની સભા થઈ. સંન્યાસીને હાથમાં દંડ છે ને આવી આવીને મહારાજ પાસે બેઠા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ને રેણકી છંદ બોલી રહ્યા. પછી સંત કીર્તન બોલ્યા જે, 'હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે.' તે સંત બોલી રહ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "સવારે સૌ ચાલજો ને આપણે ગામોગામ સત્સંગમાં ફરવું છે." એમ કહીને મહારાજ ગામમાં પોઢવા પધાર્યા. પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરીને જ્યાં પોશાક પહેરવા જાય છે, ત્યાં તો ગંગામા થાળ લઈને આવ્યાં. મહારાજ દૂધની પૂરી વિગેરે જમવા બેઠા ને કાઠીઓને જમાડ્યા.

❊ દંઢાવ્ય દેશમાં આદરજથી વિહાર સુધી વિચરણ :

પછી પોશાક પહેરીને રોઝે ઘોડે અસવાર થયા ને ચાલ્યા તે ગામ **કોલવડે** આવ્યા. તે ગામથી દક્ષણાદી કોરે વડ છે, ત્યાં ઢોલિયા ઉપર બિરાજ્યા. સંતો કીર્તન બોલે છે, ત્યાં તો ગામમાંથી પંદર-વીશ ઘરડા ઘરડા માણસ આવ્યા ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! કાઠીને કહોને જે ફૂલવાડીમાં ઘોડા બાંધ્યા છે, તે બહાર લાવે." પછી મહારાજ કહે,

“રાખો કીર્તન.” પછી કાઠીઓને કહ્યું જે, “ઘોડા બહાર લાવો.” પછી મહારાજ બોલ્યા જે, “આ બાવાના કહેવાથી અમને કહેવા આવ્યા છો, પણ આ બાવાની આંખો એવી જણાય છે, જે કોઈકની બહેન-દીકરી લઈ જાશે.” ત્યારે તે બોલ્યા જે, “મહારાજ, અમારી લેશે ?” ત્યારે મહારાજ અમારા સામો હાથ કરીને બોલ્યા જે, “આની તો કોઈ લે એમ નથી.” એમ કહીને બોલ્યા જે, “નાનાભાઈને મળીને ગામ ઉનાવા ચાલો.”

પછી અમે મળીને ચાલ્યા ને મહારાજ ગામમાં હરિજનને ઘેર પધાર્યા. પછી ચાલ્યા તે **ઉનાવા** આવ્યા ને સામૈયું આવ્યું, તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. અને **રામદાસ પટેલ**ના માઢમાં જઈને ઊતર્યા. પછી ગંગામાએ થાળ કર્યો. તે દૂધની પૂરી ને તળેલું શાક જમ્યા ને માઢમાં સંતમંડળની પંક્તિ થઈ. પછી મહારાજ પલવટ વાળીને લાડુ પીરસવા લાગ્યા, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફર્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા.

પછી રામદાસ પટેલને ઘેર ઢોલિયા ઉપર જઈને બિરાજ્યા. અને રામદાસે મહારાજની પૂજા કરી અને ઘોડી શણગારીને મહારાજને આપી. પછી તે જ ઘોડીએ મહારાજ અસવાર થઈને ગામ બહાર જ્યાં હમણાં છત્રી કરીને હનુમાન પધરાવ્યા છે, ત્યાં આવીને તે ઠેકાણે ઢોલિયો ઢળાવ્યો ને બિરાજ્યા. પછી સંતમંડળ ગોડી બોલ્યા. પછી મશાલો થઈ. પછી આરતી-ધૂન ને શ્લોક બોલ્યા. પછી પગે લાગીને બેઠા. મુક્તાનંદસ્વામી વાજાં લઈને ખ્યાલ(એક જાતનું ગાયન) બોલવા માંડ્યા. તે ગાતાં ગાતાં અરધી રાત લગી ગાયાં. પછી મહારાજ ગામમાં પધાર્યા ને પોઢ્યા. પછી સવારે જાગ્યા ને બહિર્ભૂમિ જઈને હાથ મટિયાવીને દાતણ કર્યું. અને ઉષ્ણ જળે કરીને નાયા ને હરિજન પોશાક લાવ્યા તે પહેર્યો. પછી ઘોડે અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ **માણસા** પધાર્યા. **પીથુભાઈ** આદિ સર્વે હરિજન સામા આવ્યા ને વાજતે ગાજતે ગામમાં

પધાર્યા. ગામથી ઉગમણી કોરે તળાવને કાંઠે જ્યાં હમણાં બેઠક કરી છે, તે ઠેકાણે ઢોલિયો લાવ્યા ને તેના ઉપર આવીને બિરાજ્યા. ગામના હરિજન પુષ્પના હાર ને નાળિયેર લઈ લઈને મહારાજને પગે લાગતા જાય ને ચરણકમળનો સ્પર્શ કરતા જાય ને ભેટ મેલતા જાય. અને સંતો કીર્તન બોલ્યા જે, *'ગઈતી ગઈતી ભરવા નીર, સૈયરના સંગમાં રે લોલ; રમતા દીઠા નંદજીનો લાલ, રંગીલો રંગમાં રે લોલ.'*

પછી ગંગામા થાળ કરાવીને લાવ્યાં. તે જ્યાં દૂધિયો કૂવો છે, તેને ઠેકાણે આસોપાલવ છે, ત્યાં થાળ જમવા બિરાજ્યા. તે સુખડી જમ્યા ને નાનાભાઈએ સુખડીના લાડુ બે બે પ્રસાદી કરાવીને સંતોને અપાવ્યા. મહારાજ થાળ જમીને ઘોડે અસવાર થઈને પીથુભાઈના ફળીમાં પધાર્યા. પછી સર્વે હરિજનને દર્શન દઈને ચાલ્યા ને ગામના હરિજન વળાવવા આવ્યા, તેને મહારાજે પાછા વાળ્યા.

તે પછી મહારાજ ગામ **વિહાર** પધાર્યા ને સામૈયું કર્યું ને વાજતે ગાજતે **પટેલ તુલસી, મુળજી** ને **ગણેશ** તેના માઢમાં પધાર્યા. સંતમંડળ સર્વે તળાવની આથમણી કોરે જઈને ઊતર્યા. મહારાજ થાળ જમ્યા ને જમીને બોલ્યા જે, “પરમહંસને રસોઈની શી વાર છે ?” ત્યારે મુળજી બ્રહ્મચારી બોલ્યા જે, “રસોઈ તૈયાર થઈ છે.” ત્યારે મહારાજ કહે, “બોલાવો સંતોને.” ત્યારે સંતો સર્વે આવીને પંક્તિએ બેઠા. ત્યારે મહારાજ પલવટ વાળીને લાડુ પીરસવા લાગ્યા ને તાણ કરતા જાય ને સંતને બોલાવતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને બોલ્યા જે, “પટેલ તુલસી ક્યાં ?” ત્યારે તે હાથ જોડીને ઊભા. ત્યારે મહારાજ કહે, “ગામમાં જેટલાં મનુષ્ય હોય તેટલા ગણીને લાડવા આપો.” ત્યારે તે કહે, “સારું.” પછી તો લાડુ ગણવા રહ્યા ત્યારે ઘર દીઠ એકુકો લાડુ થયો. ત્યારે મુળજી બ્રહ્મચારીએ ઠબકો દીધો જે, “એમ શું કરવા લાડુ ગણ્યા ?” પછી મહારાજ જ્યાં સંતો હતા,

ત્યાં ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા ને સંત ગોડી બોલ્યા. પછી મશાલો થઈ ને સંત આરતી-ધૂન બોલ્યા ને શ્લોક બોલીને નમસ્કાર કરીને સંત બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "નાના, માંદા અને વૃદ્ધ સંતો, તે સર્વે ગામ મેઉ જાઓ અને અમે વડનગર ને વિશનગર થઈને મેઉ આવશું.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરલીલામૃતે પૂર્વાર્ધે આદરજ ઉત્સવ, મુક્તાનંદસ્વામીએ વડોદરાની સભા જીત્યાની વાત કરી, સદ્‌ગુરુનું સ્થાપન તથા દંઢાવ્ય દેશમાં વિચરણ, એ નામે પાંત્રીશમો વિશ્રામ ॥૩૫॥

વિશ્રામ - ૩૬

દંઢાવ્ય દેશમાં વીસનગર, વડનગર આદિ ગામમાં વિચરણ

પછી મહારાજ ગામ **મેઉ** પધાર્યા ને **ભૂખણ ભાવસાર**ને કહ્યું જે, "ગામમાં તમારું ઘર એક જ સત્સંગી છે, તેથી તમે કાચી રસોઈ કરાવજ્યો." પછી મહારાજ ગામમાં પધાર્યા ને સવારે જાગીને પોતાનો નિત્યવિધિ કરીને ઘોડે અસવાર થયા ને ગામ **ગેરીતા** પધાર્યા. સત્સંગીએ સામૈયું કર્યું ને **ભાવસાર ગણેશ**ના ફળીમાં જઈને બિરાજ્યા. ગંગામાએ થાળ કર્યો, તે દૂધની પૂરી વિગેરે મહારાજ જમ્યા. અને સંત ને પાળા તેમને બે બે સુખડીના લાડુ આપ્યા ને કાઠીઓને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **પામોલ** થઈને હરિજનને દર્શન દઈને ગામ **બામણવે** પધાર્યા. ત્યાં **નારુજી**એ સામૈયું કર્યું, તે ગામમાં થઈને ગામ બહાર વડ હેઠે જઈને ઊતર્યા.

પછી સંતો ગામમાં રસોઈ કરવા ગયા. ત્યાં તો રસોઈનો આરંભ કરેલો નહીં. ત્યારે બે સંતે આવીને મહારાજને સંભળાવ્યું. ત્યારે મહારાજ તરત ઊઠ્યા ને નારુજીને ઘેર ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે આવીને

બિરાજ્યા. અને આનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "ફળીમાં છાણાના લાંબા આટ(આઢ) કરાવો ને બાટીઓ કરો." ત્યારે સંતો બાટીઓ શેકતા જાય ને ઘીમાં બોળતા જાય ને રંગાડામાં મેલતા જાય. ત્યાં તો બ્રહ્મચારી મહારાજને બોલાવા આવ્યા ને નારુજીએ ચરણકમળ ધોયાં. અને તે જળ ઘરમાં લઈ ગયા ને ઘરના માણસને ચરણામૃત આપ્યું. પછી મહારાજ નાહ્યા ને થાળ જમીને બોલ્યા જે, "રસોઈવાળાને થાળ આપો."

પછી મહારાજ કહે, "પ્રથમ કાઠી-પાળાને જમાડો. કેમ જે, બહાર ઉતારા રેઢા છે." એમ કહીને એક બાઈ ભેંસ દોઈને ઊઠી, ત્યારે મહારાજ બોલ્યા જે, "દૂધ અમને આપશો ?" ત્યારે તે બોલ્યાં જે, "હા." પછી મહારાજે દૂધ લઈને ગળાવ્યું ને પછી કાઠી-પાળાને પીરસ્યું. અને બાટી મારા હાથમાં હતી, તે મહારાજ બોલ્યા જે, "આલ બાટી." ત્યારે મેં બાટી આપી. અને મહારાજે એ સર્વેને જમાડ્યા. પછી ગામ બહાર પધાર્યા ને સંતો જમીને મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ કહે, "કીર્તન બોલો." પછી બોલ્યા જે, *'છોગાવાળા હો છેલ પ્યારા, મારા જીવનપ્રાણ છો.'*

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ પોઢ્યા ને સવારે જાગીને દાતણ કરીને સ્નાન કર્યું. પછી હરિજને સુવર્ણમય પોશાક પહેરાવ્યો ને પૂજા કરી. પછી ઘોડે અસવાર થયા ને ગામ **કૈપર** થઈને **વડનગર** પધાર્યા ને હરિજને સામૈયું કર્યું. તે ઘોડા ઉપર ડંકો ને ઊંટ ઉપર ત્રાંબાળું નગારાં ગડગડી રહ્યાં છે; ને નેકી પોકારી રહ્યા છે; સોનાને ઈંડે છત્ર બિરાજે છે; ને બેય કોરે સોમલા ખાચર ને અલૈયા ખાચર ચમર કરી રહ્યા છે; ને પુષ્પના હાર, બાજુબંધ ને તોરા ઝૂકી રહ્યા છે; ને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ આદિ વાજાં વાગી રહ્યાં છે; ને જરિયાની નિશાન ફરકી રહ્યાં છે; અને સર્વે મુનિમંડળ આગળ ચાલ્યા જાય છે; એવી રીતે ગામ સોંસરા થઈને ચાલ્યા. અને બજારમાં મનુષ્યની ઘણી ભીડ થઈ.

અને સામસામી હવેલીની ઘટા ઝૂકી છે, ને ગોખમાં જે સ્ત્રીઓ બેઠેલી તે ચંદનપુષ્પે કરીને મહારાજને વધાવતી હતી અને દર્શન કરતી હતી.

અને મહારાજ માર્ગે થઈને સર્વે જનને દર્શન દેતા થકા **નાગધરા** નામે જે જગ્યા, જ્યાં હમણાં વિપ્ર શંભુરામ રાયરામે(રાજારામે?) છત્રી કરી છે, તે ઠેકાણે ઢોલિયો ને ભારે રેશમનું ગાદલું પાથર્યું, તેના ઉપર આવીને બિરાજ્યા. ગવૈયા સંતો વાજાં લઈને ગાવા લાગ્યાં. અને (બાજુના તળાવમાં) સંતો નાતા જાય ને ગોદડીઓ ધોતા જાય ને મહારાજનાં દર્શન કરતા જાય. અને છત્રીથી ઉગમણી કોરે આંબો છે, ત્યાં ગંગામાએ થાળ કર્યો. તે દૂધની પૂરી ને બરફી જમવા પધાર્યા ને જમીને ચળુ કરી મુખવાસ લીધો.

પછી વિપ્ર વનમાળી ને વેજનાથ હાથ જોડીને ઊભા. ત્યારે મહારાજ કહે, “કેમ છે ?” ત્યારે તે બોલ્યા જે, “રસોઈ થઈ છે, તેથી સંતોને પીરસવા પધારો.” પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થઈને તળાવના કાંઠાથી દક્ષણાદી કોરે ધર્મશાળા છે, તેમાં મહારાજ પધાર્યા અને પલવટ વાળીને જે લાડુ પીરસવા માંડ્યા, તે પીરસતા જાય ને મનુવાર કરતા જાય; એમ પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ખુરશી નાંખીને તેના ઉપર આવીને બિરાજ્યા. ત્યાં તો વનમાળીએ જળનો અબખોરો લાવીને મહારાજને જળપાન કરાવ્યું. પછી હરિજન પૂજા કરવા આવ્યા. તે નાના પ્રકારના પોશાક લાવીને મહારાજને પહેરાવ્યા ને પુષ્પના હાર ને તોરા ધરાવ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “લાવો ઘોડી, હવે જેને પૂજા કરવી હોય તે ઉતારે કરજો.” એમ કહીને ઘોડીએ અસવાર થયા ને જ્યાં છત્રી છે, ત્યાં આવીને બિરાજ્યા ને હરિજન પૂજા કરવા આવ્યા. તે પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય. પછી આરતી ઉતારી ને સર્વે સભા બેઠી છે, મુક્તાનંદસ્વામીએ વાજાં મંગાવ્યા ને

સિતાર, સરોદા, દુકડ, મંજીરાં ને તાલ વગાડીને ગાવા લાગ્યા. મહારાજ દક્ષણાદે મુખારવિંદે બિરાજે છે.

ત્યાં તો મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે, "સંતોને પગરખાં પહેરાવીએ ?" ત્યારે મહારાજ કહે, "પહેરાવો." પછી જેમને પહેરાવવાં હતાં, તેણે પહેર્યાં. પછી મહારાજ બોલ્યા જે, "ગામ ઢૂંકડા ઉતારા લો." પછી ત્યાંથી ચાલ્યા, તે દરવાજા પાસે વિસામો છે, તેના ઉપર ઢોલિયો લીધો ને તેના ઉપર ઉગમણે મુખારવિંદે આવીને બિરાજ્યા. પછી સંત ગોડી બોલ્યા ને મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, **"પચાસ પચાસ સંતોનું મંડળ બાંધીને જાગવું ને જેની પોરીમાંથી કાંઈક જાય, તે સવારે અમારા ભેગા નહીં."** એમ કહીને પોઢ્યા.

પછી જીજ્ઞાસાનંદસ્વામી બોલ્યા જે, "ઠંડસે મરતે હે." ત્યારે મહારાજ કહે, "તાપવાને બળતણ અપાવો." પછી નરહર્યાનંદસ્વામી કીર્તન ગાવા લાગ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ પોઢ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કીર્તન બોલવા દ્યો." પછી રાતે સંતો સર્વે કીર્તન બોલ્યા. સવારે સાબદા થઈને દાતણ કરીને સ્નાન કરીને પોશાક પહેરીને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે હરિજન વળાવવા આવ્યા, તેમને માંડ માંડ પાછા વાળ્યા.

પછી ગામ **ગુંજા**ના હરિજન ગોવિંદ આદિ સામા આવ્યા ને વાજતે ગાજતે ગામમાં પધાર્યા. પછી મહારાજ ત્યાંના હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **વીસનગર** પધાર્યા. ત્યાં સામૈયું આવ્યું, તે ઘોડા ઉપર ડંકો, શરણાઈ ને ઢોલ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને વાજતે ગાજતે ગામમાં પધાર્યા. અને મહાદેવના મંદિરની રૂપચોકીની હાથણી ઉપર ગાદીતકિયા નંખાવીને બિરાજ્યા ને ગવૈયા સંતો પાસે ગાવણું કરાવ્યું. પછી શહેરના મનુષ્ય પુષ્પના હાર લઈ લઈને આવવા માંડ્યા. અને ભારે ભારે કચેરીના બેસનાર સર્વે આવ્યા, તેને મહારાજે રૂડી રીતે બોલાવ્યા.

ત્યાં તો **બળદેવ પંડ્યા** આવીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો અને પરમહંસને સારુ પણ રસોઈ તૈયાર થઈ છે."

પછી મહારાજ તરત ઊઠ્યા ને પછી જ્યાં થાળ કર્યો, તે જમીને જ્યાં રસોઈ હતી ત્યાં સંતોને પીરસવા પધાર્યા અને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી હાથ જળે કરીને ધોવરાવ્યા. પછી ઘડીક સભા કરીને બિરાજ્યા. હરિજન પૂજાનો સામાન લઈ લઈને આવતા જાય ને મહારાજની પૂજા કરતા જાય ને ચરણકમળનો સ્પર્શ કરતા જાય. પછી મહારાજ જ્યાં સંતો ઊતર્યા હતા, ત્યાં આવીને બિરાજ્યા. મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંતો વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'હાં રે મેં તો ન જાને દગાદાર.'*

⁕ વીસનગરમાં પ્રગટથી જ જીવના કલ્યાણની વાત :

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને નમસ્કાર કરીને બેઠા. પછી મહારાજે વાત કરી જે, **"જગતમાં બે પ્રકારના જીવ છે. એક દૈવી ને બીજો આસુરી જે અધર્મી. અને જે દૈવી જીવ હોય તેને સહેજે રૂડા સંતનો સમાગમ ગમે ને શાસ્ત્ર પ્રમાણે વર્તીને ચાલે ને અધર્મ માર્ગે ચાલે જ નહીં. અને જુગ જુગ પ્રત્યે ભગવાનના અવતાર થાય છે તે જ્યારે પ્રત્યક્ષ ભગવાન એ જીવને મળે છે, ત્યારે તે જીવનું કલ્યાણ થાય છે, ને તે વિના તો કોટી ઉપાય કરે તોય પણ જીવનું કલ્યાણ થાય જ નહીં; ને બીજબળ તો થાય.** તે ગીતામાં કહ્યું છે, 'अनेकजन्मसंसिद्ध-स्ततो याति परां गति।'[1] એ પ્રકારની બહુ વાત કરી. પછી કહ્યું જે, "બોલો કીર્તન." પછી વાજાં લઈને સંતો કીર્તન ગાવા લાગ્યા.

⁕ વીસનગરમાં શ્રીહરિનો દ્રોહી બ્રાહ્મણ આંધળો થયો :

જ્યારે જેતલપુરમાં મહારુદ્ર કર્યો હતો, ને તે જ્યારે સંપૂર્ણ થયો ત્યારે બ્રાહ્મણે જઈને વીસનગરમાં વાત કરી. ત્યારે શક્તિપંથી બ્રાહ્મણ

૧. અનેક જન્મે સિદ્ધ થયા પછી મોક્ષને પામે છે. (ગીતા.૬/૪૫)

(શોભારામ) બળી ઊઠ્યો ને બોલ્યો જે, "સ્વામિનારાયણનો જગન સુધરવા કેમ દીધો ? કાંઈ વિઘન કરીએ નહીં !" ત્યારે બીજા લોક બોલ્યા જે, "એ તો ભગવાન છે." ત્યારે એમ બોલ્યો જે, "સ્વામિનારાયણ ભગવાન હોય તો હું આઠ દિવસની અંદર આંખે આંધળો થાઉં." પછી તે તો આંધળો થયો. ને ગાવણું થતું એ ટાણે આવીને બકોર પાડીને બોલ્યો. ત્યારે મહારાજ કહે, "એ કોણ છે ?" ત્યારે સંતો બોલ્યા જે, "એવા તો ઘણાક આવીને બોલશે." પછી રાત અરધી થઈ ત્યારે મહારાજ પોઢવા પધાર્યા.

❊ ગામ ડાબલા અને લાંસડીની વચ્ચેની સીમમાં ઘોડો ફેરવ્યો :

પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યાં ને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે સીમાડેથી સર્વને માંડ માંડ પાછા વાળ્યા. ત્યાંથી ગામ **લાંસડી** ગયા. ત્યાં તો ગંગામાએ આગળ જઈને **તુલસી પટેલ**નાં બોનને ઘેર જઈને થાળ કર્યો. થાળ લઈને વાડીનો કૂવો છે, તે ઠેકાણે આવ્યાં ને મહારાજ પણ ત્યાં આવીને ઊભા. પછી ઘોડેથી ઊતર્યા ને જળે કરીને નાનાભાઈએ ચરણકમળ ધોયાં. પછી સુખડી વિગેરે થાળ જમવા બિરાજ્યા ને કાઠીઓને પણ જમાડ્યા. પછી ચળુ કરીને ઘોડે અસવાર થયા ને ઘોડા ઉપાડ્યા, તે ગામ **ડાબલા** ને **લાંસડી** વચાળે જે ઘોડો ફેરવવા માંડ્યો, તે ફેંટાનું છોગલું ફરફરી રહ્યું છે, ને અંગરખાની ચાળ પણ ઊડી રહી છે, ને એક કોરે કાઠીના અસવાર ચાલ્યા જાય ને એક કોરે મુનિમંડળ ચાલ્યા જાય ને વચ્ચે રસ્તો તેના મધ્યે પાટીએ જે ફેરવતા જાય, તે સર્વને દર્શન દેતા જાય.

પછી ગામ **ડાબલે** પધાર્યા ને ગામથી ઉગમણી કોરે તળાવમાં ઘોડાને જળ પાયું. તે પછી ઘોડેથી ઊતર્યા ને વસ્ત્ર ઉતાર્યાં ને તળાવને આથમણી કોરથી માંઈ નાવા પધાર્યા. પછી સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે નાહ્યા. પછી મહારાજ પણ ઊંડા જળમાં જઈને નાહીને

બારા નીસર્યા. પછી શરીર લૂઈને વસ્ત્ર પહેર્યાં. સંતે પુષ્પના હાર લાવીને મહારાજને પહેરાવ્યા. પછી ઘોડે અસવાર થઈને ગામ **વસઈ** પધાર્યા ને **વીરચંદ ભાવસાર**ના ફળીમાં જઈને ઊતર્યા. ઢોલિયા ઉપર બેસીને સંતોને સુખડીના લાડુ આપ્યા. પછી આનંદસ્વામીએ થાળ કર્યો, તે મહારાજ પોશાક ઉતારીને જમવા બિરાજ્યા. તે દૂધની પૂરી આદિ જમીને વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થયા ને જે ચાલ્યા, તે સીમાડેથી સૌ હરિજનને પાછા વાળ્યા.

❊ ગામ મેઉમાં શ્રીહરિની લીલા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **મેઉ** પધાર્યા ને રૂડી રીતે સામૈયું કર્યું ને **ભૂખણ ભાવસાર**ના ફળીમાં જઈને ઊતર્યા. પછી ગામથી બહાર વડ છે, તે ઠેકાણે જઈને સભા કરી. પછી વતું કરાવ્યું ને પીપર હેઠે બાજોઠ મેલ્યો, ત્યાં જઈને નાહ્યા ને વસ્ત્ર પહેરીને સંતમંડળની સભામાં આવીને બિરાજ્યા. ગામ કોલવડામાં મહારાજ બોલ્યા હતા કે, ‘આ બાવાની તો આંખ એવી છે જે, કોઈકની બહેન-દીકરી લઈ જાય, એમ અમને જણાય છે.’ ત્યાં તો ખબર આવી જે, ‘મહારાજ સનમુખ જે બોલતો હતો, તેની બહેનને બાવો લઈ ગયો.’

પછી સંતો ગોડી બોલ્યા ને મશાલો થઈ. પછી આરતી-ધૂન કરી રહ્યા ત્યાં તો ભૂખણ ભાવસાર હાથ જોડીને ઊભા. ત્યારે મહારાજ કહે, “કેમ છે ?” ત્યારે તે બોલ્યા જે, “નાનાભાઈએ કીધું છે જે રસોઈ તૈયાર થઈ છે.” ત્યારે મહારાજ તરત ઊઠ્યા. પછી ભૂખણ ભાવસારને ઘેર આવીને વસ્ત્ર ઉતાર્યાં ને જળે કરીને ભૂખણ ભાવસારે ચરણકમળ ધોયાં ને સર્વને જળ આપીને બીજું ઘરમાં મેલ્યું. પછી ગંગામાએ થાળ કરાવ્યો, તે જમીને ભૂખણને થાળ અપાવ્યો. પછી પલવટ વાળી અને માલપૂવાની રસોઈ કરાવેલી જોઈ ત્યારે મહારાજ બોલ્યા જે, “રોટલા કરજો એમ કહ્યું હતું ને આ શું ?” ત્યારે તે બોલ્યા જે, “રોટલા જ છે.”

પછી પીરસતા જાય ને મનુવાર કરતા જાય ને પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચંદન ને પુષ્પના હારથી પૂજા કરી ને ભારે પોશાક પહેરાવી આરતી ઉતારી. પછી એમનાં ઘરનાં મનુષ્ય પગે લાગતા જાય ને ભેટ મેલતા જાય. પછી મહારાજે પુષ્પના હાર એમને આપ્યા ને પોઢ્યા. ત્યારે ભૂખણ ભાવસાર મહારાજનાં ચરણકમળ ખોળામાં લઈને ચાંપવા લાગ્યા ને મહારાજ સાથે વાતુ કરતા જાય. પછી ભગુજી પાળા બોલ્યા જે, "મહારાજને પોઢવા દ્યો."

❊ લાંઘણજમાં શ્રીહરિની લીલા :

પછી સવારે જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો ને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **છીપાવાડે(લાંઘણજ)** પધાર્યા. ત્યાં સામૈયું કર્યું ને વાજતે ગાજતે ગામમાં થઈને બહાર વડ હેઠે ઘોડેથી ઊતર્યા ને ઢોલિયો બિછાવ્યો હતો, તેના ઉપર આવીને બિરાજ્યા. પછી સભા ભરાઈને બેઠી હતી. તે સમે ગામના પટેલિયા આવ્યા. ત્યારે મહારાજે આવકાર દઈને બોલાવ્યા ને બેઠા. પછી એમ બોલ્યા જે, "હે મહારાજ ! કાંઈક પરચો અમને આપો જોઈએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારા મનમાં ધાર્યું છે, તે તમને પરચો મળી રહેશે." પછી તો બે મહિના કેડે કોળીએ તેનું ફીચું કાપી નાખ્યું, એ પરચો મળ્યો.

પછી **નાગરદાસ ભાવસાર** બોલ્યા જે, "હે મહારાજ ! થાળ ને રસોઈ પણ તૈયાર થઈ છે." પછી મહારાજ એમના ફળીમાં પધાર્યા ને ચરણકમળ ધોયાં ને જેરામ બ્રહ્મચારી બોલાવા આવ્યા, તે જમવા પધાર્યા. જમીને થાળ રસોઈવાળાને આપ્યો ને પલવટ વાળીને સંતને લાડુ પીરસવા માંડ્યા. પાંચ વાર પંક્તિમાં ફર્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. હરિજન ચંદન ને પુષ્પના હાર લઈને આવ્યા. તે પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય ને ચરણકમળનો સ્પર્શ કરતા જાય. પછી નાગરદાસ ને ઝુમખરામ તેમણે

બે જણે ભારે પોશાક પહેરાવ્યો ને છાતીમાં ચરણ લીધાં. મહારાજે પુષ્પના હાર સર્વને આપ્યા. પછી મહારાજ બોલ્યા જે, "આપણા ઉતારા બીજે ઠેકાણે લ્યો." પછી જ્યાં શિવાલય છે, ત્યાં જઈને ઊતર્યા ને સંતો વાજાં લઈને ઠુમરી(ગાવાનો એક પ્રકાર) ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા, ત્યારે ત્યાં જ પોઢ્યા.

※ ડાંગરવામાં શ્રીહરિએ દૂધની રેલમછેલ કરી :

પછી સવારે જાગીને દાતણ કર્યું. પછી પોશાક પહેરીને ઘોડે અસવાર થયા ને જે ત્યાંથી ચાલ્યા, તે ગામ **ડાંગરવે** પધાર્યા. હરિભક્તે સામૈયું કર્યું ને બંદૂકના અવાજ થઈ રહ્યા છે, ને વાજાં વાગી રહ્યાં છે, ને ગામમાં થઈને **નરોત્તમ**ના માઢમાં જઈને ઊતર્યા. **રતન** ને **જતન** બે બાઈએ દૂધ ભેળું કર્યું હતું. પછી મહારાજ નાહીને થાળ જમવા બિરાજ્યા. તે જમતા જાય ને એમ બોલ્યા જે, "આ દૂધ તમે ભેગું કર્યું છે ?" ત્યારે તે કહે, "હા મહારાજ." પછી થાળમાં ભોજન જમી રહ્યા. ત્યારે બાઈઓ બોલી જે, "કૃષ્ણાવતારમાં તો બહુ દહીં-દૂધ પીતા." ત્યારે મહારાજ કહે, "લાવો." પછી સાકર નાંખીને લાવ્યા, તે મહારાજે દૂધ પીધું. પછી ચળુ કરીને બોલ્યા જે, "થાઓ પંક્તિ." અને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પંક્તિમાં આવીને ઊભા રહ્યા. ત્યાં તો સંતો બાજરાના રોટલા ને અડદની દાળ જમી રહેવા આવ્યા.

પછી મહારાજે દૂધની વટલોઈ લીધી અને પીરસતા જાય ને તાણ કરતા જાય ને પત્તર ઉપર દૂધ ચાલ્યું જાય. પછી મહારાજના હાથ ધોવરાવ્યા ને એમ બોલ્યા જે, "આ દૂધ જેણે ભેગું કર્યું છે, તે કૂવાનું જળ ખૂટે તો તેના ઘરનું દૂધ ખૂટશે." એમ કહીને ઢોલિયે બિરાજ્યા. ગામના હરિજન પૂજા કરવા આવ્યા. તે ભારે પોશાક પહેરાવ્યો ને ચંદનની અર્ચા કરી ને ભાલ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર પહેરાવ્યા અને ચરણનો સ્પર્શ કરતા જાય ને પગે લાગીને બેસતા જાય. પછી મહારાજ

બોલ્યા જે, "ચાલો, તૈયાર થાઓ." ત્યારે હરિજન બોલ્યા જે, "આજ તો નહીં જવાય." ત્યારે મહારાજ કહે, "અમે ગામોગામ ફર્યા, તેને બહુ દિવસ થયા ને કાઠી બહુ અકળાય છે." ત્યાં તો ઘોડો લાવ્યા.

⁕ કરજીસણમાં શ્રીહરિની પધરામણી તથા થાળ :

પછી હરિજન તાણ કરતા રહ્યા, ને અસવાર થઈને ચાલ્યા, તે ગામ **કરજીસણ** પધાર્યા. અને સામૈયું કર્યું તે વાજતે ગાજતે ગામ સોંસરા થઈને, જ્યાં હમણાં છત્રી કરી છે ત્યાં ઢોલિયો લાવ્યા, ને તેના ઉપર ગાદીતકિયા ને ઓછાડ બિછાવેલ, તે ઉપર આવીને બિરાજમાન થયા. સંતો ગોડી બોલ્યા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે **નાનાભાઈ** હાથ જોડીને ઊભા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ છે ?" ત્યારે તે કહે, "થાળ જમવા પધારો." ત્યારે મહારાજ કહે, "ગાવણું કરો, અમે આવીએ છીએ." પછી મહારાજ ગામમાં પધાર્યા ને મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા ગાવા લાગ્યા જે, *'હો મેં તો તેરે કારન વેરાગન હોઉંગી જીવન રે.'*

પછી રાત પહોર ગઈ ત્યારે (કીર્તન ગાતા સંતો પાસે આવીને) મહારાજ કહે, "રાખો." પછી મહારાજ ગામમાં પધાર્યા ને **પટેલ ગોવિંદજી**ને ઘેર જઈને સભા કરી. હરિજન પૂજા કરવા આવ્યા, તે ભારે પોશાક પહેરાવ્યો અને પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ તે ધરાવ્યા. ત્યાં તો સંતમંડળને ખબર થઈ તેથી ઊંઘમાંથી ઊઠી ઊઠીને આવ્યા અને આનંદસ્વામીએ આરતી ઉતારી ને જયજયકાર થઈ રહ્યો. તે સમયે અક્ષરધામના મુક્ત પણ આવેલા. પછી મહારાજે સહુને રજા આપી ને પોશાક ઉતારીને પોઢ્યા.

⁕ પાનસરમાં શ્રીહરિને મારવા ઊભેલા વૈરાગીને દુઃખ :

પછી સવારે જાગીને નિત્યવિધિ કરી અને પોશાક પહેરીને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે ગામ **વડુ** ગયા. હરિજને ગામમાં પધરામણી

કરાવી. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પાનસર** જયાં આવ્યા, ત્યાં તો વૈરાગી રસ્તામાં ઊભેલો. તે મહારાજના ઘોડાની હીરની સરક ઝાલવા જાય ત્યાં તો જે કાઠી ફરી વળ્યા, તે બાવાની દાઢીના વાળ ખેંચવા માંડ્યા. અને મહારાજ કહે, "નહીં.. નહીં.." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "જેની વાંસે અડવાણે(ઉઘાડા) પગે પાંચ હજાર મનુષ્ય ફરે છે, તેના જ ઘોડાની સરક ઝાલવા ગયો; માટે ઠીક થાય છે !"

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઓળે** પધાર્યા ને જે સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા અને હરિજનના માઢમાં જઈને ઊતર્યા. ત્યાં થાળ જમ્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી સંતમંડળની પંક્તિ થઈ ને જે પીરસવા માંડ્યા, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી દૂધની વટલોઈ લઈને પીરસવા માંડ્યું. પછી પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી પોશાક પહેરીને ગામને ઝાંપે વડ છે, તેના હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજ્યા ને સંતો કીર્તન બોલ્યા જે,
'છોગાવાળા હો છેલ, પ્યારા મારા જીવનપ્રાણ છો.'

પછી મહારાજે તો મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા માંડ્યું. પછી બોલ્યા જે, "તમારા કીર્તન ઉપર નથી હસતા, પણ તમારી કેડે બે બાવા ઊભા છે; તે તમારા સર્વની મશ્કરી કરે છે જે, ઢોલિયા ઉપર બેઠા તેમણે સર્વને જાદુ કર્યા છે, તેથી એમના મોઢા સામું જોઈ રહ્યા છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ડાહ્યા તો ખરા જે ખડનો ભારો લાવશે, ત્યારે શેર દાણા મળશે."

પછી ઘોડે અસવાર થયા ને જે ચાલ્યા, તે **સઈજ** થઈને ગામ **સેરથા** આવ્યા. ત્યાં તો એક કોરે પરમહંસ આવ્યા ને એક કોરે ગામનાં મનુષ્ય આવ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "હે સંતો ! કાં તો આગળ ચાલો ને કાં તો વાંસે રહો." પછી જે ચાલ્યા, તે તળાવથી ને રસ્તાથી આથમણી કોરે ને ગામ **જમિયતપરા**ના ખેતરના શેઢે સભા કરીને બેઠા.

(પ્રસાદાનંદસ્વામી કહે) તે સમે હું ને માધવદાસજી બેય જણ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "સંઘ કેટલેક આવે છે ?" ત્યારે અમે કહ્યું જે, "આ આવે." ત્યારે કાઠી બોલ્યા જે, "આને પ્રશ્ન-ઉત્તર કરતાં આવડે છે ?" ત્યારે મહારાજે મને કહ્યું જે, "તું અમને પ્રશ્ન પૂછ." ત્યારે મેં કહ્યું જે, "મને તો ના આવડે." ત્યારે મહારાજ બોલ્યા જે, "લ્યો, અમે પ્રશ્ન પૂછીએ. **જે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે ?"** ત્યારે હું બોલ્યો જે, "**ના પાડે છે તે મન છે ને હા પાડે છે તે જીવ છે.** ત્યારે મહારાજ બોલ્યા જે, "દિશ તો ઠીક છે."

✵ અડાલજમાં વાવ પાસે રાત્રી-રોકાણ તથા સંતોને મીઠો ઠપકો :

પછી મહારાજ ઘોડે અસવાર થયા ને ચાલ્યા, તે ગામ **અડાલજ** આવ્યા. અને તરત વાવથી ઉગમણી કોરે ચોકમાં ઊતર્યા. ગામના હરિજન **ગેદાલજી** ને **મૂળુ ગઢવી** સામાન લાવવા માંડ્યા. ને ગાડીની ઉપર ગાદીતકિયા, તેના ઉપર આવીને દક્ષિણાદે મુખારવિંદે મહારાજ બિરાજ્યા. પછી વાત કરવા લાગ્યા. તે સાંભળીને ગામના ઘણાક મનુષ્યે વર્તમાન ધાર્યાં. પછી અમારી સભા સામું જોયું, ત્યાં તો સંતમંડળ અડધાક બેઠેલા. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "પ્રેમી સંત ક્યાં ગયા ? ઘડીક મોર તો અમારા ઘોડાને ચાલવા નોતા દેતા ને હવે તો દેખાતા નથી ! ત્યારે શું ઘડીક મોર હું બીજો હતો ને હમણાં બીજો છું, કે મને મેલીને સૂતા છો ? અને આ તો મેવાસ(ચોર-લૂંટારાનો પ્રદેશ) છે, માટે આવો ગાવણું કરો." ત્યારે ગેદાલજી ને મૂળુ ગઢવી એ બે જણા હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમે ઊભા છીએ, તેથી કાંઈ ચિંતા નથી." પછી પ્રેમાનંદસ્વામી આદિ સંત વાજાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા. પછી મહારાજ પોઢ્યા.

પ્રાતઃકાળે જાગ્યા ને સાબદા થઈને ચાલ્યા, તે ગામ **મોટેરા** આવ્યા. હરિભક્તે સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. અને ઘોડેથી

ઊતર્યા ને નદીએ નાવા પધાર્યા. મહારાજ વસ્ત્ર ઉતારીને જ્યાં હમણાં સૌ ગામલોક પાણી ભરે છે, તે ઠેકાણે થઈને પ્રવાહ મધ્યે નાવા બિરાજ્યા. અને અમે સર્વે હેઠવાસ નહાતા હતા, ને જે અચાનકનો ધરો(ધૂનો) આવ્યો, તે જેને તરતાં ન આવડે તે પણ માંઈ આવ્યા, ને બૂડવા માંડ્યા, તેમને તાણી કાઢ્યા. અને મહારાજ નાહીને વસ્ત્ર પહેરીને ચાલ્યા, તે લિંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે આવીને બિરાજ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલિલામૃતે પૂર્વાર્ધે 'વીસનગર, વડનગર તથા દંઢાવ્ય દેશમાં વિચરણ,' એ નામે છત્રીસમો વિશ્રામ ॥૩૬॥

વિશ્રામ - ૩૭

શ્રીનગર, જેતલપુર, ભાલ તથા કાઠિયાવાડમાં વિચરણ અને બોટાદમાં ફૂલડોલ-ઉત્સવ

પછી સર્વે સંત નાહીને આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈને પાણી પીવાણાં ?" ત્યારે સર્વે મુનિમંડળ બોલ્યા જે, "ના મહારાજ." પછી મહારાજ બોલ્યા જે, "વૌઠે મેળો છે, તે આ જળ ત્યાં પૂગશે ત્યારે સર્વે નાહશે." એમ કહીને પૂર્વની વાત કરવા લાગ્યા જે, "જગન્નાથપુરીમાં અમે તાપતા હતા, ત્યારે જગનાન્નાથાનંદસ્વામી દેવતા લેવા આવ્યા હતા. કેમ, તમને સાંભરે છે ?" ત્યારે તે કહે, "હા મહારાજ." પછી એ પ્રકારની અનંત વાતુ કરી. ત્યાં તો પટેલ પુરુષોત્તમ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો." ત્યારે તરત ઊઠ્યા ને ભૂધરદાસે ચરણકમળ ધોવરાવ્યાં. અને ગંગામાએ થાળની સામગ્રી કરાવેલી, તે થાળ કરીને મહારાજ જમવા માંડ્યા ને જળપાન કરતા જાય.

અને કંકુબાઈ દૂધ ને સાકર લઈને આવ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ તો બહુ જમ્યા." ત્યારે ગંગામા બોલ્યાં જે, "કૃષ્ણાવતારમાં તો કોઈનું દહીં-દૂધ રહેવા દેતા નોતા, અને કોઈ હરિભક્ત લાવ્યા છે, તેથી પીધું જોશે." પછી દૂધ પીને ચળુ કર્યું. પછી જે પલવટ વાળીને શીરો પીરસવા લાગ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ખુરશી ઉપર આવીને બિરાજ્યા અને હરિજન પૂજા કરવા આવ્યા. અને ચંદનની અર્ચા કરીને ભારે પોશાક પહેરાવ્યો, ને પુષ્પના હાર-તોરા ધરાવ્યા. અને જ્યાં પૂજા કરી રહ્યા, ત્યાં તો શહેરના હરિજન આવ્યા ને નાના પ્રકારની ભેટ લાવ્યા. કોઈક તો પુષ્પ, ટોપી, હાર, ગુચ્છ, તોરા ને ગજરા તે લાવ્યા અને મહારાજને પહેરાવ્યા.

પછી મહારાજે ઘેરે સાદે કરીને બોલાવ્યા ને સર્વ બેઠા. ત્યારે મહારાજ કહે, "સુખી છો ?" ત્યારે સર્વે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આ મૂર્તિ ન મળી હોત તો દુ:ખના માળ(ઢગલા) હતા. તમારા દર્શનની ઈચ્છા હતી. તે દર્શન થયાં તેથી દર્શને કરીને સુખિયા છીએ." પછી મહારાજ બોલ્યા જે, "લાવો ઘોડો." પછી ઘોડે અસવાર થયા ને ગામના હરિજન આવ્યા, તેને માંડ માંડ પાછા વાળ્યા.

❊ શ્રીનગરની લીલા :

પછી **નારાયણ ઘાટે** આવીને ઘોડા પાયા. પછી જે સામૈયું આવ્યું તે ત્રાંસાં, ઢોલ, શરણાઈ, ડંકો ને નિશાન, ને ઊંટે નગારાં ત્રંબાળું ગડગડી રહ્યાં છે; ને ફૂલના હાર લઈ લઈને હરિજન આવવા માંડ્યા; ને મુનિમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે આગળ ચાલ્યા જાય. ત્યાં તો સાહેબને ખબર થયા તેથી સામી પલટણ મોકલાવી. અને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને સોનાને ઈંડે છત્ર બિરાજે છે, ને જે શોભા આવી ! પછી વાજતે ગાજતે **નવાવાસ**માં આવીને બિરાજ્યા ને સભા થઈ. પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, "રસોઈ વહેલી કરજો ને જમીને ચાલવું છે."

પછી **રઘા પટેલ**ને ઘેર ગંગામાએ થાળ કરાવ્યો, તે જમીને પોઢ્યા. પ્રાતઃકાળે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને થાળ જમીને પોશાક પહેર્યો ને જે સંતમંડળ પાસે આવીને ઊભા રહ્યા, ત્યાં તો ચોકશી બોલ્યા જે, “સંતમંડળને સારુ રસોઈ તૈયાર થઈ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “જાઓ, જમીને આવો.” સંતો જમીને આવ્યા. ને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ વાગવા માંડ્યાં; ને મહારાજ ઘોડે અસવાર થયા; ને કુબેરસંગ છડીદાર નેકી પોકારે છે; ને સોનાને ઈંડે છત્ર બિરાજે છે; ને બે કોરે ચમર થઈ રહ્યાં છે; ને પુષ્પના હાર હરિજન લાવવા માંડ્યા; ને જે ચાલ્યા તે શહેર સોંસરા થઈને ગામ બહાર આવ્યા. પછી સાલમના રોજા(મુસ્લીમનું સ્થાન છે) પાસે જે ટેકરો તેના ઉપર ચડીને પ્રેમાનંદસ્વામી મહારાજનાં દર્શન કરતા’તા, ત્યાં તો મહારાજ ખીજ્યા ને એમ બોલ્યા જે, “જો, સાધુ થયા છે !” પછી ભારે વડને હેઠે ઘોડેથી ઊતરીને ત્યાં વિસામો હતો, તેના ઉપર ઉત્તર મુખારવિંદે બિરાજ્યા. ત્યાં તો પ્રેમાનંદ સ્વામી આવ્યા ને પાસે સિતાર હતો. પછી મહારાજ બોલ્યા જે, “આવો મનામણાં કરીએ ને બોલો કીર્તન.” પછી બોલ્યા જે, ‘મેં તો તેરે કારણ વેરાગન હોઉંગી જીવન રે,’

❊ જેતલપુરની લીલા :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **અસલાલી** આવ્યા ને પાટીદારે મહારાજનું સામૈયું કર્યું, તે ગામ સોંસરા થઈને તળાવ પાસે ચોકમાં જઈને ઊભા રહ્યા. ત્યાં તો સર્વે અમીને મહારાજને તાણ કરી. ત્યારે મહારાજ કહે, “નહીં રહીએ. કેમ જે, સત્સંગમાં ફરતા બહુ દિવસ થયા છે.” એમ કહીને જે ઘોડા ઉપાડ્યા તે **જેતલપુર** પધાર્યા અને ઘોડા ગામમાં મોકલ્યા ને પોતે મહોલમાં આસોપાલવ સામા ગોખમાં બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજ તાળી વગાડીને બોલ્યા જે, “સર્વે સાંભળજો, સવારમાં રસોઈ કરીને જમી લેજો.”

પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને જ્યાં હમણાં બેઠક છે, ત્યાં જઈને બિરાજ્યા. પોશાક ઉતારી રહ્યા ત્યાં તો ગંગામા બોલ્યાં જે, "જમવા પધારો, સવારે જમ્યા હશો." પછી મહારાજ જરાક મરક્યા ને જળે કરીને ચરણ ધોયા ને જળના કોગળા કરીને દક્ષિણાદે મુખારવિંદે જમવા બિરાજ્યા. પછી ગંગામા બોલ્યાં જે, "સદ્‌ગુરુને બોલાવો, મારે થાળ જમાડવા છે." પછી મુક્તાનંદસ્વામી આદિ ચારે સંત આવ્યા ને મહારાજ પાસે બેઠા. પછી મહારાજ જમતા જાય ને એમને જમાડતા જાય. પછી જમી રહ્યા ને ચળુ કરીને ચટ ઊઠ્યા ને ઢોલિયે આવીને બિરાજ્યા.

પછી ગામના હરિજન પૂજા લઈ લઈને આવ્યા. તે પૂજા કરતા જાય ને હાર પહેરાવતા જાય ને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય. પછી જીવણ પટેલને મહારાજે કહ્યું જે, "ગાડાં પાંચ-છો જોડાવજો." અને સર્વને પુષ્પના હાર પ્રસાદીના આપ્યા. પછી મહારાજે સભાને રજા આપી ને પોઢ્યા. પ્રાતઃકાળે જાગીને દાતણ કરીને ઉષ્ણ જળે નાહ્યા, ને પીતાંબર એક પહેર્યું ને એક ઓઢ્યું, ને ચાખડીએ ચડીને જમવા પધાર્યા. પછી મહારાજ જમતા જાય ને અમારા સામું જોતા જાય. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને પોશાક પહેર્યો.

❋ સાબર નદીએ પાંચ અસવારે મુક્તાનંદસ્વામીની ગાડી રોકી :

પછી મહારાજ ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **વસઈ** આવ્યા. અને **જેઠો પટેલ** આદિ હરિજને સામૈયું કર્યું, તે સર્વેને દર્શન દઈને ચાલ્યા, તે સાબર નદીએ આવ્યા. મુક્તાનંદસ્વામીની ગાડી ફરવા ગઈ, તેના ઉપર પાંચ અસવાર આવ્યા. તે ગાડી કરીમ મોટા હાંકતા હતા. તેને કહે, "બળદ છોડ." ત્યારે તે કહે, "ગાડીએથી બળદ છોડતાં તો વાર લાગે." ત્યાં તો રીડું(બૂમાબૂમ) થઈ ને કાઠીના અસવાર આવ્યા. આવીને ભાલા છાતીમાં અડાડ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “જીવતું રહેવું હોય તો ઊતરી પડો. આ તો ‘કાઠી’ જેનું નામ સાંભળતાં તે આ કાઠી છે.” ત્યારે શેખજી બોલ્યા જે, “આપણે મેલીએ તો સરકારનો ઠપકો આવે.” પછી તે સર્વે ઊતરી પડ્યા ને ફેંટે કરીને બાંધ્યા. પછી ધોળકાની કચેરીમાં સોંપ્યા. ત્યારે તે કચેરીવાળા કહે, “એ તો અમારા અસવાર છે, તે તમે જવાબ દઈને જાજો.” પછી મહારાજને કહ્યું અને મહારાજ ચકલી તળાવથી દક્ષિણાદી કોરે જઈને ઊતર્યા. અને હરિજન મહાશંકર આદિ સામાન લાવ્યા. ને કાઠીને સારુ સંતે રસોઈ કરી ને મહારાજ થાળ કરીને જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી પ્રાતઃકાળે જાગી દાતણ કરીને સ્નાન કર્યું. પછી વસ્ત્ર પહેર્યાં અને લાધા ઠક્કર કચેરીમાં જઈને જવાબ દઈ આવ્યા. પછી મહારાજ સાબદા થઈને ચાલ્યા અને એમ બોલ્યા જે, “પ્રેમાનંદસ્વામી અમારા ભેળા આવે.” અને (પ્રસાદાનંદસ્વામી કહે) અમે જમીને ચાલ્યા, તે ગામ પીપળી ગયા ને ગામથી ઉત્તરે તળાવડી છે, ત્યાં જઈને ઊતર્યા, પણ મહારાજ ન પધાર્યા. પછી સંત ત્રણ દિવસ રહીને મંડળ બાંધીને જેને જે દેશમાં આજ્ઞા કરી તે દેશમાં ચાલી નીસર્યા.

અને મહારાજ **સુંદરિયાણા** જઈને રહ્યા ને શેઠ **વનાશા**ના ફળિયામાં ઊતર્યા. ત્યાં બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તે જમીને પોઢ્યા. પ્રાતઃકાળે જાગ્યા ને સાબદા થઈને જે ચાલ્યા, તે ગામ **બગડ**માં હરિજનને દર્શન દઈને જે ચાલ્યા, તે ગામ **ગુંદા** થઈને **સારંગપુર** પધાર્યા ને જીવા ખાચરના દરબારમાં જઈને ઢોલિયા ઉપર બિરાજ્યા. અને **નારાયણ પટેલ** આદિ હરિજન એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમને ખબર નહીં ને તમે તો અચાનક આવીને બિરાજ્યા !” પછી કાઠી સર્વે બોલ્યા જે, “મહારાજે ઘોડો ઉપાડ્યો તે ભણે માંડ માંડ અમે પૂગા છીએ.” પછી થાળ થયો તે જમવા પધાર્યા ને જમીને પોઢ્યા. પછી જાગ્યા ને જળના કોગળા કરીને જળપાન કર્યું ને સભા કરીને બિરાજમાન થયા. અને રાવળ રવાજ ને

કાંસિયાં લઈને ગાવા આવ્યા. અને જે ગાયાં તે એ જે, *'તારું છોગું આવીને મારે ચિત્તમાં રહ્યું રે, તારું.'* પછી થાળ જમીને પોઢ્યા.

❊ ગઢડા પધારી દંઢાવ્યના ભક્તોનો પ્રેમ વખાણ્યો :

પછી જાગીને સાબદા થઈને ચાલ્યા, તે ગામ **પીપળિયા**ના હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **ગઢડા** પધાર્યા. અને વાજતેગાજતે જઈને વાસુદેવવાળે ઓરડે આવીને બિરાજ્યા. અને હરિજને મહારાજને પૂછ્યું જે, "મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા ?" ત્યારે મહારાજ કહે જે, "વૈરાગીએ પ્રશ્ન પૂછ્યા હતા, તેના ઉત્તર સ્વામીએ કર્યા." તે સર્વે વાત મહારાજે કહી દેખાડી. પછી દંઢાવ્ય દેશમાં ગામોગામ ફર્યા, તે વાત કરીને એમ બોલ્યા જે, "બાઈભાઈ હરિભક્તનો જે પ્રેમ તે અમે શું કહીએ ! જ્યાં એક દિવસ રહેવાનું હોય ત્યાં પાંચ દિવસ રહીએ તોય અમને ચાલવા ન દિયે." એ રીતે ઘણીક વાત કરી.

પછી થાળ જમવા અક્ષરઓરડીએ પધાર્યા ને જમીને પોઢ્યા. પછી જાગ્યા ને જળપાન કર્યું. પછી પુરાણી પ્રાગજી દવે પાસે કથાનો આરંભ કરાવ્યો. કથાની સમાપ્તિ થઈ ત્યારે પ્રેમાનંદસ્વામી પાસે ગાવણું કરાવ્યું. પછી એમ કરતાં હુતાશનીનો સમૈયો આવ્યો, તે ગઢડે ઠેરાવ્યો. પછી જે કંકોતરી ફરી તે સંતમંડળ તો જેમ જેમ સાંભળે તેમ તેમ ચાલ્યાં આવે ને મહારાજને દંડવત કરીને મળતા જાય. પછી દેશદેશમાંથી સંઘ આવવા માંડ્યા, તે મહારાજનાં દર્શન કરીને ઉતારા કરવા જાય. પછી મહારાજ જમવા પધાર્યા ને જમીને પલવટ વાળીને સંતોને પીરસવા પધાર્યા. તે મનુવાર કરતા જાય ને પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોયા ને સિંહાસન ઉપર આવીને બિરાજ્યા.

❊ હુતાશની બોટાદમાં કરવાની ભક્તોની પ્રાર્થના :

પછી સભા થઈ તે સમયે બોટાદના ભગા દોશી, અદા શેઠ ને હમીર ખાચર આદિ હરિજન તે મહારાજને પગે લાગીને હાથ જોડીને

બોલ્યા જે, "હે મહારાજ ! હુતાશનીનો સમૈયો અમારે ગામ કરો." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "અમે સર્વે સામાન તૈયાર કરાવ્યો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તમારે ત્યાં તો રહીએ જ છીએ." પછી મહારાજ બોલ્યા જે, "જાઓ, સમૈયાના સામાન તૈયાર કરાવો."

પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા. પછી નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજે સંતોને કહ્યું જે, "તમે પગમાં પગરખાં પહેરો છો ?" ત્યારે મુનિઓ બોલ્યા જે, "વડનગરમાં તમે આજ્ઞા કરી છે, તેથી પહેરીએ છીએ." ત્યારે મહારાજ કહે, "કોઈ સંતો, સંન્યાસી કે બ્રહ્મચારી પગમાં પગરખાં પહેરશો નહીં." એમ કહીને બોલ્યા જે, "કાલ બોટાદ જાવું છે, તેથી સવારમાં સર્વે રસોઈ કરીને જમી લેજો." પછી વાજાં લઈને ગવૈયા સંતો હોરી બોલવા લાગ્યા, *'કુંવર કનૈયો ખેલે હોરી રે, જાકું વેદ વખાને...કું.'* પછી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઉતારે પધાર્યા ને પછી પોઢ્યા.

પ્રાતઃકાળે ચાર ઘડી રાત રહી ત્યારે જાગ્યા. પછી પોતાનો નિત્યવિધિ કરીને થાળ જમ્યા ને ચળુ કરીને મુખવાસ લીધો. પછી ચાખડીએ ચડીને પલવટ વાળીને જે સંતની પંક્તિમાં પીરસવા લાગ્યા, તે ચાર-ચાર મોતૈયા લાડુ આપતા જાય ને તાણ કરતા જાય. પછી દૂધની વટલોઈ લઈને જે પીરસવા માંડ્યું, તે તાણ કરીને પીરસતા જાય ને ભક્તજનને સુખ આપતા જાય. પછી જળે કરીને હાથ ધોયા ને પોશાક પહેરીને ઘોડે અસવાર થયા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ વાગી રહ્યાં છે; ને ગંગારામ મલ્લ આદિ આગળ ચાલી રહ્યા છે; ને ગામોગામના હરિજન દર્શન કરતા જાય છે; એવી રીતે ગામ **બોટાદ** આવ્યા.

પછી સામૈયું કર્યું. તે વાજાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને ઊભી બજારે થઈને **હમીર ખાચર**ના દરબારમાં પધાર્યા. અને સંતમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે સર્વે તો આથમણી કોરે વડ હેઠે

ઊતર્યા. અને સંઘ સર્વે તળાવ હતું, તે ઠેકાણે જઈને ઊતર્યો. અને મહારાજ લીંબડાની ઉગમણી કોરે મંચ નાંખ્યો હતો, તેના ઉપર ભારે ગાદલું ને તકિયો તેના ઉપર ભારે ઓછાડ નાખેલ તે ઉપર આવીને બિરાજ્યા, જેથી સંઘને પણ તળાવમાં દર્શન થાય. ને પુષ્પના હાર પહેર્યા છે, એવી રીતે પ્રસન્ન થકા બિરાજે છે.

તે સમે હીરા શેઠ બોલાવવા આવ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." ત્યારે ચટ ઊઠ્યા ને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જમવા બિરાજ્યા. અને બ્રહ્મચારી જળ પાતા જાય. પછી જમી રહ્યા ત્યારે મહારાજ કહે, "થાઓ પંક્તિ." પછી ઉગમણી આથમણી પંક્તિ થઈ ને મહારાજ મોતૈયા લાડુ પીરસવા લાગ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી હરિભક્તને મહારાજે કહ્યું જે, "ગામમાંથી મોદિયાં મંગાવીને નિષ્કુળાનંદસ્વામી પાસે છાંયા કરાવો."

પછી મહારાજે જળે કરીને હાથ ધોયા ને પોશાક પહેરીને ઘોડે અસવાર થયા. અને ચાલ્યા તે ઊભી બજારે થઈને મંચ ઉપર આવીને બિરાજ્યા. અને સંતો ગોડી બોલ્યા જે, *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી.'* પછી મશાલો થઈ ને આરતી બોલ્યા જે, *'આરતી કીજે સહજાનંદસ્વામી, હરિ નટવરરૂપ પ્રગટ બહુનામી.'* પછી ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી માનસંગ બારોટ રેણકી છંદ બોલ્યા. પછી નમસ્કાર કરીને સર્વે બેઠા. પછી મુક્તાનંદસ્વામીએ સરોદો લીધો ને બીજા સંતોએ દુકડ, મંજીરાં, સિતાર વિગેરે વાજાં લીધાં ને હોરીનાં પદ બોલવા માંડ્યાં. અને મહારાજ લાખના ગોટા ગુલાલના ભરેલા તેને લઈને સંતો ઉપર નાંખતા જાય ને ગવૈયા આનંદમાં ગાતા જાય. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજે ફૂલના હાર આપ્યા. પછી ઘોડે અસવાર થયા ને ગામમાં પધાર્યા ને ઉતારે જઈને પોશાક ઉતારીને પોઢ્યા.

પછી પ્રાતઃકાળે જાગીને દાતણ કર્યું ને સ્નાન કરીને પોશાક પહેરીને ઘોડે અસવાર થયા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને ઊભી બજારે થઈને મંચ ઉપર આવીને બિરાજમાન થયા. અને ગવૈયા હોરી બોલવા માંડ્યા ને હજારો હરિજન મહારાજનાં દર્શન કરે છે. પછી ભગા દોશી હાથ જોડીને બોલ્યા જે, "પરમહંસને સારુ રસોઈ તૈયાર થઈ છે."

ત્યારે મહારાજ કહે, "રાખો ગાવણું." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે દરબારમાં પધાર્યા ને પોશાક ઉતાર્યો. શેઠ ભગાભાઈએ જળે કરીને નવરાવ્યા. પછી જમવા બેઠા, તે જમતા જાય ને જલપાન કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને મોતૈયા લાડુ પીરસવા માંડ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ત્યાં જ પોઢ્યા. પછી જાગીને જલપાન કર્યું ને ફળિયામાં જળ છંટાવ્યું અને ફળિયા વચાળે આવીને ઊભા રહ્યા. પછી ઢોલિયો લાવ્યા તેના ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજ્યા.

❊ બોટાદમાં મલ્લ ભક્તોએ ખેલ કરી મોજ મેળવી :

પછી ત્રાંસાં, ઢોલ ને શરણાઈ તે વાગવા માંડ્યાં. તેને સાંભળીને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે આવ્યા. ત્યારે ગંગારામ મલ્લ ને વાલજી મલ્લ આવીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમારી મરજી હોય તો મલ્લવિદ્યાનો નજરાનો(દાવ; ખેલ) કરીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો." પછી સભાથી દક્ષિણાદી કોરે માર્ગ કરાવ્યો. ને મહારાજ કહે, "જાઓ, બજારમાં સર્વેને ખબર કરો." પછી રમત રમવા માંડ્યા અને શરણાઈ ને ત્રાંસાં વાગી રહ્યાં છે, ને જે મલ્લવિદ્યાના ભેદ કરવા માંડ્યા, તે ચાર ઘડી રમ્યા. પછી મહારાજ કહે, "રાખો." પછી સર્વે મલ્લ મહારાજને પગે લાગ્યા. ત્યારે

પ્રથમ મહારાજે તેમને પોશાક આપ્યો. પછી ગામ પરગામના હરિજન હતા, તે સર્વે પોશાક ને રૂપિયા આપવા માંડ્યા.

પછી મહારાજ કહે, "લાવો ઘોડો." અને ઘોડે અસવાર થયા ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે; એવી રીતે જે ચાલ્યા, તે આપણા મંદિરને પછવાડે રાજમાર્ગ છે, ત્યાં ગાડા ઉપર ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત વાજાં લઈને હોરીનાં પદ બોલવા માંડ્યા ને ગુલાલ પણ ઊડી રહ્યો હતો. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને સર્વે બેઠા.

❊ મહારાજ બોટાદમાં સંતો-ભક્તો સાથે રંગે રમ્યા :

ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતમંડળ સાથે અમારે રમવું છે, માટે રંગ કઢાવજો." તે સાંભળીને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન સર્વે રાજી થયા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે રે.'* પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. અને નિષ્કુળાનંદસ્વામી ને લાધા ભાવસાર ને નાથા ભાવસાર ને મુળજી ભાવસાર તેમણે પતંગ, કેસર ને કેસૂડાં તેને ઉકાળીને રંગનાં રંગાડાં ભર્યાં ને ગુલાલની ગાંસડીઓ બાંધીને મેલી. ત્યાં ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, તેને સાંભળીને સર્વે હરિજન આવ્યા. અને મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં છે, ને રોઝે ઘોડે અસવાર થયા, ને સર્વે કાઠી પણ ઘોડે અસવાર થઈને આવ્યા, ને સંત પણ સર્વે આવ્યા.

પછી મહારાજ ઘોડેથી ઊતરીને ગાડા ઉપર ઢોલિયો તેના ઉપર આવીને ઊભા રહ્યા. અને કડાં પહેર્યાં છે, ને ફેંટાની બોકાની વાળી છે, ને સોનાની પિચકારી હાથમાં રહી છે. ને જે સામસામી રમત ચાલી, તે એક કોરે મહારાજ, કાઠી ને પાળા અને એક કોરે પરમહંસ, સંન્યાસી,

બ્રહ્મચારી ને હરિજન રહ્યા છે; અને ત્રાંસાં, ઢોલ, શરણાઈઓ, રવાજ ને કાંશિયાં તે વાગી રહ્યાં; અને રંગનાં રંગાડાં ભર્યાં છે; ને ગુલાલ ઊડી રહ્યો છ; ને સામસામી પિચકારીઓની ઝડી પડે છે; અને નદીમાં જે હોજ ગાળેલા તેમાંથી જળનાં માટલાં ભરી ભરીને લાવવા માંડ્યાં.

અને મહારાજ સંતો ઉપર પિચકારી ભરી ભરીને નાંખે છે, તેની કેવી શોભા આવી છે ? તો જેમ પ્રાતઃકાળને સમે સૂર્યની કિરણો છૂટે તેમ શોભે છે. ને પિચકારીને પાંચ છીદ્ર છે, તેમાંથી પતંગ રંગની પાંચ ધારા છૂટે છે, તે બાળસૂર્યની કિરણ જેવી શોભે છે. અને જેમ સૂર્યનો ઘણો તાપ લાગે ત્યારે વાદળાં સૂર્યને ઘેરી લે છે, તેમ સંતરૂપી જે વાદળની ઘટા તે સૂર્યરૂપ જે મહારાજ, તેમને ઘેરી લીધા. અને પિચકારીની ખૂબ વૃષ્ટિ થઈ ને જે જળ ચાલ્યું, તે નદીમાં ભળતું હતું ને પૂર ચાલ્યું.

પછી મહારાજ કહે, “લાવો ઘોડો.” પછી ઘોડે અસવાર થયા ને કાઠી પણ અસવાર થયા. અને વાજાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને જે ચાલ્યા, તે ગામને ઉગમણે ઝાંપે થઈને ઊભી બજારમાં જ્યાં ભગા દોશીના હાટ પાસે આવ્યા ને જે પિચકારી સામસામી ચાલી ને ગુલાલ ઉડાડ્યો, તે હાટનાં નળિયાં સર્વે લાલ લાલ થઈ ગયાં. પછી મહારાજ બોલ્યા જે, “હવે ચાલો.” પછી હમીર ખાચરના દરબારમાં આવ્યા ને ઘોડેથી ઊતરીને ઉગમણી ઓસરીએ ઊભા રહ્યા. અને એમ બોલ્યા જે, “જાઓ, હવે નાહીને આવો.” પછી ઉતારાથી આથમણી કોરે જે કૂવો છે, તેમાં જઈને સંતહરિજન નાહ્યા અને મહારાજ પોશાક ઉતારીને નાહ્યા ને એક વસ્ત્ર પહેર્યું ને એક ઓઢ્યું. પછી જમવા બિરાજ્યા તે જમતા જાય ને ભગા ભાઈચંદ સાથે વાત કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લીધો. પછી પલવટ વાળીને સંતની પંક્તિમાં મોતૈયા લાડુ પીરસવા માંડ્યા, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પાંચવાર પંક્તિમાં ફરીને જળે કરી હાથ ધોવરાવ્યા ને સંત જમીને ઉતારે આવ્યા.

અને ચાર ઘડી કેડે મહારાજ ભારે પોશાક પહેરીને ઘોડે અસવાર થયા; ને નેકી પોકારી રહ્યા છે; ને ભગુજી આદિ પાળા આગળ ચાલ્યા આવે છે; ને વાજાં વાગી રહ્યાં છે; ને મહારાજ આવીને ઢોલિયા ઉપર બિરાજ્યા. અને સંતમંડળ પણ આવીને બેઠા ને ગવૈયા સંત વાજાં લઈને હોરીનાં પદ બોલવા માંડ્યા. ચારેકોરે મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને સૌ બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંઘમાં જેને ખરચી ન હોય, તે ગામોગામના હરિજન ખબર કાઢીને અમારા કોઠારી પાસેથી લેજો. ને હવે સમૈયા થઈ રહ્યા, તેથી સૌ ચાલી નીકળજો અને અમે તેડાવીએ ત્યારે અમારે દર્શને આવજો."

પછી **બોટાદ**ના હરિજન ભગા દોશી આદિ મહારાજની પૂજા કરવા આવ્યા ને મહારાજને ભારે પોશાક પહેરાવ્યો. પછી પુષ્પના હાર પહેરાવ્યા. ને પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય. પછી સંઘવાળા જે મહારાજની પૂજા કરવા આવ્યા, તે પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "સંતમંડળને પણ જે જે દેશમાં મેલવા ઘટે, ત્યાં તેમને મંડળ બાંધીને મોકલો. અને ભાઈરામદાસજી ને મુક્તાનંદસ્વામી આદિ ભણનારા તે તો ગઢડે જાજો." પછી સર્વે સંત તો ઉદાસ થઈ ગયા ને એમ કહેવા લાગ્યા જે, 'હવે આ મૂર્તિનાં દર્શન ક્યારે કરશું ! ને આપણને ક્યારે બોલાવશે !' પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને દાહા ખાચરના દરબારમાં પધાર્યા ને પોશાક ઉતારીને બિરાજ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીનગર, જેતલપુર, ભાલ તથા કાઠિયાવાડમાં વિચરણ અને બોટાદમાં ફૂલડોલ-ઉત્સવ,' એ નામે સાડત્રીસમો વિશ્રામ ॥૩૭॥

વિશ્રામ - ૩૮

ગઢપુરમાં નૃસિંહ ચર્તુદશી આદિ આનંદ-ઉત્સવ તથા અમદાવાદમાં મંદિર કરવા સાહેબે જમીન ને પરવાનો આપ્યો.

પછી ભગા દોશી આદિ હરિજન મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, “પરમહંસને તો રસોઈયું છે, તેથી હમણાં રાખો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “હમણાં જાવા દ્યો. પછી બેક મહિના કેડે તેડાવશું.” પછી મોનો પંડ્યો બોલ્યો જે, “પરમ દહાડે મારી રસોઈ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “સંતમંડળને અમે હાથોહાથ મોતિયા લાડુ આપશું.” ત્યારે તે રસોઈવાળા રાજી થયા. પછી મહારાજ પોઢ્યા. ને ચાર ઘડી રાત રહી ત્યારે જાગ્યા. પછી પોતાનો નિત્યવિધિ કરીને ભારે સુવર્ણમય પોશાગ પહેર્યો ને ઘોડે અસવાર થઈને સંઘને વળાવવા આવ્યા. તે હરિજન મહારાજને પગે લાગતા જાય ને બોલે જે, “હે મહારાજ ! હવે વહેલાં વહેલાં દર્શન દેજો.” એમ કહીને પગે લાગતા જાય. પછી મહારાજ દેશદેશના સંઘને વળાવીને લીંબડા હેઠે ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા.

પછી મુનિએ મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા અને બાજુબંધ, તોરા ને ગુછ ધારણ કરાવ્યા. પછી મહારાજ ગઢમાં બારી હતી, ત્યાં થઈને દરબારમાં પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરીને કહે, “બોલાવો સંતોને.” પછી સંતોની પંક્તિ થઈ ને મહારાજ પલવટ વાળીને આવીને ઊભા રહ્યા. પછી મોતિયા લાડુ પીરસવા માંડ્યા અને શાક, રાયતાં, ભજિયાં, વડાં, પાપડ ને અથાણાં તે જેમ જોઈએ તેમ સંતો વાંસે પીરસતા જાય અને મહારાજ તાણ કરીને પીરસતા જાય. પછી એમ સંતોને જમાડીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને મહારાજ ત્યાં પોઢવા રહ્યા ને અમે જમીને ઉતારે આવ્યા.

પછી ચાર ઘડી કેડે મહારાજ કહે, “બોલાવો સંતોને.” પછી સંતો આવ્યા ને ઓસરી ઉપર ઊભા રહીને ચાર-ચાર મોતિયાના લાડુ આલવા

માંડ્યા. ત્યાં તો કાઠી બોલ્યો જે, "ધીરે ધીરે લો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તું આલી જો, એ તો અમારા હાથના માહાત્મ્યે કરીને લે છે." પછી સર્વે સંતને લાડુ આપી રહ્યા ને લાડુ તો વધ્યા, તે સર્વે પાળાને અને કાઠીને આપ્યા. તે જેમ કારિયાણીમાં સાટા આપ્યા, તેમ આપ્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ભારે પોશાક પહેર્યો ને ઘોડે અસવાર થયા અને સર્વે સંત, બ્રહ્મચારી, સંન્યાસી તેણે સહિત ગઢડાને માર્ગે ચાલ્યા. તે પછી સીમાડેથી સર્વે સંત અને ગામના હરિજન તેમને પાછા વાળ્યા. તે મહારાજને દંડવત કરીને ઉતારે આવ્યા. ને માંહોમાંહી મળીને સવારે જે જે દેશમાં જેને આજ્ઞા કરી હતી, તે તે દેશ પ્રત્યે સૌ સંતો ચાલ્યા.

મહારાજ **ગઢડે** પધાર્યા ને ત્યાં પ્રેમી હરિજનને વશ થઈને રહ્યા અને પ્રાગજી દવે પાસે કથા વંચાવતા. મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંત મહારાજ આગળ વાજાં લઈને વિષ્ણુપદ ગાતા હતા અને નાના પ્રકારની રસોઈઓ કરાવીને મહારાજ મુનિમંડળને જમાડતા હતા. પછી અભયરાજાનાં પુત્ર ને પુત્રીઓ બોલ્યાં જે, "હે મહારાજ ! તમે નૃસિંહ ચર્તુદશીનો સમૈયો અહીંયાં કરો." ત્યારે મહારાજ કહે, "ઠીક." ત્યારે કહે, "સર્વે સંતને અને હરિજનને પણ તેડાવો." પછી સંતનાં મંડળ આવવા માંડ્યાં. તે જેમ જેમ સંતો આવતા જાય તેમ તેમ મહારાજ મળતા જાય ને ખબર પૂછતા જાય.

પછી મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "ફળીમાં લીંબડા ફરતે મોઘ્યું બંધાવો અને રાત્રીએ ઘેલામાં સભા થાય અને ગઢાળીને આરે મંચ નંખાવો અને ફળીમાં છંટકાવ કરાવજો." એમ અમને આજ્ઞા કરી. પછી સાંજે ઘોડીએ અસવાર થયા ને ઘેલા નદીમાં મંચ નાંખ્યો હતો, તેના ઉપર ઢોલિયો ને તેના ઉપર મહારાજ આવીને બિરાજમાન થયા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન બોલ્યા ને શ્લોક બોલી રહ્યા. પછી

રેણકી છંદ બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંતો બોલ્યા જે, *'ઓરા આવોને નટવર નાનડિયા, તમે મારા જીવ સાથે જડિયા.'* પછી મહારાજ ઘોડે અસવાર થઈને ગામમાં પધાર્યા ને અક્ષરઓરડીમાં જઈને પોશાક ઉતારીને પોઢ્યા.

❊ ગરમીમાં સંતોને વરિયાળીનું પાણી પાયું :

પ્રાતઃકાળે જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને આથમણે મુખારવિંદે સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. અને આનંદસ્વામીને બોલાવીને મહારાજે કહ્યું જે, "તાપ બહુ પડે છે, તેથી વરિયાળી ને મરી વાટીને જળમાં નાખીને ગોળા ભરાવો. પછી સર્વે સંતને આશરે શેર શેર પાણી પાઓ." પછી સંતો તે મહારાજની પ્રસાદી કરાવીને પાય. અને એક દિવસ મોટીબા રસોઈ આપે ને એક દિવસ લાડુબા રસોઈ આપે. અને **મહારાજ થાળ જમીને જે પીરસવા આવે, તે પીરસતા જાય ને તાણ કરતા જાય ને માથે હાથ મેલતા જાય.** પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને અક્ષરઓરડીમાં પોઢવા પધાર્યા.

પછી જાગીને જળના કોગળા કરી, જલપાન કરીને પોશાક પહેર્યો ને સિંહાસન ઉપર આવીને બિરાજ્યા. પછી દેવાનંદસ્વામી આદિ ગવૈયા વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'મોરે બાલમ મોરે બાલમ હોજી મોરે...'* પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજે ફૂલના હાર આપ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "બોલો ઝીલણિયાં કીર્તન." પછી સંતો બોલ્યા જે, *'સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું.'*

❊ સંતોને ટાટ પહેરવાનું પ્રકરણ :

પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા અને સંતમંડળ પણ ઉતારે આવ્યા. પછી મહારાજે સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો. તેમાં એમ આવ્યું જે, "પાંડવ

હતા, તે વનકલ(ઝાડની આછી છાલનાં વસ્ત્ર) પહેરતા." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ ટાટ(કંતાન; શણ) છે, તે વનકલ જેવાં જ છે." પછી થાળ જમવા બિરાજ્યા ને જમીને નિત્યાનંદસ્વામીને મહારાજે, "ટાટ પહેરીને આવો તો તમને થાળ આપું." એમ કહ્યું. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ટાટ પહેરાય નહીં, ને એ થાળ મારે નથી જોઈતો."

પછી મહારાજ જમીને, ચળુ કરીને, મુખવાસ લઈને, ચાખડીએ ચડીને આથમણા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. ને એમ બોલ્યા જે, "અમે એક પ્રકરણ ફેરવ્યું છે, તે ટાટ પહેરીને આવો તો મળીએ(ભેટીએ.)" ત્યારે સંતમંડળ ઊઠ્યા, તે કેટલાક ઉતારે ગયા ને કેટલાક બજારમાં ગયા, તે ટાટ લઈને આવ્યા. પછી પ્રથમ મુક્તાનંદસ્વામી મહારાજને ટાટ પહેરીને મળ્યા. પછી તે જ ટાટ પહેરીને નિત્યાનંદસ્વામી મળ્યા. પછી એક બીજાને આપે ને પહેરી પહેરીને મહારાજને સર્વે સંત મળ્યા. અને નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "થાળ જમીને આલતા'તા તે ન લીધો ને મળવું પણ જાત ને સૌની હારે ટાટ તો પહેરવો પડત."

પછી મહારાજે નિત્યાનંદસ્વામીનો વાંસો થાબડ્યો ને એમ બોલ્યા જે, "પંક્તિમાં જે પીરસવા ફરો તે પણ ટાટ પહેરીને પીરસો." પછી મહારાજ ખભે પછેડી બાંધીને કેડે આંટો લઈને જે મોતિયા લાડુ પીરસવા માંડ્યા, તે તાણ કરતા જાય ને જમણો અંગૂઠો છાતીએ અડાડતા જાય ને પીરસતા જાય; એમ પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી નિત્યાનંદસ્વામીએ જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ચાલ્યા ને અક્ષરઓરડીમાં જઈને પોઢ્યા. પછી જાગીને જલપાન કરી પોશાક પહેર્યો ને ચાખડીએ ચડીને આવ્યા ને દક્ષિણાદે મુખારવિંદે બિરાજ્યા. સર્વે મુનિમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે પણ આવીને બેઠા. પછી ગવૈયા સંત સરોદા, દુકડ, સિતાર ને મંજીરાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા જે, *'ચરણ લગાઈ લે રે, મેં બંદી તેરી ચરનકી.'* અને બીજા પદ એ જે, *'બંસરી અજબ બજાઈ કાન, બાજી અલોકિક તાન, બંસરી.'*

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ સંતો, આ પ્રકરણ ઠીક થયું?” ત્યારે લાધા ઠક્કર બોલ્યા જે, “હે મહારાજ ! હવે એકુકી લાકડી હાથમાં આપો.” પછી મહારાજ બોલ્યા જે, “લાકડી તો ન અપાય.” ત્યારે લાધા ઠક્કર બોલ્યા જે, “**સત્યાનંદસ્વામી** ટાટ પહેરીને નદીએ નાવા જાતા હતા, ત્યાં તો જે કૂતરા ચારેકોરેથી વળગવા આવ્યા, તે અમે સર્વે હરિજને માંડ મેલાવ્યા.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ પ્રકરણ તો ઠીક નહીં.” ત્યારે સંતો બોલ્યા જે, “જેમ આજ્ઞા કરો તેમ રહીએ.”

પછી મહારાજ બોલ્યા જે, “કફની રાખો, તે પછેડીને વચ્ચેથી ફાડીને ગળામાં નાંખો, તે અડધી આગળ ને અડધી પછવાડે; તેને નાકું કરીને બોર(બટન) કરજો, જેથી ઊડે એટલે શરીર ન દેખાય.” પછી હરિજન સર્વે રાજી થયા. અને જે ગયે વર્ષે હિમ પડ્યું, તેથી કપાસ સર્વે બળી ગયા ને લાકડ હિમ કહેવાણું ને હુતાશની લગી પડ્યું.

✲ સંતોના વર્તમાન પ્રમાણે બ્રહ્માંડમાં ફેરફાર :

પછી મહારાજ બોલ્યા જે, “અમે જે જે વર્તમાન તમારા ઉપર ફેરવીએ છીએ, તે તે ક્રિયા બ્રહ્માંડમાં ફરે છે. તે જ્યારે અમે છાના રહ્યા ને કેશ વધાર્યા, ત્યારે સર્વે પૃથ્વીના રાજા નિસ્તેજ થઈ ગયા. અને જ્યારે અમે ખટરસનાં વર્તમાન ફેરવ્યાં, ત્યારે પૃથ્વીમાં કાંઈ પાક્યું નહીં ને ઘણાં મનુષ્ય ભૂખે મૂઆ. અને જ્યારે અમે ટાટ પહેરાવ્યાં, ત્યારે કપાસ સર્વે બળી ગયા.” પછી મહારાજ કહે, “ઝીલણિયાં કીર્તન બોલો.” ત્યારે સંત બોલ્યા જે, *‘હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે.’* પછી મહારાજે સભાને રજા આપી ને ઉતારે પધાર્યા ને થાળ જમીને પોઢ્યા.

✲ શ્રીહરિની માંદગીમાં સંતોની સેવાભાવના :

પછી પ્રાતઃકાળે વહેલા જાગીને પોતાનો નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને પ્રાગજી દવે પાસે કથા વંચાવવા માંડી. પછી થાળ

જમીને તરત પોઢી ગયા ને શરીરમાં કસર જેવું જણાણું. પછી મહારાજે આનંદસ્વામીને અને નિષ્કુળાનંદસ્વામીને તેડાવ્યા. પછી એમણે જ્યાં નાગમાલા રહેતા હતા, તે ઠેકાણે મોદ(બૂંગણ) બાંધી ને છાયા કરી. પછી મહારાજનો ઢોલિયો ત્યાં લાવ્યા ને જળ છંટકાવે તેથી વાડો ભીનો ને ભીનો રહે. અને સંત ગામોગામ જઈને ટૂકડા માગીને ગોળા વાળીને જમી આવે. પછી તો પાંચ-છ દિવસ થયા ત્યારે મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, “શેરડીનાં માંદળિયાંનો રસ કાઢીને લાવો.” અને તે સમે મહારાજ પાસે વૈષ્ણવાનંદસ્વામી ને નિર્ગુણાનંદસ્વામી પણ આવ્યા-ગયા રહેતા. પછી નિષ્કુળાનંદસ્વામીએ તો લાકડાનો કોલું કર્યો ને રસ કાઢીને કટોરામાં લઈ ગયા. તે મહારાજે દાતણ કરીને રસ પીધો ને થોડોક રસ પાછો આપ્યો. પછી તે રસમાં જળ નાખીને સર્વ સંતોને વહેંચી આપ્યો. અને તે સમે મહારાજ જે કટોરે રસ પીતા ને રાબ પીતા, તે કટોરો મારી પાસે છે.

પછી મહારાજનો ઢોલિયો એમ ને એમ સભામાં લાવે ને બે-ત્રણ ઘડી સૌ સંત દર્શન કરે. પછી પાછો ઢોલિયો ઉતારે લઈ જાય. મહારાજ રસ પીતા ને રાબ પણ પીતા. પછી ગવૈયા સંતને વાજાં લઈને બોલાવ્યા, તે આવીને ગાવા લાગ્યા. તે સમે બ્રહ્મચારી પૂછવા આવ્યા જે, “હે મહારાજ ! થાળનો સામાન લાવીએ ?” ત્યારે મહારાજ કહે, “લાવો.” પછી સ્નાન કરીને જમતા જાય ને મુક્તાનંદસ્વામી આદિ સંતના સામું જોતા જાય. પછી જમીને થાળ ગવૈયા સંતને આપ્યો ને ચળુ કરીને ઢોલિયે બિરાજ્યા. પછી સંત ઉતારે આવ્યા.

✼ વાસુદેવવાળા ઓરડાની સાથે ઓરડો કરાવ્યો :

પછી સવારના પહોરમાં મહારાજ વાસુદેવવાળા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી સર્વે સંતો આવીને બેઠા અને નાના પ્રકારની વાતુ થાય છે, ત્યાં તો બ્રહ્મચારી બોલાવા આવ્યા. તે

સમે મહારાજ બોલ્યા જે, “આ ઓરડાની હારે બીજો ઓરડો કરીએ.” ત્યારે સંતમંડળ બોલ્યા જે, “બહુ સારું.” પછી થાળ જમીને ચળુ કરીને મહારાજ ઢોલિયે આવીને બિરાજ્યા. અને સંતમંડળ સારુ રસોઈ તૈયાર થઈ, ત્યારે મહારાજ કહે, “લાવો.” પછી થાળ ભરીને લાડુ લાવ્યા, તે ઢોલિયે બેઠા બેઠા પ્રસાદીના કરીને આપતા જાય અને પીરસનારા પંક્તિમાં પીરસતા જાય. પછી સર્વે સંત જમી રહ્યા, ત્યારે મહારાજના હાથ ધોવરાવ્યા ને ઉતારે પધાર્યા ને પોઢ્યા.

પછી જાગીને જળપાન કર્યું. પછી તે જ ઓરડે સભા કરીને બિરાજ્યા ને નિષ્કુળાનંદસ્વામીને નેત્રની સાને કરીને બોલાવ્યા. અને મહારાજ કહે, “જગ્યા ભરો(માપો).” પછી સ્વામીએ ગજે કરીને જગ્યા ભરી અને પાયા આંક્યા. અને પાળા ભગુજી, જેસાજી ને અલૈયા કહોર આદિ પાયો ખોદવા માંડ્યા. ત્યાં તો મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, “નદીએ નાવા જાઓ ત્યારે એક એક પથ્થર ઉપડે એમ સર્વે લઈ આવજો.” એમ આજ્ઞા કરીને મહારાજ ઉતારે પધાર્યા ને જમીને પોઢ્યા.

પછી સવારે જાગ્યા ને બહિર્ભૂમી જઈને આવ્યા. અને જ્યાં જાંબુ છે, ત્યાં હાથ મટિયાવતા ને નાતા પણ ત્યાં. પછી વસ્ત્ર પહેર્યાં ને સભા કરીને ઓરડે આવીને ઢોલિયે બિરાજ્યા ને કામ ચાલે. પછી અમારા સામું જોઈને બોલ્યા જે, “હવે સમૈયા થઈ રહ્યા, તેથી મંડળ બાંધીને દેશ દેશ પ્રત્યે ફરો ને અમે તેડાવીએ ત્યારે આવજો.” એમ કહીને પછી થાળ જમવા પધાર્યા ને જમીને થાળ નિષ્કુળાનંદસ્વામીને આપ્યો. પછી જે પાળા મહેનત કરતા હતા, તેમને નિષ્કુળાનંદસ્વામીએ વહેંચી આપ્યો.

પછી મહારાજ સંતની પંક્તિમાં જઈ પીરસવા પધાર્યા અને ધીરે ધીરે પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને પોઢવા પધાર્યા. પછી જાગીને જળના કોગળા કરી જળપાન

કર્યું. પછી મોજડી પહેરીને સભામાં આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, "કીર્તન બોલો." ત્યારે સંત બોલ્યા જે, *'એકલડા કેમ રહેવાય તમ વિના વહાલાજી, મંદિરિયું ખાવા ધાય તમ વિના વહાલાજી.'* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી સર્વે મહારાજને પગે લાગીને બેઠા.

✲ અમદાવાદમાં મંદિર કરવા વિચારણા :

પછી મહારાજ તરત ઊઠ્યા ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદસ્વામી, દાદા ખાચર ને લાધા ઠક્કર એ સર્વેને મહારાજે તેડાવ્યા. નિષ્કુળાનંદસ્વામી તો મહારાજ પાસે જ હતા. એ સર્વે આવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "ગુર્જર દેશમાં અમદાવાદ જેવું બીજું ભારે શહેર નથી. માટે તે શહેરમાં આપણે મંદિર કરીને નરનારાયણની મૂર્તિઓ પધરાવીએ. અને અમે સાહેબને મળ્યા હતા, ત્યારે સાહેબ બોલ્યા હતા જે, 'સ્વામિનારાયણ ! હમારા જેસા કામ હોય તો હમકું કહિયો.' અને વળી એમ કહ્યું છે જે, 'તમારો ધર્મ અમારા રાજમાં ચલાવો.' અમે કહ્યું જે, 'કામ હશે તો કહેશું. માટે ત્યાં મંદિર કરીએ."

ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! ભરતખંડના પતિ નરનારાયણ છે અને તેમની પ્રતિમા ક્યાંય નથી, માટે તેમનું સ્થાપન કરવું જોઈએ." ત્યારે મહારાજ કહે, "શુકમુનિ ! અમદાવાદના સત્સંગી પ્રત્યે કાગળ લખો જે, (તેઓ) સાહેબને રિપોર્ટ કરે કે, નવાવાસ પાસે સરકાર જગ્યા આપે, ત્યાં મંદિર કરવા વિશે હુકમ આપે અને તે મંદિર કરતાં કોઈ હરકત ન કરે; એવો બંદોબસ્ત સરકાર રખાવે તો મંદિર કરીએ." તે કાગળ લખાવીને કુબેરસંગ, નથુ ભટ્ટ, લાલદાસ ગોરા, દામોદર તથા ચોકસી આદિ હરિજનનાં નામ લખીને મોકલ્યો. પછી તે કાગળ વાંચીને શહેરના હરિભક્ત રાજી થયા અને

સાહેબને રિપોર્ટ કર્યો. ત્યારે સાહેબે આવીને જગ્યા જોઈને એમ બોલ્યા જે, "એ જગ્યા તો ઉજડ છે ને ઠાકોર મંદિર તો વસ્તીમાં જોઈએ." ત્યારે નથુ ભટ્ટ બોલ્યા જે, "નરનારાયણની ઇચ્છા હશે, તો વસ્તી ઘણી થાશે." પછી સાહેબ બોલ્યા જે, "આ જગ્યા સરકારે મહારાજને આપી. હવે મંદિર કરવા સારુ જાસ્તી(વધારે) જોઈએ તોપણ સરકાર આપવા ખુશી છે. માટે તમે કહો તેવો પરવાનો લખી આપીએ." ત્યારે હરિજન બોલ્યા જે, "સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધીનો પરવાનો કરી આપો, ને આ જગ્યામાં મંદિર કરવું તેમાં કોઈ હરકત ના કરે અને તે વિષે સરકાર બંદોબસ્ત રાખે એવો પરવાનો કરી આપો." ત્યારે સાહેબે તેવી જ રીતનો પરવાનો કરી આપ્યો.

પછી તે પરવાનો લઈને હરિભક્તે કાગળ લખીને મહારાજ પાસે ગઢડે મોકલ્યો, તેને વાંચીને મહારાજ રાજી થયા. પછી મહારાજે આનંદસ્વામીને આજ્ઞા કરી જે, "હમણા સંતને રહેવા સારુ ધર્મશાળા કરાવો." પછી આનંદસ્વામી પોતાનું મંડળ લઈને અમદાવાદ આવ્યા ને મંદિર કરવાની વાત કરી. ત્યારે ગામના હરિભક્ત તથા દેશદેશના સર્વે હરિભક્ત રાજી થયા.

❊ વડથલમાં શ્રીહરિ ન આવતા સંતોને થયેલો વિરહ :

પછી મહારાજે સર્વે સંતને રજા આપી, તેથી સર્વે દેશ દેશ પ્રત્યે ફરવા ગયા. પછી બેક મહિના કેડે ગામ **વડથલ**ના સત્સંગી મહારાજ પાસે આવ્યા ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમારા ગામમાં સંતમંડળ સહિત પધારો." પછી મહારાજ બોલ્યા જે, "લખો કાગળ જે સર્વે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી તે ગામ વડથલ જાજો અને સર્વે હરિજન પણ આવે, અને અમથી અવાશે તો આવશું, ને જો અમારાથી ન અવાય તો હિંડોળો બાંધીને મુક્તાનંદસ્વામીને બેસારીને પૂજા કરજો. એમ અમારી આજ્ઞા છે." એવો પત્ર લખાવીને મોકલ્યો.

પછી તો પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તે સર્વે વડથલ આવ્યા ને ગામોગામના હરિજન પણ આવ્યા અને મહારાજ તો ન પધાર્યા. પછી સર્વે સંતમંડળની વડ હેઠે સભા થાય અને સંત વાતુ કરે, ને નિસાસા નાખે, ને મહારાજની વાટ જુવે અને એમ કહે જે, 'મહારાજ કેમ ન આવ્યા ?' અને વ્રેહ મંગળ બોલે, *'જાકા પિયા પરદેશ દુઃખી સોઈ કામની, ભોજન દિન નહિ ભાય નિંદ નહિ જામની.'* એવી રીતનાં કીર્તન ગાય ને વળી ગરબી ગાય જે, *'ગોકુળથી ગિરધર કેમ મથુરા જઈને રહ્યા, કાગળ કોઈ નાવ્યો રે, બહુત દિન વીતી ગયા.'* એવી રીતે પાંચ-છ દિવસ સર્વે સંત ત્યાં રહ્યા અને મહારાજ ન આવ્યા, તે જાણીને દેશદેશ પ્રત્યે ફરવા સારુ ચાલી નીસર્યા.

❊ ધર્મશાળા બનતાં, મુક્તમુનિને કથાવાર્તા કરવા મોકલ્યા :

હવે જે આનંદસ્વામી **અમદાવાદ** ગયા, તે સર્વે હરિભક્તની મદદથી થોડા દિવસમાં એક ધર્મશાળા કરાવી અને જ્યારે તૈયાર થઈ ત્યારે શ્રીજીમહારાજને પત્ર લખ્યો જે, 'ધર્મશાળા તો તૈયાર થઈ, પણ હવે તેમાં કથા કરનાર સંત જોઈએ.' ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહી મોકલ્યું જે, "તમે અમદાવાદમાં નવી જગ્યામાં ચાર્તુમાસ કરજો." પછી મુક્તાનંદસ્વામી અમદાવાદ આવ્યા અને જ્યાં હમણાં મંદિર છે, ત્યાં ધર્મશાળા હતી તેમાં ઊતર્યા. સ્વામી કથાવાર્તા કરે તે ઘણાંક મનુષ્ય સાંભળવા આવે અને ગાવણું થાય, તે સાંભળવા આખા શહેરનાં મનુષ્ય આવતાં. અને સ્વામીની જે લાવણ્યતા અને મીઠી બોલી તેથી ઘણાંક મનુષ્ય સત્સંગી થયાં. પછી ત્યાં મહિનો રહ્યા ને સ્વામીએ કાગળ લખીને મહારાજ પાસે મોકલ્યો જે, *'વાટડી જોઉં છું રે વ્હાલા, હજી કેમ નાવ્યા નંદલાલા રે, વાટડી.'* પછી તે પત્ર મહારાજ પાસે આવ્યો, ત્યારે મહારાજે તે મહિના ગવડાવ્યા. પછી એમ બોલ્યા જે, "હમણાં વાટ જોવી નહીં."

※ સિદ્ધાનંદસ્વામીનું કવિત જોઈ ચારણનો ગર્વ ઉતરી ગયો :

હવે મહારાજ ગઢડે છે ને સંત સર્વે ફરવા ગયા છે. તે સમે એક ચારણ ભાવનગર ગયો ને વજેસંગનું કવિત બનાવ્યું, તેથી તેને ઘોડો આપ્યો. પછી ઘોડું લઈને ગઢડે આવ્યો અને દરબારમાં ઊતર્યો. પછી મહારાજ પાસે આવ્યો ને પોતાનું કરેલું કવિત મહારાજને સંભળાવ્યું અને એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમારી પાસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ મહાકવિ કહેવાય છે, તેમને મારે જોવા છે, ને તેમાં આવું કવિત કોઈ કરી શકે છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "કરીમભાઈ, જાઓ આપણા સાધુમાં કોઈ કવિ હોય તો બોલાવો." ત્યારે કરીમભાઈ કહે, "એક આધારાનંદસ્વામી માંદા જેવા છે તે અહીં છે, બીજા સંત નથી." પછી તેમને બોલાવ્યા, તે મહારાજ પાસે આવી પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓ, આ ગઢવી કવિત કરી લાવ્યા છે, તેવું તમે પણ કરી લાવો." પછી આધારાનંદસ્વામીએ કવિત કરીને તે કાગળ મહારાજને આપ્યો. તે છપય કવિત,

'શ્રીહરિકો સદન મદન કહું કોટી લજાવે,
શારદ, નારદ, શેષ, મહેશ, કોઉ પાર ન પાવે.
અક્ષરરૂપ અનુપ ઓરડી અજબ અનોખી,
પાવે દર્શન દાસ, હરિજન સંત સંતોષી.
સિદ્ધાનંદ સત્ય કહત હે, જ્યાં નહીં માયા આડ હે,
શ્રીહરિ કે સદન પર, ઝૂક્યો જાંબુકો ઝાડ હૈ.'

પછી મહારાજે ગઢવીના હાથમાં કાગળ આપ્યો ને કહ્યું જે, "તમે તપાસ કરો, કયું કવિત સારું થયું છે ?" પછી તે ગઢવીનો ગર્વ ઊતરી ગયો ને પોતાનું કવિત હલકું થયું. પછી તે બોલ્યો જે, **"હે મહારાજ ! અમે તો જગતના જીવ છીએ ને એ તો પરમેશ્વરના સંત છે, તેમની બરોબર અમારો અક્ષર ક્યાંથી આવે !"**

પછી તેણે એમ પૂછ્યું જે, "પિંગળ વિગેરે કેટલા ગ્રંથ ભણ્યા છો ?" એવી રીતે કહ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીના સૌથી નાના શિષ્ય છે. અને અમારે કાંઈ ભણ્યાનો મેળ નહીં. આ પાંચસો પરમહંસ છે, તેમાં અમે જેને આજ્ઞા કરીએ તે કવિતા કરે, તો મુક્તાનંસ્વામી ને બ્રહ્માનંદસ્વામી કરે તેમાં શું આશ્ચર્ય છે ?"

પછી તે વાત સાંભળીને ચારણ બોલ્યો જે, **"હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો ને જીવના કલ્યાણ કરવા સારુ મનુષ્યદેહ ધારણ કર્યો છે. અને આ જે તમારા સંત તે તો શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમના મુક્ત છે. તે જીવને જ્ઞાન દેવા સારુ તમારી સાથે આવ્યા છે. માટે ચૌદ લોકમાં તેમની બરોબર કોઈ થનાર નથી.** જેમ, *'જ્યું ખગરાજ ઊડ્યો પર બાંધકે, તા સંગ જાત મખી હુલસાતી.'* તે રીતનો મારો અપરાધ ક્ષમા કરો." પછી મહારાજે તેમને હાર આપ્યો અને સન્માન કર્યું. એવી રીતની અનંત લીલા કરતા હતા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીદુર્ગપુરે નૃસિંહ ચતુર્દશી ઉત્સવ તથા અમદાવાદમાં મંદિર કરવા સાહેબે જમીન અને પરવાનો આપ્યો,' એ નામે આડત્રીસમો વિશ્રામ ॥૩૮॥

વિશ્રામ - ૩૯

જેતલપુર પ્રબોધનીનો ઉત્સવ તથા બ્રહ્મરાક્ષસને મુક્તિ આપી.

પછી મહારાજ **ગઢડે**થી તૈયાર થયા અને કાઠીના અસવાર ને પાળા તેમણે સહિત ચાલ્યા, તે ગામોગામના હરિજનને દર્શન દેતા થકા દેવદિવાળી ઉપર **જેતલપુર** પધાર્યા. અને ગામોગામના હરિજનને તથા સંતોને ખબર કર્યા. તે સંતો જેમ આવતા જાય તેમ તેમ મહારાજને મળતા જાય ને મહારાજ સંતોને ખબર પૂછતા જાય. પછી જ્યાં મંદિર ને ઓટો છે, ત્યાં સભા કરીને બિરાજ્યા. ત્યાં તો મુક્તાનંદસ્વામી આવ્યા ત્યારે મહારાજ સામા જઈને મળ્યા. પછી મહારાજ પાટ ઉપર બિરાજ્યા ને અમદાવાદના હરિજનની ખબર પૂછી. ત્યાં તો આસજીભાઈ આવ્યા ને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! ગંગામા કહે છે જે, થાળ જમવા પધારો."

પછી મહારાજ ઊઠ્યા ત્યારે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમે હમણાં રહેજો." પછી સ્વામી ત્યાં બેઠા ને બીજા સંતો મોહોલમાં ગયા. પછી મહારાજ થાળ જમતા જાય ને સ્વામી સાથે વાત કરતા જાય. પછી જમીને થાળ મુક્તાનંદસ્વામીને આપ્યો. પછી મહારાજ ઘડી ચાર પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું અને ગંગામા આદિ બાઈઓએ ભારે પોશાક કરાવેલો તે પહેર્યો. તે સોનાના બુટ્ટાદાર ભારે સુરવાળ ને ડગલી પહેર્યાં, ને ભારે રેંટો માથે બાંધ્યો, ને એક કેડે બાંધ્યો, ને ભારે શેલું ખંભે નાંખ્યું, ને પુષ્પના હાર પહેરાવ્યા.

પછી જ્યાં ઘોડે અસવાર થયા ત્યાં તો અમદાવાદના હરિજન આવ્યા ને મહારાજને પગે લાગતા જાય ને પુષ્પના હાર ચડાવતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "જાઓ, ઉતારા કરો." પછી ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ તે વાગી રહ્યાં છે, ને કુબેરસંગ નેકી પોકારી રહ્યા છે, અને મહારાજે મુખારવિંદ આડો રૂમાલ દીધો છે, ને જે ચાલ્યા તે હમણાં જ્યાં આનંદસ્વામીએ હનુમાન પધરાવ્યા છે, તે ઠેકાણે જગ્યા વળાવીને

પાટ નંખાવ્યો, ને મોઘું પથરાવી છે ત્યાં પધાર્યા. પછી મહારાજ ઘોડેથી ઊતરીને પાટ ઉપર તળાઈ, ઓછાડ ને તકિયો તેના ઉપર ઉત્તર મુખે આવીને બિરાજ્યા. ને વાજાં વાગી રહ્યાં છે, ને હરિજન દેશ દેશના આવવા માંડ્યા ને તેમને પટેલ આસજીભાઈ ઉતારા અપાવતા જાય, અને (હરિજન) મહારાજને ફૂલના હાર પહેરાવતા જાય, ને ચરણનો સ્પર્શ કરતા જાય. પછી સંત સર્વે ગોડી બોલ્યા જે, *'ફૂલના પહેરી રે જામા ફૂલના પહેરી, ફૂલ્યો રસિક સુજાણ, જામા.'*

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'વાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે; મેં તો સર્વે મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે.'* પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને પોશાક ઉતાર્યો ને ભગુજીએ જળે કરીને નવરાવ્યા. પછી જમવા બિરાજ્યા. તે જમતા જાય ને પૂછતા જાય જે, "કેના થાળ છે ?" પછી ગંગામા બોલ્યાં જે, "ગામડીના હરિભક્તનો થાળ છે." પછી જમી ચળુ કરીને કાઠીને જમાડ્યા. પછી મુખવાસ લઈને પાટ ઉપર ગાદીતકિયો તેના ઉપર ઉમગણે મુખારવિંદે આવીને બિરાજ્યા.

પછી બોલ્યા જે, "ગવૈયાને કહીએ જે વાજાં લઈને ગાવા આવો." પછી દામોદરે આવીને કહ્યું, ત્યારે મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંત વાજાં લઈને ગાવા આવ્યા. પછી સર્વે સંત, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે પણ આવીને બેઠા. રાત પણ અજવાળી હતી ને મુક્તાનંદસ્વામી તથા દેવાનંદસ્વામી તે સરોદા વગાડવા લાગ્યા ને પ્રેમાનંદસ્વામી દુકડ વગાડે, ને બીજા સંત મંજિરાં, સિતાર ને મોરચંગ વિગેરે વગાડવા લાગ્યા. પછી ગાવા લાગ્યા જે, *'મેં બંદી તેરી ચરણ લગાય લે રે, મેં.'* એ ગાઈ રહ્યા ત્યારે બીજા પદ બોલ્યા જે, 'મોરે બાલમ મોરે બાલમ હો જી, મોરે.' પછી રાત અરધીક ગઈ ત્યારે મહારાજ

કહે, "હવે રાખો." પછી ગવૈયા હતા, તે મહારાજના ચરણનો સ્પર્શ કરીને વાજાં લઈને મહોલમાં આવ્યા ને મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને પુષ્પના હાર પહેર્યા. ને ઘોડે અસવાર થયા, ને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને કુબેરસંગ છડી લઈને નેકી પોકારી રહ્યા છે; એવી રીતે મોહોલમાં પધાર્યા અને જ્યાં આસોપાલવ છે, તેને હેઠે ઓટા ઉપર પાટ તેના ઉપર ગાદલું, ઓછાડ ને તકિયો તેના ઉપર ઉત્તર મુખે આવીને બિરાજ્યા. પછી સંતો વાડીમાંથી પુષ્પના હાર લાવીને મહારાજને પહેરાવતા જાય ને પગે લાગતા જાય.

પછી વાડીમાંથી સીતાફળ લાવીને મહારાજ આગળ મેલ્યાં ને જામફળ લાવ્યા. તે ભગુજી પાળે સુધરાવીને મહારાજને જમાડ્યા. પછી મહારાજે જામફળ એક એક ફગાવીને સંતોને આપવા માંડ્યાં ને એમ બોલ્યા જે, "જેને ન આવ્યું હોય તે હાથ ઊંચા કરજો." અને સીતાફળ તો મોટા-મોટાને આપ્યા. પછી બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'મિટડલી મારી રે, માવે મુને મિટડલી મારી.'*

પછી તે ગાઈ રહ્યા ત્યાં તો આસારામ આવીને હાથ જોડીને ઊભા. ત્યારે મહારાજ કહે, "કેમ છે ?" ત્યારે તે કહે, "થાળ જમવા પધારો ને પરમહંસને માટે પણ રસોઈ તૈયાર છે." ત્યારે મહારાજ તરત ઊઠ્યા. પછી જ્યાં મંદિર છે, ત્યાં આવીને બિરાજ્યા ને વસ્ત્ર ઉતાર્યાં અને એક વસ્ત્ર પહેરેલું ને એક વસ્ત્ર ઓઢેલું. પછી જળે કરીને નવરાવ્યા. પછી થાળ જે આવવા માંડ્યા તે બ્રાહ્મણ પીતાંબર પહેરીને થાળ લાવ્યા. તે બરફી, પેંડા આદિ જમવા માંડ્યા. તે જમતા જાય ને જળપાન કરતા જાય.

❊ જેતલપુરમાં શ્રીહરિને જમાડવામાં ગંગામાનો પ્રેમ :

તે જમી રહેવા આવ્યા ત્યારે ગંગામાએ થાળમાં વડાં, ભજિયાં ને શીરો-પૂરી, વડીનું શાક ને પાપડ હતા, તે થાળ લાવીને મેલ્યો. તે

સર્વે સામગ્રી દૂધમાં કરેલી હતી. ત્યારે મહારાજ કહે, "આજ તો બહુ જમ્યા, હવે ચળુ કરીએ." ત્યાં તો ગંગામા બોલ્યાં જે, "કૃષ્ણાવતારમાં સોળ હજાર એકસો ને આઠ (સ્ત્રીઓ હતી) એમના થાળ સર્વે જુદા જુદા જમતા ને આજ છ-સાત થાળ જમ્યા ત્યાં તો કહે, 'જમી રહ્યા, તે હવે નહિ જમીએ !' જમો મહારાજ, જમ્યા વિના નહિ ચાલે..!"

ત્યારે મહારાજ જરાક મરક્યા ને જમવા માંડ્યા. તે થાળમાં ભોજન થોડાંક રહેવા દીધાં. પછી દૂધ કઢીને લાવ્યાં ને માંઈ સાકર નાંખીને પીતા જાય ને હરિજન સામું જોતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને બોલ્યા જે, "થાઓ પંક્તિ." પછી જે પલવટ વાળીને પીરસવા માંડ્યું, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. અને નાના પ્રકારનાં શાક, વડાં, ભજિયાં, પાપડ, અથાણાં, વડી ને કઢી તે સંતો પીરસતા જાય. અને સંત મહારાજ સામે જોતા જાય ને જમતા જાય. પછી જે મહારાજે દૂધની વટલોઈ લીધી ને પીરસવા માંડ્યું, તે તાણ કરી કરીને પીરસ્યું. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ મેડી હતી ત્યાં જઈને પોઢ્યા ને અમે ઉતારે આવ્યા.

પછી મહારાજ જાગ્યા ને જળપાન કરીને પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થઈને જ્યાં હમણાં હનુમાન છે, ત્યાં પાટ ઉપર ઉત્તરાદે મુખારવિંદે આવીને બિરાજમાન થયા. પછી જ્યાં જ્યાં હરિજન હતા, તે વાજાં સાંભળીને આવ્યા અને મુનિમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે પણ સર્વે આવ્યા અને બાઈઓ પણ છેટે આવીને બેઠી. પછી તો હરિજન પુષ્પના હાર લઈ લઈને મહારાજને ચડાવે અને મહારાજ સંતમંડળને તથા હરિજનને આપતા જાય. પછી સંતમંડળ ગોડી બોલવા લાગ્યા જે, *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી, મારો પ્રભુજી પધાર્યા ધન્ય આજની ઘડી.'* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી રહ્યા ને શ્લોક બોલીને નમસ્કાર કરીને સર્વે બેઠા.

❊ જેતલપુરમાં મહુધાના બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો :

પછી સંતમંડળ શ્લોક બોલવા લાગ્યા. તે સમે ગામ **મહુધા**ના બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો, તે પણ બોલવા માંડ્યો. તે બ્રાહ્મણ ભણેલો હતો ને દેવલ ઋષિને શ્રાપે કરીને બ્રહ્મરાક્ષસ થયો હતો. પછી મહારાજ બોલ્યા જે, "એ કોણ શ્લોક બોલે છે ?" ત્યારે તેનાં સગાં હતાં તે બોલ્યાં જે, "આ બ્રાહ્મણને ભણેલો બ્રહ્મરાક્ષસ વળગ્યો છે." ત્યારે મહારાજ કહે, "લાવો ઓરો." પછી તેને લાવ્યા. ત્યારે તે છાતી કાઢીને ઊંચે સાદે કરીને ભાગવતના શ્લોક બોલવા માંડ્યો. પછી મહારાજે દૃષ્ટિ કરડી કરીને હાકોટો કર્યો ત્યારે છાનો રહ્યો. ને મહારાજ બોલ્યા જે, "તું કોણ છે ?"

ત્યારે તે કહે, "તમારે શું કામ છે ?" ત્યારે મહારાજ કહે, "એમાંથી નીકળ." ત્યારે તે કહે, "આ ક્યાં તમારો સત્સંગી છે ?" ત્યારે મહારાજ કહે, "સત્સંગી કરશું." અને મહારાજ કહે, "લાવો જળ." ત્યારે તે મૂઠી વાળી ગયો. પછી પરાણે મૂઠી ઉઘાડી ને મહારાજે તે ભૂતવાળા બ્રાહ્મણને વ્રતમાન ધરાવ્યાં, ત્યારે તે ઢીલો પડ્યો. પછી મહારાજ કહે, "એમાંથી નીકળ." ત્યારે તે કહે, "હું ક્યાં જાઉં ?" ત્યારે મહારાજ કહે, "સંન્યાસી દેવાનંદસ્વામીના શરીરમાં જા." ત્યારે કહે, "એમાં તો હું બળી મરું." ત્યારે મહારાજ કહે, "અમારામાં આવ, નહીં તો આ પરમહંસમાં જા." ત્યારે તે કહે, "એમના સામું જોઉં તો હું બળી જાઉં."

ત્યારે મહારાજ કહે, "આ વડમાં રહીશ ?" ત્યારે તે કહે, "આ વડમાં જે ભૂત હતાં, તે જ હમણાં નાસીને શહેરમાં ભાગી ગયાં છે. અને જ્યાં આવી સંતસભા થાય ત્યાં મારાથી કેમ રહેવાય ?" ત્યારે મહારાજ કહે, "તારે ક્યાં રહેવું છે ?" ત્યારે તે બોલ્યો જે, "તમારા સ્વરૂપનો જેને પૂરો નિશ્ચય ન હોય જે, સ્વામિનારાયણ ભગવાન હશે કે નહિ હોય ! અને તમારાં વર્તમાન પણ પૂરાં ન પાળતી હોય એવી જે બાઈઓ તેમાં કહો તો જઈને રહું." ત્યારે **મહારાજ બોલ્યા જે, "તમે સર્વે બાઈઓ**

સાંભળજો, આ ભૂત તમારામાં આવવાનું કહે છે. માટે અમારા સ્વરૂપનો નિશ્ચય નહિ રાખે ને જે અમારાં વર્તમાન બરોબર નહિ પાળતા હોય તેમાં આ ભૂત જે બ્રહ્મરાક્ષસ તેને મોકલીએ છીએ." ત્યારે બાઈઓ સર્વે બેઠી હતી, તે હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! તમારાં વર્તમાન બરાબર પાળશું ને તમારા સ્વરૂપનો નિશ્ચય અડગ રાખશું, પણ અમારામાં ભૂતને ન મોકલશો." પછી મહારાજ કહે, "લાવો જળ."

પછી દેવલ ઋષિના શ્રાપે કરીને બ્રહ્મરાક્ષસનો અવતાર પામ્યો હતો જે બ્રાહ્મણ તેને વર્તમાન ધરાવીને શ્રાપ થકી મુકાવ્યો. પછી તે બ્રાહ્મણે મહારાજના ચરણ છાતીમાં લીધા. પછી બોલ્યો જે, "હે મહારાજ ! હું તો બ્રહ્મજ્ઞાની થઈ ગયો હતો. ત્યારે મારા ગુરુ જે દેવલ ઋષિ તેના સામે ક્રોધે કરીને મેં બોલવા માંડ્યું. ત્યારે ગુરુ તો બહુ દયાળુ હતા, પણ મારી બુદ્ધિમાં બ્રહ્મજ્ઞાનનો ઊંધો પાસ બેઠો હતો, તે દયાએ કરીને મને ઘણું સમજાવે, પણ હું તો ન સમજ્યો. પછી એક દિવસે મેં કોપાવ્યા, ત્યારે બોલ્યા જે, "થા બ્રહ્મરાક્ષસ. ને જીવ, ઈશ્વર ને માયા આદિ તે તો અનાદિના સત્ય જ છે." પછી તો હું ગદ્ગદ કંઠે થઈને રોઈને પગ ઝાલ્યા, તે મેલું જ નહીં. પછી તો ઋષિ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીને બોલ્યા જે, "કળજુગમાં સ્વામિનારાયણ છે નામ જેનું એવા જે સહજાનંદસ્વામી, તે દુર્વાસાના શ્રાપે કરીને અવતર્યા જે ઋષિ તેમની રક્ષા કરવાને અવતાર લેશે. ત્યારે તેનો તને જોગ થાશે ત્યારે તું મારા શ્રાપ થકી મુકાઈશ ને મોક્ષને પામીશ."

પછી તે હાથ જોડીને બોલ્યો જે, "હે મહારાજ ! તમારા જે મને દર્શન થયાં તે તો મારા ગુરુના અનુગ્રહથી થયા ને હું શ્રાપથી મુકાણો, ને હવે જ્યાં આજ્ઞા કરો ત્યાં જાઉં." પછી મહારાજ કહે, "નરનારાયણ પાસે બદરિકાશ્રમમાં જા." પછી મહારાજે છાતીમાં ચરણ આપ્યાં, તે મૂકે નહીં. પછી ગદ્ગદ કંઠે થઈને પરમહંસને દંડવત કર્યા ને મહારાજની

મૂર્તિનું ધ્યાન બે ઘડી લગી કર્યું. પછી મહારાજે ચપટી વગાડી ત્યારે જરાક છેટે જણાણો ને પછી અદૃશ્ય થઈ ગયો. પછી મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંત બોલ્યા જે, *‘નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રિનાથ પ્રગટે જગ જાણી...નારાયણ નામ.’*

પછી તે બોલી રહ્યા ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને પોશાક ઉતાર્યો ને પ્રેમાનંદસ્વામીએ જળે કરીને નવરાવ્યા. પછી પેંડા-બરફીનો ગંગામા થાળ લાવ્યાં, તેને દક્ષિણાદે મુખારવિંદે જમવા બિરાજ્યા. પછી જમીને થાળ પ્રેમાનંદસ્વામીને આપ્યો. પછી ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા ને એમ બોલ્યા જે, “ચાલવું છે, તેથી પરમહંસને સારુ રસોઈ વહેલી કરાવજો અને સંઘ પણ રસોઈ કરીને જમી લેજો.” એમ કહીને પોઢ્યા ને પટેલ આસજીભાઈ મહારાજના ચરણ ખોળામાં લઈને દાબતા જાય ને વાતુ કરતા જાય.

પછી સોમલા ખાચર બોલ્યા જે, “મહારાજને પોઢવા દિયો.” પછી મહારાજ પોઢ્યા. પછી ચાર ઘડી રાત પાછલી રહી ત્યારે જાગીને બહિર્ભૂમિ જઈને મૃતિકા ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી દાતણ વડવાઈનું આપ્યું તે કર્યું. પછી ઉષ્ણ જળે કરીને નાહ્યા ને શ્વેત વસ્ત્ર પહેર્યાં. અને જ્યાં બેઠક છે, ત્યાં પાટ ઉપર ગાદલું, ઓછાડ ને તકિયો તેના ઉપર ઉગમણે મુખારવિંદે આવીને બિરાજ્યા. પછી કુબેરસંગે નેકી પોકારી ને હરિજન પુષ્પના હાર લઈ લઈને આવ્યા. તે મહારાજને પહેરાવતા જાય ને પગે લાગતા જાય ને ચરણકમળનો સ્પર્શ કરતા જાય.

પછી અમદાવાદના હરિજન લાલદાસ ગોરા ને હરિવલ્લભ તે પોશાક લાવ્યા. અને શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં, તેને ઉતારીને સોનાના બુટ્ટાદાર જે ડગલી ને સુરવાળ તે પહેર્યાં. ને હીરની ફૂમકાળી નાડી શોભી રહી છે અને ભારે રેંટો એક માથે બાંધ્યો ને એક કેડે બાંધ્યો ને

એક ખંભે નાંખ્યો. ને પુષ્પના હાર પહેરાવ્યા ને મહારાજે પ્રસાદીના કરીને પાછા આપ્યા. પછી કુબેરસંગ બોલ્યા જે, "ગંગામા કહે છે જે, થાળ થયો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "પરમહંસને રસોઈની શી વાર છે." ત્યારે દામોદર બોલ્યા જે, "જમવા પધારો, કાંઈ વાર નથી."

પછી પોશાક ઉતારીને નાનાભાઈના હાથમાં આપ્યો. પછી જળે કરીને ચરણ ભગુજીએ ધોયા. પછી થાળ આવવા માંડ્યા, તે પીતાંબર પહેરીને બ્રાહ્મણ લઈ આવતા જાય ને મુકુંદ બ્રહ્મચારી જમાડતા જાય. પછી દૂધ, સાકર ને પૌંઆ જમીને દાદા ખાચરને થાળ અપાવ્યો. પછી સંતોને કહે, "થાઓ પંક્તિ." અને મહારાજના જળે કરીને હાથ ધોવરાવ્યા ને મુખવાસ લઈને સેલાની પલવટ વાળીને પંક્તિમાં પીરસવા માંડ્યા. તે ચાર-પાંચ લાડુ આપતા જાય ને મનુવાર કરતા જાય. પછી પાપડ, અથાણાં, ભજિયાં, વડાં, નાના પ્રકારનાં શાક ને કઢી તે સંતો પીરસતા જાય અને મહારાજ તાણ કરીને લાડુ પીરસતા જાય અને પીરસનારાને પણ તાણ કરીને આપતા જાય. પાંચ-છ વાર પંક્તિમાં ફરીને પછી જળે કરીને હાથ ધોયા. પછી પોશાક પહેરીને તૈયાર થયા. તે સમે હરિજને પુષ્પના હાર પહેરાવ્યા. પછી ઘોડે અસવાર થયા ને કુબેરસંગ નેકી પોકારી રહ્યા છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને જે ચાલ્યા તે સીમાડા લગી સૌ વળાવા આવ્યા. પછી મહારાજે તેમને માંડ માંડ પાછા વાળ્યા.

❋ દેગામમાં ને ડભાણમાં શ્રીહરિ થાળ જમ્યા :

પછી સંતમંડળે સહિત ત્યાંથી **દેગામ** પધાર્યા ને વિપ્રકુળે રૂડી રીતે સન્માન કર્યું ને નદીને કાંઠે ઊતર્યા. પછી ગામમાંથી સામાન લાવ્યા ને આનંદસ્વામીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા. પછી સર્વે કાઠીને જમાડ્યા. પછી ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા. પછી સંત ઝીલણિયાં કીર્તન બોલ્યા

જે, *'રે ઠરવાનું ઠામ તમે મારું, બીજું સર્વે માયાનું લારું.'* તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ પોઢ્યા. પછી જ્યારે પાછલી ચાર ઘડી રાત રહી ત્યારે જાગ્યા અને નિત્યવિધિ કરી રહ્યા, ત્યાં તો સર્વે સંત, કાઠી ને પાળા તે પણ નાહીને તૈયાર થયા.

પછી મહારાજ ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ડભાણ** પધાર્યા. ને સામૈયું આવ્યું તે ગાજતે વાજતે ગામમાં પધાર્યા અને સંતમંડળ હમણાં જ્યાં છત્રી છે ત્યાં ઊતર્યા. પછી ત્યાં વડ હતો, ત્યાં સભા કરીને ઢોલિયા ઉપર આવીને મહારાજ બિરાજમાન થયા ને જે ગવૈયા સંત હતા, તે વાજાં લઈને ગાવા માંડ્યા. પછી **રાઈજી પટેલ** ને **રઘનાથદાસ** તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો અને પરમહંસને સારુ પણ રસોઈ થઈ છે." પછી મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને નાહ્યા. પછી થાળ જમ્યા ને ચળુ કરીને મુખવાસ લીધો અને ચાખડીએ ચડી, પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પીરસીને જળથી હાથ ધોયા ને રૂમાલે કરીને હાથ લૂછ્યા. પછી પોશાક પહેરીને તરત ઘોડે અસવાર થયા અને ગામના સત્સંગી વળાવા આવ્યા, તેમને પાછા વાળ્યા.

❋ વાવેલા ખેતરમાં ચાલવું નહીં ને માગ્યા વિનાનું લેવું નહીં :

પછી ચાલ્યા તે સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી, કાઠીના અસવાર, પાળા ને સંઘના હરિજન તે સર્વે ભેગા હતા. ને મહારાજ એમ બોલ્યા જે, "સર્વે માર્ગે ચાલો, નહિતો કોઈના મોલ(લીલો પાક) કચરાશે." એમ બોલે છે ત્યાં તો ગામ **ગાના**નો **ધનો સુતાર** તે ચોળાફળી લઈને મહારાજને આપવા આવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "માગીને લીધી છે ?" ત્યારે તે ન બોલ્યો. ત્યારે મહારાજ કહે, "નાંખી દે..!"

પછી ગામ **વરતાલ** પધાર્યા ને વાજતે ગાજતે **જોબનપગી**ની મેડીએ જઈને ઊતર્યા. સંત સર્વે ધર્મશાળામાં જઈને ઊતર્યા. પછી મહારાજ જ્યાં

ઊતર્યા હતા, ત્યાં સભા કરીને બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા. પછી સંત ઝીલણિયાં કીર્તન બોલ્યા જે, *'લાગ્યો મારે નટવરથી નેડો, કે હવે મેં તો શિર નાંખ્યો છેડો...રે લા.'*

પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને સંતો ઉતારે આવ્યા. મહારાજ થાળ જમીને ચળુ કરીને તરત પોઢ્યા. પછી પ્રાતઃકાળે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને જ્યાં ગોમતી છે, ત્યાં ઢોલિયો લેવરાવ્યો ને સભા ત્યાં કરીને સર્વે બેઠા. ત્યારે મહારાજે વાત કરી જે, **"કોઈના વાવેલા ખેતરમાં ચાલવું નહીં અને માગ્યા વિના ફળફૂલ કે સીંગ પણ લેવાં નહીં."** એ પ્રકારની વાત કરી. ત્યાં તો નંદુભાઈ બોલાવા આવ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતાર્યા. નંદુભાઈએ નવરાવ્યા ને પછી જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરી મુખવાસ લઈને શ્વેત પોશાક પહેર્યો અને ઘોડે અસવાર થયા. ને સંતો પણ જમી રહ્યા.

❊ શ્રીહરિ વડતાલથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

પછી ધર્મશાળામાં પડઘી વાગી ને વડતાલથી મહારાજ ચાલ્યા. પછી સંત સર્વે ચાલ્યા ને ગામ **રાવલી** લગી ગયા. પછી ત્યાંથી સર્વેને પાછા વાળ્યા ને જે ઘોડા ઉપાડ્યા, તે મહારાજ **બુધેજ** પધાર્યા. ત્યાં **ખોડાભાઈ**એ સન્માન કર્યું. ને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમ્યા. તે થાળ ઝીણાભાઈને અને દાદા ખાચરને આપ્યો. પછી ફળી વચ્ચે ઢોલિયા ઉપર બિરાજ્યા ને અલૈયા ખાચરે કીર્તન ઉપાડ્યાં જે, *'વાલે વજાડી છે વાંસળી રે, માવે વજાડી છે મોરલી રે કાલિંદ્રીને તીર...'* પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ પોઢ્યા.

પછી સવારે જાગીને બોલ્યા જે, "ઘોડે પલાણ માંડો." ત્યારે હઠીભાઈ આદિ હરિજન બોલ્યા જે, "રોટલા જમીને ચાલજો." ત્યારે મહારાજ કહે, "નહિ રહીએ." પછી ત્યાંથી જે ચાલ્યા ને ઘોડા ઉપાડ્યા

તે નદીએ આવ્યા. ત્યાં મહારાજે સ્નાન કર્યું અને સર્વે સંતહરિજન પણ નાયા. અને મુળજી બ્રહ્મચારી ને જેરામ બ્રહ્મચારી તેમણે મહારાજને સુખડી જમાડી અને કાઠી-પાળા તથા મુક્તાનંદસ્વામીને પણ જમાડ્યા.

પછી ત્યાંથી જે ચાલ્યા, તે ગામ **ધોલેરા** પધાર્યા ને જે સામૈયું કર્યું, તે વાજતે ગાજતે **પૂજાજી**ના દરબારમાં પધાર્યા અને સભા કરીને મહારાજ ઢોલિયે બિરાજ્યા. પછી આનંદસ્વામીએ રસોઈ કરી ને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે મહારાજ જમવા પધાર્યા. ત્યારે પૂજાજીએ મહારાજના ચરણ જળે કરીને ધોયા. મહારાજે થાળ જમીને પૂજાજીની ઘેર મોકલાવ્યો. અને (મહારાજ સાથે) કાઠી, પાળા ને થોડાક સંતો હતા ને બીજા સંતોને તો મહારાજે ગામ વરતાલથી આજ્ઞા આપી હતી જે, 'હે સંતો ! મંડળ બાંધીને દેશદેશમાં ફરજો અને અમે જ્યારે તેડાવીએ ત્યારે સર્વે આવજો.' એમ આજ્ઞા કરીને મહારાજ ત્યાંથી ચાલ્યા હતા. ત્યારપછી સર્વે જમીને સૂતા ને મહારાજ પણ પોઢ્યા. પછી ચાર ઘડી રાત પાછલી રહી ત્યારે મહારાજ જાગ્યા ને દાતણ કર્યું ને ઉષ્ણ જળે કરીને નાયા ને શ્વેત વસ્ત્ર પહેર્યાં. પછી ઘોડા સાબદા કર્યા ને જે ચાલ્યા, તે ગામ **બરવાળે** આવ્યા ને હરિજને સામૈયું કર્યું. પછી મહારાજ નદીએ ઊતર્યા ને હરિજન ટીમણ લાવ્યા ને મહારાજે સર્વે ભેળા હતા તેમને જમાડ્યા ને પંડે પણ જમ્યા.

પછી જે ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ પધાર્યા ને **વસ્તા ખાચર**ના દરબારમાં જઈને ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદે બિરાજ્યા. હરિજન રસોઈનો સામાન લાવ્યા, તે સંતોએ રસોઈ કરી. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જળે કરીને **રાઘવ મોટકે** નવરાવ્યા. પછી જમતા જાય ને વાતુ કરતા જાય. પછી જમીને તે થાળ વસ્તા ખાચરને આપ્યો. પછી સર્વે જમી રહ્યા ત્યારે મહારાજ પોઢ્યા. પછી જાગ્યા ને સાબદા થઈને જે ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** પધાર્યા. અને ગામના હરિજન તથા **અલૈયા ખાચર** તેમણે તાણ કરી, તેથી મહારાજ દરબારમાં પધાર્યા

ને ઓરડાની ઓસરીએ ઉત્તર મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી જે રસોઈનો સામાન લાવ્યા, તેની સંતોએ રસોઈ કરી ને મહારાજ થાળ જમ્યા. પછી પીરસવા પધાર્યા ને તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી સભા કરીને ઓરડે ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી જે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ગઢડા** પધાર્યા અને જ્યાં સામૈયાની તૈયારી કરી છે, ત્યાં તો દરબારમાં જઈને ઓરડાની ઓસરીએ ઉત્તરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘જેતલપુર પ્રબોધનીનો ઉત્સવ કર્યો તથા બ્રહ્મરાક્ષસને મુક્તિ આપી’ એ નામે ઓગણચાલીશમો વિશ્રામ ॥૩૯॥

વિશ્રામ - ૪૦

મછિયાવમાં હુતાશની ઉત્સવ તથા વિવિધ લીલા

પછી ગામના હરિજન બોલ્યા જે, “અમે સામૈયું કરતા હતા, ત્યાં તો તમે પધાર્યા.” પછી **ગઢડા**ના હરિજને મહારાજને જેતલપુરના સમૈયાની વાર્તા પૂછી. તેને મહારાજ કહેવા લાગ્યા જે, “હરિજનનો એવો પ્રેમ જે અનેક પ્રકારના પોશાક લાવી અને અમને અનેક પ્રકારની ઉપરથી રસોઈયું આપે. અને એક બ્રાહ્મણ પૂર્વે દેવલ ઋષિના શ્રાપે કરીને બ્રહ્મરાક્ષસ થયો હતો, તેને અમે શ્રાપથી મુકાવીને બદરિકાશ્રમમાં મોકલ્યો.” એ વાત કરે છે ત્યાં તો બ્રહ્મચારી આવીને બોલ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” પછી મહારાજ અક્ષરઓરડીએ આવ્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને સ્નાન કર્યું ને થાળ જમીને પોઢ્યા.

પછી રાત પાછલી ચાર ઘડી રહી ત્યારે જાગ્યા ને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યાં ને કથા વંચાવવાનો આરંભ કરાવ્યો. પછી થાળ જમવા

બિરાજ્યા ને કથામાં 'હરે...' એવો શબ્દ ઉચ્ચારણ કરતા જાય ને જમતા જાય ને જળપાન કરતા જાય. પછી જમીને ચળુ કર્યું ને કથાની સમાપ્તિ થઈ. પછી સંતમંડળને જમવા તેડાવ્યા. પછી પલવટ વાળીને સંતની પંક્તિમાં જે ડંકા ભરીને બિરંજ પીરસવા માંડ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી ચાર-પાંચ વાર પંક્તિમાં ફરીને જળે કરીને હાથ ધોવરાવ્યા અને મહારાજ ઉતારે પધાર્યા ને પોઢ્યા અને સંતો જમીને ઉતારે આવ્યા.

પછી મહારાજ જાગ્યા ને જળના કોગળા કર્યા. પછી જળપાન કરીને કથાનો આરંભ કરાવ્યો. પછી પાછલો છ ઘડી દિવસ રહ્યો ત્યારે કથાની સમાપ્તિ થઈ. પછી ગાવણું કરાવ્યું અને મશાલો થઈને આરતી ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજ થાળ જમ્યા. પછી કથાનો આરંભ કરાવ્યો અને તે પહોર રાતે સમાપ્ત થઈ. અને કોઈ સમે મહારાજ ચાખડીએ ચડીને સંતને ઉતારે પધારતા ને સભા કરીને બિરાજતા. અને ક્યારેક તો પોતાને ઉતારે પાસે રહેનારા જે હરિજન તેમની પાસે સભા કરીને બેસતા. એવી રીતે નિત્ય પ્રત્યે પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ને દર્શન દેતા થકા અક્ષરઓરડીમાં નિવાસ કરીને રહેતા હતા.

❊ પરમહંસને તિલક-ચાંદલો ને શિખા રખાવ્યાં :

પછી એક દિવસ સવારના પહોરમાં મહારાજ પરમહંસની જગ્યામાં પધાર્યા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને ચોફાળ ઓઢ્યો હતો, ને ઓટા ઉપર ગાદીતકિયા બિછાવ્યાં હતાં, તેના ઉપર દક્ષિણાદે મુખારવિંદે આવીને બિરાજમાન થયા. સર્વે સંતમંડળ આવીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, **"પરમહંસ અને કાઠીએ તિલક ને ચાંદલો કરવો, શિખા પણ રાખવી અને પ્રાતઃકાળે વહેલું નાવું."** ત્યારે નિત્યાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "શિખા રાખીશું તોય લોક મુંડિયા તો કહેશે. અને બે મહિના કેડે ઉતરાવશો જે હવે શિખા ઉતારો."

પછી મહારાજ બોલ્યા જે, "બ્રહ્માંડમાં હવે તમારી શિખા ઉતરાવે એવા અમે કોઈને દેખતા નથી. અને તમે રાજામાત્રના થોભા ને મૂછો ઉતરાવશો. કેમ જે, અંગ્રેજનો એક હમેલીઓ(સિપાઈ) આવીને એમ કહેશે જે, 'ચાલો સાહેબ બોલાવે.' એટલે ક્યાં થોભા ને મૂછોનું રહ્યું! એ તો કેવળ ભારરૂપ છે. અને ત્રણ વર્ણની ભિક્ષા માંગો ને ગોળા વાળીને તમો જમો." એમ આજ્ઞા કરીને દરબારમાં પધાર્યા. અને જ્યાં જ્યાં પરમહંસનાં મંડળ હતાં, ત્યાં કાગળ લખીને મોકલ્યા.

અને સંતો હતા તેમણે વાળંદ પાસે વતાં કરાવીને શિખા રખાવી. અને પરોઢીએ નાવા જાય, ને ઘેલા નદીનું જળ જે ઠરે, તે લૂગડું પણ માંડ માંડ નિચોવાય. પછી જે આવતુંકને(ઝડપથી) હિમ પડવા માંડ્યું, તે હુતાશની લગી પડ્યું. અને મહારાજ પણ વહેલા જાગીને સ્નાનાદિક ક્રિયા કરતા ને જ્યારે હરિજનની રસોઈ હોય ત્યારે મહારાજ થાળ જમીને સંતને જમાડે, તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી દૂધ, ભાત ને સાકર પીરસે. પછી સંતમંડળ ઉતારે આવ્યા.

❊ ઉગમણા બારના ઓરડા કરાવ્યા :

એક દિવસ નિષ્કુળાનંદસ્વામીને મહારાજે બોલાવીને એમ કહ્યું જે, "ઉગમણા બારના ઓરડાના પાયા નાંખો, આપણે ઓરડા કરીએ." પછી ત્યાં ઓરડી હતી, તે નિષ્કુળાનંદસ્વામીએ પડાવી નાંખી ને ત્યાં પાયા આંક્યા. મહારાજ આવીને ખુરશી ઉપર બિરાજ્યા અને ભગુજી, જેસાજી ને વીરો એ આદિ પાળા પાયા ખોદવા મંડ્યા. અને 'ઘેલા નદીએ જે નાવા જાય તે એક એક પથ્થર લાવે.' એમ આજ્ઞા કરી હતી તેથી સંત સર્વે લાવ્યા કરતા હતા. અને મહારાજ રસોઈ કરાવીને પોતે જમીને પછી પાળાને જમાડે અને દર્શન દઈને શાંતિ પમાડે, તેણે કરીને દિવસ ને રાત્રી તે ક્ષણમાત્ર જેવાં થઈ જતા. અને મહારાજ કથા વંચાવે ને

ગાવણું કરાવે. તે મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, મોટા દેવાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ ગવૈયા વાજાં લઈને વિષ્ણુપદ બોલે. મહારાજ નાના પ્રકારની રસોઈ કરાવીને જમે અને સંત તથા પાળાને તાણ કરીને જમાડતા જાય, ને વાતુ કરતા અને સર્વને આનંદ ઊપજાવતા.

❊ મછિયાવમાં હુતાશનીનો સમૈયો કરવા ગઢડાથી પ્રયાણ :

તે સમે ગામ **મછિયાવ**થી દરબાર બાપુભાઈ ને ફઈબા તેમણે કાગળ લખીને **ગઢડે** મોકલ્યો. તે મહારાજ પાસે આવ્યો. તે મહારાજે વંચાવ્યો. તેમાં એમ લખ્યું જે, "હે મહારાજ ! તમે દયા કરીને સર્વ પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને દેશદેશના હરિજન, તેમને સાથે લઈને હુતાશનીના સમૈયા ઉપર પધારજો. અને એ અમારો મનસૂબો છે, તેને તમે સફળ કરજો. કેમ જે, ભગવાન પોતાના ભક્તજનના મનોરથને સફળ કરે છે." પછી મહારાજે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને શુકમુનિ તેમને બોલાવ્યા અને તેમને પત્ર વંચાવ્યો. ત્યારે તે સર્વે બોલ્યા જે, "આપણે સમૈયો તો કરવો." ત્યારે મહારાજ કહે, "ઠીક." પછી મહારાજ બોલ્યા જે, "મુળજી બ્રહ્મચારી એ ગામના છે. કેમ બ્રહ્મચારી, સમૈયો કરશું ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "લાખો મનુષ્યોને મહારાજનાં દર્શન થાશે."

પછી મહારાજે કાગળ લખાવીને મોકલ્યો ને દેશદેશ પ્રત્યે કંકોતરીઓ મોકલાવી. અને કાઠીઓના અસવાર ગામોગામથી ગઢડા મહારાજ પાસે આવ્યા ને દેશદેશના સર્વે સંઘ પણ આવ્યા. મહારાજે સોનાના બુટ્ટાદાર સુરવાળ ને ડગલી પહેરેલાં ને ભારે રેંટો મસ્તકે બાંધ્યો છે, ને કેડે રેંટો બાંધ્યો છે, ને એક રેંટો ખંભે નાંખ્યો છે, ને હાથમાં રૂમાલ છે, ને ગામ ફિફાદના ખોડો જણસાળી તેમણે ચકલાદિ પલાણ લાવીને મહારાજને ભેટ મેલ્યાં. ત્યારે મહારાજે ભારે રેંટો તેને આપ્યો. તે રેંટો ગઢડાના મંદિરમાં સજ્યામાં મેલ્યો છે.

પછી સ્નાન કરીને જમ્યા ને પછી સાબદા થઈને ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** જઈ ઘડીક દરબારમાં બિરાજ્યા. પછી જે ચાલ્યા, તે ગામ **કારિયાણી** આવ્યા ને વસ્તા ખાચરના દરબારમાં જઈને ઊતર્યા અને ઓરડે ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદે બિરાજ્યા. સંઘ સર્વે તળાવ પાસે ઊતર્યા. અને મહારાજે મયારામ ભટ્ટને બોલાવીને કહ્યું જે, "સંઘમાં જેને કાંઈ જોઈતું કરતું હોય તે પૂછીને વસ્તા ખાચર પાસેથી અપાવો." ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, "ખડ ને બળતણ તો મેં મોકલાવ્યું છે."

પછી બ્રહ્મચારી આવ્યા ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." ત્યારે મહારાજ તો જમવા પધાર્યા ને બ્રહ્મચારી તો જ્યાં સંઘના ઉતારા હતા, ત્યાં ખબર પૂછવા ગયા. તે મહારાજ જમીને ઢોલિયે બિરાજ્યા ત્યારે બ્રહ્મચારી આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમે ક્યાં ગયા હતા ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "સંઘમાં ખબર કાઢવા ગયો હતો. જે કોઈને જોઈતું હતું, તે અપાવ્યું." પછી મહારાજ પોઢ્યા.

પછી વહેલા જાગીને સ્નાનવિધિ કરી પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **ઝીંઝર** પધાર્યા અને **ખોડાભાઈ**એ સામૈયું કર્યું. પછી તળાવને કાંઠે વડ છે, ત્યાં ઢોલિયો લાવ્યા ને તેના ઉપર આવીને મહારાજ બિરાજમાન થયા. અને સંતમંડળ, કાઠી ને પાળા તેમના સારુ રસોઈનો સામાન લાવ્યા અને મહારાજના થાળનો પણ સામાન લાવ્યા. અને સર્વે સંઘના હરિજન પણ તળાવને કાંઠે રસોઈ કરવા લાગ્યા. પછી બ્રહ્મચારી બોલાવવા આવ્યા ને સ્નાન કરીને જમવા પધાર્યા. પછી મહારાજે જમીને થાળ ખોડાભાઈને અને દાદા ખાચરને આપ્યો. પછી મહારાજ પલવટ વાળીને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા ને પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા.

પછી પોશાક પહેરીને ઘોડે અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ **રોઝકા** પધાર્યા ને તળાવથી આથમણી કોરે જઈને ઊતર્યા અને ઢોલિયા

ઉપર આવીને બિરાજ્યા. પછી **કાકાભાઈ**એ સામાન મંગાવ્યો. પછી મહારાજ થાળ જમીને પોઢ્યા. પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ **પચ્છમ** પધાર્યા. ત્યાં હરિજને સામૈયું કર્યું, તે મહારાજ **દેવજી પટેલ**ના ફળીમાં જઈને ઊતર્યા ને સર્વે સંઘ ગામ ને તળાવ તેની વચ્ચે ઊતર્યા અને સંતો ધર્મશાળામાં ઊતર્યા. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા.

પછી ગામમાં **ઓધવ** ને **હરિભાઈ** તેમને ઘેર મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને થાળ નિત્યાનંદસ્વામીને મોકલાવ્યો. પછી મહારાજે સંઘમાં ખબર કઢાવી અને જેને કાંઈ જોઈતું કરતું હોય તે અપાવ્યું. પછી મહારાજ પોઢ્યા. પછી વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ **હડાળા** આવ્યા. ત્યાં બ્રાહ્મણે રસોઈ કરાવી અને હાથ જોડીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” પછી મહારાજ થાળ જમ્યા ને કાઠીને પણ જમાડ્યા. પછી હરિજન ઘઉંનો પોંક લાવવા માંડ્યા, તે મહારાજને આગળ મેલે અને મહારાજ ખોબા ભરી ભરીને સંતોને આલતા જાય ને હરિજન લાવતા જાય.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **બળોલ** પધાર્યા. પછી સામૈયું કર્યું ને બંધૂકના અવાજ થઈ રહ્યા છે, ગુલાલ ઊડી રહ્યો છે, વાજાં વાગી રહ્યાં છે, ને વાજતે ગાજતે ગામ સોંસરા થઈને ગામ અને તળાવ વચ્ચે ઊતર્યા. હરિજન ઓઢવા-પાથરવા સામાન લાવ્યા. અને ઘોડાને સારુ ઘાસ-જોગાણ લાવ્યા, ને રસોઈનો સામાન પણ લાવ્યા. પછી મહારાજ ઢોલિયે બિરાજ્યા અને મશાલો થઈ, ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ત્યારે પગે લાગીને સર્વે બેઠા. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “મહારાજ, જમવા પધારો.” પછી સ્નાન કરીને થાળ જમતા જાય ને વાતુ કરતા જાય. પછી થાળ જમીને ગામના હરિજનને અપાવ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને પછી પોઢ્યા.

❊ શિયાળમાં માધવ શેઠને ત્યાં ઘીની રેલમછેલ :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **શિયાળ** પધાર્યા. ત્યાં **માધવ શેઠે** સામૈયું કર્યું, તે વાજતે ગાજતે એમના ફળીમાં પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજ્યા ને ઘોડાને ખડ-જોગાણ અપાવ્યું. પછી માધવ શેઠ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! મારે સંઘના મનુષ્યને ખીચડી આપવી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સંત, કાઠી અને પાળાને આપો." ત્યારે શેઠ બોલ્યા જે, "હે મહારાજ ! આવો ફરી ફરીને જોગ આવશે નહીં." પછી મહારાજ બોલ્યા જે, "આપો."

પછી માધવ શેઠે સ્નાન કરાવ્યું ને મહારાજ જમવા બિરાજ્યા. પછી જમતા જાય ને જળપાન કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા. તે સમે માધવ શેઠે ચરણમાં મસ્તક મેલ્યું. ત્યારે મહારાજ કહે, "શું છે ?" ત્યારે શેઠ કહે, "હે મહારાજ ! તમે સંતો અને પાળાને ઘી પીરસો." ત્યારે મહારાજ બોલ્યા જે, "લાવો." પછી ઘીની વટલોઈ લઈને જે ઘી પીરસવા માંડ્યું, તે ખીચડી થોડી ને ઘી ઝાઝું, તેથી ધાર ખેંચી જ નહીં. જેમ જમવાના વાસણમાં તેમ જ પૃથ્વી ઉપર, એવી રીતે પીરસ્યું." અને બ્રહ્મચારી સંઘમાં ઘીની ખીચડી પીરસવા લાગ્યા, તે સર્વને તૃપ્ત કર્યા.

પછી મહારાજના ઊને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઢોલિયે આવીને બિરાજ્યા. પછી શેઠને હાટેથી સંઘને જોઈતું હશે તે લીધું, પણ તેના પૈસા ન લીધેલ, તેથી હરિભક્તો પૈસા લઈ લઈને મહારાજ પાસે આવ્યા. અને કહે, "મહારાજ ! અમે સર્વે (શેઠનું) જમ્યા, પણ કાંઈક સીધાં લીધાં છે, તેના પૈસા શેઠ નથી લેતા." ત્યારે મહારાજ કહે, "શેઠ લિયો." ત્યારે શેઠ બોલ્યા જે, **"હે મહારાજ ! મારે તો અહીં નથી લેવા, મારે તો અક્ષરધામમાં લેવા છે."** ત્યારે મહારાજે બે હસ્તકમળ

શેઠને માથે મેલ્યા ને એમ બોલ્યા જે, "**તુલાધર**નો અવતાર છે." એમ કહીને પોશાક ઉતારીને પોઢ્યા. રાત ચાર ઘડી રહી ત્યારે જાગ્યા ને પછી તળાવની ઉગમણી કોરે વસ્ત્ર ઉતારીને દાતણ કરીને નાવા પધાર્યા. પછી વસ્ત્રે કરીને શરીર લૂઈને બુટ્ટાદાર પોશાક પહેરીને તૈયાર થયા.

તે સમે હરિજને તાપ તો કર્યો પણ મહારાજ ન તાપ્યા. ને તરત ઘોડે અસવાર થઈને ચાલ્યા. ને ગામના હરિજન વળાવા આવ્યા, તેને માંડ માંડ પાછા વાળ્યા. પછી ગામ **દુમાલી** આવ્યા ને હરિજને મહારાજનાં દર્શન કર્યાં. અને જે ત્યાંથી ચાલ્યા તે ગામ **દેવધોલેરા** આવ્યા. ત્યાં **વનીદાસ** વૈરાગી બોલ્યો જે, "હે મહારાજ ! અમારી જગ્યા પાવન કરવા પધારો." પછી મહારાજ પધાર્યા. પછી ત્યાંથી જે ચાલ્યા તે ગામ **દદુકા** આવ્યા અને હરિજને સામૈયું કર્યું, તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા. હરિજન સામાન લાવ્યા. તેની સંતોએ રસોઈ કરી ને મહારાજ જમવા પધાર્યા ને સંત સર્વે જમ્યા.

❊ મછિયાવની વિવિધ લીલા :

પછી તરત સાબદા થઈને ચાલ્યા તે ગામ **મછિયાવ** આવ્યા ને સામૈયું આવ્યું. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ વાગી રહ્યાં હતાં, ને ઘોડાના અસવાર હતા, ને ગુલાલ ઊડી રહ્યો હતો. પછી સર્વે હરિજને મહારાજનાં દર્શન કર્યાં ને પગે લાગ્યા. પછી મહારાજને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને સોનાને ઈંડે છત્ર બિરાજી રહ્યું છે, ને બજારમાં થઈને બાપુભાઈના દરબારમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. અને દેશદેશના સંઘ આવેલા તે મહારાજને પગે લાગતા જાય ને ભેટ મેલતા જાય ને પુષ્પના હાર પહેરાવતા જાય. અને અમે તો મહારાજના ઉતારાને પછવાડે ઊતરેલા. પછી સંતમંડળ આવીને બેઠા. પછી ગોડી બોલ્યા જે, *'ફૂલના પહેરી રે જામા ફૂલના પહેરી, ફૂલ્યો રસિક સુજાણ..'*

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી રેણકી છંદ બોલ્યા. પછી પગે લાગીને બેઠા ત્યારે મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંત બોલ્યા જે, *‘સજ્યા શણગાર શોભતા રે, આજ સખી વ્રજરાજ; થયા પ્રગટ મનડું લોભતા રે, વ્રજનારીને કાજ.’* પછી તે ગાઈ રહ્યા ત્યાં તો બ્રહ્મચારી બોલ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” ત્યારે મહારાજ તરત ઊઠ્યા ને સ્નાન કરીને જમવા બેઠા. પછી તે થાળ જમીને બાપુભાઈને અપાવ્યો. પછી મહારાજ પોઢ્યા. પછી વહેલા જાગ્યા ને સ્નાનવિધિ કરીને પોશાક પહેરીને ચાલ્યા, તે એક ચારણનો વાડો હતો, ત્યાં વડ હેઠે પાટ મંગાવી ને તેના ઉપર ગાદીતકિયા નંખાવીને મહારાજ બિરાજમાન થયા. પછી સંતો, સંન્યાસી ને હરિજન તે પુષ્પના હાર લઈ લઈને આવ્યા અને મહારાજને પહેરાવ્યા ને પગે લાગીને બેઠા

❊ નાથા ભાવસારે વેશ કાઢી મહારાજને રીઝવ્યા :

પછી તે સમે **નાથો ભાવસાર** ઠીકરનાથ થઈને આવ્યો અને વૈરાગીની બોલી કરવા લાગ્યો. મહારાજ મંદ મંદ હસતા જાય ને સામું જોતા જાય. નાથાએ માથે જટા બાંધેલી અને ગળે ગંઠો(કંઠો બાંધેલો), ને રાખ ચોળેલી, ને હાથમાં બળતી સગડી લીધેલી, એવી રીતે આવ્યો. પછી તેને જોવા સારુ ગામ આખું હલક્યું. પછી હાથ બળવા માંડ્યા, તેથી જે ગામનાં મનુષ્ય ઊભાં હતાં, તેના ઉપર જે ઠીબ(માટલીનો અડધો ભાગ) પછાડી, તેથી મનુષ્ય સર્વે ભાગ્યા. અને કુસંગી હતા, તે એમ બોલ્યા જે, “એ બાવાને સ્વામિનારાયણે જાદુ કર્યો.” પછી નાથા ભાવસારે આવીને મહારાજને દંડવત કર્યા ને પછી છાતીમાં ચરણ લીધાં.

પછી બ્રહ્મચારી બોલાવા આવ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” ત્યારે મહારાજ ઊઠ્યા ને જમવા પધાર્યા અને પોશાક ઉતારીને સ્નાન કર્યું. પછી જમતા જાય ને બાપુનાં ઘરનાં મનુષ્ય સાથે વાત કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને પલવટ

વાળીને સંતની પંક્તિમાં આવીને ઊભા. પછી જે મોતૈયા લાડુ પીરસવા માંડ્યા, તે ચાર-ચાર ને છ-છ આલવા માંડ્યા. પછી પીરસનારા સંતો શાક, પાપડ, ભજિયાં, વડાં ને અથાણાં તે પણ પરાણે આલતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફર્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી પોઢવા પધાર્યા ને સંતો જમીને ઉતારે આવ્યા. પછી ફળી વળાવીને મોદ પથરાવી. પછી મહારાજ પોશાક પહેરીને ઢોલિયે આવીને બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા વાજાં લઈને હોરી ગાવા લાગ્યા જે, *'કુંવર કનૈયો ખેલે હોરી રે, જાકું વેદ વખાણે.'*

પછી લાખના ગુલાલે ભરેલા ગોટા તે લઈને મહારાજ ગવૈયા ઉપર ને બીજા હરિજન ઉપર નાંખતા જાય ને ગવૈયા ગાતા જાય. પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી છંદ બોલ્યા ને નમસ્કાર કરીને બેઠા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રિનાથ પ્રગટે જગ જાણી.'*

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારી રહ્યા. ત્યાં તો ગંગામા થાળ લઈને આવ્યાં. તે સ્નાન કરીને દળના લાડુ ને તળેલાં શાક જમવા બિરાજ્યા. પછી જમીને હાથ ધોયા ને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી બાપુભાઈ ચરણકમળ ખોળામાં લઈને ચાંપવા લાગ્યા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "મહારાજને પોઢવા દ્યો." પછી પોઢ્યા અને બ્રાહ્મમુહૂર્તે ઊઠીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને જે ચાલ્યા તે વડ હેઠે પાટ ઉપર આવીને બિરાજ્યા. હરિજન પૂજા લઈને આવ્યા, તે પૂજા કરતા જાય ને ભેટ મેલતા જાય. પછી જે પુષ્પના હાર મહારાજને પહેરાવ્યા, તે હાર મહારાજે સંતોને આપ્યા.

પછી મહારાજ દરબારમાં પધાર્યા ને પોશાક ઉતારીને જળે કરી પાળાએ ચરણ ધોયા. પછી થાળ જમવા બિરાજ્યા. પછી જ્યાં જમી રહ્યા ત્યાં તો સંતની પંક્તિ થઈ. પછી મુખવાસ લઈને ચાખડીએ ચડીને પલવટ

વાળીને જે મોતૈયા લાડુ પીરસવા માંડ્યા, તે ચાર-ચાર લાડુ આપતા જાય ને મનુવાર કરતા જાય. અને શાક, પાપડ, અથાણાં, ભજિયાં ને વડાં તે સંતો પીરસતા જાય. પછી મહારાજ પાંચ વાર પંક્તિમાં ફર્યા ને પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઉતારે પધાર્યા ને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગ્યા ને જળના કોગળા કર્યા. જળપાન કરી પોશાક પહેરીને ઓરડે ઢોલિયા ઉપર બિરાજ્યા.

પછી મહારાજને સારુ હરિજને હિંડોળો બાંધ્યો, તેના ઉપર આવીને મહારાજ બિરાજમાન થયા. પછી ગુલાલ ઊડી રહ્યો છે, ને ગવૈયા વાજાં લઈને હોરી બોલવા લાગ્યા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે. પછી મશાલો થઈ ને મહારાજની આરતી આનંદસ્વામીએ ઉતારી. પછી ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી છંદ બોલીને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "નિષ્કુળાનંદસ્વામી, તમે રંગ કઢાવીને રંગનાં રંગાડાં ભરાવજો. સવારે અમારે મુનિમંડળ સંગાથે રમવું છે." એમ આજ્ઞા કરી. પછી ગવૈયા સંત વાજાં લઈને હોરીનાં પદ બોલવા લાગ્યા. પછી ઝાઝી વાર બોલ્યા ત્યારે મહારાજ કહે, "હવે રાખો." પછી સંત મહારાજને પગે લાગીને ઉતારે આવ્યા ને મહારાજ મેડીએ જઈને પોશાક ઉતારીને બિરાજ્યા. સ્નાન કરીને થાળ જમીને ગવૈયા સંતને મોકલાવ્યો. પછી મહારાજ પોઢ્યા.

❋ મલ્લો સાથે કુસ્તી કરીને તેમને મલ્લકળા શીખવી :

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને ભારે પોશાક પહેર્યો ને મેડી ઉપર ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા. પછી ફળીમાં ગંગારામ મલ્લ ને વાલજી મલ્લ તે રમવા લાગ્યા. પછી મહારાજે રેંટો જે ફગાવ્યો, તે ગંગારામ મલ્લ ઉપર જઈને પડ્યો. એ રેંટો ગંગારામ મલ્લને ઘેર ભુજમાં છે. અને બીજું સેલું વાલજી મલ્લને આપ્યું. પછી મહારાજે તેમને મેડી ઉપર બોલાવ્યા ને વાલજી મલ્લ સંગાથે મહારાજે કુસ્તી કરી ને

બે-ત્રણ મલ્લવિદ્યાની કળા શીખવી. પછી બોલ્યા જે, “અમે અયોધ્યામાં દિનાસંગ ને ભવાનીસંગ તેમના ભેગા રહેતા ને મલ્લવિદ્યા શીખતા. તે અમને બરફી-પેંડા જમાડતા ને મલ્લવિદ્યા શીખવતા.” એમ જ્યાં વાત કરે છે, ત્યાં તો સંત સર્વે સાબદા થઈને આવ્યા.

❊ મહારાજ અને સંતોભક્તોની રંગલીલા :

પછી મહારાજે પોશાક ઉતારીને શ્વેત વસ્ત્ર પહેર્યાં ને હાથમાં કડાં પહેર્યાં છે, ને તરત પગથીએ થઈને હિંડોળે આવીને બિરાજ્યા. અને એક કોર કાઠી ને પાળા અને એક કોર પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન. પછી સામસામા જે રમવા માંડ્યા ને જે રમત ચાલી ! ને વાજાં વાગી રહ્યાં હતા. પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થયા અને હાથમાં સોનાની પિચકારી રહી છે, ને કડા શોભી રહ્યાં છે, ને ફેંટાની બોકાની વાળી છે. અને દરબારમાં મનુષ્યની ભીડ ઘણી થઈ. પછી ઊભી બજારે થઈને ગામ બહાર પધાર્યા ને તળાવની દક્ષિણાદી કોરે ફર્યા. અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે, ને સંતમંડળ તળાવમાંથી પિચકારી ભરી ભરીને મહારાજના ઉપર નાંખે છે. અને મહારાજને પિચકારી ભરીને આપતા જાય ને મહારાજ સંતો ઉપર નાંખે છે ને ગુલાલ ઊડી રહ્યો છે.

પછી મહારાજ કહે, “ચાલો ગામમાં, જમ્યાનું અસુર(મોડું) થાય છે.” પછી મહારાજ ગામમાં પધાર્યા ને ઘોડીએથી ઊતરીને મેડી ઉપર ચોકડી છે, ત્યાં પોશાક ઉતારીને નાહ્યા. નાહીને એક વસ્ત્ર પહેર્યું ને એક ઓઢ્યું. પછી થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી સર્વે સંત તળાવમાં નાહ્યા ને ઉતારે આવ્યા. પછી સંતની પંક્તિ થઈ. પછી મહારાજ ચાખડીએ પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા અને મોતૈયા લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પીરસતાં પીરસતાં બોલ્યા જે,

"નિષ્કુળાનંદસ્વામી, તળાવથી દક્ષિણાદી કોરે મંચ નાંખજો. કેમ જે, દરબારમાં સભા સમાતી નથી." એમ કહીને જળે કરી હાથ ધોવરાવ્યા ને મેડી ઉપર પધાર્યા. અને બાપુભાઈએ પૂજા કરીને મહારાજને ભારે પોશાક પહેરાવ્યો ને પુષ્પના હાર પહેરાવ્યા.

પછી ઘોડીએ અસવાર થયા અને ઢોલ, શરણાઈ ને વાજાં વાગી રહ્યાં છે, ને કુબેરસંગ છડીદાર નેકી પોકારી રહ્યા છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે ઊભી બજારે થઈને મંચ ઉપર આવીને દક્ષિણાદે મુખારવિંદે બિરાજમાન થયા. અને સંતમંડળ વાજાં લઈને હોળીનાં પદ બોલવા લાગ્યા. અને મહારાજ ગુલાલના ભરેલા લાખના ગોટા લઈને સંતો ઉપર નાંખતા જાય છે અને સર્વે સભા ગુલાલ ગુલાલ થઈ રહી છે. પછી મશાલો થઈ ને સંતો આરતી, ધૂન ને શ્લોક બોલ્યા ને નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંઘમાં કોઈને ખરચી જોઈતી હોય તો ખબર કઢાવીને અમને કહેજો. અને હવે સમૈયો થઈ રહ્યો, તેથી સર્વે સંઘ ચાલી નીકળજો. અને પરમહંસ, સંન્યાસી ને બ્રહ્મચારી તેમને તો કાલ રસોઈ છે, માટે તે રહેશે." એમ કહીને પાળાનો હાથ ઝાલી મંચ ઉપરથી ઊતર્યા ને ઘોડીએ અસવાર થયા. અને નેકી પોકારી રહ્યા છે, વાજાં વાગી રહ્યાં છે, ને જયજયકાર થઈ રહ્યો છે; એવી રીતે ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'મછિયાવમાં હુતાશની ઉત્સવ તથા વિવિધ લીલા,' એ નામે ચાલીશમો વિશ્રામ ॥૪૦॥

વિશ્રામ - ૪૧

ગઢડામાં રાધાવાવ ગળાવી, વચનામૃત પ્રારંભ, અસુરોનો પરાભવ

પછી ઉતારે આવીને ઘોડીએથી ઊતર્યા ને પોશાક ઉતાર્યો. અને જળે કરીને સ્નાન કરીને પછી થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા. અને હરિજન સર્વે દેશ દેશના રજા માગવા આવ્યા, તે મહારાજને પગે લાગીને ભેટ મેલતા જાય ને એમ બોલે જે, "હે મહારાજ ! હવે વહેલા દર્શન દેજો ને આ મૂર્તિ હૃદયને વિષે અખંડ રહેજો." એમ કહીને મહારાજને પગે લાગીને બેસતા જાય. પછી મહારાજે સર્વેને રજા આપી ને પોઢ્યા.

પછી (મછિયાવમાં) સવારે વહેલા જાગી નિત્યવિધિ કરી પોશાક પહેરીને ઘોડીએ અસવાર થયા. પછી સંઘને વળાવવા પધાર્યા. અને સંઘને દર્શન દઈને, વળાવીને પાછા દરબારમાં આવીને ઢોલિયે બિરાજ્યા. અને ત્યાં તો બ્રહ્મચારી બોલ્યા જે, "થાળ જમવા પધારો." ત્યારે મહારાજ તરત ઊઠ્યા ને પોશાક ઉતાર્યો. પછી સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરી મુખવાસ લીધો અને પલવટ વાળીને સંતને પીરસવા પધાર્યા, તે લાડુ પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી પીરસી રહ્યા, ત્યારે જળે કરીને હાથ ધોવરાવ્યા.

પછી જઈને પોઢ્યા ને જાગીને જળપાન કર્યું. અને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ઘોડીએથી ઊતરીને મંચ ઉપર બિરાજમાન થયા. પછી સર્વે સંત, બ્રહ્મચારી, સંન્યાસી ને પાળા તેમની સભા થઈ. અને સર્વે મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા છે. પછી સંત ગોડી બોલ્યા જે, *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી.'* પછી મશાલો થઈ ને પછી આરતી 'આરતી કીજે સહજાનંદસ્વામી...' બોલી ધૂન બોલ્યા ને શ્લોક બોલીને નમસ્કાર કરીને મહારાજને પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, “હવે સર્વે સંતો મંડળ બાંધીને દેશદેશમાં જ્યાં જેને આજ્ઞા કરે ત્યાં તે મંડળ ફરવા જાઓ. અને મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ જે ભણનારા તે તો તમે ગઢડા આવજો અને ભાઈ સ્વયંપ્રકાશાનંદસ્વામી તમે મંડળ લઈને ગામ બોટાદ જાજો.” એમ આજ્ઞા કરીને જય સચ્ચિદાનંદ કહીને ઊઠ્યા. ને મંચ ઉપરથી ઊતરીને ઘોડીએ અસવાર થઈને બોલ્યા જે, “સવારે ગામ દદુકે જાવું છે ને સર્વે ચાલજો ને રસોઈ ત્યાં જમવી છે.” એમ કહીને ગામમાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરી, પોશાક ઉતારી, સ્નાન કરી જમીને થાળ દાદા ખાચરને અપાવ્યો ને પછી પોઢ્યા.

✻ ગામ દદુકાની લીલા :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. ગામના હરિજન વળાવવા આવ્યા, તેમને પાછા વાળ્યા ને જે ઘોડા ઉપાડ્યા, તે અમારી પાસે આવીને ઊભા રહ્યા. ત્યાં તો ગામ **દદુકા**માંથી હરિજન સામૈયું લાવ્યા. તે ગુલાલ ઊડી રહ્યો છે, ને ગાજતે વાજતે ગામમાં પધાર્યા. **અલુભાઈ** ને **ગોડભાઈ**ના ફળીમાં જઈને ઊતર્યા ને ઢોલિયા ઉપર બિરાજ્યા ને સભા થઈ.

બ્રહ્મચારી બોલાવા આવ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” પછી મહારાજ જમવા પધાર્યા. પોશાક ઉતાર્યો ને સ્નાન કરીને જમવા બિરાજ્યા, તે જમતા જાય ને વાત કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને બોલ્યા જે, “સંતોને રસોઈની શી વાર છે ?” ત્યારે જેરામ બ્રહ્મચારી બોલ્યા જે, “રસોઈ તૈયાર થઈ છે, તે પીરસવા પધારો.” પછી જે પલવટ વાળી(કમરે ખેસ બાંધી) પીરસવા લાગ્યા, તે પાંચ-છ વાર પંક્તિમાં ફર્યા અને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી પોશાક પહેરીને જ્યાં હનુમાન પધરાવ્યા છે, ત્યાં ઢોલિયો લાવ્યા તેના ઉપર ઉગમણે મુખારવિંદે આવીને બિરાજ્યા.

તે સમે **દેવળિયાવાળા જાલમસંગ** હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! સંતમંડળ સહિત તમે મારે ગામ પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે અમને કાગળ લખીને તેડાવ્યા નથી ને બાપુભાઈએ તો કાગળ લખીને તેડાવ્યા હતા." ત્યારે જાલમસંગ બોલ્યા જે, "એમણે કાગળ લખ્યો ત્યારે અમે જાણ્યું જે, મહારાજ આંહીં આવશે ત્યારે અમારે ગામ તેડી જાશું." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો સંતોને ફરવા જાવાની રજા આપી છે. માટે કાઠીના અસવાર, પાળા ને હરિજન તેમણે સહિત અમે આવશું."

પછી સંતે જાલમસંગને કહ્યું જે, "મહારાજ અમને સમૈયે સમૈયે મળે છે અને આ ફેરો મળ્યા નથી. જો તમે મહારાજને કહો તો મળે." ત્યારે જાલમસંગે મહારાજને કહ્યું જે, "તમે આ ફેરો સંતને મળ્યા નથી, તે કૃપા કરીને સર્વે સંતને મળો." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે આવો મળીએ." પછી મહારાજ ઊભા થયા અને બે સંત મહારાજને બે પડખે ઊભા રહ્યા. તે એક જમણી કોરે ને એક ડાબી કોરે. ને જે મળવા આવે તે મળીને પાછા વળે ત્યારે બીજા સંતને આવવા દે, એમ નિરાંતે ધીરે ધીરે સર્વે સંત મળી રહેવા આવ્યા.

(પ્રસાદાનંદસ્વામી કહે) તે સમે મારે શરીરે ખસ થયેલી. પછી મારી પાસે શ્રીગુરુચરણરતાનંદસ્વામી આવ્યા અને કહ્યું જે, "તું મહારાજને મળી આવ્યો ?" ત્યારે મેં કહ્યું જે, "ના." પછી મારો હાથ ઝાલીને મહારાજ પાસે લઈ ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "એને આવવા દો." પછી હું મહારાજને મળીને પાછો વળ્યો. શ્રીગુરુસ્વામીએ મહારાજને દૂંટીમાં બકી ભરી, ત્યારે મહારાજ જરાક મરક્યા. પછી સર્વે સંતમંડળ, બ્રહ્મચારી ને સંન્યાસી તેમને મળીને પછી મહારાજ ઢોલિયે બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલી રહ્યા. પછી મહારાજને પગે લાગીને સર્વે બેઠા. ત્યારે મહારાજ કહે, "કીર્તન બોલો." પછી સંત બોલ્યા જે, *'તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલાજી.'*

પછી સંત બોલી રહ્યા, ત્યારે મહારાજ ગામમાં પધાર્યા. અને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો, તે જમીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરી, તૈયાર થઈને ઘોડે અસવાર થઈને જે ચાલ્યા, તે પાછા **મછિયાવ** પધાર્યા અને દરબારમાં આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સ્નાન કરી જમીને ચળુ કર્યું, મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા.

❊ મછિયાવમાં બાપુભાઈએ મહારાજના સુખાર્થે બે વર માગ્યા :

ત્યારે બાપુભાઈ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! એક વચન માગું છું." ત્યારે મહારાજ કહે, "માગો." ત્યારે બાપુભાઈ કહે એ માગું છું જે, **"તમારે ટાઢે પાણીએ નાવું નહીં,** ને **નકોરડી એકાદશી કરવી નહીં."** ત્યારે મહારાજ કહે, "સારું, એ બે વર તમને આપ્યા." પછી જે જે સંત ને હરિજન સભામાં બેઠા હતા, તે સર્વે રાજી થયા ને એમ બોલ્યા જે, "બાપુભાઈ ! તમે બહુ સારું માગ્યું." એમ કહીને મહારાજને પગે લાગ્યા.

પછી મહારાજ ત્યાંથી જે ચાલ્યા તે ગામ **દેવળિયે** પધાર્યા. અને હરિજને સામૈયું કર્યું, તે ગાજતે વાજતે દરબારમાં આવ્યા. પછી ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને સભા થઈ. પછી બ્રહ્મચારી બોલાવા આવ્યા, તેથી જમવા પધાર્યા. પોશાક ઉતારીને સ્નાન કરી થાળ જમવા બિરાજ્યા. પછી જમી, ચળુ કરીને મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા ને પછી પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને સાબદા થઈને ઘોડે અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **શિયાણી** પધાર્યા. ત્યાં સામૈયું કર્યું તે **મેઘા પટેલ**ને ઘેર જઈને ઊતર્યા ને સભા કરીને બિરાજ્યા. **શિવરામ ભટ્ટ** હાથ જોડીને બોલ્યા જે, "મહારાજ ! જમવા પધારો." પછી સ્નાન કરી, થાળ જમીને કાઠી પાળાને જમાડ્યા. પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને ચાલ્યા અને ગામના હરિજનને પાછા વાળ્યા.

❊ નાગડકામાં સુરા ખાચરે ચરણારવિંદ પડાવ્યાં :

પછી જે ઘોડા ઉપાડ્યા તે ગામ **નાગડકે** પધાર્યા અને **સુરા ખાચર**ના દરબારમાં આવીને બિરાજમાન થયા. ઉત્તરાદે બાર ઓરડે સભા કરી ને પછી થાળ જમીને પોઢ્યા. સવારે જાગીને સ્નાનાદિક ક્રિયા કરતાંકને બોલ્યા જે, "હવે ઘોડે પલાણ માંડો." ત્યારે હરિજન બોલ્યા જે, "જમીને ચાલજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાઠીઓને છાશ પાઓ અને અમે તો આગળ જમશું." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "થાળનો સામાન તૈયાર થયો છે." પછી મહારાજ પોશાક ઉતારીને જમવા પધાર્યા. પછી જમીને સભા કરી. પછી સુરા ખાચરે રંગ કરીને ચરણારવિંદ પડાવ્યાં. તે મહારાજ ચરણ પાડતા જાય ને જે રજાઈ પાથરેલી તેના ઉપર આવીને ઊભા રહે. ચરણારવિંદ પાડીને પછી ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **બોટાદ** પધાર્યા.

❊ ગઢપુરમાં કરો પડતાં ભક્તોની રક્ષા કરી :

હરિજનને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. અને અક્ષરઓરડીએ જઈને બિરાજ્યા. પછી થાળ જમીને પોઢ્યા. પછી પાછલી ચાર ઘડી રાત રહી ત્યારે જાગ્યા ને નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો. અને કથા થઈ રહી ત્યારે થાળ જમીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. અને ઉગમણા બારના ઓરડા ચણાઈને તૈયાર થયા ત્યારે મહારાજ કહે, "રસોઈ કરાવો."

પછી જ્યાં રસોઈ કરી રહ્યા ત્યાં તો કરો પડ્યો ને રસોઈયા હતા, તે દબાણા. પછી મહારાજ આવ્યા ને એમ બોલ્યા જે, "કઢીના ભાચરા (માટીનાં દોણાં) ફૂટ્યા હશે તો રસોઈયા બળી ગયા હશે." પછી પાણા ને ઢેફા લેવા માંડ્યા, ત્યાં તો રસોઈયા માંઈથી બોલ્યા જે, "અમે આયાં બેઠા છીએ." પછી માર્ગ કરાવ્યો ત્યારે રસોઈયા નીસર્યા. ને કઢીના ભાચરા એમના એમ રહ્યા. અને ત્રાંબા-પિત્તળના જે ચરુ(દેગ - પહોળા મોઢાવાળાં વાસણ) હતા, તે કરો પડ્યો તેણે કરીને બેસી ગયા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "કરામાં તૃણાવર્ત અને શકટાસુર તેણે માંહી પ્રવેશ કર્યો, નહિ તો કાંકરોય કેમ પડે ?" પછી ભાઈરામદાસજી ને નિષ્કુળાનંદસ્વામી એ બે એમ બોલ્યા જે, "ભગવાન હરિજનની આમ રક્ષા કરી રહ્યા છે." પછી (પ્રસાદાનંદસ્વામી કહે) મેં ચાર કીર્તન લખીને પાળાને આપ્યાં ને કહ્યું જે, "આ કીર્તન મહારાજને આપજો." પછી તે મહારાજે વાંચીને મને તરત લખવા તેડાવ્યો. પછી મને દયા કરીને મહારાજે લખવા રાખ્યો.

એક દિવસ સભા કરીને શ્રીજીમહારાજ પોતાના ઉતારાને વિષે બિરાજમાન થયા હતા. અને તે સમે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને શામળિયા ચૈતન્યાનંદસ્વામી એ આદિ જે ભણનારા સંતો તેમને મહારાજે એમ આજ્ઞા કરી જે, "તમે સર્વે સુરત શહેરમાં જઈને ભણો અને હરિજનને કથાવાર્તા કરજો." એમ કહીને પછી થાળ જમીને મુક્તાનંદસ્વામી આદિ જે સુરત જનારા સંતો તેમને આપ્યો. પછી સંતની પંક્તિ થઈ, તેથી મહારાજ પલવટ વાળીને લાડુ પીરસવા માંડ્યા, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી દૂધની વટલોઈ લઈને જે પીરસવા માંડ્યા તે રેલમછેલ કરી, ને પીરસી રહ્યા પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. સંત જમીને ઉતારે આવ્યા. પછી સાબદા થઈને મહારાજ પાસે ગયા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "આવો મળીએ." પછી સર્વને મળ્યા ને પછી સંત પગે લાગીને ચાલ્યા. અને તેમને મહારાજે કરીમ પાસે ગાડી જોડાવી આપી, તેથી સંત સુરત ગયા.

❊ ગઢડામાં રાધાવાવ ગળાવી :

અને ત્યાર કેડે મહારાજે ગામથી ઉગમણી જે રાધાવાવ તેનું મુહૂર્ત મયારામ ભટ્ટ પાસે જોવરાવ્યું. પછી ભટ્ટ બોલ્યા જે, "હે મહારાજ ! આ સમે મુહૂર્ત બહુ સારું છે." પછી મહારાજ થાળ જમતા'તા તે સમે પાળા ભગુજી આદિ તેમને તેડાવ્યા ને થાળ જમીને તેમને આપ્યો અને

વાવ ખોદવાની આજ્ઞા કરી. પછી તે સર્વેને મહારાજે જમાડ્યા. પછી પગે લાગીને ચાલ્યા, તે જ્યાં વાવ છે ત્યાં ગયા. ત્યાં તો મહારાજ ઘોડીએ સાજ મંડાવીને પધાર્યા, ને ઘોડી ફેરવીને એમ બોલ્યા જે, "અમે ઘોડી ફેરવી તે ઠેકાણે વાવનો આરંભ કરો. અને તે વાવનો કોઠો ઉગમણો ને નાળ આથમણી કરો. ને જ્યાં અમે ઊભા છીએ, તે ઠેકાણે ખોદીને ગાળ નાંખજો." એમ આજ્ઞા કરી અને પાળાને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી પોતા ભેળા છ-સાત અસવાર લઈને મહારાજ ગામમાં પધાર્યા ને ગામ માણસાના સુતાર ગંગારામ તે ઘડતા હતા, ને નિષ્કુળાનંદસ્વામી પાસે ઊભા હતા. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને તેમને પાસે આવીને ચાકળા ઉપર બિરાજમાન થયા. અને નિષ્કુળાનંદસ્વામી મહારાજને પૂછતા જાય ને મહારાજ કહેતા જાય.

પછી મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા ને કથાનો આરંભ કરાવ્યો. કથા થઈ રહી ત્યારે મહારાજે પ્રેમાનંદસ્વામીને ગાવા તેડાવ્યા. પછી સિતાર લઈને ઠુમરી બોલ્યા. પછી મહારાજે જમીને પ્રેમાનંદસ્વામીને પ્રસાદી આપી. પછી તો વાવમાં જળ આવ્યું, ત્યારે શુકમુનિ જઈને જળ લઈ આવ્યા. તે જળ મહારાજે પીધું ને વખાણ્યું. પછી મહારાજે રસોઈ કરાવી ને રસોઈ સાથે લેવરાવીને ચાલ્યા, તે વાવે આવ્યા. રાત અજવાળી ને જેઠ માસ હતો. પછી સભા કરીને ત્યાં બિરાજ્યા. પછી જળ લાવીને મહારાજને પાઈને તે જળ પાછું વાવમાં નાખ્યું. પછી મહારાજે પાળાને જમાડ્યા ને છાતીમાં ચરણ આપ્યા. પછી ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા ને પછી પોઢ્યા.

❊ ગઢપુરમાં વચનામૃત ગ્રંથની ઉત્પત્તિ :

પછી રાત પાછલી પોર રહી ત્યારે જાગ્યા ને નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો અને પ્રેમાનંદસ્વામી પાસે ગાવણું કરાવ્યું. અને સદ્‌ગુરુ જ્યારે ગઢડેથી ચાલ્યા હતા, ત્યારે પ્રેમાનંદસ્વામી ને

નિષ્કુળાનંદસ્વામી ને લાધા ઠક્કર તેમને એમ કહેતા ગયા હતા જે, "મહારાજ જે જે કાંઈ વાત કરે અને જે હરિજન મહારાજની પૂજા કરે ને પોશાક પહેરાવે, તે તે સર્વે મહારાજની લીલા ચરિત્ર તે અમને લખી મોકલજો."

પછી ખરડા કરીને જે જે વાત કરી હોય, તે તે વાત લખીને મોકલાવે. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતો વિચારીને બોલ્યા જે, "મહારાજની વાત ને પ્રશ્નઉત્તર તેનો **'વચનામૃત'** નામે ગ્રંથ કરીએ." ત્યારે સર્વે સંતો ને હરિજન બહુ રાજી થયા. પછી વચનામૃત લખવા માંડ્યા તે એવી રીતે જે, સંવત્ ૧૮૭૬ અઢારસો છોત્તેરના માગશર સુદિ બીજને (ચોથ ?) દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને બિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પુષ્પના હાર પહેર્યા હતા. અને તે સમે આવી રીતની વાર્તા કરી ઈત્યાદિક સર્વે લખતા હતા. એમ આનંદનો ઉત્સવ થાય છે.

❊ ગઢપુરમાં ચડાઈ કરવા આવેલા દૈત્યોનો પરાભવ :

દૈત્ય હતા તે સર્વેએ મળીને એમ મનસૂબો કર્યો જે, 'સત્સંગીને તરવાર હેઠે કાઢીને પરાભવ કરી નાંખીએ.' પછી તો અસુરની સેના આવવા માંડી. અને સત્સંગીને ખબર થઈ, ત્યારે મહારાજને કહ્યું. ત્યારે મહારાજે જે પાળા વાવ ખોદતા'તા, તેમને સામાન લઈને પોતાની પાસે બોલાવી લીધા. અને ગઢડાને ફરતાં બીજા ગામના હરિજનને ખબર મોકલી, તે ગામ વાંકિયું, માંડવધાર, કોટડું, નાગડકા, લોયા, બોટાદ, સુંદરિયાણું, સારંગપુર, કુંડળ, ઝમરાળું, કારિયાણી, ઝીંઝાવદર, ગઢાળી, ગુંદાળું એ આદિ ગામોના હરિજન હથિયાર બાંધીને મહારાજ પાસે આવ્યા. તેમનાં નામ મોકા ખાચર, નાગદાન પટગર, ગોવો કોરડિયો, હીરો માખાસણો, તેજો દલસાણિયો, કુંપા ખાચર, સુરા

ખાચર, સિધો સુરાણી, રણછોડ સુરાણી, કમો દલસાણિયો, ડોસા ખાચર, કાંધા ખાચર, અમરા ખાચર, રાઠોડ ધાધલ, દાહા ખાચર, માતરો ધાધલ, મસ્તીમિયાં, અમરો પટગર, જીવો દવે, વેલો સુતરિયા, ભક્ત માંચો, વસ્તા ખાચર, ઘેલો હાલિકો, મિયાં હસન, મિયાં સુમાર, રાઘવ મોટકો, ખોડો મોટકો, કરશન મોટકો, અલૈયા ખાચર, રામ જોગિયો, હાથીભાઈ, ખેંગારભાઈ, મુળુ ખાચર - એ આદિ સર્વે સુભટ(શૂરવીર લડવૈયા) તે નાના પ્રકારનાં હથિયાર હાથમાં લીધાં છે, ને કેટલાક તો ઘોડા પર ચડ્યા છે, ને આવીને મહારાજને પગે લાગ્યા ને પાસે બેઠા. અને મહારાજે તેમને ખબર પૂછ્યા.

ત્યાં તો ખબર આવી જે, 'પીપળાવાડીના કોસ ફરતા'તા તેનો વરત(કોસ ખેંચવાનું દોરડું) કાપી નાખીને હસન રયાને માર્યો.' અને હાકોટો થયો ત્યારે સર્વે હથિયાર લઈને ચાલ્યા. તે સમયે મહારાજે ના પાડી જે, "તમે સર્વે ડેલીએ ઊભા રહો ને બે અસવાર મોકલો જે, કોશ ને સાંતી છોડીને ગામમાં આવો." પછી મહારાજે વીરરસ અંગીકાર કર્યો. ત્યાં શ્લોક છે જે, 'मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान् ।'[1] તેવી રીતે દેખાડ્યું. અને બાઈઓ છેટે બેઠી હતી, તેને મહારાજે કહ્યું જે, "તમે પણ ખોખરા મેમદાવાદની પેઠે મદદ કરજો, ને જો કાંઈક થાય તો ઘર ઉપર ચડીને નળિયાં દેવા માંડજો."

પછી મહારાજ થાળ જમ્યા અને સર્વેને જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, "કાઠીની રીત રાખવી, જેમ કાઠી ઘોડેથી પલાણ ન ઉતારે તેમ આપણે પણ રાખવું." એમ કહીને સર્વેને એક કાલાવચ્છિન્ન જમાડ્યા. પછી મહારાજ કહે, "દાદા ખાચર, તમે સારંગપુર જાઓ. તમારી કેડે પાંચસે પરમહંસ ને હરિજન પરમેશ્વર ભજે છે, તે તમારા શરીરને

૧. બળદેવ સાથે શ્રીકૃષ્ણ જ્યારે મલ્લના અખાડામાં પહોંચ્યા ત્યારે ચાણૂર આદિ મલ્લોને વજ્ર જેવા બળવાન દેખાયા, અન્ય લોકોને મનુષ્યોમાં સર્વ શ્રેષ્ઠ દેખાયા અન સ્ત્રીઓને મૂર્તિમાન કામદેવરૂપે દેખાયા. (ભાગ.૧૦/૪૩/૧૭)

કાંઈક જો થયું તો એકેયને દરબારમાં નહિ રહેવાય." તે સાંભળીને દાદા ખાચરને દુઃખ થયું ને કહ્યું જે, "આ વિષમકાળે હરિજન મહારાજ પાસે આવે છે અને મને આજ્ઞા કરે છે જે, બીજે ગામ જાઓ."

પછી મહારાજે તેમને કહ્યું જે, "તો તમે તમારો દરબાર સાચવજો ને લાવો અમારી ઘોડી." ત્યારે દાદા ખાચર ઊઠ્યા ને પગે લાગ્યા અને આંખમાંથી જળ પડવા લાગ્યું. ને દાદા ખાચર ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ત્યારે મહારાજે પચાસ સરબંધીને ભેળા મોકલ્યા. પછી મહારાજ બોલ્યા જે, "હવે મરને આખો મલક ચડીને આવે !" એમ કહીને અક્ષરઓરડીએ પધાર્યા ને પોઢ્યા.

પછી સવારે જાગીને નિત્યવિધિ કરી રહ્યા હતા, ત્યાં તો સર્વે દૈત્યાંશ આવ્યા. અને મહારાજ દરબાર વચ્ચે લીંબડા હેઠે જે ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા. તે સમયે ડેલીએ હરિજન સાથે અસુરાંશને બોલાચાલી થઈ ને અલૈયા કહોર સામી બંદૂક ચડાવી. ત્યારે તેમણે જે હાથનું ઠેબું માર્યું, તે ગોળી ઊંચી ગઈ ને મિયાંની તો લાગી દાઢી. પછી તો ગામ પરગામના ભાટ, ચારણ, બ્રાહ્મણ ને વાણિયા ને અતિત(યાત્રાળુ) તે આવીને આડા પડ્યા. ત્યાં તો મહારાજ પાસે ખબર આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "વચાળે એ નિવારણિયા(વારનારા) મરાશે." પછી મેતો આવ્યો, તેમણે હાકોટીને પાછા વાળ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોતમ શ્રીસહાજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ગઢડામાં રાધાવાવ ગળાવી, અસુરોનો પરાભવ તથા વચનામૃત ગ્રંથોત્પત્તિ,' એ નામે એકતાલીશમો વિશ્રામ ॥૪૧॥

વિશ્રામ - ૪૨

ભાઈરામદાસજી અક્ષરધામમાં ગયા અને ગઢપુરવાસી હરિજનોના પ્રેમનું વર્ણન

પછી દાદા ખાચરના પિતરાઈ આવ્યા. તે એમ બોલ્યા જે, "આ શું છે ? આજ તો એના ઉપર ને કાલ તો અમારા ઉપર આવશે." એમ બોલતાં બોલતાં મહારાજ પાસે આવીને બેઠા. પછી મહારાજે બાઈઓને કહ્યું જે, "રસોઈ કરવા માંડો." ને સંતને કહ્યું જે, "આજ તમે ઝોળી માગવા જાશો નહીં." પછી તો સર્વે હરિજન સૌ-સૌને ઉતારે ગયા અને મહારાજ થાળ જમ્યા. સર્વે જે હરિજન આવ્યા હતા, તેમને પ્રથમ જમાડ્યા અને પછી સભા કરીને બિરાજ્યા. ત્યારે મહારાજ કરુણારસ ગ્રહણ કરીને બોલ્યા, "જેના મલકમાં તમે રહો છો, તે કાંઈ ઉપદ્રવ કરશે તો તમે કેમ કરશો ?" ત્યારે **સર્વે સત્સંગી હાથ જોડીને બોલ્યા જે, "આ અમારાં દેહ, ઘરબાર ને સર્વે સમૃદ્ધિ તે તમારી છે અને સત્સંગને અર્થે કુરબાન છે."** પછી એ પ્રકારનાં તેમનાં જે વચન તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા અને સર્વેને રજા આપી. ત્યારે તે મહારાજને પગે લાગીને સૌ-સૌનાં ગામ પ્રત્યે ચાલી નીકળ્યા.

પછી મહારાજ ઘોડીએ અસવાર થયા અને એમ બોલ્યા જે, "નિષ્કુળાનંદસ્વામી ને પ્રસાદાનંદસ્વામી તે બે જણા અમારા ભેળા આવો. અને અહીંયાં જે સરબંધી રહેતા હોય તે રહેજો અને જે પરગામી અસવાર ને હથિયારબંધ તે સર્વે અમારા ભેળા આવો." પછી ત્યાંથી ચાલ્યા, તે ઉગામેડીને માર્ગે જાતાં પીપળિયાનો માર્ગ આવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "સારંગપુરના અસવાર ને પાળા તે તમે તમારે ગામ જાજો અને દાદા ખાચરને તેડીને કારિયાણી આવજો." પછી તે સર્વે મહારાજને પગે લાગીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હલા આવી'તી ને જે વાત થઈ તે તમે કહેજો."

❋ કારિયાણીની લીલા :

પછી મહારાજ ચાલ્યા તે ગામ **કારિયાણી** પધાર્યા અને ઘોડીએથી ઊતરીને વસ્તા ખાચરના દરબાર વચ્ચે ઓટો છે, તેના ઉપર ઢોલિયો હતો, તે ઉપર આવીને બિરાજ્યા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે સમયે ગામ બોટાદના હરિજન અને ભાઈ સ્વયંપ્રકાશાનંદસ્વામીનું મંડળ આવીને મહારાજને પગે લાગીને બેઠું. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી, પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'રે સગપણ હરિવરનું...'* કીર્તન બોલી રહ્યા ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "થાળ જમવા પધારો." ત્યાં તો દાદા ખાચર ને ભગુજી આદિ સરબંધી તેમણે આવીને બંદૂકના અવાજ કર્યા ને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને સ્નાન કરીને થાળ જમતા જાય ને દાદા ખાચરને પ્રસાદી આપતા જાય ને વાત કરતા જાય. પછી ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

પછી ગામ **ઝમરાળા**ના જીવો દવે ને પાંચોભક્ત તે બોલ્યા જે, "હે મહારાજ ! સંતમંડળે સહિત અમારે ગામ પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાલ નહિ ને પરમદહાડે આવશું અને રસોઈ સુખડીની કરાવજો." પછી મહારાજ પોઢ્યા ને વહેલા જાગીને નિત્યવિધિ કરીને શ્વેત વસ્ત્ર પહેરીને ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને તે સમયે ગઢડેથી ખબર આવી જે, 'અસુર લોકો એમ બોલ્યા જે, આપણે તો એમ જાણતા હતા જે સત્સંગીને મારશું, ત્યાં તો આપણને એમણે માંડ-માંડ જીવતા મેલ્યા. પછી કાંઈક કળા કરીને ખસી નીકળ્યા.' પછી તે વાત સાંભળીને મહારાજ કહે, "આવો ને, શું જાણતા નથી જે સામા આવ્યા છો ?" પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને જમીને પોઢ્યા. પછી જાગીને જળપાન કર્યું. પછી સભા કરીને બિરાજ્યા. સાંજે મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલીને પછી નમસ્કાર કરીને બેઠા.

ત્યારે સંત કીર્તન બોલ્યા જે, *'મોહનને ગમવાને ઈચ્છો માનની...'* એ બોલી રહ્યા ત્યારે મહારાજ થાળ જમવા પધાર્યા ને જમીને પોઢ્યા.

પછી રાત ચાર ઘડી રહી ત્યારે જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જ્યાં ચાલવાનું કરે છે, ત્યાં તો વસ્તા ખાચર ઘોડો શણગારીને લાવ્યા અને મહારાજને કહે, "આ ઘોડે અસવાર થાઓ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે તો માણકી ઘોડી ઠીક છે અને આ ઘોડે અમે નહિ ચડીએ." ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, "આ ઘોડો તમને આલું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે માગું આવે તો આપજો, પણ અમે નહિ ચડીએ." પછી વસ્તા ખાચરે તે ઘોડો વેચ્યો, તેના નવસે રૂપિયા આવ્યા. તેની ઊતરી(સોનાની ચેન) ઘડાવીને મહારાજને પહેરાવી.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે **ઝમરાળા** પધાર્યા ને વાજતેગાજતે **જીવા દવે**ના ફળીમાં જઈને ઊતર્યા. અને સભા કરીને ઢોલિયે બિરાજ્યા. અને સંત કીર્તન બોલ્યા જે, *'લાગ્યો મારે નટવરથી નેડો,'* પછી સંત કીર્તન બોલી રહ્યા, ત્યારે મહારાજ પોશાક ઉતારીને સ્નાન કરી થાળ જમવા પધાર્યા. જમીને ચળુ કરી, મુખવાસ લઈને ચાખડીએ ચડી, પલવટ વાળીને સંતની પંક્તિમાં સુખડી પીરસવા લાગ્યા. પછી હાથ ધોઈને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કર્યા. જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **કારિયાણી** આવ્યા. ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા.

❊ ભાઈરામદાસજીનો અક્ષરવાસ :

પછી મહારાજ બોલ્યા જે, "નિષ્કુળાનંદસ્વામી ! તમે ચાર સંત ગઢડે જાઓ. તે સગુણાનંદસ્વામી ને દહરાનંદસ્વામી એ આદિ અમે ચાર સંતો ત્યાંથી ચાલ્યા, તે ગામ ઝીંઝાવદર જઈને રાત રહ્યા. પછી ચાલ્યા તે જ્યાં નદીએ ગયા ત્યાં તો કાંકરા ને પાલેરાં(ડાળાં-પાંદડાં) ઊડતાં હતાં.

પછી સ્વામીએ અમને હેઠે બેસાડ્યા ને એમ બોલ્યા જે, "આજ વિષમ દિવસ છે." પછી અમો ગઢડે ગયા. ત્યાં ભાઈરામદાસજીને બોલાવ્યા, પણ ઝાઝી ઓળખાણ પડી નહીં. પછી મહારાજને ખબર કરવા અસવાર મોકલ્યો. ત્યાં ખબર કર્યા પછી મહારાજ જળપાન કરીને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને ભાઈસ્વામી પાસે આવ્યા ને ભાઈને બોલાવ્યા, ત્યારે બોલ્યા ને હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી મહારાજ દરબારમાં પધાર્યા અને ભાઈસ્વામી મહારાજનાં દર્શન કરીને પછી પંચભૂતના દેહનો ત્યાગ કરીને દુર્વાસાના શ્રાપ થકી મુકાઈને અક્ષરધામમાં ગયા. તે જેઠ વદિ છઠને દિવસ તેમની શાસ્ત્ર પ્રમાણે દેહક્રિયા કરી.

❊ આત્માનંદસ્વામીને ભાઈની પદવી આપી :

પછી મહારાજ રાત પાછલી બે ઘડી રહી હતી, ત્યારે અમારી જાયગાને વિષે પધાર્યા અને એમ બોલ્યા જે, "આપણે જગતની પેઠે શોક કરવો નહીં. અને **હવે આત્માનંદસ્વામીને અમે ભાઈને ઠેકાણે થાપીએ છીએ."** એમ કહીને દરબારમાં પધાર્યા. પછી ભાઈરામદાસજીનો જે સામાન હતો, તે ભાઈઆત્માનંદસ્વામીને અપાવ્યો. પછી એક સમયે મહારાજ સભા કરીને ચાકળા ઉપર બેઠા હતા ને સુતાર ઓરડો માળતા હતા, ત્યારે પાળાને વાવ ખોદવા મોકલ્યા. અને તે સમયે જેરામ બ્રહ્મચારી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો તો સુરત શહેરમાં સંતમંડળ છે, તેમને ખબર દેવા હું જાઉં." ત્યારે મહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીને તો અમે કાગળ લખીને મોકલ્યો છે જે, 'કાનમ દેશમાં ફરતાં ફરતાં અમારી પાસે આવજો' અને તમે પણ જાઓ ને સર્વે સંતને ખબર કરજો." પછી જેરામ બ્રહ્મચારી મહારાજને મળીને ચાલવા તૈયાર થયા. ત્યારે મહારાજની જમેલી જે પ્રસાદી હતી, તે સંતને સારુ બ્રહ્મચારી સાથે હરિજને મોકલાવી. પછી મહારાજ થાળ જમવા પધાર્યા, તે થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને કથાનો

આરંભ કરાવ્યો. પછી કથાનો અધ્યાય પૂરો થયો. પછી પ્રેમાનંદસ્વામીને બોલાવીને ગાવણું કરાવ્યું. પછી સભાને રજા આપીને મહારાજ પોઢી ગયા. પછી પાછલી ચાર ઘડી રાત રહી ત્યારે જાગ્યા ને દંતધાવન આદિ ક્રિયા કરી અને વસ્ત્ર પહેરીને કથાનો પ્રારંભ કરાવ્યો. પછી બ્રહ્મચારી આવ્યા ને કહ્યું જે, "થાળ જમવા પધારો." પછી સ્નાન કરીને જમવા બિરાજ્યા. પછી જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમયે શતાનંદમુનિ પાસે મહારાજ સંસ્કૃતમાં **'સત્સંગિજીવન'** નામે ગ્રંથ કરાવતા, તેથી કાંઈ પૂછવા આવ્યા. તે મહારાજને પૂછીને પાછા ગયા.

❊ ભુજથી સુંદરજીભાઈનો ગઢડા વિનંતીપત્ર :

પછી તે સમયે ભુજનગરથી સુંદરજીભાઈનો પત્ર આવ્યો. તે પત્ર મહારાજે વંચાવ્યો. તેમાં સવૈયો આવ્યો તે,

મોર મરે ઘનઘોર કિશોર ચકોર મરે પુનિચંદ ઉજાશે,
મીન મરે સાગરમેં પુનિ માનવ સો મર જાત સુધાસે;
આગ લગીશું બુજે જલસે, જલમેં જ્યું જરેશું બુજે કહું કાસે;
ઓર દિયો દુઃખ નાથ શું કીજે, નાથ દિયો દુઃખ કહીએ કહાસે... ૧

છપય કવિત :

તબ વિલંબ ન કિયે જબ કંસ પછારે,
તબ વિલંબ ન કિયે જબ હિરણાકશ મારે;
તબ વિલંબ ન કિયે જબ ગજરાજ ઉગાર્યો,
તબ વિલંબ ન કિયે જબ વ્રજત્રાસ નિવાર્યો;
અબ વિલંબ કેસે કિયો સહજાનંદ અશરણશરણ,
અરજી 'સુંદર'કી સુની દેહુ દર્શ સંકટહરણ.. ૧

પછી તે કાગળ વંચાવીને મહારાજના જે લૈયા તેમને બોલાવ્યા. તે નિર્ગુણાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, કપિલેશ્વરાનંદ

સ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી એ આદિક તેમને મહારાજે આજ્ઞા કરી જે, “ભુજનગરથી સુંદરજીભાઈનો કાગળ આવ્યો, તે તમે લખીને અમને આપજો. પછી અમારે જેને આપવા હશે તેને આપશું.” પછી અમે સર્વે લખીને મહારાજ પાસે લઈ ગયા. મહારાજે વાંચીને જેને વાંચતા આવડે, તેને આપ્યા ને અમને થાળ જમીને પ્રસાદી આપી.

⁂ જીવુબા આદિ ભક્તોએ વૃત્તિથી શ્રીહરિની ઘોડીને ખેંચી :

પછી એક દિવસ મહારાજ રાત અડધીએ ઘોડીએ પલાણ મંડાવીને અશ્વાર થયા અને દાદા ખાચર આદિ અસવાર ને પાંચ-છ પાળા તેમને સાથે લઈને ચાલ્યા, તે ગામ **કારિયાણી** આવ્યા. ત્યાંથી વસ્તા ખાચરને સાથે લીધા ને જે ચાલ્યા, તે **કુંડળ** ઢૂકડા જયાં આવ્યા ત્યાં તો માણકી ઘોડી પાછી પડવા માંડી. ત્યારે સોમલા ખાચર બોલ્યો જે, “આ ઘોડીને શું થયું ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ઘોડીને કાંઈ નથી થયું, પણ ગઢડાના હરિજન જે રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ આદિ બાઈઓ તે આસન વાળીને ભજનમાં બેઠાં છે, ને એમ બોલ્યાં છે જે, ‘જ્યારે મહારાજ આવીને દર્શન આપે ત્યારે આપણે ભજનમાંથી ઊઠવું.’ તે એમની વૃત્તિએ કરીને માણકીને ઝાલી લીધી છે.” ત્યારે હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! એમને દર્શન આપવાં જોઈએ.”

પછી મહારાજે ઘોડીને પાછી વાળી ને ગઢડા સામી હાંકી, ત્યારે તે ચાલી. તે જેમ પાંખ્યું આવી હોય તેમ ગરુડના કરતાં ઘણા વેગથી ચાલી. પછી જ્યારે **ગઢડે** આવ્યા ને દરબારમાં ઘોડીની પડઘી(ડાબલો) વાગી ત્યારે બાઈઓ ભજનમાંથી ઊઠી, છેટે રહીને મહારાજને પગે લાગી. અને થાળનો સામાન કરવા લાગ્યાં. અને મહારાજ ઘોડીએથી ઊતરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયો બિછાવ્યો હતો, તેના ઉપર આવીને બિરાજમાન થયા. તેના ઉપર પ્રેમાનંદસ્વામીએ કીર્તન કર્યાં છે જે,

સજની પૂછોને નંદજીનો લાલ, કે કેમ ચંચળ થયા રે લોલ;
કીધો કીધો નટવર વેશ, કે કેમ તોડી દયા રે લોલ...૧
સજની શું છે આ રતે કામ, કે નંદકુમારને રે લોલ;
શણગાર્યા રૂડા તોરંગ, કે થયા અસવારને રે લોલ...૨

✻ સુરતથી મુક્તાનંદસ્વામીનું મંડળ ગઢડા આવ્યું :

પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા ને થાળ જમીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરી, જળપાન કરીને જ્યાં કથાનો આરંભ કરાવે છે, ત્યાં તો મુક્તાનંદસ્વામીનું મંડળ આવ્યું. તે મહારાજને સંભળાવ્યું, ત્યારે મહારાજ કહે, "સંતોને બોલાવો." પછી સંતોએ આવી મહારાજને દંડવત કર્યા ને મહારાજને મળીને બેઠા. પછી મહારાજે સ્વામીને સુરતના હરિભક્તની ખબર પૂછી. ત્યારે સ્વામી બોલ્યા જે, "સર્વે હરિભક્ત તમારી દયાથી સુખી છે ને તમારે વાસ્તે નરનારાયણ સ્વામિનારાયણ નામે રેંટો, સુરવાળ ને ડગલી કરાવે છે." પછી મહારાજ બોલ્યા જે, "છાપના અક્ષર ઝાઝાં વરસ રહે નહીં."

પછી રસોઈ કરાવીને મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા. અને સંત જમીને ઉતારે આવ્યા. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી સ્વામીએ વાતો કરી. પછી હરિજનને રજા આપી, ત્યાં મહારાજ પધાર્યા ને ઓટા ઉપર ગાદીતકિયો બિછાવેલ તેના ઉપર આવીને દક્ષિણાદે મુખારવિંદે બિરાજ્યા. પછી સ્વામી બોલ્યા જે, "ગાવણું કરીએ ?" ત્યારે મહારાજ કહે, "કરો." પછી વાજાં વગાડી ગાવણું કરવા લાગ્યા, ને ગાવણું થઈ રહ્યું. પછી મહારાજ મંદ મંદ હસતા કહે, "રાખો." પછી મહારાજ દરબારમાં પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા.

✻ વચનામૃતમાં મૂર્તિવર્ણન, પ્રશ્નોત્તર કરનાર, સંવતાદિ લખવા ભલામણ :

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઉગમણે ઓરડે ઢોલિયો બિછાવેલો તેના ઉપર આવીને બિરાજ્યા.

પછી બોલ્યા જે, "સ્વામીને કહો જે, વાજાં લઈને આવો." પછી સ્વામી આવ્યા ને પગે લાગીને બેઠા. પછી મુક્તાનંદસ્વામીએ વચનામૃતનું પુસ્તક મહારાજના હાથમાં આપ્યું. પછી તે જોઈને વાંચીને મહારાજ બહુ રાજી થયા. પછી સ્વામી બોલ્યા જે, "આમાં કાંઈ કાઢવું-નાંખવું છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, **"અમે જે વસ્ત્ર પહેર્યાં હોય, ને જેવી રીતે અમે બેઠા હોય, ને જેણે અમને પ્રશ્ન પૂછ્યો હોય તેનું નામ તથા સંવત્ વર્ષ, માસ, પક્ષ, તિથિ ને વખત એ આદિ સર્વે તેમાં અનુક્રમે કરીને લખજો."** એમ આજ્ઞા કરી. પછી મહારાજ બોલ્યા જે, "હવે કીર્તન બોલો." પછી સંત વાજાં લઈને ગાવા લાગ્યા.

❊ કટોરો ખંડિત થતા બોધ, લીંમડા ફરતો ઓટો કરાવ્યો :

પછી થાળ થયો તે બ્રહ્મચારી પૂછવા આવ્યા. ત્યારે મહારાજ કહે, "અહીં લાવો." પછી ઢોલિયેથી ઊતરીને જળના કોગળા કરીને બાજોઠ ઉપર ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. દૂધ, પૂરી ને બરફી જમ્યા ને દૂધ, પૌંઆ ને સાકર તે ડુંગરના(ડુંગરપુરના આરસના) કટોરામાં જમતા. પછી જમી રહ્યા ત્યારે કટોરો બાજોઠ ઉપર મેલ્યો, ત્યારે અથડાણો, તેથી લગારેક કોરેથી ખંડિત થયો.

ત્યારે મુક્તાનંદસ્વામી પ્રેમાનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, "મહારાજને જમવાનો કટોરો સારો હતો." ત્યારે **મહારાજ બોલ્યા જે, "સ્વામી ! માયામાંથી ઉત્પન્ન થયું જે માયિક પદાર્થ, તેમાં સારું કયું ને નરસું કયું ? તે તો સર્વે એક સરખા છે."** એમ જ્યાં વાત કરે છે, ત્યાં જેરામ બ્રહ્મચારી સુરત શહેર ગયા હતા, તે આવ્યા. મહારાજને દેખ્યા ને દંડવત કર્યા ને મહારાજ મળ્યા.

પછી નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ સર્વે સંત અને હરિજન તેમના નારાયણ કહ્યા. પછી બ્રહ્માનંદસ્વામીનો કાગળ મહારાજને આપ્યો. પછી તે કાગળ મહારાજે વંચાવ્યો. તે પદ જે,

'વાલીડા વેરો કીધો રે કુંજવિહારી.
નિર્મોહી નાથ તમને તે શું ઝાઝું કૈયે, વિચારી મનમાં રૈયે રે..કુંજ-૧
અમૃત પાઈને મોટાં રે કીધાં, વિજોગે વિખ દીધાં રે...કુંજ-૨
બ્રહ્માનંદની એ છે અરજી, સાંભળજો જો હોય મરજી રે...કુંજ-૩

પછી તે પદ સાંભળીને મહારાજ બોલ્યા જે, "હમણાં નથી મરજી." પછી તે કીર્તનનો ખરડો લઈને મહારાજે બાઈઓને મોકલાવ્યો. પછી બ્રહ્મચારીએ સુરતનો કાગળ મહારાજને આપ્યો. ત્યારે મહારાજ કહે, "પછી વાંચશું." પછી હરિજને મહારાજ સારુ જે નાના પ્રકારનો સામાન મોકલ્યો તે એલચી, લવિંગ, સોપારી, જાયફળ, જાવંત્રી ને તજ તે, તે મોકલનારનાં નામ વાંચતા જાય ને બ્રહ્મચારીને આપતા જાય. પછી અમે ઉતારે આવ્યા ને મહારાજ પોઢવા પધાર્યા.

પછી સાંજને સમયે ઉગમણે ઓરડે આવીને બિરાજ્યા ને સંતને મહારાજ કહે, "વાજાં લઈને આવો." પછી આવીને નમસ્કાર કરીને બેઠા. ત્યારે નિષ્કુળાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "લીંમડા ફરતે કાળા પથ્થરનો ઓટો કરો, તે છાતી સામો ઊંચો કરાવજો અને તેના ઉપર અમારો ઢોલિયો રહે ને ફરતી સભા બેસે." પછી સ્વામી કહે, "સારું મહારાજ." પછી જે નાવા જાય તે ત્યારે એક એક પથ્થર લાવતા. પછી સુંદર ઓટો કર્યો. પછી મહારાજે તે ઓટો જોયો ને એમ બોલ્યા જે, "અમારો ઢોલિયો આહીં લાવો." પછી ત્યાં ઢોલિયો લાવ્યા ને મહારાજ આવીને બિરાજમાન થયા.

પછી બ્રહ્મચારી બોલાવવા આવ્યા ને મહારાજ જમવા પધાર્યા. પછી વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઘડીક પોઢ્યા. પછી જાગીને નાન ખાચરને કહે, "ઘોડીએ પલાણ માંડો." પછી જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને

લક્ષ્મીવાડીએ પધાર્યા. વાડીમાં ઘોડી ફેરવી, ને એમ બોલ્યા જે, "આ વાડીમાં શાક ને ફૂલનાં ઝાડ નંખાવો." એમ કહીને દરબારમાં પધાર્યા. અને જે જે વાતો કરે તેનાં વચનામૃત લખાય. અને સંતમંડળ ને હરિજન તેમણે સહિત ખળખળિયે નાવા પધારે.

એક દિવસ મહારાજ થાળ જમીને ઘોડીએ અસવાર થઈને ગામ **ગુંદાળે** પધાર્યા. ને **મુળુ ખાચર**ના દરબારમાં ચાર ઘડી સૌ હરિજનને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢાળી**ના હરિજનને દર્શન દઈને **ગઢડે** પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજમાન થયા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી નમસ્કાર કરીને બેઠા. પછી મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા ને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને સભા કરીને બિરાજ્યા.

❊ વિવાહમાં કોને જવું ને શું કરવું ? તેનો વિવેક :

તે સમયે ગામ **સુખપુર**માં કાઠીને ઘેર વિવાહ હતો. તેમણે આવીને કહ્યું જે, "હે મહારાજ ! તમે અમારે ઘેર પધારો." ત્યારે મહારાજ કહે, "તમે ચાલો, અમે આવીએ છીએ." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને પધાર્યા અને તે તો વિવાહના કામકાજમાં રહ્યા ને મહારાજની તો જમવાની પણ ખબર ન પૂછી. પછી મહારાજ તો રાત અડધીક ગઈ ત્યારે **ગઢડે** પધાર્યા અને સત્સંગમાં એક કાગળ લખાવ્યો જે, **"બાઈભાઈ જે સાંખ્યજોગી હોય તેમણે વિવાએ જાવું નહીં અને જે કર્મયોગી હોય તેમણે પણ વિવામાં જઈને એલફેલ બોલવું નહીં."**

પછી તે સમયે મહારાજે મુક્તાનંદસ્વામીને તેડાવ્યા અને એમ આજ્ઞા કરી જે, "તમે રુક્મિણીના વિવાહનાં કીર્તન કરો." ત્યારે સ્વામી કહે, "સારું મહારાજ." પછી મહારાજે કહ્યું જે, **"મુક્તાનંદસ્વામીએ રુક્મિણી વિવાહનાં કીર્તન કર્યાં છે, તેને જે કર્મયોગી વિવાહે જાય તેમણે ગાવાં, પણ તે વિના બીજા જગતનાં નઠારાં ગીત ગાવાં નહીં અને એલફેલ**

પણ બોલવું નહીં." એવી રીતનો પત્ર લખ્યો ને દેશદેશના હરિભક્ત પ્રત્યે મોકલાવ્યો. અને **પ્રેમાનંદસ્વામી**ને કહ્યું જે, "તમે તુલસીના વિવાહના કીર્તન કરો, તે સહુ ગાશે." એવી રીતની અનંત લીલા કરતા થકા ને હરિજનને આનંદ ઉપજાવતા થકા મહારાજ દુર્ગપુરને વિષે નિવાસ કરીને રહેતા હવા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'ભાઈરામદાસજી અક્ષરધામમાં ગયા અને ગઢડાવાસી હરિજનના પ્રેમનું વર્ણન,' એ નામે બેતાલીશમો વિશ્રામ ॥૪૨॥

વિશ્રામ - ૪૩

ગઢપુરમાં જન્માષ્ટમી તથા અન્નકોટ-ઉત્સવ

પછી એક સમે જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. ત્યારે **ગઢડા**ને અડખે પડખે જે સંતમંડળ હતાં તેમને તેડાવ્યાં અને મહારાજ ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતનાં મંડળ આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા, જમી ચળુ કરીને મુખવાસ લીધો. અને પલવટ વાળી ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ સંતની પંક્તિ થઈ ત્યાં પીરસવા પધાર્યા. તે મોતૈયા લાડવા હાથમાં લઈને તાણ કરતા જાય ને પીરસતા જાય. અને નાના પ્રકારનાં શાક, અથાણાં, પાપડ, વડાં ને ભજિયાં તે મુળજી બ્રહ્મચારી પીરસતા જાય. પછી દૂધ, સાકર ને ભાત તે પીરસવા માંડ્યું. પછી પીરસીને હાથ ધોઈને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને સંત સર્વે જમીને ઉતારે આવ્યા.

પછી મહારાજ જાગ્યા ને ઊભી બજારે ઘોડીએ અસવાર થઈને ખીજડા આરે નાવા પધાર્યા. ત્યાં વસ્ત્ર ઉતારીને ઉગમણે મુખારવિંદે નાવા

બિરાજ્યા. અને બે હાથની આંગળીએ કરીને નાક દબાવીને જળમાં ડૂબકી મારી. પછી બહાર નીકળે ત્યારે પાળાનો હાથ ઝાલીને બહાર નીસરે. અને પહેરેલું જે વસ્ત્ર તેને સાથળ વચ્ચે દબાવીને બે હાથે કરીને નીચોવે, ને કોરે વસ્ત્રે શરીર લૂઈને, પછી કોરું વસ્ત્ર તાણીને પહેરે છે. અને માથે છોગું મેલીને પાઘ બાંધે છે. વળી ક્યારેક તો ભ્રૂકુટીની ઉપર આંટો લઈને બાંધે છે. અને એક વસ્ત્ર આડસોડે નાંખીને મોજડી પહેરીને ચટચટ ઉતાવળા ચાલ્યા, તે જીવા ખાચરના દરબારમાં પ્રાગજી દવે મહારાજની આજ્ઞાએ ઉગમણા ઓરડાની ઓસરીએ ભાગવતની કથા કરતા હતા ત્યાં આવીને બિરાજ્યા.

પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે મહારાજ દાદા ખાચરના દરબારમાં પધાર્યા અને લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી વાજાં લેવરાવીને મહારાજ પાસે આવ્યા અને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." પછી ગાનવિદ્યામાં જે ખ્યાલ, ટપા ને ઠૂમરી(ગીતના પ્રકાર) તે નવાં નવાં કરીને મહારાજ આગળ ગાયાં. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને ભારે પોશાક પહેરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી દેશદેશના હરિજન આવવા માંડ્યા, તે આવીને મહારાજને પગે લાગીને ઉતારા કરવા જાય. પછી મહારાજ કહે, "ફરીને કીર્તન બોલો." પછી પ્રેમાનંદસ્વામીએ કીર્તન ઉપાડ્યાં જે, *'નેણામાં નાથજી આવો રાખું રે, મારા પ્રાણ વારી વારી નાખું.'* પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને ઘડીક સુખાળા થયા. પછી શતાનંદમુનિને **સત્સંગિજીવન**માં પૂછવું હતું તે પૂછ્યું. પછી શ્વેત પોશાક

પહેરીને ઉગમણે ઓરડે આવીને ઢોલિયે બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે ફરીને કીર્તન બોલો." પછી સંતે ફરીને અરધી રાત લગી કીર્તન ગાયાં. પછી શ્રીકૃષ્ણ જન્મઉત્સવ થયો. પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળીને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને રાતે જે દૂધપાક કર્યો હતો તે લાલ થયો'તો અને સવારે કર્યો તે શ્વેત થયો. પછી મહારાજ પાસે લાવ્યા, ત્યારે મહારાજ કહે, "આ છે કે બીજો (વધારે) છે ?" ત્યારે સંત બોલ્યા જે, "બીજો છે." ત્યારે મહારાજ કહે, "લાવો." પછી તે દૂધપાક ડંકે ડંકે પીરસવા માંડ્યા, તે છ વાર પંક્તિમાં ફર્યા તોય તે વધ્યો. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી એમ બોલ્યા જે, "જ્યાં જેને અમે આજ્ઞા કરી છે ત્યાં સૌ ચાલી નીસરજો." એમ કહીને ઉતારે પધાર્યા.

❊ લહિયા સંતોને મળેલો સેવાનો રાજીપો :

અને અમે (પ્રસાદાનંદસ્વામી) જે પુસ્તક લખવા લઈ આવ્યા હોઈએ તે લખીને પૂરું કરીએ ત્યારે મહારાજને પુછાવીએ, "આ પુસ્તક તો પૂરું થયું છે." ત્યારે મહારાજ કહે જે, "લાવો." પછી ચંદન ઉતારીને કટોરા ભરીને જ્યારે મહારાજ થાળ જમવા બિરાજે ત્યારે ત્યાં જઈએ. પછી મહારાજ જમીને પ્રસાદી આપે, નહીંતો બ્રહ્મચારી પાસે અપાવે. પછી ચળુ કરીને મુખવાસ લઈને બિરાજે ત્યારે પુસ્તક મહારાજને આપીએ. ત્યારે મહારાજ તે પુસ્તક જોઈને શુકમુનિને આપે ને અમે મહારાજની પૂજા કરીએ. પછી મહારાજ છાતીમાં ચરણ આપે ને એમ કહે જે, "બીજું પુસ્તક લખવા આપો." પછી બીજું લખવાનું લઈને આવીએ, એમ નિત્ય પ્રત્યે મહારાજનાં દર્શન થાય ને આનંદમાં દિવસ જાય.

※ કાઠીએ રોજા ઘોડાને વખાણ્યો, તેથી તે પ્રાગજી દવેને દઈ દીધો :

હવે એક સમયે મહારાજ અક્ષરઓરડીની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા ને દાદા ખાચર ને સોમલા ખાચર એ આદિ કાઠી મહારાજ પાસે બેઠા હતા ને પાળા પણ બેઠા હતા. તે સમયે મહારાજને બેસવાનો રોજો ઘોડો તેનાં કાઠી વખાણ કરવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "એવો ભારે ઘોડો છે ?" ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "એ ઘોડાના શીલ(લક્ષણો) જોતાં તો દશ હજાર રૂપિયા નાંખતાં પણ એવો ઘોડો ન મળે." પછી બીજે દિવસ જમીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. શ્રાવણ માસ હતો અને મહારાજ કહે, "ઘોડે પલાણ માંડો, નાહવા જવું છે."

પછી ઘોડે અસવાર થઈને ઉન્મત્તગંગામાં ખળખળિયે ગયા ને ઘોડેથી ઊતરી વસ્ત્ર ઉતારીને નાયા. વસ્ત્ર પહેરીને ફૂલના હાર પહેર્યા ને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે જીવા ખાચરની ડેલી આગળ ઘોડાને ફેરવ્યો. પછી ઊભા રહ્યા, ત્યારે જીવા ખાચર ઘોડાને હાથે થોભીને બોલ્યા જે, "આવાં ઘોડાનાં શીલ હોય." ત્યારે મહારાજ કહે, 'એમ ?' પછી એવું કહીને ઘોડેથી ઊતરીને પ્રાગજી દવેને કહે, "લિયો, તમને આ ઘોડો આપીએ છીએ." પછી કાઠી બોલ્યા જે, "હે મહારાજ ! આપણે એમની પાસેથી વેચાતો રાખીએ." ત્યારે મહારાજ કહે, "ના." એમ **મહારાજ પાસે જે જે પદાર્થ હોય તેને જો કોઈ વખાણે તો તે તે પદાર્થ મહારાજ રાખે નહીં.** અને ગામ **ઢસાવાળી** જે માણકી ઘોડી તે લાડુબાએ દાદા ખાચરની કહીને રાખેલી.

એમ કરતાં દશેરા આવ્યા. ત્યારે મહારાજે કાઠી પાસે ઘોડાં સાબદા કરાવ્યાં. પછી થાળ જમી સંતને જમાડીને ભારે પોશાક પહેર્યો. પછી માણકી ઘોડી શણગારીને અસવાર થયા. તે વખતે બે કોરે ચમર થઈ રહ્યાં હતાં. અને આગળ રાવળ રવાજ ને કાંસિયાં વગાડીને ગાઈ રહ્યા

હતા. ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં હતાં. પછી ચાલ્યા તે **રાધાવાવ**ની પાસે થઈને ઉત્તરમાં ચાલ્યા. અને મહારાજે જે ઘોડી ઉપાડી તે કાઠી, પાળા, સંત અને હરિજન તે સર્વે જોઈ રહ્યા કે, 'આ તે ઘોડી કે પંખણી (પક્ષી; પાંખોવાળી) !'

એવી રીતે દશેરાનો ઉત્સવ કરીને દરબારમાં પધાર્યા. પછી ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી હરિજન આવીને મહારાજને પગે લાગીને ભેટ મેલતા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન, શ્લોક બોલી, પગે લાગીને સર્વે બેઠા. અને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. પછી મોક્ષધર્મની કથાનો આરંભ કરાવ્યો. એમ આનંદના દિવસ જાય છે, ત્યાં તો 'સુરત શહેરથી બ્રહ્માનંદસ્વામી આદિ સંત-હરિજન હમણાં આવે છે' એવી ખબર આવી. ત્યારે મહારાજ ઘોડીએ પલાણ મંડાવીને અસવાર થઈને સામા ચાલ્યા. ત્યાં ગામ **ખોપાળા**ને માર્ગે સંત આવતા હતા. તેમણે મહારાજને દેખ્યા ત્યારે સંતોએ દંડવત કર્યા. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને સંતને મળ્યા અને હરિજન મહારાજના ચરણનો સ્પર્શ કરીને પગે લાગ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને વાજતે ગાજતે દરબારમાં પધાર્યા. ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સુરતના હરિજનની ખબર પૂછી. ને બાઈઓને કહે જે, "રસોઈને શી વાર છે ?" ત્યાં તો બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! તમે જમવા પધારો."

પછી મહારાજ જમવા પધાર્યા, ત્યારે પોશાક ઉતારીને સ્નાન કરીને જમતા જાય ને વાત કરતા જાય. પછી ચળુ કરીને નિત્યાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને થાળ આપ્યો. પછી પંક્તિ થઈ ત્યારે બિરંજની રસોઈ હતી તે ડંકા ભરીને આપતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને મહારાજને હાથ ધોવરાવ્યા. પછી સંત ઉતારે આવ્યા ને મહારાજ પોઢ્યા.

પછી પ્રાતઃકાળે જાગ્યા ને નિત્યવિધિ કરીને શ્વેત વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઉગમણા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. સંતમંડળ ને હરિજન તે મહારાજને વાસ્તે પૂજાનો સામાન લાવ્યા હતા, તે લઈને મહારાજ પાસે આવ્યા ને પગે લાગીને બેઠા. પછી નેતરની સાદડી પાથરી ને તેના ઉપર ગાદીતકિયો બિછાવ્યો. પછી સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! આંહીં પધારો." પછી મહારાજ ઢોલિયેથી ઊતરીને ગાદી ઉપર આવીને બિરાજ્યા. પછી શ્વેત વસ્ત્ર ઉતાર્યાં અને એક ખેસ પહેરી રાખ્યો. પછી સુરવાળ ને ડગલી પહેરાવ્યાં અને ભારે રેંટો માથે બંધાવ્યો, એક રેંટો કેડે બાંધ્યો ને એક ખંભે નાંખ્યો. અને તે સર્વે વસ્ત્રમાં નરનારાયણ નામ લખેલાં હતાં.

પછી મુક્તાનંદસ્વામીને ભગુ પટેલે એક **ભાગવત** આપેલું, તે મહારાજના હાથમાં આપીને પ્રસાદીનું કરાવ્યું. તે ભાગવત આજ ગઢડાના મંદિરમાં છે. પછી સંત અને હરિજન જે જે પૂજાનો સામાન લાવ્યા હતા તે સર્વે પૂજા કરવા લાગ્યા. ચંદનની આડ કરીને કુંકુમનો ચાંદલો કર્યો અને પુષ્પના હાર પહેરાવ્યા. પછી હરિજન ચરણનો સ્પર્શ કરતા જાય અને ભેટ મેલતા જાય. પછી નિત્યાનંદસ્વામીએ મહારાજને હાથે ઝાલીને સાદડીમાં ફેરવીને પ્રસાદીની કરાવી. તે સાદડી નેતરની પચ્ચીસ હાથ લાંબી ને ચાર હાથ પહોળી હતી. તે પર સાધુ સૂતા તે મંદિરમાં છે.

પછી મહારાજ માંયલી કોરે પધાર્યા ને પોશાક ઉતારીને સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. પછી તે સમે સંતને જમવા બોલાવ્યા. પછી મહારાજ જમતા જાય ને સંતના સામું જોતા જાય. પછી જમીને ચળુ કરીને ખભે ખેસ બાંધીને મોતૈયા લાડુ તાણ કરીને પીરસવા માંડ્યા. પછી દૂધની વટલોઈ લઈને તાણ કરી કરીને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી સંત જમીને ઉતારે ગયા ને

મહારાજ જરાક પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને પોશાક પહેરી, ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા.

પછી મહારાજે સંતને કહ્યું જે, "વાજાં લઈને આવો." પછી સંત વાજાં લઈને આવ્યા. અને મહારાજને પગે લાગીને જે ગાવા માંડ્યા તે એ જે, *'બદ્રિપતિ નરનારાયણ કો દ્વાલિબંધ(દ્વારપાલ) કહાવુંરી.'* એ પદ બ્રહ્માનંદસ્વામીએ સરોદામાં ગાયાં. પછી તે સરોદાને પગે લાગ્યા. ત્યારે મહારાજ મરકીને એમ બોલ્યા જે, "સ્વામી, એમ કેમ કર્યું ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "મારો દાખડો સુફળ કરવો હતો, તે તમારી આગળ ગાઈને સુફળ કર્યો. હવે પ્રેમાનંદસ્વામીને આપું છું અને મારે તો સિતાર જ ઠીક છે." એમ કહીને તે સરોદો પ્રેમાનંદસ્વામીને આપ્યો. પછી મશાલો થઈ. આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને જળપાન કરીને પોઢી ગયા.

સવારે જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો. પછી ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા, સર્વે સંતને તેડાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "અન્નકોટનો ઉત્સવ ગુજરાતમાં કરીએ." પછી દાદા ખાચર હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અન્નકોટનો ઉત્સવ અહીં કરો ને સંતમંડળને તેડાવો." ત્યારે સુરતના હરિજન બોલ્યા જે, "એ અન્નકોટનો ઉત્સવ અમે દાદા ખાચર પાસેથી માંગી લઈએ છીએ." ત્યારે મહારાજ કહે, "ઠીક."

પછી જ્યાં જ્યાં સંતનાં મંડળ હતાં ત્યાં ત્યાં ખબર મોકલી. પછી સંતનાં મંડળ આવવા માંડ્યાં અને દેશદેશના હરિજન સંઘ લઈને આવવા માંડ્યા. તે મહારાજને પગે લાગતા જાય ને ઉતારા કરતા જાય. પછી મહારાજ જમવા પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમ્યા. પછી

ઉગમણે બાર ઓરડાની ઓસરીએ સંતની પંક્તિ થઈ. ત્યારે ચાખડીએ ચડી, પલવટ વાળી પંક્તિ વચ્ચે આવીને ઊભા રહ્યા. પછી ચારચાર લાડુ આપતા જાય ને તાણ કરતા જાય. અને નાના પ્રકારનાં શાક, અથાણાં, પાપડ, રાઈતાં અને ભજિયાં તે બ્રહ્મચારી પીરસતા જાય. પછી મહારાજ પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધારીને પોઢ્યા.

❊ ગઢડે અન્નકૂટોત્સવ :

પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કરીને પોશાક પહેરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી નિષ્કુળાનંદસ્વામીએ વાંસની ખપાટો બાંધીને ઓરડાના મોતિયા હેઠે દીપમાળના દીવા કરાવ્યા. અને મહારાજે નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત સુરવાળ અને ડગલી પહેર્યાં છે, ભારે રેંટો મસ્તકે બાંધ્યો છે, એક રેંટો કેડે બાંધ્યો છે ને એક ખભે નાંખ્યો છે. પછી આરતી-ધૂન અને શ્લોક બોલી રહ્યા, પછી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “ગાવણું કરો.” પછી વાજાં લઈને ગાવા લાગ્યા. અને મહારાજ થાળ જમવા પધાર્યા. પોશાક ઉતારીને સ્નાન કરીને પછી થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. જેનો થાળ હતો તેમણે મહારાજની પૂજા કરી. પછી મહારાજ પોઢ્યા.

પછી સવારે વહેલા જાગી, નિત્યવિધિ કરી, પોશાક પહેરીને વાસુદેવવાળે ઓરડે આવીને બિરાજમાન થયા. પછી અન્નકોટનો સામાન ઉગમણે ઓરડે આનંદસ્વામીએ પૂરવા માંડ્યો. તેમાં કેળના થંભ, શેરડીના સાંઠા ઊભા કરેલા અને તોરણ બાંધેલાં. રસોઈનો સર્વે સામાન આવી રહ્યો ત્યારે સુરતના હરગોવિંદ, ભગવાનભાઈ, નારાયણ અને દયારામ દાલિયા એ આદિક હરિજન હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! જમવા પધારો.” પછી મહારાજ આવીને ઊભા રહ્યા અને

આનંદસ્વામીએ આરતી ઉતારી. મહારાજ ખુરશી ઉપર બેઠા. પછી હરિજન મહારાજને પગે લાગતા જાય, સ્પર્શ કરતા જાય અને ભેટ મેલતા જાય.

પછી મહારાજ પોશાક ઉતારીને જમવા બિરાજ્યા. જમતા જાય ને હરિજન સાથે વાત કરતા જાય. અને હરિજન સર્વે સામા બેઠેલા અને બાઈઓ તે છેટે બેઠેલાં. તે થાળ બોલ્યાં જે, *'વાલા આવોને મારે ઘેર વારી જાઉં વાલમજી'* પછી મહારાજ અન્નકોટનો સર્વે સામાન જમ્યા. પછી જળે કરીને હાથ ધોઈ કોગળા કરી, મુખવાસ લઈને ખુરશી ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતની પંક્તિ થઈ. કેળનાં પતરાવળાં નંખાવ્યાં. પછી મહારાજ પલવટ વાળી ચાખડીએ ચડીને પંક્તિમાં પીરસવા લાગ્યા. બરફી, પેંડા, મોતૈયા લાડુ, જલેબી, સૂતરફેણી, સાટા, મૈસુબ, ઘેબર એ આદિક પકવાન મહારાજ પીરસે. અને નાના પ્રકારનાં શાક, ભજિયાં, વડાં, અથાણાં, પાપડ, રાયતાં, ગાંઠિયા ને ફૂલવડી એ આદિ સર્વે ભોજન તે સંતો પીરસે. પછી ચાર-પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, “સર્વે હરિજનને જમાડજો.” એમ કહીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢ્યા.

પછી જાગી જળના કોગળા કરીને જળપાન કરીને પોશાક પહેરીને ઓરડે આવીને બિરાજમાન થયા. પછી જે સંત ને હરિજન મહારાજને પ્રશ્ન પૂછે તેના ઉત્તર કરતા. તે વાર્તા સંતો વચનામૃતમાં લખતા. પછી મહારાજ બોલ્યા જે, “અન્નકોટનો સમૈયો થઈ રહ્યો છે. સર્વે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી અને હરિજન તે સર્વે ચાલી નીસરજો.” એમ સર્વને આજ્ઞા કરી. પછી સંત ગોડી બોલ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંત બોલ્યા જે, *'લાગ્યો મારે નટવરથી નેડો, કે હવે મેં તો શિર નાંખ્યો છેડો રે.'* પછી બીજું પદ બોલ્યા જે, *'હરિ હૈયાના હાર*

છો જીરે તમે...' પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઉતારે પધાર્યા. અને સંત સર્વે ઉતારે આવ્યા. અને જે જે દેશમાં જેને આજ્ઞા કરી તે તે દેશમાં પરમહંસ ફરવા ગયા.

❊ કરિયાણાનાં મીણબાઈનો અક્ષરવાસ :

પછી એક દિવસ ગામ કરિયાણાનાં મીણબાઈ તે રાજબાઈ પાસે રહેતાં. તેમને શરીરમાં કસર થઈ. ત્યારે તે બોલ્યાં જે, "મારા ભાઈને કહેજો જે, પાંચ રૂપિયા મારે કેડે વાવરો તો મહારાજ ને સંતમંડળ તેમને તેડાવીને વાવરજો, પણ બીજે થોડા વાવરજો." પછી તેના ભાઈ છેટે બેઠા હતા તેમણે સાંભળ્યું. પછી એમ બોલ્યા જે, "જેમ બાઈએ કહ્યું તેમ અમે કરશું." પછી મહારાજે બાઈને સંભળાવ્યું. પછી બાઈ ચોવીશ તત્ત્વનું જે વાસનાલિંગ દેહ તેનો ત્યાગ કરીને ભાગવતી તનુ પામીને અક્ષરધામમાં ગયાં. પછી મહારાજ પોઢ્યા. પછી જાગીને નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો. પછી થાળ જમીને કથાની સમાપ્તિ કરાવી. પછી પોઢ્યા.

❊ ગઢડામાં ધામધૂમથી સદાવ્રત બંધાવ્યું :

પછી જાગીને જળપાન કરીને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતને તેડાવ્યા અને દાદા ખાચર આદિ હરિજનને તેડાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "અમે એક મનસૂબો ધાર્યો છે, તે તમને સર્વેને પૂછીએ છીએ જે, દાદા ખાચરના દરબારમાં સદાવ્રત બંધાવીએ, તે જે અભ્યાગત તીર્થવાસી આવે તેને લોટ આલવો. તે દેશી પરદેશી જે આવે તે હરેક અન્નનો ક્ષુધાર્થી હોય તેને આલવું." ત્યારે સર્વે બોલ્યા જે, "સદાવ્રત તો જોઈએ." પછી મહારાજ કહે, "ઢોલ વગડાવો ને લીંબડે સદાવ્રતની ધજા બંધાવો ને ગોળ-ધાણા વેંચાવો." ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "કિયે લીંબડે ધજા બંધાવીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે,

"એભલ ખાચરના ચોરાવાળે લીંબડે ધજા બાંધો." પછી ધામધૂમ થઈ, તેને સાંભળીને સર્વે મનુષ્ય આવ્યાં. પછી ગોળ, ધાણા ને નાળિયેર તે મહારાજની પ્રસાદી કરાવીને આનંદસ્વામીએ વહેંચી આપી.

પછી આરતી-ધૂન ને શ્લોક બોલી રહ્યા, પછી પગે લાગીને બેઠા. ત્યારે ગામ પીપળિયાના વેલો પટેલ આદિ હરિજન હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! પરમહંસે સહિત તમે અમારાં ઘર પાવન કરવા પધારો." પછી મહારાજ બોલ્યા જે, "પરમ દહાડે આવશું. તમે જાઓ સામાન તૈયાર કરાવો અને બોટાદ, સારંગપુર ને કારિયાણી જે સંતનાં મંડળ છે તેમને ખબર કરજો." એમ આજ્ઞા કરીને મહારાજ ઉતારે પધાર્યા. પોશાક ઉતારીને થાળ જમ્યા ને પછી પોઢ્યા. સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો. તે કથા સાંભળતા જાય ને 'હરે !' એવા શબ્દનો ઉચ્ચાર કરતા જાય. પછી બ્રહ્મચારી થાળ લાવ્યા તેથી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમતા જાય ને 'હરે !' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા જાય. પછી દળના લાડુ ને દૂધની પૂરી જમ્યા ને ચળુ કરી મુખવાસ લઈને કથાની સમાપ્તિ કરાવી, ને પછી પોઢ્યા અને જાગીને જળપાન કર્યું. પછી પોશાક પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર જે ઢોલિયો તેના ઉપર આવીને બિરાજમાન થયા. અને પછી સંતને તેડાવ્યા, તે આવી પગે લાગીને બેઠા. તે સમે ગામ કરિયાણાના ઓઢા ખાચર આદિ પાંચ અસવાર આવીને મહારાજને પગે લાગીને બેઠા. અને એમ બોલ્યા જે, "તમે મીણબાઈને કહ્યું છે જે, 'સંતે સહિત અમે આવશું, માટે હે મહારાજ ! દયા કરીને પધારો."

પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે, "સ્વામી, હવે કેમ કરવું ? આપણે પીપળિયાના વેલા પટેલને ત્યાં જાવું છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મને તો એમ જણાય છે જે, પ્રથમ કરિયાણા જાઈએ ને પછી પીપળિયા જાઈએ." ત્યારે મહારાજ કહે, "બોટાદ સંતનું મંડળ છે

તેને કોણ ખબર કરશે ?" ત્યારે અજા દવે હતા તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! મારે ખબર કરવા." પછી મહારાજે બોલાવીને છાતીમાં ચરણ આપ્યાં ને એમ કહ્યું જે, "સાધુને કહેજો જે, પરબારા કરિયાણે આવે."

પછી સંત ગોડી બોલ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ઓઢા ખાચર ! તમે તમારે ગામ ખબર કરાવો જે, કાલ તમારે ગામ કરિયાણે અમે આવશું." પછી એમ કહીને તરત ઊઠ્યા, તે ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને સ્નાન કર્યું. પછી થાળ જમવા બિરાજ્યા. પછી જમીને જળપાન કરીને પોઢ્યા.

✲ ગઢડાથી કરિયાણા જવા પ્રયાણ :

પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને જમવા બિરાજ્યા. જમીને ચળુ કરી, સંતને જમાડીને પોશાક પહેરીને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયે આવીને બિરાજમાન થયા. તે સમે લાધા ઠક્કરે પોતાને ચડવાની જે ઘોડી હતી તેને શણગારીને મહારાજને કહે, "ઘોડી ઉપર ચડીને પ્રસાદીની કરી આપો." ત્યારે મહારાજ ઊઠીને મોજડી પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે સંતમંડળ, કાઠીના અસવાર, પાળા ને બરકમદાર ને હરિજન તે સર્વે ચાલ્યા, તે ગામ **માંડવધાર**નો **ગોબો કોરડિયો** આદિ હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **કીડી** આવ્યા.

ગામ બોટાદમાં ભાઈસ્વયંપ્રકાશાનંદસ્વામીનું મંડળ હતું તે ત્યાં આવ્યું અને મહારાજને પગે લાગીને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કાંઈ જમ્યા છો ? " ત્યારે સંત બોલ્યા જે, "લીંબુ લીંબુ જેટલો ગોળો જમ્યા છીએ." ત્યારે સુરતના મુનિબાવાને મહારાજ કહે, "કાંઈ છે ?" ત્યારે મુનિબાવાએ તેમના ડબામાં બરફી હતી તે મહારાજ આગળ મેલી. તે મહારાજે જરાક જમીને સંતોને આપી.

પછી ચાલ્યા તે કાળુભાર નદીમાં ઘોડા પાયા. પછી ચાલ્યા તે **કરિયાણા** ગામમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને ઉગમણા ઓરડાની ઓસરીએ ઢોલિયો તેના ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતો મહારાજને પગે લાગ્યા ને બેઠા ને ગોડી બોલ્યા. પછી મશાલો થઈ. પછી *'આરતી કીજે સહજાનંદસ્વામી'* એ આરતી બોલ્યા. પછી ધૂન ને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા. પછી કીર્તન ઉપાડ્યાં જે, *'તમે અલબેલાજી આવા ને આવા રે મારે મંદિર પધારો રે માવા.'*

❊ સંતોએ કીર્તનમાં પોતાનાં અંગ કહ્યા ને શ્રીહરિએ મૂર્તિમાં વૃત્તિ રાખવાની રીત શીખવાડી :

પછી તે ગાઈ રહ્યા ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "થાળ જમવા પધારો." પછી મહારાજ જઈને પોશાક ઉતારીને સ્નાન કરીને જમીને પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ફળી વચ્ચે ઢોલિયે આવીને બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત વાજાં લઈને ગાવા લાગ્યા. અને મહારાજ કહે, "ગાવાનું રાખો, ને આજ તો કીર્તન ઉપર સૌ સૌનાં અંગ કહો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, *"પુરુષોત્તમ વર પાયો માઈ મેં આજ."* પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, *"તમે અલબેલાજી આવા ને આવા."* પછી પ્રેમાનંદસ્વામી બોલ્યા જે, *"હે સાથીડા મેરો નેહ નિભાવના."* પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, *"નેણના અગ્રથી નહિ જાવા દિયું નાથજી, તમ વિના માહેરું તન દાઝે."* પછી દેવાનંદસ્વામી બોલ્યા જે, *"હરિ મેરે હાલરકી લકડી રે."* પછી સંત બોલ્યા જે, *'મેરે તો પ્રભુ તુમ હો, તમ લગ મેરી દોર; જેસે કૌવા ઝાઝકા, ઓર ન સુઝે ઠોર.'*

પછી તો મહારાજ અંગૂઠા પાસેની જે આંગળી તેની સાને કરીને સર્વે સંતને પૂછવા માંડ્યા. પછી જે જેનાં અંગ હતાં તે તેમણે કહ્યાં.

પછી મહારાજ બોલ્યા જે, "અમે જે ધારી રાખ્યું છે તેને તમે એકેય ન બોલ્યા." પછી સંત બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો." પછી મહારાજ બોલ્યા જે, "વાજાં લઈને બોલો જે, બદરિપતિ નરનારાયણકો દ્વાલિબંધ કહાઉરી." પછી તે સંત ગાઈ રહ્યા ત્યારે **મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની મૂર્તિ ધારવી હોય તેને તો હાલતાં ચાલતાં સર્વ ક્રિયાને વિશે ધરાય. ને આ તો માળા નીમની ફેરવી રહીને ઠેકાણે મેલે, ને માનસીપૂજા કરીને બહાર પૂજા કરીને પછી બોલે જે, 'નિયમ કરી રહ્યા.' અને કહે જે, 'ભગવાનની મૂર્તિ ધારવી તે તો નેવાનું પાણી મોભે ચડાવવું એવું કઠણ છે.'**

તે જેમ શિવજી ઉપર ગળતીનું પાણી પડે છે, તે જરા જરા પડે છે પણ ભીનું ને ભીનું રહે છે; તેમ **ભગવાનની મૂર્તિ સંબંધી ઘાટ કર્યા કરવા જે, વ્યવહારમાં કમાઈશું તો ભગવાન અને સંતને અર્થે વાવરશું. પછી ભલે વ્યવહારમાં વાવરે, પણ સંકલ્પે કરીને ભગવાનને સમર્પણ થયું.** અને જેમ પાદરડું ખેતર હોય તેને વાડ પણ ન કરે અને ટોયો પણ ન રાખે; અને ઉનાળાની લૂ વાય ને કોશ પણ ન જોડાવે; અને પછી એમ કહે જે, 'કેમ ખેતરમાં મોલ થાતો નથી ?' તેમ સંતનો સમાગમ પણ થોડોક રહે અને ભગવાન સંબંધી ઘાટ પણ ન કરે, ને પછી કહે જે, 'કેમ મારું મન ભગવાનની મૂર્તિમાં ઠરતું નથી ?" એવી રીતની વાતો કરે છે, ત્યાં તો આનંદસ્વામી આવીને બોલ્યા જે, "રસોઈ તૈયાર થઈ છે, તેથી જમવા પધારો."

❊ પ્રભુ ભોજનના નહિ, પ્રેમના ભૂખ્યા છે :

પછી મહારાજ તરત ઊઠ્યા ને પોશાક ઉતારી સ્નાન કર્યું. ને જમીને ચળુ કરી પલવટ વાળીને સાકરનો શીરો પીરસવા માંડ્યો. તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી ભંડારીને પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી પોશાક પહેરીને ઢોલિયે આવીને બિરાજ્યા. પછી

હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! કાલનો દિવસ રહો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે જમવા નથી આવ્યા, અમે તો એમના(મીણબાઈના) પ્રેમને લઈને આવ્યા છીએ.” અને જેમ બોટાદમાં મોનો પંડ્યો બોલ્યા હતા જે, “હે મહારાજ ! કાલ રહો તો મોતૈયા લાડવાની રસોઈ આલું.” ત્યારે મહારાજે કહ્યું હતું, “અમે જમવા આવ્યા નથી, અમે તો માતરા ધાધલના પ્રેમ ઉપર આવ્યા છીએ.” અને જેમ કુંડળમાં હરસુર પટગર બોલ્યા હતા જે, “કાલ રહો તો રસોઈ આપું.” પછી મહારાજ બોલ્યા હતા જે, “અમે જમવા નથી આવ્યા, અમે તો અમરા પટગરના પ્રેમ ઉપર આવ્યા છીએ.” તે વાત પ્રસંગ આવશે ત્યારે હું તમને કહીશ.

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે નદીમાં ઘોડા પાયા ને ઘોડા ઉપાડ્યા તે **માંડવધાર** આવીને ઊભા રહ્યા. પછી ઘોડીએથી ઊતરીને જળના કોગળા કર્યા. પછી **પટેલ ગોવો** ને **હીરો માખાસણો** ને **તેજો દલસાણિયો** એ આદિ હરિજન દહીંનાં દોણાં લઈ લઈને આવ્યા. તે કોરાં વાસણ હતાં તેથી મહારાજે પીધું. પછી તાંસળીએ કરીને આપવા માંડ્યું. તે સંતને આપીને પાળા ને કાઠી સર્વને આપ્યું. પછી જળે કરીને મુખારવિંદ ધોયું ને જ્યાં ઘોડીએ અસવાર થાય છે, ત્યાં તો ખબર આવી જે, ‘જ્ઞાનાનંદસ્વામી ને શેઠ વેણીરામ તે ગામ લખનૌથી આવ્યા છે.” પછી ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને એમને દર્શન દઈને દરબારમાં અક્ષરઓરડીએ પધાર્યા ને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘ગઢડામાં જન્માષ્ટમી તથા અન્નકોટ-ઉત્સવ અને કરિયાણાના મીણબાઈનો અક્ષરવાસ તથા તેમનું કારજ કર્યું,’ એ નામે તેતાલીસમો વિશ્રામ ॥૪૩॥

વિશ્રામ - ૪૪

મહારાજે સ્વવૃત્તાંત કહ્યું, ધર્મકુળને તેડવા પત્ર સહિત સંતોને મોકલ્યા ને ગઢડાની બાજુના ગામોમાં વિચરણ

પછી મહારાજ પ્રભાતે જાગ્યા અને નિત્યવિધિ કરી, શ્વેત વસ્ત્ર પહેરીને સંતની જાયગામાં પધાર્યા. અને ઓટા ઉપર ગાદીતકિયા, તેના ઉપર દક્ષિણાદે મુખારવિંદે આવીને બિરાજમાન થયા. પછી **લખનૌવાળા વેણીરામે** મહારાજની પૂજા કરી અને ભારે સુરવાળ ને અંગરખું પહેરાવ્યાં અને મુગલી પાઘ ને કેડે એક રેંટો બંધાવ્યો, ને એક ભારે સેલું ખભે નંખાવ્યું ને રૂમાલ હાથમાં આપ્યો. પછી કુમકુમનો ચાંદલો કર્યો, ને ફૂલના હાર પહેરાવ્યા, ને ભેટ મેલીને છાતીમાં ચરણ લીધાં. પછી મહારાજે લખનૌ શહેરની જે જે વાતો પૂછી તેનો ઉત્તર વેણીરામે આપ્યો.

પછી તે સમયે પ્રાગજી દવે આવ્યા, ત્યારે મહારાજ ઊઠ્યા ને ઉતારે જઈને કથાનો આરંભ કરાવ્યો. અને નિષ્કુળાનંદસ્વામી **ભક્તચિંતામણિ** નામે ગ્રંથ કરતા અને તેમાં જે મહારાજને પૂછવાનું હોય તે પૂછતા. અને શતાનંદમુનિ **સત્સંગિજીવન** નામે સંસ્કૃત ગ્રંથ કરતા. તેમાં જે મહારાજને પૂછવું હોય તે પૂછતા. અને મહારાજ સંત-હરિજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં નિવાસ કરીને અનંત પ્રકારની વાતુ કરતા.

એક સમયે અક્ષરઓરડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને બિરાજમાન થયા હતા. અને સોનેરી બુટ્ટાદાર સુરવાળ ને ડગલી પહેરી હતી. અને સોનેરી પાઘ માથે બાંધી હતી. અને અતિ પ્રસન્ન થકા બિરાજમાન થયા હતા. તે સમયે મુક્તાનંદસ્વામી આદિ સર્વે સંત, બ્રહ્મચારી, પાળા અને દાદા ખાચર આદિ હરિજન તે સર્વે આવીને પગે લાગીને બેઠા. અને રાજબાઈ આદિ બાઈઓ પણ છેટેથી પગે લાગીને બેઠાં.

❊ શ્રીહરિએ સ્વપરિચય તથા વનવિચરણ સંક્ષિપ્તમાં કહ્યા :

પછી તે સમયે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! સંત, પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી અને હરિજન બાઈભાઈ, તે લક્ષાવધિ મહારાજનાં આશ્રિત છે. તેમને મહારાજની જન્મભૂમિ, માતપિતા, કુળ, ગોત્ર તે દયા કરીને બતાવવું જોઈએ." ત્યારે મહારાજ જરાક મરક્યા ને પછી બોલ્યા જે, "પૂર્વ હિંદુસ્થાનમાં અયોધ્યાથી ઉત્તરમાં મખોડા તીર્થ છે. તેથી ઉત્તરમાં **છપૈયા** ગામ છે. તેમાં સામવેદી સરવરિયા બ્રાહ્મણ પાંડે હરિપ્રસાદજી નામે હતા. તેમને ત્રણ પુત્ર હતા. મોટાભાઈ તે રામપ્રતાપજી અને નાનાભાઈ તે ઈચ્છારામજી અને વચેષ્ટ તે ઘનશ્યામ જે તમારી પાસે બેઠા છે તે. પછી પિતા જે શ્રીહરિપ્રસાદજી ને પ્રેમવતી માતા તેમણે સહિત (અમે ત્રણે ભાઈ) અયોધ્યામાં ગયા.

પછી ધર્મદેવ ને ભક્તિમાતાએ દેહત્યાગ કર્યો ત્યારે ત્રણે ભાઈ અયોધ્યાને વિષે કુટુંબે સહિત રહેવા લાગ્યા. અને ત્યારપછી અમે તો ઘરના મનુષ્યને પૂછ્યા વિના નિત્ય સ્નાનને મિષે કરીને ચાલ્યા. તે ઉત્તર દિશામાં જઈને હિમાચલની તળાટીને વિષે રહ્યા એવા જે **મુક્તનાથ** નામે મહાદેવ, ત્યાં તપશ્ચર્યા કરી ને સૂર્ય થકી વર પામ્યા. અને ત્યાંથી પૂર્વ દિશામાં ચાલ્યા તે **નવલખા પર્વત**ને પામ્યા. અને નવલખા પર્વતને વિષે નવલાખ સિદ્ધ, તે ઘણા જુગથી અમારી વાટ જોઈ રહ્યા હતા. તેમને દર્શન આપીને અક્ષરધામમાં મોકલ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **જગન્નાથપુરી** આવ્યા. ત્યાંથી ખાડી ઊતરીને તિલંગદેશમાં તીર્થ કરતા કરતા **રામેશ્વર** ગયા. અને ત્યાંથી ચાલ્યા તે **પદ્મનાભ** આદિ તીર્થ કરતા થકા પશ્ચિમ દેશમાં આવ્યા ને **રામાનંદસ્વામી** મળ્યા. અને અમારા ભાઈ અમારી વાટ જોયા કરે છે અને હમણાં છપૈયામાં રહે છે."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો તો તેમને કાગળ લખીને તેડાવીએ. અને સર્વે સંતને તેમના દર્શનની ઈચ્છા

છે જે, 'મહારાજના ભાઈ કેવા હશે !" ત્યારે મહારાજ કહે, "સારું ! લખાવો કાગળ." પછી કાગળ લખીને માયાજીતાનંદસ્વામી અને સુખાનંદસ્વામીને આપ્યો. અને મહારાજે ઘણીક નિશાની બતાવી અને ઈટાર ગામના પાંડે એવી ઓળખ બતાવી. પછી તે બે સંત મહારાજની રજા માગીને ચાલ્યા, તે કેટલેક દિવસે છપૈયા પ્રત્યે આવ્યા. અને રામપ્રતાપભાઈ ને ઈચ્છારામભાઈને મળ્યા ને કાગળ આપ્યો. પછી તે કાગળ વાંચીને અતિ આનંદ પામ્યા. અને મહારાજ પાસે આવવાની તૈયારી કરી. અને મહારાજ પોતાનાં જે બાળચરિત્ર તેમની ઘણી વાતુ સ્વામીને કહેતા હવા.

પછી બ્રહ્મચારી બોલાવવા આવ્યા. તે મહારાજ વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને જમવા બેઠા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને પોઢ્યા. અને જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. પછી બહિર્ભૂમિ જઈને હાથ મટિયાવીને સ્નાન કર્યું. પોશાક પહેરી, મોજડી પહેરી અને ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સંતને કહ્યું જે, "વાજાં લઈને આવો." પછી સંત વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'બંસરી અજબ બજાઈ કાન, બાજી બાજીવે અલોકિક તાન.'* પછી બીજા પદ બોલ્યા જે, *'હો ગિરધારી મુગટ પર વારી.'* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી સર્વે સંત પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને પોઢ્યા.

※ પીપળિયા, બોટાદ, ઘેલા-સોમનાથ થઈ ગઢડે પધાર્યા :

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને 'નરનારાયણ સ્વામિનારાયણ' નામે અંકિત એવો પોશાક પહેર્યો. અને ઘોડીએ અસવાર થઈને કાઠીના અસવાર તથા પાળા ને સંત તે સર્વે સાથે ચાલ્યા, તે **રાધાવાવે** આવી અને વાવની પાસે ઘોડી ફેરવી. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપળિયા** આવ્યા. અને સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **વેલા**

પટેલના ફળીમાં આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંત પણ સર્વે આવીને નમસ્કાર કરીને બેઠા. ત્યાં તો થાળનો સામાન તૈયાર થયો. પછી પોશાક ઉતારીને સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. જમીને ચળુ કરીને પંક્તિમાં પીરસવા પધાર્યા અને સુખડી પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી જરાકવાર પોઢ્યા.

પછી જાગીને પોશાક પહેરીને ચાલ્યા, તે ગામથી આથમણી કોરે રસ્તાથી ઉત્તર લીંબડો છે ત્યાં ઢોલિયો લેવરાવ્યો અને તેના ઉપર ઉગમણે મુખારવિંદે આવીને બિરાજમાન થયા. પછી મોદ પાથરી અને સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યાં તો નિત્યાનંદસ્વામી થાળ લેવરાવીને આવ્યા. ત્યારે મહારાજ ઊઠ્યા. તે લીંબડાથી ઉત્તરાદી કોરે ધાબળી પાથરી. પછી જળે કરીને ચરણ ધોવરાવ્યા ને ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. તે બરફી-પેંડા ને કેળાં જમ્યા. પછી જમી ચળુ કરીને પોશાક પહેરીને સભામાં આવીને બિરાજમાન થયા. પછી સંત વાજાં લઈને ગાવા લાગ્યા. તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. અને ઉતારે આવી, ઘોડીએથી ઊતરીને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

પછી પ્રાતઃકાળે જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઢોલિયે બિરાજ્યા. પછી જેમ જેમ ગામોગામના હરિજનને ખબર થાતી જાય તેમ તેમ દર્શને આવવા માંડ્યા. તે પગે લાગી લાગીને બેસતા જાય. પછી ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'આજકો દિન સુખકારી સખીરી આજકો દિન.'* પછી બીજા પદ બોલ્યા જે, *'લે માઈ તેરી લાકરી.'* ત્યારપછી થાળ જમવા પધાર્યા ને પોશાક ઉતારીને સ્નાન કરીને જમવા બેઠા. પછી જમીને ચળુ કરી મુખવાસ લઈને સંતની પંક્તિમાં પીરસવા

પધાર્યા. તે પીરસતા જાય ને "લિયો મહારાજ લાડુ" એમ બોલતા જાય. પછી જળે કરીને હાથ ધોઈ રહ્યા, ત્યાં તો ગામના હરિજન હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! ગામના ને પરગામના જે હરિજન છે, તેમાં બે ચોકા છે તે જેને જે ચોકે ખપે તેને તે ચોકે જમવાની આજ્ઞા કરો." ત્યારે મહારાજ કહે, "સર્વે હરિજન જમજો."

ત્યારે ગામ **બોટાદ**ના ભગા દોશી બોલ્યા જે, "હે મહારાજ ! દર્શન કરવા આવ્યા છીએ, તે નહિ જમીએ." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "ભગા દોશી ! તમે તો અહીંયાં આવો, તમને હું પ્રસાદી આપું." પછી મહારાજ પોશાક પહેરીને તૈયાર થયા, ત્યાં તો હરિજન પૂજાનો સામાન લઈને પૂજા કરવા આવ્યા. તે આનંદસ્વામીએ પાસે રહીને પૂજા કરાવી. પછી મહારાજ ગામ **બોટાદ** પધાર્યા. અને **દાહા ખાચર**ના દરબારમાં ઉગમણા ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજ્યા. અને મોદ પાથરી તેના ઉપર સંત આવીને પગે લાગીને બેઠા. પછી હીરો વસાણી કહે, "હે મહારાજ ! સંતને સારુ રસોઈ કરાવીએ ?" ત્યારે મહારાજ કહે, "કાલ કરાવજો, આજ તો જમીને આવ્યા છીએ."

પછી મહારાજ બોલ્યા જે, "ગઢડેથી ચાલતા ટાણે આનંદ જોષી એમ બોલ્યા હતા જે, 'અમે પધારીએ છીએ, તમે (બોટાદ) પધારજો." મહારાજ કહે, "અમે પધાર્યા ખરા." પછી તે સાંભળીને સર્વે સભા હસતી હતી. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'સજ્યા શણગાર શોભતા રે આજ સખી વ્રજરાજ.'* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે આવો અંતરજામી.'* પછી બીજા પદ બોલ્યા જે, *'ચાલ સખી જોવાને રે જઈએ ઘેર, ખાંતીલો વનમાં ખેલે રે.'* પછી થાળ થયો તે મહારાજ જમવા પધાર્યા અને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા. પછી ચળુ કરીને પોઢ્યા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. અને સંત સર્વે આવીને પગે લાગીને બેઠા. તે સમયે દાહા ખાચરે દાડમ લાવીને મહારાજની પાસે મેલ્યાં. પછી ભગુજીએ સુધારીને મહારાજને આપ્યાં. પછી મહારાજે જમીને સંતહરિજનને પ્રસાદી આપી. પછી થાળ જમવા પધાર્યા. વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને જમતા જાય ને ભગા ભાઈચંદ સંઘાતે વાત કરતા જાય. પછી ચળુ કરીને સંતને પીરસવા પધાર્યા, તે મોતૈયા લાડવા પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી સંતને જમાડીને જળે કરીને હાથ ધોવરાવ્યા અને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા ને હરિજનને પાછા વાળ્યા.

પછી જે ઘોડાં ઉપાડ્યાં તે જ્યાં **સોમનાથ મહાદેવ** છે ને જ્યાં ઘેલા નદી નીકળે છે ત્યાં સભા કરીને બિરાજ્યા. ત્યાં નાયા ને કાઠીને સારુ દહીં ને રોટલા ગામમાંથી મંગાવીને જમાડ્યા. પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા અને ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીએ જઈને ઢોલિયે બિરાજ્યા. પછી વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને થાળ જમ્યા. પછી ચળુ કરીને પોઢ્યા.

સવારે જાગીને નિત્યવિધિ કરી અને થાળ જમીને વસ્ત્ર પહેરી કથાનો આરંભ કરાવ્યો. ત્યાં તો ગામ લાઠીદડથી મહારાજને તેડવા અસવાર આવ્યો. તે મહારાજને પગે લાગીને બોલ્યો જે, "ગામના પટેલે કહ્યું છે જે, 'ઝાલાવાડના કણબી સર્વે લાઠીદડ આવશે. તેને તમે દયા કરીને દર્શન દેવા પધારો ને સર્વે સંતમંડળને સાથે લાવજો." પછી કથાની સમાપ્તિ કરાવી ને પોઢ્યા. પછી જાગીને જળપાન કર્યું ને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા અને સંતને તેડાવ્યા. તે પગે લાગીને બેઠા, ત્યારે મહારાજ બોલ્યા જે, "ગામ લાઠીદડથી પટેલે અસવાર મોકલ્યો છે, અને એમ કહ્યું જે, 'પરમહંસે

સહિત તમે લાઠીદડ પધારજો’ અને ઝાલાવાડના જપટ(તમામ) કણબી આવશે.” ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત બોલ્યા જે, “હે મહારાજ ! એમને તમારાં દર્શન થાશે અને હજારો મનુષ્યોને ગુણ આવશે અને તેનું બીજબળ થાશે.” ત્યારે મહારાજ કહે, “સવારે ચાલીએ.” એમ કહીને ઉતારે પધાર્યા ને સંત મંદિરમાં આવ્યા. પછી મહારાજ વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા. પછી સભા કરીને બિરાજ્યા ને પછી પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક જે નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત તે સુરવાળ ને ડગલી પહેર્યાં, ને માથે રેંટો બાંધ્યો, ને એક ખંભે નાંખ્યો. પછી ઘોડીએ અસવાર થયા અને ગવૈયા સંતને કહ્યું જે, “વાજાં ભેળાં લેજો.” પછી ચાલ્યા તે ગામ **લાઠીદડ** આવ્યા. ત્યાં હજારો મનુષ્યો ભેળાં થયાં હતાં. પછી મહારાજ ગામથી ઉગમણી કોરે લીંબડા છે ત્યાં આવીને ઊભા રહ્યા. પછી આનંદસ્વામીએ ગાડું મંગાવ્યું, તે ઉપર ઢોલિયો બિછાવ્યો. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને તે ઉપર બિરાજમાન થયા. પછી હજારો મનુષ્યો મહારાજને પગે લાગીને બેઠાં. ત્યારે મહારાજ કહે, “વાજાં લઈને કીર્તન બોલો.”

પછી સંતો કીર્તન બોલ્યા. પછી બહુ મનુષ્ય ભેળાં થયાં. પછી બ્રહ્મચારીએ મહારાજને જમવા બોલાવ્યા અને મનુષ્યને ગામમાં મોકલ્યાં. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. પોશાક ઉતારી સ્નાન કર્યું અને થાળ જમી ચળુ કરીને મુખવાસ લીધો. પછી પોશાક પહેરી ઘોડીએ અસવાર થઈને ગામ બહાર ઉતારે આવ્યા. પછી ઘોડીએથી ઊતરીને જળે કરીને કોગળા કરીને હાથ ધોયા. પછી સંતની પંક્તિ થઈ, તેથી ધોબા(ખોબા) ભરી ભરીને સુખડી આપવા માંડી. પછી બ્રહ્મચારીએ ખીચડીમાં ઘી આપવા માંડ્યું. પછી મહારાજે હાથ ધોયા અને ઢોલિયે આવીને બિરાજમાન થયા. પછી તો સર્વે હરિજન આવ્યા. તે મહારાજને પગે લાગતા જાય ને બેસતા જાય.

પછી મહારાજ કહે, “લાવો ઘોડી અમારે ચાલવું છે.” પછી ગામના હરિજને બહુ તાણ કરવા માંડી, પણ મહારાજ ન રહ્યા. અને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **કારિયાણી**એ પધાર્યા અને વસ્તા ખાચરના દરબારમાં ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સંત પણ મહારાજને પગે લાગીને બેઠા. પછી ગોડી બોલ્યા ને મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલ્યા. પછી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “વાત કરો.” પછી મુક્તાનંદસ્વામી વાત કરવા લાગ્યા અને મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

સવારે ઊઠીને સાબદા થઈને ચાલ્યા તે ગામ **ઝીંઝાવદર** આવ્યા. ત્યાંના હરિજનને દર્શન દઈને ચાલ્યા તે **રાધાવાવે** આવીને ઊભા રહ્યા. અને મોટા રામજીભાઈ આદિ પાળા તે મહારાજને પગે લાગ્યા. તેને મહારાજે કહ્યું જે, “કાંઈક વાડીમાં શાક કરો.” પછી તે બોલ્યા જે, “કરશું મહારાજ.” પછી ત્યાંથી ચાલ્યા તે દરબારમાં પધાર્યા અને અક્ષરઓરડીએ જઈને પોશાક ઉતારીને ઢોલિયે બિરાજ્યા. પછી થાળ જમીને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ‘મહારાજે સ્વવૃત્તાંત કહ્યું, ધર્મકુળને તેડવા પત્ર સહિત સંતને મોકલ્યા ને પીપળિયા, બોટાદ, લાઠીદડ વિગેરે ગામ ફરીને ગઢડે પધાર્યા’ એ નામે ચુંમાલીશમો વિશ્રામ ॥૪૪॥

વિશ્રામ - ૪૫

ગઢપુરે વસંત-ઉત્સવ, હુતાશની-ઉત્સવ તથા સંતોનાં પૂર્વનાં નામ પાડ્યાં ને અલફી મુકાવી.

પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કરીને ઉગમણા બાર ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી પ્રશ્ન ઉત્તર થાય અને સંતો નાના પ્રકારના પ્રશ્ન પૂછે અને મહારાજ ઉત્તર કરે, તે વાતનાં વચનામૃત લખાય. પછી લાધા ઠક્કર હાથ જોડીને બોલ્યા જે, "કાલ વસંતપંચમી છે તેનો ઉત્સવ મારે કરાવવો છે." ત્યારે મહારાજ કહે, "સારું." પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને સંત ઉતારે ગયા. મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા અને વસ્ત્ર ઉતારીને ઉષ્ણ જળે નાહીને વસ્ત્ર પહેરીને થાળ જમ્યા. અને સભા કરીને બિરાજ્યા ને પછી પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસંતી પોશાક પહેરીને વાસુદેવવાળે ઓરડે આવીને ઢોલિયે બિરાજ્યા. અને સંત આવીને પગે લાગીને ઝાંઝ-મૃદંગ લઈને વસંત બોલવા લાગ્યા. અને જળનો કળશ ભરેલો. તેની ઉપર નાળિયેર ને ઘઉંની ઉંબી(ડૂંડી) અને ગુલાલ નાખેલો. અને વસંતી ફૂલે કરીને પૂજા કરેલો અને આંબાનો જે મોર તેણે સહિત એવો જે કળશ, તે વચાળે મેલીને ઉત્સવ કરે.

ત્યારે મહારાજ બોલ્યા જે, "આંબાનો મોર ને પાંદડાં કેમ થોડાં છે ?" ત્યારે પ્રેમાનંદસ્વામી બોલ્યા જે, "ખોળાવ્યાં તોય પણ ક્યાંઈ મળ્યાં નહીં." ત્યારે મહારાજ કહે, "નિષ્કુળાનંદસ્વામી, આપણે જીવુબાઈની વાડીમાં આંબા વવરાવ્યા હોય તો થાય ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "આજ તો ન થાય ને ચોમાસામાં રોપ કરીને વાવે તો થાય અને ભાવનગરની કોરે આંબા છે." ત્યારે મહારાજ કહે, "વાડીવાળા પાસે ચોમાસામાં આંબા નંખાવજો." એમ આજ્ઞા કરી.

પછી લાધા ઠક્કર ને પ્રેમજી ઠક્કર તે પૂજાનો સામાન લઈને આવ્યા. પછી વસંતી પોશાક પહેરાવીને ચંદનની અર્ચા કરી અને કુંકુમનો ચાંદલો ભાલને વિષે કર્યો. પછી પુષ્પના હાર પહેરાવ્યા અને ભેટ મેલીને પગે લાગીને બેઠા. પછી આનંદસ્વામીએ કપૂરની આરતી ઉતારી ને પગે લાગીને બેઠા. તે સમયે બ્રહ્મચારી કહે, "મહારાજ ! જમવા પધારો." પછી મહારાજ ઉતારે પધાર્યા અને પોશાક ઉતારી સ્નાન કર્યું. અને થાળ જમવા બિરાજ્યા તે જમતા જાય ને ભક્તજન સામું જોતા જાય. જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને વાસુદેવવાળે ઓરડે આવીને ઊભા રહ્યા. અને સંતની પંક્તિ થઈ ને પાળા ને દાદા ખાચર આદિ કાઠી તેમને પણ બેસાર્યા. પછી મહારાજ પલવટ વાળીને જલેબી, પેંડા, મોતૈયા લાડવા પીરસવા માંડ્યા, તે તાણ કરતા જાય ને પીરસતા જાય.

પછી તે સમયે મારવાડી જોધો આદિ છેટે ઊભેલા, ત્યારે મહારાજ કહે, "બેસો જમવા." પછી તેમને પણ જલેબી, મોતૈયા લાડવા ને પેંડા તે ધોબા ભરી ભરીને લૂગડામાં આપ્યાં. અને મહારાજ એમ બોલ્યા જે, "આ પકવાનનું નામ નહિ સાંભળ્યું હોય તો નજરે તો ક્યાંથી ભાળ્યું હશે !" અને વળી એમ બોલ્યા જે, "એ પકવાન જમશો નહિ, બાંધી મેલો. અને દૂધ ભાત ને સાકર વાંસે આવે છે તે જમજો." પછી ભાત લૂગડામાં આપ્યો અને દૂધ ને સાકર તે તુંબડામાં ને પત્તરમાં ભરી આપ્યું. અને મહારાજ કહે, "નદીએ જાઓ." એમ ભગવાન દયાળુ ને કૃપાળુ કહેવાતા હતા, તે આ અવતારે કરીને સાર્થક નામ થયાં.

પછી મહારાજના જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને પધાર્યા ને પોઢ્યા. અને જાગીને જળપાન કરીને પોશાક પહેરી ને ઉગમણા ઓરડાની ઓસરીએ ઢોલિયે આવીને બિરાજ્યા. અને સંતને બોલાવીને મહારાજે કહ્યું જે, "વાજાં લઈને વસંત બોલો." પછી વસંત બોલવા માંડ્યા ને મહારાજ પણ ગુલાલની મૂઠી ભરી ભરીને સંત

અને હરિજન ઉપર નાંખતા જાય. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. અને મહારાજ ઉતારે પધાર્યા. પછી થાળ જમ્યા અને જેનો થાળ હોય તે મહારાજની પૂજા કરે, એમ આનંદના દિવસ જાય છે.

ત્યાં તો હુતાશની આવી અને રંગ, પતંગ, કેસર ને કેસૂડાનાં રંગાડાં ભરી તૈયાર કર્યાં. અને શ્વેત વસ્ત્ર પહેરી મહારાજ વાસુદેવના ઓરડા પાસે ગાડા ઉપર આવીને ઊભા રહ્યા. પછી રંગનાં રંગાડાં ગાડા ઉપર મેલાવ્યાં અને રમવા માંડ્યા, તે પાળા પિચકારી ભરી ભરીને મહારાજના હાથમાં આપે અને મહારાજ સંતહરિજન ઉપર નાંખતા જાય. અને પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે મહારાજના ઉપર નાંખે. અને કાઠી ને પાળા તે મહારાજની કોરે હતા અને મહારાજના હાથમાં રૂપાની પિચકારી શોભી રહી હતી. અને સામસામો રંગનો વરસાદ થઈ રહ્યો હતો. અને મહારાજ ગુલાલની મૂઠીઓ ભરી ભરીને સંતહરિજન ઉપર નાંખતા હતા. અને સંત ને હરિજન મહારાજ ઉપર નાંખતા હતા. તેણે કરીને સર્વે ઘરનાં નળિયાં લાલ થઈ ગયાં અને લીંમડાનાં પાન પણ લાલ થઈ ગયાં. અને આકાશ પણ લાલ થઈ ગયો. અને ઘણો ગુલાલ ઊડ્યો તેની ડમરી ચડી, તેણે કરીને સૂર્ય પણ દેખાતો ન હતો. અને સંત ને હરિજન પણ એકબીજાને દેખતા નહોતા.

અને તે સમયે અક્ષરધામના મુક્ત, શ્વેતદ્વીપના મુક્ત અને બદરિકાશ્રમના જે મુક્ત તે સર્વે આવ્યા. અને દિવ્ય એવાં જે ચંદન ને પુષ્પ તેની વૃષ્ટિ કરતા હતા. અને ગોલોક ને વૈકુંઠ તેના પાર્ષદ તથા રાધા ને લક્ષ્મી તે પોતાની કોટાનકોટ સખીઓ સહિત વિમાનમાં બેસીને આવ્યાં. અને દિવ્ય એવાં જે રત્ન તેણે કરીને મહારાજને વધાવતાં હતાં. અને તે સમે પોતાના જે બે પુત્ર ગણપતિ ને કાર્તિક સ્વામી અને સતી જે પાર્વતી, તેમણે સહિત શિવજી પણ આવ્યા. અને મહારાજનાં

દર્શન કરીને આનંદને પામ્યા. અને ઈન્દ્ર, વરુણ, કુબેર એ આદિ જે લોકપાલ તે પોતપોતાની પત્નીઓ સહિત વિમાનમાં બેસીને આવ્યા. અને ચંદનપુષ્પે કરીને મહારાજને વધાવતા હતા. અને નાના પ્રકારનાં જે વાજિંત્ર તે વજાડતા હતા. અને દેવાંગના નૃત્ય કરતી હતી.

તે સમે પદ્મનાભાનંદ સંન્યાસી મહારાજ ઉપર ગુલાલ નાખવા ગયા, ત્યારે મહારાજે હાથ ઝાલીને ગાડા ઉપર જે રંગથી પલળેલ મૃતિકા હતી તે લઈને તેમને માથે ચોપડી દીધી અને મહારાજ હસ્યા. એવી રીતની લીલા કરી. અને રંગનું પાણી ચાલ્યું તે ડેલી બાર થઈને ઘેલામાં ભળ્યું. ત્યારે મહારાજ કહે, “હવે રાખો.”

પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા અને સંતમંડળ, બ્રહ્મચારી ને હરિજન તે નદીએ નાવા ગયા. પછી મહારાજ વસ્ત્ર ઉતારીને નાયા. નાહીને કોરે રૂમાલે કરી શરીરને લૂઈને એક વસ્ત્ર પહેર્યું ને એક ઓઢ્યું. પછી બાજોઠ ઉપર જમવા બિરાજ્યા. પછી જમી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડી, વાસુદેવનારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ આવીને ઊભા રહ્યા. પછી સંતની પંક્તિ થઈ અને મહારાજ પલવટ વાળીને મોતૈયા લાડુ પીરસવા માંડ્યા. અને કાઠી-પાળાને પણ બેસાડ્યા અને પીરસતા જાય ને તાણ કરતા જાય. અને કેડે શાક, અથાણાં ને પાપડ તે બ્રહ્મચારી ને આનંદસ્વામી પીરસતા જાય. પછી ચાર-પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. અને રૂમાલે કરીને હાથ લૂઈને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોઢ્યા. અને સંત સર્વે મંદિરમાં આવ્યા.

એક સમે મહારાજ કથા વંચાવીને એમ બોલ્યા જે, “સર્વે સંતમંડળને તેડાવો.” ત્યારે જયા જે જીવુબાઈ ને લલિતા જે લાડુબાઈ તે હાથ જોડીને એમ બોલ્યાં જે, લાડુબાઈ કહે, “એક દિવસ મારે સંતને રસોઈ આપવી. ને જીવુબાઈ કહે, એક દિવસ મારે સંતને રસોઈ

આપવી." ત્યારે મહારાજ કહે, "જ્યારે કોઈની રસોઈ ન હોય ત્યારે તમે રસોઈ આપજો." એમ કહીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કર્યા. પછી જલપાન કરીને ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. અને સંતની રસોઈ વાસ્તે સામાન ભેળો થાવા માંડ્યો. પછી આરતી, ધૂન ને શ્લોક બોલીને પગે લાગીને બેઠા, ત્યારે મહારાજ ઉતારે પધાર્યા.

❊ ખુશાલ ભટ્ટ ને જગન્નાથ ભટ્ટ બ્રહ્મચારી થઈ સાધુ થયા :

પછી થાળ જમીને બેઠા. ત્યારે ગામ ટોડલાવાળા ખુશાલ ભટ્ટ અને ડભાણવાળા જગન્નાથ ભટ્ટ એ બેય જણ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમારે બ્રહ્મચારી થાવું છે." ત્યારે મહારાજ કહે, "તમે સવારે વતું કરાવીને નદીએ નાહીને આવજો." પછી મહારાજ પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને બેઠા, ને કથાનો આરંભ જ્યાં થાય છે ત્યાં બેય જણ આવ્યા. ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "ટોપીઓ લાવો." ત્યારે બ્રહ્મચારી ટોપીઓ લાવ્યા. પછી મહારાજે ટોપીઓ પહેરાવીને નામ પાડ્યાં. તે ખુશાલ ભટ્ટનું નામ ગોપાળાનંદ બ્રહ્મચારી અને જગન્નાથ ભટ્ટનું નામ શુકાનંદ બ્રહ્મચારી, એવી રીતે નામ પાડ્યાં ને મહારાજની સેવામાં રહ્યા.

પછી એક દિવસ મહારાજ જમીને ઊઠ્યા, ત્યારે ગોપાળાનંદ બ્રહ્મચારી અને શુકાનંદ બ્રહ્મચારી થાળ ઉપાડીને ચાલ્યા, તે જાંબુડાની હેઠે આવીને થાળ જમવા માંડ્યા. અને તે સમે મુળજી બ્રહ્મચારીએ તેમને જમતા દેખ્યા. અને મહારાજને કહ્યું જે, "તમારો થાળ જમે છે." ત્યારે મહારાજ કહે, "જમવાની ના પાડો." બ્રહ્મચારીને એમ કહે છે, ત્યાં તો બેય જણ જમીને મહારાજની પાસે આવ્યા. તેમને મહારાજ કહે, "તમે એમ કેમ કર્યું ?" ત્યારે તે બેય જણ બોલ્યા જે, **"અમે સંસાર મેલ્યો અને ભેખ લીધો, તોપણ ભવબ્રહ્માને દુર્લભ એવો જે મહારાજનો પ્રસાદ**

તે તો ન લેવાય, ત્યારે અમારું બ્રહ્મચારીપણું શા કામનું ? અને આવા મુક્તની પંક્તિમાં મહારાજ લાડુ પીરસે તે પણ ન જમાય. માટે હવેથી ત્રણ વર્ણની ભિક્ષા માગીને જમશું ને પરમહંસના મંડળમાં રહીને તમારી સેવા કરશું ને દર્શન પણ કરશું." એમ કહીને પછી હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે મહારાજ રાજી થયા ને છાતીમાં ચરણ આપ્યાં. પછી તો મહારાજ પોઢ્યા ને સંત ઉતારે ગયા.

❊ મહારાજે સંતોનાં પૂર્વનાં નામ પાડ્યાં :

પછી દેશદેશથી સંતનાં મંડળ આવવા માંડ્યાં, તે જે મંડળ આવતાં તેને મહારાજ મળતા અને ખબર પૂછતા. પછી સર્વે સંતમંડળ આવી રહ્યાં ત્યારે મહારાજ પોતાને ઉતારે ફળીમાં સભા કરીને બેઠા. અને સર્વે સંત મહારાજને પગે લાગીને બેઠા, ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે સર્વે ઋષિ છો, તેણે દુર્વાસાના શ્રાપે કરીને અવતાર લીધા છે; તો તમારાં જે પૂર્વનાં નામ તે અમારે પાડવાં છે. તે મુક્તાનંદસ્વામીનું નામ નારદમુનિ અને નિત્યાનંદસ્વામીનું નામ વ્યાસમુનિ અને બ્રહ્માનંદસ્વામીનું નામ બ્રહ્મમુનિ અને સંતદાસજીનું નામ શતાનંદમુનિ અને મોટા સ્વરૂપાનંદસ્વામીનું નામ સુવ્રતઋષિ અને નિષ્કુળાનંદસ્વામીનું નામ સત્યવ્રતમુનિ અને ગુણાતીતાનંદસ્વામીનું નામ કપિલમુનિ અને શુકાનંદસ્વામીનું નામ શુકમુનિ; એવી રીતે કોઈનું વશિષ્ટમુનિ ને કોઈનું નામ અત્રિમુનિ ને કોઈનું નામ અગસ્તમુનિ ને કોઈનું નામ ધૌમ્યમુનિ ને વેદમુનિ ને આરુણી ને ઉદાલક ને ઉપમન્યુ ને કાત્યાયન ને દેવલ ને માર્કંડેય ને વિશ્વામિત્ર ને વાલ્મીકિ ને બૃહસ્પતિ ને જાબાલ્ય ને શંખ ને લિખિત ને યાજ્ઞવલ્ક્ય ને જૈમુનિ ને વૈશંપાયન ઇત્યાદિ નામ પાડ્યાં.

પછી મહારાજ બોલ્યા જે, "અમે હમણાં જે નામ પાડ્યાં તે નામ બોલાવે ત્યારે બોલજો." પછી મહારાજ કહે, "અમારું નામ કોણ પાડશે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમારું નામ

નારાયણમુનિ." પછી મહારાજ કહે, "જેનાં નામ મુનિ ન પડાયાં હોય તે સર્વેને પ્રેમાનંદમુનિ, ધ્યાનાનંદમુનિ, જ્ઞાનાનંદમુનિ એવી રીતે કહીને બોલાવજો." એવી રીતની વાત કરી રહ્યા, ત્યાં તો બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! જમવાનો થાળ તૈયાર થયો છે." ત્યારે મહારાજ કહે, "લાવો." પછી સ્નાન કરીને જમવા બિરાજ્યા ને કથાની સમાપ્તિ કરાવી. પછી જમતા જાય ને એમ કહેતા જાય જે, "સૌ સૌ મુનિનાં નામ યાદ રાખજો." પછી કહે, "થાઓ પંક્તિ." પછી મહારાજ ચળુ કરી મુખવાસ લઈને ચાખડીએ ચડી પલવટ વાળીને પીરસવા આવ્યા. તે બિરંજના ડંકા ભરીને આપતા જાય ને તાણ કરતા જાય. અને મહારાજની કેડે બ્રહ્મચારી પણ તાણ કરી કરીને પીરસતા જાય. અને બીજા સંત શાક, અથાણાં, પાપડ, રાઈતાં ને ભજિયાં તે તાણ કરી કરીને પીરસતા જાય. પછી મહારાજના હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને ઘડીક પોઢ્યા.

પછી જાગીને જળપાન કરી, શ્વેત વસ્ત્ર પહેરીને ફળીમાં લીંમડો છે, તેના ફરતે ઓટો હતો તેના ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. અને મુનિમંડળ શોભે છે અને મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, અને મહારાજ ભક્ત સામું જોઈ રહ્યા છે. તેઓ જાણે જે, 'મહારાજ અમારી સામું જોઈ રહ્યા છે,' ને બીજા જાણે જે 'મારી સામું જોઈ રહ્યા છે' અને પછવાડે બેઠા હોય તે પણ એમ જાણે જે 'મારા સામું જોઈ રહ્યા છે.' કેમ જે, 'सर्वत्रचक्षुः विश्वतोमुखः।'[1] એ જે શાસ્ત્રમાં કહ્યું છે, તે સત્ય છે. અને આ વાત તો અમારી નજરની દેખેલી છે.

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી રહ્યા ને પછી પગે લાગીને બેઠા. ત્યારે બાઈઓ છેટે બેઠેલી તેમની સભામાં સર્પ નીકળ્યો. ત્યારે બાઈઓમાં હોકારો થયો. ત્યારે મહારાજ કહે, "શું છે ?"

૧. ભગવાનની આંખો તથા મુખ સર્વત્ર છે. અર્થાત્ ભગવાન સર્વત્ર વિરાજમાન છે.

ત્યારે બાઈઓ કહે, “સર્પ છે.” ત્યારે મહારાજ ઊઠીને ચાલ્યા. તે સમયે ગામ વાડાશિનોરના બ્રાહ્મણનો છોકરો તે મહારાજને પગે અડવા જાય, ત્યારે મહારાજ કહે, “છેટે રહે.” એમ કહીને હાથે ઝાલીને છેટે કર્યો. પછી પાળા પાસે સર્પને ઝલાવીને ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. પછી તે બ્રાહ્મણના છોકરાને બોલાવીને નાળિયેર, રૂપિયો અને એક લૂગડું મંગાવીને આપ્યું અને જમવા સારુ સીધાં અલાવ્યાં. એવા દયાળુ ને કૃપાના સિંધુ ને દીનબંધુ, ભક્તવત્સલ મહારાજ છે.

અને પોતે થાળ જમીને સંતમંડળ, પાળા, સાંખ્યજોગી એ સર્વે મળીને દોઢ હજાર મનુષ્ય, તેમને પંક્તિમાં પીરસવું, તે એમ જાણે જે, કોઈ પ્રકારે કરીને તેમને મારી મૂર્તિ સાંભરે. એવી રીતની નિત્ય નવી લીલા કરે છે ને હરિજનને દર્શન દિયે છે ને આનંદના ઉત્સવ થાય છે. તેવા સમયમાં ગામ બોટાદના હરિજન ભગા દોશી આદિ સર્વે મોતૈયા લાડવા કરાવીને લાડુ ભરીને રસોઈ આપવા આવ્યા. પછી મહારાજને કહે, “સવારે અમારી રસોઈ છે.” ત્યારે મહારાજ કહે, “સારું.” પછી સંતે કીર્તન ઉપાડ્યાં જે, ‘સગપણ હરિવરનું સાચું.’ પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને પોઢ્યા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરી. પછી દરબાર વચ્ચે ઓટો તેના ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. પછી સંતની સભા થઈ ને પ્રશ્ન ઉત્તર થાય ને તે વાતનાં વચનામૃત લખાય. પછી તો મહારાજ જમવા પધાર્યા ને જમીને ચળુ કરી મુખવાસ લીધો. અને ઓરડાની ઓસરીએ સંતને જમવા પંક્તિ થઈ ત્યાં ચાખડીએ ચડી પલવટ વાળીને પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને કિનખાબનો બુટ્ટાદાર પોશાક પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજમાન થયા.

પછી સર્વે સંત આવ્યા ને પગે લાગીને બેઠા ને સભા થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, “હવે કફની પહેરવી રહેવા દો અને સાદાં ધોતિયાં પહેરવા દો. અને હવે સાદાં ધોતિયાં પહેરવાં, એમ અમારી આજ્ઞા છે.” ત્યારે સંતમંડળ બોલ્યા જે, “સારું મહારાજ.” પછી મહારાજ બોલ્યા કે, “ગોદડી તો રાખજો.” એમ આજ્ઞા કરી. પછી સંતમંડળ વાજાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા જે, *‘હાંરે મેં તો બંદી તેરી ચરણ લગાય લે રે મેરે.’* પછી બીજા પદ બોલ્યા જે, *‘સુન રે સખી એ યહીરકા છોરા.’* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા.

❊ એકડમલોનો ખપ ને સવળી સમજણ :

ત્યારે છેટે એકડમલ બેઠેલા, તેના સામે જોઈને મહારાજ બોલ્યા જે, “તમે સર્વે અહીં આવો છો, તે અમે તમને બોલાવતા નથી અને પીરસતા પણ નથી. અને તમે ટૂકડા માંગવા જાતા હશો તે તમને મળતા હશે કે નહિ મળતા હોય, તોપણ તમે શું જાણીને આવો છો ?” ત્યારે એકડમલ હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! ટૂકડા મળે કે ન મળે, તોપણ આ જે **તમારી મૂર્તિ અંતરમાં ગરી ગઈ છે, તે કોઈ કાળે નીકળનારી નથી.** તે સારુ અમે હરિજનને ખબર પૂછતા રહીએ છીએ જે, મહારાજ ક્યાં સમૈયો કરશે ? એમ ખબર પૂછીને આવીએ છીએ. અને જો બીજે કલ્યાણનું ઠેકાણું હોત તો અમે અહીંયાં ન આવત, પણ બીજે ક્યાંઈ કલ્યાણનું ઠેકાણું નથી.

જેમ કાળ પડ્યો હોય ને એક જ ઠેકાણે અન્ન મળતું હોય, ને પછી લાકડીએ મારીને કાઢી મેલે તોપણ ત્યાંના ત્યાં જાય; તેમ કલ્યાણ તમારી પાસે છે બીજે ક્યાંઈ નથી. અને અમે તમારો ને સંતનો વાંક કાઢતા નથી. કેમ જે, બ્રાહ્મણ હોય ને તે વટલે ત્યારે તેને નાત બહાર કરે, તેમ અમે અમારા સ્વભાવે કરીને સંતના મંડળથી બહાર નીકળ્યા છીએ. તેમાં તમારો ને સંતનો શું વાંક છે ?” ત્યારે મહારાજ બોલ્યા

જે, "તમે સંતની પંક્તિમાં એક કોરે જુદા બેસજો એટલે અમે પીરસીને જમાડશું." એમ કહીને ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પછી પોઢ્યા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને કથાનો આરંભ કરાવ્યો. પછી કથાનો અધ્યાય પૂરો થયો ત્યારે મહારાજ થાળ જમવા બિરાજ્યા. જમીને સંતમંડળને પીરસવા પધાર્યા. અને ઓરડાની ઓસરીએ પંક્તિ થઈ. પછી ચાખડીએ ચડીને પલવટ વાળીને પંક્તિ વચ્ચે આવીને ઊભા રહ્યા. અને એમ બોલ્યા જે, "લાવો લાડુ." પછી જે પીરસવા માંડ્યા તે તાણ કરી કરીને આપતા જાય ને જમાડતા જાય. ને એક કોરે એકડમલને પણ જમાડ્યા. પછી હાથ ધોઈને એમ બોલ્યા જે, "હવે સમૈયા થઈ રહ્યા તે સર્વે દેશદેશ પ્રત્યે મંડળ બાંધીને ચાલી નીકળજો. અને જેને જ્યાં આજ્ઞા કરે તે દેશમાં જાજો." એમ કહીને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને જળપાન કરીને પોઢ્યા.

પછી જાગીને જળના કોગળા કરી, વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. અને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે આવીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "આવો મળીએ." અને મળવા સમયે બે સંત મહારાજને આસપાસ ઊભા રહે ને જે મળવા આવે તેને મળવા દે ને બીજાને આવવા દે; એમ સર્વે નિરાંતે મહારાજને મળે. પછી સર્વે મળી રહ્યા ત્યારે આરતી-ધૂન બોલ્યા. પછી શ્લોક બોલીને પગે લાગીને સર્વે બેઠા. પછી શિવાનંદ સંન્યાસીએ કીર્તન ઉપાડ્યાં જે, 'કાંઈ દુર્લભ રે હરિજનનો રે સંગ, રૂડો સંત મેળાવડો."

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ "જય સચ્ચિદાનંદ" કહીને ઉતારે પધાર્યા ને પોઢ્યા. અને સંત સર્વે મંદિરમાં આવ્યા ને જે જે દેશમાં જેને આજ્ઞા કરી તે તે દેશમાં મંડળ બાંધીને ચાલી નીસર્યા. અને

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ભણનારા, લૈયા અને પ્રેમાનંદસ્વામી આદિ ગવૈયા ને નિષ્કુળાનંદસ્વામી એટલાને મહારાજે પાસે રાખ્યા ને બીજા સર્વે ફરવા ગયા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે શ્રીદુર્ગપુરે વસંત-ઉત્સવ, હુતાશની-ઉત્સવ તથા સંતોનાં પૂર્વનાં નામ પાડ્યાં ને અલફી મુકાવી,' એ નામે પિસ્તાળીસમો વિશ્રામ ॥૪૫॥

વિશ્રામ - ૪૬

ગઢડામાં સદ્‌ગુરુ સંતોને રસોડાની ચિંતા તથા સંતોએ નિયમ લીધા.

ગઢપુરમાં ભણનારાને એક દિવસ શેર તેલ જીવુબાઈ આલે ને એક દિવસ લાડુબાઈ આલે. અને ગવૈયાને પણ રાખ્યા. અને પાંચુબા જ્યાં રહેતાં તે ઠેકાણે એક રસોડું કરાવ્યું, તે પાળા ને મહેમાન તે સર્વે ત્યાં જમે. અને જ્યાં હમણાં અમરા ખાચરે પોતાને રહેવા સારુ ઓરડા કર્યા છે તે ઠેકાણે સર્વે જઈને જમી આવે. અને અમારે સંતોને ઝોળી માગીએ તેમાં પણ પૂરું ન થાય. તે બેચર દેરાસરી (રસોડે) જઈને રોટલા, ખીચડી, દાળ લઈ આવે, ત્યારે અમારે જમવાનું પૂરું થાય, નહિ તો ન થાય. અને જ્યારે આરતી-ધૂન ને કથાવાર્તા થઈ રહે ત્યારે ભણનારા ભણે ને લૈયા લખે ને ગવૈયા ગાવા બેસે ને નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ નામે મહારાજની લીલાનો ગ્રંથ કરે, તે લખે.

એક સમયે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદ સ્વામી એ ત્રણેય જણ ઓટા ઉપર બેસીને વિચાર કરતા જે, ‘ગામમાં ભિક્ષાનું પૂરું થાતું નથી અને મહારાજે રસોડું તો એક કરાવ્યું છે, તે પાળા ને મહેમાન સર્વે એક ઠેકાણે જમે છે. અને દાણાની કાંઈ ખોટ નથી,

પણ સવારથી કરીને રાત લગી દળવું ને રોટલા કરવા, તેમાંથી રસોઈના કરનારા પરવારતા નથી. અને મહારાજનાં દર્શન કરવાની નવરાઈ પણ આવતી નથી. અને સૌ કલ્યાણને અર્થે ઘરનો ત્યાગ કરીને આવ્યા છે. અને ભણનારા, લૈયા ને ગવૈયા તો મહારાજે પાસે રાખ્યા છે. અને જે દેશમાંથી ફરીને સંતમંડળ આવે તેને પાંચ દિવસ તો મહારાજને પાસે રાખવા પડે.' એમ પંચાત કરતાં કરતાં પંદર દિવસ થયા. ત્યારે એક સંત વધારે નીકળ્યા ને સર્વેને મહારાજે રાખ્યા તે રજા કોને દિયે ?"

પછી તો એક દિવસ સંત ઝોળી માગીને આવ્યા. પછી બ્રહ્માનંદસ્વામી જઈને ખડકીની સાંકળ દઈ આવ્યા. ત્યારે મહારાજની પ્રસાદીનો થાળ, રોટલા, દાળ ને ખીચડી તે લાવનારા તો ઊભા થઈ રહ્યા. અને કહે જે, "સાંકળ ઉઘાડો." ત્યારે બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી કહે, "સાંકળ નહિ ઊઘડે." ત્યારે તે કહે, "મહારાજની પ્રસાદી તો લ્યો." ત્યારે સંતો બોલ્યા જે, "આજ પ્રસાદી પણ નથી લેવી." પછી તે ઘડીક ઊભા રહીને સામાન પાછો લઈ ગયા. અને મહારાજની એમ આજ્ઞા હતી જે, "સંત ગોળા જમે તેમાંથી ત્રણ બાઈઓની સારુ ત્રણ ગોળા નિત્ય મોકલવા." અને રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ એ ત્રણ માટે તે ઝોળીના અન્નના ગોળા કર્યા. તે ભાગ પ્રમાણે નાળિયેર પ્રમાણે સર્વને ભાગ આવ્યા. તે પ્રમાણે ત્રણ ગોળા કરીને બાઈઓને પણ મોકલાવ્યા.

મહારાજ જમીને ઘડીક પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને કથાનો આરંભ કરાવ્યો. પછી અધ્યાય પૂરો થયો ત્યારે જીવુબાઈ બોલ્યાં જે, "આજ તો સંત ઝોળીમાં અન્ન આવ્યું તે જ જમ્યા, પણ રોટલા ને પ્રસાદી મોકલ્યાં તે કાંઈ ન લીધાં." ત્યાં તો નાનબાઈ બોલ્યાં જે, "પરમહંસમાં તો પંચાત થાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સાધુને ગામ નહીં, ગરાસ નહીં ને પંચાત શી થાય છે ?" પછી પોર રાત ગઈ ત્યારે મહારાજે મોજડી પહેરી અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. અને

અમારા મંદિરમાં ઓટો હતો તેના ઉપર ગાદીતકિયા નંખાવીને તેના ઉપર દક્ષિણાદે મુખારવિંદે આવીને બિરાજ્યા. અને એમ બોલ્યા જે, "તમારામાં પંચાત શી વાતની થાય છે ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "ભણનારા, ગવૈયા ને લૈયા તે સર્વેને તમે રાખ્યા છે. અને દેશમાંથી ફરીને સંતનું મંડળ આવે તેને પાંચ દિવસ તો રાખવા જોઈએ અને અહીં ભિક્ષાનું પૂરું નથી થાતું. ને તમે એક રસોડું કર્યું, તે પાળા સર્વે ત્યાં જમે છે અને મહેમાન પણ ત્યાં જમે છે. અને અમારે સારુ પણ રોટલા આદિ સામાન લાવે છે, તેથી રસોઈવાળા બાઈઓને ઘડી નવરાઈ આવતી નથી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સિદ્ધાંત કૌમોદીના ને મધ્ય કૌમોદીના ભણનારા કેટલા છે ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "બાર સંતો સિદ્ધાંતના ભણનારા છે. તેનાં નામ - નાના આત્માનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, નાના શિવાનંદસ્વામી, દહરાનંદસ્વામી ઈત્યાદિ અને મધ્યના ભણનારા બાવીશ છે. તે ત્રિગુણાતીતાનંદસ્વામી, પ્રતોષાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી ઈત્યાદિ.

પછી મહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ તમે ત્રણ જણ તે ભણનારાને કે લૈયાને (રસોઈની) સેવામાં રાખો.' અને નિષ્કુળાનંદસ્વામીનું અમારે કામ પડે છે અને પ્રેમાનંદસ્વામી અને લૈયા જે નિર્ગુણાનંદસ્વામી ને વૈષ્ણવાનંદસ્વામી અને અમે જે ગણ્યા એ રહેજો ને બીજા સર્વે ચાલી નીકળજો."

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ગઢડાને અડખે પડખે રાખીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તેની છૂટી છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ગામ માંડવધારમાં અમારા લૈયા રહેશે." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "ગઢાળી ને રાજપીપળા ત્યાં અમારા લૈયા રહેશે." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "બોટાદ આદિ ગામમાં અમારા ભણનારા

રહેશે. અને જે જેનું પુસ્તક લખતા હોય તેનું પુસ્તક કે ચોપડી લખાઈ ને પૂરું થઈ રહે તે દેવા આવે, પણ તેને (હવે જાવ એમ) રજા કોણ આપશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જમીને આવે ને રાત રહીને સવારે જે લેવું-દેવું હોય તે લઈને ચાલ્યા જાય, પણ તેનાથી અહીં ન રહેવાય; અને તે રહે પણ નહીં ને બીજાથી પણ રખાય નહીં." એમ કહીને દરબારમાં પધાર્યા.

પછી સવારે પિસ્તાળીસ સંતો ચાલી નીકળ્યા. અને મહારાજ એમ કહેતા ગયા જે, "દેશમાંથી ફરીને સંતનું મંડળ આવે તેને એક દિવસ જમવા આપજો અને બીજે દિવસ રાખવા હશે તો અમે રાખશું, પણ તમારે એમ કહેવું જે, મહારાજ રાખે તો સુખે કરીને રહો." પછી મહારાજ પોશાક ઉતારીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને પોતાનો નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને કથાનો આરંભ કરાવ્યો. અને 'હરે !' એવા શબ્દનો ઉચ્ચાર કરતા જાય અને જે કથામાં વાત આવે તેને કહેતા જાય. અને થાળ કરાવે તેને જમીને જેનો થાળ હોય તેને બ્રહ્મચારી પૂજા કરવા બોલાવે. અને મહારાજ પૂછે જે, "કેના થાળ છે ?" ત્યારે બ્રહ્મચારી બોલે જે, "ગુજરાતના હરિજનનો થાળ છે." પછી પૂજા કરી રહ્યા ત્યારે કથાની સમાપ્તિ કરાવીને પોઢ્યા.

પછી જાગી જળે સ્નાન કરીને વસ્ત્ર પહેરીને મસ્તકે છોગું મેલી પાઘ બાંધી અને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયે આવીને બિરાજ્યા. અને સંતને કહી મોકલ્યું જે, "વાજાં લઈને આવો." પછી સંત આવીને પગે લાગીને બેઠા. પછી દુકડ, સરોદા, સિતાર ને મંજિરાં આદિ વાજાં લઈને મુક્તાનંદસ્વામી આદિ સંત ગાવા લાગ્યા. અને મહારાજ પણ તેમની ભેળા ચપટી વગાડીને ઘેરે સાદે ગાતા જાય. અને ગાઈ રહ્યા ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "થાળ લાવીએ ?" ત્યારે મહારાજ કહે, "લાવો." પછી ઢોલિયેથી ઊતરીને જળના કોગળા કરીને જમવા

બિરાજ્યા, તે દૂધની પૂરી ને બરફી જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને થાળ ગવૈયાને અપાવ્યો. પછી મહારાજ ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને સંત સર્વે મંદિરમાં આવ્યા. એમ નિત્ય પ્રત્યે મહારાજનાં દર્શન થાય.

*** પ્રસાદાનંદસ્વામી આદિ ભણનારા સંતોએ પૂજા કરી :**

એમ અમે ભણનારા ભણીએ. પછી જ્યારે પંચસંધિ પૂરી થાય ને બીજું ભણવાનો આરંભ કરીએ ત્યારે મહારાજને પુછાવીએ જે, ‘અમારે પૂજા કરવી છે.’ ત્યારે મહારાજ કહે જે, “અમે જાગીએ ત્યારે પાછલો પહોર દિવસ હોય ત્યારે આવજો.” પછી ચંદન કેસર નાંખીને ઉતારીને કટોરા ભરીને લઈ જઈએ અને પુષ્પના હાર ને ગજરા કરીને લઈ જઈએ. ત્યારે મહારાજ પૂછે જે, “તમે શેની પૂજા કરવા આવ્યા છો ?” ત્યારે કહીએ જે, “બીજી વ્રતીનો આરંભ કરવો છે અથવા ભણી રહ્યા છીએ.” ત્યારે મહારાજ કહે જે, “આવો.” પછી ચંદનની આડ કરીને ભાલ વચ્ચે કુંકુમનો ચાંદલો કરીએ. પછી શરીરે ચંદનની અરચા કરીએ ને ભુજા, છાતી, ઉદર, સાથળ, ગોઠણ ને પિંડીઓ એ આદિ જે અંગ તેને ચંદન ચઢાવીને વારે વારે નીરખતા જઈએ. પછી ચરણે ચંદન ચઢાવીને છાતીમાં લઈએ.

પછી એક હાથ ઝીણા લૂગડાનો કટકો, સાથે લઈ ગયા હોઈએ તે મહારાજના હાથમાં આપીએ. પછી મહારાજ તે લૂગડે સર્વે શરીર લૂઈને અમને પાછો આપે. પછી મહારાજ આવીને બાજોઠ ઉપર બિરાજે. પછી સુંદર નિર્મળ જળે કરીને અંગ ચોળીને મહારાજને નવરાવીએ. પછી મહારાજ નાહીને ઊભા થઈને પહેર્યાનું જે વસ્ત્ર, તે બે સાથળ વચ્ચે નીચોવે. પછી શરીરને લૂઈને શ્વેત એવો જે કોરો ખેસ તેને તાણીને પહેરે અને એક શ્વેત પછેડી ઓઢીને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થાય. પછી અમે પુષ્પના હાર

પહેરાવીએ અને ગુચ્છ, બાજુબંધ, ગજરા ને પાઘમાં તોરા ધરાવીએ. પછી મહારાજ અમને હાર આપે.

પછી ગવૈયા સંત વાજાં લઈને ગાવા બેસે. અને દેશ-પરદેશના હરિજન આવે તે મહારાજને પગે લાગીને ચરણનો સ્પર્શ કરીને બેસે. ત્યારે મહારાજ પૂછે જે, “ઉતારા કર્યા ?” ત્યારે હરિજન હાથ જોડીને કહે જે, “હા મહારાજ.” પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી અને શ્લોક બોલી પગે લાગીને બેઠા. અને સંત કીર્તન બોલ્યા જે, *‘તમે અલબેલાજી આવા ને આવા રે મારે મંદિર પધારો માવા.’* પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. એવી રીતે નિત્ય પ્રત્યે હરિજનને દર્શનનું સુખ આપતા હતા.

તેવા સમયમાં દૈત્યાંશે ઉપદ્રવ કર્યો કે ‘આ અક્ષરઓરડીની આથમણી કોરે જગ્યા છે, તે આ જગ્યા તો અમારી છે.’ ત્યારે દાદા ખાચરના કામદાર જે લાધા ઠક્કર ને ભગુજી પાળા તે કહે, “મોરે આયાં રસ્તો હતો.” એમ થોડાક દિવસ બોલાચાલી રહી. અને પછી જે પાળા મંડ્યા તે જગ્યામાં વંડો કરીને જગ્યા વાળી લીધી. પછી ઉપરથી તો ન બોલે પણ અંતરમાં ખેદ રાખે જે લાગ આવે તો પરાભવ કરીએ.

❊ બ્રહ્માનંદસ્વામીને નવાં ચાર કીર્તન કરવાનો નિયમ :

પછી થોડાક દિવસમાં નીમની એકાદશી આવી, ત્યારે જે ભણનારા સંત હતા એમણે તો સદ્‌ગુરુ પાસે નીમ લીધા. પછી સવારમાં મહારાજ શ્વેત વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને સંત સર્વે નાહીને પૂજા કરી રહ્યા ત્યારે મહારાજ આવ્યાના પાળાએ ખબર કર્યા. પછી સંતો જઈને પગે લાગીને બેઠા ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “આ સંતે તો અમારી પાસે નીમ લીધા ને તમે મને શું નીમ આપો છો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારે ચાર કીર્તન નિત્ય નવાં કરવાનો નિયમ.”

ત્યારે સ્વામી બોલ્યા જે, "હું રાગ ક્યાંથી લાવું ? મારે તો રાગના ઉપર બળ(નવી રચના કરવાની શક્તિ) ચાલે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "રૂડિયો(જોબનપગીનો બાતમીદાર) તમારો શિષ્ય છે. તે રાગ જે દિવસે લાવે તે દિવસ સારાં કીર્તન સારા રાગ ઉપર કરજો." ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે સાંભળ્યાનું નિયમ રાખો તો હું નવાં કીર્તન કરું." ત્યારે મહારાજ કહે, "સારું, અમે સાંભળશું." એમ આજ્ઞા કરીને કથામાં પધાર્યા. પછી કથાની સમાપ્તિ કરાવીને ફરાળ કર્યું. પછી ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. અને સંત આવીને પગે લાગીને બેઠા. પછી ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન બોલવા લાગ્યા.

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી જે પ્રશ્નઉત્તર કરવા માંડ્યા તે સંત પ્રશ્ન પૂછે તેના ઉત્તર મહારાજ કરે અને એમ બોલે જે, "કરો શંકા." ત્યારે સંત કહે જે, "યથાર્થ ઉત્તર થયો." પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમીને પોઢ્યા. અને મુનિ સર્વે મંદિરમાં આવ્યા ને મહારાજે જે જે વાત કરી તેનાં વચનામૃત લખાવ્યાં. પછી મહારાજ વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સંત આવીને પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, "હવે સંતોને નંદ નામ લઈને બોલાવજો. તે એમ જે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી એવી રીતે બોલાવજો." પછી નિષ્કુળાનંદસ્વામી ને સચ્ચિદાનંદસ્વામી તે બે એમ બોલ્યા જે, "હે મહારાજ ! આપે કહ્યું હતું તેમ, પાળા પાસે લક્ષ્મીવાડીમાં આંબા, નાળિયેર અને ફૂલઝાડ નંખાવ્યાં છે અને લીંબુ પણ નંખાવશું." ત્યારે મહારાજ કહે, "ભાજી ને તરકારી(શાક) વવરાવો." ત્યારે વાડીવાળા બોલ્યા જે, "સારું મહારાજ." પછી મહારાજ ઉતારે પધાર્યા ને કથાનો

આરંભ કરાવ્યો. અને કથાની સમાપ્તિ કરીને પછી મહારાજ થાળ જમવા પધાર્યા. જમીને ચળુ કરી, મુખવાસ લઈને બિરાજમાન થયા. પછી જેનો થાળ હતો તેમણે મહારાજની પૂજા કરી. પછી મહારાજ પોઢ્યા.

પછી થોડીક વાર કેડે જાગ્યા ને જળના કોગળા કરી, જળપાન કર્યું. પછી વસ્ત્ર પહેરી, ઘોડીએ અસવાર થઈને ખળખળિયે નાવા પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને પાળાનો હાથ ઝાલીને જળના પ્રવાહ મધ્યે ઉગમણે મુખારવિંદે નાવા બિરાજ્યા ને સંત પાસે જળમાં કીર્તન ગવરાવ્યા. પછી નાહીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા. અને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી ગવૈયાને બોલાવીને ગાવણું કરાવ્યું. પછી મશાલો થઈ ને પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને સંતને પ્રસાદી મોકલાવી. પછી પોઢ્યા.

પછી સવારે જાગીને વતું કરાવીને સ્નાનવિધિ કરી. અને વસ્ત્ર પહેરીને કથાનો આરંભ કરવા નિત્યાનંદસ્વામીને બોલાવ્યા. અને **સત્સંગિજીવન** નામે જે ગ્રંથ તેનો આરંભ કરાવ્યો. પછી થાળ જમીને શુકમુનિ ને નિત્યાનંદસ્વામી તેમને જમાડ્યા. પછી જે હરિજનની રસોઈ હતી તે હાથ જોડીને ઊભો રહ્યો, ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ છે ?" ત્યારે તે બોલ્યો જે, "હે મહારાજ ! સંતોને પીરસવા પધારો."

પછી ચાખડીએ ચડીને સંતોની પંક્તિમાં પધાર્યા. અને ખભે પછેડી નાંખીને તેનો એક છેડો કેડે બાંધીને જે પીરસવા માંડ્યું તે દૂધપાકના ડંકા ભરી ભરીને આલતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી હાથમાં રૂમાલ લઈને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી થોડી વાર કેડે જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. પછી વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને લીંબડા ફરતી ઘોડી ફેરવી.

અને ચાલ્યા તે ઊભી બજારે થઈને ખીજડા આરે નાવા પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને વસ્ત્ર ઉતારીને ઉગમણે મુખારવિંદે નાવા બિરાજ્યા. અને નાક-કાન ને આંખ તેને પોતાના બે હાથની આંગળીએ કરીને દબાવીને ડૂબકી મારતા. અને ઉપર થઈને જેમ શેષજી સહસ્ર ફેણ કરીને છાયા કરતા હોય તેવી રીતે ગંગાનો પ્રવાહ ચાલતો હતો. અને સંત ને હરિજન તે હેઠવાસ નાતા અને મહારાજની પ્રસાદીનું જે જળ તેને ગાળીને પીતા.

પછી મહારાજ નિષ્કુળાનંદસ્વામીના સામું જોઈને બોલ્યા જે, “લોકોમાં જે પરજિયા ગવાય છે તેવા પરજિયા તમે કરો.” ત્યારે સ્વામી બોલ્યા જે, *‘ઘેલો ઘણી વાત, જેના નીરમાં નાયા નાથજી; નવસે નવ્વાણું નદી, તે નાવે જેને સાથજી...’* એ વિગેરે ઘણાંક કર્યા છે. પછી મહારાજ નાહીને બહાર નીસરીને વસ્ત્રે કરીને શરીરને લૂઈને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને ઉતારે પધાર્યા અને ગાદીતકિયા નંખાવીને બિરાજમાન થયા. એમ નિત્ય પ્રત્યે લીલા કરે ને ભક્તજનને સુખ આપે. અને એમ જાણે કે ‘હરેક પ્રકારે કરીને મારી મૂર્તિ કોઈને સાંભરે છે.’ પછી મહારાજ થાળ જમ્યા ને ચળુ કરીને મુખવાસ લઈને સભા કરીને બિરાજ્યા, ને ગવૈયાને તેડાવીને ગાવણું કરાવ્યું, ને પછી પોઢ્યા.

❊ ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતનો પ્રસંગ :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને આથમણે ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. અને સંત સર્વે પગે લાગીને બેઠા. પછી મહારાજ કરુણાની દૃષ્ટિએ કરીને સભા સામું જોઈને બોલ્યા જે, “આજ તો નાના નાના સંતો અમારા વિદ્યાર્થી છો તે તમે સર્વે ઓરા આવીને બેસો ને અમને પ્રશ્ન પૂછો.” ત્યારે સર્વે સંતો આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ જેને કહે

તે સંત પ્રશ્ન પૂછે અને તેનો ઉત્તર મહારાજ કરે. અને વળી બીજા સંતને અંગૂઠા પાસેની આંગળીએ કરીને બોલાવે, ને તે પ્રશ્ન પૂછે ત્યારે તેનો ઉત્તર પણ પોતે કરે. એવી રીતે સર્વે વિદ્યાર્થી સંતોના પ્રશ્નોના ઉત્તર કરીને બોલ્યા જે, "કામ, ક્રોધ ને લોભ એ ત્રણ શત્રુ છે, તે જેને જે જીત્યામાં આવ્યા હોય તે સર્વે બોલો." પછી જે જેને જીત્યામાં આવ્યા હતા તે સર્વે બોલ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "આત્માનંદસ્વામી ને ભગવદાનંદસ્વામી ને શિવાનંદસ્વામી ને મોટા યોગાનંદસ્વામી એ ચારને અમે સદ્‌ગુરુ કરીએ છીએ. એ માટે કોઈએ એમનું અપમાન કરવું નહીં." એમ મુક્તાનંદસ્વામી આદિ જે મોટેરા સંત તેમને આજ્ઞા કરી. અને મુકુંદ બ્રહ્મચારી બોલાવા આવ્યા તે મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને વિદ્યાર્થીઓને મોકલાવ્યો. પછી મુખવાસ લઈને પોઢ્યા.

પછી થોડી વાર કેડે જાગી, જળપાન કરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજમાન થયા ને સંત સર્વે આવીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "શ્લોક બોલો." પછી વિદ્યાર્થી સંતો બોલવા માંડ્યા. તે વેણુગીત ને ગોપિકાગીત ને જુગલગીત એ આદિક શ્લોક બોલ્યા. પછી મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા અને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "આજ તો માંહોમાંહી વ્યાકરણની ચર્ચા કરો." ત્યારે ભગવદાનંદસ્વામી ને શિવાનંદસ્વામી તે એક કોરે અને એક કોરે આત્માનંદસ્વામી. પછી જે માંહોમાંહી ચર્ચા કરવા લાગ્યા તે મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદ મંદ હસતા જાય ને જે બોલે તેના સામું જોતા જાય. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "રાત ઝાઝી ગઈ છે હવે રાખો, તમે બેય જણા જીત્યા." પછી મહારાજ 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને કથાનો આરંભ કરાવ્યો. અને કથા સાંભળતા 'હરે !' એવા શબ્દનો ઉચ્ચાર કરતા જાય. પછી થાળ જમી ચળુ કરીને મુખવાસ લીધો. પછી સંતને જમવા બોલાવ્યા ને કથાની સમાપ્તિ કરાવી. પછી સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે તાણ કરીને હરિસો પીરસતા જાય ને મનુવાર કરતા જાય. એવી રીતે જમાડીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારી પોઢ્યા. અને થોડી વાર કેડે જાગી, જળપાન કરીને ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંત વાજાં લઈને ગાવા લાગ્યા અને મલાર રાગ આલાપ્યો ને મેઘ વરસવા માંડ્યો.

પછી મહારાજ કહે, "ચાલો નાવા." પછી લીલું છત્ર મસ્તક ઉપર ધારણ કર્યું ને ગઢાળીને આરે ઉન્મત્તગંગામાં આવીને બિરાજ્યા. ત્યાં તો ડોળું જળ આવવા માંડ્યું. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "આંહીં તો કળજુગનું ડોળું જળ આવે છે, તેથી ખળખળિયાની કોરે પધારો." ત્યારે મહારાજ ચાલ્યા તે ખળખળિયા વચ્ચે આવીને બિરાજ્યા, ને વરસાદ વરસવા માંડ્યો. પછી મહારાજ કહે, "ચાલો, નદીમાં પૂર આવશે તો ઉતરાશે નહીં." પછી ઘેલો ઊતરીને સામે કાંઠે થઈને ગઢાળીને આરે આવ્યા. અને નદી ઊતરીને ચાખડીએ ચડીને રૂમાલ ઓઢીને ચાલ્યા તે દરબારમાં પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને કોરાં વસ્ત્ર પહેરીને ઢોલિયે બિરાજમાન થયા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટપુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે ગઢડામાં સદ્‌ગુરુ સંતોને રસોડાની ચિંતા તથા સંતોએ નિયમ લીધા,' એ નામે છેંતાલીસમો વિશ્રામ ॥૪૬॥

વિશ્રામ - ૪૭

સારંગપુર જન્માષ્ટમી-ઉત્સવ, ત્યાંનો વચનામૃતકાળ તથા કુંડળ અમરા પટગીરનો અક્ષરવાસ

પછી **સારંગપુર**ના જીવા ખાચર અને નારાયણ પટેલ આદિ સર્વે હરિજન આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે તેમને સર્વે ખબર પૂછ્યા. ત્યારે તેઓ બોલ્યા જે, “હે મહારાજ ! તમે સંતો સહિત અમારે ગામ પધારો અને જન્માષ્ટમીનો ઉત્સવ ત્યાં કરો.” ત્યારે દાદા ખાચર આદિ ગઢડાના હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! અમે ઉત્સવનો સામાન અહીં તૈયાર કરાવ્યો છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે તમારા દરબારમાં સદાય રહીએ છીએ અને ઉત્સવ તો કરીએ પણ ઉપદ્રવ થયા વિના નહીં રહે.”

પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા ને જમીને સભા કરી બિરાજ્યા. પછી **સારંગપુર**ના હરિજનને મહારાજે કહ્યું જે, “તમે જાઓ, અમે આવશું ને તમારા ગામમાં બે માસ રહેશું.” પછી હરિજન બહુ રાજી થયા. પછી મહારાજ પોઢ્યા અને પ્રાતઃકાળે વહેલા જાગી નિત્યવિધિ કરીને ચાલવા સાબદા થયા, ને માણકી ઘોડી શણગારીને લાવ્યા. અને કાઠીના અસવાર ને પાળા પણ તૈયાર થયા. પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને અમારી ધર્મશાળાએ આવીને ઊભા રહ્યા. અને એમ બોલ્યા, “મુક્તાનંદસ્વામી આદિ જે ભણનારા સંત તે અહીં રહેજો અને નિત્યાનંદસ્વામી, શુકમુનિ અને દેશમાં ફરનારાં જે સંતમંડળ તે અમારી ભેગા આવજો. અને મુક્તાનંદસ્વામીને અમે તેડાવીએ ત્યારે આવજો.” એમ આજ્ઞા કરીને ચાલ્યા તે ગામ **પીપળિયા** આવ્યા. ત્યાં હરિજને તાણ કરી તે **વેલા પટેલ**ના ફળીમાં જઈને ઊતર્યા. અને થાળ જમીને કાઠી ને પાળા તે સર્વેને જમાડ્યા.

❊ સારંગપુરનો વચનામૃતનો કાળ :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **સારંગપુર** પધાર્યા અને ગામમાંથી સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **જીવા ખાચર**ના દરબારમાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને ઓતરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને દેશ દેશના સંઘ આવવા માંડ્યા, તે હરિજનને આનંદસ્વામી ઉતારા અપાવતા હતા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. જમીને ચળુ કરી મુખવાસ લઈને પલવટ વાળી સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી સર્વેને જમાડીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ પોઢ્યા ને થોડી વાર કેડે જાગીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "દરબારમાં તો બહુ મનુષ્યની ભીડ થઈ છે, તેથી સભા નહિ થાય; માટે ગામ બહાર સભા થાય એવી જાયગા છે ?" ત્યારે **વાઘા ખાચર** મહારાજ પાસે બેઠેલા તે બોલ્યા જે, "ગામથી દક્ષિણાદી કોરે જાયગા બહુ સારી છે." ત્યારે મહારાજ કહે, "ઠીક." પછી સભાને રજા દીધી અને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા.

પછી વહેલા જાગી નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચોકમાં આવીને ઊભા રહ્યા. ને એમ બોલ્યા જે, "ઢોલિયો ગામ બહાર લાવો." એમ કહીને ચાલ્યા તે નદી ઊતરીને મેદાનમાં આવીને ઊભા રહ્યા. ત્યાં ગામના હરિજન ગાડું લાવ્યા. તેના ઉપર ઢોલિયો બિછાવ્યો. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંતો ને હરિજન તે પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'રે પ્રાણજીવન પ્રીતમ પ્યારા, રહો કેમ નટવરજી ન્યારા રે.'*

પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા અને પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમીને પલવટ વાળી સંતની પંક્તિમાં પધાર્યા ને લાડુ પીરસવા માંડ્યા. તે પાંચ વાર પંક્તિમાં ફરી સંતોને જમાડી રહ્યા, પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોઢ્યા. થોડી વાર પછી જાગીને જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ને નેકી પોકારી રહ્યા છે, ને સોનાને ઈંડે છત્ર બિરાજી રહ્યું છે; એવી રીતે ગામ બહાર આવ્યા. અને જ્યાં ઓટો છે તે ઠેકાણે આવીને બિરાજમાન થયા. અને સંત ને હરિજનની સભા થઈ. અને હરિજન પુષ્પના હાર લઈને આવે ને મહારાજને પહેરાવે અને ચરણનો સ્પર્શ કરીને ભેટ મેલીને બેસે, ને ભાત-ભાતના પોશાક લાવીને મહારાજને પહેરાવે. પછી સંતે કીર્તન ઉપાડ્યાં જે, *'બાવા નંદ તણે દરબાર નોબત વાજે રે, હરિ પ્રગટ્યા તે સર્જનહાર નિજજન કાજે રે.'*

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી ઝીણી ઝીણી બુંદે વરસાદ વરસવા લાગ્યો, ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થયા ને માથે સોનાને ઈંડે છત્ર બિરાજી રહ્યું છે; એવી રીતે ઉતારે પધાર્યા અને પોશાક ઉતારી, થાળ જમીને ચળુ કરી મુખવાસ લઈને પોઢ્યા. અને સંત-હરિજન પોતાને ઉતારે ગયા.

પછી મહારાજ સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. ગામ બહાર જે બેઠક છે ત્યાં ગાડા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તેના ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતમંડળ ને હરિજન તે સર્વે આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "સંતમંડળ ફરીને કીર્તન બોલો." પછી જુવાન જુવાન

સંત ફરવા માંડ્યા ને કીર્તન બોલ્યા જે, *'હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે.'* પછી બીજા પદ બોલ્યા જે, *'વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે.'* પછી બીજા બોલ્યા જે, *'ચાલો ચાલો સૈયરનો સાથ વૃંદાવન જઈએ રે.'* પછી બીજા પદ જે, *'રે ઠરવાનું ઠામ તમે મારું.'*

પછી મહારાજ કહે, "હવે રાખો." પછી ઘોડીએ અસવાર થઈને ઘોડી ઉગમણી કોરે વાજમાં(વેગમાં) મેલી અને પાછા વાજમાં ને વાજમાં આવ્યા, ને ગામમાં પધાર્યા. અને દરબારમાં જઈને ઊતર્યા ને પોશાક ઉતારીને ફરાળ કરીને બેઠા. પછી પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ગામ બહાર ઢોલિયે આવીને બિરાજમાન થયા. પછી સંતમંડળ ને હરિજન પણ આવીને પગે લાગીને બેઠા. પછી સંતે કીર્તન ઉપાડ્યાં, તે ગાઈ રહ્યા ત્યાં તો ગાજવીજ થાવા લાગી. પછી મહારાજ ઢોલિયેથી ઊતરીને ચાલ્યા, તે ગામમાં પધાર્યા ને જીવા ખાચરના ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી સંત કીર્તન બોલ્યા જે, *'ઓરા આવો નટવર નાનડિયા.'* પછી વરસાદ આવવા માંડ્યો અને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા.

સવારે વહેલા જાગી, નિત્યવિધિ કરીને થાળ જમી, પોશાક પહેરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને હરિજનને મહારાજે કહ્યું જે, "હવે સમૈયો થઈ રહ્યો છે તેથી સંતમંડળ ચાલી નીસરજો. અને આ ગામમાં તો પાંચ-છ જણ ઝોળી માગીને રહેશે. તે નિત્યાનંદસ્વામી, શુકમુનિ, આનંદસ્વામી અને સ્વયંપ્રકાશાનંદસ્વામી એ આદિ રહેજો." ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "અમારા ગામમાં તો વીશ-પંચવીશ સંત ઝોળી માગીને જમે તોપણ ભિક્ષા થાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં અમારે તમારા ગામમાં રહેવું છે, તેથી મહેમાનનો ઘસારો લાગે." ત્યારે સર્વે સંત બોલ્યા જે, "હે મહારાજ !

અમે બીજે ગામ જમીને આવીએ તો કેમ ?" ત્યારે મહારાજ કહે, "જમીને આવે તેની છૂટી."

પછી સંતો સવારે જાય, તે ગામ બોટાદ, દેથળી(સેંથળી?), ખસ, બગડ, રેફડા, ચાચરિયા, ખાંભડા, ગુંદા, બે સમઢિયાળા, કુંડળ, ઝમરાળા, કારિયાણી, લાઠીદડ ને વજેલી ઈત્યાદિક ગામમાં ઝોળી માગે, ને ગોળા વાળીને જમીને નાહીને સાંજે મહારાજ પાસે આવે. અને મહારાજ વાર્તા કરે અને સંતમંડળ પ્રશ્ન પૂછે તેના ઉત્તર મહારાજ કરે. તે વાત વચનામૃતમાં લખાતી. અને દેશ દેશના હરિજન મહારાજને દર્શને આવે અને મહારાજની પૂજા કરીને ભેટ મેલી, ચરણારવિંદનો સ્પર્શ કરીને પગે લાગીને બેસે. અને બ્રહ્માનંદસ્વામી નિત્ય ચાર કીર્તન નવાં કરીને મહારાજ પાસે મોકલે.

પછી ગઢડેથી મુક્તાનંદસ્વામીએ મને અને જ્ઞાનાનંદસ્વામીને મહારાજ પાસે સારંગપુર મોકલ્યા. પછી અમે મહારાજને પુછાવ્યું, ત્યારે કહે જે, "આવવા દ્યો." પછી અમે જઈને દંડવત કર્યા ને મહારાજે છાતીમાં ચરણ આપ્યાં. અને તે સમયે શતાનંદમુનિ **સત્સંગિજીવન**ની કથા કરતા હતા. તેમને મહારાજ કહે, "રાખો." અને (ગઢડાના) દેશકાળની જે જે વાત મહારાજે પ્રસાદાનંદસ્વામીને પૂછી તે સર્વે વાત કહી. અને કહ્યું જે, અમે પોર રાત જાતા ગઢડેથી ચાલ્યા (હતા). ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને કોઈ જાનવર રસ્તામાં મળ્યું હતું ?" ત્યારે અમે કહ્યું જે, સાવજ મળ્યો હતો. પછી અમે ઉતારે આવ્યા. અને સવારે નિત્યાનંદસ્વામી મહારાજને પૂછવા ગયા જે, "ગઢડેથી બે સંત આવ્યા છે, તે મહારાજની આજ્ઞા હોય તો રાખીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમને તમારી પાસે રાખો." પછી અમને આવીને સંભળાવ્યું. કેમ જે, મહારાજની આજ્ઞા વિના કોઈને રખાય નહીં. પછી મહારાજ ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ આવીને બિરાજમાન થયા. પછી સંત

ગોડી બોલ્યા અને મશાલો થઈ ને આરતી, ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થયા ને કીર્તન બોલાયાં. પછી મહારાજે ઉતારે આવીને કથાનો આરંભ કરાવ્યો.

અને ગામ **કુંડળ**માં અમરા પટગરને શરીરે કસર થયેલ, તેથી એમણે અસવાર મોકલ્યો જે, "મહારાજને કહીએ જે, 'દયા કરીને મને દર્શન દેવા પધારો." તેમણે મહારાજને કહ્યું, ત્યારે મહારાજ કહે, "ઘોડીએ પલાણ માંડો." ને કાઠીને કહે, "તૈયાર થાઓ." પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. અને અમરા પટગરના દરબારમાં જઈને ઘોડીએથી ઊતરી અમરા પટગર પાસે ગયા, ને એમને દર્શન દીધાં. પછી તે અમરા પટગર બોલ્યા જે, "મારો દેહ રહે કે ન રહે, પણ પાંચસે સંતોએ સહિત પધારજો." પછી મહારાજ બોલ્યા જે, "જાઓ આવશું." એમ કહીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે **સારંગપુર** પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને બ્રહ્મચારી જળ લઈને આવ્યા તે જળપાન કર્યું. પછી સંતો ગોડી બોલ્યા અને મશાલો થઈ. પછી આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમ્યા. જમી ચળુ કરી, મુખવાસ લઈને નિત્યાનંદસ્વામી પાસે કથાનો આરંભ કરાવ્યો અને કથાની સમાપ્તિ કરાવીને પછી પોઢ્યા.

❊ કુંડળના અમરા પટગરે દેહ મૂક્યો :

પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને પોશાક પહેરીને કથાનો આરંભ કરાવ્યો. પછી થાળ જમીને કથાની સમાપ્તિ કરાવી ને પછી પોઢ્યા. થોડી વાર પછી જાગી જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી ગામ **કુંડળ**ના અમરે પટગરે દેહ મૂક્યો. અને ખરચ થઈ રહ્યું ત્યાર કેડે હરસુર પટગર

મહારાજને તેડવા આવ્યા ને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! તમે મારા બાપને વચન આપ્યું છે જે, 'સંતમંડળ સહિત અમે કુંડળ આવશું,' માટે હવે પધારો."

પછી મહારાજ કહે, "મુક્તાનંદસ્વામી તો ગઢડે છે તેમને તેડાવો." પછી પ્રસાદાનંદસ્વામી ને જ્ઞાનાનંદસ્વામી તેમને બોલાવીને છાતીમાં ચરણ આપ્યાં ને એમ બોલ્યા જે, "ગઢડેથી મુક્તાનંદસ્વામી આદિ સંતને તેડીને આવો. અને ત્યાંથી રાતે ચાલજો જેથી દરબાર ખાલી ન જણાય." અમને એમ કહીને, પછી નારાયણ પટેલને બોલાવીને કહ્યું જે, "કાલ ગઢડેથી સંતો આવશે માટે વીશ-પચીશની (વધારે) રસોઈ કરાવજો." પછી આરતી, ધૂન ને શ્લોક બોલી, પગે લાગીને બેઠા. અને પછી પ્રશ્નઉત્તર થયા ને કીર્તન બોલ્યા ને મહારાજે વાતો કરી. પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા ને પછી પોઢ્યા.

સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. તે સમયે મુક્તાનંદસ્વામી આદિ સંત આવ્યા ને મહારાજને દંડવત જ્યાં કરે છે ત્યાં તો મહારાજ કહે, "આવો મળીએ." પછી મળીને પગે લાગીને બેઠા. પછી મહારાજ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને વાત પૂછવા લાગ્યા. અને તે પણ દેશકાળની વાત કરતા જાય ને મહારાજ પણ પૂછતા જાય. પછી બ્રહ્માનંદસ્વામીએ કીર્તન ઉપાડ્યાં જે, *'રૂપાળો રંગરેલ રે વાલો લાગે રૂપાળો.'* પછી બીજા પદ બોલ્યા જે, *'તમે નાના જીવન કુંવર નંદના, વાલા રોકો મા વાટ.'* પછી એ જ્યાં ગાઈ રહ્યા ત્યાં બ્રહ્મચારી બોલ્યા જે, "જમવા પધારો." પછી મહારાજ ઊઠ્યા ને (સંતો પ્રત્યે) એમ બોલ્યા જે, "અમે તમારે સારુ રસોઈ કરાવી છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહેમાનને શી ચિંતા હોય ? ચિંતા તો ઘરધણીને હોય, અને મહેમાન તમે તેડાવ્યા તેથી આવ્યા છીએ."

❋ પુરુષપ્રયત્નના સારંગપુરના ૧૧મા વચનામૃતનો પ્રસંગ :

પછી મહારાજ હસતા હસતા જમવા પધાર્યા અને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમીને સંતોને થાળ મોકલાવ્યો. પછી વસ્ત્ર પહેરીને થોડી વાર પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. અને સંતોને કહ્યું જે, "વાજાં લઈને આવજો." પછી સંતો પગે લાગીને સરોદા, દુકડ, સિતાર ને મંજિરાં લઈને ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ત્યારે પ્રશ્નઉત્તર કરવા માંડ્યા. તે મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "પુરુષપ્રયત્ને કરીને કેટલું કામ થાય છે ને ભગવાનની કૃપાએ કરીને કેટલું કામ થાય છે ?" પછી તેનો ઉત્તર મહારાજે કર્યો. પછી સંત ગોડી બોલ્યા ને મશાલો થઈ. પછી આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામી કીર્તન બોલ્યા જે, *'વ્રજમાં એક સમે વ્રજરાજ કે આડો લીધલો રે લોલ, રોષે રાતાં થયાં છે નેણ ક્રોધ બહુ કીધલો રે લોલ.'* એ ગાઈ રહ્યા પછી મહારાજ પ્રશ્નઉત્તરની વાત કરતા જાય ને આનંદ ઉપજાવતા જાય ને મંદમંદ હસતા જાય. પછી જય સ્વામિનારાયણ કહીને મહારાજ પોઢવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

પછી પ્રાતઃકાળે જાગીને સ્નાનવિધિ કરીને ભારે પોશાક પહેરી ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. અને સંતમંડળ સર્વે પગે લાગીને બેઠા. પછી ગવૈયા સંત વાજાં લઈને વિષ્ણુપદ ગાવા લાગ્યા. પછી મહારાજ ચપટી વજાડીને ઘેરે સાદે કરીને બોલતા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળમાં જે ભાત-ભાતનાં ભોજન તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી દૂધ, ભાત ને સાકર જમીને ચળુ કરી, મુખવાસ લીધો. પછી જેનો થાળ હતો તેણે પૂજા કરી. પછી ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા

પધાર્યા. તે પલવટ વાળીને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. અને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોશાક પહેરીને જરાક વાર બિરાજ્યા.

❊ અમરા પટગરના કારજમાં કુંડળ પધાર્યા :

પછી ઘોડી સાબદી કરાવી ને અસવાર થઈને કાઠીના અસવાર, પાળા ને સંતમંડળ તેમણે સહિત જે ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. અને ગામમાંથી સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **અમરા પટગર**ના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે આવીને આથમણે મુખારવિંદે બિરાજમાન થયા અને સંતમંડળ સર્વે પગે લાગીને બેઠા. પછી મશાલો આવી ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી સંતે કીર્તન ઉપાડ્યાં જે, *'લાગ્યો મારે નટવરથી નેડો.'* અને બીજા પદ બોલ્યા જે, *'પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે આવો અંતરજામી.'* પછી સાવજ હૂંકવા માંડ્યો. તેને સાંભળીને મહારાજ કહે, "સાવજ બોલે છે." ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "પાણીએ કરીને ભાલ ભરાણો છે, તેથી સાવજ આ દેશમાં આવ્યા છે." ત્યારે નિત્યાનંદસ્વામી શ્લોક બોલ્યા જે,

दुःखितास्तु त्रयो यान्ति, सिंहाः सत्पुरुषाः गजाः।
प्रस्थानं नहि मुञ्चन्ति, मृगाः काकाः कापुरुषाः॥[1]

પછી મહારાજ બોલ્યા જે, "નાવા મોડા જાજો." એમ કહીને થાળ જમવા બિરાજ્યા ને સંત પણ ઉતારે ગયા. અને મહારાજ જમીને પોઢ્યા. અને વહેલા જાગી નિત્યવિધિ કરીને પોશાક પહેરીને આથમણે મુખારવિંદે આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સંત પણ વાજાં

૧. હાથી, સિંહ અને સત્પુરુષો જ્યારે દુઃખ પડે ત્યારે પોતાના મૂળ સ્થાનનો મોહ મૂકી બીજે સ્થાને જતા રહે છે. જ્યારે મૃગલાં, કાગડા અને કાયર પુરુષો મરે છતાં પોતાના સ્થાનનો મોહ છોડી શકતાં નથી.

લઈને આવીને પગે લાગીને બેઠા ને ગાવા લાગ્યા. અને ગાઈ રહ્યા પછી પ્રશ્ન-ઉત્તર થાવા માંડ્યા અને મહારાજ જે શંકા કરે તે કોઈથી ઉત્તર ન થાય. પછી મહારાજ તેનો ઉત્તર કરે.

પછી થાળ જમવા પધાર્યા ને જળે કરીને હાથ ને ચરણ ધોવરાવ્યા. પછી થાળ જમતા જાય ને જળપાન કરતા જાય. અને થાળ જમીને રસોઈવાળાને અપાવ્યો. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા અને મુખવાસ લઈને સંતની પંક્તિ ઉત્તર-દક્ષિણ બેઠેલી, ત્યાં પલવટ વાળીને મોતૈયા લાડુ પીરસવા લાગ્યા. તે પાંચ વાર પંક્તિમાં ફર્યા અને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઢોલિયે આવીને બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "ઘોડે પલાણ માંડો." ત્યારે હરસુર પટગર બોલ્યા જે, "હે મહારાજ ! કાલ રહો તો રસોઈ આપીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે રસોઈ જમવા નથી આવ્યા, અમે તો અમરા પટગરના પ્રેમ ઉપર આવ્યા છીએ." એમ કહીને જળપાન કર્યું.

❊ ખાંભડાના વચનામૃતનો પ્રસંગ :

પછી ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **ખાંભડે** પધાર્યા. અને હમણાં બેઠક કરી છે તે પીપરના વૃક્ષ હેઠે ઢોલિયે આવીને ઘોડીએથી ઊતરીને બિરાજમાન થયા. પછી સંત કીર્તન બોલ્યા જે, *'રૂપાળો રંગરેલ રે વાલો લાગે...'* પછી મહારાજ કહે, "કીર્તન રાખો." પછી વાત કરવા લાગ્યા. તે સાંભળીને ગામનાં મનુષ્ય કહે, "હે મહારાજ ! અમને વર્તમાન ધરાવો." પછી જળ મંગાવીને વર્તમાન ધરાવ્યાં. પછી મહારાજ બોલ્યા જે, **"ધર્મવાળા જે મનુષ્ય હોય તેને સહેજે આવા સંતનો સમાગમ ગમે અને જે અધર્મને માર્ગે ચાલે તેને સંતનો સમાગમ ન ગમે."** એ પ્રકારની બહુ વાત કરી. પછી મહારાજ કહે, "લાવો ઘોડી." તે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **સારંગપુર** પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા

ઉપર બિરાજમાન થયા. સંત અને હરિજન આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી કીર્તન ઉપાડ્યાં જે, *'વાલીડા મોહન ચાલતા વાટમાં.'* પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને સભાને રજા આપી. પછી જમીને પોઢ્યા.

સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી બિરાજ્યા. તે સમયે બ્રહ્માનંદસ્વામી મહારાજને પૂછવા ગયા જે, "આ ગામમાં છ-સાત સંતને જમવાની આજ્ઞા છે, તે અમે કેમ કરીએ ?" ત્યારે (આજુબાજુ જોઈને) મહારાજ કહે, "કોઈ સેવક છે ?" ત્યારે પાંચ-છ હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! અમારે રસોઈ આપવી છે." પછી મહારાજ ઓરડે આવીને બિરાજ્યા. અને સંતની સભા થઈ ને પ્રશ્નઉત્તર થયા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "થાળ જમવા પધારો." પછી થાળ જમી ચળુ કરી, મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતને પીરસવા પધાર્યા. અને પાંચ વાર પંક્તિમાં ફરીને જળે કરી હાથ ધોયા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢીને જાગ્યા. પછી જળપાન કરીને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ આવીને બિરાજમાન થયા.

❋ દીનાનાથ ભટ્ટના ઘરમાં મનુષ્યને ભૂત વળગ્યું :

તે સમે દીનાનાથ ભટ્ટના ઘરમાં મનુષ્યને ભૂત વળગ્યું'તું. પછી મહારાજે પોતાના સ્વરૂપની વાત કરીને નિશ્ચય કરાવ્યો ત્યારે તે ગયું. પછી મશાલો આવી ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "હવે પ્રશ્ન પૂછો ?" ત્યારે સંતે મહારાજને પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર મહારાજે કર્યો અને કહે જે, "કાંઈક શંકા કરો." ત્યારે સંતો હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હવે કાંઈ શંકા નથી." પછી મહારાજ કહે, "બોલો કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'હેલી જોને આ નંદકુમાર સલૂણો શોભતા.'*

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા અને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી, ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંત સર્વે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "**સત્સંગિજીવન** નામે જે ગ્રંથ તેમાંથી તમે ભણનારા છો તે **નારાયણગીતા, હરિગીતા, સતીગીતા, યોગરતન, મનુષા, જ્ઞાનામૃત** અને **ધર્મામૃત** એ જે ગ્રંથ, તે તમે શતાનંદમુનિને પૂછીને લખજો." એમ કહીને પછી પ્રશ્નઉત્તર કરવા લાગ્યા.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જમવા બિરાજ્યા. પછી જમીને સંતને પીરસવા પધાર્યા ને શીરો પીરસતા જાય ને તાણ કરીને આપતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઉતારે જઈને પોઢ્યા. અને જાગીને પછી જળપાન કરીને બિરાજ્યા. ત્યાં તો હરિભક્તને પૂજા કરવી હતી તે આવીને પૂજા કરી. પછી મહારાજ ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંત સર્વે આવ્યા ને પગે લાગીને બેઠા અને વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલીને બેઠા. પછી મહારાજના ચરણનો સ્પર્શ કરીને બ્રહ્માનંદસ્વામી છંદ બોલ્યા. પછી કીર્તન ઉપાડ્યાં જે, *'મેં તો સર્વે સંગાથે તોડી રે સુણ બેની.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને કથાનો આરંભ કરાવ્યો. તે અધ્યાય પૂરો થયો પછી મહારાજ પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી. પછી ઓરડાની ઓસરી ઉપર ઢોલિયે આવીને બિરાજમાન થયા. પછી એમ બોલ્યા જે, "મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદસ્વામી, તમે જે લખતા ન હોય તે સંતોને તેડીને ગઢડે જાઓ." એમ આજ્ઞા કરીને કથાનો આરંભ કરાવ્યો. પછી અધ્યાય પૂરો થયો. પછી થાળ જમીને તે પ્રસાદ ચાલનારા સંતોને

મોકલાવ્યો ને પછી પોઢ્યા. થોડી વાર પછી જાગીને જળપાન કર્યું ને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંતો આવીને પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી સંત વાજાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા જે, 'મારે મોલે આજ્યોજી નંદકુમાર.' પછી બીજા પદ બોલ્યા જે, *'મોરે બાલમ મોરે બાલમ હાંજી મોરે.'* પછી તે ગાઈ રહ્યા પછી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ ચાલનારા સંતોને મળ્યા. પછી ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને હાથ ધોવરાવીને પછી થાળ જમ્યા. અને તે થાળ સંતને મોકલાવ્યો. પછી મહારાજે કથાનો આરંભ કરાવ્યો. પછી કથાની સમાપ્તિ કરાવીને પોઢ્યા.

સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી કથાનો આરંભ કરાવ્યો. અને કથામાં 'હરે હરે!' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા જાય. ને **કોઈને દુઃખિયો દેખીને 'રામ રામ' એમ બોલવાનો સહજ સ્વભાવ છે.** અને મહારાજની મૂર્તિનાં જે ચિહ્ન ને સ્વાભાવિક ચેષ્ટા તે તો વચનામૃતમાં લખેલાં છે, તેથી હું હમણાં આ ઠેકાણે નથી કહેતો. પછી કથાનો અધ્યાય પૂરો થયો ત્યારે મહારાજ થાળ જમવા બિરાજ્યા. પછી જમીને જળપાન કરીને મુખવાસ લઈને પોઢ્યા.

અને જાગીને જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી હરિગીતાની કથાનો આરંભ કરાવ્યો. પછી મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા ને કથાની સમાપ્તિ કરાવી. પછી આરતી-ધૂન કરી, શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી સંત કીર્તન બોલ્યા જે, *'નેણામાં નાથજી આવો રાખું રે.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા અને થાળ જમીને પોઢ્યા. પછી સવારે જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને

બિરાજમાન થયા. એવી રીતે નિત્ય પ્રત્યે સંતમંડળને દર્શન દેતા થકા ને આનંદ ઉપજાવતા થકા **સારંગપુર**ને વિષે રહેતા હવા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે સારંગપુર જન્માષ્ટમી-ઉત્સવ, ત્યાંનો વચનામૃતકાળ તથા કુંડળ અમરા પટગીરનો અક્ષરવાસ,' એ નામે સુડતાલીશમો વિશ્રામ ॥૪૭॥

વિશ્રામ - ૪૮

કારિયાણીમાં સુરત, બુરાનપુર તથા દીવબંદરના ભક્તોએ કરેલી પૂજા અને દીપોત્સવ તથા અન્નકૂટ-ઉત્સવ

પછી એક દિવસ ગામ **કારિયાણી**ના હરિભક્ત વસ્તા ખાચર, ઘેલો હાળિકો, ખોડો મોટકો, પટેલ રાઘવ ને કરશન ને કાનો સતાપરો ઈત્યાદિક હરિજન મહારાજ પાસે આવ્યા ને પગે લાગીને બેઠા. મહારાજે સમાચાર પૂછ્યા. પછી તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે અમારે ગામ સંતમંડળે સહિત પધારો. ત્યારે મહારાજ બોલ્યા જે, "રસોઈ કરાવા સારુ બળતણનું કેમ કરશો ?" ત્યારે રાઘવ પટેલ બોલ્યા જે, "શેલડીના વાડને સારુ સાંઠીઓ ભેગી કરી છે. તે અમે રસોઈ કરવા આપશું." ત્યારે મહારાજ કહે, "કાલ જમીને ચાલીએ."

ત્યાં તો ગામના હરિજનને ખબર થઈ, તેથી સર્વે ભેળા થઈને આવ્યા ને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હમણાં તો નહીં જવાય." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તાણ બહુ કરે છે, તે હમણાં જઈએ ને પછી આંહીં આવશું." એમ કહીને થાળ જમવા પધાર્યા. પછી જમીને વસ્તા ખાચર, દાદા ખાચર, જીવા ખાચર એમને થાળ આપ્યો. પછી મહારાજ ચળુ કરીને મુખવાસ લઈને પોઢ્યા. પછી થોડી વાર કેડે

જાગીને જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી રાવળ રવાજ ને કાંશિયાં લઈને ગાવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "રાખો." પછી લૂગડાં આપ્યાં. પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા. પછી કથાનો આરંભ કરાવ્યો. પછી અધ્યાય પૂરો થયો ત્યારે થાળ જમ્યા. પછી ચળુ કરી જળપાન કરીને પોઢ્યા. પછી વહેલા જાગી નિત્યવિધિ કરીને થાળ જમ્યા ને પોશાક પહેરીને ઘોડીએ પલાણ મંડાવી, ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા.

પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ત્યારે સર્વે ગામનાં મનુષ્ય આબાલ-વૃદ્ધ તે વળાવવા આવ્યાં. ને એમ બોલ્યા જે, "આ અક્રૂરના સંગી ક્યાંથી આવ્યા ! કામકાજ કરતાં ભગવાનનાં દર્શન કરતા'તા તે મહારાજને તેડી ચાલ્યા, હવે ક્યારે પાછાં દર્શન થાશે !" ત્યારે મહારાજ બોલ્યા જે, "કારિયાણીના હરિભક્તને અમારી બહુ તાણ છે, તેથી અમે જઈએ છીએ ને પછી આંહીં આવશું." એમ હરિજનને ધીરજ આપી. પછી ચાલ્યા તે ગામ **વજેલી**એ આવ્યા.

પછી ત્યાંથી જે ચાલ્યા તે ગામ **કારિયાણી** આવ્યા ને વાજતેગાજતે **વસ્તા ખાચર**ના દરબારમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને સંતમંડળ ધર્મશાળામાં ઊતર્યા. પછી આરતી-ધૂન કરી, શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી પોશાક ઉતારીને જળે કરીને ચરણ ધોવરાવ્યા ને થાળ જમવા પધાર્યા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા ને પછી પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો, ને પોશાક પહેરી ચાખડીએ ચડીને ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને

બિરાજમાન થયા. પછી સંતમંડળને તેડાવ્યા. પછી સંત પ્રશ્ન પૂછે ને તેની વાત મહારાજ કરે. પછી થાળ જમવા પધાર્યા. પછી જમી ચળુ કરીને મુખવાસ લઈને પલવટ વાળી સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા, તે પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી જળપાન કરીને ભારે પોશાક પહેરી ઘોડાં સાબદાં કરાવ્યાં અને મહારાજ ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ **ઝમરાળા**ને માર્ગે ઘોડી ઉપાડી. તે ગામ **સમઢિયાળા**ને માર્ગે થઈને ચાલ્યા આવે તે સોનાને રંગે છત્ર બિરાજે છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને રાવળ આગળ ગાતા આવે છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ઢોલ ને શરણાઈ વાગી રહ્યાં છે; એવી રીતે (ફરીને પાછા) વસ્તા ખાચરના દરબારમાં આવ્યા ને ઘોડીએથી ઊતરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

❊ કારિયાણીમાં દિવાળીનો અન્નકૂટ-ઉત્સવ કર્યો :

પછી વસ્તા ખાચર ઊભા થઈને હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! દિવાળીનો ઉત્સવ મારે કરાવવો છે, તેથી સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી ને દેશદેશના હરિજન તેમને કંકોતરી મોકલીને તેડાવો.” ત્યારે મહારાજ કહે, “ઠીક.” પછી મહારાજે નિષ્કુળાનંદસ્વામી તથા આનંદસ્વામીને આજ્ઞા કરી, તેથી દેશદેશના હરિભક્ત તથા સંત ઉપર કંકોતરીઓ મોકલાવી. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી મહારાજે અંગૂઠા પાસેની જે આંગળી તેની સાને કરીને, પ્રસાદાનંદસ્વામી ને નારાયણાનંદસ્વામી તેમને બોલાવીને કહ્યું જે, “તમે ગઢડે જઈને મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળને તેડી લાવો.” એમ કહીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી અમે ચાલ્યા તે ગઢડે જઈ મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી જે સંતમંડળ તેમને ખબર કર્યા. પછી સંતો ચાલ્યા તે કારિયાણી આવ્યા. તે સમે મહારાજ ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર

બિરાજમાન હતા. તે વખતે સંતોએ આવીને દંડવત કર્યા. પછી મહારાજ ઊભા થઈને મળ્યા ને દેશકાળની વાત પૂછી. પછી સંત કીર્તન બોલ્યા જે, *'આલી મેરે દિલકી જાન બાત મેરમ, યાર કનૈયા રંગ ભિનારી... આલી મેરે દિલકી.'*

પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ થાળ જમવા પધાર્યા ને જમીને થાળ સદ્‌ગુરુને મોકલાવ્યો. પછી સંતમંડળને પીરસવા પધાર્યા, તે બિરંજની રસોઈ વખાણતા જાય ને પીરસતા જાય. પછી જમાડીને જળે કરીને હાથ ધોઈને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. પછી પોશાક પહેરીને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતોને બોલાવ્યાં ને ગવૈયા સંતને મહારાજ કહે, "વાજાં લેતા આવો." પછી પગે લાગીને સંત ગાવા લાગ્યા અને મહારાજે આનંદસ્વામીને નેત્રની સાને કરીને બોલાવીને કહ્યું જે, "અન્નકોટની સામગ્રી કંદોઈને બોલાવીને તૈયાર કરાવો."

પછી મશાલો થઈ, ને પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થાય ને કીર્તન ગવાય. પછી દેશ દેશના હરિભક્તના સંઘ આવવા માંડ્યા. મહારાજ તેના ઉતારા રાઘવ પટેલ પાસે બોલાવીને અપાવે. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને ચળુ કરીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા.

❊ સુરતના જાદવજીએ કરેલી ભેટ-પૂજા :

પછી સંત ને હરિજનની સભા થઈ અને **સુરત** શહેરના જાદવજીભાઈ મહારાજને બેસવા સારુ સેજવટ(છપરપલંગ) લાવ્યા. પછી તે ઓસરી ઉપર બિછાવ્યો ને ભારે ગાદલું બિછાવી ઓશીકું ને ઢીંચણિયાં મૂક્યાં. મહારાજ ભારે પોશાક પહેરીને તેના ઉપર બિરાજમાન થયા. પછી પુષ્પના હાર પહેરાવ્યા, ચંદનની અર્ચા કરીને છાતીમાં ચરણ લીધાં

અને પગે લાગીને ભેટ મેલી ને પાસે બેઠા. પછી મહારાજે સુરતના હરિભક્ત જે બાઈભાઈ તેમની ખબર પૂછી. ત્યારે તેના ઉત્તર જાદવજીએ દીધા અને વળી હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આબાલ-વૃદ્ધ હરિજનને મહારાજના દર્શનની બહુ ઈચ્છા છે. માટે કરુણા કરીને દર્શન દેવા ને અમને પાવન કરવા સારુ સુરત શહેરમાં પધારો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અરદેશર શેઠને પણ અમારા દર્શનની ઈચ્છા છે, તેથી અમે આવશું." ત્યારે તે વાત સાંભળીને સુરતના હરિજન બેઠા હતા તે સર્વે રાજી થયા ને પગે લાગીને બેઠા.

પછી બ્રહ્મચારી બોલાવવા આવ્યા, તેથી મહારાજ થાળ જમવા પધાર્યા ને પોશાક ઉતાર્યો. પછી જળે કરીને ચરણકમળ ધોવરાવ્યાં. મહારાજ થાળ જમતા જાય ને પૂછતા જાય જે, "થાળ કોનો છે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "રસોઈવાળાનો થાળ છે." પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને ઊભા. ત્યારે રસોઈવાળા હરિજન પૂજા કરવા આવ્યા ને અર્ચા કરીને પુષ્પના હાર પહેરાવીને પગે લાગ્યા.

પછી મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે ખેસનો છેડો એક ખભે નાંખીને કેડે બાંધીને પીરસતા જાય ને લાડવાની તાણ કરતા જાય. પછી ચાખડીએ ચડીને ઊભા, ત્યાં તો **દીવબંદરની** કોરનો સંઘ આવ્યો ને સામાન મેલીને મહારાજના ચરણનો સ્પર્શ કરીને ઊભો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ ઉતારા કરો." એમ કહીને મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરીને ઘડીક પોઢ્યા. પછી જાગી જળપાન કરીને પોશાક પહેરી ચાખડીએ ચડીને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ સેજવટ બિછાવેલો તેના ઉપર આવીને બિરાજમાન થયા.

પછી સર્વે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે પગે લાગીને બેઠા. ત્યાં તો બુરાનપુર, વડોદરા, કાનમ, વડનગર, વીસનગર, શ્રીનગર આદિ સર્વે દેશોના સંઘ આવવા માંડ્યા. તે સર્વે મહારાજને

દંડવત કરીને ચરણનો સ્પર્શ કરીને પગે લાગતા જાય ને મહારાજ તેમને બોલાવતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "જાઓ ઉતારા કરો."

પછી મુનિમંડળ વાજાં લઈને વિષ્ણુપદ બોલવા લાગ્યા જે, *'સુન રે સખી યહ નંદકે છોરા.'* પછી મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા. પછી આરતી-ધૂન કરી, શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "માંહોમાંહી પ્રશ્નઉત્તર કરો." પછી મહારાજે પ્રશ્નના ઉત્તર કરીને વાત કરી. પછી મહારાજ બોલ્યા જે, "હવે કીર્તન બોલો, સભા શૂન્ય થઈ ગઈ છે." પછી ઝીલણિયાં કીર્તન બોલ્યા જે, *'હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી વતું કરાવ્યું; ને ઉષ્ણ જળે કરીને નાયા. અને ભારે સુવર્ણમય ડગલી ને સુરવાળ પહેર્યાં, ને મસ્તકે ભારે રેંટો બાંધ્યો, ને ખભે એક રેંટો નાંખ્યો, ને એક રેંટો કેડે બાંધ્યો, ને હાથમાં રૂમાલ લઈ ચાખડીએ ચડીને ઓરડાની ઓસરીએ આવી સેજવટ ઉપર બિરાજમાન થયા.

❊ બુરાનપુરના ભક્તોએ કરેલી પૂજા :

તે સમયે **બુરાનપુરના** હરિજન પૂજા કરવા આવ્યા, તે મહારાજે જે પોશાક પહેર્યો હતો તે ઉતરાવીને જરિયાનમય સુરવાળ ને ડગલી પહેરાવ્યાં. અને જાંબુ રંગનો રેંટો મસ્તક ઉપર બંધાવ્યો, ને કેડે એક રેંટો બંધાવ્યો, ને એક ખભે નંખાવ્યો, ને પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ ધરાવ્યા. પછી ભેટ મેલી પગે લાગીને મહારાજ પાસે બેઠા.

ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો ઓસરીની હેઠે મંચ નાંખીએ." ત્યારે મહારાજ કહે, "નાખો." પછી મંચ નંખાવ્યો તેના ઉપર પાળાનો હાથ ઝાલીને મહારાજ બિરાજમાન થયા. પછી હરિજન મહારાજની પૂજા કરતા જાય ને બેસતા જાય. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! સંતને સારુ રસોઈ તૈયાર થઈ છે,

તે જમવા પધારો." પછી મહારાજ પાળાનો હાથ ઝાલીને ઊતર્યા ને ચાખડીએ ચડીને પધાર્યા ને પોશાક ઉતારીને જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને બેઠા. ત્યારે જેમનો થાળ હતો તેમણે પૂજા કરી.

પછી હાથમાં રૂમાલ લઈને ચાખડીએ ચડીને મુનિની પંક્તિમાં પીરસવા આવ્યા ને મોતૈયા લાડવા પીરસવા માંડ્યા. અને મહારાજની કેડે સંતો વડાં, ભજિયાં, પાપડ, અથાણાં, શાક ને દાળ તે પીરસતા જાય. અને મહારાજ પણ તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા, ને જળપાન કરીને પોશાક પહેર્યો, ને ચાખડીએ ચડીને સભામાં પધાર્યા, ને પાળા જે ભગુજી તેનો હાથ ઝાલીને મંચ ઉપર આવીને બિરાજમાન થયા. પછી મુનિમંડળ તથા બ્રહ્મચારી ને સંન્યાસી તે સર્વે પગે લાગીને બેઠા. અને હરિજન પણ આવતા જાય ને મહારાજના ચરણનો સ્પર્શ કરીને પૂજા કરતા જાય ને બેસતા જાય.

પછી નિષ્કુળાનંદસ્વામીએ દીવા કરાવ્યા ને મશાલો થઈ. પછી સંત ગોડી બોલ્યા જે, *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી.'* પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "સિતાર, સરોદા ને દુકડ મંગાવો." પછી મંગાવીને ગાવા લાગ્યા, ને મશાલો બળે, ને દીવા ચારેકોરે કરેલા તે જેવો શ્વેતદ્વીપ શોભે તેવી શોભા થઈ. અને હજારો મનુષ્યની સભા બેઠેલી. તે સર્વે મહારાજની મૂર્તિ સામે જોઈ રહ્યા છે ને ગવૈયા ગાય છે; એવી રીતે જ્યારે પોર રાત ગઈ ત્યારે મહારાજ કહે, "હવે રાખો."

પછી ફૂલના હાર ગવૈયાને આપ્યા ને મહારાજ ઉતારે પધાર્યા. અને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા. પછી વહેલા જાગી નિત્યવિધિ કરીને ભારે ભારે વસ્ત્ર પહેરી ચાખડીએ ચડીને પધાર્યા ને

મંચ ઉપર બિરાજમાન થયા. પછી સર્વે સંત ને હરિજન આવીને પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થવા લાગ્યા ને મહારાજ તેની વાત કરતા જાય. પછી થાળ મહારાજ જમવા પધાર્યા ને પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પાંચ વાર પંક્તિમાં લાડુ પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને ભારે પોશાક પહેર્યો ને ચાખડીએ ચડીને સભામાં પધાર્યા ને મંચ ઉપર આવીને બિરાજમાન થયા. પછી મશાલો થઈ ને દીપમાળ પૂરી, ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા.

⁕ દીવબંદરના પ્રેમી હરિભક્તની પૂજા સ્વીકારી :

તે સમે **દીવબંદર**ના (પ્રેમબાઈ) હરિજને મહારાજની પૂજા કરવા સારુ પ્રાર્થના કરી. ત્યારે મહારાજ મંચ ઉપરથી ઊતરીને સભામાં થઈને (તેમની સામે) પધાર્યા. તે જે પોશાક પહેર્યો હતો તે ઉતારીને પાળાને આપ્યો ને એક ખેસ પહેરેલો રાખ્યો. પછી હરિજને મહારાજની પૂજા કરી અને બુટ્ટાદાર સુરવાળ, હીરની નાડી ને બુટ્ટાદાર ડગલી તે મહારાજને પહેરાવ્યાં; ને એક ભારે રેંટો મસ્તકે બંધાવ્યો, એક ખભે નંખાવ્યો ને એક કેડે બંધાવ્યો; ને પુષ્પના હાર પહેરાવ્યા ને પીળું છત્ર હાથમાં આપ્યું. પછી મહારાજ ચાખડીએ ચડીને તે પોશાક પહેરીને પાછા સભામાં થઈને મંચ ઉપર બિરાજ્યા.

પછી એમ બોલ્યા જે, **"આટલાં આટલાં વર્ષ થયાં અમે સત્સંગમાં છીએ ને લાખો હરિજન અમારી પૂજા કરવા આવે છે; પણ આ હરિભક્તની પેઠે અમે કોઈની પૂજા સામા જઈને લીધી નથી."** ત્યારે સંત બોલ્યા જે, "એ હરિભક્ત એવા જ પ્રેમી છે." પછી એવા સમામાં દીનાનાથ ભટ્ટ આવીને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે

સર્વે પોશાક ઉતારીને ભટ્ટને આપ્યો અને પાળા પાસે જે પોશાક હતો તે પહેર્યો. પછી વાત કરવા લાગ્યા, તે સંત પૂછતા જાય ને તેનો ઉત્તર મહારાજ કરતા જાય. પછી જ્યારે રાત પહોર ગઈ ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરી ચાખડીએ ચડીને પધાર્યા ને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી ગામોગામના હરિજન ભેળા થઈને મહારાજની પૂજા કરવા આવ્યા. તે પૂજા કરતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય ને ભેટ મેલતા જાય. પછી અન્નકોટ પૂરી રહ્યા ને પછી મહારાજ આવીને ઊભા ને આનંદસ્વામીએ આરતી ઉતારી. પછી હરિજન ભેટ મેલવા આવ્યા, તે ભેટ મેલતા જાય ને મહારાજને પગે લાગતા જાય.

પછી મહારાજ જમવા બિરાજ્યા ને નાના પ્રકારનાં ભક્ષ, ભોજ્ય, લેહ્ય ને ચોષ્ય એવાં જે ભોજન તે જમતા જાય ને જળપાન કરતા જાય. તે સમયનો થાળ *'સખી આનંદની વાત કહું આજ રે, મેં તો નેહે.'* પછી ચળુ કરીને મુખવાસ લઈને પછી બોલ્યા જે, "થાઓ પંક્તિ." પછી પંક્તિ થઈ ને કેળનાં પનવાડાં નંખાવ્યાં ને પલવટ વાળીને બરફી, પેંડા ને મોતૈયા લાડવા ને નાના પ્રકારનાં જે બીજા પકવાન તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જે વ્યંજન, પાપડ, વડાં, ભજિયાં ને અથાણાં તે સંતો તાણ કરીને પીરસતા જાય. પછી મહારાજના હાથ જળે કરીને ધોવરાવ્યા.

☀ કારિયાણીમાં દીપોત્સવ :

પછી વસ્તા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! સંઘને સીધું આપીને જમાડવા છે." પછી મહારાજે આનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "સંઘમાં જેને ખપે તેને જમાડો ને બીજાને સીધાં આપો." પછી મહારાજ ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને 'નરનારાયણ

સ્વામિનારાયણ' એવે નામે અંકિત સુરવાળ ને ડગલી પહેર્યાં, ને ભારે રેંટો મસ્તકે બાંધ્યો, ને ખંભે બુરાનપુરી સેલું નાંખ્યું. પછી ચાખડીએ ચડીને સભામાં પધાર્યા ને મંચ ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંત ને હરિજન મહારાજને પગે લાગીને બેઠા અને પુષ્પના હાર લાવીને મહારાજને પહેરાવ્યા. પછી સંત ગોડી બોલ્યા જે, *'ફૂલના પેરી રે જામા ફૂલના પેરી, શોભે શામળિયો સુજાણ, જામા ફૂલના પેરી.'*

પછી મશાલો થઈ ને સંત આરતી બોલ્યા જે, *'આરતી કીજે સહજાનંદસ્વામી.'* પછી ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી નિષ્કુળાનંદસ્વામીએ દીપમાળ પૂરી અને ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'મોરે બાલમ મોરે બાલમ, હો મોરે હો..'* પછી બીજા પદ બોલ્યા જે, *'વહાલી લાગે છેલાજી થારી વાંસરી..'* પછી મહારાજ કહે, "રાખો." એમ કહીને ગવૈયા સંતને ફૂલના હાર આપ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જલપાન કરીને પોઢ્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને ચાખડીએ ચડીને પધાર્યા ને છપરપલંગ ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતમંડળ ને હરિજન મહારાજને પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થાવા લાગ્યા ને તેમાં મહારાજ શંકા કરે ત્યારે મુનિમંડળ હાથ જોડીને બોલે જે, "હે મહારાજ ! એનો ઉત્તર તો તમે કૃપા કરીને કરો." પછી મહારાજ તેના ઉત્તર કરે. પછી એમ બોલે જે, "કરો શંકા." ત્યારે મુનિમંડળ બોલે જે, "હે મહારાજ ! હવે શંકા નથી."

પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી મહારાજ ચાખડીએ ચડીને ચાલ્યા, તે ઉતારે ગયા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમી ચળુ કરીને મુખવાસ લીધો ને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને

ચાખડીએ ચઢીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગીને જળપાન કરીને પોશાક પહેરીને ચાખડીએ ચડીને પધાર્યા ને પલંગ ઉપર આવીને બિરાજમાન થયા.

પછી સંતો મહારાજને પગે લાગીને બેઠા અને હરિજન મહારાજને ભેટ મેલતા જાય ને પગે લાગતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "હવે સમૈયા થઈ રહ્યા છે, તેથી સંઘ જે દેશ દેશના હોય તે ચાલી નીકળજો. અને મુનિ, બ્રહ્મચારી ને સંન્યાસી તે તો હમણાં રહેશે." ત્યારે હરિજન હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! ઘરનાં કામકાજ તો હંમેશાં હોય, પણ મહારાજનાં દર્શન ક્યાંથી મળશે ! જેને સારુ મોટા મોટા જોગી તપ કરી કરીને દેહને સૂકવી નાંખે છે તોપણ સ્વપ્નમાં દર્શન નથી થાતાં." ત્યારે મહારાજ કહે, "રહો." પછી હરિજન પણ રહ્યા. પછી મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા. પછી પગે લાગીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે સંત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર સંતમંડળથી ન થયો ત્યારે મહારાજે ઉત્તર કર્યો. પછી 'જય સચ્ચિદાનંદ' કહીને મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરી પોશાક ઉતારીને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટપુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'કારિયાણીમાં સુરત, બુરાનપુર તથા દીવબંદરના ભક્તોએ કરેલી પૂજા અને દીપોત્સવ તથા અન્નકૂટ-ઉત્સવ,' એ નામે અડતાલીસમો વિશ્રામ ॥૪૮॥

વિશ્રામ - ૪૯

કારિયાણી, બોટાદ તથા લોયાની લીલા

❊ સંશોધિત ગ્રંથમાં ભૂલ કાઢનાર મુક્તમુનિને થાળ આપ્યો :

(કારિયાણીમાં) પછી મહારાજ પ્રભાતે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ આવીને પલંગ ઉપર બિરાજ્યા. પછી સર્વે સંતો મહારાજને પગે લાગીને બેઠા. પછી ભણનારા સંતોને ગામ સારંગપુરમાં મહારાજે **સત્સંગિજીવન**માંથી **હરિગીતા** ને **જ્ઞાનામૃત** વિગેરે લખવા આપ્યાં હતાં. તે પુસ્તક પૂરાં થયાં, તે લાવીને મહારાજના હાથમાં આલતા જાય ને મહારાજ તે પુસ્તકના અક્ષર વખાણતા જાય ને શુકમુનિને આલતા જાય ને લહિયાને છાતીમાં ચરણ આલતા જાય. પછી મહારાજ બોલ્યા જે, “આ લખીને શોધેલાં જે પુસ્તક તેમાંથી જે એક અક્ષર(ભૂલ) કાઢે તેને થાળ આપીએ.”

પછી પુસ્તક જોવા લાગ્યા. પછી તે જોયામાંથી મુક્તાનંદસ્વામીએ અનુસ્વાર કાઢ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, “કેને થાળ આલવો ?” પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! તમારે સ્વામીને થાળ આલવાનો થયો. કેમ જે, સર્વે ભણનારાએ જોઈ શોધીને ગ્રંથ મેલ્યા હતા.” પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને જમીને મુક્તાનંદસ્વામીને થાળ મોકલાવ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા, તે પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા.

પછી થોડી વાર કેડે જાગીને જળપાન કર્યું અને ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ પધાર્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સર્વે મુનિમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી ને હરિજન તે પગે લાગીને બેઠા. પછી ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા જે, *‘આવના*

મેરે મનકે મેરમ સલૂને સાવરે.' પછી બીજા પદ બોલ્યા જે, *'મેં બંદી તેરી ચરણ લગાય રે.'* ને વળી બીજા જે, *'આંખડલી રસભરી રંગ રાતી.'*

પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો શ્લોક." પછી ભણનારા સંત બોલવા લાગ્યા. પછી થોડી વાર કેડે મહારાજ કહે, "હવે રાખો." પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને ઢોલિયે બિરાજ્યા ને પછી પોઢ્યા. પછી પ્રભાતે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી ચાખડીએ ચડી ઉગમણા બારના ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સંતમંડળ પણ મહારાજને પગે લાગીને બેઠા.

❋ કારિયાણીમાં મહારાજ મૂળા જમ્યા ને સૌને જમાડ્યા :

પછી મૂળાની ગાંસડીઓ આવી. ત્યારે મહારાજ કહે, "લાવો." પછી મહારાજ હાથમાં લઈ લઈને આપવા માંડ્યા. તે સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તે સર્વેને આપીને મહારાજ જમ્યા. પછી નાના નાના પરમહંસને બોલાવીને પ્રશ્નઉત્તર કરાવ્યા. પછી બ્રહ્મચારી કહે, "થાળ થયો છે." ત્યારે મહારાજ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારી સ્નાન કરીને, પીતાંબર પહેરીને થાળ જમવા બિરાજ્યા. જમી ચળુ કરીને મુખવાસ લઈ ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પધાર્યા. અને લાડવા પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ઉતારે પધાર્યા.

પછી વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડી ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી મહારાજ કહે, "પ્રશ્ન પૂછો." ત્યારે સંત પ્રશ્ન પૂછે ને તેનો ઉત્તર મહારાજ કરે. પછી મહારાજ કહે, "કરો શંકા." ત્યારે સંત કહે જે, "હે મહારાજ ! જરાય શંકા નથી." ત્યારે મહારાજ કહે, "બોલો ગોડી." ત્યારે સંત બોલ્યા જે, *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી.'* પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "બોલો

કીર્તન." ત્યારે સંત બોલ્યા જે, *'તમે મીઠું બોલીને મન લીધું રે મીઠડા બોલાજી.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને બિરાજ્યા. પછી જળપાન કરીને પોઢ્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી, વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઉત્તરાદે બાર ઓરડે મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી દેશદેશના હરિજન મહારાજને પગે લાગી, ભેટ મેલીને, રજા માંગીને ચાલવા માંડ્યા. સંતો વાજાં લઈને ગાવા લાગ્યા. પછી બ્રહ્મચારી તેડવા આવ્યા, તે ચાખડીએ ચડીને મહારાજ જમવા પધાર્યા. પછી સ્નાન કરી થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને બિરાજમાન થયા. ત્યાં તો જેની રસોઈ હતી તે હરિજન હાથ જોડીને ઊભો.

ત્યારે મહારાજ કહે, "શું છે ?" ત્યારે તે બોલ્યો જે, "હે મહારાજ ! સંતોને પીરસવા પધારો." ત્યારે મહારાજ તરત ઊઠ્યા ને જે પલવટ વાળીને પીરસવા લાગ્યા, તે તાણ કરતા જાય ને લાડુ પીરસતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. જલપાન કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થયા. કાઠી પણ સર્વે ઘોડે પલાણ માંડીને તૈયાર થયા. અને માતરા ખાચર, વેલા ખાચર, વસ્તા ખાચર ને ઘેલો હાળીકો એ આદિ સર્વે મહારાજને પડખે ચમર કરી રહ્યા છે, ને રાવળ રવાજ ને કાંસિયાં વજાડીને ગાતા જાય છે.

❊ કારિયાણીમાં બાર કોશિયે કૂવે જઈ શેરડી જમાડી :

પછી એવી રીતે વસ્તા ખાચરને બાર કોશિયે કૂવે પધાર્યા. તે કૂવો રામાનંદસ્વામીએ માંચા ખાચર પાસે ગળાવ્યો છે. તે એક સમે રામાનંદસ્વામી સભા કરીને બિરાજ્યા ત્યારે બોલ્યા જે, "માંચાભક્ત ! આ ઠેકાણે એક કૂવો કરો." ત્યારે માંચાભક્ત બોલ્યા જે, "તમારી આજ્ઞાએ કરીને કરીશ." તે કૂવે સંતનાં મંડળ, બ્રહ્મચારી, સંન્યાસી ને

હરિજન તેમણે સહિત મહારાજ વાજતે ગાજતે પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને સભા કરીને બિરાજ્યા ને શેરડી લઈ લઈને હરિજન આવ્યા. પછી મહારાજે પ્રસાદી કરીને આનંદસ્વામી પાસે સર્વેને અપાવી. પછી ચાર ઘડી ત્યાં બિરાજ્યા.

પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા અને દરબારમાં આવીને ઘોડીએથી ઊતરીને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ મંચ ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતમંડળ સર્વે પગે લાગીને બેઠા. ત્યારે સંત ગોડી બોલ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા અને પગે લાગીને બેઠા. પછી ગવૈયા સંત વાજાં લઈને ઠૂમરી રાગનાં કીર્તન ગાવા લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, "હવે વાજાં રહેવા દ્યો ને પ્રશ્નઉત્તર કરો." પછી પ્રશ્નઉત્તર કરવા લાગ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમીને ગવૈયા સંતને મોકલાવ્યો ને પછી પોઢ્યા.

❊ બોટાદ તથા લોયા પધારવાની ભક્તોની પ્રાર્થના :

સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરી, વસ્ત્ર પહેર્યાં અને ચાખડીએ ચડીને હાથમાં રૂમાલ લઈને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ પધાર્યા. ત્યાં મંચ ઉપર આવીને બિરાજમાન થયા ને સંતમંડળ પગે લાગીને બેઠા. તે સમે ગામ **બોટાદ**થી ભગા દોશી ને અદા શેઠ આદિ હરિજનોએ શેઠ હીરા અને ચકુ વડોદરિયાને મહારાજ પાસે (કારિયાણી) મોકલ્યા. તે મહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે સર્વે સંતમંડળ સહિત ગામ બોટાદ પધારો અને અમને સર્વે હરિજનોએ મળીને મોકલ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સાંજે તમને જવાબ દેશું."

પછી મહારાજ જમવા પધાર્યા અને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પાંચ વાર પીરસીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ

ખુરશી ઉપર બિરાજ્યા અને સંતો જમીને ચળુ કરીને ઓસરી ઉપર આવીને બેઠા. તે સમે ગામ **લોયે**થી સુરા ખાચર આદિ હરિજને કાગળ લખાવીને મોકલ્યો જે, "હે મહારાજ ! તમે સંતમંડળે સહિત અમારાં ઘર પાવન કરવા પધારો." એમ કાગળ લખીને નારાયણજી જોષીને મોકલ્યા. તે કાગળ મહારાજને પગે લાગીને આપ્યો. પછી તે પત્ર મહારાજે શુકમુનિ પાસે વંચાવ્યો. પછી મહારાજ બોલ્યા જે, "કાલ આપણે ચાલીએ."

ત્યારે ગામ **ઝમરાળા**ના જીવા દવે હાથ જોડીને બોલ્યા જે, "કાલ રસોઈ અમારા ગામની છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાલ જમીને ચાલીએ." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "લોયા ગામ નાનું છે, તેથી શાક નહિ મળે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જંગલમાં મંગલ કરશું." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ઠીક મહારાજ." પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢીને જળપાન કર્યું. પછી વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને પધાર્યા ને ઓસરીમાં છપરપલંગ ઉપર આવીને બિરાજમાન થયા ને સંતમંડળ પગે લાગીને બેઠા.

પછી મશાલો થઈ ને આરતીધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કાલ જમીને બોટાદ થઈને ગામ લોયે જાવું છે." પછી સંત કીર્તન બોલ્યા જે, *'તમે મીઠું બોલીને મન લીધું રે મીઠડા બોલાજી.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને થાળ જમ્યા ને ચળુ કરીને ઢોલિયે બિરાજ્યા ને સભા થઈ. પછી મહારાજે કાઠી જે અલૈયા ખાચર ને સોમલા ખાચર ને વસ્તા ખાચર ને દાદા ખાચર એ આદિકને મહારાજે બોલાવ્યા, ને ઘોડાનાં વખાણ કરતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "અમે ચડીએ છીએ તે માણકી ઘોડી હારે એકેય ઘોડું ન આવે." એમ કહીને પછી મહારાજ પોઢ્યા.

પછી સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને થાળ જમ્યા. અને મુખવાસ લઈને ચાખડીએ ચડી સંતમંડળને પીરસવા પધાર્યા. તે પીરસતા

જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી બોલ્યા જે, "લાવો પોશાક." પછી પોશાક પહેરીને ઘોડીએ અસવાર થયા ને કાઠીના અસવાર પણ સાબદા થઈને આવ્યા. પછી ચાલ્યા તે બેય કોરે ચમર થઈ રહ્યાં છે, ને ઢોલ શરણાઈ વાગી રહ્યાં છે, ને સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી, હરિજન, કાઠી ને પાળા તે સર્વે સાથે છે; ને ગુલાલ ઊડી રહ્યો છે, ને કારિયાણીના જે આબાલવૃદ્ધ હરિજન તે સર્વે મહારાજને વળાવવા આવ્યા. ને એમ બોલે જે, "હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો ?"

❊ બોટાદની વિવિધ લીલા :

પછી મહારાજ બોલ્યા જે, "અમે આવશું." એમ હાથ ઊંચો કરીને બોલ્યા, ત્યારે સર્વે રાજી થયા. પછી સર્વેને પાછા વાળ્યા ને ચાલ્યા તે ગામ **લાઠીદડ** પધાર્યા. ત્યાં ગામના હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **બોટાદ** આવ્યા. પછી ગામમાંથી સામૈયું આવ્યું તે ઢોલ, શરણાઈઓ ને નાના પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે, ને બંધૂકના અવાજ થઈ રહ્યા છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને કાઠીના અસવાર ને હરિજન તે સામા આવ્યા ને વાજતે ગાજતે ઊભી બજારે થઈને **દાહા ખાચર**ના દરબારમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતો આવીને પગે લાગીને બેઠા.

ત્યારે ભગા દોશી આદિ હરિજન બોલ્યા જે, "સંતમંડળ સારુ રસોઈ કરાવીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "કાઠી, પાળા ને સંતમંડળને સારુ કરાવો." પછી જ્યાં હમણાં મંદિર છે ત્યાં રસોઈ કરાવી. પછી મશાલો થઈ ને સંત આરતી-ધૂન ને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે.'* પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી મહારાજ જમવા પધાર્યા

ને પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમવા બિરાજ્યા, તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

❊ ગાડે બેસવા બાબતે સંતોને મહારાજનો ઠપકો :

પછી ભગા દોશી આદિ હરિજન મહારાજ પાસે આવીને બેઠા. પછી મહારાજ પોઢ્યા ને હરિભક્તો ચરણ દાબતા જાય ને વાત કરતા જાય. પછી મહારાજે સર્વેને રજા આપી ને પછી પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને ચાલ્યા તે ગામ સોંસરા થઈને દાહા ખાચરના કૂવાથી ઉગમણી કોરે ઢોલિયે આવીને ઉત્તર મુખારવિંદે બિરાજ્યા અને સંતમંડળ સર્વે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “ગાડાં બેસવા કોને જોઈએ છીએ ?” ત્યારે સંતો સર્વે બોલ્યા જે, “અમારે તો નહિ જોઈએ.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “કાલ તો એકેય ગાડાં ભાગ આવવા દીધાં નહીં ને જેને બેસવું ન ઘટે તે પણ બેસીને આવ્યા.” ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “અમારે તો નહિ જોઈએ.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે જે સદ્‌ગુરુ છો તેમને તો હું ઘોડે કે હાથીએ કે પાલખીએ બેસારીશ; પણ બીજા સંતોને જોઈએ તો બોલો.” એ અંગેની ઘણીક વાત કરી. પછી બ્રહ્મચારી આવીને બોલ્યા જે, “હે મહારાજ ! થાળ થયો છે અને રસોઈ પણ થઈ છે.” પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને દરબારમાં ઊભી બજારે થઈને પધાર્યા અને શરણાઈ ને ઢોલ વાગી રહ્યાં છે. પછી ઘોડીએથી ઊતરીને પોશાક ઉતારીને સ્નાન કર્યું. પછી થાળ જમીને ચળુ કર્યું, ને મુખવાસ લઈને પાઘ બાંધી, ને પછેડી ઓઢીને મોજડી પહેરી, ને ચાલ્યા તે શેઠ અદાભાઈના ફળીમાં આવીને ઊભા. પછી જળે કરીને ચરણ ધોવરાવ્યા ને પલવટ વાળીને સંતોની પંક્તિમાં મોતૈયા લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય.

તે સમે ગામ **નાગડકા**થી સુરા ખાચર આદિ પંચવીસ અસવાર મહારાજને તેડવા(બોટાદ) આવ્યા. તે પગે લાગીને ઊભા, ત્યારે મહારાજ કહે, “જમવા બેસો.” ત્યારે તાંસળીઓ મંગાવીને બેઠા. ત્યારે મહારાજે સંતમંડળને પીરસ્યું, પછી કાઠીને પીરસ્યું ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઢોલિયે આવીને બિરાજ્યા. અને હરિજન મહારાજની પૂજા કરવા આવ્યા. તેમણે ભારે પોશાક પહેરાવ્યો, ને ચંદનની અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો, અને પુષ્પના હાર ને બાજુબંધ પહેરાવ્યા, ને તોરા પાઘમાં ખોસ્યા. પછી હરિજન ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય.

પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. તે સમે ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને બે કોરે ચમર થઈ રહ્યાં છે, ને કાઠીના અસવાર, પાળા ને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે ભેગા છે. પછી ગામના હરિજનને મહારાજે પાછા વાળ્યા, તે પગે લાગીને વળ્યા. પછી ચાલ્યા ત્યારે મહારાજને કહ્યું જે, “સંઘની ગાડીઓ વાંસે છે.” પછી ગામ **અણિયાળી**ને મારગે રસ્તાથી ઉગમણી કોરે ટેકરી છે તેના ઉપર ઘોડીએથી ઊતરીને બિરાજ્યા.

❊ લોયાની વિવિધ લીલા :

પછી સંઘ આવ્યો ત્યારે મહારાજ ઘોડીએ ચડીને ચાલ્યા, તે ગામ **બોડી** ગયા. ત્યારે **કેસરજી** હાથ જોડીને ઊભો હતો. તે કહે જે, “હે મહારાજ ! મારું ઘર પવિત્ર કરવા પધારો.” પછી મહારાજ પધાર્યા. પછી જે ત્યાંથી ચાલ્યા તે નદીમાં ઘોડા પાયા. પછી ત્યાંથી ગામ **લોયા** આવ્યા ને સામૈયું આવ્યું તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને જ્યાં હમણાં ઓટો કર્યો છે તે ઠેકાણે મંચ નાંખેલો, ને તેના ઉપર ઢોલિયો ને તેના ઉપર ગાદલું ને ઓછાડ ને તકિયો, તેના ઉપર આવીને બિરાજ્યા. અને મુનિમંડળ તે જ્યાં હમણાં કૂવો છે તે ઠેકાણે

માંડવો કર્યો હતો તેને હેઠે સભા બેસતી. ને વચાળે વંડી ઉપર મંચ નાંખેલો, તેથી મહારાજનાં દર્શન સર્વે બાઈભાઈને થાય.

પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચરણ સુરા ખાચરે ધોયા. શાંતિબાએ થાળ કરાવ્યો તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી જમીને ચળુ કરી થાળ સુરા ખાચર અને દાદા ખાચરને અપાવ્યો, પછી પોઢ્યા. વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક જે ગરમ પોસની રાતી ડગલી તે પહેરી છે, ને ચોફાળ ઓઢ્યો છે, ને ભારે પાઘ બાંધી છે, ને મંચ ઉપર આવીને બિરાજ્યા. સંતો પણ પાતાળિયા કૂવે જઈને વહેલા નાહી આવ્યા, ને તિલક કરીને કુંકુમના ચાંદલા કર્યા, ને પૂજા કરીને મહારાજને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "પૂછો પ્રશ્ન." ત્યારે સંત જે પૂછે તેના ઉત્તર મહારાજ કરે ને બોલે જે, "કરો શંકા." ત્યારે સંતો હાથ જોડીને બોલે જે, "હે મહારાજ ! હવે કાંઈ શંકા નથી." પછી બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." પછી મહારાજ ઊઠ્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું, ને બાજોઠ ઉપર ઉત્તરાદે મુખારવિંદે જમવા બિરાજ્યા. જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને રણછોડ સુરાણીની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "આત્માનંદસ્વામી ને ભગવદાનંદસ્વામી એ આદિ તમે ભણનારા છો, તેણે સંતોને પીરસીને જમવા બેસવું." ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "દાળ ને ખીચડી તે મારે કરવું." પછી સંતો પીરસનારા પીરસવા માંડ્યા. અને પાકી રસોઈ હોય ત્યારે મહારાજ પીરસે ને કાચી રસોઈ હોય ત્યારે સંતો પીરસે. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગ્યા ને જળપાન કરીને મંચ ઉપર આવીને બિરાજ્યા અને સંતો પણ પગે લાગીને બેઠા.

પછી મહારાજ કહે, "લાવો વાજાં." પછી મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા ગાવા લાગ્યા. પછી મશાલો આવી ને આરતી-ધૂન કરીને શ્લોક

બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો શ્લોક." પછી 'स्वामिंस्त्वं परमेश्वरः..' એ બોલી રહ્યા ત્યારે મહારાજ કહે, "બોલો બીજા." પછી સંતો ગોપીકાગીત ને જુગલગીત એ આદિ બોલ્યા. ત્યારે મહારાજ કહે, "રાખો." પછી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી સંતો વાજાં લઈને કીર્તન બોલ્યા. પછી જે દેશદેશના હરિજન દર્શન કરવા આવે તેને મહારાજ બોલાવતા જાય ને ખબર પૂછતા જાય. પછી **સંઘા પટેલ** પાસે ઉતારા દેવરાવે. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમ્યા. પછી ચળુ કરી મુખવાસ લઈને ચાખડીએ ચડી ઓસરીમાં ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા. અને સંતની પંક્તિ જમવા બેઠી. પછી સંત જમી રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા. પછી ઘડીક પોઢીને જાગ્યા ને જળપાન કરીને પોશાક પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા.

❊ મહારાજે સંતો પાસે સામસામા શ્લોક બોલાવરાવ્યા :

પછી સંત સર્વે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "પૂછો પ્રશ્ન." ત્યારે મુનિ પ્રશ્ન પૂછે ને તેનો ઉત્તર મહારાજ કરે. અને મહારાજ પ્રશ્ન પૂછે તેનો ઉત્તર કોઈને ન આવડે. પછી મહારાજ તેનો ઉત્તર પણ કરે. પછી મશાલો થઈ ને સંતો ગોડી બોલ્યા. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો શ્લોક." ત્યારે સંત જે બોલવા માંડ્યા તે સંતાનંદ(શાંતાનંદ ?) સ્વામીને ગીતા કંઠે, ત્યારે મહારાજ બોલ્યા જે, "અર્ધા એક કોરે ને અર્ધા એક કોરે, એમ સામસામા બોલો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "એમ તો સવાર લગી પાર નહીં આવે." ત્યારે મહારાજ બોલ્યા જે, "વીસ આ કોરે ને વીસ બીજી કોરે, એમ સામસામા બોલો." ત્યારે સંતો કહે, "ઠીક."

પછી શ્લોક સામસામા બોલવા માંડ્યા. પછી મહારાજ કહે, “કોની જીત થઈ ?” ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “નાના આત્માનંદ સ્વામીના પક્ષવાળા જીત્યા.” ત્યારે મહારાજ કહે, “જે જીત્યા તેને થાળ જમીને આપશું.” ત્યારે સામા બોલતા હતા તે કહે જે, “અમે ક્યારે શ્લોક બોલીએ એમ નથી ? બોલીએ છીએ.” ત્યારે નિત્યાનંદસ્વામી કહે, “રાત ઝાઝી ગઈ છે, હવે મહારાજને પોઢવા દ્યો.” પછી મહારાજ પોઢવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળપાન કરીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા.

પછી સંતમંડળ સર્વે નિત્ય નિયમ કરીને મહારાજને પગે લાગીને બેઠા ને હજારો મનુષ્યની સભા થઈ. પછી ગામ વઢવાણના દવે કૃષ્ણને મહારાજે બોલાવીને કહ્યું જે, “પ્રહ્લાદગીતા બોલો.” પછી તે પગે લાગીને બોલ્યા. પછી મહારાજ જમવા પધાર્યા, તે વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું ને થાળ જમીને જે રાતે શ્લોક બોલ્યામાં જીત્યા હતા તેને આપ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિ પાસે ઢોલિયે આવીને બિરાજ્યા. સંતો જમી રહેવા આવ્યા ત્યારે મહારાજ સુરા ખાચરના દરબારમાં પધાર્યા ને ઢોલિયે બિરાજ્યા. જળપાન કરીને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને જે ચાલ્યા તે મંચ ઉપર આવીને બિરાજ્યા. સંતો, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિભક્ત સર્વે પગે લાગીને બેઠા.

❋ લોયાના સાતમા વચનામૃતનો પ્રસંગ :

તે સમયે નિત્યાનંદસ્વામીએ વચનામૃતનું પુસ્તક લઈને મહારાજને આપ્યું. ત્યારે મહારાજે પાનાં ફેરવીને જોયાં ને જોઈને બહુ રાજી થયા. અને એમ બોલ્યા જે, “પ્રશ્ન પૂછો તો વાત કરીએ.” ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત પ્રશ્ન પૂછતા હવા ને તેના ઉત્તર મહારાજ કરતા હવા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલ્યા

ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "બોલો શ્લોક." ત્યારે સંતો બોલવા માંડ્યા. તે મહારાજ કહે, "કેની કોરની જીત થઈ ?" ત્યારે સંત બોલ્યા જે, "હમણાં તો બેય બરોબર છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "બેય કોરની જીત થઈ." એમ કહીને મહારાજ પોઢવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળપાન કરીને પોઢ્યા. ત્યાં તો આનંદસ્વામીએ સગડી કરાવી ને મહારાજ પાસે લાવ્યા, ત્યારે મહારાજ તાપવા બેઠા. ને સુરા ખાચર સંગાથે વાત કરતા જાય ને તાપતા જાય. પછી મહારાજ પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'કારિયાણી, બોટાદ તથા લોયા ગામની લીલાનું વર્ણન,' એ નામે ઓગણપચાસમો વિશ્રામ ॥૪૯॥

વિશ્રામ - ૫૦

લોયા વચનામૃતના પ્રસંગો, શાકોત્સવનું વર્ણન, ધર્મકુળનું આગમન

❊ માહાત્મ્ય સહિત નિશ્ચયવાળાના ગુણાનુવાદ :

પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી મંચ ઉપર આવીને બિરાજ્યા, અને સંતમંડળ પણ પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રશ્ન પૂછો." ત્યારે મહારાજ માહાત્મ્યે સહિત ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તેમાં જેવા જેવા હરિજનનાં અંગ, તેની વાર્તા એક બીજા કેડે કરવા લાગ્યા. તે **મુક્તાનંદસ્વામી** પૂર્વે સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે એમને હજારો મનુષ્ય માનતા, તેનો ત્યાગ કરીને શ્રીરામાનંદસ્વામીના શિષ્ય થયા, ને પછી સહજાનંદસ્વામીના શિષ્ય થયા. એવી રીતે ભગવાનને અર્થે પોતાના શિષ્યોનો ત્યાગ કર્યો. અને

દાદા ખાચરે પોતાનો વ્યવહાર પણ મહારાજ પરાયણ કરી રાખ્યો. અને મન, કર્મ, વચને કરીને મહારાજ જે વચન કહે તેમ વર્તે, પણ તેમાં જરાય શંકા કરે નહીં.

અને **રાજબાઈ** તથા **જીવુબાઈ** તથા **લાડુબાઈ** તથા **મોટાં રામબાઈ** તેમણે સર્વે સંસારનો ત્યાગ કર્યો ને મહારાજ પાસે રહ્યાં. અને મહારાજ પણ વઢીને સાસરવાસે મોકલે તો અન્ન ન જમે, ને ઘરનાં કામ પણ ન કરે, ને ભગવાનનું ધ્યાન કરે; એવી રીતે સંસારનો ત્યાગ કરીને રહ્યાં. અને કોઈ પુરુષને અડવું નહીં એવા આકરા નિયમ પાળે.

ગામ ડુસરના **ગલુજી** તે મહારાજ (તેને ગામ) પધાર્યા ત્યારે (લોકલાજ છોડી) મહારાજની ચાકરી કરી. અને મહારાજ ચાલ્યા ત્યારે મહારાજ ભેળા તૈયાર થઈને ચાલ્યા, ત્યારે માંડ માંડ પાછા વાળ્યા ને સંસારમાં રાખ્યા. અને ગામ **કઠલાલનાં બાઈ** હતાં. તે મહારાજ હરિજનને ઘેર રાત રહી જમીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, ત્યારે તે બાઈ તો જળનો ઘડો ભરીને આવ્યાં. ને મહારાજને કહે, "આ ઘડામાં જમણો અંગૂઠો બોળી આલો. આ જળ પાણી પીવાના કૂવામાં નાંખીશ. તે ચરણામૃતનું જળ પીશે ત્યારે લોક સત્સંગી થશે." ત્યારે મહારાજે અંગૂઠો બોળી આપ્યો ને કૂવામાં ચરણામૃતનું જળ નાંખ્યું. પછી હજારો મનુષ્ય સત્સંગી થયાં.

અને ગામ માનકૂવાના **મુળજી** ને **કૃષ્ણજી** તે પણ સંસાર-વહેવારનો ત્યાગ કરીને, મહારાજ પાસે આવ્યા, ત્યારે મહારાજે ખિજાઈને પાછા મોકલ્યા, તોપણ સંસારમાં જાણીને ગાંડાની પેઠે વર્ત્યા. પછી ઘરના માણસનો ત્યાગ કરીને મહારાજ પાસે આવ્યા. અને ગામ ગુંદાળીના **બે કાઠી** તે પણ મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ બેય સંતો આવીને ચોરે ઊતર્યા પણ એ ઘેર નહીં. ને ગામના મનુષ્યે સ્વામીને તુંકારા કરીને ગામમાંથી જાકારો દઈને કાઢ્યા. પછી તે કાઠી બહારગામ ગયા'તા તે આવ્યા ને ઘરના મનુષ્યે વાત કરી. તેથી જળ પણ પીવા ન રહ્યા ને

ઢાલ-તલવાર લઈને ચોરે ગયા અને જઈને જે હાકોટો કર્યો કે, "અમારા ગુરુને તમે ગામમાંથી જાકારો કેમ કીધો ?" પછી તે ગામના કુસંગી બોલ્યા જે, "બીજા ભેખધારી આવે, પણ સ્વામિનારાયણના સંત આ ગામમાં નહીં." ત્યારે સત્સંગી બોલ્યા જે, "આ ગામમાં રહીને અન્નજળ ન લેવું." પછી તે ઉચાળા(ઘરનો સામાન) ગાડામાં ભરીને ચાલ્યા, ને ગરમાં(જંગલમાં) ઉચાળા મેલીને જે ગામનો ત્યાગ કર્યો હતો તે ગામમાં લડીને દૈત્યનો નાશ કર્યો.

વાળાક દેશના **સામંત પટેલ** તે પણ ઘરનો ત્યાગ કરીને ચાલ્યા ત્યારે ગામમાં ઉપાધિ થઈ. તેને સંતે સમજાવીને સંસારમાં રાખ્યા. પછી પ્રહ્લાદજીની વાત કરી. પછી **માતાજી** ને **લાધીબાઈ** તે સંસારનો ત્યાગ કરીને પરમેશ્વરને ભજતાં હતાં, તે સંબંધી બહુ પ્રકારની વાત કરી. અને માતાજી તો ઉદેપુર રાજાની રાણી હતી. તેને પરાણે દારૂ પાવા માંડ્યો, ત્યારે મહેલ ઉપરથી પડતું મેલ્યું, ત્યારે મહારાજે દર્શન દીધાં ને રક્ષા કરી.

પછી **રાણા રાજાગર**ની વાત કરી જે, "પોતાના ગામમાં જમ આવ્યા, તેને મારીને કાઢ્યા. અને પાંચ દિવસ આગળથી પોતાના મૃત્યુની ખબર પડી ને કહે, 'મારો દેહ નહિ રહે.' પછી તે ગામને ચોરે જઈને ગામનાં મનુષ્ય આગળ વાત કરી. ત્યારે તે સર્વે સાચું ન માને. પછી જમીને પાંચમે દિવસ બોલ્યા જે, 'આવો, જેને ભગવાનના ધામમાં આવવું હોય તે.' પછી તો કોઈ ન બોલ્યા. ત્યારે તે રાણો કહે, 'મા ! મને છોકરો આપ.' ત્યારે તે બોલી જે, 'દીકરો લઈ જા ને મને ક્યારે તેડી જાઈશ ?' ત્યારે રાણો બોલ્યો જે, 'મારા બારમાને દિવસ તેડી જાઈશ." ઈત્યાદિક ઘણીક પોતાના સ્વરૂપના નિશ્ચયની વાત કરી જે, **"મારા સ્વરૂપનો માહાત્મ્ય સહિત નિશ્ચય હોય તે મારા વચનને વિષે ફેર ન પાડે."**

પછી મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "બોલો શ્લોક."

પછી સંતો સામસામા બોલવા માંડ્યા. પછી મહારાજ કહે, "હવે રાખો ને પ્રશ્નઉત્તર કરો." પછી મહારાજ નાના નાના સંતને પ્રશ્ન પૂછતા જાય ને તેનો ઉત્તર પણ પોતે કરતા જાય. પછી બ્રહ્મચારી જળ લાવ્યા, તેને પીને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા.

❊ અંગરખું ફાટે ત્યાં લગી પહેરજો..! :

પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી મંચ ઉપર આવીને બિરાજ્યા. તે સમે એક ભણેલો બ્રાહ્મણ બેઠેલો, ને તે ટાઢે કરીને ધ્રૂજતો હતો. ત્યારે મહારાજે જે ચોફાળ ઓઢ્યો હતો તે એને આપ્યો. પછી એ સમયે એક બાઈએ અંગરખું પહેરાવ્યું. તે પહેરાવીને પછી એમ બોલી જે, "એ અંગરખું ફાટે ત્યાં લગી પહેરજો." ત્યારે મહારાજ કહે, "સારું." પછી તરત આળસ મરડી, ત્યારે બેય ખભેથી અંગરખાના લીરા ઊતર્યા. પછી સર્વે હરિભક્ત એમ બોલ્યા જે, "એમ ન બોલી હોત તો મહારાજ પહેરી રાખત." પછી ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કર્યા. ને થાળ જમીને ચળુ કર્યું ને ચાખડીએ ચડીને સંતની પંક્તિ પાસે ઢોલિયે આવીને બિરાજ્યા. સંતો જમી રહેવા આવ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા.

❊ ઉત્તરાયણને દિવસ તલનો પ્રસાદ :

પછી જાગીને જળે કરીને મુખારવિંદ ધોઈને જળપાન કર્યું ને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા. સંતો પણ પગે લાગીને બેઠા. ત્યારે ઉત્તરાણનો દિવસ હતો, તેથી તલના સૂંડલા ભરીને હરિજને મહારાજની આગળ મેલ્યા. ત્યારે મહારાજે ખોબા ભરી ભરીને સંતો, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, કાઠી અને હરિભક્ત સર્વેને આપવા માંડ્યા. અને ગામના સત્સંગી પણ તલના સૂંડલા ભરીને લાવવા માંડ્યા અને ગોળ લાવ્યા. ત્યારે મહારાજ કહે, "ગોળ અમે નહિ આપીએ, પણ લાવો

પ્રસાદી કરી આપીએ." પછી સર્વેને તલ આપી રહ્યા ત્યારે મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી.'*

❋ લોયામાં શાકોત્સવ કર્યો :

પછી ગામ **ખોલડિયાદ**ના ખેંગાર પટેલ ઘીનું ગાડું ભરીને રસોઈ દેવા આવ્યા. ત્યારે ગામ અલાઉથી રીંગણાંનાં ચોકિયાં (ચાર બળદ જોડેલા) ગાડાં ભરીને રીંગણાં લઈ આવ્યા. તે રીંગણાં મહારાજની પાસે લાવીને મેલ્યાં. ત્યારે મહારાજ કહે, "લાવો શાક કરીએ." પછી નિષ્કુળાનંદસ્વામી પાસે શાક કરવા સારુ રંગાડાં મંગાવ્યાં. અને જ્યાં મહારાજ બેસતા તેથી ઉત્તરાદી કોરે ફળીમાં ચૂલું કરાવી. પછી મહારાજે એક એક વંતાકની ચાર-ચાર ચીરી કરાવીને વઘાર મેલાવ્યો અને મહારાજ વઘારતા જાય ને રંગાડામાં નાંખતા જાય. પછી જ્યારે ચડવા આવે ત્યારે લાકડાને સરવે (કડછી જેવું સાધન) કરીને હલાવે ને પછી મીઠું, મરચું, હળદર, જીરું ને ધાણા તે માંઈ નાંખે. પછી ઘીનાં તપેલાં ભરી મેલ્યાં હોય તે માંઈ નંખાવે. પછી લાકડાના સરવા તેણે કરીને હલાવે. પછી જ્યારે ચડી રહે ત્યારે છાશ કરવાની ગોળીઓ મંગાવે ને ડોયે કરીને શાક કઢાવીને ગોળીઓમાં નંખાવે. અને રાધા ને લક્ષ્મી તેમની સખીઓ જે, જયા ને લલીતા એ આદિ મહારાજ પાસે કામકાજમાં રહેતાં. અને નવ-દશ મણ ઘી માંઈ નાંખતા, તે પ્રમાણે હવેજ નાંખતા; એવી રીતે એંસી-નેવું મણ વંતાકનું શાક કરતા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરી થાળ જમવા જાય ને શાક પણ મંગાવીને જમતા જાય. પછી ચળુ કરી મુખવાસ લઈને સંતની પંક્તિમાં આવીને ઊભા. અને જે ડંકા ભરી ભરીને આપતા જાય, તે તાણ કરતા જાય ને શાકને વખાણતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફરીને ઉષ્ણ જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન

કરીને પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા ને મુનિમંડળ પગે લાગીને બેઠા.

પછી ગવૈયા વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી શ્લોક બોલી રહ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી રેણકી છંદ બોલ્યા, ને પછી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "કરો પ્રશ્નઉત્તર." પછી તે સમયે બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો." પછી તરત ઊઠ્યા ને જમીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી પ્રશ્નઉત્તર થાવા મંડ્યા ને જે પ્રશ્નના ઉત્તર સંતને ન આવડે તેના ઉત્તર મહારાજ કરતા જાય ને સંતમંડળ અને દેશના હરિભક્તને આનંદ ઉપજાવતા જાય. પછી મહારાજ કહે, "બોલો શ્લોક." પછી એક કોરે આત્માનંદ સ્વામી ભણનારા અને બીજી કોરે ભગવદાનંદસ્વામી ભણનારા. પછી જે સામસામા બોલવા માંડ્યા તે બોલતાં બોલતાં અરધી રાત થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે રાખો." પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જ્યાં જળપાન કરે છે, ત્યાં તો અમૂલાબાઈ દૂધ ને સાકર લાવ્યાં, તે મહારાજને પાયું. પછી જળના કોગળા કરીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને ગરમ પોસની રાતી ડગલી પહેરીને મસ્તકે પાઘ બાંધી. અને ચોફાળ ઓઢીને જ્યાં મંચ ઉપર બેસવા આવે છે, ત્યાં તો જયા ને લલીતા આદિ બાઈઓ વંતાકનું શાક કરતાં હતાં ત્યાં જઈને ઊભા ને શાકની સર્વે રીતી બતાવી. તેના ઉપર પ્રેમાનંદસ્વામીએ કીર્તન કર્યું છે જે, *'સાંભળ સજની લીલા પુરુષોત્તમ તણી.'* પછી મહારાજ પોશાક ઉતારીને થાળ જમીને ચળુ કરીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને શાક વખાણતા જાય અને વાંસે સંત રોટલી પીરસતા જાય. પછી પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી વસ્ત્ર પહેરીને મંચ ઉપર બિરાજ્યા અને સંતો પણ આવીને બેઠા.

❊ વાસુદેવ બ્રહ્મચારીને મોટેરા કર્યા :

ત્યારે મહારાજ કહે, "કરો પ્રશ્ન." પછી સંત પ્રશ્ન પૂછે તેનો ઉત્તર મહારાજ કરે ને એમ બોલે જે, "કરો શંકા." ત્યારે સંત કહે જે, "મહારાજ ! જરાય શંકા નથી." પછી મહારાજ બોલ્યા જે, "અમે વાસુદેવ બ્રહ્મચારીને મોટેરા કરીએ છીએ." ત્યારે દેવાનંદસ્વામી સંન્યાસી બોલ્યા જે, "એ મોટેરા કરવા જોગ્ય છે." પછી મહારાજ મંચ ઉપરથી ઊતરીને પગે લાગ્યા. પછી મહારાજ પાછા મંચ ઉપર બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ કહે, "સામસામા શ્લોક બોલો." પછી સંત બોલવા લાગ્યા. પછી મહારાજ કહે, "કેના પક્ષમાં જીત થઈ ?" ત્યારે સંત બોલ્યા જે, "બેય બરોબર છીએ." ત્યારે મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને શયન કરવા પધાર્યા ને જળપાન કરીને વસ્ત્ર ઉતારીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી શાક કરવા પધાર્યા. પછી શાક કરીને મંચ ઉપર આવીને બિરાજ્યા.

તે સમયે બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો." પછી વસ્ત્ર ઉતારીને જમવા બિરાજ્યા ને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી વંતાકનાં શાક પોતાનાં કરેલાં તે જમતા જાય ને વખાણ કરતા જાય. પછી જમીને ચળુ કરી મુખવાસ લીધો ને ચાખડીએ ચડીને સંતને પીરસવા પધાર્યા. અને શાકના ડંકા ભરી ભરીને આપતા જાય ને સંતને જમાડતા જાય. પછી ભંડારી જે પીરસનારા તેમને પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા.

પછી નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "જેને ખપે તે સર્વે વાસણ લાવો, તમને પણ શાક આપીએ." પછી ગામ-પરગામના જે હરિજન તે આવીને લઈ ગયા. પછી મહારાજ પોઢ્યા હતા તે જાગીને જળપાન કરીને ચાખડીએ ચડીને પધાર્યા ને મંચ ઉપર આવીને બિરાજમાન થયા. પછી

ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને જમીને પાછા મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી પ્રશ્નઉત્તર કરવા લાગ્યા ને મહારાજ જે આશંકા કરે તે કોઈથી ઉત્તર ના થાય. પછી મહારાજ તેનો ઉત્તર કરે. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'હેલી જોને આ નંદકુમાર સલૂણો શોભતા.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

❋ હળદરવાળાં વસ્ત્ર સુરા ખાચરે માગી લીધાં :

પછી સવારે વહેલા જાગીને વતું કરાવ્યું અને સ્નાન કરીને નિત્યવિધિ કરી વસ્ત્ર પહેર્યાં. પછી પાસે રહીને શાક કરાવ્યું. એક દિવસ શાકમાં ઘી ને હળદર નાંખી, તેનાથી હળદર ચોંટેલા ચીકણા હાથ થયા; તે પહેરેલા ખેસ અને રૂમાલે લૂછ્યા, તેથી અંગ પીળું થયું. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "કુબજાને ઘેર ગયા હતા ત્યારે પીઠી નહીં ચોળી હોય ?" ત્યારે મહારાજ જરાક મરક્યા. પછી સુરા ખાચર બોલ્યા જે, "એ ખેસ ને રૂમાલ તમે મને આપજો, હું તમને બીજો ખેસ ને રૂમાલ આપીશ."

❋ પોતાને ગામ લઈ જવા ઝીણાભાઈ દિલગીર થયા :

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "રાતે ઝીણાભાઈ મારી પાસે આવીને દિલગીર થયા જે, મહારાજ ને સર્વે સંત મારે ઘેર હુતાશનીનો સમૈયો કરો અને સંત ને મહારાજ ઘેર ન આવે ત્યારે અમારે પણ ઘરમાં રહેવાનું શું કામ છે ? એમ બોલ્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, **"ભગવાન ને સંત પોતાને ઘેર આવે ત્યારે રાજી થાવું અને ન આવે તોપણ રાજી રહેવું જોઈએ."** ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "તમે ને સંત પધારો ત્યારે અમે ને ઘરનાં સર્વે મનુષ્ય રાજી થઈએ અને તમે ને સંતમંડળ ન આવો ત્યારે અમારી સમૃદ્ધિ શા કામ આવે ? અને એમ તો

અમારે સમભાવ નથી થયો જે તમે ન આવો ત્યારે રાજી રહેવાય. તમે જ્યારે આવીને અમારાં ઘર પાવન કરો ત્યારે અમારે રાજી રહેવાય." એ પ્રકારની ઘણીક વાત કરી.

પછી મહારાજ જમવા પધાર્યા, તે થાળ જમીને ચળુ કર્યું અને મુખવાસ લઈ ચાખડીએ ચડીને સંતને શાક પીરસવા પધાર્યા. અને ડંકા ભરી ભરીને આપતા જાય ને તાણ કરતા જાય. પછી પીરસનારા સંતને પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા અને ચાખડીએ ચડીને દરબારમાં પધાર્યા. એવી રીતે દાદા ખાચર આદિ હરિજનની વંતાકની રસોઈ પંદર થઈ ને પછી પોઢ્યા. પછી ઘડી વાર કેડે જાગીને બહિર્ભૂમિ જઈને હાથ મૃતિકાથી ધોવરાવ્યા. પછી ઉષ્ણ જળે કરીને સ્નાન કરીને શરીર લૂછ્યું. પછી સુરા ખાચરે મહારાજને ખેસ ને વસ્ત્ર પહેરાવ્યાં.

❊ હરિની મરજી ન હોવાથી પૂતળાં ન ચાલ્યાં :

પછી જળપાન કરીને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા અને સંત, બ્રહ્મચારી, સંન્યાસી ને હરિભક્ત તે સર્વે પગે લાગીને બેઠા. ત્યારે પૂતળાં રમાડનારો નાયક આવીને બોલ્યો જે, "હે મહારાજ ! તમારા સત્સંગીને પાટનાં પૂતળાં જોવામાં શો બાધ છે?" પછી મહારાજ બોલ્યા જે, "ગામ બહાર રમત કરો, જાઓ અમે આવશું." પછી ગામ બહાર જઈને પાટ(પૂતળા રમાડવાનું સ્ટેજ) ઊભો કર્યો. ત્યારે મહારાજ મોજડી પહેરીને ચાલ્યા, તે વોકળી ઊતરીને ઢોલિયો લાવ્યા તેના ઉપર આથમણે મુખારવિંદે આવીને બિરાજ્યા. અને નાયક કીર્તન બોલે જે, *'મેલ ધુતારા મેલ ધુતારા કહું છું ક્યારની પાલવડો મારો.'*

પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને નેત્રે કરીને સાન કરી. તે ઉપર બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં જે, *'નેણ કટારી નેણ કટારી સલૂણા શ્યામની રે.'* પછી તો તે નાયક પૂતળાં ઘણાં ચલાવવા માંડ્યો, પણ ન જ ચાલ્યાં. પછી તે બોલ્યા જે, "હે મહારાજ ! અમારાં કરમ ફૂટ્યાં."

ત્યારે મહારાજ કહે, “નહીં ફૂટે.” એમ કહીને પછી મહારાજે રૂપિયા અપાવ્યા ને બીજા હરિજને પણ આપ્યા.

પછી ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે, ને મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. અને સંતો પણ મહારાજની આગળ તાળી વગાડીને ગાતા જાય જે, *‘આજની ઘડી રે ધન્ય આજની ઘડી.’* પછી મહારાજ ઘોડીએથી ઊતરીને મંચ ઉપર બિરાજ્યા ને મશાલો થઈ. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંત બોલ્યા જે, *‘ચાલ સખી જોવાને રે જાયે.’* પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમીને પોઢ્યા.

❊ લોયામાં ધર્મકુળનું આગમન :

પછી સવારે જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને મંચ ઉપર બિરાજ્યા. સંત સર્વે પૂજા કરીને ચાંદલે સહિત તિલક કરી આવ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, “વાજાં લઈને ગાવણું કરો.” પછી મુક્તાનંદસ્વામી આદિ વાજાં લઈને ગાવા લાગ્યા. પછી ગાઈને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે ‘મહારાજના ભાઈ ઈચ્છારામ તે પધારે છે’ એવી ખબર આવી. પછી મહારાજને સંભળાવ્યું ત્યારે મહારાજ કહે, “સામા જશો નહીં, કેમ જે અમારા ભાઈ થઈને કોઈક ઢોંગી આવતા હોય.”

પછી મહારાજ થાળ જમવા પધાર્યા અને જમીને ચળુ કર્યું ને મુખવાસ લીધો. પછી સંતની પંક્તિ થઈ ને મહારાજ **રણછોડ સુરાણી**ની ઓસરીમાં ઢોલિયે બિરાજ્યા. તે સમે **ઈચ્છારામભાઈ** આવ્યા. તેમની મહારાજના જેવી જ આકૃતિ જોઈને સર્વે સંત ને હરિજન તેમણે અનુમાન કર્યું જે, ‘આ તો મહારાજના ભાઈ ખરા !’ પછી મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે ખબર પૂછવા માંડી. ત્યારે જે જે નામ મહારાજ

લેતા જાય તેના ઉત્તર ઈચ્છારામભાઈ આપતા જાય. પછી મહારાજ ઊંચે સાદે કરીને બોલ્યા જે, "અમારા ભાઈ ખરા."

પછી મહારાજે હિંદુસ્તાની સંત જે બોલીમાં સમજે તેને સેવામાં રાખ્યા ને સોનીને ઘેર ઉતારો કરાવ્યો. પછી પાળાએ સાકરનાં સીધાં લઈને આપ્યાં. અને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી ઈચ્છારામભાઈ રસોઈ કરીને જમીને સભામાં આવ્યા. ત્યારે સભા સર્વે ઊભી થઈ ને ગાદીતકિયે આવીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "જોખન પાંડે કહાં હૈ ?" ત્યારે ઈચ્છારામભાઈ બોલ્યા જે, "કાલ સાંજે આવશે." ત્યારે મહારાજ કહે, "ઠીક." પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા અને પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને સગડી કરી, તેથી ઢોલિયા ઉપર તાપવા બિરાજ્યા. પછી સુરા ખાચર અને દાદા ખાચર સંગાથે વાત કરતા જાય ને તાપતા જાય. પછી જળપાન કરીને પોઢ્યા

સવારે વહેલા જાગીને દાતણ કર્યું. અને વતું કરાવીને ઉષ્ણ જળે સ્નાન કર્યું. પછી ખેસ અને ગરમ પોસની રાતી ડગલી પહેરી અને મસ્તકે પાઘ બાંધી, ને કેડે શેલું બાંધ્યું, ને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી સંત પણ પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો પ્રશ્ન." ત્યારે સંતોએ હાથ જોડીને પૂછ્યા. પછી તેના ઉત્તર મહારાજ કરે અને એમ બોલે જે, "એમાં કાંઈ શંકા હોય તો બોલો." ત્યારે સંત કહે જે, "હે મહારાજ ! કાંઈ શંકા નથી." પછી થાળ જમવા પધાર્યા. પછી પોશાક ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિ થઈ ત્યાં પધાર્યા ને ઢોલિયે બિરાજ્યા. પછી સંતો જમી રહેવા આવ્યા ત્યારે મહારાજ

ઉતારે પધાર્યા અને જળપાન કરીને પોશાક પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા અને સંતો પણ પગે લાગીને બેઠા.

ત્યારે ખબર આવી જે, 'રામપ્રતાપજી આવે છે.' ત્યારે નાજા જોગિયા બોલ્યા જે, "હે મહારાજ ! કહો તો ઘોડી લઈને સામો જાઉં." ત્યારે મહારાજ બોલ્યા જે, "સર્વે હરિજન, સંત, સંન્યાસી ને બ્રહ્મચારી તે સામા જાઓ, પણ જઈને વળગી પડશો નહીં; એમની મરજી પ્રમાણે પગે લાગજો." પછી ઘોડી મોકલી પણ તે રામપ્રતાપજી ન બેઠા, ને એમ બોલ્યા જે, "મહારાજનાં દર્શન કરીને બેસીશ." અને સર્વે સંત પણ છેટેથી પગે લાગ્યા. પછી ભાઈ એમ બોલ્યા જે, "મહારાજનાં દર્શન કરીને સર્વેને મળશું."

પછી જ્યારે ગામમાં આવ્યા ત્યારે મહારાજ સામા આવીને મળ્યા. પછી હાથ ઝાલીને એમ બોલ્યા જે, "મંચ ઉપર બેસો." ત્યારે રામપ્રતાપજી બોલ્યા જે, **"તમે સાક્ષાત્કાર ભગવાન છો, માટે તમે મંચ ઉપર બેસો, હું નહિ બેસું."** ત્યારે ભાઈને ગાદીતકિયો નંખાવી આપ્યો, તેના ઉપર ભાઈ બેઠા ને મહારાજ મંચ ઉપર બિરાજ્યા. પછી ભાઈ વાત કરવા લાગ્યા જે, "હે ઘનશ્યામ મહારાજ ! અમે તો તમને તીર્થમાં બહુ ખોળ્યા, પણ ક્યાંઈ ખબર ન જડ્યા. જ્યારે માયાજીતાનંદસ્વામીએ નાનપણની વાતુ કરી ત્યારે અમને ખબર પડી ને વાતમાં વિશ્વાસ આવ્યો.

પછી ઈચ્છારામ અને અમે તરત ચાલ્યા. તે દ્વારકામાં જાવાનું મિષ લઈને આવ્યા છીએ." એમ કહીને પછી સંતોને કહે, "આવો મળીએ." ત્યારે સંતો બોલ્યા જે, "આજ નહીં, તમે થાક્યા છો." ત્યારે ભાઈ બોલ્યા જે, "અમારા અનંત જન્મના થાક ઊતરી ગયા જે શ્રીજીમહારાજ ને સંત, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તેમનાં દર્શન થયાં !" એમ કહીને ઊભા થઈને જે મળવા માંડ્યા, તે સર્વેને મળ્યા. પછી મહારાજની પાસે રહેનારા જે સોમલા ખાચર આદિ પાળા તે મળવા આવ્યા. ત્યારે

ભાઈ બોલ્યા જે, "આ કોણ છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "સાંખ્યયોગી છે ને મહારાજ પાસે રહે છે." ત્યારે કહે, "આવો મળીએ." પછી મળ્યા ને ઉતારે પધાર્યા. પછી સંત ગોડી બોલ્યા. પછી મશાલો થઈ અને આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "લાવો વાજાં ને કીર્તન બોલો." પછી ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મહારાજ કહે, "રાખો." પછી 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરી પોઢ્યા. તે સમે સુરા ખાચર દૂધ ને સાકર લાવ્યા, તે મહારાજે પીને પ્રસાદી આપી. પછી જળના કોગળા કરીને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટપુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'લોયા વચનામૃતના પ્રસંગો, શાકોત્સવનું વર્ણન તથા ધર્મકુળનું આગમન,' એ નામે પચાસમો વિશ્રામ ॥૫૦॥

વિશ્રામ - ૫૧

લોયામાં ચંદ્રગ્રહણ, વસંત-ઉત્સવ તથા અમદાવાદના ભક્તોની પૂજા

❊ રામપ્રતાપજીએ કહેલી ચીભડી નિંદવાની લીલા :

પછી મહારાજ સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા. સંતો પણ મહારાજને પગે લાગીને બેઠા. પછી તે સમે રામપ્રતાપભાઈ ને ઈચ્છારામભાઈ તે બેય જણ આવ્યા, ત્યારે હજારો હરિજન ને સર્વે સંત ઊભા થયા. તે આવીને ગાદીતકિયા ઉપર બેઠા, ત્યારે સંતો પણ પગે લાગીને બેઠા. અને મહારાજનાં નાનપણનાં ચરિત્ર પૂછ્યાં. તે વાત રામપ્રતાપજી કહેવા લાગ્યા. એક સમે અમે ચીભડી નિંદવા ઘનશ્યામને આંગળી ઝાલીને લઈ ગયા. તે ચીભડી ઉપાડીને નાખી દે ને ઘાસ રહેવા દે. ત્યારે મેં

લપટાવ્યા(ઠપકો દીધો) તેથી રોતા રોતા ભૂતિયા કૂવામાં જઈને બેઠા. પછી અમે ઘેર આવીને પૂછ્યું, ત્યારે તો કહે, “અહીં નથી આવ્યા.” પછી અમે નામ લઈને બોલાવતા બોલાવતા કૂવા પાસે ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, ‘હમ તો આંઈ હે.’ પછી મેં હાથ ઝાલીને બહાર કાઢ્યા ને ખંધોલે બેસાડી ઘેર લાવીને જમાડ્યા. પછી કહ્યું જે, જાઓ રમવા. એ પ્રકારની અનંત લીલા કરી છે, તે શેષજી સહસ્ર મુખે કરીને કહે તોય પાર ન આવે.

સાખી : કલમ કરું વનરાઈની, સાત સમુદ્રની સાઈ;
તોય સહજાનંદસ્વામીની, લીલા લખી ન જાય...૧

પછી મહારાજ થાળ જમવા પધાર્યા અને રામપ્રતાપભાઈ ઉતારે પધાર્યા. જમીને મહારાજ સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા ને પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી ઇચ્છારામભાઈને મહારાજે કહ્યું જે, “તમારે દ્વારકા જાવું છે ?” ત્યારે બોલ્યા જે, “હે મહારાજ ! તમે ને સંત મળ્યા તેથી અમારે સર્વે તીર્થ થઈ રહ્યાં.” ત્યારે મહારાજે બે સંત, ચાર પાળા અને ચડવા ઘોડી આપી ને ઇચ્છારામભાઈને કહ્યું જે, “તમે અયોધ્યા થઈને ઘેર જાજો.”

પછી રામપ્રતાપજીને મહારાજે તેડાવીને (ઇચ્છારામભાઈને ઘેર જવા બાબત) પૂછ્યું. ત્યારે તેમણે હા પાડી જે, “બેય ભાઈ આવ્યા છીએ, તે એકને તો ઘેર જવું જોઈએ.” પછી મશાલો થઈ ને આરતી, ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી ઘડીક પ્રશ્નઉત્તર કરીને મહારાજ ઉતારે પધાર્યા. પછી ઇચ્છારામભાઈને ખરચી અપાવી. પછી મહારાજ થાળ જમીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મંચ ઉપર બિરાજ્યા. પછી ઇચ્છારામભાઈ, સંત ને પાળા જે ચાલનારા તેમને મહારાજ મળીને કહે, “હવે ચાલો, ને

રસ્તામાં સાવચેત રહેજો.” પછી સંત ને હરિજન સર્વે વળાવવા ગયા ને વળાવી આવીને મહારાજને પગે લાગીને બેઠા.

હવે આચાર્ય કેશવપ્રસાદજી મહારાજ અને ભગવત્પ્રસાદજી મહારાજ તેમણે પૂછ્યું જે, “હે પ્રસાદાનંદસ્વામી ! અમારા પિતામહ જે રામપ્રતાપજી અને ઈચ્છારામજી, તેમને શ્રીજીમહારાજે તેડાવ્યા તે પોતાની ઈચ્છાએ કરીને તેડાવ્યા ? કે મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી અને દાદા ખાચર ને મયારામ ભટ્ટ આદિ હરિભક્ત, તેમણે પ્રાર્થના કરી ત્યારે(તેથી) તેડાવ્યા ?” એવી રીતે પૂછ્યું.

ત્યારે પ્રસાદાનંદસ્વામી બોલ્યા જે, એક સમે ગઢડામાં અક્ષર ઓરડીની ઓસરીમાં ઢોલિયે મહારાજ બિરાજ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત, સંન્યાસી, બ્રહ્મચારી ને મયારામ ભટ્ટ આદિ હરિજન ને બાઈઓ છેટે બેઠેલાં. પછી સર્વે હાથ જોડીને બોલ્યાં જે, “હે મહારાજ ! અમે લક્ષાવધિ સત્સંગી બાઈભાઈ થયાં. તેથી મતપંથવાળા ને બીજા પણ પૂછે છે જે, ‘તમારા મહારાજનો જન્મ કોના કુળમાં થયો છે ? ને તમારો સંપ્રદાય કયો છે ?’ ત્યારે તેનો ઉત્તર અમે દઈ શકતાં નથી. માટે તમે અમને દિશામાત્ર જણાવો.”

❊ મહારાજે પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો :

પછી મહારાજ સર્વે સામું જોઈને મંદમંદ હસતા થકા બોલ્યા જે, “અયોધ્યાપુરીથી ઉત્તરે, **છપૈયા ગામ** છે. તેમાં **ધર્મ પિતા** ને **ભક્તિ માતા** તેમને ઘેર રામનવમીને દિવસ રાત્રી દશ ઘડી જાતાં જન્મ થયો. તે સરવરિયા બ્રાહ્મણ સામવેદી હરિપ્રસાદજી તેમના ત્રણ પુત્ર, તેમાં મોટા રામપ્રતાપ અને નાના ભાઈ ઈચ્છારામ ને વચેટ તે ઘનશ્યામ જેને તમે પ્રત્યક્ષ દેખો છો. પછી તે માતાપિતાને દુર્વાસાના શ્રાપથી મુકાવીને અમારું જે અક્ષરધામ તે પ્રત્યે મોકલ્યા. પછી અમારા સંબંધીને પૂછ્યા વિના અમે સ્નાનનું મિષ લઈને ચાલી નીસર્યા. તે તીર્થ કરતાં કરતાં

રામાનંદસ્વામી જે ઉદ્ધવજીનો અવતાર છે તેના અમે શિષ્ય છીએ. માટે આપણો ઉદ્ધવ સંપ્રદાય કહેવાય." તે અંગેની બહુ વાત કરી.

પછી તેને સાંભાળીને જે જે સભાને વિશે બેઠા હતા તે બહુ રાજી થયા. પછી માયાજીતાનંદસ્વામી અને એક બીજા સંત, તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો તો અમે છપૈયા જઈએ." ત્યારે મહારાજ કહે, "સારું." પછી બીજા સંત ને હરિજન બહુ રાજી થયા. પછી તે છપૈયા જઈને રામપ્રતાપ ને ઈચ્છારામજી ને સર્વે સંબંધી તેમને વાત સંભળાવી અને રામપ્રતાપજી ને ઈચ્છારામજીને ભેગા લઈને ચાલ્યા. ત્યારે ઘરનાં માણસ બહુ દિલગીર થયાં. ત્યારે તે બે ભાઈ કહે, "અમે દ્વારકા એમના ભેગા જઈએ છીએ, તે દ્વારકા જઈને હમણાં આવશું." એમ કહીને સંત ભેગા લોયામાં મહારાજ પાસે આવ્યા. તે રામપ્રતાપજીને મહારાજે પોતા પાસે રાખ્યા ને ઈચ્છારામભાઈને મહારાજે પરાણે ઘેર મોકલ્યા. ને એમ કહ્યું જે, "તમે પાછા ઘેર જઈને, તમારા ઘરનાં સર્વેને મોકલજો." એમ આજ્ઞા કરીને મોકલ્યા.

પછી મહારાજ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને હસ્તકમળ ધોવરાવ્યા. જમીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતને પીરસવા પધાર્યા. તે લાડુ પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા અને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા. પછી વહેલા જાગી નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મંચ ઉપર બિરાજ્યા. અને સંતની સભા થઈ ત્યારે રામપ્રતાપભાઈ પધાર્યા એટલે આખી સભા ઊભી થઈ. અને ભાઈ ગાદીતકિયા ઉપર બિરાજ્યા. પછી પ્રશ્નઉત્તર કરવા માંડ્યા. ત્યારે મહારાજ જે શંકા કરે તે કોઈથી ઉત્તર ન થાય. ત્યારે મહારાજ તેના ઉત્તર કરે.

❋ ચંદ્રગ્રહણનું સુખભાદર નદીમાં સ્નાન :

પછી થાળ જમવા પધાર્યા ને જમીને ચળુ કરી સંતની પંક્તિમાં

પીરસવા પધાર્યા. તે બિરંજ પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને વસ્ત્ર પહેરીને મંચ ઉપર આવીને બિરાજ્યા. અને સંત વાજાં લઈને ગાવા લાગ્યા. પછી રામપ્રતાપજી પણ ગાવા લાગ્યા. પછી મશાલો આવી ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ચંદ્રગ્રહણ છે તેથી ભદ્રા (સુખભાદર) નદી પ્રત્યે સાંઠીઓ ને તલસરાનાં ગાડાં ભરીને નંખાવો અને દશ-પંદર જણ કૂવે નાહીને કોરાં વસ્ત્ર પહેરવા લઈ આવજો. અને બાઈઓ પણ એમ વસ્ત્ર કોરાં મંગાવજો. કેમ જે, ભીને વસ્ત્રે કરીને ગામમાં નહીં અવાય, ટાઢ બહુ પડે છે."

❊ પેથલપરના હરિજન બાઈની વાત :

(હરિજન બાઈને સભામાં બેસવાની ના પાડેલી) પછી મહારાજે સુરા ખાચરને કહ્યું જે, "તમારે ઘેર ગાય, ભેંસ ને ઘોડી મરે તેને કોણ ઢસડે ?" ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "ઢેઢ ઢસડે." ત્યારે મહારાજ કહે, "આ બાઈ પેથલપરની ઢેઢડી સત્સંગી છે, તેને કેમ છેટે બેસવા દેતા નથી ?" પછી તે બાઈને છેટે બેસારી. પછી મહારાજ કહે, "બોલો કીર્તન." પછી સંત બોલ્યા જે, *'ગઈતી ગઈતી ભરવા નીર, સહિયરના સંગમાં રે લોલ.'* પછી મહારાજ કહે, "રાખો."

પછી ગ્રહણ મુકાઈ રહ્યા પછી સાબદા થઈને જે ચાલ્યા તે હજારો સત્સંગી ભેગા રહ્યા છે, ને સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી, કાઠી, પાળા ને બાઈઓ ને હરિભક્ત સર્વે સહિત મહારાજ ભદ્રા નદીએ ગયા અને ઘોડીએથી ઊતરીને સ્નાન કર્યું. પછી મહારાજની કેડે સર્વે નાહ્યા ને મહારાજે ભીનાં વસ્ત્ર ઉતારીને દાનમાં અપાવ્યાં. અને જે હરિજન નાના પ્રકારનાં વસ્ત્ર લાવ્યા તે મહારાજને પહેરાવતા જાય ને પગે લાગીને ચરણનો સ્પર્શ કરતા જાય. અને ચારેકોરે તાપણીઓ બળતી, તેને જોઈને મહારાજ બોલ્યા જે, "આવી નાવાની મજા કૂવે કાંઈ આવત ?" પછી

તે સમે (હરિભક્તો) દાન દેવા માંડ્યા તેને જોઈને મહારાજ રાજી થયા. પછી ઘોડીએ અસવાર થયા અને ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને પરમહંસ કીર્તન બોલી રહ્યા છે, ને બાઈઓ પણ મહારાજની કેડે છેટે કીર્તન બોલે છે.

અને જે સમે મહારાજ ભદ્રા નદીમાં નાવા બિરાજ્યા, તે સમે અક્ષરધામના મુક્ત તથા શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત એ આદિ ધામના સર્વે મુક્ત આવીને મહારાજને પછવાડે બેસીને નાહ્યા. પછી મહારાજની પૂજા કરી અને સર્વે દેવતા, ઋષિ, ગણ, સિદ્ધ, ગાંધર્વ ને તેમની સ્ત્રીઓ તે સ્તુતિ કરતાં હતાં ને ચંદનપુષ્પની વૃષ્ટિ કરીને મહારાજને અને સર્વે સાધુને પૂજતાં હતાં. તે સમાધિવાળા દેખતા ને હસતા હતા. પછી મહારાજ આવીને ઘોડીએથી ઊતરીને ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને પોઢી ગયા.

❊ સગ્રામના પ્રશ્નથી સાયલાના ભટ્ટને મૂંઝવણ, પૂર્વનો પરિચય :

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને ભારે પોશાક પહેરીને મંચ ઉપર બિરાજ્યા. તે સમે ગામ સાયલાનો (મહાશંકર) ભટ્ટ આવ્યો. તે આવીને મહારાજને પગે લાગીને બેઠો. ને એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમે જેને તેને ભણાવીને બીજાની લાજ લેવરાવો છો." ત્યારે મહારાજ કહે, "અમે કેની પાસે લાજ લેવરાવી ?" ત્યારે સંતો બોલ્યા જે, "સગ્રામ (લીમલીના વાઘરી) હોય શકે." ત્યારે મહારાજ કહે, "એને બોલાવો." પછી તે આવીને છેટે ઊભો. ત્યારે મહારાજ તે ભટ્ટને કહે, "આ ઊભો તે તો નહીં ?" ત્યારે ભટ્ટ કહે, "હા એ જ." પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ભટ્ટ ! (સગ્રામે) તમને શો પ્રશ્ન પૂછ્યો ?" ત્યારે ભટ્ટ બોલ્યો જે, "ચિત્તને વિશે વિષય રહ્યા છે ને વિષયને વિશે ચિત્ત રહ્યું છે, તે બેય જુદાં કેમ થાય ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ભટ્ટ ! એ તો ભાગવતનો પ્રશ્ન છે, તેનો ઉત્તર તમને ન આવડ્યો ?

ત્યારે તમે કથા શું કરતા હશો ?" પછી મહારાજ કહે, "જમીને જાઓ." પછી એક દિવસ કાઠી વસ્તા ખાચર, સુરા ખાચર ને દાદા ખાચર એ આદિ મહારાજને કહે જે, "હે મહારાજ ! સગ્રામ પૂર્વે કોણ હશે ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "પૂર્વે ઋષિ હતો, ને આ ઢેઢડી છે તે ઋષિની પત્ની હતી. તે મહા દેહાભિમાની ને કોઈનો ખપે તેનો પણ છાંટો ન લેતાં(તેની સાથે ખાવા-પીવાનો વ્યવહાર ન રાખતા). ત્યારે ભગવાને નીચ કુળમાં અવતાર ધરાવ્યો ને માયારૂપી પછેડો નાંખ્યો જે, 'અમે તો આધુનિક જીવ છીએ.' અને જે પ્રશ્ન પૂછવા ને વાતુ કરવી તે તો એને પૂર્વેનું બળ જાણવું." પછી સર્વને સંશય હતો તે ટળી ગયો. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. તે પોશાક ઉતારીને સ્નાન કર્યું ને થાળ જમીને સંતમંડળને પીરસવા પધાર્યા. અને જે પીરસતા જાય ને તાણ કરતા જાય ને અર્ધો-પા લાડુ તાણ કરીને આપતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા.

※ માયા દુઃખરૂપ છે કે સુખરૂપ ? :

પછી મહારાજ જાગ્યા ને બહિર્ભૂમિ જઈ આવીને મૃતિકા અને જળથી વામ હસ્ત દશ ફેરા ધોયો, ને બે હાથ ભેગા કરીને સપ્ત વાર ધોયા. પછી ઉષ્ણ જળે કરીને નાયા ને રૂમાલથી શરીર લૂઈને વસ્ત્ર પહેર્યાં. પછી જળપાન કરી, ચાખડીએ ચડી, હાથમાં રૂમાલ લઈ, મંચ ઉપર આવીને બિરાજ્યા. અને સર્વે સંત, બ્રહ્મચારી, સંન્યાસી ને હરિભક્ત તે મહારાજ પધાર્યા ત્યારે ઊભા થયા. પછી સર્વે પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, "અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, માયા છે તે ભગવાનના ભક્તને સુખદાઈ છે કે કેવળ દુઃખરૂપ જ છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "માયા તો કેવળ દુઃખરૂપ જ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભાગવતમાં કહ્યું છે જે, 'सत्त्वं यद् ब्रह्मदर्शनम्।' (સત્ત્વગુણ આત્મા-પરમાત્માના દર્શનમાં હેતુ છે.) ને શમદમાદિક જે

ગુણ તે તો સત્ત્વગુણની સંપત્તિ છે, તે ગુણ માયામાંથી નીકળ્યા છે. તે માયા કઈ રીતે ભગવાનના ભક્તને દુઃખદાયક છે ?"

પછી સર્વે સંત હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તમે કૃપા કરીને કરો તો થાય." ત્યારે મહારાજ કૃપા કરીને બોલ્યા જે, **"જેમ ધર્મરાજાનું જે રૂપ તે પાપીષ્ઠ જીવને ભયંકર જણાય છે ને ધર્મવાળા જીવને તો સૌમ્ય જણાય છે; તેમ માયા છે તે ભગવાનના એકાંતિક ભક્તને તો સુખદાયક છે ને ભગવાન જેને મળ્યા નથી તેને તો નિરંતર દુઃખદાયક છે."** એવી રીતે વાત કરી. પછી મહારાજ બોલ્યા જે, "કરો શંકા." ત્યારે સંતમંડળ બોલ્યા જે, "હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો." પછી મશાલો થઈ ને આરતી-ધૂન ને શ્લોક બોલી, પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "જીવને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થવો તે ઘણો કઠણ છે." એ રીતે નિશ્ચયપણાની વાત કરી. પછી 'જય સ્વામિનારાયણ' કહીને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

⁕ લોયામાં વહેલાલનાં વખતબાએ શ્રીહરિને દૂધ-પૌંવા જમાડ્યા :

તે સમે વહેલાલનાં વખતબા દૂધ, સાકર ને પૌંવા લઈને આવ્યાં. તે મહારાજને કહે, "જમો." ત્યારે મહારાજ કહે, "નહીં જમીએ." ત્યારે લાડુબાઈ બોલ્યાં જે, "એ પરદેશી હરિજન છે, માટે તમારે જમવું જોઈએ." પછી જરાક હસતા થકા બેઠા થઈને ઢોલિયેથી ઊતરીને જમવા માંડ્યા. ને સગડી લાવ્યા તે તાપતા જાય ને જમતા જાય. પછી જમીને જે લાવ્યા હતા તેને પ્રસાદી આપી. પછી તે પ્રસાદી બ્રહ્મચારીએ લાવીને સંતમંડળને વહેંચી આપી. પછી મહારાજ પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ જ્યાં કરવા બેસે, તે સમે ગોવિંદ વાળંદ બોલ્યો, "હે મહારાજ ! વતું કરાવો." પછી મહારાજ કહે, "આવો." પછી વતું કરાવીને સ્નાનવિધિ કરી અને વસ્ત્ર પહેરી ચાખડીએ

ચડીને મંચ ઉપર બિરાજ્યા. પછી બોલ્યા જે, “સંતો ઝાંઝ-મૃદંગ લઈને વસંત બોલો.” પછી સંતો ઝાંઝ-મૃદંગ લઈને બોલવા માંડ્યા, તે વસંતનો કળશ મેલીને ગાતા જાય ને મહારાજના ઉપર રંગ ને ગુલાલ નાંખતા જાય, ને મહારાજ સંત ઉપર નાંખતા જાય.

પછી મહારાજ જમવા પધાર્યા ને વસંતી વસ્ત્ર ઉતારીને થાળ જમવા બેઠા. ત્યારે મહારાજ કહે, “બોલાવો સદ્ગુરુને.” પછી જમતા જાય ને મુક્તાનંદસ્વામી આદિ સંતને જમાડતા જાય. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈ ચાખડીએ ચડીને પરમહંસને પીરસવા પધાર્યા. અને શીરો પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફરીને હાથ ધોયા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢી ગયા. પછી જાગીને જળપાન કરીને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી સંત પણ સર્વે પગે લાગીને બેઠા. અને ગવૈયા સંત સિતાર, સરોદ, દુકડ ને મંજિરાં લઈને વસંતનાં પદ બોલવા લાગ્યા જે, *‘ચાલ્ય ચાલ્ય સખી સુંદરવર સાથે રંગભર રમીએ હોરી.’*

❋ અમદાવાદના ભક્તોએ કરેલી પૂજા :

પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. તે સમે શ્રીનગરના લાલદાસ આદિ હરિજન, તે મહારાજને સારુ પોશાક લાવ્યા અને બુટ્ટાદાર ડગલી ને સુરવાળ પહેરાવ્યાં, ને ભારે રેંટો એક મસ્તકે બંધાવ્યો, ને એક રેંટો કેડે બંધાવ્યો, ને એક રેંટો ખભે નંખાવ્યો; ને હાથમાં રૂમાલ આપ્યો. પછી ચંદનની અર્ચા કરીને પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ તે ધારણ કરાવ્યા. તે સમે આનંદ સ્વામીએ મહારાજની આરતી ઉતારી. અને અક્ષરધામના, શ્વેતદ્વીપના ને બદરિકાશ્રમના મુક્ત, તેમણે મહારાજની પૂજા કરી. અને નારદ તુંબરુ ને દેવતા તે બહુ રાજી થઈને નાના પ્રકારનાં વાજિંત્ર વગાડવા લાગ્યા. અને મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળે, તે ચમત્કાર જોઈને પરમહંસ,

બ્રહ્મચારી, સંન્યાસી ને બાઈભાઈ હજારો હરિજન તેમને સમાધિ થઈ ગઈ. અને આકાશમાં દેવતાઓના વિમાનની થટ(ભીડ) જામી છે, ને પુષ્પ-ચંદને કરીને મહારાજને વધાવે છે, ને દર્શન કરે છે; તેને જોઈને સચ્ચિદાનંદસ્વામી આદિ સમાધિવાળા સંત, તે 'અહો ! અહો !' એમ કરતા હતા ને જયજયકાર શબ્દ થઈ રહ્યો હતો.

પછી તેવા સમાને વિશે **શતાનંદમુનિ સત્સંગિજીવન** વિશે કાંઈ પૂછવા આવ્યા. ત્યારે મહારાજ કહે, "ચાલો ઉતારે." પછી મહારાજ ઉતારે પધાર્યા ને જઈને ઢોલિયે બિરાજ્યા. પછી જે શતાનંદમુનિને પૂછવું હતું તે પૂછીને ઉતારે ગયા. મહારાજ પોશાક ઉતારીને સ્નાન કરી, થાળ જમતા જાય ને સંતને પ્રસાદી મોકલતા જાય. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈ સભા કરીને બેઠા. અને જે દેશદેશના હરિજન આવેલા તે મહારાજને પગે લાગતા જાય ને ચરણનો સ્પર્શ કરીને ભેટ મેલતા જાય. ને પછી બોલ્યા જે, "હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "અમારે હુતાશનીનો સમૈયો ગામ પંચાળે કરવો છે. માટે ત્યાં સર્વે આવજો." એમ કહીને પોઢ્યા.

પછી સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યાં ને ચાખડીએ ચડીને મંચ ઉપર આવીને બિરાજ્યા. અને સંતો પણ મહારાજ આવ્યા ત્યારે સર્વે ઊભા થઈને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતનાં મંડળ બાંધીને ફરવા જાઓ. અને બ્રહ્માનંદસ્વામી, તમે ને આત્માનંદસ્વામી તે સર્વે ભણનારા સંતને લઈને ગામ ગઢડે જાજો. અને નિત્યાનંદસ્વામી તે ભાઈ રામપ્રતાપજી ભેળા ગઢડે તથા જૂનેગઢ થઈને ગામ પંચાળે આવે. અને મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંત અમારી પાસે રહેશે." એમ સર્વ સંતને આજ્ઞા કરી.

પછી મહારાજ જમવા પધાર્યા, તે વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને થાળ જમતા જાય, ને સુરા ખાચર પ્રાર્થના કરે જે, "હે મહારાજ !

હમણાં નહીં જવાય." તે વાતનો ઉત્તર દેતા જાય. પછી ચળુ કરીને થાળ નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીને મોકલાવ્યો. પછી મુખવાસ લઈને પોઢી ગયા. પછી જાગીને જળપાન કર્યું ને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને મંચ ઉપર બિરાજ્યા અને સંતો પણ ઉદાસ જેવા આવીને બેઠા. ત્યારે નિષ્કુળાનંદસ્વામી પરજિયો બોલ્યા જે, *'વહાલાનો વિજોગ સાલે ઘણું શરીરમાં, વણરોગે રોગ પીડે ઘણું પિંડમાં...'*

પછી મહારાજ કરુણાની દૃષ્ટિએ કરીને સભા સામું જોઈને બોલ્યા જે, "તમે સર્વે સંત ફરતાં ફરતાં હુતાશનીના સમૈયા ઉપર ગામ પંચાળે અમે તેડાવીએ ત્યારે આવજો." એમ જ્યારે મહારાજ બોલ્યા ત્યારે સભા સર્વે રાજી થઈ. પછી સંત ગોડી બોલ્યા જે, *'સંત સમાગમ કીજે હો નિશદિન સંત...'* પછી મશાલો થઈ ને સંત આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈ વસ્ત્ર પહેરીને કથાનો આરંભ કરાવ્યો.

પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને તેડાવ્યા. પછી જે જે દરબારમાં કાંઈ કરવું કરાવવું હતું તેની ભલામણ કરી. અને સંત સર્વે મહારાજને પગે લાગવા આવ્યા. તે દંડવત કરીને બેસતા જાય ને મહારાજ બોલાવતા જાય. પછી મહારાજ સર્વને નેત્રની સાને કરીને રજા આપતા જાય. પછી મહારાજ સર્વેને કહે, "ઊઠો." પછી પોઢ્યા ને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી, ને વસ્ત્ર પહેરીને કથા વંચાવવા માંડ્યા. અને સંતમંડળ તે જેને જ્યાં જ્યાં આજ્ઞા કરી તે ત્યાં ચાલી નીકળ્યા. અને મહારાજ થાળ જમીને કથાની સમાપ્તિ કરાવીને પોઢ્યા. પછી જાગીને જળપાન કર્યું ને સભા કરીને બેઠા. તે સમે મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંતને વાજાં લઈને ગાવા તેડાવ્યા. તે આવીને ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઉતારે આવ્યા ને થાળ જમવા બિરાજ્યા. જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે

બિરાજ્યા. ને સગડીમાં તાપ કરીને લાવ્યા તે તાપતા જાય ને ભક્તજન સંગાથે વાત કરતા જાય. પછી ઝીણાભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! હુતાશનીનો સમૈયો પંચાળે કરો."

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'લોયામાં ચંદ્રગ્રહણ, વસંત-ઉત્સવ તથા અમદાવાદના ભક્તોની પૂજા,' એ નામે એકાવનમો વિશ્રામ ॥૫૧॥

વિશ્રામ - ૫૨

લોયાથી વિચરણ કરતા પંચાળા પધાર્યા, ત્યાં સંતોને તેડાવ્યા ને હુતાશનીના સમૈયાની તૈયારી કરાવી.

પછી એક સમે મહારાજ (લોયામાં) સભા કરીને બિરાજ્યા. તે સમે સંત હરિજન બાઈભાઈ સર્વે બેઠાં હતાં. પછી તે સમે મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને ચોકમાં આવીને ઊભા. અને કાઠીના અસવાર ને પાળા, હરિજન, પરમહંસ તે સર્વે તૈયાર થઈ મહારાજ પાસે આવીને ઊભા, ને પગે લાગીને ચાલવાનું કરે છે. તે સમે સુરા ખાચર ને પટેલ સંઘો સુરાણી તે બોલ્યા જે, "હે મહારાજ ! હમણાં નહીં જવાય." પછી મહારાજ નેત્રની સાને કરીને સંઘને કહે, "ચાલો." પછી ગામનાં આબાલવૃદ્ધ ને વનીતા તે સર્વે પૂજાની સામગ્રી લઈને આવ્યાં. તે મહારાજને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરતા જાય.

પછી મહારાજ જે ચાલ્યા તે ગામ બહાર આવ્યા ને સર્વને કહ્યું જે, "અમે ફરી વાર આવશું, તમે ઊભા રહો." પછી ગામના જે સર્વે હરિજન તે એમ બોલે જે, "જેમ અક્રૂર શ્રીકૃષ્ણને તેડીને ગોકુળમાંથી ચાલ્યા, તેમ આ **ઝીણાભાઈ** પણ મહારાજને તેડીને ચાલ્યા. અને મોટા જોગી તપસ્યા

કરી કરીને મરી ગયા તોપણ જેનાં સ્વપ્નમાં પણ દર્શન નથી થતાં, એવા જે ભગવાન તેમનાં દર્શન ઘરનાં કામકાજ કરતા થકા નિત્યે કરતા, તે હવે ક્યારે થાશે ?" એવી રીતે જ્યાં વાત કરે છે, ત્યાં જે મહારાજે ઘોડી ઉપાડી, તે જ્યાં લગી મહારાજ દેખાણા ને જ્યાં લગી રજ ઊડતી જણાણી ત્યાં લગી સર્વે જેમ ચિત્રામણમાં લખાય તેમ ખગાકાર થઈ રહ્યા.

❊ પીપરડીમાં ભાણજી ભક્તનો થાળ જમ્યા :

પછી મહારાજે ભદ્રા નદીમાં ઘોડાં પાયાં ને સર્વે જળપાન કરીને જે ચાલ્યા તે ગામ **પીપરડી** આવ્યા. ત્યાં ગામમાંથી સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **ભાણજી તરવાડી**ના ફળીમાં જઈને ઊતર્યા ને સંઘ પણ ગામમાં ઊતર્યો. મહારાજ ઘોડીએથી ઊતરીને ઓસરીમાં ઢોલિયે બિરાજ્યા. અને મહારાજ પાસે રસોઈનો સામાન લાવ્યા, તે જયા ને લલીતા રસોઈ કરવા લાગ્યાં. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત ગોડી બોલવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "સ્વામી, વાત કરો." એમ કહીને મહારાજ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને નાયા. પછી જમતા જાય ને રમૂજની વાત કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈ સંતોને જમવા તેડાવ્યા. પછી મહારાજે સર્વેને જમાડ્યા ને પછી પોઢ્યા.

❊ મોઢુકામાં નાજા ખાચરનો થાળ જમ્યા :

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને ઘોડે પલાણ મંડાવ્યાં ને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **જસદણ** પધાર્યા. ત્યાં ગામના પુરપતિને દર્શન દઈને ચાલ્યા તે ગામ **મોઢુકે** પધાર્યા. અને **નાજા ખાચરે** સામૈયું કર્યું તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને તેના ફળીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરી ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી મહારાજ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું ને જમીને તે થાળ

નાજા ખાચર અને દાદા ખાચરને અપાવ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા અને હરિજન વસ્ત્ર લાવ્યા તે મહારાજે પહેર્યાં. પછી સભા કરીને બિરાજ્યા. પછી મહારાજ પોઢ્યા.

પછી વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેરી, ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે એક નદી આવી ત્યાં ઊતર્યા. અને વસ્ત્ર ઉતારીને બહિર્ભૂમિ જઈ આવ્યા ને હાથ જળ ને મૃતિકાયે કરીને ધોયા, ને દાતણ કરીને સ્નાન કર્યું, ને વસ્ત્ર પહેરીને ગાડી ઉપર બિરાજ્યા, ને સુખડીના થાળ ભરી ભરીને અપાવ્યા. પછી મહારાજ જમીને મુક્તાનંદસ્વામી આદિ સંત ને પોતાના સખા જે કાઠી, પાળા ને હરિજન ને સર્વે સંઘ તેને જમાડીને સાબદા થઈને ચાલ્યા તે ગામ **બંધિયે** પધાર્યા.

ત્યાં સામૈયું આવ્યું તે વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને **મૂળુભાઈના** ફળીમાં જઈને ઊતર્યા ને ઢોલિયે બિરાજ્યા. અને રસોઈનો સામાન લાવ્યા. પછી રસોઈ સંતે કરી ને થાળ બ્રહ્મચારીએ કરાવ્યો, તેને મહારાજ જમવા પધાર્યા. તે જળે કરીને ચરણ ધોવરાવ્યા ને થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને સભા કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “કીર્તન બોલો.” પછી સંત બોલ્યા જે, *‘ઓરા ઓરા ને આવો રે કે મોહન મરમાળા.’* પછી સભાને રજા આપી ને મહારાજ પોઢી ગયા.

❋ ગોંડળમાં હઠીભાઈનો થાળ ને પૂજા :

પછી સવારે વહેલા જાગ્યા, ને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો, ને ઘોડીએ ચડીને ચાલ્યા તે ગામ **ગોંડળ** પધાર્યા. ત્યાં સામૈયું આવ્યું તે ગામ સોંસરા થઈને ગામ બહાર જે ઉપવન ત્યાં જઈને ઊતર્યા. ને જ્યાં હમણાં ઓટો છે ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજવા જાય છે, ત્યાં તો ગામના હરિજન પુષ્પના હાર, બાજુબંધ ને તોરા તે પગે લાગીને પહેરાવતા જાય ને ચરણસ્પર્શ કરતા જાય. પછી પાળા ભગુજી બોલ્યા જે, “મહારાજને બેસવા તો દો. ખસો, છેટે રહો.” તે પછી મહારાજ ઢોલિયે બિરાજ્યા.

તે સમયે બ્રહ્માનંદસ્વામી **ગઢડે**થી આવ્યા. તે મહારાજ ઊભા થઈને મળ્યા ને દાદા ખાચરના દરબારમાં દેશકાળની વાત પૂછી. પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા, ને સ્વામી પગે લાગીને મહારાજ પાસે બેઠા, ને મહારાજે ખબર પૂછ્યા. પછી જમતા જાય ને બ્રહ્માનંદસ્વામી સાથે વાત કરતા જાય. અને જમીને થાળ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને આપ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને જરાક વાર પોઢ્યા. ને તરત જાગીને જળપાન કરીને સભા કરીને બિરાજ્યા.

તે સમયે ગામના રાજા **હઠીભાઈ** આવ્યા ને પગે લાગીને મહારાજ પાસે બેઠા. મહારાજે ખબર પૂછ્યા. તેમની સાથે હજારો મનુષ્ય ને દરબારના ગવૈયા આવ્યા. ત્યારે મહારાજના ગવૈયા દેવાનંદસ્વામીના હાથ હેઠે રહી ગયા. ત્યારે મહારાજે નેત્રની સાને કરીને સમઝાવ્યા. ત્યારે સર્વે ભેગા થઈને ગાવા લાગ્યા. પછી મહારાજે ગવૈયા આવ્યા હતા તેને રૂપિયો રૂપિયો અપાવ્યો. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજે મુક્તાનંદસ્વામી પાસે વાત કરાવી.

પછી દરબારે મહારાજની પૂજા કરીને ભારે પોશાક પહેરાવ્યો. અને એક રેંટો મસ્તકે બંધાવ્યો, ને એક રેંટો કેડે બંધાવ્યો, ને એક રેંટો ખભે નંખાવ્યો, ને ઊતરી પહેરાવી, ને કડાં, વેઢ ને વીંટીઓ પહેરાવી, ને પુષ્પના હાર પહેરાવ્યા; ને ચંદન ને અત્તર તેણે કરીને પૂજા કરી. અને મહારાજે પણ એમને પ્રસાદીનો રેંટો આપ્યો. પછી મહારાજ સભાને જ્યાં ઊઠવાની આજ્ઞા કરે છે ત્યાં તો દરબારે ભારે થાન (તાકા) ને રેંટા મંગાવ્યા. પછી સંતની પૂજા કરીને પછેડી ઓઢાડી. અને દાદા ખાચર, પાળા ને અસવાર તેમને જેમ ઘટે તેમ પહેરામણી કરી. પછી હાથ જોડીને મહારાજને બહુ વિનંતી કરી ને રહેવાને સારુ તાણ કરી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે હુતાશનીનો સમૈયો પંચાળે કરવો છે, તેથી ઉતાવળા જાવું છે." પછી મહારાજને પગે લાગીને ભેટ મેલી ને રજા માગીને ગયા. પછી મહારાજ પોઢ્યા.

❊ ઉપલેટામાં થાળ જમ્યા ને રાતે સંઘની રક્ષા કરી :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **ઉપલેટા** આવ્યા. ત્યાં મહારાજનું સામૈયું કર્યું ને વાજતે ગાજતે ગામમાં પધાર્યા ને સભા કરીને બિરાજ્યા. ને હરિજને પાળાને સારુ રસોઈ કરી અને મહારાજને જમાડ્યા. પછી મહારાજે સર્વેને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે એક ગામમાં નદીએ રાત રહ્યા, ને ત્યાં આરતી-ધૂન કરી શ્લોક બોલીને બેઠા. ત્યારે મહારાજ કહે, "આજ તો અમે ચોકી કરશું." ત્યારે સર્વે જરાક વાર સૂતા. પછી મહારાજ કહે, "થાઓ તૈયાર." પછી સર્વે સાબદા થઈને ચાલ્યા તે ખેતરવા ગયા, ત્યાં તો પાંચસે બરકમદાર આવીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે જે હાકોટો કર્યો તે સર્વે થથરીને ઊભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, "તમે પણ વટેમાર્ગુ છો અને અમે પણ વટેમાર્ગુ છીએ; માટે તમે જ્યાં જાતા હો ત્યાં જાઓ, આંહીં કાંઈ ખાટશો નહીં." એમ કહીને આગળ ચાલ્યા. પછી મહારાજ કહે, "રાત ઝાઝી છે." એમ કહીને બે ગાઉ આવીને ઊતર્યા ને ત્યાં પોઢ્યા.

❊ જાળિયા તથા ગણોદના ભક્તોના થાળ-પૂજા :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **જાળિયે** પધાર્યા. ગામના હરિજન **હીરા ઠક્કર, માવા ઠક્કર** ને **કાંથડજી** એ આદિ સર્વે સામા આવ્યા. અને વેણું નદીમાં ઘોડાં પાયાં, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને મહારાજ હીરા ઠક્કરના ફળીમાં બિરાજ્યા. પછી સભા થઈ તે સમયે હરિજન ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરીને પગે લાગીને બેસતા જાય. પછી

સ્નાન કરીને મહારાજ જમવા બિરાજ્યા. જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને પોઢ્યા. પછી જાગીને જળપાન કર્યું ને સભા કરીને બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી સરોદ આદિ વાજાં લઈને ગાવા લાગ્યા. પછી હરિજને પુષ્પના હાર મહારાજને પહેરાવ્યા, ને પૂજા કરીને ભેટ મેલી, ને પગે લાગીને બેઠા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ વાત કરતા જાય ને મંદ મંદ હસતા જાય. પછી મહારાજ પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **ગણોદ** પધાર્યા. અને દરબારમાંથી સામૈયું આવ્યું તે વાજતે ગાજતે ગામ સોંસરા થઈને ગામ બહાર ફૂલવાડી છે ત્યાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને જ્યાં હમણાં ઓટો કર્યો છે તે ઠેકાણે સભા કરીને ઢોલિયે બિરાજ્યા. પછી રસોઈનો સામાન લાવ્યા ને થાળ થયો ત્યારે જળે કરીને **અભેસંગે** ચરણ ધોયા. પછી જમવા બિરાજ્યા ને થાળ જમીને દરબારમાં મોકલાવ્યો. પછી સર્વે જમી રહ્યા તે પછી સભા કરીને ઢોલિયે બિરાજ્યા ને ગવૈયા સંત પાસે ગાવણું કરાવ્યું. અને મશાલો આવી ત્યારે આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે સંત ઝીલણિયાં કીર્તન બોલ્યા જે, *'મુને એમના એમ આવીને ભેટો રે મોહન મરમાળા.'*

પછી મહારાજે જળપાન કર્યું. પછી હરિજન પૂજાની સામગ્રી લાવ્યા ને મહારાજને ભારે પોશાક પહેરાવ્યો, ને ફૂલના હાર પહેરાવ્યા, ને બાજુબંધ, તોરા ને ગુચ્છ ધારણ કરાવ્યા, ને ચંદનની અર્ચા કરી, ને ઊતરી પહેરાવી, ને ભેટ મેલતા જાય ને ચરણનો સ્પર્શ કરી પગે લાગીને બેસતા જાય. પછી મહારાજે ફૂલના હાર સર્વેને આપ્યા. પછી મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને ભદ્રા નદીએ સ્નાનવિધિ કરી, ને પોશાક પહેરી ઘોડીએ અસવાર થઈને ચાલવા તૈયાર થયા. તે

સમયે અભેસંગ આદિ બોલ્યા જે, "અમારા દરબારમાં પધારો." ત્યારે મહારાજ ચડી અસવારી ને પાળાએ સહિત પધાર્યા. દરબારમાં સર્વેને દર્શન દઈને ચાલ્યા તે ગામના સીમાડેથી સર્વે હરિજનને પાછા વાળ્યા અને ઘોડી ઉપાડી મેલી, તે જેમ આકાશમાંથી તારો ખરે તેમ આવીને સંઘમાં ઊભા રહ્યા.

❊ માણાવદરમાં થાળ જમી બાલાગામે દર્શન દીધાં :

પછી ધીરે ધીરે સંઘ ભેળા ગામ **માણાવદર**માં પધાર્યા. ગામમાંથી સામૈયું આવ્યું, ને દરબારની બેરખ (આરબની ટુકડી) આવી, ને નાના પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે; એવી રીતે વાજતે ગાજતે આવીને **મયારામ ભટ્ટ**ના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે બિરાજ્યા. પછી સભા થઈ તેને જોઈને મહારાજ કહે, "કેમ સંતમંડળ ભેગાં થયાં છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે પંચાળે તેડાવશો ત્યારે સંતમંડળ આવશે." પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને ચળુ કરીને મુખવાસ લીધો. અને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. અને કાઠીના અસવાર ને પાળા તે સાબદા થઈને મહારાજ સાથે ચાલ્યા. હરિજને ઘણી તાણ કરી પણ ન રહ્યા. અને મુક્તાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે સંઘને લઈને સવારે પંચાળે આવજો." એમ કહીને જે ઘોડી ઉપાડી તે **બાલાગામ** પધાર્યા.

❊ શ્રીહરિ પંચાળા પધાર્યા :

અને માણાવદરના હરિજન જાણે 'મહારાજ રહેશે' પણ ન રહ્યા. અને બાલાગામના હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે સાબળી નદીમાં ઘોડા પાયા ને **પંચાળામાં ઝીણાભાઈ**ના દરબારમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો તેના ઉપર આવીને બિરાજ્યા. અને ઝીણાભાઈ તો સામૈયાની તૈયારી કરાવતા હતા. તે એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમને ખબર પણ ન કરી ?" ત્યારે

કાઠી બોલ્યા જે, "ભણે અમે પણ માંડ માંડ પૂગ્યા છીએ." અને નિત્યાનંદસ્વામી ને રામપ્રતાપભાઈ તે પણ ગઢડે અને જૂનાગઢ થઈને આગલે દિવસ આવ્યા હતા. તે મહારાજને પગે લાગીને બેઠા.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને પોશાક ઉતાર્યો. અને ઝીણાભાઈએ જળે કરીને ચરણ ધોવરાવ્યા ને નવરાવ્યા. પછી થાળમાં જે બત્રીસ પ્રકારનાં ભોજન ને છત્રીસ પ્રકારનાં વ્યંજન તે જમતા જાય ને વાત કરતા જાય. પછી ઝીણાભાઈનાં ઘરનાં સર્વે મનુષ્ય હાથ જોડીને બોલ્યાં જે, "હે મહારાજ ! સંઘ ક્યારે આવશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "સંઘ તો સવારે આવશે ને પરમહંસને તો તમે તેડાવશો ત્યારે આવશે." પછી મહારાજે થાળ જમીને ઝીણાભાઈ અને નિત્યાનંદસ્વામીને આપ્યો. પછી ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા ને રામપ્રતાપજી પણ સામા ઓસરીમાં બેઠા. પછી મહારાજ ઉગમણે ઓરડે પોઢવા પધાર્યા. પોઢીને વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઓટા ઉપર ઢોલિયે બિરાજ્યા ને સંતો પણ આવીને બેઠા. રામપ્રતાપજી પણ સામા ઓસરીમાં ઢોલિયા ઉપર બેઠા.

તે સમયે મુક્તાનંદસ્વામી સંઘ લઈને આવ્યા. તે મહારાજને પગે લાગીને ઝીણાભાઈના ઓરડામાં સર્વે ઊતર્યા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને બિરાજ્યા. ત્યારે ઝીણાભાઈ કહે, "મારે સંઘના મનુષ્યને જમાડવા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે ને દાદા ખાચરનાં ઘરના મનુષ્યને ઘરવટ(એક ઘર જેવો સંબંધ) છે, તેથી જમાડજો ને રસોઈ જુદી કરવા દેશો નહીં." ત્યારે દાદા ખાચર આદિ સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! અમે તો આજનો દિવસ જમશું. પછી જુદું રસોડું કરશું." પછી મહારાજ કહે, "ઠીક." પછી ઝીણાભાઈએ ગાડાં જોડાવ્યાં. તે ગામ માંગરોળથી સામાન મંગાવવા માંડ્યો. તે દાળ, ચોખા, ગોળ, ખાંડ, સાકર ને શાક વિગેરે

જે મહારાજના થાળમાં જોઈએ તે મંગાવ્યાં. પછી મહારાજ ઉગમણે બાર ઓરડે પોઢવા પધાર્યા.

પછી જાગીને જળપાન કર્યું ને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. અને સર્વે સભા મહારાજને પગે લાગીને બેઠી. ત્યારે ઝીણાભાઈ ઊભા થઈને હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! સંતના મંડળને તેડાવો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે રસોઈનો સામાન તૈયાર કરાવો.” ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, “સામાન તો ગામ માંગરોળથી ગાડાં ભરાવીને મંગાવ્યો છે.” એમ જ્યાં વાત કરે છે ત્યાં તો ગાડાંવાળા બોલ્યા જે, “સામાન ક્યાં ઉતારીએ ?” ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, “આ ઓરડામાં ઉતારો.” પછી મહારાજ કહે, “સમૈયાના દિવસ ઘણાક છે.” ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, “અમારે તો તમે પધાર્યા ત્યારે સમૈયો.” ત્યારે મહારાજ કહે, “તેડાવો ત્યારે સંતનાં મંડળ.” પછી સંતનાં મંડળ આવવા માંડ્યાં. પછી મશાલો થઈ ને સંતો આરતી, ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “કરો ગાવણું.” પછી ઝીણાભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! થાળ જમવા પધારો.” ત્યારે મહારાજ તરત ઊઠ્યા. પછી સ્નાન કરીને થાળ જમીને ગવૈયા સંતને આપ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને ઓટલા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા.

પછી સંત ગાવા લાગ્યા ને સરોદા, દુકડ, સિતાર ને મંજિરાં આદિ વાજાં વગાડવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ને પગે લાગીને ઉતારે આવ્યા. અને મહારાજ પોઢવા પધાર્યા ને પોશાક ઉતારીને જળપાન કરીને પોઢ્યા. પછી ઝીણાભાઈ મહારાજનાં ચરણ ખોળામાં લઈને દાબતા જાય ને મહારાજ સાથે વાત કરતા જાય. પછી મહારાજ પોઢ્યા ને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે બિરાજ્યા. અને સંતનાં મંડળ આવતાં જાય

ને ઉતારા કરીને મહારાજને દંડવત કરી ચરણનો સ્પર્શ કરીને બેસે. ત્યારે મહારાજ અમીદષ્ટિએ કરીને જોઈને ખબર પૂછતા જાય.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા અને પોશાક ઉતારીને સ્નાન કરીને જમતા જાય ને ઝીણાભાઈ સાથે વાત કરતા જાય. પછી થાળ જમીને, મુખવાસ લઈને, ચાખડીએ ચડીને, સંતની પંક્તિમાં પલવટ વાળીને પીરસતા જાય ને લાડવાની તાણ કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પોઢવા પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. સંતમંડળ તથા દેશદેશના ને ગામોગામના સત્સંગી આવવા માંડ્યા. તે મહારાજને પગે લાગી, ભેટ મેલીને જ્યાં ઉતારો કરાવે ત્યાં જઈને ઊતરે.

પછી મહારાજે અંગૂઠા પાસેની આંગળીએ કરીને નિષ્કુળાનંદ સ્વામીને બોલાવ્યા. પછી એમ બોલ્યા જે, “ગામથી આથમણી કોરે પીરની જગ્યા પાસે મંચ નાખો.” પછી સ્વામીએ મંચ નંખાવ્યો ને મહારાજ ઘોડીએ અસવાર થઈને જ્યાં હમણાં ઓટો છે, ત્યાં પધાર્યા ને ઘોડીએથી ઊતરીને તે ઠેકાણે મંચના ઉપર ઢોલિયો, તેના ઉપર ગાદીતકિયો, તેના ઉપર બિરાજ્યા. અને જે હરિજનના સંઘ આવવા માંડ્યા, તે મહારાજને પગે લાગી ભેટ મેલીને મહારાજના ચરણને સ્પર્શ કરતા જાય. ત્યારે મહારાજ ઘેરે સાદે કરીને બોલે જે, “ઝીણાભાઈ, સંઘના મનુષ્યને ઉતારા અપાવો ને તેમને કાંઈ જોઈતું કરતું હોય તે અપાવો.”

પછી જેરામ બ્રહ્મચારી હાથ જોડીને બોલ્યા જે, “હું ઉતારા અપાવું છું, ને તેને કાંઈ જોઈતું કરતું હશે તે પણ પૂછીને અપાવીશ.” ત્યારે મહારાજ કહે, “સારું.” પછી મશાલો થઈ ને સંતો ગોડી બોલ્યા. પછી આરતી, ધૂન ને શ્લોક બોલી, પગે લાગીને બેઠા. પછી સંતો શ્લોક બોલવા માંડ્યા. પછી તે બોલી રહ્યા ત્યારે મહારાજ કહે, “ચાલો

ગામમાં." પછી ઘોડીએ અસવાર થયા ને ચાલ્યા તે દરબારમાં ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. અને સંતો પણ મહારાજને પગે લાગીને બેઠા. પછી ઘડીક દર્શન દઈને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢી ગયા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ચાખડીએ ચડીને ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા અને મુનિમંડળ પણ નાહીને તિલક ને પૂજા કરી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "કરો પ્રશ્નઉત્તર." ત્યારે મુનિબાવે બ્રહ્માનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો. પછી તેનો ઉત્તર મહારાજે કર્યો. પછી થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું. પછી મહારાજ થાળ જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને બોલ્યા જે, "કયા ગામની રસોઈ છે ?" ત્યારે ગોવર્ધન શેઠ બોલ્યા જે, "અમારા ગામની રસોઈ છે." પછી તે **માંગરોળ**ના હરિજન પૂજા કરવા આવ્યા. તે પૂજા કરતા જાય, ને પુષ્પના હાર પહેરાવી, ભેટ મેલી, પગે લાગીને, ચરણ છાતીમાં લેતા જાય. પછી ચંદનની અરચા કરીને પુષ્પના હાર પહેરાવ્યા ને ભારે પોશાક પહેરાવીને પગે લાગ્યા. પછી મહારાજ પોશાક ઉતારીને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને જે મોતૈયા લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોઢ્યા ને સંત જમીને ઉતારે ગયા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટપુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'લોયાથી વિચરણ કરતા ગોંડલ, બંધિયા, ગણોદ, જાળિયા, માણાવદર આદિ ગામ થઈને પંચાળા પધાર્યા, ત્યાં સંતોને તેડાવ્યા ને હુતાશનીના ઉત્સવની તૈયારી કરાવી,' એ નામે બાવનમો વિશ્રામ ॥૫૨॥

વિશ્રામ - ૫૩

પંચાળામાં હુતાશનીનો ઉત્સવ, અદ્ભુત રાસ તથા દેવ-અવતારાદિ દર્શને આવ્યા.

પછી મહારાજ થોડી વાર કેડે જાગીને, જળના કોગળા કરીને, જળપાન કરીને, પોશાક પહેરીને, ઘોડીએ અસવાર થઈને, ગામ બહાર જે મંચ નાંખેલો તેના ઉપર આવીને બિરાજ્યા અને મુનિમંડળ મહારાજને પગે લાગીને બેઠા. પછી વાજાં લઈને હોરી ગાવા લાગ્યા ને મહારાજ લાખના ગુલાલ ભરેલા ગોટા હાથમાં લઈને સંત ઉપર ને હરિજન ઉપર નાંખતા જાય ને મંદમંદ હસતા જાય. પછી મશાલ થઈ ને ગવૈયા હતા તેમને વાજાં લઈને ઉતારે મોકલ્યા. પછી આરતી-ધૂન કરી ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “મુનિમંડળ, સંન્યાસી ને બ્રહ્મચારી તે તમે સર્વે, પીરની જગ્યાથી આથમણી કોરે પર્ણકુટીઓ કરો, તે થોરના વળા ને ખાખરો ને છાજ(ઘાસ,ખપાટ વગેરે) તેણે કરીને કરો. કેમ જે ઝાકળ પડે છે.”

પછી ઝીણાભાઈ ને ગગાભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! ગામના મનુષ્ય પાસે કરાવી દેશું.” ત્યારે મહારાજ કહે, “ઠીક છે.” પછી મહારાજ કહે, “ફરીને કીર્તન ને ગરબીઓ બોલો.” ત્યારે જવાન જવાન મુનિ ફરવા માંડ્યા. ને જે કીર્તન બોલ્યા તે, *‘તમે મીઠું બોલીને મન લીધું રે મીઠડા બોલાજી.’* પછી બીજા પદ બોલ્યા જે, *‘નેણામાં નાથજી આવો રાખું રે.’* વળી બીજા પદ જે, *‘એક સમે બિરાજે વ્હાલો શોભા શી કહીએ.’* પછી મહારાજ કહે, “હવે રાખો.”

❊ પંચાળાના લાડકીમાનો શ્રીહરિમાં પુત્ર જેવો ભાવ :

પછી ઘોડીએ અસવાર થઈને ગામમાં ઉતારે પધાર્યા ને ઘોડીએથી ઊતરીને, પોશાક ઉતારી, જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. તે સમયે

ઝીણાભાઈ દૂધ ને સાકર લઈને આવ્યા. તે મહારાજ જરાક પીને પાછું આપવા જાય, ત્યાં તો બ્રાહ્મણી લાડકીમા બોલ્યાં જે, "દીકરા, કૃષ્ણાવતારમાં તો કોઈનું દૂધ કે દહીં રહેવા દેતા નહીં ને પરાણે લઈને પીતા; ને આજ તો હેતે કરીને પાવા આવે છે છતાં કહો છો જે, 'નહીં પીએ' પણ એ તો પીધું જોશે." પછી મહારાજ મંદમંદ હસીને પીવા માંડ્યા. પછી જળપાન કરીને પોઢ્યા.

પછી સવારે વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો. અને ચાખડીએ ચડીને હાથમાં રૂમાલ લઈ ચાલ્યા તે ઓટા ઉપર ઢોલિયો બિછાવેલો તેના ઉપર આવીને બિરાજ્યા. મુનિમંડળ પણ નિત્યવિધિ કરીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "કરો પ્રશ્ન ઉત્તર." પછી જે મુનિ પ્રશ્ન પૂછે તેના ઉત્તર મહારાજ કરે અને એમ બોલે જે, "કરો આશંકા." ત્યારે મુનિ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો, કાંઈ શંકા નથી." પછી બ્રહ્મચારી બોલ્યા જે, "થાળનો સામાન તૈયાર થયો છે ને સંતને સારુ રસોઈ પણ થઈ છે." પછી તરત ઊઠ્યા ને પોશાક ઉતારીને સ્નાન કરીને થાળમાં જે ભાતભાતનાં ભોજન ને વ્યંજન તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને ઢોલિયે બિરાજ્યા.

❊ ધુવાબરાઈના કાશીરામની પૂજા ને શ્રીહરિએ ધનુષ્ય ધારણ કર્યું :

પછી તે સમે ગામ **ધુવાબરાઈ**ના હરિજન જમાદાર કાશીરામ આવ્યા હતા. તેમણે મહારાજની પૂજા કરી, ને ભાલને વિષે ચંદનની અરચા કરી, ને કુમકુમનો ચાંદલો કર્યો. શરીરે ચંદનની અરચા કરીને બે બાહુમાં કુમકુમના ચાંદલા કર્યા; ને કસુંબલ હિંદુસ્તાની પાઘ વળ દઈને આગળથી બાંધી મેલી હતી તે મહારાજના મસ્તક ઉપર મેલી; ને કમાન(ધનુષ) ને ભાથો હાથમાં આપ્યો અને એક કટાર મહારાજને કમરે બંધાવ્યો. પછી મહારાજે હાથમાં કમાન લઈને ચઢાવી ને તાણી.

ત્યારે રામપ્રતાપભાઈ સામા બેઠેલા તે બોલ્યા જે, “બહુ રૂડી મૂર્તિ શોભે છે ! અને રામાવતાર ને કૃષ્ણાવતારમાં ધનુષ્ય ભાંગ્યાં ને આ અવતારમાં પણ ધનુષ્યને ચઢાવીને તાણ્યું.” પછી મહારાજ કહે, “લ્યો તમે.” એમ કહીને ભાથો ને કમાન રામપ્રતાપભાઈને આપ્યાં. અને એ પ્રસાદીનો કટાર ગગાભાઈ પાસે હતો. અને તે સમાની જે શોભા તે ઉપર બ્રહ્માનંદસ્વામીએ પદ કર્યાં છે જે,

‘લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને,
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને.
કાજુ મોતીડે જડીત, કટાર કમરે કસી લીધલો,
નીરખી બ્રહ્માનંદ કે જનમ સુફલ મારો કીધલો...૪’

પછી મહારાજ પલવટ વાળીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા અને કંસાર પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગીને જળના કોગળા કરી, મુખારવિંદ ધોઈ, જળપાન કર્યું અને પોશાક પહેરી, ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ બહાર આવીને ઘોડીએથી ઊતરીને મંચ ઉપર બિરાજ્યા. અને સંતોની પર્ણકુટી જોઈને બહુ રાજી થયા. અને સંતો પણ બેઠા બેઠા દર્શન કરે ને ધ્યાન-ભજન-કીર્તન રાતદિવસ કરે.

પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “પરમ દહાડે હુતાશની છે, તેથી અમારે પરમહંસ સંગાથે રમવું છે. માટે પિચકારીઓ તૈયાર કરાવો અને પતંગ, કેસર ને કેસુડા તેનો રંગ કઢાવજો.” ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, “પિચકારીઓ સારુ વાંસ અને રંગ કાઢવાનો સામાન ને ગુલાલ તે સર્વે મંગાવીને નિષ્કુળાનંદસ્વામીને આપ્યાં છે.” ત્યારે મહારાજ કહે,

"સ્વામી ? હોજ આ ઠેકાણે કરાવજો." પછી નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ ઠેકાણે હોજ કરાવું છું." ત્યારે મહારાજ કહે, "ઠીક."

❊ પંચાળામાં અદ્ભુત રાસ :

પછી મહારાજ કહે, "ફરીને(રાસ રમતા) ગરબી બોલો." ત્યારે જવાન જવાન સંત ફરીને ગાવા લાગ્યા. પછી ભારે રેંટો મસ્તકે બાંધ્યો છે, ને સુરવાળ ને ડગલી પહેરી છે, ને કેડે રેંટો બાંધ્યો છે, ને ખભે રેંટો એક નાંખ્યો છે. પછી મંચ ઉપરથી ઊતરીને સંત ભેળા ફરવા લાગ્યા. અને મૂર્તિ ચંચળ શોભે છે, ને તાળી પાડતા જાય, ને ઘેરે સાદે કરીને ગાતા જાય


अने ते समे नाना प्रकारनां वाजित्र वाजतां ह
वां अने रंगादिक देव जे ते पुष्पनी वृष्टि करता हवा अने अ
प्सराओ नृत्य करती हवीयो ने अक्षरधामने श्वेतद्विपने
बदरिकाश्रमने विषे जे धाम तेना मुक्त ते महाराज साथे र
मवाने आवता हवा ॥ अने रामकृष्णादिक जे चोविश अवता
र ते सर्वे महाराज भेळा रमवाने आव्या ने ब्रह्मा शिव ने ग
णादिक जे ब्रह्मांडना अधिकारि देव ते सर्वे रास रमवाने
आवता हवा तेने सच्चिदानंद स्वामि आदिक जे समाधि
वाळा ते देखता हवा अने जेम श्रीकृष्ण भगवाने वृंदावना
नि रात्रि करी तेम आंहि पण महाराजे पोताना भक्तजन
ने देखाड्युं अने अनंत कोटी ब्रह्मांडना अधीकारि ते
रमवा आव्या छे

અને તે સમયે નાના પ્રકારનાં વાજિંત્રો વાગતાં હવાં, અને ઈન્દ્રાદિક દેવ જે તે પુષ્પની વૃષ્ટિ કરતા હવા, અને અપ્સરાઓ નૃત્ય કરતી હવી. અને અક્ષરધામ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ને બીજા જે ધામ તેના મુક્ત તે મહારાજ સાથે રમવાને આવતા હવા. અને રામકૃષ્ણાદિક જે ચોવીસ અવતાર તે સર્વે મહારાજ ભેળા રમવાને આવ્યા. ને બ્રહ્મા, શિવ ને એ આદિક જે બ્રહ્માંડના અધિકારી દેવ તે સર્વે રાસ રમવાને આવતા હવા. તેને સચ્ચિદાનંદસ્વામી આદિક જે સમાધિવાળા તે દેખતા હવા. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને છ મહિનાની રાત્રી કરી હતી, તેમ આંહીં પણ મહારાજે પોતાના ભક્તજનને દેખાડ્યું. અને અનંતકોટિ બ્રહ્માંડના અધિકારી તે રમવા આવ્યા છે.

પછી રાત અડધીક ગઈ ત્યારે સંત થાકી રહ્યા, ને એમ કહ્યું જે, "હે મહારાજ ! હવે કીર્તન આવડતાં નથી." ત્યારે મહારાજ કહે, "બીજા સંત બોલો." ત્યારે બીજા સંત બોલ્યા, ને પછી કહે, "અમને તો આટલાં જ આવડે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કવિ ક્યાં ગયા ? લાવો તમારા ચોપડા." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! કાલ આપણે ફરવું છે કે નથી ફરવું ? અને અમે તો ફરીને વિસામો ખાઈએ છીએ, પણ તમે તો એમ ને એમ ફરો છો." પછી મહારાજ મંચ ઉપર બિરાજ્યા. પછી તેના ઉપર બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં છે -

'રમે રાસ રંગીલો રંગમાં, સખી ફરતા લાગે છે ફૂટરી રે;
ઝીણી અંગરખીની ચાળ, બહુમૂલી મોળીડું બાંધિયું રે...૧
શોભે નવલ કલંગી છબીદાર, રૂડો જામો પેર્યો છે જરકસી રે;
શોભે અંગોઅંગ શણગાર, રંગભીના કાના કેરી રાસની રે...૨
છબી જોવા આવ્યાં સુરવૃંદ, સખી નવલ રંગીલી છબી ઉપરે...૩

બલિહારી બ્રહ્માનંદ.' જેમ પૂર્વે ઊભા થઈને સમુદ્રમંથન કરીને ઝેર કાઢી નાખ્યું, ને પછી અમૃત કાઢીને દેવને પાયું, ને ચૌદ રતન

પોતાના ભક્તને આપ્યાં; તેમ આજે મહારાજે ઊભા થઈને કામ-ક્રોધને મંથન કરીને કાઢી નાખ્યા, ને બ્રહ્મવિદ્યારૂપ અમૃત પાયું અને નિષ્કામ, નિર્લોભ, નિર્માન એ આદિ રૂપ જે રતન તે સંતહરિજનને આપ્યાં. એવા જે શ્રીજીમહારાજ તે ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા ને ઘોડીએથી ઊતરીને પોશાક ઉતારીને પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને ઓટે ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી પ્રશ્નઉત્તર થવા લાગ્યા. તે મહારાજ મુનિને પ્રશ્ન પૂછે ને તેનો ઉત્તર મુનિથી ન થાય ત્યારે મહારાજ ઉત્તર કરે. અને વળી મુનિ માંહોમાંહી પ્રશ્ન પૂછે ને તેના ઉત્તર કરે. જ્યારે તેમાં મહારાજ આશંકા કરે ત્યારે કોઈથી ઉત્તર ન થાય, ત્યારે તેનો ઉત્તર મહારાજ કરે.

❊ આણંદજી સંઘેડિયા પત્તર લાવ્યા, તે સંતોને આપ્યાં :

પછી એક સમયે ગામ **માંગરોળ**થી આણંદજીભાઈ સંઘેડિયા (પંચાળા) આવ્યા અને સંતને જમવા સારુ લાકડાનાં પત્તર લાવીને મહારાજને આગળ મેલ્યાં. ત્યારે મહારાજ કહે, “સંતો ! લો પત્તર.” ત્યારે સંત બોલ્યા જે, “મારે પત્તર નથી.” ત્યારે મહારાજ કહે, “તમારું જમવાનું પત્તર લાવો.” પછી તે પત્તર લાવે ત્યારે મહારાજ નાનું પત્તર આલે, તેને લઈને ઊભા થઈ રહે. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! જેને પત્તર આપવાં હોય તેને આપો.” ત્યારે મહારાજ કહે, “એક તો તમે લો.” એમ મોટા મોટા સંતને પત્તર આપ્યાં. પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું.

પછી લાડકીમાએ થાળ કરાવ્યો. તે મહારાજ ઉગમણે મુખારવિંદે જમવા બિરાજ્યા ને જમતા જાય ને મયારામ ભટ્ટ સાથે વાત કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુક્તાનંદસ્વામી આદિ સદ્‌ગુરુને તેડાવ્યા અને તેમને મહારાજે જમાડ્યા. અને મુખવાસ લઈને મુનિમંડળને પીરસવા પધાર્યા ને લાડુ પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી પીરસીને

જળે કરીને હાથ ધોવરાવે છે, તે સમયે મહારાજ બોલ્યા જે, “અમે ઓટે ઢોલિયે બેસીએ છીએ, તેથી દક્ષિણાદી કોરે આત્માનંદસ્વામી આદિ ભણનારા તેમને ભણવા સારુ જગ્યા આલીએ છીએ. કેમ જે, સમૈયા નિરંતર થાય છે, તેથી તમારી વિદ્યા નહીં રહે.” ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા જે, “ઠીક મહારાજ.” પછી મહારાજ પોઢવા પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા.

પછી થોડી વાર કેડે જાગીને જળના કોગળા કર્યા ને જલપાન કરીને ઘોડીએ અસવાર થઈને મંચ ઉપર આવીને બિરાજ્યા. પછી ગવૈયા સંત સરોદા, દુકડ, મંજીરાં ને સિતાર લઈને હોરીનાં પદ બોલવા લાગ્યા જે, *‘હોરી આઈ શામવિહારી, શ્રીઘનશ્યામ કામ સબ પૂરન, સુનિયે બિનતિ હમારી.’* પછી મશાલો થઈ ને સંતો ગોડી બોલ્યા. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે રામપ્રતાપભાઈ સામા બેસીને હોરી ગાવા લાગ્યા ને બીજા ઢોલક વગાડે ને ગાતા જાય.

પછી રાત પોર ગઈ ત્યારે મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને વસ્ત્ર ઉતાર્યાં અને સ્નાન કરી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને પોઢ્યા. અને ઝીણાભાઈ ચરણ ખોળામાં લઈને દાબતા જાય ને મહારાજને વિનંતી કરતા જાય જે, “હે મહારાજ ! કાલ ગામ-પરગામનાં સત્સંગી બાઈભાઈ આદિ તેમને મારે જમાડવા છે.” ત્યારે મહારાજ કહે, “એક ચોકો બ્રાહ્મણનો કરાવો ને એક ચોકો સાધુનો કરાવો.” ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા જે, “બહુ સારું.” પછી મહારાજ પોઢ્યા.

☀ પંચાળામાં રંગોત્સવ :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસંતી વસ્ત્ર પહેરીને ઓટા ઉપર જે ઢોલિયો તેના ઉપર બિરાજ્યા. પછી રંગનાં રંગાડાં ભરીને મેલેલાં ને ગુલાલની ગાંસડીઓ બાંધેલી તે લાવીને મેલી. પછી

જે રમવા લાગ્યા તે મહારાજે ફેંટાની બોકાની વાળી છે, ને રૂપાની પિચકારી હાથમાં લીધી છે, અને એક કોરે કાઠી-પાળા ને મહારાજ અને બીજી કોરે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિભક્ત રહ્યા છે. પછી સામસામા રમવા લાગ્યા ને રમત ચાલી, ને ગુલાલની ડમરી ઊડી રહી છે, ને જે રંગ ચાલ્યો તે દરબાર બહાર ગયો. અને મનુષ્યની ભીડ થઈ, તેને જોઈને મહારાજે હાકલ કરી, ને બોલ્યા જે, "રમવાનો સર્વે સામાન અમારી બેઠકે લાવો."

પછી રંગનાં રંગાડાં લીધાં, ને ગુલાલની ગાંસડીઓ લીધી, ને મહારાજ ઘોડીએ અસવાર થયા, ને સંતોને કાખમાં પિચકારીઓ રહી છે, ને તાળી વજાડીને કીર્તન બોલતા જાય છે, અને ત્રાંસાં, ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં છે, ને ગુલાલ ઊડી રહ્યો છે, ને મહારાજ ગામ બહાર આવી ઘોડીએથી ઊતરીને મંચ ઉપર બિરાજ્યા. પછી એક કોરે મહારાજ ને એક કોરે સંતમંડળ, અને જે રમત ચાલી તે હોજમાં જે રંગ ભર્યો હતો તે સર્વે થઈ રહ્યો. પછી હરિજન બેડાં ભરીને લાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "એક હોજ ઉપર નિત્યાનંદસ્વામીના પક્ષવાળા સંતો ને બીજા હોજ ઉપર બ્રહ્માનંદસ્વામીના પક્ષવાળા સંતો, તે માંહોમાંહી રમો." એમ કહીને મંચ ઉપર બિરાજ્યા.

પછી સંતો માંહોમાંહી રમવા લાગ્યા, ને વાજાં વાગી રહ્યાં છે, ને હોરીઓ ગવાઈ રહી છે, અને મહારાજ મંદમંદ હસતા જાય છે, ને ગુલાલની મૂઠીઓ ભરીને સંત અને હરિજન ઉપર નાંખતા જાય છે, અને પડકારા કરતા જાય છે; એવી રીતે જે રમત ચાલી, તે પાણી ભરનારાના હાથમાંથી વાસણ લઈ લઈને હોજમાં નાંખતા જાય ને રમવા લાગ્યા. પછી મધ્યાન થયો ત્યારે મહારાજ તાળી પાડીને એમ બોલ્યા જે, "હવે રાખો, જમવાને મોડું થાય છે." ત્યારે સંતોએ રમત બંધ કરી. અને મહારાજ ઘોડીએ અસવાર થઈને વાજતેગાજતે

નદીએ નાવા પધાર્યા. ત્યાં મહારાજ ઘોડીએથી ઊતર્યા ને વસંતી વસ્ત્ર ઉતારીને ઝીણાભાઈને આલ્યાં.

પછી મહારાજ નદીમાં નાવા બિરાજ્યા અને સંત, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, કાઠી ને હરિજન તે સર્વે મહારાજને હેઠવાસ નાયા. પછી મહારાજ નાહીને બહાર નીસર્યા ને વસ્ત્રે કરીને શરીર લૂછ્યું. પછી ઝીણાભાઈએ ભારે વસ્ત્ર પહેરાવ્યાં. તે સુરવાળ ને ડગલી પહેરી, ને ભારે રેંટો માથે બાંધ્યો, ને કડાં પહેરાવ્યાં, ને ઊતરી પહેરાવી, ને વેઢ, વીંટીઓ ને પુષ્પના હાર પહેરાવ્યા, ને ચંદનની અરચા કરી. પછી દેશદેશના જે હરિજન તે ભેટ મેલતા જાય ને મહારાજના ચરણનો સ્પર્શ કરતા જાય. પછી મહારાજ કહે, “લાવો ઘોડી.” પછી ઘોડીએ અસવાર થયા.

પછી જે અક્ષરધામના મુક્ત ને શ્વેતદ્વીપના મુક્ત ને બદરિકાશ્રમના મુક્ત ને અવ્યાકૃતાદિ જે જે ભગવાને, ભક્તને સુખ દેવા સારુ ધામ બાંધ્યાં છે, તે સર્વેના મુક્ત આવીને મહારાજની પૂજા કરતા હવા. ને મહારાજ જ્યારે નાયા ત્યારે તે પણ મહારાજને પછવાડે બેસીને નાયા, ને મહારાજે નેત્રની સાને કરીને ભેગા લીધા. અને ત્રાંસાં, ઢોલ, શરણાઈ ને દુંદુભી તે વાગી રહ્યાં છે અને જ્યાં હમણાં ગામથી ઉત્તરે નદી ઊતરવાનો આરો છે તે ઠેકાણે મહારાજ નાયા છે, ત્યાંથી જે ગાજતે વાજતે ચાલ્યા તે દરબારમાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને પોશાક ઉતાર્યો ને સ્નાન કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને જળપાન કરતા જાય.

પછી ચળુ કરીને મુખવાસ લઈને મુક્તમંડળને પીરસવા પધાર્યા. તે પલવટ વાળીને મોતૈયા લાડુ ચાર-ચાર આલવા માંડ્યા. અને શાક, વડાં, ભજિયાં, રાઈતાં, કઢી, વડી, પાપડ ને નાના પ્રકારનાં આથણાં, તે પીરસનારા સંતો મહારાજની કેડે પીરસતા જાય ને મહારાજ પણ તાણ કરી કરીને આલતા જાય. પછી નવ-દસ વાર પંક્તિમાં ફરીને પીરસનારા

સંતોને લાડુ પીરસ્યા. પછી મહારાજના હાથ જળે કરીને ધોવરાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "આનંદસ્વામી ! તમે, મુળજી બ્રહ્મચારી ને જેરામ બ્રહ્મચારી, તે તમે સંઘના હરિજન બાઈભાઈને, જેને જે ચોકે ખપે તેને તે ચોકે જમાડજો; ને રખે કોઈ જમ્યા વિના રહે નહીં. અને ગામના જે સત્સંગી તે કામકાજમાં આવે છે, માટે એમને પણ જમાડજો." એમ કહીને મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરીને ઢોલિયે પોઢ્યા.

⁕ રામપ્રતાપજીને દ્વારકા યાત્રાર્થે મોકલ્યા :

પછી સર્વે જમી રહ્યા ત્યારે મહારાજ સર્વે સુવર્ણમય વસ્ત્ર પહેરી, ઘોડીએ અસવાર થઈને ગામ બહાર મંચ, તેના ઉપર ઘોડીએથી ઊતરીને બિરાજ્યા. સંત ને બ્રહ્મચારી પણ મહારાજને પગે લાગીને બેઠા. પછી ગવૈયા સંત હોરી બોલવા માંડ્યા જે, *'શામરે મેં તો ભીંજ રહી રે.'* પછી મશાલો થઈ. પછી આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "મયારામ ભટ્ટ, રાઠોડ ધાધલ, કાળુ મકવાણા, નાન ખાચર ને નાજા જોગિયા એ પાંચ અસવાર અને પાંચ પાળા, તે તમે સર્વે રામપ્રતાપજીને દ્વારકા પરસાવી(દર્શન કરાવી) આવો. અને રામપ્રતાપજીને કેસર અસવાર ને ઘોડી આલીએ છીએ."

પછી જે જે ધામના મુક્ત આવ્યા હતા તેમને મહારાજે આજ્ઞા કરી જે, "હવે તમે સૌ સૌને ઠેકાણે જાઓ." પછી જે પ્રકાશ થયો તે સમાધિવાળા સચ્ચિદાનંદસ્વામી ને શેઠ ગોવર્ધન આદિ 'ઓ..હો..! ઓ..હો..!' કરવા લાગ્યા. પછી મહારાજે ચપટી વગાડીને કહ્યું જે, "બોલશો નહીં, કીર્તન બોલો." ત્યારે સંત બોલ્યા જે, *'ઓરા ઓરા ને આવો રે કે મોહન મરમાળા.'* પછી મહારાજ 'જય સ્વામિનારાયણ' કહીને ઊઠ્યા ને ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને પોશાક ઉતાર્યો. પછી સ્નાન કરી જમવા બેઠા. તે જમતા જાય ને મયારામ ભટ્ટ સાથે વાત કરતા જાય. પછી ચળુ કરીને રામપ્રતાપજી

ભેગા જનારા જે રાઠોડ ધાધલ આદિ અસવાર ને હમીરભાઈ આદિ પાળા તેમને થાળ આપ્યો. પછી મહારાજ પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો ને પોશાક પહેરી, ચાખડીએ ચડી, ઓટા ઉપર ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા અને સંતમંડળ પગે લાગીને બેઠા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ રમૂજમાં મહારાજની આગળ વાત કરી જે, "ગોવર્ધનભાઈએ સંતને તિલક કરવા ખાંડી(ક્ષારમાં પલાળી કંકુ તરીકે વપરાતો હળદરનો ગાંઠિયો) લાવીને મહારાજ આગળ મેલી. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને આપી ને કહ્યું જે, 'સંતોને વહેંચી આલજો.' ત્યારે સભા ઊઠ્યા પછી વહેંચી આપી. ત્યારે કોઈક સંતો મોંમાં નાંખી જમી ગયા."

ત્યારે મહારાજ કહે, "અમારા જડભરત જેવા સંતો રાતે બધી ખાંડી જમી ગયા." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ તમે સભામાં અમારી મશ્કરી કેમ કરાવો છો ?" ત્યારે મહારાજ કહે, "રાતે ખાંડી જમી ગયા કે નહીં ?" ત્યારે સંતો બોલ્યા જે, "કોઈકે પ્રસાદી જાણીને કટકો મોંમાં નાખ્યો હશે." એવી રમૂજ કરીને સંતોને રાજી કર્યા. પછી થાળ જમવા પધાર્યા ને પોશાક ઉતારી જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને ભક્તજનને વખાણતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને ઘડીક પોઢ્યા. પછી જાગીને વસ્ત્ર પહેરી, ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તેમને મહારાજે કહી મોકલ્યું જે, "ચંદન ઉતારીને અમારી પૂજા કરવા આવો."

❊ સંતો તથા ધામના મુક્તોએ ચંદનથી પૂજા કરી :

પછી ખાખરાનાં પાંદડાંના પડિયા કરી, પથ્થરના ઓરસિયા કરી, સંત, બ્રહ્મચારી ને સંન્યાસી તે ચંદન ઉતારીને મહારાજની પૂજા કરવા

આવ્યા. મહારાજ એક વસ્ત્ર પહેરીને ઢોલિયે બેઠેલા. પછી જે સંત પૂજા કરે તે નખશિખા પર્યંત મહારાજને શરીરે ચંદન ચર્ચે. પછી બહુ ચંદન થાય ત્યારે સંત ધીરે રહીને ઉતારીને પડિયામાં લેતા જાય. એવી રીતે સર્વે સંતે મહારાજની પૂજા કરી.

પછી તે સમયે અક્ષરધામના મુક્ત, શ્વેતદ્વીપના મુક્ત ને બદરિકાશ્રમના મુક્ત તે સર્વે મહારાજની પૂજા કરવા આવ્યા. તે મહારાજની પૂજા કરી રહે ત્યારે મહારાજ નેત્રની સાને કરીને રજા આલતા જાય. તેને સમાધિવાળા પ્રત્યક્ષ દેખતા. એવી રીતે સર્વે દુર્વાસા ઋષિના શ્રાપે કરીને અવતર્યા હતા તે પાસે અને સર્વે ધામના મુક્ત તે પાસે મહારાજે પૂજા કરાવી. પછી તરત ઊઠ્યા ને સ્નાન કરીને ભારે પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થઈને ગામ બહાર જે મંચ તેના ઉપર ઘોડીએથી ઊતરીને બિરાજ્યા. પછી સર્વે સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી ને હરિજન તે પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, “બોલો કીર્તન.” ત્યારે સંત બોલ્યા જે, *‘રંગીલા રંગડાને ચટકે રે, મારું મન લીધું છે લટકે રે.’* પછી બીજા પદ બોલ્યા જે, *‘ઓરા આવો નટવર નાનડિયા.’*

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને પોશાક ઉતાર્યો. અને જળે કરીને કોગળા કરીને નાહીને જમવા બિરાજ્યા. પછી જમીને થાળની પ્રસાદી સંતના મંડળમાં મોકલાવી. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી ઝીણાભાઈ ચરણ ખોળામાં લઈને દાબતા જાય ને મહારાજ પૂછે તેના ઉત્તર આપતા જાય. અને મહારાજ કહે જે, “તમારે બે ગામ છે, તેનું એક ગામ કરો. કેમ જે જમે(મહેસૂલ) થોડી ભરવી પડે.” ત્યારે ઝીણાભાઈ કહે, “ઠીક મહારાજ.” પછી મહારાજ પોઢ્યા.

સવારે વહેલા જાગી નિત્યવિધિ કરીને, પોશાક પહેરીને, હાથમાં રૂમાલ લઈને, મોજડી પહેરીને, ઓટા ઉપર જે ઢોલિયો તેના ઉપર

આવીને બિરાજ્યા અને સંત સર્વે પગે લાગીને બેઠા. અને ભણનારા સંત પગે લાગી પાનાં લઈને ભણવા લાગ્યા ને લૈયા લખવા લાગ્યા. અને પ્રશ્નઉત્તર થઈ રહ્યા છે, તેવે સમે રામપ્રતાપજી દ્વારકાથી આવ્યા ને ઘોડીએથી ઊતરીને મહારાજને પગે લાગ્યા. મહારાજ પણ તેમને ઊભા થઈને મળ્યા ને પછી બેઠા. અને રામપ્રતાપભાઈ દ્વારકાની વાત કરવા લાગ્યા જે, "જ્યાં જ્યાં દર્શન કરનેકું જાવે ત્યાં ત્યાં કહે, 'લાવ પૈસા' એ સાધુતા સબે ભેળી હુવે હૈ, ઔર કલ્યાણકી તો બાત જ નહીં હૈ."

ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે થોડાક વર્ષમાં ગોમતી, છાપ, રણછોડજી ને ત્રિકમરાય તેમને (વડતાલ) તેડાવશું, એટલે દ્વારકા કોઈને નહીં જાવું પડે." પછી બ્રહ્મચારી બોલાવવા આવ્યા તે મહારાજ જમવા પધાર્યા. પોશાક ઉતારીને ગરમ પોશની રાતી ડગલી મયારામ ભટ્ટને આપી. પછી જળે કરીને ચરણ ધોવરાવ્યા. પછી થાળ જમતા જાય ને દ્વારિકાથી રામપ્રતાપ આવ્યા તે વાત કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઓટા ઉપર જે ઢોલિયો તેના ઉપર આવીને બિરાજ્યા. અને સંતો જમતા જાય ને મહારાજનાં દર્શન કરતા જાય. પછી સંતો જમી રહેવા આવ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'પંચાળામાં હુતાશનીનો ઉત્સવ, અદ્‌ભુત રાસ, દેવ-અવતારાદિ દર્શને આવ્યા ને રામપ્રતાપભાઈને દ્વારિકાની જાત્રાએ મોકલ્યા,' એ નામે ત્રેપનમો વિશ્રામ ॥૫૩॥

વિશ્રામ - ૫૪

પંચાળે ઉત્સવ કરીને આખા ગામને શેલણ જમાડ્યું ને વિચરણ કરતા ગઢપુર પધાર્યા

પછી (પંચાળામાં) થોડી વાર કેડે મહારાજ જાગ્યા ને જળપાન કરીને વસ્ત્ર પહેર્યાં અને ઘોડીએ અસવાર થઈને મંચ ઉપર આવીને બિરાજ્યા. સંતમંડળ પણ મહારાજને પગે લાગીને બેઠા. પછી રામપ્રતાપભાઈ પણ પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "રામપ્રતાપભાઈને દેશમાં મોકલવા છે, તેથી જે સંત બોલે તેના ભેગા મોકલીએ." ત્યારે નિર્ગુણાનંદસ્વામી ને પરમચૈતન્યાનંદસ્વામી આદિ પંદર સંત બોલ્યા. પછી પાળાને કહે, "તમે બોલો." ત્યારે કરશન આદિ દશ પાળા બોલ્યા. પછી મહારાજ બોલ્યા જે, "હવે એટલા ઘણા."

પછી રામપ્રતાપભાઈ બોલ્યા જે, "હમારે તો અભી ઘર નહીં જાના હૈ. ઈધર મહારાજકા ઔર સંતકા સમાગમ છોડકે ઘર જાયકે કહા કરે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એક ફેરો તમે જઈ આવો, ને તમારાં ઘરનાં અને ઈચ્છારામભાઈનાં ઘરના મનુષ્યને મોકલજો. અને તમારે ઘેર ગયા વિના નહિ ચાલે. કેમ જે, કુંટુબમાં ને દેશમાં તમે મોટા કહેવાઓ છો, તેથી કહેશે, 'કહાં ગયા ?" પછી ભાઈ બોલ્યા જે, "તમારી આજ્ઞાએ કરીને જઈશ." પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી મહારાજ તરત ઊઠ્યા ને ઘોડીએ અસવાર થઈને ગામમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને પોશાક ઉતાર્યો ને સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને જે સંત ને પાળા ભાઈ ભેળા ચાલવાના હતા તેમને જમાડવા તેડાવ્યા. પછી તાણ કરી કરીને જમાડ્યા. પછી દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર સભા કરીને બિરાજ્યા.

પછી રામપ્રતાપભાઈને દેશમાં મોકલવાની વાત, ગામના ઝીણાભાઈ આદિક હરિજન, ને દેશના મયારામ ભટ્ટ આદિ હરિજન તેમની આગળ કહી. અને મહારાજે પોશાક ઉતારીને રામપ્રતાપભાઈને આપ્યો. પછી સર્વે હરિજન ભારે ભારે વસ્ત્ર ને રૂપિયા ભાઈને પગે ભેટ મેલતા હવા. પછી મહારાજ ભાઈ ભેળા ચાલનારા જે સંત ને પાળા તેમને મળ્યા ને સર્વે ભલામણ કરી. પછી મહારાજ પોઢવા પધાર્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને ઓટા ઉપર ઢોલિયો તેના ઉપર બિરાજ્યા. પછી રામપ્રતાપભાઈ મહારાજને મળીને જ્યારે ચાલ્યા ત્યારે સર્વે સંતમંડળ, સંન્યાસી, બ્રહ્મચારી ને હરિજન તે નદી સુધી વળાવવા ગયા. પછી ત્યાંથી સર્વેને ભાઈએ પાછા વાળ્યા. તે સર્વે મહારાજ પાસે આવીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થવા લાગ્યા. પછી મહારાજ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું ને જમીને ચળુ કરી તરત પોઢી ગયા. અને સંતો જમીને ઉતારે આવ્યા. મહારાજ સાંજ લગી પોઢ્યા.

❊ મહારાજે ઉદાસીપણું ગ્રહણ કર્યું :

પછી જાગીને જળપાન કરીને ઓટા ઉપર જે ઢોલિયો તેના ઉપર બિરાજ્યા અને સંતો પગે લાગીને બેઠા. પછી મશાલો થઈ ને આરતી ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઊઠ્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા, ને પછી પોઢ્યા. પછી જાગીને વતું કરાવ્યું. પછી સ્નાનવિધિ કરી અને વસ્ત્ર પહેરીને ઢોલિયે બિરાજ્યા. અને સભામાં ન પધાર્યા, ને થાળ જરાક જમીને ચળુ કરી પોઢી ગયા. પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને બેઠા. ત્યારે ઝીણાભાઈ જમવાનું પૂછવા આવ્યા. ત્યારે મહારાજે ના પાડી. પછી લાડકીમા દૂધની પૂરી ને તળેલાં શાક, થાળ કરીને લઈ આવ્યાં.

અને મહારાજને કહે, "જમવા ઊઠો." ત્યારે મહારાજ કહે, "હમણાં નહીં જમીએ." ત્યારે મા બોલ્યાં જે, "મહારાજ ! ઊઠોને, હજારો મનુષ્ય ભૂખ્યા છે. તે તમે જમશો ત્યારે સર્વે જમશે." પછી મહારાજ જમવા ઊઠ્યા ને જળના કોગળા કરાવ્યા. અને થાળ જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને તરત પોઢ્યા.

પછી જાગીને જળપાન કરીને બેઠા. ત્યારે મયારામ ભટ્ટે પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! ઓસરીમાં આવીને ઢોલિયે બિરાજો તો સર્વેને દર્શન થાય." ત્યારે મહારાજ ઓસરીમાં આવીને ઊભા. ત્યારે સર્વે હરિજને દર્શન કર્યાં. પછી મહારાજ પાછા પધાર્યા અને સંત, બ્રહ્મચારી, સંન્યાસી તે સર્વે ઉતારે આવ્યા. પછી ગોડી બોલ્યા ને આરતી, ધૂન ને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી કથા વંચાવી ને કીર્તન બોલ્યા. પછી સંતો સૂતા.

મહારાજ સવારે વહેલા જાગીને બહિર્ભૂમિ જઈ આવ્યા અને જળ ને મૃતિકાએ કરીને હાથ ધોવરાવ્યા ને દાતણ કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રેમાનંદસ્વામીને બોલાવો, ને સિતાર લેતા આવે." પછી પ્રેમાનંદસ્વામી મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "**જયદેવકૃત ગીતગોવિંદ** બોલો." પછી બોલીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે કાંઈક જમો તો મને ગાતાં પણ સારું લાગે." ત્યારે મહારાજ કહે, "હું શું જમું ?" ત્યારે ઝીણાભાઈ કહે, "તમે કહો તે રસોઈ કરાવું." ત્યારે મહારાજ કહે, "ભાત ને દાળ કરો." પછી એ કરીને લાવ્યા ને મહારાજે જમીને પ્રેમાનંદસ્વામીને વાત કરી. પછી સંતમંડળ સર્વે રાજી થયા ને મહારાજ પોઢવા પધાર્યા.

પછી થોડી વાર કેડે જાગીને જળપાન કર્યું અને મોજડી પહેરીને ઝીણાભાઈના ઉત્તરાદા ઓરડાની ઓસરીએ ઢોલિયો બિછાવ્યો, તેના ઉપર આવીને બિરાજ્યા. અને મુક્તાનંદસ્વામી આદિ ગવૈયા સંતને

કહી મોકલ્યું જે, "વાજાં લઈને આવો." પછી સંત પગે લાગીને બેઠા ને વાજાં લઈને ગાવા લાગ્યા જે, *'આંખલડી રસભરી રંગે રાતી, નેણામાં રસીક મદન મદમાતી.'* પછી આરતી-ધૂન કરી શ્લોક બોલીને બેઠા.

❊ પંચાળા ગામનાં સર્વને જમાડ્યા :

પછી મહારાજ બોલ્યા જે, "પંચાળું ગામ જમાડીએ." ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "ઠીક." પછી મહારાજ કહે, "પૂછો જે શી રસોઈ કરાવીએ ?" પછી ગામનાં મનુષ્યને પૂછ્યું ત્યારે ગામનાં મનુષ્ય કહે, "ઝીણાભાઈ ! ચોખા, ગોળ ને ઘી એ (શેલણની) રસોઈ કરાવો." પછી મહારાજને સંભળાવ્યું, ત્યારે મહારાજ કહે, "એ રસોઈ તો ઠીક." ત્યારે ઝીણાભાઈ કહે, "જે સામાન જોઈએ તે સર્વે દરબારમાં છે." પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કર્યા. અને માલપૂવા ને દૂધના પૂડલા કરીને લાવ્યા. તેને જમીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને મુખવાસ લઈને મહારાજ પોઢ્યા. અને સંતને સારુ પ્રસાદી મોકલાવી.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને ચાખડી પહેરી અને ઓરડાની ઓસરીએ ઢોલિયે આવીને બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "પાછલો પોર દિવસ હોય ને ગામ જમી રહે એમ કરજો." ત્યારે મુળજી બ્રહ્મચારી ને જેરામ બ્રહ્મચારી બોલ્યા જે, "સારું મહારાજ." પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને ઉગમણા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા.

ત્યાં તો ગામ જમાડીને મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! ગામ તો જમી રહ્યું ને અડખા-પડખાના ગામનાં મનુષ્ય આવે છે." ત્યારે મહારાજ કહે, "સામાન કેમ છે ?" ત્યારે આનંદસ્વામી બોલ્યા

જે, “સામાન તો બહુ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “જમાડો.” પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી સંત પગે લાગીને બેઠા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! ગોળ, ચોખા ને ઘી આ જમણ સારું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આમાં ઘી બહુ વરે(વપરાય).”

પછી મહારાજ કહે, “કાલે ચાલવું છે.” ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, “મહારાજને બેસવા મેનો ને પાલખી ગામ માંગરોળથી મંગાવું ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારી માણકી ઘોડી છે, તેથી પાલખી ને મેનાનું કામ પડે એમ નથી.” પછી મહારાજ ઉતારે પધાર્યા ને જળે કરીને ચરણ ધોવરાવ્યા ને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને ઝીણાભાઈનાં ઘરનાં મનુષ્ય સાથે વાત કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી દાદા ખાચરનાં ઘરનાં મનુષ્ય બહુ રાજી થયાં ને ઝીણાભાઈનાં ઘરનાં મનુષ્યોને શોક થયો. ને એમ બોલ્યાં જે, “હવે ક્યારે પધારશો ને દર્શન દેશો ?” ત્યારે મહારાજ કહે, “તમારે શું કામ છે ? ચાલો અમારા ભેળા.” ત્યારે અદિબા બોલ્યાં જે, “અમે તો (અત્યારે) આવશું ને બીજા તો સમૈયે આવશે.” ત્યારે મહારાજ કહે, “ઠીક.” એમ કહીને પોઢ્યા.

પછી વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઓસરીમાં ઢોલિયે બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, “મુનિ સર્વે મંડળ બાંધીને દેશદેશ પ્રત્યે જાઓ ને અમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરજો. અને આનંદસ્વામીનું મંડળ અમારા ભેગું આવે ને ભણનારા નિત્યાનંદસ્વામી આદિ આવો.” એમ આજ્ઞા કરીને જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળમાં જે ભોજન તે જમતા જાય ને વાર્તા કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને જે હરિજન બાઈભાઈ મહારાજની પૂજા કરવા આવ્યાં. તે મહારાજની

પૂજા કરતા જાય ને ભારે ભારે પોશાક ને કડાં, વેઢ, વીંટીઓ, પોંચી, ઊતરી ને ટૂંપિયો આદિ ઘરેણાં મહારાજને પહેરાવી, ચરણનો સ્પર્શ કરી, પગે લાગીને બેસતા જાય; ને મહારાજ પણ તેમને બોલાવતા જાય.

✻ ઝીણાભાઈએ કરેલી પૂજા ને પ્રાર્થના :

પછી ઝીણાભાઈ ચંદન ને પુષ્પહાર ને ભારે પોશાક લાવ્યા. અને મહારાજને અરચા કરીને કુમકુમનો ચાંદલો કર્યો, ને ભારે રેંટો મસ્તકે બંધાવ્યો, ને સુરવાળ ને ડગલી પહેરાવ્યાં, ને ભારે રેંટો એક કેડે બંધાવ્યો, ને એક ખંભે નંખાવ્યો, ને રૂમાલ હાથમાં આપ્યો, ને પુષ્પના હાર પહેરાવી, પગે લાગીને બોલ્યા જે, **"હે મહારાજ ! તમારી માયા ને માયાનાં કાર્ય જે ત્રણેય ગુણ ને પંચવિષય તેમાં કોઈ દિવસ બંધાવા દેશો નહીં; ને તમારાં ચરિત્ર નિરંતર સાંભરે ને તમારા ભક્તનો કોઈ દિવસ અવગુણ ન આવે એ માંગુ છું."** ત્યારે મહારાજ કહે, "બહુ સારું."

પછી ઝીણાભાઈ ને ગગાભાઈએ મહારાજના ચરણારવિંદે ચંદન ચોપડીને છાતીમાં લીધાં. પછી આરતી ઉતારી ને પગે રૂપિયા મેલી, પગે લાગીને પાસે બેઠા. અને દાદા ખાચર આદિ કાઠીના અસવાર ને પાળા તે સર્વે તૈયાર થયા. અને ગાડાં ને વહેલ જોડીને સર્વે ચાલવા તૈયાર થયા. અને ઝીણાભાઈ ને એમનાં ઘરનાં મનુષ્ય કચવાવા માંડ્યાં જે, "મહારાજ બેઠા છે ને તમે શું કરવા આકળા (ઉતાવળા) થાઓ છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે આવશું, હમણાં જાવા દો." એમ કહીને ઘોડી લાવ્યા તેના ઉપર અસવાર થયા. અને ચાલવા સમે ઢોલ ને શરણાઈઓ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને ગામના સત્સંગી એમ બોલતા જાય જે, "ઘરનાં કામકાજ કરતા મહારાજનાં દર્શન કરતા, તે હવે ફરીથી ક્યારે થાશે ?"

પછી મહારાજ સર્વેને દર્શન દઈને જે ચાલ્યા તે નદી ઊતરીને સર્વે હરિભક્તને પાછા વાળ્યા. અને ઝીણાભાઈ પાંચ અસવારે સહિત

ભેગા આવ્યા. પછી જ્યાં લગી મહારાજ જણાણા ને જ્યાં લગી રજ ઊડતી જણાણી ત્યાં લગી સર્વે સત્સંગી ઊભા રહ્યા. પછી મહારાજની લીલા સંભારતાં ઘેર ગયા.

❊ માણાવદર ગજુમિયાંને તથા ભક્તોને દર્શન દીધાં :

પછી મહારાજ ગામ **માણાવદર** પધાર્યા ને સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **મયારામ ભટ્ટ**ના આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા; ને સંઘ સર્વે ગામમાં ઊતર્યો. અને મહારાજને મયારામ ભટ્ટ કહે, "થાળનો સામાન તૈયાર થયો છે અને પરમહંસ, કાઠી ને પાળા તેમને સારુ પણ રસોઈ થઈ છે." પછી મહારાજ વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને જમતા જાય ને હરિજનની ખબર પૂછતા જાય. પછી ગામના હરિજન જે **ગોવિંદરામ** આદિ તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! પાંચ દિવસ તો રહો." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાલે જમીને ચાલશું." ત્યારે હરિજન ઉદાસ થઈ ગયા. અને મહારાજ થાળ જમીને, ચળુ કરીને, મુખવાસ લઈને, મોજડી પહેરીને ઉતારે પધાર્યા અને ઢોલિયે બિરાજ્યા ને પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઢોલિયે આથમણા બાર ઓસરીએ બિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત વાજાં લઈને ગાવા લાગ્યા. અને દરબારે પણ આવીને મહારાજને ભેટ મેલી, ને પગે લાગીને બેઠા. ને દરબારના ગવૈયા પણ આવીને ગાવા લાગ્યા. પછી ગાઈ રહ્યા ત્યારે મહારાજ કહે, "જમીને ચાલવું છે."

પછી **ગજુમિયાં** બોલ્યા જે, "હે મહારાજ ! પહેલા તો તમે બે બે મહિના લગી રહેતા ને હવે પાંચ દિવસ લગી તો રહો !" ત્યારે મહારાજ કહે, "હવે સમૈયા જ્યાં કરવા હોય ત્યાં થાય, પણ રહીએ તો હજારો સત્સંગી ભેળા થઈ જાય, તો ગામના સત્સંગીને કઠણ પડે." પછી મહારાજે દરબારના ગવૈયાને રૂપિયો દેવરાવ્યો ને મહારાજ થાળ જમવા પધાર્યા. થાળ જમીને સંતને પીરસવા પંક્તિમાં પધાર્યા. તે લાડુ

પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ઓસરીમાં ઢોલિયે આવીને બિરાજ્યા. પછી ગોવિંદરામ આદિ હરિજન પગે લાગી, ભેટ મેલીને બેસતા જાય. પછી મહારાજ કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામના અબાલવૃદ્ધ સર્વે મહારાજને વળાવવા નીકળ્યાં ને દરબારના અસવાર પણ આવ્યા; તે સીમાડા લગી આવ્યા. પછી મહારાજે માંડ માંડ પાછા વાળ્યા.

❊ માણાવદરથી વિચરણ કરતા ગાલોલ પધાર્યા :

અને ત્યાંથી ચાલ્યા તે મહારાજ ગામ **ગણોદ** પધાર્યા ને ભદ્રા નદીને દક્ષિણાદે કાંઠે ઊતર્યા. અને **અભેસંગ** આદિ જે સામાન લાવ્યા તે મહારાજનો થાળ થયો ત્યારે મહારાજ જમવા બેઠા. જમીને ગામના દરબાર અભેસંગને થાળ આલ્યો. પછી ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને સભા કરીને બેઠા. ત્યારે ઝીણાભાઈ હાથ જોડીને રજા માગીને બોલ્યા જે, "હે મહારાજ ! વહેલાં દર્શન દેજો." ત્યારે મહારાજ કહે, "ઠીક." પછી મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **જાળિયા**ના હરિભક્ત **હીરા ઠક્કર** આદિકને દર્શન દીધાં. પછી ચાલ્યા તે ગામ **ઉપલેટા** પધાર્યા ને હરિજનને ઘેર ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને થાળ જમવા ઊઠ્યા ત્યારે વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને પછી થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને કહે, "લાવો ઘોડી." પછી ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામના હરિજને ઘણી તાણ કરી, પણ મહારાજ ન રહ્યા ને જે ઘોડી ઉપાડી, તે જેમ તારો ખરે તેમ વાજમાં બે ગાઉ ગયા.

પછી સંઘ ને કાઠી-પાળા ને સંત તે સર્વે ભેગા થયા. પછી ગામ **ધોરાજી** આવ્યા ને ગામ બહાર રાત રહ્યા. પછી ગામના હરિજન સામાન લાવ્યા. ને મહારાજને પૂછ્યું ત્યારે મહારાજ કહે, "રસોઈ કોઈ નહીં કરે."

ત્યારે હરિજન કહે, “હે મહારાજ ! ટીમણ લાવીએ.” ત્યારે મહારાજ કહે, “લાવો.” પછી ટીમણ લાવ્યા, તે મહારાજ કહે, “આનંદસ્વામીને આપો.” પછી આનંદસ્વામીએ મહારાજને જમાડીને સર્વેને ટીમણ વહેંચી આપ્યું. પછી મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **ફણેણી** આવ્યા. ગામના હરિજનને દર્શન દઈને ગામ **સાંકળી**એ પધાર્યા. એ ગામના હરિજન સામાન લાવ્યા ને ગામ બહાર નદીએ ઊતર્યા ને રસોઈ કરી. અને મહારાજ નિત્યવિધિ કરીને, થાળ જમીને, સર્વેને જમાડીને, સાબદા થઈને જે ચાલ્યા તે ગામ **ગાલોલ** આવ્યા ને નદીને કાંઠે ઊતર્યા. અને **માવો પટેલ** જે સામાન લાવ્યા તેની રસોઈ કરી. અને મહારાજ જમીને ઢોલિયે પોઢ્યા.

❊ ગાલોલથી વિચરણ કરતા ગઢડા પધાર્યા :

સવારે વહેલા જાગીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **દેરડી**એ પધાર્યા. ત્યાં સામૈયું આવ્યું તે વાજતે ગાજતે ગામમાં **શેઠ રૂપસી**ને ઘેર ફળિયામાં જઈને ઊતર્યા ને ઢોલિયે બિરાજ્યા. પછી મશાલો થઈ ને સંત આરતી-ધૂન ને શ્લોક બોલી પગે લાગીને બેઠા. ત્યાં તો રસોઈ તૈયાર થઈ ને મહારાજ થાળ જમવા પધાર્યા. અને સ્નાન કરીને જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને પછી પોઢ્યા. અને વહેલા જાગીને સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **પીપળિયા** ગયા. ને (ત્યાંના હરિજન) **ઠક્કર લક્ષ્મણ** કહે, “મહારાજ ગામમાં પધારો.” ત્યારે મહારાજ કહે, “અમારે ચાર ઘડી ટકવું છે, ને અસવારને અમે વાંકિયે મોકલ્યા છે.”

પછી મહારાજ ગામ બહાર ઊતર્યા અને હરિજન રસોઈનો સામાન લાવ્યા. તે રસોઈ કરીને જમીને ચાલ્યા તે ગામ **કોટડે** પધાર્યા ને સર્વેને દર્શન દઈને ગામ **ગોખલાણે** થઈને **વાંકિયે** પધાર્યા. ત્યાં દરબારમાં જઈને ઘોડીએથી ઊતરીને ઉગમણી ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. પછી થાળ

જમવા પધાર્યા ને સ્નાન કરીને જમીને ઢોલિયે બિરાજ્યા. પછી મહારાજ પોઢ્યા ને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઊભા ને ઘોડી લાવ્યા. ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "ગઢડે મહારાજની ખબર કરવા અસવાર મોકલીએ છીએ." ત્યારે મહારાજ કહે, "મોકલો."

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ **ખંભાળે** આવ્યા ને હરિજનને દર્શન દઈને ગામ **માંડવધાર** આવ્યા. અને સામૈયું આવ્યું તે વાજતે ગાજતે **ગોવા પટેલ**ના ફળિયામાં જઈને ઘોડીએથી ઊતર્યા. અને જ્યાં ઢોલિયે બિરાજે છે ત્યાં તો બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો." પછી જમવા પધાર્યા. તે વસ્ત્ર ઉતારીને હીરા પટેલે જળે કરીને મહારાજના ચરણ ધોવરાવ્યા ને નવરાવ્યા. પછી જમીને કાઠી-પાળા, સંત ને સંઘ તે સર્વેને જમાડ્યા. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને જે ચાલ્યા તે જ્યાં નદી ઊતર્યા ત્યાં તો **ગઢડે**થી સામૈયું આવ્યું. તે વાજાં ને ગુલાલ ને નાના પ્રકારની ભેટ પૂજા લઈને આવવા માંડ્યા. તે મહારાજનાં દર્શન કરીને ચરણનો સ્પર્શ કરી કરીને ભેટ મેલતા જાય ને મહારાજ હાથ લાંબો કરીને સૌને આશીર્વાદ દઈને બોલાવતા જાય.

પછી જીવા ખાચર આદિ અસવાર સામા આવ્યા. તે મહારાજને પગે લાગીને આગળ ચાલ્યા ને નાગાજણ રાવળ રવાજ ને કાંસિયાં લઈને ગાતા જાય જે, *'તારું છોગું મારે આવીને ચિત્તમાં રહ્યું.'* અને પાળા આગળ બંદૂકના અવાજ કરતા જાય છે ને પ્રેમાનંદસ્વામી આદિ ગવૈયા સંત ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન બોલી રહ્યા છે જે, *'આજની ઘડી રળિયામણી રે, મારો વાલો પધાર્યા.'*

અને ગુલાલ ઊડી રહ્યો છે, ને કાઠી અસવારના હાથમાં રોઝી ઢાલો, સોનાના મૂઠવાળી તરવારો ને બરછીઓ ઝળકી રહી છે; ને મહારાજના મસ્તક ઉપર સોનાને ઈંડે છત્ર બિરાજે છે; અને સોમલા ખાચર ને દાદા ખાચર મહારાજને બેય કોરે ચમર કરી રહ્યા છે; અને

ઢોલ ને શરણાઈ આદિ વાજાં વાગી રહ્યાં છે, ને જયજયકાર થઈ રહ્યો છે; એવી રીતે ઊભી બજારે થઈને દાદા ખાચરના દરબારમાં પધાર્યા. પછી ઘોડીએથી ઊતરીને વાસુદેવવાળા ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા અને હરિજન મહારાજના ચરણનો સ્પર્શ કરતા જાય.

પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા ને ઢોલિયે જઈને બિરાજ્યા. પછી વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. તે જમતા જાય ને સુરબાઈ સાથે વાત કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. થાળ દાદા ખાચર ને પ્રેમાનંદસ્વામીને અપાવ્યો. પછી મહારાજ પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને આરતી-ધૂન કરી અને શ્લોક બોલીને બેઠા. પછી મહારાજે કથા વંચાવી ને કથાની સમાપ્તિ કરાવીને પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને બિરાજ્યા અને કથા વંચાવવાનો આરંભ કરાવ્યો. અને મહારાજની મૂર્તિનાં જે ચિહ્ન તે તો વચનામૃતમાં લખ્યાં છે ને પ્રેમાનંદસ્વામીએ તેના ઉપર કીર્તન પણ કર્યાં છે જે, *'પ્રથમ શ્રીહરિને રે ચરણે શીશ નમાવું, નૌતમ લીલા રે નારાયણની ગાઉં.'* અને બીજા પદ જે, *'ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વાલા, જતન કરીને જીવન મારા, ચિત્તમાં પ્રોઉં વાલા. ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વાલા,'* એવી રીતની જે સ્વાભાવિક ચેષ્ટા ને લીલા તે તો ભક્તજનને ધ્યાનને અર્થે છે.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'પંચાળે ઉત્સવ કરીને રામપ્રતાપભાઈને દેશમાં મોકલ્યા, આખા ગામને શેલણ જમાડ્યું ને વિચરણ કરતા દુર્ગપુર પધાર્યા,' એ નામે ચોપનમો વિશ્રામ ॥૫૪॥

વિશ્રામ - ૫૫

અમદાવાદ મંદિર કરવા આનંદસ્વામીને મોકલ્યા તથા મંદિરોમાં સ્વસ્થાપન માટે દેવોની પ્રાર્થના

પછી (ગઢડે) મહારાજ ભારે ભારે વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, આનંદાનંદસ્વામી ને દાદા ખાચર આદિ હરિજન, તે સર્વે મહારાજને પગે લાગીને બેઠા. પછી શ્રીજીમહારાજ કરુણાની દૃષ્ટિએ કરીને સર્વે સામું જોઈને બોલ્યા જે, "નરનારાયણ ભરતખંડના રાજા છે અને તેમની મૂર્તિ કોઈ ઠેકાણે નથી. અને ગુર્જરધરમાં અમદાવાદ જેવું રમણિક શહેર નથી. અને તે શહેરમાં સાહેબે જાયગા આપી છે. માટે ત્યાં ભારે શિખરબદ્ધ મંદિર કરીને કહો તો નરનારાયણની મૂર્તિઓ પધરાવીએ." ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત ને દાદા ખાચર આદિ હરિજન, તે સર્વે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! એ તો બહુ સારું, નરનારાયણદેવ તો પધરાવવા જોઈએ."

પછી મહારાજ આનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, "સ્વામી ! તમે સંતનું મંડળ લઈને જાઓ." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "ઠીક મહારાજ." પછી નારાયણજી પાસે ઓટો(નકશો) ત્રણ શિખરનો ચિત્રાવ્યો અને કહ્યું, "બહુ પડથાર ઊંચો ન કરવો, કેમ જે, શહેરનાં મનુષ્ય દેવનાં દર્શન કરવા આવે તે પડી જાય. અને હમણાં તો એક શિખર કરજો ને પાયા તો ત્રણ શિખરના નાખી મેલજો. અને અદ્વૈતાનંદસ્વામી ને વૈરાગાનંદસ્વામી, તમે પાટણ શહેરના પુરુષોત્તમને લઈને ડુંગરપુર જાઓ ને નરનારાયણની મૂર્તિઓ લઈને અમદાવાદ આવો." પછી દાદા ખાચર, મોટીબા, લાડુબા, સોમલા ખાચર, વસ્તા ખાચર ને સુરા ખાચર આદિ હરિભક્તોએ લખણી કરી, ત્યારે આઠ હજાર રૂપિયા થયા.

પછી મહારાજ આનંદસ્વામીને કહે, "અમે તમને શુકમુનિ પાસે અમારા નામનો મહોરછાપનો કાગળ લખાવીને આપશું. અને રૂપિયાની કોરની કાંઈ ચિંતા રાખશો નહીં. શહેરના હરિજન બે લાલદાસ, ચોકસી હીરાચંદ, બે નથુ ભટ્ટ, કુબેરસંગ, દામોદર, નરસીદાસ ને ભાઈચંદ આદિ હરિભક્તને અમે ભલામણનો કાગળ લખીને મોકલશું, ને દેશદેશના હરિભક્તને પણ કાગળ લખીને મોકલાવશું." પછી મહારાજ થાળ જમવા પધાર્યા ને વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને જમવા બિરાજ્યા. અને આનંદસ્વામી આદિ સંત જે ચાલનારા હતા તેમને જમવા તેડાવ્યા.

પછી મહારાજ જમતા જાય ને આનંદસ્વામી સાથે વાત કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને થાળ ચાલનારા સંતને અપાવ્યો. અને જમવાનો સામાન મંગાવ્યો ને મહારાજ બોલ્યા જે, "ગોળ લાવો." પછી મહારાજ ગોળ લઈને પીરસતા જાય ને તાણ કરતા જાય. પછી મહારાજના જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "મયારામ ભટ્ટ ! ચાલવાનું મુહૂર્ત જુઓ." પછી ટીપણું જોઈને બોલ્યા જે, "તિથિ, વાર ને ચોઘડિયું બહુ સારું છે." ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "જ્યારે મહારાજે આજ્ઞા કરી ત્યારથી શુભ ચોઘડિયું છે, ને બીજા ચોઘડિયાં તો અશુભ છે." પછી મહારાજ કહે, "આવો મળીએ." પછી ચાલનારા સંતો મહારાજને મળીને સંતની ધર્મશાળામાં આવ્યા અને મુક્તાનંદસ્વામી આદિ સંતને મળીને ચાલ્યા તે અમદાવાદ ગયા. અને ગામના ને દેશના હરિભક્ત રાજી થયા. અને મંદિરના પાયાનું મુહૂર્ત જોવરાવ્યું ને કારખાનું ચલાવ્યું. અને મહારાજે પણ પત્ર મહોરછાપનો લખાવીને મયારામ ભટ્ટને ધર્માદા સારુ મોકલ્યા.

પછી મહારાજ વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરી ગાદીતકિયા ઉપર કથા વંચાવવા લાગ્યા. દોઢ પોર લગી વંચાવી ને કથાની સમાપ્તિ કરાવી. પછી થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ

લઈને ચાર ઘડી પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને કથાનો આરંભ કરાવ્યો. અધ્યાય પૂરો થયો ત્યારે કહે, "હવે રાખો." પછી મોજડી પહેરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ આવીને બિરાજ્યા ને મુક્તાનંદસ્વામી આદિ સંત પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર થાય ને મહારાજ તેમાં શંકા કરે, ત્યારે કોઈથી ઉત્તર ન થાય. પછી મહારાજ તેના ઉત્તર કરે. પછી મહારાજ ગાવણું કરાવે. પછી આરતી, ધૂન, શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમ્યા. અને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને પોતે વાતો કરી. પછી ગવૈયા સંતને બોલાવીને ગાવણું કરાવ્યું. પછી જળપાન કરીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને કથા વંચાવી. પછી નાહીને થાળ જમવા બિરાજ્યા ને 'હરે..!' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા જાય ને જમતા જાય. જમીને ચળુ કરીને મુખવાસ લીધો. પછી જેનો થાળ હોય તે મહારાજની પૂજા કરવા આવે ને પૂજા કરીને પુષ્પના હાર પહેરાવે, ને પગે લાગીને બોલે જે, "મારી રસોઈ છે, માટે મહારાજ ! સંતોને પીરસવા પધારો." પછી મહારાજ સંતની પંક્તિમાં પીરસવા પધારે ને પલવટ વાળીને મોતૈયા લાડુ પીરસતા જાય ને મનુવાર કરતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફરીને દૂધની વટલોઈ લઈને પીરસવા માંડ્યું. પછી પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને પોઢ્યા.

❊ મહારાજે ઉન્મત્ત ઘોડીને દોડાવીને શાંત કરી :

પછી જાગીને જળપાન કરીને બિરાજ્યા. તે સમે ઘોડીની ચાકરી કરનારા બોલ્યા જે, "ઘોડી ઉન્માદ(ગર્વ-તોફાન) કરે છે." ત્યારે મહારાજ કહે, "લાવો પલાણ માંડીને." પછી ઘોડીને શણગારીને લાવ્યા. પછી મહારાજ ભારે વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને દાદા

ખાચર આદિ અસવાર ભેગા રહ્યા છે, ને સરબંધી પાળા, પરમહંસ ને દેશદેશના હરિજન તેમણે સહિત લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં ઘોડી ફેરવી ને પાટીએ નાખી. અને તે વાડીમાં સચ્ચિદાનંદસ્વામીએ આંબા, લીંબુ ને નાના પ્રકારનાં ફૂલ-ઝાડ નંખાવ્યાં હતાં અને ભાત-ભાતનાં શાક વાવ્યાં હતાં. તેને ફરતી મહારાજે ઘોડી ફેરવી ને સર્વે જોતા હતા. પછી ઘોડી ઊભી રાખી, ને એમ બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી ! અમે જ્યાં ઊભા છીએ તે ઠેકાણે અમારે બેસવા સારુ ઓટો કરો." ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "ઓટો પથ્થર ને ચૂનાનો કરીએ." ત્યારે મહારાજ કહે, "ઠીક."

પછી મહારાજ ગામમાં પધાર્યા ને દરબારમાં આવીને ઘોડી ફેરવી. અને ઘોડીએથી ઊતરીને ઉતારે આવ્યા ને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. પછી પ્રેમાનંદસ્વામીને સિતાર લઈને ગાવા બોલાવ્યા, તે ઠૂમરી ને ખ્યાલ ગાવા લાગ્યા. તે ગાઈ રહ્યા ત્યારે મહારાજે જે પછેડી ઓઢી હતી તે પ્રેમાનંદસ્વામીને આપી અને મુખવાસ લઈ જમીને આપ્યો. પછી મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ગાદીતકિયે બિરાજ્યા ને કથા વંચાવતા હતા. પછી બ્રહ્મચારીએ થાળ કરાવ્યો તે જમતા જાય ને 'હરે' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને કથાની સમાપ્તિ કરાવીને પોઢ્યા.

❊ અમદાવાદથી મંદિર વિશેનો શુભ કાગળ આવ્યો :

પછી જાગીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા ને મુનિમંડળ મહારાજને પગે લાગીને બેઠા. તે સમે અમદાવાદથી આનંદસ્વામીનો કાગળ આવ્યો. તેમાં "મંદિર સંબંધી કારખાનું ચાલે છે, ને ધર્માદા લઈને સત્સંગી આવે છે, ને સાહેબ પણ ઘોડે ચડીને જોવા આવે છે, ને બહુ ખુશી થાય છે, ને એમ કહે છે જે, 'બોત

અચ્છા કામ બનાવો.' અને શહેરના સત્સંગી લાલદાસ ને નથુ ભટ્ટ આદિક કામકાજમાં મંડ્યા રહે છે. ને ડુંગરપર સંત ને સલાટ ગયા છે તેની પણ ખબર આવી છે જે, 'મૂર્તિઓ ઘડાવા માંડી છે." એવી રીતનો કાગળ વંચાવીને મહારાજ બહુ રાજી થયા. અને એમ બોલ્યા જે, "કેમ મુક્તાનંદસ્વામી, બદરિકાશ્રમમાંથી નરનારાયણ આવવાને સારુ કેવા ઉતાવળા થાય છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "શ્રીજીમહારાજની ઈચ્છા છે તો શું ઉતાવળા ન થાય ?"

પછી સંતો ગોડી બોલ્યા ને મશાલો થઈ. પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળે કરીને હાથ ધોવરાવ્યા. અને થાળ જમતા જાય ને રાજબાઈ આદિ બાઈઓ તે અમદાવાદમાં જે મંદિર થાય છે તેના સમાચારની વાત પૂછે, તે મહારાજ કહેતા જાય ને જમતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી મહારાજ કહે, "ઘોડીને પલાણ માંડીને તૈયાર કરો." પછી પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને વાડીએ પધાર્યા ને ઘોડી ફેરવી. પછી ઘોડીએથી ઊતરીને વેદી જે ઓટો તેના ઉપર ઢોલિયે બિરાજ્યા. ને વાડીવાળે પુષ્પના હાર, બાજુબંધ, તોરા ને ગુચ્છ તે મહારાજને પહેરાવ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે છાતીમાં ચરણ આલ્યા ને બોલ્યા જે, "વાડી બહુ સારી થાશે." એમ કહીને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા ને ઉતારે આવીને ઢોલિયે બિરાજ્યા.

પછી મોટીબાઈની વાડીનાં વખાણ કરવા લાગ્યા જે, "આંબા, નાળિયેરી, દ્રાક્ષ, ફૂલઝાડ ને લીંબુનાં વૃક્ષ ને અંજીરનાં વૃક્ષ તેણે કરીને વાડી કેવી શોભે છે ! જાણે લક્ષ્મીબાગ હોય ને શું !" પછી બાઈઓ બોલ્યાં જે, "આ પથ્થરની ધરતીમાં વાડી થઈ તે તો મહારાજને વચને કરીને થઈ." એમ જ્યાં વાત કરે છે ત્યાં તો બ્રહ્મચારી બોલાવા આવ્યા.

તેથી જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. જમીને વાડીવાળા તથા કામના કરતલ તેને થાળ અલાવ્યો. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા ને કથાનો આરંભ કરાવ્યો. તે અધ્યાય પૂરો થયો ત્યારે મહારાજ કહે, "હવે રાખો." પછી તે સમે **શતાનંદમુનિ સત્સંગિજીવન**માં કાંઈ પૂછવા આવ્યા, ને તેનો મહારાજે ઉત્તર આપ્યો ત્યારે તે ગયા. પછી મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેરીને વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. સંતમંડળ પણ મહારાજને પગે લાગીને બેઠા. અને પ્રશ્નઉત્તર થવા લાગ્યા ને મહારાજ શંકા કરે તે કોઈથી ઉત્તર ન થાય. ત્યારે મહારાજ તેનો ઉત્તર કરે. પછી મહારાજ થાળ જમવા પધાર્યા, તે વસ્ત્ર ઉતારીને જળે કરીને સ્નાનવિધિ કરીને વસ્ત્ર પહેરીને એક ઓઢીને જમવા બિરાજ્યા. જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

❊ ગંગાજીનો ખળખળિયામાં તથા સાબરમતીમાં નિવાસ :

પછી ઘડીક પોઢીને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને ચાલ્યા, તે નદીએ ખળખળિયે ગયા. ત્યાં જઈને વસ્ત્ર ઉતારીને નાવા, પાળાનો હાથ ઝાલીને પ્રવાહ મધ્યે બિરાજ્યા. તે સમે તેજનો સમૂહ જણાણો ને સચ્ચિદાનંદસ્વામી ને ગોરધન શેઠ તે 'અહો અહો !' કરવા લાગ્યા. ત્યારે મહારાજે નેત્રની સાને કરીને ના પાડી, તેથી છાના રહ્યા. અને ગંગાજી તેજોમય રૂપે આવ્યાં ને મહારાજની સ્તુતિ કરી. અને મહારાજે વર આપ્યો તે ગ્રહણ કરીને પાછા અંતર્ધાન થયાં. જેમ જેતલપુરમાં સંતમંડળને તેજનો સમૂહ જણાણો હતો તેમ અહીંયાં પણ જણાણો.

પછી મહારાજ પાળાનો હાથ ઝાલીને બહાર નીસર્યા ને વસ્ત્રે કરીને શરીર લૂઈને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને જીવા ખાચરના દરબારમાં પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને ઉગમણે બાર ઓરડાની

ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. અને બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં હતાં તે બોલ્યા જે, *'સનેહી સાંભળો મારા નેણાનો શણગાર, સુંદર શામ રંગીલો શામળો.'* પછી મહારાજ તરત ઊઠ્યા ને ઘોડીએ અસવાર થઈને દાદા ખાચરના દરબારમાં પધાર્યા ને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા ને મુક્તાનંદસ્વામી આદિ સંત તે મહારાજને પગે લાગીને બેઠા.

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આજ નદીમાં નાતા હતા ત્યારે તેજનો સમૂહ દેખાણો, તે શું હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો ગંગાજી આવ્યાં હતાં ને અમારી પ્રાર્થના કરીને એ વર માંગ્યો જે, 'હવે મને તમારી પાસે ચરણમાં રાખો.'

ત્યારે અમે આજ્ઞા કરી જે, 'તમે એક રૂપે કરીને ઉન્મત્તગંગાને વિશે ખળખળિયામાં નિવાસ કરીને રહો અને બીજે રૂપે કરીને અમદાવાદને ઉત્તર જે સાબરમતી નદી તેમાં નિવાસ કરીને રહો. અને એ સાબરને વિશે અમે તથા સંતમંડળ ઘણી વાર નાહ્યા છીએ. અને હમણાં ત્યાં નરનારાયણનું મંદિર થાય છે, તેથી અમે મૂર્તિઓ પધરાવવા આવશું; ને ત્યારે મૂર્તિઓ પધરાવીને હુતાશનીનો ઉત્સવ કરશું ને સંત સાથે રંગે રમીને સંતમંડળ ને દેશદેશના હરિજન તેમણે સહિત આવીને અમે ત્યાં નાશું, ત્યારથી એનું 'નારાયણઘાટ' નામ થાશે. માટે ત્યાં જઈને તમે રહો." એવી રીતે ગંગાને વર આપ્યો. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, **"મહારાજ જ્યાં જ્યાં નાહ્યા તે ઠેકાણે જે જે મનુષ્ય નાશે તેના એકોતેર પરિયા તરશે ને અક્ષરધામમાં એનો નિવાસ થાશે."**

❊ મંદિરોમાં સ્વસ્થાપન માટે બ્રહ્માદિક દેવોની પ્રાર્થના :

પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને થાળ જમવા પધાર્યા. ને જમીને ચળુ કરીને મુખવાસ લઈને સભા કરીને ઢોલિયે

બિરાજ્યા. પછી સંતો સરોદા, દુકડ, સિતાર ને મંજીરાં લઈને ગાવા લાગ્યા, તે પહોરવાર લગી ગાયાં. તે સમે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ, ને ઇન્દ્ર, વરુણ, વાયુ, અગ્નિ, યમ, સૂર્ય, ચંદ્ર આદિ સર્વે બ્રહ્માંડના અધિકારી દેવ, તે આવીને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ આવ્યા છો ?”


त्यारेशिवनेसूर्य
तेहाथजोडिनेबोल्याजेहेमहाराजतमेअनंतकोटिब्रह्मांड
नानियंतानेअक्षरधांमनापतितेदुरवासानाश्रापेकरिने
अवतर्याजेऋषितेमनिरक्षाकरवानेसारुनेअधर्मनोउछे
दकरवानेअरथेनेज्ञानवैराग्यनेभक्तितेणेसहितएवोजेस
नातनएकांतिकधर्मतेनुंस्थापनकरवानेअरथेआब्रह्मां
डमांपधार्याछोअनेज्यारेजेब्रह्मांडनिअधिष्ठातावरदाया
पछेत्यारेपुरुषोतमभगवानएकवारतेब्रह्मांडमांपधारेछे
त्यारेतेतेब्रह्मांडनाजेदेवादीकनेमनुष्यादिकतेमनेदरश
नथायपछेतेविनायात्तोनथिरवाजेतमेपुरुषोतमभगवां
नतेतमारिअमेसरवेस्तुतितथाप्रार्थनाकरीयेछेयेने
तमारिदयाकरीनेअमारीब्रह्मांडमांप्रतिष्टाछेतेमजतमे
आमारुंस्थापनकरावोएमागियेछरये॥

ત્યારે શિવ ને સૂર્ય તે હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! તમે અનંતકોટી બ્રહ્માંડના નિયંતા ને અક્ષરધામના પતિ, તે દુર્વાસાના શ્રાપે કરીને અવતર્યા જે ઋષિ, તેમની રક્ષા કરવાને સારુ, ને અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે, ને જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેણે સહિત એવો જે સનાતન

એકાંતિકધર્મ, તેનું સ્થાપન કરવાને અર્થે આ બ્રહ્માંડમાં પધાર્યા છો. અને જ્યારે જે બ્રહ્માંડની અરધી આવરદા થાય છે ત્યારે પુરુષોત્તમ ભગવાન એકવાર તે બ્રહ્માંડમાં પધારે છે, ત્યારે તે તે બ્રહ્માંડના જે દેવાદિક ને મનુષ્યાદિક તેમને દર્શન થાય છે, તે વિના થાતાં નથી. એવા જે તમે પુરુષોત્તમ ભગવાન, તે તમારી અમે સર્વે સ્તુતિ તથા પ્રાર્થના કરીએ છીએ, ને તમારી દયાયે કરીને બ્રહ્માંડમાં અમારી પ્રતિષ્ઠા છે, તેમ જ તમે અમારું સ્થાપન કરાવો એ માંગીએ છીએ."

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે અમદાવાદમાં મંદિરનો આરંભ કરાવ્યો છે. તેમાં નરનારાયણની મૂર્તિઓ પધરાવશું. તે વિના પણ બીજા મંદિર કરાવશું ને તેમાં તમારું સ્થાપન કરાવશું. તેમાં એક તો ગામ વડતાલમાં મંદિર કરાવીને દશ અવતારની અને લક્ષ્મીનારાયણ આદિ મૂર્તિઓ પધરાવશું. અને ધોલેરા મંદિર કરાવશું, ને ભુજનગરમાં ને જૂનાગઢ ને મૂળી ને ધોળકા ને જેતલપુર ને છપૈયા એ આદિ અનંત શિખરબદ્ધ મંદિર થાશે; તેમાં તમારી મૂર્તિઓ સ્થાપન કરાવશું." એવાં શ્રીજી મહારાજનાં વચન સાંભળીને તે સર્વે દેવ રાજી થયા, ને ભગવાનની સ્તુતિ કરીને નાના પ્રકારનાં વાજિંત્ર વગાડ્યા, ને ચંદન, પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા, ને દુંદુભી વાજાં વગાડ્યા, ને જયજયકાર શબ્દ કર્યો. પછી મહારાજે નેત્રની સાને કરીને રજા આપી ત્યારે સૌ સૌને ઠેકાણે ગયા. પછી મહારાજ પોઢી ગયા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને બિરાજ્યા. પછી ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. પછી સર્વે સંતમંડળ તથા દેશદેશના હરિજન પગે લાગીને બેઠા. અને તે દિવસ જન્માષ્ટમી હતી, તેથી સંત ઝાંઝ-મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા. અને એ પદ બોલ્યા જે, *'બાવા નંદ તણે દરબાર નોબત વાજે રે.'* પછી બીજા પદ બોલ્યા જે, *'વાલીડા*

મોહન ચાલતા વાટમાં.' પછી વળી બીજા કીર્તન બોલ્યા જે, *'જેને ગાવે શારદ શેષ પ્રગટ્યા પૂરવમાં.'* પછી મહારાજ ઉતારે પધાર્યા ને ફરાળ કર્યું. પછી સુરવાળ ને ડગલી પહેર્યાં, ને ભારે રેંટો મસ્તકે બાંધ્યો, ને એક રેંટો ખભે નાંખ્યો, ને એક કેડે બાંધ્યો, ને રેશમી કોરનો રૂમાલ હાથમાં ધારણ કર્યો, ને ચાખડીએ ચડીને લીંબડા હેઠે જે ઓટો તેના ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. પછી સર્વે મુનિમંડળ મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ફરીને કીર્તન બોલો." પછી સંત બોલવા લાગ્યા જે, *'હો અળવીલા અળવ(મશ્કરી) ન કીજે.'* પછી બીજા (કીર્તન) બોલ્યા જે, *'મને રોકો મા મહારાજ માણીગર માવજી રે.'*

❊ નિત્યાનંદસ્વામી પાસે મોક્ષધર્મની કથા કરાવી :

પછી મહારાજ સંત ભેળા ફરવા ઊઠ્યા ને જે મૂર્તિ શોભે છે ! તે ફરતા જાય ને ઘેરે સાદે બોલતા જાય. પછી થોડી વાર કેડે મહારાજ ઢોલિયે બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી, પગે લાગીને સર્વે સંતહરિજન બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "લાવો મોક્ષધર્મનું પુસ્તક, નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવીએ." પછી પુસ્તક લાવ્યા ને કથાનો આરંભ કરાવ્યો. અને મહારાજ 'હરે...' એવા શબ્દનો ઉચ્ચાર કરતા જાય ને વાત પણ કરતા જાય. પછી અધ્યાયની સમાપ્તિ થઈ ત્યારે મહારાજ કહે, "લાવો વાજાં." પછી દુકડ, સરોદા, સિતાર ને મંજીરાં તેને લઈને ગાવા લાગ્યા. તે મહારાજ પણ ચપટી વગાડીને ભેળા ગાતા જાય ને ઘેરે સાદે બોલીને સર્વને આંનદ ઉપજાવતા જાય. ને એ પદ બોલ્યા જે, *'મેં બંદી તેરી ચરણ લગાય લે રે.'* પછી બીજા બોલ્યા જે, *'બંસરી અજબ બજાઈ કાન, વાજી વાજી બે અલૌકિક તાન.'* પછી જય સ્વામિનારાયણ કહીને મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને જલપાન કરીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને વતું કરાવ્યું ને સ્નાન કરીને વસ્ત્ર પહેરીને જમવા બિરાજ્યા, ને જમતા જાય ને સ્વાદુ ભોજન હોય તે સંતને આલતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને મુનિમંડળને પીરસવા પધાર્યા. તે દૂધપાકના ડંકા ભરી ભરીને આપતા જાય ને તાણ કરતા જાય. એમ પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. પછી ખુરશી ઉપર બિરાજ્યા. તે સમયે દેશદેશના હરિજન તથા રસોઈવાળા તે મહારાજની પૂજા કરવા આવ્યા ને ચંદનની અર્ચા કરીને પુષ્પના હાર પહેરાવ્યા. પછી છાતીમાં ચરણ લેતા જાય ને ભેટ મેલતા જાય, ને પગે લાગીને બેસતા જાય. પછી મહારાજ ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જલપાન કરીને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગીને જલપાન કરી, વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયે આવીને બિરાજ્યા. સંત ને હરિજન પણ પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, “આયાં જે રહેતા હોય તે સંત રહેજો ને બીજા જે અડખે પડખે રહેતા હોય તે ચાલી નીસરજો.” એમ આજ્ઞા કરી. ત્યારે જીવુબાઈ બોલ્યાં જે, “હે મહારાજ ! પાંચ દિવસ તો અમારી રસોઈ છે, તેથી સંતોને રાખજો.” પછી મહારાજ બોલ્યા જે, “ત્યારે ભલે સંતો રહે.” પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, “બોલો કીર્તન.” ત્યારે સંત ઝીલણિયાં કીર્તન બોલ્યા જે, *‘મોળીડામાં મોહી રે, છેલાજીના મો.’* તે બોલી રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જલપાન કરીને થાળ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને સભામાં આવીને બિરાજ્યા. પછી હરિજન પગે લાગીને રજા માગીને ચાલતા જાય. પછી મહારાજ પોઢ્યા.

⁂ ખળખળિયે સ્નાનલીલા, અમદાવાદ મંદિર પૂર્ણતાનો કાગળ :

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ગાદીતકિયા ઉપર બિરાજ્યા ને પ્રાગજી દવે પાસે કથા કરાવી. પછી થાળ જમીને પોઢ્યા. પછી થોડી વાર કેડે જાગીને જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને ખળખળિયે નાવા પધાર્યા. તે ઘોડીએથી ઊતરીને વસ્ત્ર ઉતારીને પાળાનો હાથ ઝાલીને નાવા બિરાજ્યા અને નાતા જાય ને મુખ ઉપર હાથ ફેરવતા જાય. પછી નદીથી બારા નીસરીને શરીર લૂઈને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને દરબારમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીમાં પધાર્યા અને વસ્ત્ર ઉતારીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને બિરાજ્યા.

તે સમયે અમદાવાદથી આનંદસ્વામીએ કાગળ લખીને મોકલ્યો જે, 'નરનારાયણના મંદિરનું શિખર પૂરું થયું છે, ને નરનારાયણની મૂર્તિઓ પણ આવી છે અને હવે શિખર છોવરાવા(પ્લાસ્ટર થવા) માંડ્યું છે. પછી મહારાજ ચાખડીએ ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને કહે, "પરમહંસને તેડાવો ને દાદા ખાચરને બોલાવો." પછી તે સર્વે આવ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે પત્ર વંચાવ્યો. પછી એમ બોલ્યા જે, "(મુક્તાનંદ) સ્વામી ! નરનારાયણ દેવની ઇચ્છા બહુ ભારે છે જે, શિખર થઈ રહ્યું ને છોવરાવા પણ માંડ્યું, ને નરનારાયણની મૂર્તિઓ પણ આવી." ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત ને દાદા ખાચર આદિ હરિજન તે સર્વે બોલ્યા જે, "જ્યારથી મહારાજની ઇચ્છા થઈ ત્યારથી જ નરનારાયણની ઇચ્છા થઈ રહી છે."

પછી મહારાજ કહે, "શુકમુનિ ! પત્ર લખો, જે કાંઈ જોઈતું કારવતું હોય તો મંગાવી લેજો. રૂપિયાની હૂંડી અમે મોકલીશું. ને સલાટ પાસે એક હનુમાનની મૂર્તિ કરાવજો. કેમ જે, અમે જ્યારે મહાવનમાં આવ્યા

ત્યારે અમારી પાસે સેવામાં રહેતા." એમ જ્યારે વાત કરે છે તે સમયે મહારાજની પૂજા કરવા હરિભક્ત આવ્યા અને ભારે પોશાક પહેરાવ્યો, ને ફૂલના હાર પહેરાવ્યા, ને ભેટ મેલીને છાતીમાં ચરણ લઈને પગે લાગીને બેઠા. પછી એમને ફૂલના હાર આપીને એ પ્રકારનો કાગળ લખાવીને મહારાજે આનંદસ્વામીને શહેરના સત્સંગી ઉપર મોકલ્યો. પછી મશાલ થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઊઠ્યા ને ઉતારે પધાર્યા, ને નાહીને થાળ જમીને ચળુ કરીને ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. અધ્યાય પૂરો થયો ત્યારે મહારાજ કહે, "હવે રાખો." પછી જળપાન કરીને ઢોલિયે પોઢ્યા.

ઈતિ શ્રીએકાંતિકધર્મપ્રવર્તક પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રસાદાનંદમુનિવિરચિતે શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃતે પૂર્વાર્ધે 'શ્રીદુર્ગપુરે જન્માષ્ટમી-ઉત્સવ, અમદાવાદ મંદિર કરવા આનંદસ્વામીને મોકલ્યા તથા મંદિરોમાં સ્વસ્થાપન માટે દેવોની પ્રાર્થના,' એ નામે પંચાવનમો વિશ્રામ ॥૫૫॥

॥ ઇતિ પૂર્વાર્ધ સમાપ્ત ॥

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

DVD

MP3

VCD

हिन्दी प्रकाशन

USB AUDIO

પેનડ્રાઈવ   મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

हिन्दी किताबें

संस्कृत प्रकाशन

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા “સત્સંગ સેવક” નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



શ્રીસ્વામિનારાયણ મંદિર કાળુપુર-અમદાવાદ



શ્રીસભામંડપ કાળુપુર-અમદાવાદ

ISBN 978-93-83456-55-0